Ordinary Gazette Part - IX / 1997

Issue No.	Date	Department
Issue No.1	02-01-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.2	09-01-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.3	16-01-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.5	30-01-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.6	06-02-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.8	20-02-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.9	27-02-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.11	13-03-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.12	20-03-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.13	27-03-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.14	03-04-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.15	10-04-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.17	24-04-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.18	01-05-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.21	22-05-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.22	29-05-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.23	05-06-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.26	26-06-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.27	03-07-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.29	17-07-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.30	24-07-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.31	31-07-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.32	07-08-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.34	21-08-1997	This Gazette may contain multiple departments/offices

Issue No.	Date	Department
Issue No.35	28-08-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.36	04-09-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.38	18-09-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.39	25-09-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.41	09-10-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.43	23-10-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.44	30-10-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.48	27-11-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.49	04-12-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.50	11-12-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.51	18-12-1997	This Gazette may contain multiple departments/offices
Issue No.52	25-12-1997	This Gazette may contain multiple departments/offices

REGISTERED NO. G/GNR/4

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, JANUARY 2, 1997/PAUSA 12, 1918 [NO. 1

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીઓચ/વી/૧૯૯૬ના ૧૦૬/ડીવીપી/૧૧૯૪-૨૯૮૫-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૫મી જૂન, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૦૬/ડીવીપી-૧૫૯૪-૨૯૮૫-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનાં તા. ૨૭ નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭ના ૨૪૦/ડીવીપી-૧૫૮૩-૪૪૨૦ (૮૭)-એલ હેઠળ મંજુર કરેલી અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો સૂચિત ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫ના ૧૫૭/ડીવીપી-૧૫૯૪-૨૯૮૫-એલ, હેઠળ તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારી અસાધારણ રાજપત્ર ભાગ ૪-બી પાના ક્રમાંક ૧૯૨/૧ અને ૧૯૨-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા કોઈ હોય તો તે, સદરહુ જાહેરનામુ રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર ને લેખિતમાં રજ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારને આ સૂચિત ફેરફાર સંબંધી કોઈપણ વાંધા અને સૂચનો મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજુર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર આ જાહેરનામાની તારીખથી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭ નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭ના ૨૪૦/ડીવીપી-૧૫૮૩-૪૪૨૦-(૮૭) એચ થી મંજુર કરેલી ઔડાની શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં કૃષિ વિષયક ઝોન માટે મુકરર કરેલી, આ સાથે જોડેલા પ્લાન ઉપર "ABCA " તરીકે નિશાની કરેલ ગામ સોલા, તા. દસક્રોઈ, જિલ્લો અમદાવાદની મહેસૂલી સરવે નંબર ૨૫૯/ભાગ (૬૯૩ ચો. મી.) વાળી જમીન સદરહુ મુકરર કરેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ મુખ્યત્વે વાણિજ્યિક ઝોન તરીકે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૮મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬નો ૮૩/ડીવીપી-૧૫૯૫-૨૬૨૪-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિક્ષરી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જુલાઈ, ૧૯૯૬

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૮૩/ડીવીપી-૧૫૯૫-૨૬૨૪-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭ નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી-૧૫૮૩-૪૪૨૦-(૮૭)-એલ હેઠળ મંજૂર કરેલી અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો સૂચિત ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ—૧૯ની પેટા કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧લી માર્ચ, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૪૫/ડીવીપી-૧૫૯૫-૨૬૨૪-એલ હેઠળ તારીખ ૧લી માર્ચ, ૧૯૯૬ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ, ભાગ—૪-બીનાં પાના નંબર ૬૪—૯ અને ૬૪—૧૦ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ વ્યકિતને સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ, વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજુ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિદ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારને આ સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ વાંધા અથવા સૂચનો મળ્યા નથી;

તેથી હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર તારીખ ૧૮મી જૂન, ૧૯૯૬થી અમલમાં આવશે.

INDEX

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭ની ૨૪૦/ડીવીપી-૧૫૮૩-૪૪૨૦-(૮૭)-એલથી મંજૂર કરેલ ઔડાની શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

ઔડાની મંજૂર કરેલ વિકાસ યોજનામાં "ઔડા જમીન વિકાસ અને નગર વસાહત યોજના" માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાન ઉપર ABCDEFGHIJKLMNOPQRSA નિશાની કરીને દર્શાવ્યા પ્રમાણે સાણંદ તા. સાણંદની મહેસૂલી સરવે નં. ૨૯૧/ભાગ, ૩૪૯/ભાગ, ૩૫૦, ૩૫૧, ૩૫૨, ૩૭૬, ૩૭૭, ૩૭૮, ૩૭૯, ૩૮૦/ભાગ, ૩૮૧, ૩૮૨, ૩૮૩/ભાગ, ૩૮૪, ૩૮૫, ૩૮૬, ૩૮૭, ૩૮૮ અને ૩૮૯ (વિસ્તાર ૫.૯૫ હેકટર) વાળી જમીનોનો બ્લોક, સદરહુ અનામત રાખેલ જમીનોમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ—૧૨(૨)(ઠ) હેઠળ "એ. પી. એમ. સી. સાણંદ" માટે અનામત રાખવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર તારીખ ૮મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩જી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ નો ૭૮/ટીપીએસ/૧૫૯૫/૪૬૭/એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામુ

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર તારીખ ૩જી જુન, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ નો ૭૮/ટીપીએસ/૧૫૯૫/૪૬૭/એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૧ હેઠળ, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, અમદાવાદે નગર રચના યોજના નંબર-૧૮ (ઘાટલોડીયા-ચાંદલોડીયા-ચોલા) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો ;

INDEX

અને, સદરહુ અધિનિયમની કલમ ૪૨ ની પેટા-કલમ (૧) હેઠળ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળે (જેને આમાં હવે પછી, "સદરહુ સત્તામંડળ" કહ્યું છે તેણે) નગરરચના યોજના નંબર-૧૮ (ઘાટલોડીયા-ચાંદલોડીયા-સોલા)માં સમાવિષ્ટ વિસ્તારના સંબંધમાં; યોજના (જેને આમાં હવે પછી, "સદરહુ યોજના" કહી છે તે) નો મુસદ્દો ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

અને પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ સત્તામંડળે, સદરહુ યોજના, સદરહુ અધિનિયમની કલમ ૪૮ હેઠળ, તેમાં જોગવાઈ કરેલી રીતે, મંજુરી માટે રાજ્ય સરકારને રજૂ કરી હતી ;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારોને અધીન રહીને, સદરહુ યોજના મંજૂર કરે છે, અને

(ખ) જણાવે છે કે સદરહુ યોજના, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, અમદાવાદની કચેરીમાં તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

(૧) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ એ જોવું જોઈશે કે મુળ પ્લોટ નં. ૫૦/૮, ૭૬માં ઘટાડાની ટકાવારી યોજના વિસ્તારમાં સમાન અને સરેરાશ ઘટાડા સાથે એક સરખી રહે.

(૨) યોજનાના ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, છેવટના પ્લોટ નં. ૧૧૭, ૧૩૦ અને ૧૫૫ નો હેતુ "આર્થિક રીતે નબળા વર્ગો" તરીકે દર્શાવેલ છે, તેને બદલે "સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગોના ગૃહનિર્માણ" એ મજકૂર મૂકવો.

(૩) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર-વિનિમય કરીને નક્કી કરવું જોઈશે કે સમુચિત સત્તામંડળને સમુદાય કેન્દ્ર નાગરિક/પડોશ કેન્દ્ર માટે ફાળવેલ છેટવનો પ્લોટ નં. ૧૧૨/૨, ૧૧૬ અને ૧૨૩ માલિકોને અથવા રહેવાસીઓને પૂર્ણત: અથવા અંશત: લાભદાયી છે કે કેમ ?

(૪) નગરરચના યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગર રચના અધિકારીએ "શોપીંગ" ને બદલે "વાણિજ્યિક હેતુઓ માટેના વેચાણ માટે" તરીકે છેવટના પ્લોટ નં. ૧૧૮, ૧૨૦, ૧૨૫/૨, ૧૩૩ અને ૧૩૬ ને જાહેર હેતુ માટે નક્કી કરવો જોઈશે.

(૫) યોજના મુસદ્દા દસ્તાવેજોમાં, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, પાના નં. ૧૮૩ ઉપર, અનુક્રમાંક ૧૧૧ની નોંધ પર, કોલમ નં.૨માં "સમુચિત સત્તામંડળ-અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ" એ શબ્દો દાખલ કરવા.

(૬) યોજના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર-વિનિમય કરીને, યોજના વિસ્તારના ૫ ટકા સુધી, સમાજના સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગો માટેના ગૃહનિર્માણ માટેની ફાળવણી અંગે જોગવાઈ વધારવા નિર્ણય લેવો જોઈશે. નગરરચના અધિકારીએ યોજના વિસ્તારમા અન્ય જાહેર હેતુઓ માટે ફાળવેલ છેવટના પ્લોટોના વિસ્તારમાં યોગ્ય ફેરફારો કરીને અને યોજના વિસ્તારમાં સરેરાશ ઘટાડાની ટકાવારી વધાર્યા સિવાય તેમ કરવું જોઈશે.

(૭) યોજના મુસદ્દા દસ્તાવેજોમાં, ખુલ્લી જગા માટે સમુચિત સત્તામંડળને ફાળવેલ છેવટના પ્લોટ, ઓ.એન.જી.સી. પાઈપ લાઈન પર અંશત: ફાળવેલ છે. યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે નગરરચના અધિકારીએ એ જોવું જોઈશે કે આવી કોઈ ફાળવણી ઓ. એન. જી. સી. પાઈપ લાઈન ઉપર કરેલ નથી.

(૮) મૂળ પ્લોટ નં. ૬૬, ૭૩ અને ૭૭ માં બાંધકામ, યોજના મુસદ્દાની દરખાસ્તથી અસર પામેલ છે કે જેના માટે કોઈ વળતર માટેની જોગવાઈનો સમાવેશ કરેલ નથી. યોજના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, બાંધકામનો વિસ્તાર અને પ્રકાર તેની વિશ્વસનીયતા, પરવાનગીઓ વગેરે વિચારણામાં લીધા પછી, નગરરચના અધિકારીએ અસર પામેલ બાંધકામ માટે કાયદાનુસાર યોગ્ય વળતરનો નિર્ણય લેવો જોઈશે. આમ કરવામાં સમુચિત સત્તામંડળ સાથે વિચાર-વિનિમય પણ કરવો જોઈશે.

(૯) યોજના મુસદ્દામાં, પાણી પૂરવઠા અને ગટર વ્યવસ્થાના વિકાસકીય કામો માટેના ખર્ચના અંદાજનો સમાવેશ કરેલ નથી. સમુચિત સત્તામંડળે, કાયદા અનુસાર જરૂરી વધારાની કાર્યવાહી માટે, નગરરચના અધિકારીને ઉપર્યુક્ત ખર્ચ માટેની વિગતવાર અંદાજ આપવો જોઈશે.

(૧૦) યોજના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, "યોજના મુસદ્દો પ્રસિધ્ધ થયાની તારીખથી ૫ વર્ષ" ને બદલે, "પ્રારંભિક યોજના અમલમાં આવે તે તારીખથી" તરીકે, યોજના હેઠળ સૂચિત વિકાસ કામોને પૂરા કરવા માટે સમય મર્યાદા નક્કી કરવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુક્ત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૮મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામાના ક્રમાંક જીએચ/વી/૧૯૯૬નો ૮૪/ડીવીપી-૧૧૯૩-૨૭૫૯-ઓલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જુન, ૧૯૯૬

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૮૪/ડીવીપી-૧૧૯૩-૨૭૫૯-ઓલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૭ન્ન. ૨૪૦/ડીવીપી-૧૫૮૩-૪૪૨૦-(૮૭)-એલ હેઠળ મંજુર કરેલ, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ—૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૨૭/ડીવીપી-૧૧૯૩-૨૭૫૯-ઓલ હેઠળ, તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારના અસાધારણ રાજપત્ર, ભાગ—૪-બીનાં પાના નં ૪૧—૨ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર—ને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિદ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારને આ સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ સૂચનો અને વાંધા મળ્યાં નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાના ફેરફાર, તારીખ ૧૮મી જૂન, ૧૯૯૬થી અમલમાં આવશે.

INDEX

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭ નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી-૧૫૮૩-૪૪૨૦-(૮૭)-એલથી મંજૂર કરેલી ઔડાની શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી, આ સાથે જોડેલા, પ્લાનમાં A,B,C,D,A નિશાની કરીને દર્શાવેલ દહેગામની મહસૂલી સરવે નંબરો ૧૬૮૩/ભાગ, ૧૬૮૫/ભાગ, ૧૬૮૬, ૧૬૮૭/ભાગ, ૧૬૮૮, ૧૬૮૯, ૧૬૯૦/ભાગ, ૧૬૯૧/ભાગ, ૧૬૯૨/ભાગ, ૧૬૯૩, ૧૬૯૪, ૧૬૯૫/ભાગ, ૧૬૯૬/ભાગ, ૧૭૬૮/ભાગ, ૧૭૭૧/ભાગ અને ૧૭૭૨/ભાગવાળી જમીનો, સદરહુ મુકરર કરેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ—૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૬ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬ નો ૧૧૩/ડીવીપી--૩૦૯૪--૪૧૩૯--એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોને જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ ના ૧૧૩/ડીવીપી--૩૦૯૪/૪૧૩૯/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૨૧મી માર્ચ, ૧૯૮૮ ના જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮ નાં ૬૦/ડીવીપી/૩૦૮૬/૬૯૮ (૮૮)-એલ. હેઠળ મંજૂર કરેલી કાલોલ નગર (જિ. પંચમહાલ) માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૯ ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

INDEX

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૧મી માર્ચ, ૧૯૮૮ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮ ના ૬૦/ડીવીપી/૩૦૮૬/૬૯૮૮/(૮૮)–એલ. થી મંજૂર કરેલી કાલોલ (જિ. પંચમહાલ) ની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

કાલોલ(જિ.પંચમહાલ)નીમંજૂર કરેલી વિકાસ યોજનામાં"રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલી, આ સાથેનાપ્લાનમાં"ABCDEFGHA' નિશાની કરીને દર્શાવેલી મહેસૂલી સરવે નંબર ૨૧૨, ૨૧૩/૧, ૨૧૩/૨ વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨) (ક) હેઠળ "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૯મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ વી ૧૯૯૬નો ૧૧૫/ડીવીપી/૧૪૯૦/૨૭૦૦/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૧૧૫/ડીવીપી/૧૪૯૦/૨૭૦૦/એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૧૯ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ ૨૮મી ડીસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ-૪ બીના પાના નંબર ૨૫૮-૨ ઉપર પ્રસિધ્ધ થયેલા, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૮મી ડિસેમ્બર, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ના ૬૦૨/ડીવીપી-૧૪૯૨/૨૪૦૮/એલ ને રદ કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૯મી જૂલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી મે, ૧૯૯૬ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચટી-૯૬-૧૪ વીડીઓ ૧૦૯૧-૩૦૪-ઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT CINEMAS (REGULATION OF EXHIBITION BY VIDEO) RULES, 1984

ગુજરાત સિનેમા (વિડિયો દ્વારા પ્રદર્શનનું નિયમન) નિયમો, ૧૯૮૪ સુધારવા સંબંધી જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ,

સચિવાલય, ગાંધીનગર તારીખ ૩૦મી મે, ૧૯૯૬.

મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩.

ક્રમાંક : જીએચટી-૯૬-૧૪-વીડીઓ-૧૦૯૧-૩૦૪-ઈ.– ગુજરાત સિનેમા (વિડિયો દ્વારા પ્રદર્શનનું નિયમન) નિયમો, ૧૯૮૪ વધુ સુધારતા નિયમોનો અમુક મુસદ્દો, મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩ના મુંબઈના ૧૧મા)ની કલમ ૯૯ની પેટા-કલમ (૪) થી ઠરાવ્યા પ્રમાણે, માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચટી-૯૫-૨૮-વીડીઓ-૧૦૯૧-૩૦૪-ઈ હેઠળ, તારીખ ૬ઠ્ઠી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૪-બીના પાના ૨૧૨-૧ થી ૨૧૨-૨ પર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૯૬ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા.

અને સરકારને કોઈ વાંધા અથવા સૂચનો મળ્યાં નથી.

તેથી, હવે, મુંબઈ સિનેમા (નિયમન) અધિનિયમ, ૧૯૫૩ (સન ૧૯૫૩ના મુંબઈના ૧૧મા)ની કલમ ૯૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સિનેમા (વિડિયો દ્વારા પ્રદર્શનનું નિયમન) નિયમો, ૧૯૮૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :–

૧. આ નિયમો 'ગુજરાત સિનેમા (વિડિયો દ્વારા પ્રદર્શનનું નિયમન) (સુધારા) નિયમો, ૧૯૯૬' કહેવાશે.

૨. ગુજરાત સિનેમા (વિડિયો દ્વારા પ્રદર્શનનું નિયમન) નિયમો, ૧૯૮૪ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૫ માં, પેટા-નિયમ (૪)ને બદલે, નીચેનો પેટા-નિયમ મૂકવો :–

"(૪) બેઠકોની સંખ્યા, નીચે નિર્દિષ્ટ કરેલી બેઠક ક્ષમતા કરતાં વધુ હોવી જોઈશે નહિ :–

પડદાની પહોળાઈ	વધુમાં વધુ બેઠકો
૧.	૨.
(૧) ૫૦ સે. મી. થી વધુ ન હોય, તો	૩૦ બેઠકો
(૨) ૬૭.૫ સે. મી. થી વધુ ન હોય, તો	૫૦ બેઠકો
(૩) ૭૭.૫ સે. મી. થી વધુ ન હોય, તો	૭૫ બેઠકો
(૪) ૧૦૦.૦ સે. મી. થી વધુ ન હોય, તો	૧૦૦ બેઠકો
(૫) ૧૫૦.૦ સે. મી. થી વધુ ન હોય, તો	૧૨૫ બેઠકો
(૬) ૨૦૦.૦ સે. મી. થી વધુ ન હોય, તો	૧૫૦ બેઠકો
(૭) ૩૦૦.૦ સે. મી. થી વધુ ન હોય, તો	૨૦૦ બેઠકો

INDEX

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧૩માં, પેટા-નિયમ (૨)માં, "૧૫૦ મીટર" એ આંકડા અને શબ્દ પછી, "અને વિદ્યમાન શાળા અથવા કૉલેજ અને વિડિયો સિનેમા વચ્ચેનું અંતર ૧૦૦ મીટર કરતાં ઓછું હોય " એ શબ્દો અને આંકડાં ઉમેરવા,

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૧૪માં, "એક વર્ષ" એ શબ્દોને બદલે, "ત્રણ વર્ષ" એ શબ્દો મૂકવા.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૫ ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"૧૫. લાઈસન્સ તાજું કરી આપવા બાબત :—લાઈસન્સ પૂરું થયાની તારીખથી ત્રણ મહિના પહેલાં, લાઈસન્સદારે, સાદા કાગળ ઉપર લાઈસન્સ તાજું કરી આપવા માટેની અરજી કરવી જોઈશે. તે અરજી સાથે, નિયમ ૧૬માં ઠરાવેલ ફી હોવી જોઈશે. લાઈસન્સ આપનાર સત્તાધિકારી, તેને આવી અરજી કરવામાં આવ્યે, લાઈસન્સ તાજું કરી આપી શકશે :

પરંતુ લાઈસન્સ આપનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે લાઈસન્સદાર, પૂરતા કારણસર આવી મુદત પહેલા, આવી અરજી કરી શકયો ન હતો, તો, ઉપર નિર્દિષ્ટ કરેલ મુદત પછી સાદર કરાયેલ આવી અરજી તે ધ્યાનમાં લઈ શકશે."

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૧૬ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"૧૬. ફી :—ત્રણ વર્ષ માટે, વિડિયો સિનેમા માટેના લાઈસન્સ માટેની અથવા તે તાજું કરી આપવા માટેની ફી નીચે પ્રમાણે રહેશે :—

અનુ ક્રમાંક	બેઠકોની સંખ્યા.	ફી. રૂા.
૧.	૨.	૩.
(૧)	૫૦ બેઠકોથી વધુ ન હોય, તો	૫૦૦
(૨)	૫૦ બેઠકોથી વધુ હોય, પણ ૭૫ બેઠકોથી વધુ ન હોય, તો	૭૫૦
(૩)	૭૫ બેઠકોથી વધુ હોય, પણ ૧૦૦ બેઠકોથી વધુ ન હોય, તો	૧૦૦૦
(૪)	૧૦૦ બેઠકોથી વધુ હોય, પણ ૧૨૫ બેઠકોથી વધુ ન હોય, તો.	૧૨૫૦
(૫)	૧૨૫ બેઠકોથી વધુ હોય, પણ ૧૫૦ બેઠકોથી વધુ ન હોય, તો	૧૫૦૦
(૬)	૧૫૦ બેઠકોથી વધુ હોય, પણ ૧૭૫ બેઠકોથી વધુ ન હોય, તો	૧૭૫૦
(૭)	૧૭૫ બેઠકોથી વધુ હોય, પણ ૨૦૦ બેઠકોથી વધુ ન હોય, તો	૨૦૦૦

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જી. એસ. રોય,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમા અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨જી જુલાઈ, ૧૯૯૬ ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૨૯૬/૧૨૧/એમવીઆર-૧૦૯૫/૩૧૩૧-ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE BOMBAY MOTOR VEHICLES TAX RULES, 1959.

મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨જી જુલાઈ, ૧૯૯૬.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જી/જી/૯૬/૧૨૧/એમવીઆર/૧૦૨૫/૩૧૩૧-ખ.—મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ--૨૩ ની પેટા--કલમ (૨) ના ખંડ (ગ) હેઠળ કાઢવામાં ધારેલા જાહેરનામાનો નીચેના મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓને જાણ સારું પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ (વાહનવ્યવહાર) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કોઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જી/જી/૯૬/૧૨૧/એમવીઆર--૧૦૨૫-૩૧૩૧-ખ.—મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા) ની કલમ ૨૩ ની પેટા--કલમ (૨) નાં ખંડ (ગ)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો "મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા)નિયમો, ૧૯૯૬" કહેવાશે.

૨. મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯માં નિયમ ૨૪માં, "વાહન વ્યવહાર વાહન સિવાયનું કોઈપણ મોટર વાહન" એ શબ્દો પછી, "અને વાહન વ્યવહાર વાહનના સંબંધમાં નિયમ ૧૧ હેઠળ નમૂના બબ માં બહાર પાડેલ કરવેરાનું પ્રમાણપત્ર" એ શબ્દો દાખલ કરવા

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ઓન એસ પાટડીયા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૯મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૧મી જૂન ૧૯૯૬ ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક :કેપી/૧૯૯૬ નો ૧૭—વીબીએન--૩૧૯૫--૨૦૧-૧૧-ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોના જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૧મી જૂન, ૧૯૯૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૬ નો ૧૭/વીબીએન–૩૧૯૫–૨૦૧–૧૧–ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ ના ગુજરાતના ૧૮ મા) ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, સિધ્ધપુર અને જિલ્લા પંચાયત, મહેસાણા સાથે વિચાર–વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી—

(૧) અનુસૂચિના કોલમ ૩ માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫ માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭ માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬ માં જણાવેલા નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	સિદ્ધપુર	વનાગલા	૧. વનાગલા (મહેસુલી ગામ)		૧. વનાગલા	૧. વનાગલા (મહેસુલી ગામ)
			૨. ભવાનીપુરા (પેટાપરા)	૧. ભવાનીપુરા (પેટાપરા)	૨. ભવાનીપુરા	૨. ભવાનીપુરા (પેટાપરા)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીઓય-આર/૧૦૦/૯૫-બીઆરયુ-૧૦૯૬/૧૦૧૭-(એસ-૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISION) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૧૯મી જૂન, ૧૯૯૬.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮, (સન ૧૯૫૮ના મુંબઈના ૯૬મા)

ક્રમાંક : જીએચ-આર/૧૦૦/૯૫/બીઆરયુ-૧૦૯૬/૧૦૧૭/(એમ-૩).—મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે, ઔદ્યોગિક અન્ડરટેકિંગ એટલે કે, મેસર્સ ઓલ. ઓમ. પી. પ્રિસીસન એન્જીનીયરીંગ કંપની લીમીટેડ, મહાદેવનગર, બિલિમોરા. (ગુજરાત)" તે સન ૧૯૯૬ના એપ્રિલ મહિનાની ૧૧મી તારીખથી અમલમાં આવે તેમ બેકારી નિવારણના પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવામાં આવશે અને તદ્નુસાર સદરહુ અન્ડરટેકિંગ સન ૧૯૯૬ના એપ્રિલ મહિનાની ૧૧મી તારીખથી એક વર્ષની મુદત માટે સદરહુ અધિનિયમના હેતુ માટે રાહત અન્ડરટેકિંગ છે એમ ગણાશે અને સદરહુ અધિનિયમની કલમ-૪ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા ખંડ (૪)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, સદરહુ અન્ડરટેકિંગ એટલે કે મેસર્સ ઓલ. ઓમ. પી. પ્રિસીસન એન્જીનીયરીંગ કંપની લીમીટેડ, બિલિમોરાના સંબંધમાં આદેશ કરે છે કે સદરહુ અન્ડરટેકિંગ રાહત અન્ડરટેકિંગ તરીકે જાહેર કરવામાં આવ્યું તે પહેલાં મળેલ અથવા ઉપાર્જિત તમામ હકો, વિશેષાધિકારો, ફરજો, જવાબદારીઓ (જાહેર નાણાંકીય સંસ્થા એટલે જી. આઈ. સી. લિ. અમદાવાદને લગતી જવાબદારીઓ (સિવાયની) અને સદરહુ અન્ડરટેકિંગના કામદારોના સંબંધમાં કાયદામાંથી ઉદ્‌ભવિત થતી જવાબદારીઓ અને તે અંગેની અમલ બજવણી માટે કોઈ ઉપાય મોકૂફ રાખવા અને કોઈ કોર્ટ, ટ્રિબ્યુનલ, અધિકારી અથવા સત્તામંડળ સમક્ષ તે સંબંધી અનીણિત તમામ કાર્યવાહીઓ જે મુદત સુધી સદરહુ અન્ડરટેકિંગ, રાહત અન્ડરટેકિંગ તરીકે ચાલુ રહેશે તે મુદત એટલે કે સન ૧૯૯૬ના એપ્રિલ મહિનાની ૧૧મી તારીખથી શરૂ થતી એક વર્ષની મુદત દરમિયાન સ્થગિત કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

નિરંજન જોષી,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨જી જુલાઈ, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/જી/૯૬/૧૨૦/એમટીએ/૨૦૯૩/૩૧૧૫/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. ત્રિવેદી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION HOME DEPARTMENT, NO. GH/G/93/112/MTA/2093/3115/KH DATED THE 1ST SEPTEMBER, 1993.

ગૃહ વિભાગનું તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૩નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચ/જી/૯૩/૧૧૨/એમટીએ/૨૦૯૩/૩૧૧૫/ખ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૨જી જુલાઈ, ૧૯૯૬.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચ/જી/૯૬/૧૨૦/એમટીએ/૨૦૯૩/૩૧૧૫/ખ.—મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના

INDEX

દામ્યુ)ની કલમ ૧૩ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૩ નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચ/જી/૯૩/૧૧૨/એમટીએ/૨૦૯૩/૩૧૧૫/ખ નીચે પ્રમાણે સુધારે છે :—

સદરહુ જાહેરનામામાં "ચાર હજાર રૂપિયા" એ શબ્દો જ્યાં જ્યાં આવે છે ત્યાં ત્યાં તેને બદલે, "પાંચ હજાર રૂપિયા" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. એમ. ચૌહાણ,
સરકારના સંયુક્ત સચિવ.

બૌદ્ધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬નો ૧૦૨/ટીપીએસ/૧૨૯૫/૧૩૨૩/એલ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. ઝિકરી,
સરકારના નાયબ સચિવ

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૫મી જૂન, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૦૨/ટીપીએસ/૧૨૯૫/૧૩૨૩/કોસે:-ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયન ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૧ હેઠળ, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને, નગરરચના યોજના ક્રમાંક ૨૩ (અકોટા-તાંદલજા) વડોદરા કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો છે.

અને, નગરરચના યોજના ક્રમાંક ૨૩ (અકોટા-તાંદલજા), વડોદરામાં સમાવેશ કરેલા વિસ્તારના સંબંધમાં, સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરાએ (જેનો આમાં હવે પછી, "સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશન" કહી છે તે) યોજનાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ યોજનાનો મુસદ્દો" કહ્યો છે તે) તૈયાર કરીને ઠરાવેલી રીતે યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો છે.

અને, પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશને, સદરહુ અધિનિયમની કલમ ૪૮ હેઠળ તેમાં જોગવાઈ કરેલી રીતે, મંજૂરી માટે રાજ્ય સરકારને સદરહુ યોજનાનો મુસદ્દો સાદર રજૂ કર્યો છે.

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :-

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને આધીન રહીને સદરહુ યોજનાનો મુસદ્દો મંજૂર કરે છે, અને

(ખ) જણાવે છે કે સદરહુ યોજનાનો મુસદ્દો, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરાની કચેરીમાં તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લો રહેશે.

INDEX

અનુસૂચિ

(૧) યોજનાના મુસદ્દાના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, ખુલ્લા પ્લોટ નં. ૬૦, ૬૧, ૬૨, ૬૩, ૬૪ અને ૬૫ ની સામેની વિશેષ નોંધના કોલમમાં નીચેની વિશેષ નોંધ દાખલ કરવી જોઈશે. "વુડા" નીં મંજૂર કરેલી વિકાસ યોજના મુજબ બી.એમ.સી. દ્વારા એલ.સી. માટે અનામત",

(૨) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, નગરરચના યોજના રસ્તામાંથી છેવટના પ્લોટ નં. ૪૭, ૪૮, ૭૯, ૮૪, ૮૫, ૮૭, ૯૩/૨, ૯૯માંથી યોગ્ય પ્રવેશમાર્ગની જોગવાઈ કરવાનો નિર્ણય કરવો જોઈશે ;

(૩) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, એ જોવુ જોઈશે કે ખુલ્લા પ્લોટ નં. ૯, ૧૦ અને ૧૨ને ફાળવેલા છેવટના પ્લોટોને નગરરચના યોજના રસ્તામાંથી પ્રવેશમાર્ગ મળવો જોઈએ ;

(૪) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને સ્થળ, વિસ્તાર, કપાત માન્યપ્રાપ્ય બીજી જમીન વગેરેની વિચારણા કરીને સહિયારા પ્લોટની કપાત માટે પુનઃ વિચારણા કરવી જોઈશે ;

(૫) યોજનાના મુસદ્દામાં, ખુલ્લો પ્લોટ નં. ૧૦૫ કાંસની જમીન માટે દર્શાવેલ છે. છેવટના પ્લોટ નં. ૧૦૫/૧, ૧૦૫/૨ અને ૧૦૫/૩ પણ સદરહુ કાંસને ફાળવેલા છે. યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, કાંસ જમીનનેં કોઈપણ છેવટનો પ્લોટ નહિ ફાળવવાનો અને મૂળ પ્લોટ નંબરનો નિર્દેશ નહિ કરવાનો નિર્ણય કરવો જોઈશે ;

(૬) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નોંધમાં, નગરરચના અધિકારીએ, યોજના વિસ્તાર સંબંધી નોંધ, શહેરી જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૭૬ને જવાબદાર રહે તેમ દાખલ કરવી જોઈશે અને શહેરી જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૭૬ હેઠળના નિર્ણયો, યોજનાના વિસ્તારને બંધનકર્તા રહેશે ;

(૭) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, શહેરી જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ ફાજલ પ્લોટો તરીકે જાહેર કરાયેલ જમીનના મૂળ પ્લોટોને બદલે, અલગ યોગ્ય છેવટના પ્લોટોની ફાળવણી કરવાનો નિર્ણય લેવો જોઈશે, આમ કરતી વખતે, તેણે યોજનાના ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં યોગ્ય ફેરફારો કરવા જોઈશે ;

(૮) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગર રચના અધિકારીએ સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને, સમુચિત સત્તામંડળને "જાહેર હેતુ" માટે ફાળવેલ છેવટના પ્લોટ નં. ૭૬, ૭૮ અને ૮૬ માટે વિશિષ્ટ હેતુ માટે નિર્ણય લેવો જોઈશે ;

(૯) જાહેર હેતુઓ માટે સમુચિત સત્તામંડળને ફાળવેલા છેવટના પ્લોટના કિસ્સામાં, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને ; સ્થળ વિસ્તાર, દરેક પ્લોટના ઉપયોગની વિચારણા કરીને, યોજના વિસ્તાર અને જાહેર જનતાને લાભદાયી ટકાવારી નક્કી કરવી જોઈશે ;

(૧૦) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, છેવટના પ્લોટ નં. ૬૯, ૭૦, ૭૧ અને ૧૦૩ માટે જાહેર હેતુ તરીકે "રહેણાંક" ને બદલે, "રહેણાંકના હેતુ આંગે વેચાણ માટે" સમાનરીતે નક્કી કરવા જોઈશે. નગરરચના અધિકારીએ છેવટના પ્લોટ નં. ૭૨, ૮૮, ૯૨ ૧૦૧ અને ૧૦૨ માટે જાહેર હેતુ તરીકે "વાણિજ્યિક" ને બદલે; "વાણિજ્યિક આંગે-વેચાણ માટે" નક્કી કરવા જોઈશે :

(૧૧) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, "સમુચિત સત્તામંડળને વાણિજ્યિક માટે વેચાણ" અને રહેણાંક માટે વેચાણ" માટે ફાળવેલા પ્લોટો માલિકોને અથવા યોજનાના વિસ્તારની હદમાંના રહેઠાણને ૧૦ ટકા લાભદાયી અને યોજનાના વિસ્તારની બહારના રહેઠાણને ૯૦ ટકા લાભદાયી રહે તેમ ફરી નક્કી કરવુ જોઈશે.

(૧૨) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને, સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટે ગૃહનિર્માણ માટે ફાળવણીની જોગવાઈ, યોજના વિસ્તારના ૪ ટકા સુધી વધારવા નિર્ણય લેવો જોઈશે. નગરરચના અધિકારીએ, યોજના વિસ્તારમાં અન્ય જાહેર હેતુઓ માટે છેવટના પ્લોટોના યોગ્ય ફેરફાર કરીને અને યોજના વિસ્તારમાં સરેરાશ ટકાવારીની કપાત વધાર્યા સિવાય આમ કરવુ જોઈશે.

(૧૩) યોજનાના મુસદ્દાના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, પાના નં. ૭૯ ઉપરના શીર્ષકમાં "અનામત" ઓ શબ્દ કમી કરવો;

(૧૪) યોજનાના મુસદ્દામાં, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, પાના નં. ૭૯ ઉપર અનુક્રમાંક અને સમુચિત સત્તામંડળને ફાળવેલા છેવટના પ્લોટોની માલિકી દર્શાવેલ નથી, તે પ્લોટો અનુક્રમે '૬૧' અને સમુચિત સત્તામંડળ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા' તરીકે દર્શાવવાં જોઈશે.

INDEX

(૧૫) યોજનામાં કરવા ધારેલા સૂચિત વિકાસ કામોનો, પ્રારંભિક યોજના અમલમાં આવે તે તારીખથી પાંચ વર્ષની અંદર અમલ કરવાનું ફરમાવેલ છે. યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીઓ, ઉપરની હકીકતોની વિચારણા કરીને, સૂચિત વિકાસ કામો માટે દશ વર્ષ માટે વિકાસ ખર્ચની ફેર વિચારણા કરવી જોઈશે.

(૧૬) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીઓ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને, વિકાસ કામો પૂરા કરવાની સમય-મર્યાદા, પ્રારંભિક યોજના અમલમાં આવે તે તારીખથી પાંચ વર્ષની હોવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સરકારના સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવી/૧૯૯૬નો ૧૦૯/ડીવીપી-૨૧૯૫-૧૯૨૮-એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી જૂલાઈ, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચવી/૧૯૯૬નો ૧૦૯/ડીવીપી-૨૧૯૫-૧૯૨૮-એલ.-- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૭૪નો ૨૬૦-ડીવીપી-૨૧૬૮- ૫૬૪૦--ક્યુ. હેઠળ મંજૂર કરેલ પાલનપુર વિસ્તાર વિકાસ સત્તામંડળના વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો સૂચિત ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)(જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણેજ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચવી/૧૯૯૬નો ૨૬/ડીવીપી- ૨૧૯૫-૧૯૨૮-એલ. હેઠળ, તારીખ ૬ઠ્ઠી, ફેબ્રુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારીરાજપત્ર ભાગ- ૪-બીના પાના ક્રમાંક ૪૧-૧ અને ૪૧-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા કોઈ હોય તો, તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરવામાં આવી હતી ;

અને, ગુજરાત સરકારને, આ સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ વાંધા અથવા સૂચનો મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી.–

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે જણાવેલો ફેરફાર તા. ૨૬–૬–૧૯૯૬થી અમલમાં આવશે.

અનુસૂચિ

તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૭૪નો ૨૬૦/ડીવીપી-૨૧૬૮-૫૬૪૦-ક્યુ. થી મંજૂર કરેલ પાલનપુરની વિકાસ યોજનામાંનો ફેરફાર.

૧. પાલનપુરની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, "ખેતીવિષયક ઝોન" માટે મુકરર કરેલ, આ સાથે જોડેલા પ્લાન ઉપર "BCDEFGHIJB" તરીકે નિશાની કરેલ પાલનપુરની મહેસૂલી સરવે નંબર ૧૩૦૦, ૧૩૦૧/ભાગ, ૧૩૦૬//ભાગ, ૧૩૦૭ (સીટી સરવે નં. ૬૦૬૪), ૧૩૦૮ (સીટી સરવે નં. ૬૧૯૫), ૧૩૦૯/ભાગ વાળી જમીનોનો બ્લોક, સદરહુ ઝોનમાંથી મુક્ત કરવો અને એ રીતે મુક્ત કરેલ જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ, "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

૨. પાલનપુરની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, "ખેતી વિષયક ઝોન,, માટે મુકરર કરેલ, આ સાથે જોડેલા પ્લાન ઉપર (ABJIA) તરીકે નિશાની કરેલ પાલનપુરની મહેસૂલ સરવે નં. ૧૩૦/૧/ ભાગ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચનાને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ના કલમ ૧૨ (૨) (૬) હેઠળ. "મ્યુનિસિપલ બોર અને રમતના મેદાન" માટે મુકરર કરથી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬નો ૧૦૩/ટીપીએસ-૧૪૯૪/૩૪૭૪/એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૦૩/ટીપીએસ-૧૪૯૪/૩૪૭૪/એલ.– ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, સદરહુ અધિનિયમ, તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૧ હેઠળ, સુરત શહેરી વિકાસ સત્તામંડળે, નગરરચના યોજના, સુરત નં. ૭ (વે- મગદલ્લા) (સુડા), સુરત કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો છે,

INDEX

અને, સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, સુરત શહેરી વિકાસ સત્તામંડળ (જેને આમાં હવે પછી, સદરહુ સત્તામંડળ" કહ્યું છે તે) નગરરચના યોજના, સુરત નંબર ૭/વેસુ--મગદલ્લા) (સુડા), સુરતમાં સમાવિષ્ટ વિસ્તારના સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી, સદરહુ યોજનાનો મુસદ્દો" કહ્યો છે તે) તૈયાર કરીને ઠરાવેલી રીતે યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો છે;

અને, પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ સત્તામંડળે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ હેઠળ તેમાં જોગવાઈ કરેલી રીતે, મંજૂરી માટે રાજ્ય સરકારને સદરહુ યોજનાનો મુસદ્દો સાદર રજૂ કર્યો છે ;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી --

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને અધીન રહીને, સદરહુ યોજનાનો મુસદ્દો મંજૂર કરે છે; અને

(ખ) જણાવે છે કે સદરહુ યોજનાનો મુસદ્દો, સુરત શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં, તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લો રહેશે

અનુસૂચિ

(૧) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, એ જોવું જોઈશે કે ખુલ્લા પ્લોટ નં. ૩, ૫૫ અને ૮૮ પૈકી દરેક પ્લોટ માટેના વિસ્તારમાં કપાતની ટકાવારી ૨૦ ટકા સુધી રહે

(૨) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે નગરરચના અધિકારીએ, એ જોવું જોઈશે કે ખુલ્લા પ્લોટ નં. ૫૮, ૭૭ અને ૭૮ પૈકી દરેક પ્લોટ માટેના વિસ્તારમાં કપાતની ટકાવારી, યોજના વિસ્તારમાંની સરેરાશ કપાતની ટકાવારીની સરખામણીએ સરખી રહે.

(૩) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, એ જોવું જોઈશે કે ખુલ્લા પ્લોટ નં. ૬૨, ૯૯થી ૧૦૩ અને ૧૦૫થી ૧૧૨ પૈકીદરેક પ્લોટ માટેના વિસ્તારમાં કપાતની ટકાવારી, યોજના વિસ્તારમાંની સરેરાશ કપાતની ટકાવારીની સરખામણીએ સરખી રહે.

(૪) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, એ જોવું જોઈશે કે ખુલ્લા પ્લોટ નં. ૧૦૪, ૧૧૩ ૧૧૪ અને ૧૧૬ પૈકી દરેક પ્લોટ માટેના વિસ્તારમાં કપાતની ટકાવારી, યોજના વિસ્તારમાંની સરેરાશ કપાતની ટકાવારીની સરખામણીએ સરખી રહે.

(૫) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીઓ, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, દરેક મૂળ પ્લોટના અધિકૃત ભોગવટા હકનો સમાવેશ કરવો જોઈશે.

(૬) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નોંધમાં, નગરરચના અધિકારીએ યોજના વિસ્તાર સંબંધી નોંધ, શહેરી જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૭૬ને જવાબદાર રહે તેમ દાખલ કરવી જોઈશે અને શહેરી જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૭૬ હેઠળના નિર્ણયો યોજનાના વિસ્તારને બંધનકર્તા રહેશે.

(૭) યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, શહેરી જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ ફાજલ પ્લોટો તરીકે જાહેર કરાયેલ જમીનના મૂળ પ્લોટોને બદલે, અલગ યોગ્ય છેવટના પ્લોટોની ફાળવણી કરવા નિર્ણય લેવો જોઈશે. આમ કરતી વખતે, તેણે યોજનાના ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં યોગ્ય ફેરફાર કરવો જોઈશે.

(૮) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકના કોલમ નં. ૬ થી ૧૫ માટેના સરવાળા ફરી તપાસવા જોઈશે.

(૯) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, છેવટના પ્લોટ નં. ૧૧૨ના દરેક ભાગને અલગ-અલગ છેવટના પ્લોટ નંબર અને વિસ્તાર ફાળવવા જોઈશે.

(૧૦) યોજનાના મુસાદ્દામાં છેવટનો પ્લોટ નં. ૧૨૧ (૩૭૫૦ ચો. મી.) અને છેવટનો પ્લોટ નં. ૧૨૪ (૭૬૦૦ ચો.મી.) સંમુચિત સત્તા-મંડળને અનુક્રમે જાહેર હેતુ" ને બદલે, "એસ. ઈ. બી. ગૃહનિર્માણ" અને રહેણાંકના ઉપયોગ માટે વેચાણ" માટેની ફાળવણીમાં રહેશે.

(૧૧) સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગ અંગે ગૃહનિર્માણ માટે સમુચિત સત્તામંડળને ફાળવવામાં આવેલા છેવટના પ્લોટ અને જુદા જુદા જાહેર હેતુઓ માટે સમુચિત સત્તામંડળને ફાળવવામાં આવેલા છેવટના પ્લોટ નં. ૧૧૮, ૧૧૯, ૧૨૧, ૧૨૩, ૧૨૬ અને ૧૨૯ના કિસ્સામાં, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને, યોજના વિસ્તાર અને જાહેર જનતાને લાભદાયી ટકાવારી નક્કી કરવી જોઈશે.

INDEX

(૧૨) યોજનાના મુસદ્દામાં ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં જુદા જુદા જાહેર હેતુઓ માટે સત્તામંડળને ફાળવવામાં આવેલ છેવટના પ્લોટની કોલમ નં. ૨માં માલિકી, સમુચિત સત્તામંડળ-સુરત શહેરી વિકાસ સત્તામંડળ" તરીકે દર્શાવવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે

જે. એચ. તમાકુવાલા
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી,
અને સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૨૦મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૪થી જુલાઈ, ૧૯૯૬ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એસ. એચ/એલ/૧૩/એમએફએલ/૧૦૯૩/એમ-૭૩/-(૯૬)))/એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોના જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. થકારી
સરકારના નાયબ સચિવ

Notification

Under

THE BOMBAY PROHIBITION ACT, 1949.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ હેઠળ હુકમ.

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૪થી જુલાઈ, ૧૯૯૬.

ક્રમાંક : જીએચ/એસએચ/એલ/૧૩/એમએફએલ/૧૦૯૩/એમ-૭૩/-(૯૬)-એલ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૧૩૯ની પેટા-કલમ (૧)ના ખંડ (૪)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી; કોઈપણ વર્ષે અને કોઈપણ વિસ્તારોમાં ઉત્પન્ન થાય તેવા મહુડાનાં ફૂલોને, આ હુકમ રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી શરુ થતી અને સન ૧૯૯૬ના ડિસેમ્બર, મહિનાની ૩૧મી તારીખે પૂરી થતી મુદત માટે, મજૂર સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૧૭મી માર્ચ, ૧૯૭૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ/૧૯૬/એમએફએલ/૧૦૭૮/૨૧૪૩૫/(૭૯)/એમ,ની અનુસુચિના કોલમ-૨માં જાહેર કરેલ વિસ્તારમાં તે એકત્રિત કરવા, તેની હેરફેર કરવા, તે વેચવા, ખરીદવા અથવા કબજામાં રાખવાને, જેટલે સુધી સદરહુ અધિનિયમની કલમ-૬૦ની પેટા-કલમ (૨) લાગુ પડતી હોય તેટલે સુધી, સદરહુ પેટા-કલમ (૨)ની જોગવાઈઓમાંથી મુકિત આપે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. એચ. સરવાકર
ગુજરાત સરકારના નાયબ સચિવ,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૬ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગનાં સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/એલ/૧૫/એવીકે/૧૦૯૩-૨૧૯૮નો(૧૬)/ખ ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT SCHEDULED CASTES DEVELOPMENT CORPORATION ACT, 1985.

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૮૫ હેઠળ જાહેરનામું

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૮૫.

ક્રમાંક : જીએચ/એલ/૧૫/એવીકે/૧૦૯૩-૨૧૯૮(૧૬)/ખ.—ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૮૫ (સન ૧૯૮૫ના ગુજરાત અધિનિયમ, ક્રમાંક—૧૦)ની કલમ—૧ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમ અમલમાં આવશે તે તારીખ તરીકે સન ૧૯૯૬ના ઓગષ્ટ મહિનાની ૧૫મી તારીખ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એલ. ભટ્ટ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી જૂલાઈ, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬નો ૧૧૭/ ટીપીએસ/૧૨૯૫/૭૧૩/એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ નો ૧૧૭/ ટીપીએસ/૧૨૯૫/ ૭૧૩/એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૧ હેઠળ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે નગરરચના યોજના ખાનપુર અંકોડીઆ નં.-૨ કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો ;

અને સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (જેને આમાં હવે પછી, "સદરહુ સત્તામંડળ" કહ્યું છે તેણે) કરેલી નગર રચના યોજના ખાનપુર અંકોડીઆ નં--૨માં સમાવિષ્ટ વિસ્તારના સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી " સદરહુ યોજનાનો મુસદ્દો " કહ્યો છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

INDEX

અને પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી સદરહુ સત્તામંડળે સદરહુ યોજનાનો મુસદ્દો સદરહુ અધિનિયમની કલમ ૪૮ હેઠળ તેમાં, જોગવાઈ કરેલી રીતે મંજૂરી માટે રાજ્ય સરકારને રજૂ કર્યો હતો.

તેથી, હવે, સદરહું અધિનિયમની કલમ--૪૮ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી.--

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલ ફેરફારોને આધીન રહીને યોજનાનો મુસદ્દો મંજૂર કરે છે. અને.

(ખ) જણાવે છે કે સદરહુ યોજનાનો મુસદ્દો, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન લોકોને જોવા માટે ખુલ્લો રહેશે.

અનુસૂચિ

(૧) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, મૂળ પ્લોટ નં. ૨૦માં બાંધકામની વિશ્વસનીયતાની ચકાસણી કર્યા પછી, યોજનામાં, સમાન સરેરાશ કપાતનાં ટકાવારી સાથે એકસરખી રહે તેમ કપાત કરવાનો નિર્ણય લેવો જોઈશે.

(૨) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ મૂળ પ્લોટ નં. ૨૭/૧, ૨૮/૧, ૨૯/૧, ૪૮/૧, ૪૯/૧, ૫૨/૧, ૫૩/૧, ૫૪/૨, ૫૫/૧, ૫૬/૧, ૫૭/૧, ૫૮, ૫૯/૧ અને ૭૨/૧ કે જે નર્મદા નહેર લાઈનદોરી હેઠળ છે તે દરેક પ્લોટો માટે, મૂળ પ્લોટોની જેમ જ છેવટના પ્લોટો ફાળવવાનો નિર્ણય કરવો જોઈશે. વધુમાં, નગરરચના અધિકારીએ, ઉપરના ફેરફાર અનુસાર નમૂના 'છ' માં સુધારો કરવો જોઈશે.

(૩) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર-વિનિમય કરીને યોજના વિસ્તારના ૩ ટકા સુધી સમાજના સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગોના ગૃહ-નિર્માણ માટેની ફાળવણી માટે જોગવાઈમાં વધારો કરવા નિર્ણય લેવો જોઈશે. નગરરચના અધિકારીએ, યોજના વિસ્તારમાં બીજા જાહેર હેતુઓ માટે ફાળવેલ છેવટના પ્લોટોના વિસ્તારમાં યોગ્ય ફેરફાર કરીને અને યોજના વિસ્તારમાં સરેરાશ કપાતની ટકાવારી વધાર્યા સિવાય આમ કરવું જોઈશે.

(૪) યોજના મુસદ્દા દસ્તાવેજોમાં, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં અને નકશા નં.-૩, ૪ અને ૪/ક ઉપર, "આર્થિક રીતે નબળા વર્ગોના ગૃહનિર્માણ" તરીકે દર્શાવેલ છેવટના પ્લોટ નં. ૭૮ અને ૮૭ નો હેતુ કે જે અધિનિયમ અનુસાર નથી. યોજનાનો મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગોના ગૃહનિર્માણ" તરીકે છેવટના પ્લોટ નં. ૭૮ અને ૮૭ નો હેતુ નક્કી કરવો જોઈશે.

(૫) યોજનાનો મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, છેવટના પ્લોટ નં. ૮૩, ૮૪ અને ૮૬ની ઉપયોગિતા, યોજના વિસ્તારને ૧૦૦ ટકા લાભદાયી તરીકે ફરી નક્કી કરવી જોઈશે. જુદા જુદા જાહેર હેતુઓ માટે સમુચિત સત્તામંડળને ફાળવેલ બીજા છેવટના પ્લોટોના કિસ્સામાં, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર-વિનિમય કરીને, યોજના વિસ્તારના રહેવાસી-ઓને ૧૦ ટકા લાભદાયી અને સામાન્ય લોકોને ૯૦ ટકા લાભદાયી તરીકે ઉપયોગિતા ફરી નક્કી કરવી જોઈશે.

(૬) ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, પાના નં. ૨૫ પર, કોલમ નં. ૨માં, અનુક્રમાંક ૭૭ પર, નગર રચના અધિકારીએ, જાહેર હેતુઓ માટે સમુચિત સત્તામંડળને ફાળવેલ છેવટના પ્લોટની માલિકી "સમુચિત સત્તામંડળ વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ" તરીકે નક્કી કરવ જોઈશે.

(૭) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સંયુકત માલિકીમાં ફાળવેલ છેવટના પ્લોટોનાં કિસ્સામાં દરેક માલિકનો વળતર મેળવવાનો અને ઈજાફા ફાળાની ચૂકવણી માટેનો હિસ્સો નક્કી કરવો જોઈશે. વળી નગરરચના અધિકારીઓ, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં વિશેષ નોંધની કોલમમાં હિસ્સા સંબંધી નોંધ કરવી જોઈશે.

(૮) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર--વિનિમય કરીને, યોજના હેઠળ સૂચિત વિકાસકીય કામોને પૂરા કરવા માટેની સમય મર્યાદા નક્કી કરવી જોઈશે

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ, શહેરી વિકાસ અને શહેરી
ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ નો ૧૨૧/ટીપીએસ-૧૧૯૫--૧૩૦૮--એલ.--નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કરીએ છીએ.

આઈ. જી. પિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી ૧૯૯૬નો/૧૨૧/ટીપીએસ/૧૧૯૫/૧૩૦૮/ એલ.--શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૮૭ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭ના ૪૩/ટીપીએસ-૧૧૮૬--૪૬૩/(૮૭)--એલ. હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭ મા) (જેનો આમાં હવે પછી,) "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ--૪૮ ની પેટા--કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પોતાને સાદર કરેલી નગરરચના યોજનાનો મુસદ્દો, અમદાવાદ નંબર ૧૩ (બહેરામપુરા) દ્વિતીય ફેરફાર કરેલ (જેનો આમાં હવે પછી, "સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો ;

અને, સદરહુ અધિનિયમની કલમ--૫૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી ;

અને, નીમેલા નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) ની કલમ--૫૨ ની પેટા--કલમ (૨) અને કલમ--૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના, અમદાવાદ નંબર ૧૩ (બહેરામપુરા) દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી," સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરેલ છે ;

તેથી, હવે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) ની કલમ--૬૫ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:--

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા સુધારાને આધીન રહીને, "સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે "સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના" અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે ; અને

(ગ) સદરહુ કલમ--૬૫ ની પેટા--કલમ (૨) ના ખંડ (ખ) ના હેતુ માટેની તારીખ તરીકે સન ૧૯૯૬ના ઓગસ્ટ મહિનાની ૬ઠ્ઠી તારીખ નક્કી કરે છે.

INDEX

અનુસૂચિ

(૧) દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, "ઔદ્યોગિક હેતુ માટે વેચાણ" માટે સમુચિત સત્તામંડળ એટલે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનો છેવટનો પ્લોટ નં. ૧૧૫/૨ (વિસ્તાર, ૧૨૪૮ ચો. મી.) કરેલ ફાળવણી રદ કરેલી છે એમ ગણાશે અને આ ફેરફારના પરિણામે છેવટનો પ્લોટ નં. ૧૧૫/૨ (વિસ્તાર : ૧૨૪૮ ચો. મી.) મંજૂર કરેલ મુખ્ય યોજના, અમદાવાદ નં. ૧૩ (બહેરામપુરા પ્રમાણે સમુચિત સત્તામંડળ એટલે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને "સામાજિક કેન્દ્ર અને ૩૦' રસ્તો" માટે ફાળવાયેલ રહેશે.

વળી, ઉપરના ફેરફાર ને પરિણામે મૂળ પ્લોટ છેવટના પ્લોટના પ્લાન અને છેવટના પ્લોટના પ્લાનમાં આ સાથે જોડેલ પ્લાન નં. ૩ અને ૪ માં દર્શાવ્યા પ્રમાણે આંશત : ફેરફાર કરવો જોઈશે અને આ સાથે જોડેલ પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે ફેરવહેંચણી પત્રકમાં ફેરફાર કરવો જોઈશે.

(૨) દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજનામાં સૂચિત રસ્તાનું કામ પૂરું કરવાની સમયમર્યાદા, સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના અમલમાં આવે તે તારીખથી એક વર્ષની રહેશે.

(૩) દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી પત્રકમાં, પાના નં. ૪૧ ઉપર, કોલમ નં. ૨માં, અનુક્રમાંક ૧૮ પર માલિકનું નામ, "સમુચિત સત્તામંડળ" ને બદલે, "સમુચિત સત્તામંડળ એટલે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન" રહેશે.

(૪) દ્વિતીય ફેરફાર કરેલ--પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી પત્રકમાં, પાના નં. ૪૧ ઉપર, અનુક્રમાંક ૧૮(૧) પર વાપરેલ "અનામત" એ શબ્દ રદ કરવો અને "ફાળવણી" એ શબ્દ દાખલ કરવો.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

નગરરચના યોજના, અમદાવાદ નં. ૧૩ બહેરામપુરા (દ્વિતીય ફેરફાર કરેલ) પ્રારંભિક યોજના.

ફેરવહેંચણી પત્રક

અનુક્રમાંક	માલિકનું નામ	ભોગવટાદાર	સ.સ. નં.		મૂળ પ્લોટ		છેવટના પ્લોટ		વિશેષ નોંધ
					નં. ચો. મી. મા વિસ્તાર.		નં. ચો. મી. માં. વિસ્તાર		
૧	૨	૩	૩ક	૪	૫		૬	૭	૮
			નગરરચના અધિકારીએ સાદર કરેલ પ્રારંભિક યોજના પ્રમાણે.						
૧૮.	સમુચિત સત્તામંડળ (એ. એમ. સી.)								
૧૮/૧૮	ઔદ્યોગિક હેતુ માટે વેચાણ	...	...	...	...		૧૧૫/૨		૧૨૪૮
૧૮/૧	સામાજિક કેન્દ્ર માટે અનામત રાખેલ. ફેરફારો પ્રમાણે.	...	...	૧૧૫	૬૪૪૮		૧૧૫/૧		૫૬૪૩
૧૮	સમુચિત સત્તામંડળ (એ. એમ. સી.)								
૧૮/૧	સામાજિક કેન્દ્ર માટે ફાળવણી	...	...	૧૧૫	૬૪૪૮		૬૪૪૮		...
૧૮/૧૮		...	...	...	...		...		...

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:જીએચ/વી/૧૯૯૬નો ૧૧૧/ટીપીએસ-૧૩૯૪, ૧૦૯૭-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING ANL URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જૂન, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ નો ૧૧૧/ટીપીએસ-૧૩૯૪-૧૦૯૭-એલ.- પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગના તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૮૨નો સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૨નો ૩૩/ટીપીએસ/૧૩૮૦/૪૬૬૬/ક્યુ હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૮ ની પેટા કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશને પોતાને સાદર કરેલી નગરરચના યોજના, રાજકોટ નંબર ૮ નો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો;

અને, સદરહુ અધિનિયમની કલમ ૫૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણુંક કરી હતી;

અને, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૯મી માર્ચ, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦નો ૩૯/ટીપીએસ-૧૩૮૮-૯૪૨ એલ હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૬૫ થી મળેલી સત્તાની રૂએ, નગરરચના યોજના, રાજકોટ નં. ૮ પ્રારંભિક મંજૂર કરી છે;

અને, નગરરચના અધિકારીએ, સદરહું અધિનિયમની કલમ ૫૨ ની પેટા-કલમ (૨) અને કલમ ૬૨ની પેટા-કલમ (૨) હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના નંબર ૮ છેવટની યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ છેવટની યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરેલ છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૬૫ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી.--

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારને અધીન રહીને, સદરહુ છેવટની યોજના મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે, "સદરહુ છેવટની યોજના" રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન, રાજકોટની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, દરેક કામકાજના દિવસે લોકોને જોવા માટે ખુલ્લી રહેશે; અને

(ગ) સદરહુ કલમ--૬૫ની પેટા-કલમ (૨) ના ખંડ (ખ) ના હેતુ માટેની તારીખ તરીકે સન ૧૯૯૬ના જુલાઈ મહિનાની ૩૦મી તારીખ નક્કી કરે છે.

INDEX

અનુસૂચિ

૧. વિકાસ નિયંત્રણ વિનિયમોમાં, યોજના બુકમાં, પાના નં. ૧૩ પર વિનિયમ ક્રમાંક ૬.૨-૬ (૧) માં કરેલી જોગવાઈ, "પરંતુ જ્યાં નગરરચના યોજના અમલમાં હોય અને સદરહુ નગરરચના યોજના હેઠળ જાહેર હેતુ માટે અનામત રાખવામાં આવી હોય ત્યારે સક્ષમ સત્તાધિકારી, વિનિયમ ક્રમાંક : ૧૩.૧. ૭ક અને ૧૩. ૧.૭ ખ અને સહિયારા પ્લોટની જોગવાઈઓને લગતા બીજા કોઈપણ વિનિયમોમાંથી નગરરચના યોજના હેઠળ જાહેર હેતુ માટે કરેલી ઉપર જણાવેલી અનામત ધ્યાનમાં લીધા પછી પૂર્ણત: અથવા અંશત: પ્લોટના માલિકને મુકિત આપી શકશે". એ મજકૂર કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧લી ઓગસ્ટ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૯૬/૧૧૫/એમટીએ-૧૩૯૧/૩૯૬૫/ખ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY MOTOR VEHICLES TAX ACT, 1958.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ ૧૯૫૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૪મી જૂન, ૧૯૯૬.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીજી/૯૬/૧૧૫/એમટીએ-૧૩૯૧-૩૯૬૫/ખ.—મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ ના નિયમ ૧૬ક ના ખંડ (૧) સાથે વાંચતાં, મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ ના મુંબઈના ૬૫મા)ની કલમ ૧૩ની પેટા કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, "શ્રી સ્વામીનારાયણ મંદિર," ભૂજ (કચ્છ) ની માલિકીના જે મોટર વાહન ધાર્મિક ઉદ્દેશ સાધવા માટે ઉપયોગ માં લેવાતા હોય અથવા ઉપયોગ કરવા માટે રાખેલ હોય તે, રજિસ્ટ્રેશન ચિહ્ન ક્રમાંક : જીજુએકસ ૯૬૪૬ (તાતા ૪૦૭ બસ) વાળા મોટર વાહનને આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવે તેમ, ઉપર્યુકત ઉદ્દેશ સાધવા માટે એવી રીતે ઉપયોગમાં લેવાનું અથવા ઉપયોગ કરવા માટે રાખવાનું ચાલુ રાખવામાં આવે ત્યાં સુધી, વેરો ભરવામાંથી સંપૂર્ણત: મુકિત આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા.
સરકારના ઉપ સચિવ,
ગૃહ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨જી ઓગસ્ટ ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી જુલાઇ, ૧૯૯૬ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૬નો ૪૧/વીબીએન-૩૧૯૪-૨૮૮૨-૯૬-ચ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૮મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૬નો ૪૧/વીબીએન-૩૧૯૪-૨૮૮૨-૯૬-ચ.— ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત કડી અને જિલ્લા પંચાયત મહેસાણા સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર, આથી.—

(૧) અનુસૂચિના કોલમ-૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ-૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧.	૨.	૩.	૪.	૫.	૬.	૭.
૧.	કડી	થાડોદ	૧. થાડોદ (મહેસુલી ગામ) થોડમા-ટપુરા/ (પિટાપરા)	૨. થોડમા-ટપુરા. (પિટાપરા)	૧. થાડોદ ૨. થોડમ ટપુરા (પિટાપરા)	૧. થાડોદ (મહેસૂલી ગામ) ૨. થોડમાટપુરા (પિટાપરા)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, રજી ઓગષ્ટ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ નો ૧૧૮/ટીપીએસ/૧૩૯૪-૭૩/એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જૂલાઈ, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ નો ૧૧૮ /ટીપીએસ/૧૩૯૪-૭૩-એલ.-- શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૪મી ઓકટોબર, ૧૯૯૦ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦ નો ૨૦૬/ટીપીએસ/ ૧૩૮૯/૨૯૫૮/(૯૦) એલ હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૮ ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળે પોતાને સાદર કરેલી નગરરચના યોજનાનો મુસદ્દો, રૈયા નં. ૬ (જેનો આમાં હવે પછી "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો ;

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણુક કરી હતી ;

અને, નીમેલા નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૫૨ ની પેટા-કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે નગરરચના યોજના, રૈયા નં. ૬ પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરેલ છે ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૬૫ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી.--

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારોને અધીન રહીને "સદરહુ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે ;

(ખ) જણાવે છે કે " સદરહુ યોજના" ,રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, કચેરીના સમય દરમિયાન તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે; અને

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા-કલમ (૨) ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૬ નક્કી કરે છે.

INDEX

અનુસૂચિ

(૧) પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી પત્રકમાં, પાના નં. ૨૮ ઉપર, અનુક્રમાંક ૭/૩૧ ના અનુક્રમે કોલમ નં. ૭ અને ૮માં દર્શાવિલા "૬૧" અને "૨૪૯" એ આંકડા ૨૬ કર્યા છે એમ ગણાશે. આ ફેરફારને પરિણામે, કોલમ નં. ૮ ઉપર આવેલા "૩૪૬૫" એ આકડાને બદલે, "૩૨૧૬" એ આંકડા મૂકવા.

આ ફેરફારને પરિણામે, ફેરવહેંચણી પત્રકમાં, સાથે જોડેલા પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે અંશત: ફેરફાર કરવો જોઈશે.

(૨) પ્રારંભિક યોજનામાં, છેવટનો પ્લોટ નં. ૬૧, વિસ્તાર ૨૪૯ ચો. મીટર, યોગ્ય સત્તામંડળને "ખુલ્લી જગ્યા" અંગે ફાળવણી માટે રહેશે. છેવટના પ્લોટ નં. ૬૧ને ખુલ્લા પ્લોટ નં. ૫૧માંથી પ્રવેશ માર્ગનો હક પણ રહેશે. આ ફેરફારને પરિણામે, આ સાથે જોડેલા પ્લાન નં. ૩ અને ૪માં દર્શાવ્યા પ્રમાણે, ખુલ્લા પ્લોટ છેવટના પ્લોટ, પ્લાન અને છેવટના પ્લોટમાં અંશત: ફેરફાર કરવો જોઈશે અને ફેરવહેંચણી પત્રકમાં, આ સાથે જોડેલા પત્રકમાં દર્શાવ્યા મુજબ ફેરફાર કરવો જોઈશે.

(૩) પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી પત્રકમાં, પાના નં. ૨૭ ઉપર, અનુક્રમાંક ૬ના કોલમ નં. ૯ ઉપર "છેવટના પ્લોટ નં. ૬૧ ને છેવટના પ્લોટ નં. ૫૧માંથી પ્રવેશ માર્ગ મેળવવાનો હક રહેશે" એ નોંધ ઉમેરવી જોઈશે.

(૪) પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, સમુચિત સત્તામંડળને "જાહેર હેતુ માટે વેચાણ" માટે ફાળવેલા છેવટના પ્લોટ નં. ૨૬૩, ૨૭૪ અને ૧૧૪૪, "સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગોના ગૃહનિર્માણ " માટેની ફાળવણી માટે રહેશે.

(૫) પ્રારંભિક યોજનામાં, સમુચિત સત્તામંડળને "વાણિજ્યક સેન્ટર" માટે ફાળવેલા છેવટનો પ્લોટ નં. ૨૪૮ "સામાજિક અને આર્થિક રીતે નબળા વર્ગોના ગૃહનિર્માણ" માટેની ફાળવણી માટે રહેશે.

(૬) વિકાસ નિયંત્રણ વિનિયમોને, પ્રારંભિક યોજના દસ્તાવેજોમાંથી બાકાત કર્યા હોય તેમ ગણાશે.

(૭) પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી પત્રકમાં, પાના નં. ૨૬૨ ઉપર નોંધ (૫) પછી નીચેની નોંધ ઉમેરવી.

"(૬) મૂળ પ્લોટમાં લે આઉટના સહિયારા પ્લોટ અને આંતરિક રસ્તા, અનુક્રમે મૂળ પ્લોટના તમામ સંયુક્ત માલિકો માટે ફાળવવાના રહેશે."

(૮) (ક) પ્રારંભિક યોજનામાં, છેવટના પ્લોટ નં. ૧૮૧ ની ખુલ્લા પ્લોટ નં. ૧૦ ના સબ પ્લોટ નં. ૬૬ને ફાળવણી માટેની દરખાસ્ત ૨૬ કરેલી છે એમ ગણાશે.

તેને બદલે, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, ખુલ્લા પ્લોટ નં. ૧૦ના સબ પ્લોટ નં. ૬૬ ઉપર ફાળવવામાં આવેલા છેવટના પ્લોટ નં. ૧૮૧, વિસ્તાર ૪૯૭ ચોરસ મીટરમાં પ્લાન નં. ૩ અને ૪ પ્રમાણે અંશત: ફેરફાર કરવો. આ ફેરફારને પરિણામે, છેવટના પ્લોટ નં. ૧૩૬ નો વિસ્તાર ૨૫૭૬ ને બદલે ૨૦૭૯ ચોરસ મીટર રહેશે અને સમુચિત સત્તામંડળને ખુલ્લી જગા માટેની ફાળવણી તરીકે રહેશે. વધુમાં ઉપરના ફેરફારને પરિણામે, ફેર વહેંચણી પત્રકમાં આ સાથે જોડેલા પત્રકમાં દર્શાવ્યા પ્રમાણે ફેરફાર કરવો જોઈશે.

(ખ) પ્રારંભિક યોજનામાં, છેવટનો પ્લોટ નં. ૧૮૧, સમુચિત સત્તામંડળને, "ખુલ્લી જગા" માટે છેવટના પ્લોટ નં. "૧૩૬/૧" તરીકેની ફાળવણી માટે રહેશે.

ઉપરોકત ફેરફારને પરિણામે, ખુલ્લા પ્લોટ, છેવટના પ્લોટના પ્લાન અને છેવટના પ્લોટના પ્લાનમાં આ સાથે જોડેલા પ્લાન નં. ૩ અને ૪માં દર્શાવ્યા મુજબ અંશત: ફેરફાર કરવો જોઈશે અને ફેર વહેંચણી પત્રકમાં આ સાથે જોડેલાં પત્રકમાં દર્શાવ્યા, મુજબ ફેરફાર કરવો જોઈશે.

(૯) પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી પત્રકમાં, પાના નં. ૭૬ ઉપર અનુક્રમાંક ૩૬/૪૬ના કોલમ નં. ૬માં ખુલ્લા પ્લોટ નં. ૩૬/ભાગના વિસ્તાર તરીકે દર્શાવિલ "૩૭૮૦"ને બદલે "૯૫૧૦" એ આંકડો મૂકવો.

INDEX

IX-8

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

નગર રચના યોજના નં. ૬ (રૈયા) રાજકોટ પ્રારંભિક યોજના

ફેરવહેંચણી પત્રક

અનુક્રમાંક	માલિકનું નામ	ભોગવટા હક	મહેસૂલી સરવે નં.	મૂળ પ્લોટ		છેવટનો પ્લોટ		વિશેષ નોંધ
				નંબર	ચોરસ મીટરમાં વિસ્તાર	નંબર	ચોરસ મીટરમાં વિસ્તાર	
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
નગરરચના અધિકારીએ સાદર કરેલી પ્રારંભિક યોજના મુજબ.								
૧. ૭/૩	૧. હસનઅલી ખાનભાઈ એન્ડ ઓન્સ	...	૧૪૨/૧/ભાગ ૭/ભાગ	...	—	૫૯	૩૮૨	મૂળ પ્લોટની માલિકી અને વિસ્તાર ૮. ક પ્રમાણે છે.
			પ્લોટ૧૦/ભાગ		૩૭૦			
			૧૧/ભાગ		૯			
			૧૩/ભાગ		૩			
					૩૮૨			
			અનુક્રમાંક ૭/૧થી		૨૦૧૦	પ્લોટ ૬૦	૧૮૮૨૯	
			૭/૩ ના પ્લોટ				૧૨૮૭	
			અનુક્રમાંક ૭/૧થી ૭/૩ના રસ્તા		૧૪૫૫	૬૧	૨૪૯	
			ખુલ્લી જમીન		૨૫૨	...	...	
			કુલ		૩૭૧૭		૩૪૬૫	

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૨.	૧૦/૬૫	૧. શ્રી માધવજી વશરામ માલવિયા	...	૧૪૫/ભાગ પ્લોટ ૬૬	૧૦/ભાગ	૪૯૭	૧૮૧	૪૯૧	૧. છેવટના પ્લોટની માલિકી અને વિસ્તાર ૮-ક પ્રમાણે છે.
		૨. શ્રી બટુક મગનભાઈ							૨. ઉપર જણાવેલ માલિકોને જે છેવટના પ્લોટ ફાળવેલ છે તેમાં, મૂળ પ્લોટમાં માલિકોના જે હકો અને હિસ્સા છે તે પ્રમાણે તેમના હકો અને હિસ્સા રહેશે.
૩.	૬૭	સમુચિત સત્તામંડળ (રૂડા)	...	...	...	...	૧૩૬	૨૫૭૬	બગીચા
૪.			...	...	...	...	...	...	.....
ફેરફાર પ્રમાણે:–			...	...	...	...	...	...	...
૧.	૭/૩	૧. હસનઅલી ખાનભાઈ	૧૪૨	૧૪૨/ભાગ પ્લોટ ૧૦/ભાગ ૧૧/ભાગ ૧૩/ભાગ	૭/ભાગ	... ૩૭૦ ૯ ૩	૫૯	૩૮૨	૧. મૂળ પ્લોટની માલિકી અને વિસ્તાર ૮–ક પ્રમાણે છે.
						૩૮૨			
		અનુક્રમાંક ૭/૧ થી ૭/૩ ના પ્લોટ				૨૦૧૦	પ્લોટ	૧૯૨૯	
		અનુક્રમાંક ૭/૧ થી ૭/૩ ના રસ્તા				૧૪૫૫	૬૦	૧૨૮૭	
					ખુલ્લી જગ્યા	૨૫૨	...	...	
					કુલ	૩૭૧૭		૩૨૧૬	

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯
૨.	૧૦/૬૫ ૧. શ્રી માધવજી વશરામ માલવિયા ૨. શ્રી બટુક મગનભાઈ	૧૪૫/ભાગ પ્લોટ નં ૬૬	૧૦/ભાગ	૪૯૭	૧૮૧	૪૯૭	૧. છેવટના પ્લોટની માલિકી અને વિસ્તાર ૮-ક પ્રમાણે છે. ૨. ઉપર જણાવેલા જે છેવટનો પ્લાટ ફાળવેલો છે તેમાં, ખુલ્લા પ્લોટમાં માલિકોના જે હકો અને હિસ્સા છે તે પ્રમાણે તેમના હકો અને હિસ્સા રહેશે
	૩.૬૦ સમુચિત સત્તામંડળ (રુડા)	...	...	...	...	૧૩૬	૨૦૭૯	ખુલ્લી જગા
	૪.૬૦ સમુચિત સત્તામંડળ (રુડા)	...	...	...	...	૬૧	૨૪૯	ખુલ્લી જગા, છેવટના પ્લોટોને મૂળ પ્લોટ નં. ૫૧ માંથી પ્રવેશ માર્ગના હકો રહેશે.
	૫.૬૦ સમુચિત સત્તામંડળ (રુડા)	...	...	...	..	૧૩૬/૧	૪૯૧	ખુલ્લી જગા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૫મી ઓગસ્ટ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૬ ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૧૧૮/૯૫/ટીટીસી/૧૯૮૯—૩૪૮૮/વી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, HOME DEPARTMENT, NO.GG/24/TTC/1087/141/V. DATED THE 26TH MARCH 1987.

ગૃહ વિભાગનું તારીખ ૨૬મી માર્ચ, ૧૯૮૭નું સરકારી જાહેરનામું ક્રમાંક :

જીજી/૨૪/ટીટીસી/૧૦૮૭/૧૪૧/વી સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧લી જુલાઈ, ૧૯૯૬.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક : જીજી/૧૧૮/૯૫/ટીટીસી/૧૯૮૯/૩૪૮૮/વી.—ગુજરાત રાજ્યને લાગુ પડતા હોય તેટલા પૂરતા **ફોજદારી કાર્યરીતિ અધિનિયમ,** ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા) ની કલમ-૨ ના ખંડ (ફ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત **સરકાર, આથી,** ગૃહ વિભાગનું તા. ૨૬ મી માર્ચ, ૧૯૮૭ નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીજી/૨૪/ટીટીસી/૧૦૮૭/૧૪૧/વી નીચે પ્રમાણે સુધારે છે.—

સદરહુ જાહેરનામામાં, અનુસૂચિમાં, કોલમ ૧માં, "૯-નખત્રાણા પોલીસ સ્ટેશન" એ શીર્ષક હેઠળ કોલમ-૨ માં,—

(ક) "(૨) માંડવી આઉટ પોસ્ટ" એ પેટા-શીર્ષક હેઠળ, કોલમ ૩માં, "૨૫, વડવા કાંયા" એ નોંધ કમી કરવી;

(ખ) "(૬) માંગવાણા આઉટ પોસ્ટ," એ પેટા-શીર્ષક હેઠળ, કોલમ "૩"માં, નોંધ ૬ પછી, નીચેની નોંધ દાખલ કરવી.

૧.	૨.	૩.
		૭. વડવા કાંયા."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સી. બી. ત્રિવેદી,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ઓગષ્ટ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૫મી જુન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૦૫/ટીપીએસ/૨૦૯૦/૧૭૨૩/(૯૩)/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જુન, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૦૫/ટીપીએસ/૨૦૯૦/૧૭૨૩/(૯૩)/એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૪૧ હેઠળ, જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળે નગરરચના યોજના, જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ નં. ૪ (જામનગર-ધુંવાવ) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ-૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળે (જેને આમાં હવે પછી, "સદરહુ સત્તામંડળ" કહ્યું છે તેણે) નગરરચના યોજના, જાડા નં. ૪માં સમાવિષ્ટ વિસ્તારના સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી, "સદરહુ યોજના" કહી છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિદ્ધ કર્યો હતો;

અને પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ સત્તામંડળે, સદરહુ અધિનિયમની કલમ-૪૮ હેઠળ તેમાં જોગવાઈ કરેલી રીતે, મંજૂરી માટે રાજ્ય સરકારને સદરહુ યોજના રજૂ કરેલી;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ-૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને આધીન રહીને, સદરહુ યોજના મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે સદરહુ યોજના જામનગર વિસ્તાર વિકાસ સત્તામંડળની કચેરીમાં, તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

(૧) જાડાની મંજૂર કરેલ વિકાસ યોજના પ્રમાણે "જાડા માટે ગૃહનિર્માણ" માટે અનામત હેઠળ જે મૂળ પ્લોટ નં. ૨૪/૨, ૨૫/૨, ૨૬, ૨૭/૨, ૨૮, ૨૯, ૩૦/૨, ૩૧/પૈકી, ૩૨ પૈકી અને ૩૩/પૈકીના કિસ્સામાં, નગરરચના અધિકારીએ યોજના વિસ્તારમાં સરેરાશ કપાતની સરખામણીમાં કપાત કરીને યોગ્ય છેવટના પ્લોટોની ફાળવણીનો નિર્ણય કરવો જોઈશે. જાડાની મંજૂર કરેલ વિકાસ યોજના પ્રમાણે નગરરચના અધિકારીએ આ મૂળ પ્લોટોના અનામત સંબંધી તેની સામે નોંધ પણ કરવી જોઈશે.

(૨) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, એ જોવું જોઈશે કે, મૂળ પ્લોટ નં. ૨૧, ૨૪/૧, ૨૫/૧, ૨૭/૧ અને ૩૦/૧ માંની કપાતની ટકાવારી યોજના વિસ્તારની કપાતની સરેરાશ ટકાવારીની સરખામણીમાં સરખી રહે.

(૩) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, શહેરી જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ ફાજલ પ્લોટો તરીકે જાહેર કરાયેલ જમીનના મૂળ પ્લોટોને બદલે, અલગ યોગ્ય છેવટના પ્લોટોની ફાળવણી કરવા નિર્ણય લેવો જોઈશે, આમ કરતી વખતે, તેણે યોજનાના ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં યોગ્ય ફેરફાર કરવા જોઈશે.

(૪) યોજનાના મુસદ્દામાં, સમુચિત સત્તામંડળને, "વિસ્તાર વિકાસ સત્તામંડળના ગૃહનિર્માણ માટે અનામત " ના હેતુ માટે છેવટના પ્લોટ નં. ૨૮ની ફાળવણી રદ કરી છે એમ ગણાશે.

(૫) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, છેવટના પ્લોટ નં. ૩૧ અને ૩૫, "સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગ માટે ગૃહનિર્માણ" એ શબ્દોને બદલે, અનુક્રમે "બગીચા અને રમતના મેદાન" અને "જાહેર હેતુ"ના હેતુ માટે સમુચિત સત્તામંડળને ફાળવવાનો નિર્ણય કરવો જોઈશે.

(૬) વાણિજ્યિક હેતુ માટે સમુચિત સત્તામંડળને ફાળવેલા છેવટના પ્લોટ નં. ૩૨, ૩૩ અને ૪૦, સમુચિત સત્તામંડળને શોપીંગ સેન્ટર માટે ફાળવેલા છેવટના પ્લોટ નં. ૨૯ અને ૪૪ અને સમુચિત સત્તામંડળને દુકાનો માટે ફાળવેલ છેવટના પ્લોટ નં. ૪૪ માટે નગરરચના અધિકારીએ આ છેવટના પ્લોટોનો "વાણિજ્યિક માટે વેચાણપાત્ર" તરીકે ઉપયોગ નક્કી કરવો જોઈશે.

INDEX

(૭) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળને "સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગ માટે ગૃહનિર્માણ" માટે ફાળવેલ પ્લોટો યોજના વિસ્તારના માલિકોને અથવા રહેવાસીને ૧૦ ટકા લાભદાયી અને જાહેર જનતાને ૯૦ ટકા લાભદાયી છે તે ફરી નક્કી કરવું જોઈશે.

(૮) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળને જુદા જુદા જાહેર હેતુઓ માટે ફાળવેલ છેવટના પ્લોટ નં. ૨૯, ૩૦, ૩૨, ૩૩, ૩૭, ૩૮, ૪૦, ૪૩, ૪૪ અને ૪૫, યોજના વિસ્તાર પરના રહેઠાણ અથવા માલિકોને સ્થળ, વિસ્તાર અને પ્લોટોના ઉપયોગની વિચારણા કર્યા પછી, પૂર્ણત: અથવા અંશત: લાભદાયી છે તે, ફરી નક્કી કરવું જોઈશે.

(૯) ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, યોજનામાં જાહેર હેતુ માટે ફાળવેલ છેવટના પ્લોટોની માલિકી, "જાડા"ને બદલે "સમુચિત સત્તામંડળ, જાડા"ની રહેશે.

(૧૦) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, યોજનાની હદની અંદરની અને બહારની જમીનોના સુસંગત વેચાણની/વિચારણા કરીને યોજના વિસ્તારના મૂળ પ્લોટોની કિંમતનો ફરી નિર્ણય કરવો જોઈશે અને ફેરફાર અનુસાર નમૂના 'છ' અને 'જ'માં ફેરફાર કરવો જોઈશે.

(૧૧) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, છેવટના પ્લોટને ઉપલબ્ધ રસ્તા અને જાહેર હેતુ જેવી સુવિધાઓની વિચારણા કરીને છેવટના પ્લોટના ઈજાફા મૂલ્યની પુનઃવિચારણા કરવી જોઈશે.

(૧૨) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સૂચિત વિકાસ કામો પૂરા કરવા માટેની સમય મર્યાદાની વિચારણા કરીને વિકાસ ખર્ચની પુનઃ વિચારણા કરવી જોઈશે.

(૧૩) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારી, કલમ ૭૭(૧) જ હેઠળ પ્રાપ્ય કોઈપણ ખર્ચ એકઠો કરશે અને તેની વિચારણા કરશે.

(૧૪) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચારવિનિમય કરીને, વિકાસ કામો પૂરા કરવા માટેની સમય મર્યાદા, પ્રારંભિક યોજના અમલમાં આવે તે તારીખથી પાંચ વર્ષની નક્કી કરવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ઓગસ્ટ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૩મી જુલાઈ, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૨૭/ટીપીએસ-૧૫૯૫-૧૬૪૬-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૨૭/ટીપીએસ-૧૫૯૫-૧૬૪૬-એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૮૧/ટીપીએસ-૧૫૮૫-૬૪૦-(૮૭)-એલ હેઠળ, ગુજરાત સરકારે,

INDEX

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિ-નિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, વિરમગામ નગરપાલિકાને (વિરમગામ વિસ્તાર વિકાસ સત્તામંડળ) તેને સાદર કરેલ નગરરચના યોજના વિરમગામ ક્રમાંક ૧નો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ યોજનાનામુસદ્દા "તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો.

અને, સદરહુ અધિનિયમની કલમ-૫૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે, નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી.

અને, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી ઓગસ્ટ, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૪નો ૩૫૫/ટીપીએસ-૧૫૦૩-૨૩૦૭-(૯૪)-એલ હેઠળ ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, નગરરચના યોજના વિરમગામ નં. ૧ પ્રારંભિક મંજૂર કરી છે.

અને, નગરરચના અધિકારીએ, સદરહુ અધિનિયમની કલમ-૫૨ની પેટા-કલમ (૨) અને કલમ ૬૨ની પેટા-કલમ (૨) હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના, વિરમગામ નં. ૧ (છેવટની યોજના) (જેનો આમાં હવે પછી, "સદરહુ છેવટની યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) "સદરહુ છેવટની યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે, "સદરહુ છેવટની યોજના" રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન વિરમગામ નગરપાલિકા (વિરમગામ વિસ્તાર વિકાસ સત્તામંડળ)ની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે;

(ગ) સદરહુ કલમ-૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે ૧૯૯૬ના ઓગસ્ટ મહિનાની ૨૬મી તારીખ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૬મી ઓગસ્ટ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૧૩૪/ડીવીળી/૨૭૯૬-૬૮૫-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૩૪/ડીવીળી/૨૭૯૬/૬૮૫/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે, તા. ૨૬--૮--૧૯૮૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-પી-૧૯૮૧ના ૯૮-ડીવીળી-૨૩૭/૧૮૯૬/૮૧/એચ હેઠળ મંજુર કરેલી કડી વિસ્તાર વિકાસ સત્તામંડળની વિકાસ વિસ્તાર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

INDEX

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા કલમ (૧)થી મળેલી સત્તાનો રુએ, ગુજરાત સરકાર, આથી,—

૧. આ સાથે જોડેની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામુ રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૨૬--૮--૧૯૮૧ના જાહેરનામા ક્રમાંક : જીએચ'પી-૧૯૮૧ ના ૯૮-ડીવીપી-૨૩૭૮-૧૮૯૬-૮૧-એલ.થી સરકારે મંજૂર કરેલી કડીની સુધારેલી વિકાસ યોજનામાંના સૂચિત ફેરફાર.

(ક) આ સાથે જોડેલા પ્લાન પરના " AB CD " તરીકે નિશાની કરેલા અને દર્શાવેલા કડીની મંજૂર કરેલી વિકાસ યોજનામાં મહેસૂલી સરવે નંબર ૮૮૬માંથી પસાર થતો સૂચિત ૧૮.૦૦ મીટર પહોળો રસ્તો કમી કરવો અને આ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (ક) હેઠળ ઔદ્યોગિક ઝોન" તરીકે મુકરર કરવી.

(ખ) કડીના મહેસૂલી સરવે નંબર ૮૮૬માંથી પસાર થતો વિધમાન ૧૮.૦૦ મીટર પહોળો રસ્તો કડીની મંજૂર કરેલી વિકાસ યોજના ના સૂચિત જમીન ઉપયોગ, આ સાથે જોડેલા પ્લાન પર " A'B અને C'D " તરીકે નિશાની કરીને દર્શાવવો.

(ગ) મહેસૂલી સરવે નંબર ૧૫૫૧ અને ૮૮૬માંથી પસાર થતો સૂચિત ૧૨.૦૦ મીટર પહોળો રસ્તો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ધ) હેઠળ, સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, વિધમાન ૧૮.૦૦ મીટર પહોળા રસ્તા સુધી વધારવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૩૩/ટીપીએસ/૧૧૯૫-૧૩૦૮-એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ,

Corrigendum

Re

GOVERNMENT NOTIFICATION URBAN DEVELOPMENT AND URBAN HOUSING DEPARTMENT NO. GH/V/121 OF 1996/TPS-1195-1308-L DATED 5TH JULY. 1996.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૬નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૨૧/ટીપીએસ/૧૧૯૫/૧૩૦૮/એલ સંબંધી શુધ્ધિપત્ર.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૩૩/ટીપીએસ/૧૧૯૫-૧૩૦૮-એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૫મી જુલાઈ, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૨૧/ટીપીએસ-૧૧૯૫-૧૩૦૮-અલમાં જોડેલા

INDEX

ફેરવહેંચણી પત્રકમાં, "ફેરફારો પ્રમાણે" એ શીર્ષક હેઠળ, કોલમ નં. ૬માં "૬૪૪૮" એ આંકડાને બદલે, "૧૧૫" એ આંકડો મૂકવો અને કોલમ નં. ૭માં "૬૪૪૮" એ આંકડો દાખલ કરવો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. ડી. પટેલ
સેકશન અધિકારી.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર તા. ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટ અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૧૩૦/ટીપીએસ-૧૨૯૫/૧૩૨૪/એલ, ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૧૩૦/ટીપીએસ/૧૨૯૫/૧૩૨૪/એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬, (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭)માં (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૪૧ હેઠળ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને નગરરચના યોજના નંબર ૨૪ (તાંદળજા) વડોદરા કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ-૪૨ની પેટા-કલમ (૧) હેઠળ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરાએ (જેનો આમાં હવે પછી, "સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશન" કહ્યું છે.) તે નગરરચના યોજના નંબર ૨૪ (તાંદળજા) વડોદરામાં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજનાને મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહું યોજનાનો મુસદ્દો" કહ્યો છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

અને, પોતાને મળેલ વાંધા વિચારણામાં લીધા પછી, સદરહું મ્યુનિસિપલ કોર્પોરેશને સદરહુ અધિનિયમની કલમ-૪૮માં જોગવાઈ કરેલી રીતે, તે હેઠળ મંજૂરી માટે; રાજ્ય સરકારને સદરહુ યોજનાનો મુસદ્દો રજૂ કરેલો;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ-૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને આધીન રહીને સદરહુ યોજનાનો મુસદ્દો મંજૂર કરે છે; અને

(ખ) જણાવે છે કે, સદરહુ યોજનાનો મુસ ો વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરાની કચેરીમાં, તમામ કામકાજના દિવસોએ, કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લો રહેશે.

અનુસૂચિ

(૧) યોજનાના મુસ ાને આખરી સ્વરૂપ આપતી વખતે, શક્ય હોય ત્યાં સુધી, નગરરચના અધિકારી યોજનાના વિસ્તારમાં સ રેરાશ કપાતની સરખામણીમાં મૂળ પ્લોટમાંથી યોગ્ય કપાત કરીને મૂળ પ્લોટની અંદર યોગ્ય છેવટના પ્લોટ ફાળવવાનો નિર્ણય કરવો જોઈશે.

INDEX

(૨) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નોંધમાં નગરરચના અધિકારીએ, યોજનાના વિસ્તાર શહેરી જમીન ટોચમર્યાદા, અધિનિયમ, ૧૯૭૬ને પાત્ર રહેશે અને શહેરી જમીન ટોચ મર્યાદા અધિનિયમ ૧૯૭૬ હેઠળના નિર્ણયો યોજનાના વિસ્તારને બંધનકર્તા રહેશે તેને તેના સંબંધી નોંધ સમાવિષ્ટ કરવી જોઈશે.

(૩) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે નગરરચના અધિકારીએ, શહેરી જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ ફાજલ તરીકે જાહેર કરેલ જમીનના મુળ પ્લોટોને બદલે, અલગ યોગ્ય છેવટના પ્લોટો ફાળવવાનો નિર્ણય લેવો જોઈશે. તેમ કરતી વખતે તેમણે યોજનાના ફેર વહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં યોગ્ય ફેરફારો કરવા જોઈશે.

(૪) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને "જાહેર હેતુ" માટે સમુચિત સત્તામંડળને ફાળવેલા છેવટના પ્લોટ નં. ૪૪, ૪૫ અને ૪૯ માટે વિશિષ્ટ હેતુ નક્કી કરવો જોઈશે.

(૫) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, ફરીથી એ નક્કી કરવું જોઈશે કે સમુચિત સત્તામંડળને "વાણિજ્યિક માટે વેચાણ અને રહેણાંક માટે વેચાણ" અંગે ફાળવેલા પ્લાટો યોજનાના વિસ્તારની અંદરના માલિકો એથવા રહેઠાણને ૧૦ ટકા લાભદાયી રહે અને યોજનાના વિસ્તારના બહારના રહેઠાણને ૯૦ ટકા લાભદાયી રહે.

(૬) યોજનાના મુસદ્દામાં "રમતના મેદાન" માટે ફાળવેલ છેવરના પ્લોટ નં. ૫૩, ૨૬૦ ચો. મી. વિસ્તાર છે જે સદરહુ હેતુ માટે આપૂરતો વિસ્તાર છે, જેથી, યોજનાના મુસદ્દાને આખરી સ્વરેપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર-વિનિમય કરીને, છેવટના પ્લોટ નં. ૫૩ના વિસ્તાર અને સ્થળ અનુસાર વિશિષ્ટ જાહેર હેતુ નક્કી કરવો જોઈશે અને લાભદાયીની ટકાવારી પણ નક્કી કરવી જોઈશે.

(૭) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ પાસે વિચાર વિનિમય કરીને યોજનાના વિસ્તારના ૫ ટકા સુધીનો વિસ્તાર સામાજિક અને આર્થિક રીતે પછાતવર્ગના લોકો માટે ગૃહનિર્માણ અંગે ફાળવણી માટે જોગવાઈ વધારવાનો નિર્ણય લેવો જોઈશે. નગરરચના અધિકારીએ યોજના વિસ્તારમાંના અન્ય જાહેર હેતુઓ માટે ફાળવેલા છેવટના પ્લોટોના વિસ્તારમાં યોગ્ય ફેરફાર કરીને અને યોજના વિસ્તારમાં સરેરાશ કપાતની ટકાવારીમાં વધારો કર્યા સિવાય તેમ કરવું જોઈશે.

(૮) યોજનાના મુસદ્દામાં, અનુક્રમે "નબળા વર્ગ માટે ગૃહનિર્માણ" અને "આર્થિક રીતે નબળા વર્ગ" તરીકે દર્શાવેલ છેવટના પ્લોટ નં. ૫૧ અને ૫૫ના હેતુને બદલે, "સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગ" માટે ગૃહનિર્માણ" એ હેતુ મૂકવો જોઈશે.

(૯) યોજનાના મુસદ્દાના દસ્તાવેજોમા, "સમુચિત સત્તામંડળ માટે અનામત પ્લોટ" એ શીર્ષકમાં, પાના નં. ૬૩ ઉપર, નમૂના 'છ' મા 'અનામત' એ શબ્દને બદલે, 'ફાળવેલા' એ શબ્દ મૂકવો જોઈશે.

(૧૦) યોજનાના મુસદ્દામાં,ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, પાના નં. ૬૩ ઉપર કોલમ-૨માં સમુચિત સત્તામંડળને ફાળવેલા છેવટના પ્લોટોની જે માલિકી દર્શાવવામાં આવી નથી તે "સમુચિત સત્તામંડળ, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા" તરીકે દર્શાવવી જોઈશે.

(૧૧) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, યોજના વિસ્તારમાંના તમામ વેચાણના દાખલા એકત્ર કરવા જોઈશે અને પછી અધિનિયમ અનુસાર પ્લોટોનું મૂલ્યાંકન નક્કી કરવું જોઈશે. વળી, મૂલ્યાંકન અનુસાર નગરરચના અધિકારીએ સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને નમૂના 'છ' અને નમૂના 'જ' માં ફેરફાર કરવો જોઈશે.

(૧૨) યોજનામાં કરવા ધારેલા વિકાસના કામો જે તારીખે પ્રારંભિક યોજના અમલમાં આવે તે તારીખથી પાંચ વર્ષની અંદર પૂરાં કરવા જોઈશે. યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, ઉપરની હકીકતોની વિચારણા કરીને, કરવા ધારેલા વિકાસના કામો માટે દસથી બાર વર્ષ માટે વિકાસ ખર્ચની ફેરવિચારણા કરવી જોઈશે.

(૧૩) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, વિકાસ કામો પૂરા કરવાની સમય મર્યાદા જે તારીખે પ્રારંભિક યોજના અમલમાં આવે તે તારીખથી પાંચ વર્ષની નક્કી કરવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા.
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિ.અને સંયુકત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ./વી.૧૯૯૬નો/૯૬-ડીવીપી-૨૮૯૪-૨૭-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૨૧મી જૂન, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૯૬/ડીવીપી-૨૮૯૪-૨૭-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦નો ૨/ડીવીપી-૨૮૮૬-૩૯૨૭ (૮૯)-એલ હેઠળ મંજૂર કરેલ સુરેન્દ્રનગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦નો ૨/ડીવીપી-૨૮૮૬-૩૯૨૭-(૮૯)-એલ થી મંજૂર કરેલી સુરેન્દ્રનગરની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો સુચિત ફેરફાર.

આ સાથે જોડેલા પ્લાન પર દર્શાવ્યા પ્રમાણે, રતનપુર ગામની મહેસૂલી સરવે નંબર ૭ અને ૮માંથી પસાર થતો ૧૫.૦૦ મીટર પહોળા સુચિત રસ્તો, ૧૨.૦૦ મીટર પહોળાઈ સુધી ઘટાડવા અને મહેસૂની સરવે નંબર ૮માંથી ઉપર્યુકત રસ્તામાંથી એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની અનુકમે કલમ ૧૨ (૨) (ધ) અને ૧૨ (૨) (ક) હેઠળ "વાણિજ્યિક ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૧૬મી ઓગસ્ટ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૩૧/ડીવીપી/૧૯૯૨/૪૦૧૩-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોના જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૩૦મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૧૩૧/ડીવીપી-૧૯૯૨-૪૦૧૩-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૯ના ૧૫૬/ડીવીપી-૧૯૮૭-૨૭૦૦-(૮૯)-એલ હેઠળ મંજુર કરેલી ઉના નગર (જિ. જુનાગઢ) માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો સૂચિત ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૮મી ઓક્ટોબર, ૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક :- જીએચ/વી/૧૯૯૪ના ૪૬૯/ડીવીપી-૧૯૯૨/૪૦૧૩/એલ, હેઠળ તારીખ ૨૮મી ઓક્ટોબર, ૧૯૯૪ના ગુજરાત રાજપત્ર ભાગ ૪-બીના પાના નંબર ૨૧૩-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ વ્યક્તિને સૂચનો અથવા વાંધા હોય તો તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

અને ગુજરાત સરકારે મળેલા વાંધા અને સૂચનો વિચારણામાં લીધા છે;

અને ગુજરાત સરકારે સમુચિત સત્તામંડળ/વિસ્તાર વિકાસ સત્તામંડળ (ઉના નગરપાલિકા) સાથે વિચાર વિનિમય કરેલ છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે, એ રીતે કરવાનો ફેરફાર તારીખ ૩૦મી ઓગસ્ટ, ૧૯૯૬થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૯ના ૧૫૬/ડીવીપી-૧૯૮૯-૨૭૦૦-(૮૯)-એલ થી મંજૂર કરેલ ઉના નગર (જિ. જુનાગઢ)ની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

INDEX

ઉનાની મંજુર કરેલી વિકાસ યોજનામાં "કૃષિ વિષયક ઝોન" તરીકે મુકરર કરેલી ઉનાની મહેસૂલી સર્વે નંબર ૧૪૦/ભાગ, ૧૪૧, ૧૪૨ ૧૪૩/ભાગ, ૧૪૪ અને ૧૪૫/ભાગ (વિસ્તાર એચ. આર. ચો.મી. ૩૧--૭૪--૧૭)વાળી જમીનો, સદરહુ મુકરર કરેલી જમીનોમાંથી કમા કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ડ) હેઠળ "જી.આઈ.ડી.સી. ની ઔદ્યોગિક વસાહતો" અનામત રાખવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા
ગુજરાત સરકારનાખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી જુલાઈ, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક . જીએચ/વી/૧૯૯૬ના ૧૨૯/ડીવીપી-૩૦૯૫-૨૯૯૪/એલ ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૨૬મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૧૨૯/ડીવીપી-૩૦૯૫/૨૯૯૪/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૫મી મે, ૧૯૮૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૮૧ના ૭૧/ડીવીપી/૨૯૭૭/૧૫૨૩(૮૧)-એલ, હેઠળ મંજુર કરેલી દાહોદ (જીલ્લો-પંચમહાલ) નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સંન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૫મી મે, ૧૯૮૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૮૧ના ૭૧-ડીવીપી/૨૯૭૭/૧૫૨૩-(૮૧)-એલ થી મંજૂર કરેલી દાહોદ (જિલ્લો પંચમહાલ)ની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

INDEX

દાહોદની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરેલ, આ સાથે જોડેલા પ્લાન ઉપર A B C D E F A તરીકે નિશાની કરીને દર્શાવેલ મહેસૂલી સરવે નંબર ૨૨૧/૨/ભાગ (૨૯૬૪૨-૧૧ ચો. મી.)વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી. અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (ક) (૨) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ઓગષ્ટ, ૧૯૯૬.

ગુજરાતગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨જી ઓગષ્ટ, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૬/૧૩૫/એમવી આર-૧૫૮૪-૭૧૩-ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, PORTS, TRANSPORTS AND FISHERIES DEPARTMENT, NO. G/B/89/119/MVR/1589/2424/(11)-J DATED THE 28TH JUNE, 1989.

બંદર, વાહનવ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગના તારીખ ૨૮મી જૂન, ૧૯૮૯નું સરકારી જાહેરનામું ક્રમાંક જી/બી/૮૯/૧૧૯/એમવીઆર-૧૫૮૯/૨૪૨૪(૧૧)-જે સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ઓગષ્ટ, ૧૯૯૬.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક જી/જી/૯૬/૧૩૫/એમવીઆર-૧૫૮૪-૭૧૩-ખ.—ભારત સરકારના ભૂમિ પરિવહન (પરિવહન પાંખ) મંત્રાલયના તારીખ ૧૨મી જૂન, ૧૯૮૯ના જાહેરનામા ક્રમાંક. ૪૪૪(ઈ) સાથે વાંચતા, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ—૪૧ની પેટા-કલમ (૬) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, બંદર, વાહનવ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગનું તારીખ ૨૮ મી જૂન, ૧૯૮૯નું સરકારી જાહેરનામું ક્રમાંક. જી/બી/૮૯/૧૧૯/એમવીઆર-૧૫૮૯/૨૪૨૪(૧૧)-જે નીચે પ્રમાણે સુધારે છે—

સદરહુ જાહેરનામાને જોડેલ કોષ્ટકમાં, નીચેની નોંધ ઉમેરવી—

" બારડોલી	૧૯
દાહોદ	૨૦

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી ઓગષ્ટ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૫મી ઓગષ્ટ ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનાં સરકારી હુકમ ક્રમાંક : કેવી-૧૩૫-૯૬-એનપીએલ-૪૫૯૧-૯૫૧-એમ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Order

Under

THE GUJARAT MUNICIPALITIES ACT, 1963.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ હુકમ

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ઓગષ્ટ, ૧૯૯૬.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : કેવી-૧૩૫-૯૬-એનપીએલ-૪૫૯૧-૯૫૧-એમ.—ભારતના સંવિધાનની કલમ—૨૪૩(ન)ના ખંડ (૨) હેઠળ બહાર પાડેલ શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૯મી જુલાઈ, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૧૯૯૬નાં ૧૨૫-એનપીએલ-૪૫૯૧-૯૫૧-એમ (જેનો આમાં હવે પછી, "સદરહુ જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) હેઠળ સદરહુ જાહેરનામાની અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ વિસ્તાર (જેનો આમાં હવે પછી, "સદરહુ વિસ્તાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ને સન ૧૯૯૬ના જુલાઈ મહિનાની ૧૯મી તારીખ (જેનો આમાં હવે પછી, "સદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે) ત્યારથી અમલમાં આવે તેમ, પાદરા નગરપાલિકાના વિસ્તારો અને હદો તરીકે જાહેર કરવામાં આવ્યો છે;

તેથી, હવે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના અધિનિયમ ક્રમાંક ૩૪)ની કલમ—૨૬૬ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેનો હુકમ કરે છે:—

પાદરા નગરપાલિકાએ અથવા તેના સંબંધમાં, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) હેઠળ કરેલ, કાઢેલ, નાંખેલ અથવા આપેલ અને સદરહુ તારીખની તરત પહેલાં તેનો વિસ્તારમાં અમલમાં હોય તેવી તમામ નિમણૂકો, જાહેરનામાં, નોટિસો,, વેરા, હુકમો, યોજનાઓ, લાઈસન્સો, પરવાનગીઓ, નિયમો-ઉપ-નિયમો અથવા નમૂનાઓ સદરહુ તારીખની તરત પહેલાં, સદરહુ વિસ્તારમાં અમલમાં હોય તેવી તત્સમાન નિમણૂકો, જાહેરનામા,. નોટિસો, વેરા, હુકમો, યોજનાઓ, લાઈસન્સો, પરવાનગીઓ, નિયમો, ઉપ-નિયમો અથવા નમૂનાઓ રદ કરીને, સદરહુ વિસ્તારમાં લાગુ પડશે અને તેનો આરંભ થશે સિવાય કે એવી રીતે લાગુ પાડેલ અથવા અમલમાં લાવેલ તે બાબત ફરીવાર સદરહુ અધિનિયમ હેઠળ રદ કરી હોય અથવા તેમાં ફેરફાર કર્યો હોય.

ક્રમાંક : જીએચ/એલ/૪૭/એફએલઆર/૧૦૯૫/૪૫૬/એમ : નિયમોનો અમુક મુસદ્દો, મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા) ની કલમ ૧૪૩ની પેટા-કલમ (૩) થી ઠરાવ્યા પ્રમાણે, સમાજ કલ્યાણ વિભાગના તારીખ ૨૪મી ઓગસ્ટ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ/૪૪/એફએલઆર/૧૦૯૫/૪૫૬/એમ હેઠળ, તારીખ ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર ભાગ-૪ બીના પાના નં. ૯૫ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી, વાંધા અને સૂચનો, સદરહુ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની મુદતમાં મંગાવ્યા હતા ;

અને સરકારને ઉપર્યુકત જાહેરનામા ના મુસદ્દા અંગે કોઈ વાંધા અથવા સૂચનો મળ્યા નથી;

તેથી, હવે, મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા) ની કલમ ૧૦૭ સાથે વાંચતા, તેની કલમ ૧૪૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ભ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી મુંબઈ ધર્મ સંસ્કાર માટેના વાઈન બનાવવા બાબતના નિયમો, ૧૯૫૦ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, મુંબઈ ધર્મ-સંસ્કાર માટેના વાઈન બનાવવા બાબતના (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૬ કહેવાશે.

૨. મુંબઈ ધર્મ-સંસ્કાર માટેના વાઈન બનાવવા બાબતના નિયમો, ૧૯૫૦ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં, નિયમ-૪માં "રૂા. ૨૫/-" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૪૦/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧૮માં, પેટા-નિયમ (૧)માં, "રૂા. ૧૦/-" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૫/-" એ અક્ષરો અને આંકડા મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી નવેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ/૪૩/એમએફએલ/૧૦૯૫/૪૭૫/એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતિ એમ. એસ. કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE BOMBAY MHOWRA FLOWERS RULES, 1969

મુંબઈ મહુડા ફૂલો નિયમો, ૧૯૫૯ સુધારવા સંબંધી જાહેરનામું

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી નવેમ્બર, ૧૯૯૬.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૪૩/એમએફએલ/૧૦૯૫/૪૭૫/એમ.-- નિયમોનો અમુક મુસદ્દો, મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા) ની કલમ ૧૪૩ની પેટા-કલમ (૩) થી ઠરાવ્યા પ્રમાણે, સમાજકલ્યાણ વિભાગના તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ/ ૨૫/એમએફએલ/૧૦૯૫/૪૭૫/એમ હેઠળ, તારીખ ૨૪મી ઓગષ્ટ ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર ભાગ--૪ બીના પાના નં. ૮૭ થી ૮૯ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી, વાંધા અને સૂચનો, સદરહુ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની મુદતમાં મંગાવ્યા હતા.

અને સરકારને ઉપર્યુકત જાહેરનામાનાં મુસદ્દા અંગે કોઈ વ્યકિત તરફથી કોઈ વાંધા અથવા સૂચનો મળ્યા નથી ;

તેથી, હવે, મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા) ની કલમ ૧૦૭ સાથે વાંચતા, તેની કલમ ૧૪૩ની પેટા-કલમ (૨) ના ખંડ (ભ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ મહુડાં ફૂલો નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો, મુંબઈ મહુડાં ફૂલો (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૬ કહેવાશે.

૨. મુંબઈ મહુડાં ફૂલો નિયમો, ૧૯૫૯ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૫મા, પેટા--નિયમ (૨)માં,

(૧) ખંડ (ક) માં,

(૧) પેટા--ખંડ (ક)માં "લાઈસન્સ ફી તરીકે રૂા. ૫૦૦ અને રૂા. ૨૦૦૦ની રકમ" એ અક્ષરો, આંકડા અને ચિહ્નને બદલે 'લાઈસન્સ ફી તરીકે રૂા. ૭૫૦ અને રૂા. ૩૦૦૦ની રકમ ' એ અક્ષરો, આંકડા અને ચિહ્ન મૂકવા.

(૨) પેટા--ખંડ (ખ) માં 'રૂા. ૫' એ અક્ષરો અને આંકડાને બદલે, 'રૂા. ૧૦' એ અક્ષરો અને આંકડા મૂકવા;

(૩) પેટા--ખંડ (ગ) માં—

(ક) નોંધ (૧)માં, "રૂા. ૧૦" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૫" એ અક્ષરો અને આંકડા મૂકવા ;

(ખ) નોંધ (૨)માં, "રૂા. ૨૫" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૪૦" એ અક્ષરો અને આંકડા મૂકવા;

(૨) ખંડ (ઘ) માં,

INDEX

(૧) પેટા ખંડ (ક)માં, " રૂા. ૫૦૦ " એ અક્ષરો અને આંકડાને બદલે, " રૂા. ૭૫૦" એ અક્ષરો અને આંકડા મૂકવા;

(૨) પેટા--ખંડ (ખ) માં, "રૂા. ૫૦૦ વત્તા રૂા. ૨૦૦" એ અક્ષરો, આંકડા અને શબ્દને બદલે, "રૂા. ૭૫૦ વત્તા રૂા. ૩૦૦" એ અક્ષરો, આંકડા અને શબ્દ મૂકવા ;

(૩) પેટા--ખંડ (ગ)માં, "રૂા. ૩૫૦ " એ અક્ષરો અને આંકડાને બદલે, " રૂા. ૫૨૫" એ અક્ષરો અને આંકડા મૂકવા ;

(૪) પેટા--ખંડ (ઘ)માં, "રૂા. ૩૫૦ વત્તા રૂા. ૧૦૦" એ અક્ષરો, આંકડા અને શબ્દને બદલે, "રૂા. ૫૨૫ વત્તા રૂા. ૧૫૦" એ અક્ષરો, આંકડા અને શબ્દ મૂકવા;

(૫) પેટા--ખંડ (ચ)માં, "રૂા. ૫૦૦" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૭૫૦" એ અક્ષરો અને આંકડા મૂકવા;

(૬) પેટા--ખંડ (છ)માં, "રૂા. ૫૦૦ વત્તા રૂા. ૧૦૦" એ અક્ષરો, આંકડા અને શબ્દને બદલે, "રૂા. ૭૫૦ વત્તા રૂા. ૧૫૦" એ અક્ષરો, આંકડા અને શબ્દ મૂકવા ;

(૩) ખંડ (ગ) માં,--

(૧) પેટા--ખંડ (ક)માં, "રૂા. ૧૦૦" એ અક્ષરો અને આંકડાને બદલે, " રૂા. ૧૫૦" એ અક્ષરો અને આંકડા મૂકવા ;

(૨) પેટા-ખંડ (ખ) માં, "રૂા. ૫૦૦ " એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૭૫૦" એ અક્ષરો અને આંકડા મૂકવા;

(૩) પેટા--ખંડ (ગ)માં, "રૂા. ૫૦૦ વત્તા રૂા. ૧૦૦" એ અક્ષરો, આંકડા અને શબ્દને બદલે, "રૂા. ૭૫૦ વત્તા રૂા. ૧૫૦" એ અક્ષરો, આંકડા અને શબ્દ મૂકવા ;

(૪) પેટા--ખંડ (ઘ) માં, "રૂા. ૭૦૦" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૦૫૦" એ અક્ષરો અને આંકડા મૂકવા ;

(૫) પેટા-ખંડ (ચ)માં, "રૂા. ૭૦૦ વત્તા રૂા. ૧૦૦" એ અક્ષરો આંકડા અને શબ્દને બદલે, "રૂા. ૧૦૫૦ વત્તા રૂા. ૧૫૦" એ અક્ષરો, આંકડા અને શબ્દ મૂકવા ;

(૬) પેટા--ખંડ (છ)માં, "રૂા. ૧૦૦૦" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૫૦૦" એ અક્ષરો અને આંકડા મૂકવા;

(૭) પેટા--ખંડ (જ)માં, "રૂા. ૧૦૦૦ વત્તા રૂા. ૧૦૦" એ અક્ષરો, આંકડા અને શબ્દને બદલે, "રૂા. ૧૫૦૦ વત્તા રૂા. ૧૫૦" એ અક્ષરો, આંકડા અને શબ્દો મૂકવા ;

૪. ખંડ (ઘ)માં, "રૂપિયા દસ" એ શબ્દોને બદલે, "રૂપિયા પંદર" એ શબ્દો મૂકવા ;

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૧૦માં, પેટા નિયમ (૧) માં, "રૂપિયા દસ" એ શબ્દોને બદલે, "રૂપિયા પંદર" એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૧૩માં, પેટા-નિયમ (૧)માં, "રૂપિયો એક અને અન્ય કોઈપણ કિસ્સામાં, રૂપિયા દસ" એ શબ્દોને બદલે, "રૂપિયા બે અને અન્ય કોઈપણ કિસ્સામાં, રૂપિયા પંદર" એ શબ્દો મુકવા.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૧૫માં, પેટા-નિયમ (૧)માં, "રૂપિયા એક અને અન્ય કોઈપણ કિસ્સામાં, રૂપિયા દસ" એ શબ્દોને બદલે, "રૂપિયા બે અને અન્ય કોઈપણ કિસ્સામાં, રૂપિયા પંદર" એ શબ્દો મૂકવા.

૬. સદરહુ નિયમોમાં, નિયમ ૧૮માં, પેટા-નિયમ (૧)માં, "રૂપિયા પંદર" એ શબ્દોને બદલે, "રૂપિયા પચીસ" એ શબ્દો મૂકવા.

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૨૧માં, પેટા--નિયમ (૧)માં, "રૂપિયા પંદર" એ શબ્દોને બદલે, "રૂપિયા પચીસ" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૧મી નવેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૬ ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ/૪૪/ડીએનએસ/૧૦૯૫/૪૪૯/એમ નો ગુજરાતીઅનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડિયા,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE BOMBAY RECTIFIED SPIRIT RULES, 1951.

મુંબઇ શુદ્ધ સ્પિરિટ નિયમો, ૧૯૫૧ સુધારવા સંબંધી જાહેરનામુ.

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૫મી નવેમ્બર, ૧૯૯૬.

મુંબઇ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૪૪/ડીએનએસ/૧૦૯૫/૪૪૯/એમ.—નિયમોનો અમુક મુસદ્દો, મુંબઇ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા) ની કલમ ૧૪૩ ની પેટા–કલમ (૩) થી ઠરાવ્યા પ્રમાણે, સમાજ કલ્યાણ વિભાગના તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ/૨૮/ડીએનએસ/૧૦૯૫/૪૪૯/એમ, ઉેઠળ તારીખ ૫મી ઓકટોબર, ૧૯૯૫ ના ગુજરાત રાજપત્ર ભાગ–૪–બી ના પાના નં. ૧૨૭-૧૨૮ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી, વાંધા અને સુચનો, સદરહુ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની મુદતમાં મંગાવ્યા હતા.

અને સરકારને ઉપર્યુકત જાહેરનામાના મુસદ્દા અંગે કોઈ વાંધા અથવા સૂચનો મળ્યા નથી.

તેથી, હવે મુંબઇ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ ના મુંબઈનાં ૨૫મા)ની કલમ ૧૦૭ સાથે વાંચતા, તેની કલમ ૧૪૩ ની પેટા–કલમ (૧) અને પેટા–કલમ (૨) ના ખંડ (ભ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઇ શુદ્ધ સ્પિરિટ નિયમો, ૧૯૫૧ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો, મુંબઇ શુદ્ધ સ્પિરિટ (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૬ કહેવાશે.

૨. મુંબઇ શુદ્ધ સ્પિરિટ નિયમો, ૧૯૫૧ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૧૫માં, પેટા નિયમ (૨)માં,

(૧) ખંડ (ક) માં, " ૧૦" એ આંકડાને બદલે, "૧૫" એ આંકડા મૂકવા ;

(૨) ખંડ (ખ)માં

(૧) પેટા–ખંડ (૧)માં, "૧૦" એ આંકડાને બદલે, "૧૫" એ આંકડા મૂકવા ;

(૨) પેટા–ખંડ (૨)માં, "૧૦૦" એ આંકડાને બદલે, "૧૫૦" એ આંકડા મૂકવા ;

(૩) પેટા–ખંડ (૩)માં, "૨૦૦" એ આંકડાને બદલે, "૩૦૦" એ આંકડા મૂકવા ;

(૪) પેટા–ખંડ (૪)માં, "૩૫૦" એ આંકડાને બદલે, "૫૨૫" એ આકડા મૂકવા ;

INDEX

(૫) પેટા–ખંડ (૫)માં, "૬૦૦" એ આંકડાને બદલે, "૯૦૦" એ આંકડા મૂકવા "

(૬) પેટા–ખંડ (૬)માં, "૧૦૦૦" એ આંકડાને બદલે, "૧૫૦૦" એ આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૨૦માં, પેટા–નિયમ ૨માં, "રૂા. ૧૦" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા.૧૫/-"એ અક્ષરો અને આંકડા મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૨૩માં, પેટા નિયમ (૧)માં, "રૂા. ૧૦" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૫/- એ અક્ષરો અને આંકડા મૂકવા ;

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૨૬માં, "રૂા.. ૫૦/-"એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૭૫/-" એ અક્ષરો અને આંકડા મૂકવા;

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના વતી,

એચ. એસ. રાઠોડ,

સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી નવેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/એલ/૪૮/એફએલઆર/૧૦૯૫/૪૭૬/એમ નો, ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ કાથડિયા,
સરકારનાં નાયબ સચિવ.

Notification

re

AMENDMENT TO THE BOMBAY PROHIBITION (PRIVILEGES FEES) RULES, 1954

મુંબઈ નશાબંધી (વિશેષાધિકાર ફી) નિયમો, ૧૯૫૪ સુધારવા સંબંધી જાહેરનામું

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી નવેમ્બર, ૧૯૯૬.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૪૮/એફએલઆર/૧૦૯૫/૪૭૬/એમ.– નિયમોનો અમુક મુસદ્દો, મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા) ની કલમ ૧૪૩ની પેટા-કલમ (૩) થી ઠરાવ્યા પ્રમાણે, સમાજ કલ્યાણ વિભાગના તારીખ ૧૭મી ઓગષ્ટ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/એલ/૪૦/એફએલઆર/૧૦૯૫/૪૭૬/એમ. હેઠળ, તારીખ ૨૪મી ઓગષ્ટ, ૧૯૯૫ના ગુજરાત રાજ્યપત્ર ભાગ–૪ બીના પાના નં. ૯૧–૯૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી, વાંધા અને સૂચનો, જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની મુદતમાં મંગાવ્યા હતા.

અને સરકારને ઉપર્યુકત જાહેરનામાના મુસદ્દા અંગે કોઈ વાંધા અથવા સૂચનો મળ્યા નથી;

તેથી, હવે, મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૧૦૭ સાથે વાંચતા, તેની કલમ ૧૪૩ની પેટા-કલમ (૨) ના ખંડ (ભ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ નશાબંધી (વિશેષાધિકાર ફી) નિયમો, ૧૯૫૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે.—

૧. આ નિયમો મુંબઈ નશાબંધી (વિશેષાધિકાર ફી) (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૬ કહેવાશે.

INDEX

૨. મુંબઈ નશાબંધી (વિશેષાધિકાર ફી) નિયમો, ૧૯૭૪ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૩માં, "રૂા. ૧૦/-"એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૫/--" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૪માં,

(૧) "દસ ટકા" એ શબ્દોને બદલે, "પંદર ટકા" એ શબ્દો મૂકવા.

(૨) પરંતુકમાં "રૂા. ૧૦/-" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૫/--" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ ૬માં,

(૧) "પચાસ ટકા" એ શબ્દોને બદલે, "એકસો ટકા" એ શબ્દો મૂકવા;

(૨) પરંતુકમાં, "રૂા.૧૦/- " એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૫/--" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૫. સદરહુ નિયમોમાં, નિયમ ૭માં "રૂા. ૧૦/--" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૫/--"એ અક્ષરો અને આંકડા મૂકવા.

૬. સદરહુ નિયમોમાં નિયમ ૮માં "રૂા ૧૦/-" એ અક્ષરો અને આંકડાને બદલે, "રૂા. ૧૫/--" એ અક્ષરો અને આંકડા મૂકવા.

૭. સદરહુ નિયમોમાં, નિયમ ૯માં, "૫૦ પૈસા જતા કરવા અને ૫૦ પૈસા અથવા વધુને એક રૂપિયા તરીકે ગણવો"-એ આંકડા અને શબ્દોથી શરૂ થતા ભાગને બદલે "રૂપિયા એક" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
સરકારના ઉપસચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

REGISTERD NO. G/GNR/8

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, JANUARY 30, 1997/ MAGHA 10, 1918 No. 5

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તા. ૧-૧૨-૯૬ થી ૩૧-૧૨-૯૬. દરમિયાન પ્રસિદ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

ક્રમાંક	અસાધારણ રાજપત્રનો ક્રમાંક	જાહેરનામા નંબર અને તારીખ	પ્રસિદ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ—૯		
૧	૭૨	સન ૧૯૯૬નો ગુજરાત વટહુકમ ક્રમાંક ૧૭	૨-૧૨-૯૬	વે. અને સં. આ. વિ.
૨	૭૩	ભા.એ ૫૬૯/તા. ૨-૧૨-૯૬ (જીએચએન-૩૧) સીએસટી. ૧૦૯૬. એસ ૮-૫ (૧૦૧)ઠ	૪-૧૨-૯૬	,,
૩	૭૪	ભાએ. ૫૯૧/સન ૧૯૯૬નો ગુજ. વટહુકમ ક્રમાંક ૧૮	૧૩-૧૨-૯૬	,,
૪	૭૫	,, ૬૦૫/ ,, ,, ૧૯	૨૦-૧૨-૯૬	,,
૫	૭૬	,, ૬૦૯/ ,, ,, ૨૦	૨૪-૧૨-૯૬	,,
૬	૭૭	,, ૬૦૮/ ,, ,, ૨૧	,,	,,

જે. કે. દવે,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, FEBRUARY 6, 1997/MAGHA 17, 1918 [No. 6

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૫૫/ડીવીપી/૨૧૯૬/૭૧૨/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૫૫/ડીવીપી/૨૧૯૬/૭૧૩/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે તારીખ ૧૫–૧૧–૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૨૬૫/ડીવીપી/૨૧૯૦-૩૩૯૪-(૯૧)-એલ હેઠળ મંજુર કરેલ અંબાજી વિસ્તાર વિકાસ સત્તા-મંડળના વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી:—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજુ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૫–૧૧–૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૨૬૫/ડીવીપી/૨૧૯૦-૩૩૯૪-(૯૧)-એલ થી, સરકારે મંજૂર કરેલી અંબાજીની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

અંબાજીની મંજુર કરેલી વિકાસ યોજનામાં, 'A,B,C,D,A" અને "E,F,G,H—E," નિશાની કરેલ, આ સાથે જોડેલા પ્લાનમાં વિધમાન રસ્તા તરીકે મુકરર કરીને દર્શાવેલ જમીનો, સદરહુ મુકરર કરેલી જમીનોમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી ઓગસ્ટ, ૧૯૯૬ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૬નો ૫૧/વીબીએન-૩૦૯૪-૨૦૩૭-૯૮-ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નામબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ઓગસ્ટ, ૧૯૯૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૬ના ૫૧/વીબીએન-૩૦૯૪-૨૦૩૭-૯૮-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત રાપર અને જિલ્લા પંચાયત કચ્છ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી:—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ-૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે. અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ-૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ.નં	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	રાપર	લોદ્રાણી	૧ લોદ્રાણી (મહેસૂલી ગામ) ૨ શીરાની વાઢ (પેટાપરા) ૩. જોધરાઈ વાઢ (પેટાપરા)	૧ શીરાની વાઢ (પેટાપરા) ૨. જોધરાઈ વાઢ (પેટાપરા)	૧ લોદ્રાણી ૨. શીરાની વાઢ	૧ (૧) લોદ્રાણી (મહેસૂલી ગામ) ૨. (૧) શીરાની વાઢ (પેટાપરા) ૨. જોધરાઈ વાઢ (પેટાપરા)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી સપ્ટેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી ઓગષ્ટ, ૧૯૯૬ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચ-આર-૧૮૦-એસઆઈએ-૧૦૯૨-૧૨૦૪-એમ (૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE EMPLOYEES STATE INSURANCE ACT, 1948.

કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ઓગષ્ટ,, ૧૯૯૬.

ક્રમાંક : કેએચ-આર-૧૮૦-એસઆઈએ-૧૦૯૨-૧૨૦૪-એમ (૩).– કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૩૪મા) નીં કલમ ૯૧-ક સાથે વાંચતા તેની કલમ ૯૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, પેટલાદ નગરપાલિકા પેટલાદ, જિલ્લો-ખેડાની નગરપાલિકાની હદોની અંદર આવેલ કારખાના અને ઔદ્યોગિક સંસ્થાઓને ખાસ કિસ્સા તરીકે તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૫ થી જૂન, ૯૫ સુધીની છ માસની વધુ મુદત માટે સદરહુ અધિનિયમના અમલમાંથી મુકિત આપે છે.

૨. ઉપર્યુકત મુકિત નીચેની શરતોને અધીન રહેશે:–

(૧) ઉપર જણાવેલ કારખાના અને ઔદ્યોગિક સંસ્થા કે જેમાં કામદારોને કામે રાખેલ હોય તે કારખાના અને ઔદ્યોગિક સંસ્થાએ મુકિત આપેલ કામદારોના નામો અને હોદ્દા દર્શાવતું રજિસ્ટર રાખવું જોઈશે.

(૨) આ મુકિત આપવામાં આવી હોય તે છતાં, કામદારો આ જાહેરનામા દ્વારા જે તારીખથી અપાયેલ મુકિત અમલમાં આવે તે તારીખ પહેલાં ચૂકવેલા ફાળાના ધોર, સદરહુ અધિનિયમ હેઠળ જે લાભો મેળવવાને હકદાર બન્યા હોત તે લાભો તેઓને મળવાનું ચાલુ રહેશે.

(૩) મુકિત અપાયેલ મુદત માટેના ફાળા ચૂકવાઈ ગયા હોય, તો તે પાછા આપી શકાશે નહિ.

(૪) સદરહુ કારખાના અને ઔદ્યોગિક સંસ્થાના માલિકે જે મુદત દરમિયાન તે કારખાનું સદરહુ અધિનિયમના અમલને અધીન હતું તે મુદત (જેનો આમાં હવે પછી, "સદરહુ મુદત" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના સંબંધમાં, કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૬૦ હેઠળ તેણે ભરવાના બાકી હોય તે પત્રકો તે નમૂનામાં અને તે વિગતો સાથે સદરહુ મુદતના સંબંધમાં રજૂ કરવા જોઈએ.

સદરહુ અધિનિયમની કલમ ૪૫નીં પેટા-કલમ (૧) હેઠળ કોર્પોરેશને નીમેલા કોઈ ઈન્સપેકટરને અથવા આ અર્થે અધિકૃત કરેલા કોર્પોરેશનના અન્ય અધિકારીને–

(૧) કલમ ૪૪ની પેટા--કલમ (૧) હેઠળ સદરહુ મુદત માટે રજૂ કરેલ કોઈ પત્રકમાંની વિગતોની ખરાઈ કરવાના હેતુ માટે, અથવા

(૨) સદરહુ મુદત માટે કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ થી ઠરાવ્યા પ્રમાણે, રજિસ્ટરો અને રેકર્ડ રાખવામાં આવ્યા હતાં કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે ; અથવા

(૩) જે લાભોના બદલામાં આ જાહેરનામા હેઠળ મુકિત આપવામાં આવી હોય તે લાભો તરીકે રોકડમાં અને જણસરૂપે માલિકે આપેલા લાભો મેળવવાને કામદારો હકદાર હોતા ચાલુ રહે છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે; અથવા

(૪) અધિનિયમની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈ અમલમાં હતી, ત્યારે તે મુદત દરમિયાન આવી કોઈપણ જોગવાઈનું પાલન કરવામાં આવ્યું છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે:–

(ક) પોતાને જે જરૂરી લાગે તેવી માહિતી પોતાને પૂરી પાડવા મુખ્ય અથવા પ્રત્યક્ષ માલિકને ફરમાવવાની સત્તા રહેશે; અથવા

(ખ) આવા મુખ્ય અથવા પ્રત્યક્ષ માલિકના કબજામાં હોય તેવા કોઈ કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગામાં કોઈ વાજબી સમયે દાખલ થવાની અને તેનો હવાલો ધરાવતી હોવાનું જણાયેલ કોઈપણ વ્યકિતને, વ્યકિતઓના રોજગાર અને વેતનની ચૂકવણીને લગતા પોતાને જરૂરી જણાય તેવા દસ્તાવેજ, ચોપડા અને અન્ય દસ્તાવેજો આવા ઈન્સપેકટર અથવા અન્ય અધિકારી સમક્ષ રજૂ કરવા અને તેને તે તપાસવા દેવા અથવા પોતાને જરૂર લાગે તેવી માહિતી તેને પૂરી પાડવા ફરમાવવાની સત્તા રહેશે; અથવા

(ગ) આવા કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગામાં જણાયેલ મુખ્ય અથવા પ્રત્યક્ષ માલિકને, તેના એજન્ટ અથવા નોકરને અથવા કોઈ વ્યકિતને અથવા સદરહુ ઈન્સપેકટરને અથવા અન્ય અધિકારીને જે કોઈ વ્યકિત કામદાર હોવાનું માનવાને વાજબી કારણ હોય તેવી કોઈ વ્યકિતને તપાસવાની સત્તા રહેશે; અથવા

(ઘ) આવા કારખાના, સંસ્થ, કચેરી અથવા અન્ય જગામાં રાખવામાં આવતા કોઈ રજિસ્ટર, હિસાબના ચોપડા અથવા અન્ય દસ્તાવેજની નકલ કરવાની અથવા તેમાંથી ઉતારા કરવાની સત્તા રહેશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

દિલીપસિંહ ચૌહાણ,
સેકશન અધિકારી.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી ઓગષ્ટ, ૧૯૯૬ના ગુજરાત સરકારના મહેસુલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચએમ-૯૬-૩૬-એસજેયુ-૨૪૯૧-૧૮૫૧-ઝેડ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE SAURASHTRA ESTATES ACQUISITION ACT, 1952.

સૌરાષ્ટ્ર એસ્ટેટ સંપાદન અધિનિયમ, ૧૯૫૨ હેઠળ જાહેરનામું.

મહેસુલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૬.

સૌરાષ્ટ્ર એસ્ટેટ સંપાદન અધિનિયમ, ૧૯૫૨.

ક્રમાંક : જીએચએમ-૯૬-૩૬-એસજેયુ-૨૪૯૧-૧૮૫૧-ઝેડ.— આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલી બીડની જે જમીન (૧) સુરેન્દ્રનગર જિલ્લાના સાયલા તાલુકાના સીતાગઢ ગામના ગીરાસદાર શ્રી ભોજરાજસિંહ કરણસિંહની માલિકીની છે તે જમીન (જેનો આમાં હવે પછી "સદરહુ જમીન' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) સૌરાષ્ટ્ર એસ્ટેટ સંપાદન અધિનિયમ, ૧૯૫૨ (સન ૧૯૫૨ના સૌરાષ્ટ્ર અધિનિયમ નંબર ૩૭) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ," તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૫ની પેટા-કલમ (૧)ની જોગવાઈઓ હેઠળ સંપાદન કરવામાં આવી નથી; અને

સદરહુ ગીરાસદારે સદરહુ જમીનનો જુદા જુદા હેતુઓ માટે એટલે કે તેણે તે વેચવા માટે ઉપયોગ કર્યો છે એમ જાણવામાં આવ્યું છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪ સાથે વાંચતા, તેની કલમ ૫ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી સદરહુ બીડની જમીન સંપાદિત કરે છે અને જાહેર કરે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખે અને તે તારીખથી સદરહુ બીડની જમીનના સંબંધમાં સદરહુ ગીરાસદારના તમામ હકો, ઈલાખા અને હિત-સંબંધો, તેમાંના અથવા તે ઉપરના અથવા તેને લગતા તમામ હકો સહિત, રાજ્ય સરકારમાં નિહિત થશે અને રાજ્ય સરકારની મિલકત છે એમ ગણાશે અને સદરહુ જમીનમાં સદરહુ ગીરાસદારે ધરાવેલ તમામ હકો નષ્ટ થયા છે એમ ગણાશે.

અનુસૂચિ

અનુક્રમાંક.	બીડની જમીનની હદો.	સરવે નંબર	ક્ષેત્રફળ (એકર ગુંઠા)	હેકટર આર.
૧.	૨.	૩.	૪.	૫.
(૧)	ઉત્તર : સોરીભડા ગામની હદ અને સરકારી સરવે નં. -૯૭ દક્ષિણ : હદાળા ગામની હદ પૂર્વ : સોરીભડા અને આયા ગામની હદ પશ્ચિમ : સરકારી જમીન પૈકી સરવે નં. ૯૭ અને શ્રી રાયસંગ બાદરની સરવે નંબર ૧૫ અને બાલુબેન મોહનના સરવે નંબર ૧૬ અને સરકારી જમીનના સરવે નં. ૧૭.	૧૮	૪૬૩-૦૩	૧૮૭-૪૦-૯

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
સી. ડી. પટેલ,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૧લી ઓક્ટોબર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ એન્ડ પી. એ./૧/૮૦/૯૬/એ/૨૫૭નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT LEGISLATIVE ASSEMBLY (LEADER OF THE OPPOSITION) SALARY AND ALLOWANCES ACT, 1979.

ગુજરાત વિધાનસભા (વિરોધ પક્ષના નેતા)પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯ હેઠળ જાહેરનામું.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૬.

ગુજરાત વિધાનસભા (વિરોધ પક્ષના નેતા)પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯.

ક્રમાંક : જીએચ/એલ એન્ડ પી.એ/૧/૮૦/૯૬/એ/૨૫૭.—ભારતના સંવિધાનની કલમ ૩૫૬ હેઠળ, રાષ્ટ્રપતિએ તા. ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૬ના રોજ કરેલ ઉદ્‌ઘોષણા દ્વારા ગુજરાત રાજ્યના વિધાન મંડળની સત્તા, સંસદના સત્તાધિકાર દ્વારા અથવા તે હેઠળ ચલાવી શકાશે.

તેથી, હવે, ગુજરાત વિધાનસભાના (વિરોધ પક્ષના નેતા) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯ (સન ૧૯૭૯ના ગુજરાતના ૧૬મા)ની કલમ-૧૧થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમના તમામ હેતુઓ માટે, શ્રી અમરસિંહ ભીલાભાઈ ચૌધરી વિરોધ પક્ષના નેતા તરીકે હોતા બંધ થયાની તારીખ તરીકે તારીખ ૧૯મી સપ્ટેમ્બર, ૧૯૯૬ પ્રસિધ્ધ કરે છે.

ગુજરાતનાં રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

શ્રીમતી કે. આર. ત્રિવેદી,
સરકારના સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓક્ટોબર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી ઓગસ્ટ, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૬/૧૪૧/એસટીસી-૩૪૯૦/૧૭૪૫/ધનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE ROAD TRANSPORT CORPORATION ACT, 1950.

માર્ગ અને વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ હેઠળનું જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓગસ્ટ, ૧૯૯૬.

માર્ગ અને વાહનવ્યવહાર અધિનિયમ, ૧૯૫૦.

ક્રમાંક : જી/જી/૯૬/૧૪૧/એસટીસી./૩૪૯૦/૧૭૪૫/ધ.–ગુજરાત સરકાર, ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશનને, આઈ.બી.-બી.આઈ. પાસેથી બીલની ફરી ક્યાત સામે ઈન્ડિયા ઓવરસીઝ બેન્કની તરફેણમાં રૂા. ૩.૮૦ કરોડની પુનઃ ચૂકવણી કરવા માટેની, બંદર, વાહન વ્યવહાર અને મત્સ્યોદ્યોગ વિભાગના તારીખ ૩૦મી માર્ચ, ૧૯૯૦ના જાહેરનામા ક્રમાંક : જી/મી/૯૦/૨૩/એસટીસી /૩૪૯૦/૧૭૪૫/જેથી આપેલી બાંહેધરી પાછી ખેંચી લે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડિયા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓક્ટોબર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૧૪૭/૯૬/એસટીસી/૧૦૯૫/૧૨૯૪/ધ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE ROAD TRANSPORT CORPORATIONS ACT, 1950.

માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી ઓગસ્ટ, ૧૯૯૬.

માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦.

ક્રમાંક : જી/જી/૧૪૭/૯૬/એસટીસી/૧૦૯૫/૧૨૯૪/ધ.—ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન નિયમો, ૧૯૭૧ના નિયમ ૩ સાથે વાંચતા, માર્ગ વાહન વ્યવહાર અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના ૬૪મા) ની કલમ ૫ની પેટા-કલમો (૨) અને (૩) અનુસાર, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગના તારીખ ૨૧-૧૦-૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૧૮૨/૯૫/એસટીસી/ ૧૦૯૫/૧૨૯૪/ધને તારીખ ૧૨-૬-૯૬ થી અમલમાં આવે તેમ, નીચે પ્રમાણે ફેરફાર કરે છે.

સદરહુ જાહેરનામામાં, પરિચ્છેદ ૨માં, "નાયબ સચિવ (વાહન વ્યવહાર)" એ શબ્દોને બદલે, "નાયબ સચિવ/સંયુક્ત સચિવ (વાહન વ્યવહાર) એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

આર. કે. હાથી,
સેકશન અધિકારી.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓકટોબર, ૧૯૯૬,

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭મી ઓગસ્ટ, ૧૯૯૬ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર-૯૬-૧૭૯૬-બીઆરયુ-૧૦૯૪-૧૯૭૭-એમ-(૩)ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE BOMBAY RELIEF UNDERTAKING SPECIAL (PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૭મી ઓગસ્ટ, ૧૯૯૬.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (સને ૧૯૫૮નો ૯૬મો)

ક્રમાંક : જીએચઆર-૯૬-૧૭૯૬-બીઆરયુ-૧૦૯૪-૧૯૭૭-એમ-(૩) :—શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર-૯૫-૧૬૨-બીઆરયુ-૧૦૯૪-૧૯૭૭-એમ-(૩)થી ગુજરાત સરકારે, જાહેર કર્યું હતું કે, ધી સ્ટાર ઓફ ગુજરાત ટેક્ષટાઈલ મિલ્સ લિમિટેડ, અમદાવાદ (જેનો આમાં હવે પછી, "સદરહુ અન્ડરટેકિંગ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ને, તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૬થી બાર મહિનાની મુદત સુધી બેરોજગારી રાહતના પગલા તરીકે ઉપયોગી થવા માટે ચલાવવામાં આવશે.

અને સદરહુ અન્ડરટેકિંગે, તા. ૧૬મી નવેમ્બર, ૧૯૯૫ની તેની અરજી ક્રમાંક : એસઓજી-ટીએમ-૯૯૩/૯૫-૯૬ હેઠળ મુદત વધુ લંબાવવા માટે અરજી કરી છે.

અને, ઉદ્યોગ અને ખાણ વિભાગના તા. ૧૭મી નવેમ્બર, ૧૯૯૪ના ઠરાવ ક્રમાંક : એસજીટી-૧૦૯૧-૧૬૩૬-ટી અને તારીખ ૮મી મે, ૧૯૯૫ના ઠરાવ ક્રમાંક : એસજીટી-૧૦૯૪-૬૦૫-ટી હેઠળ સદરહુ અન્ડરટેકિંગની તરફેણમાં ૧૯૯૧ થી ૧૯૯૭-૧૯૯૮સુધી સાત વર્ષની મુદત માટે અમુક રાહતો આપી છે;

હવે, સદરહુ અન્ડરટેકિંગ તેવી રીતે ચલાવવાનું ચાલુ રાખવા જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે.

તેથી, હવે, મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ ની કલમ-૪ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૪)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૫ના ઉપર્યુક્ત જાહેરનામાની કાયદેસરતા બાર મહિનાની વધુ મુદત માટે તાજી કરે છે; અને

(ખ) જાહેર કરે છે કે સદરહુ અન્ડરટેકિંગને ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૬થી શરુ થતી બાર મહિનાની મુદત માટે, સદરહુ અધિનિયમના હેતુઓ માટે બેકારી રાહતના પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવું જોઈશે અને ઉપર્યુક્ત જાહેરનામા હેઠળ સદરહુ અન્ડરટેકિંગને રાહત અન્ડરટેકિંગ જાહેર કરવામાં આવે તે પહેલાં, સદરહુ અધિનિયમની કલમ-૩ હેઠળ મળેલ અથવા વ્હોરેલ તમામ હકો, વિશેષાધિકારો, ફરજો, (બેન્કોની જવાબદારીઓ સિવાયની) જવાબદારીઓ,તેના અમલ માટે કોઈ ઉપાય મોકૂફ રાખવા જોઈશે અને કોઈ કોર્ટ/ટ્રિબ્યુનલ-અધિકારી/સત્તામંડળ સમક્ષ તે સંબંધી અનિર્ણિત તમામ કાર્યવાહીઓ સદરહુ અધિનિયમની કલમ-૩ હેઠળ સદરહુ અન્ડરટેકિંગને રાહત અન્ડરટેકિંગ જાહેર કર્યાની તારીખથી વધુ એક વર્ષની મુદત માટે સ્થગિત કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ. કે. પટેલ
સરકારના ઉપ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓક્ટોબર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૪૭/ડીવીપી-૨૭૯૬-૩૦૯૪-એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. ધિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૪૭/ડીવીપી-૨૭૯૬-૩૯૪-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે તારીખ ૨૨-૫-૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-વી-૧૯૮૭નો ૧૨૮-ડીવીપી-૨૭૮૨-૧૯૦૫-(૮૭)-એલ હેઠળ મંજૂર કરેલી પાટણ વિસ્તાર વિકાસ સત્તા-મંડળના વિકાસ વિસ્તાર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મો)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું, રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨-૫-૧૯૮૭ના જાહેરનામા ક્રમાંક : જીએચ-વી-૧૯૮૭નો ૧૨૮-ડીવીપી-૨૭૮૨-૧૯૦૫-(૮૭)-એલ થી સરકારે મંજૂર કરેલ પાટણથી સુધારેલી વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

પાટણની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં "ખેતી વિષયક ઝોન" માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાન પર દર્શાવ્યા પ્રમાણે "ABCDEFGA" અને " HIJKLMNOPQRSTUVWXYH" તરીકે નિશાની કરેલ, પાટણના સરવે નંબર ૯૫૫/૧, ૯૫૫/૨, ૯૫૬/૧, ૧૦૦૩, ૧૦૧૨, ૧૦૧૩, ૧૦૧૪, ૯૫૭, ૯૫૮, ૧૦૧૫/૧, અને ૧૦૧૫/૨વાળી તમામ (en block) જમીનો, સદરહુ મુકરર કરેલી જમીનોમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૪થી ઓકટોબર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તા. ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૪૩/ડીવીપી-૧૫૯૪-૨૯૪૩ એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૪૩/ડીવીપી-૧૫૯૪-૨૯૪૩-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી-૧૫૮૩-૪૪૨૦-(૮૭)-એલ હેઠળ મંજૂર કરેલ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસમાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૨૪૦ ડીવીપી-૧૯૮૭નો-૧૫૮૩-૪૪૨૦-(૮૭)-એલથી મંજૂર કરેલ ઔડાની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "મનોરંજન ઝોન" અને "ખેતી વિષયક ઝોન" માટે મુકરર કરેલ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે "ABCDEFGHIJKLMNOPQRSA" નિશાની કરેલ અમદાવાદ જિલ્લાના શાહવાડી તાલુકા સીટીના મહેસૂલી સરવે નંબરો ૨૫૩, ૨૫૪, ૨૫૫, ૨૫૬, ૨૫૭, ૨૫૮, ૨૬૭/ભાગ, ૨૬૮, ૨૭૭ અને ૨૭૮વાળી જમીનનો બ્લોક, સદરહુ મુકરર કરેલી જમીનોમાંથી કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (ક) હેઠળ, ઔદ્યોગિક ઝોન (ઓ. એન્ડ એચ) તરીકે મુકરર કરવી.

આ ફેરફાર, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગરે તેના તારીખ ૧/૮/૧૯૯૬ના ઝોન વેરિએશન કલીઅરન્સ ઓપનિયન લેટર નંબર અબીડી-એનએલ-સી/૨૦૩૦૯ મુજબ તેણે મૂકેલી નિર્દિષ્ટ જરૂરિયાતો/શરતો પૂરી કરવાને અધીન રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૭મી ઓક્ટોબર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી ઓક્ટોબર, ૧૯૯૬ના ગુજરાત સરકારના માહિતી, અને પ્રકાશન પ્રસારણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (જીએચટી-૯૬-૨૮)-ઈપીટી-૧૦૯૬-૨૧૧૯-ઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ ારૂ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડિયા,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT ENTERTAINMENTS TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓક્ટોબર, ૧૯૯૬.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક (જીએચટી-૯૬-૨૮)-ઈપીટી-૧૦૯૬-૨૧૧૯-ઈ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭નો ગુજરાતનો ૧૬મા)ની કલમ ૨૯ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, અનુસૂચિ-૧માં જણાવેલી નીચેની રાષ્ટ્રીય એવોર્ડ-૧૯૯૬ વિજેતા ફિલ્મ પ્રદર્શિત કરવાને, અનુસૂચિ-૨માં નિર્દિષ્ટ કરેલી શરતોને આધીન રહીને, સદરહુ અધિનિયમની કલમ ૩ હેઠળ લેવાપાત્ર કર ભરવામાંથી સંપૂર્ણત: મુકતી આપે છે.

અનુસૂચિ—૧

અનુક્રમાંક	ફિલ્મનું નામ	વિગતો
૧	૨	૩
૧.	ધી મેકીંગ ઓફ ધી મહાત્મા (અંગ્રેજી)	અંગ્રેજીમાં ઉત્તમ ફિચર ફિલ્મ નિર્માતા : રાષ્ટ્રીય ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન, મુંબઈ.

અનુસૂચિ—૨

શરતો

૧. કરની રકમ બાદ કર્યા પછીના મનોરંજનમાં પ્રવેશના વિદ્યમાન દરો વધારવા નહીં અને વિદ્યમાન પ્રવેશ દરો આપેલી મુકિતની રકમથી ઘટાડવા.

૨. કર ભરવામાંથી આપેલી આ મુકિત, માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના તારીખ ૧લી નવેમ્બર, ૧૯૮૮ના સરકારી ઠરાવ ક્રમાંક ઈપીટી-૧૦૮૩-૧૩૨૪-ઈની જોગવાઈનો અનુસાર રહેશે.

૩. કર ભરવામાંથી આપેલી આ મુકિત, ફિલ્મની નવ પ્રિન્ટ માટે તેર અઠવાડિયા સુધી મળશે, તેથી ૧૩ × ૯ = ૧૧૭ અઠવાડિયાની બધી રીતની મુકિત ઉપરાંતની મૂદત ગણાશે, કુલ ૧૧૭ અઠવાડિયામાંથી સન ૧૯૯૧ની વસતી ગણતરી મુજબ જેની વસતી ૫૦,૦૦૦ કરતાં વધુ ન હોય તેવા સ્થાનિક વિસ્તારની હદમાં ૩૯ અઠવાડિયા સુધી મુકિત મળશે, બાકીના ૭૮ અઠવાડિયાઓમાં, સન ૧૯૯૧ની વસતી ગણતરી મુજબ જેની વસતી ૫૦,૦૦૦ થી વધુ હોય તેવા સ્થાનિક વિસ્તારમાં વિકલ્પ ફિલ્મ પ્રદર્શિત કરવી.

INDEX

૪. કર ભરવામાંથી આપેલી આ મુક્તિ, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થવાની તારીખથી બે વર્ષની મુદત સુધી રહેશે.

૫. મુક્તિની શરતો પૈકીની કોઈપણ શરતનો અથવા અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનો ભંગ થાય તે પ્રસંગે, નિયત અધિકારી, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ ૩૦ હેઠળ પગલું લે, તો તે કાયદેસર ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જી. એસ. રોય,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ઓકટોબર, ૧૯૯૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના કાયદા વિભાગના ગુજરાત સરકારના જાહેરનામા ક્રમાંક જીકે/૩૦/૯૬/સીઓઆઈ/૧૦૯૬/વીઓ/૨૪૫/આઈ ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે:

શ્રીમતી એમ. એસ. કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE COMMISSIONS OF INQUIRY ACT, 1952.

તપાસ કમિશન અધિનિયમ, ૧૯૫૨ હેઠળ જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૬.

તપાસ કમિશન અધિનિયમ, ૧૯૫૨.

ક્રમાંક :.જીકે/૩૦/૯૬/સીઓઆઈ/૧૦૯૬/વીઓ/૨૪૫/આઈ.— ગુજરાત રાજ્યમાં અને અમદાવાદ શહેરમાં છેલ્લા થોડા વર્ષોથી વ્યવસ્થિત ગુનાહિત કૃત્યો વધી રહ્યા છે. અબ્દુલ લતીફ અબ્દુલ વહાબ શેખ જે થોડા વર્ષો પહેલાં સામાન્ય ગેરકાયદેસર દારુ વેચાણવાળો (બૂટલેગર) હતો તે ટૂંક સમયમાં આંતરરાષ્ટ્રીય ગુનેગાર અને લૂંટારો(ગેંગસ્ટાર) બની ગયો;

અને, ગુજરાત સરકારનો એવો અભિપ્રાય થાય છે, કે અબ્દુલ લતીફ અબ્દુલ વહાબ શેખ, સ્પષ્ટ જાહેર અગત્યની બાબત એવી રાષ્ટ્રીય સલામતીને બાધ આવે તેવો આંતરરાષ્ટ્રીય સ્તરનો ત્રાસવાદ ગેંગ લીડર (ટોળીનાયક) કેવી રીતે બની ગયો તે સંબંધી હકીકતોની તપાસ કરવાના હેતુ માટે, તપાસ કમિશન નીમવાનું જરૂરી છે;

તેથી, હવે, તપાસ કમિશન અધિનિયમ, ૧૯૫૨ (સન ૧૯૫૨ના ૬૦મા) ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ બાબતની તપાસ કરવા માટે શ્રી એમ. એમ. સિંઘ, નિવૃત્ત પોલીસ મહાનિર્દેશકનું બનેલું એક તપાસ કમિશન નીમે છે.

૨. કમિશનને વિચારવાના મુદ્દા, નીચે પ્રમાણે રહેશે:—

(૧) અમદાવાદના રહીશ અબ્દુલ લતીફ અબ્દુલ વહાબ શેખ (જેનો આમાં હવે પછી "સદરહુ ગુનેગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) પોતાની ગુનેગાર પ્રવૃત્તિઓ શરૂ કરી તે સમયથી ૧૦ મી ઓકટોબર, ૧૯૯૫ ના રોજ નવી દિલ્હી ખાતે તેની ધરપકડ કરી તે સમય સુધી બનેલી શ્રોણીબંધ ઘટનાઓની અને તેનું મોટા ગુનેગારમાં રૂપાંતર થયું તે દર્શાવતા સંજોગો, હકીકતો અને તત્ત્વોની તપાસ કરવા;

(૨) વહીવટ, પોલીસદળ અને જાહેર જીવનમાં રહેલી વ્યકિતઓ અને બીજી વ્યકિતઓ જેમણે ગુનેગાર પ્રવૃત્તિઓને સહાય કરી હોય, મદદ કરી હોય, આશ્રય આપ્યો હોય, રક્ષણ આપ્યું હોય, અને ઉશ્કેરણી કરી હોય અને તેમના કરવા જેવા કાર્યો ન કરવા અથવા ન કરવાના કામો કરવાનું નક્કી કરવા અને ઓળખવા;

(૩) વહીવટ, પોલીસદળ અને જાહેર જીવનમાં રહેલી અને બીજી વ્યકિતઓ જેઓ સદરહુ ગુનેગારને મોટા ગુનેગારમાં રૂપાંતર કરવાના સંબંધમાં દોષિત જણાયા હોય તેમની વિરુધ્ધ પગલાં લેવા માટેનો માર્ગ સૂચવવા;

(૪) વ્યવસ્થિત રીતે ગુના વધતા અટકાવવા માટે પગલાંની ભલામણ કરવા, જેથી કરીને વહીવટ, પોલીસ દળ અને જાહેર જીવનમાં રહેલી ઓ અને બીજી વ્યકિતઓ આવી ગુનાખોર પ્રવૃત્તિઓને, મદદ અથવા રક્ષણ આપવા સમર્થ બને નહિ;

INDEX

(૫) સદરહુ ગુનેગારની પ્રવૃત્તિઓમાં રાષ્ટ્રીય સલામતીનો સમાવેશ થાય છે કે કેમ અને આવું બનવાનું પરિણામ શું છે, તેની તપાસ કરવા;

(૬) તપાસ દરમિયાન વિદ્યમાન કાયદામાં કોઈ ક્ષતિ જણાઈ હોય તો તે દર્શાવવા.

૩. કમિશન કાર્ય કરવાનું શરૂ કરે તે તારીખથી ૬ મહિનાની મુદતની અંદર કમિશનમે તપાસ પૂરી કરી પોતાનો રિપોર્ટ સરકારને રજૂ કરવો જોઈશે.

૪. કમિશનને કરવાની તપાસનો પ્રકાર અને કેસના અન્ય સંજોગોને ધ્યાનમાં લેતાં, ગુજરાત સરકારનો એવો પણ અભિપ્રાય થાય છે કે તપાસ કમિશન અધિનિયમ, ૧૯૫૨ (સન ૧૯૫૨ના ૬૦ મા)ની કલમ ૫ની પેટા કલમો (૨) થી (૫)ની તમામ જોગવાઈઓ આથી નિમાયેલ કમિશનને લાગુ પાડવી જોઈએ, સદરહુ કલમ ૫ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, એવો આદેશ કરે છે કે સદરહુ કલમની સદરહુ પેટા-કલમો (૨)થી (૫)ની તમામ જોગવાઈઓ, કમિશનને લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. ઝેડ. બલોચ,
સરકારના નાયબ સચિવ,

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૭મી ઓક્ટોબર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી ઓગષ્ટ, ૧૯૯૬ના ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએમજી/૧૨૮૯/૩૮૧૪/૯૦ ઈનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENTS TO THE BIOCHEMIST RECRUITMENT RULES, 1977.

જીવરસાયણશાસ્ત્રની ભરતી નિયમો, ૧૯૭૭ સુધારવા સંબંધી જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ઓગષ્ટ, ૧૯૯૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીએમજી/૧૨૮૯/૩૮૧૪/૯૦ ઈ--ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, જીવરસાયણશાસ્ત્રી ભરતી નિયમો, ૧૯૭૭ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે.

૧. આ નિયમો "રસાયણશાસ્ત્રી ભરતી (સુધારા) નિયમો, ૧૯૯૬" કહેવાશે.

૨. જીવરસાયણશાસ્ત્રી ભરતી નિયમો, ૧૯૭૭માં, નિયમ ૨માં, ખંડ (ક) ને બદલે નીચેનો મજકૂર મૂકવો :—

"(ક) લેબોરેટરી ટેકનીશીયન તરીકે કામ કરતી વ્યકિતઓમાંથી સિધ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યકિતને બઢતી આપીને અને જે—

(૧) માન્ય યુનિવર્સિટીની સુક્ષ્મ જીવવિજ્ઞાન અથવા રસાયણશાસ્ત્ર વિષય સાથે વિજ્ઞાનની સ્નાતકની પદવી ધરાવતી હોય;

INDEX

(૨) આરોગ્ય સેવાઓના નિયામકની કચેરી (તબીબી અને તબીબી શિક્ષણ) ગુજરાત રાજ્યના તાબાની સેવાઓમાં લેબોરેટરી ટેકનીશીયન, વર્ગ-૩ની કેડરમાં સરકારી હોસ્પિટલ અથવા તબીબી કોલેજમાં જીવરાસાયણિક કામનો સાત વર્ષનો અનુભવ હોય :

પરંતુ નિમણુંક કરનાર સત્તાધિકારીને એમ ખાતરી થાય કે ઉપર નિર્દિષ્ટ કરેલા અનુભવવાળી વ્યકિત બઢતી માટે મળી શકે તેમ નથી અને ઓછા અનુભવવાળી વ્યકિતને બઢતી આપીને જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી જણાય છે, તો તે, લેખિતમાં કારણોની નોંધ કરીને, એવો ઓછો અનુભવ ધરાવતી વ્યકિતને બઢતી આપી શકશે, પરંતુ આવી વ્યકિતએ ધરાવેલ અનુભવ, ઉપર નિર્દિષ્ટ કરેલ મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછો હોવો જોઈશે નહિ, અથવા",

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. એમ. પંડયા,
સરકારના ઉપસચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ઓકટોબર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૨મીસપ્ટમ્બર૧૯૯૬ના ગુજરાત સરકારનો શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૧૪૮/ડીવીપી/૧૩૯૫/૮૩૦/એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૧૪૮/ડીવીપી/૧૩૯૫/૮૩૦/એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૮૮ના સરકારી જાહેનામા ક્રમાંક : જીએચવી/૧૯૮૮ના ૧૦૨/ડીવીપી/૧૩૮૫/૧૫૦૭/(૮૮)/એલ હેઠળ રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૭મી મે, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૬૩/ ડીવીપી/૧૩૯૫/૮૩૦/એલ, હેઠળ તારીખ ૧૭મી મે, ૧૯૯૬ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪ બીના પાના નંબર ૧૦૮-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં, કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી ;

અને ગુજરાત સરકારને કોઈ સૂચનો અથવા વાંધા મળેલ નથી ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

INDEX

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે જણાવેલો ફેરફાર તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૬થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮ના ૧૦૨/ડીવીપી/૧૩૮૫/૧૫૦૭/(૮૮)/એલ. થી, મંજૂર કરેલ રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર.

આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, "રૂડા" ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "રહેણાંકની જગા અને સર્વિસ પ્રોજેક્ટ" માટે અનામત રાખેલ ' ABCDA " નિશાની કરીને દર્શાવેલ રાજકોટ ગામની સરવે નંબર ૮૫/પૈકી (૫૦૦૦ ચો.મી.) ની જમીન સદરહુ અનામત રાખેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ઇ) હેઠળ "ગુજરાત વિદ્યુત બોર્ડ માટે ૬૬ કે.વી. સબ-સ્ટેશન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુક્ત સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ઓક્ટોબર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૫૪/ડીવીપી-૨૪૯૪-૧૯૧૫-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળનું જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૫૪/ડીવીપી/-૨૪૯૪-૧૯૧૫-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૩મી મે, ૧૯૮૮ના સરકારી જાહેરનામાં ક્રમાંક જીએચ/વી/૧૯૮૮નો ૧૧૭/ડીવીપી-૨૪૮૬-૧૮૪૭-(૮૮)-એલ, હેઠળ મંજૂર કરેલ ગોંડલ નગર માટે છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી,, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા સૂચિત ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ, તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી મે, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬-નો ૬૯/ડીવીપી-૨૪૯૪-૧૯૧૫-એલ. હેઠળ તારીખ ૨૨મી મે, ૧૯૯૬ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪બીના પાના ક્રમાંક : ૧૧૧-૧ અને ૧૧૧-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઇ વ્યક્તિને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા કોઈ હોય તો, તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની **મુદ્દત**ની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજુ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

INDEX

અને ગુજરાત સરકારને કોઈ સૂચનો અને વાંધા મળ્યા નથી ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, —

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર સન ૧૯૯૬ના સપ્ટેમ્બર, મહિનાની ૨૪મી તારીખથી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૩મી મે, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮નો ૧૧૭/ડીવીપી-૨૪૮૬-૧૮૪૭-(૮૮)-એલથી મંજૂર કરેલ ગોંડલની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

ગોંડલની મંજૂર કરેલી છેવટની સુધારેલી વિકાસ યોજનામાં 'ઉપયોગિતા અને સેવાઓ, માટે મુકરર કરેલ, આ સાથે જોડેલા પ્લાનમાં 'ABCDEFGHIA' તરીકે દર્શાવેલ ગોંડલની વોર્ડ ૧ નં. સી.ટી. સરવે નં. ૨૮૧૬/ભાગ (મહેસુલી સરવે નં. ૫૧૫/ભાગ)માં આવેલ 'હજુર બંગલા' નજીકની જમીન, કમી કરવી અને એ રીતે મુકત કરેવી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ રહેણાંકના ઉપયોગ," માટે મુકરર કરવી,

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજપરના અધિકારી
અને સંયુકત સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૯મી ઓકટોબર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬નો ૧૫૬/ડીવીપી/૨૮૯૪-૨૭-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય ગાંધીનગર, તા. ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૬.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૫૬/ડીવીપી-૨૮૯૪-૨૭-એચ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૪થી જાન્યુઆરી ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦નો ૨/ડીવીપી-૨૮૮૬-૩૯૨૭(૮૯)એલ હેઠળ મંજૂર કરેલ સુરેન્દ્રનગર નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેમાં આમાં હવે પછી, "સદરહુ સુધારેલી વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું,

INDEX

અને સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવા ધારેલો સૂચિત ફેરફાર ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહું અધિનિયમ", તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૧મી જુન, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૯૬/ડીવીપી-૨૮૯૪-૨૭-એલ. હેઠળ તારીખ ૨૧મી જૂન ૧૯૯૬ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪ બીના પાના ક્રમાંક ૧૨૬-૧ અને ૧૨૬-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા કોઈ હોય તો તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારને કોઈ સૂચનો અને વાંધા મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૧૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર સન ૧૯૯૬ના સપ્ટેમ્બર, મહિનાની ૨૫મી તારીખથી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૪થી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૦નો ૨/ડીવીપી/૨૮૮૬-૩૯૨૭-(૮૯)-એલથી મંજૂર કરેલી સુરેન્દ્રનગરની છેવટની સુધારેલી વિકાસ યોજનાનો સૂચિત ફેરફાર.

આ સાથે જોડેલા પ્લાન પર દર્શાવ્યા પ્રમાણે રતનપુર ગામની મહેસુલી, સરવે નં. ૭ અને ૮ માંથી પસાર થતો ૧૫.૦૦ મીટર પહોળો સૂચિત રસ્તો, ૧૨.૦૦ મીટર પહોળાઇ સુધી ઘટાડવો અને મહેસુલી સરવે નં. ૮માંથી ઉપયુકત રસ્તામાંથી એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની અનુક્રમે કલમ ૧૨(૨) (ધ) અને ૧૨(૨) (ક) હેઠળ "વાણિજ્યિક ઝોન," માટે મુકરર કરવી.

ગુજરાતથીના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ
શહેરી વિકાસ અને ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ઓકટોબર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચટી (૯૬-૨૫/ઈપીટી-૧૦૯૬-૨૦૦૭ ઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ.એસ. કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT ENTERTAINMENTS TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ
સચિવાલય, ગાંધીનગર, ૯મી સપ્ટેમ્બર, ૧૯૯૬.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક : (જીએચટી-૯૬-૨૫) ઈપીટી-૧૦૯૬-૨૦૦૭-ઈ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા) (જેનો આમાં હવે પછી સદરહુ અધિનિયમ તરીકે ઉલ્લેખ થયો છે તે)ની કલમ ૨૯ની પેટા કલમ (૧)ના ખંડ (ખ) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, વી. મોહનલાલ અને આર. મોહન, એ. બી. સી. લિમિટેડ, બોમ્બેને નિર્માણ કરેલી હિન્દી ફિલ્મ "સજા-એ-કાલાપાની" પ્રદર્શિત કરવાને, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી શરતોને આધીન રહીને, સદરહુ અધિનિયમની કલમ-૩ હેઠળ લેવાપાત્ર કરના ૭૦ ટકા જેટલી મનોરંજન કર ભરવામાંથી મુકિત આપે છે.

INDEX

અનુસૂચિ

(૧) કરની રકમ બાદ કર્યા પછી મનોરંજનમાં વિધમાન પ્રવેશ દરો વધારવા નહિ અને વિધમાન પ્રવેશ દરો લેવાપાત્ર કરના ૭૦ ટકા જેટલા ઘટાડવા અને ૩૦ ટકા કર વસૂલ કરવો અને તે સરકારને ભરવો.

(૨) કર ભરવામાંથી આપેલી મુકિતનો લાભ, દરેક પ્રિન્ટ દીઠ છ અઠવાડિયાની મુદત સુધી રહેશે અને ગુજરાત રાજ્યમાં પ્રદર્શિત કરવાની નવ પ્રિન્ટો પૂરતી મર્યાદિત રહેશે. જેમાંથી અઢારથી વધુ ન હોય તેટલા અઠવાડિયા સુધી, ફિલ્મ ૧૯૯૧ની વસતી ગણતરી મુજબ જેની વસતી ૫૦,૦૦૦થી વધુ ન હોય તેવા સ્થાનિક વિસ્તારની હદની અંદર પ્રદર્શિત કરવી.

(૩) કર ભરવામાંથી આપેલ મુકિતનો લાભ, આ જાહેરનામું બહાર પડયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર મળી શકશે.

(૪) મુકિતની શરતો પૈકીની કોઈ શરતનો અથવા અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનો ભંગ થાય તે પ્રસંગે, નિયત અધિકારી, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ની કલમ ૩૦ હેઠળ પગલું લે, તો તે કાયદેસર ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જી. એસ. રોરે,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/4

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, FEBRUARY 20, 1997/PHALGUNA 1, 1918 [No. 8

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ઓકટોબર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧લી ઓકટોબર, ૧૯૯૬ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૬નો ૨૭/વીબીએન/૨૧૯૪-૭૯૪/૧૬/ચ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notifioation

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓકટોબર, ૧૯૯૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક:કેપી/૧૯૯૬નો ૨૭/વીબીએન/૨૧૯૪-૭૯૪-/૧૬/ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ—૭થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત ધારી અને જિલ્લા પંચાયત અમરેલી સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી:—

(૧) અનુસૂચિના કોલમ—૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ—૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને ઉદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) ઉદરહુ અનુસૂચિના કોલમ—૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ—૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	ધારી	ચાંચી-પાણિયા	૧. ચાંચઈ (મહેસૂલી ગામ)		૧. ચાંચઈ	૧. (૧) ચાંચઈ (મહેસૂલી ગામ)
			૨. સોઢાપરા (પેટાપરા)			(૨) સોઢાપરા (પેટાપરા)
			૩. પાણિયા (પેટાપરા)	૧. ચાંચી (મહેસૂલી ગામ)	૨. કોટડા (પાણિયા)	
			૪. કોટડા (મહેસૂલી ગામ)	૨. સોઢાપરા (પેટાપરા)		૨. (૧) કોટડા (મહેસૂલી ગામ)
			૫. આંબગળા (પેટાપરા)			(૨) પાણિયા (પેટાપરા)
						(૩) આંબગળા (પેટાપરા)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ઓકટોબર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩જી ઓકટોબર, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૯૬/૧૬૧/એમવીઆર/૧૦૯૨/૪૨૯૮/ખ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE BOMBAY MOTOR VEHICLES (TAXATION OF PASSENGERS) RULES, 1958.

મુંબઈ મોટર વાહન (ઉતારુવેરા) નિયમો, ૧૯૫૮ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી ઓકટોબર, ૧૯૯૬.

મુંબઈ મોટર વાહન (ઉતારુવેરા) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જી/જી/૯૬/૧૬૧/એમવીઆર/૧૦૯૨-૪૨૯૮-ખ.—મુંબઈ મોટર વાહન (ઉતારુવેરા) નિયમો, ૧૯૫૮ વધુ સુધારવા માટેનો નિયમોનો મુસદ્દો, મુંબઈ મોટર વાહન (ઉતારુવેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૭મા)ની કલમ ૨૨ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૬ના ગુજરાત રાજપત્ર, ભાગ-૪-બીના પાના નં. ૧૪૧ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો.

સદરહુ નિયમોના મુસદ્દા સંબંધમાં સરકારને કોઈપણ વ્યકિત તરફથી વાંધા અથવા સૂચનો મળ્યા નથી.

તેથી, હવે, મુંબઈ મોટર વાહન (ઉતારુવેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૭મા)ની કલમ-૨૨થી મળેલી સત્તાની રુએ, ગુજરાત રાજ્યને લાગુ પડતો હોય તેટલે સુધી, ગુજરાત સરકાર, આથી, મુંબઈ મોટર વાહન (ઉતારુવેરા) નિયમો, ૧૯૫૮ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો મોટર વાહન (ઉતારુવેરા) (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૬ કહેવાશે.

૨. મુંબઈ મોટર વાહન (ઉતારુવેરા) નિયમો, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૪માં, પેટા-નિયમ (૧)માં "વાહન વ્યવહાર નિયામક" એ શબ્દોને બદલે, "વાહન વ્યવહાર કમિશ્નર અથવા યથાપ્રસંગ વાહન વ્યવહાર નિયામક" એ શબ્દો મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ-૫માં, પેટા-નિયમ (૨)માં, "વાહન વ્યવહાર નિયામક" એ શબ્દોને બદલે, "વાહન વ્યવહાર કમિશ્નર અથવા યથાપ્રસંગ વાહન વ્યવહાર નિયામક" એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ-૧૨માં, પેટા-નિયમ (૧)માં, "અથવા નાયબ સચિવ" એ શબ્દો કમી કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડિયા,
સરકારના ઉપ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી ઓક્ટોબર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૪થી ઓક્ટોબર, ૧૯૯૬ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક :જીએચ-૯૬-૨૦૬-બીએસઈ-૧૦૯૦-૨૭૮૧-એમ(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં, પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિક્કરી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE BOMBAY SHOPS AND ESTABLISHMENTS ACT, 1948.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓક્ટોબર, ૧૯૯૬.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : જીએચઆર-૯૬-૨૦૬-બીએસઈ-૧૦૯૦-૨૭૮૧-એમ(૩).—ગુજરાત દુકાન અને સંસ્થા નિયમો, ૧૯૬૨ના નિયમ—૪ સાથે વાંચતા, મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના મુંબઈના ૩૯મા)ની કલમ—૬થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,"નવરાત્રી"અને"દિવાળી"ના તહેવારોને કારણે નીચેની અનુસૂચિના કોલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ વર્ગોની સંસ્થાઓના સંબંધમાં, સદરહુ અનુસૂચિના કોલમ—(૩)માં અનુક્રમે નિર્દિષ્ટ કરેલી શરતોને આધીન રહીને, તારીખ ૧૦મી ઓક્ટોબર, ૧૯૯૬થી ૧૦મી નવેમ્બર, ૧૯૯૬ સુધી (બન્ને દિવસો સહિત)ની મુદત માટે ગુજરાત રાજ્યના તમામ વિસ્તારોમાં અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી સદરહુ અધિનિયમની જોગવાઈઓનો અમલ મોકૂફ રાખે છે.

અનુસૂચિ

સંસ્થાઓ.	સદરહુ અધિનિયમની જોગવાઈઓ	શરતો
૧	૨	૩
૧. દુકાનો.	કલમ ૧૧ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)	(૧) કોઈપણ દુકાન કોઈપણ દિવસે રાતના ૧૧--૦૦ વાગ્યા કરતા મોડી બંધ કરવી નહિ.
૨. દારૂખાનું વેચતી દુકાનો.	કલમ ૧૪ કલમ ૧૬ કલમ ૧૮	(૨) કોઈ નોકરને કલમ ૧૪માં નિર્દિષ્ટ કામના કલાકો કરતાં વધુ કામ કરવું પડે તો તે, ઓવર ટાઈમ કામના સંબંધમાં ઠરાવેલ વેતન રજિસ્ટરમાં નોંધવાનું રહેશે અને કલમ ૬૩(૧)માં નિર્દિષ્ટ કરેલા દરે વેતન મેળવવા હકદાર થશે.
૩. આટાની દુકાનો અને આટાની મિલો.	—એજન—	(૩) કામનો એકંદર સમય, એક દિવસના ચૌદ કલાક કરતાં વધુ હોવો જોઈશે નહિ.
૪. દરજીની દુકાનો, તૈયાર કપડાં વેચતી દુકાનો સહિત કાપડની દુકાનો અને હોઝિયરીની દુકાનો.	—એજન—	(૪) આઠવાડિક રજા નહિ મળવાને કારણે,દરેક નોકરને (૧) તેના બદલામાં તારીખ ૧૦મી નવેમ્બર,—૧૯૯૬ પછી, તેટલી સંખ્યામાં રજા આપવી જોઈશે, અથવા (૨) એવી રજાઓમાં કરેલા કામ માટે કલમ ૬૩(૧)માં ઓવરટાઈમ કામ માટે નિર્દિષ્ટ કરેલા વેતનના દરે વેતન આપવામાં આવશે.

INDEX

૧	૨	૩
૧. અત્તર વેચતી દુકાનો	—એજન—	...
૨. તમામ રેસ્ટોરાં અને ભોજનગૃહો	ક્લમ ૧૯ ક્લમ ૨૦ ક્લમ ૨૧ ક્લમ ૨૪	(૧) કોઈપણ રેસ્ટોરાં અથવા ભોજનગૃહ કોઈપણ દિવસે, મધ્યરાત્રિના ૧૨--૦૦ કરતાં મોડા બંધ કરવા નહિ. (૨) કોઈપણ રેસ્ટોરાં અથવા ભોજનગૃહમાંના કોઈ નોકરને, ક્લમ ૨૧માં નિર્દિષ્ટ કામના ક્લાકોની મર્યાદા કરતાં વધુ કામ કરવું પડે તો તે, ઓવર-ટાઈમ કામના સંબંધમાં, ક્લમ ૬૩(૨)માં ઠરાવેલા દરે વેતન માટે હકદાર થશે, જે ઠરાવેલા વેતન રજિસ્ટરમાં નોંધવાનું રહેશે. (૩) ઠરાવેલી આઠવાડિક રજા નહિ મળવાને કારણે, કોઈ રેસ્ટોરાં અથવા ભોજનગૃહમાંના દરેક નોકરને (૧) તેના બદલામાં તારીખ ૧૦મી નવેમ્બર, ૧૯૯૬ પછી, તેટલી જ સંખ્યામાં રજા આપવી જોઈશે. (૨)એવી રજામાં કરેલા કામ માટે, ક્લમ ૬૩(૨) માં ઓવરટાઈમ કામ માટે નિર્દિષ્ટ કરેલા વેતનના દરે વેતન આપવામાં આવશે.

આ વિભાગની ફાઈલ નંબર બીએસઈ-૧૦૯૦-૨૭૮૧-એમ-૩ ઉપર તારીખ ૨૯—૯—'૯૬ના રોજ ગૃહ વિભાગની સંમતિ સાથે આ બહાર પાડ્યું છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ડી. ડી. ચૌહાણ,
સેક્શન અધિકારી,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી નવેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી ઓક્ટોબર, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૯૬/૧૭૭/એમવીઆર/૧૬૯૬/૩૦૨૬/ખ, નો. ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ઓક્ટોબર, ૧૯૯૬.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯.

ક્રમાંક : જીજી/૯૬/૧૭૭/એમવીઆર/૧૬૯૬/૩૦૨૬/ખ.—ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧૭૭થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, તારીખ ૧૧મી ઓક્ટોબર, ૧૯૯૬ના રોજ યોજનારી, ૧૧--ગાંધીનગર સંસદીય મત વિસ્તારની અને ૧૩૧-નડિયાદ અને ૧૭૯-ધરમપુર (અનુસૂચિત આદિજાતિ)ના ગુજરાત રાજ્ય વિધાનસભા મત વિસ્તારની પેટા ચૂંટણીના સબંધમાં સરકારે કામે રાખેલા

INDEX

કર્મચારી વર્ગને લઈ જવા લાવવા માટે વાપરવાના હોય તેવા ગુજરાત રાજ્ય માર્ગ વાહન-વ્યવહાર કોર્પોરેશનની માલિકીના તેમજ ખાનગી સંચાલકોની માલિકીના જાહેર સેવા માટેના વાહનોને તારીખ ૩જી ઓક્ટોબર, ૧૯૯૬થી તારીખ ૧૫મી ઓક્ટોબર, ૧૯૯૬ની મુદત માટે, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ-૧૫૧ના અમલમાંથી મુક્તિ આપે છે અને સંબંધિત પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તાધિકારીઓને એવી રીતે મુક્તિ આપેલા વાહનોમાં લઈ જવાના મુસાફરોની મહત્તમ સંખ્યા નક્કી કરવાની સત્તા આપે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી નવેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી ઓક્ટોબર, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૭૬/ડીવીપી/૨૫૯૫/૩૪૨૩/એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ઓક્ટોબર, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૭૬/ડીવીપી/૨૫૯૫/૩૪૨૩/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૧૫૦/ડીવીપી/૨૫૮૫/૨૪૫૫-(૮૭)-એલ. હેઠળ મંજૂર કરેલી બીલીમોરા નગર (જિ. વલસાડ) માટે છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી,—

૧. આ સાથે જોડેલી અનુસુચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુક્ત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ વાંધા અથવા સૂચનો હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદત અંદર, ગુજરાત સરકારના સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૧૫૦/ડીવીપી/૨૫૮૫/૨૪૫૫-(૮૭)-એલ થી મંજૂર કરેલી બીલીમોરા (વલસાડ)ની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

બીલીમોરાની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાન ઉપર " A-B-C-D-E-F-G-H-A " નિશાની કરીને દર્શાવેલી મહેસૂલી સરવે નંબર ૩૯૩, ૩૯૩/૧ અને ૩૯૫/બી (૩૪૦૩૧.૦૦ ચો.મી.)

INDEX

વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. નમાકુવાલા
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી નવેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી ઓકટોબર, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચવી/૧૯૯૬નો ૧૭૮/ડીવીપી-૧૫૯૫-૧૩૧૩-એલ, નો ગુજરાતી અનુવાદ સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિક્ષકર,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી ઓકટોબર, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૭૮/ડીવીપી-૧૫૯૫-૧૩૧૩-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી-૧૫૮૩-૪૪૨૦-(૮૭)-એલ હેઠળ મંજૂર કરેલ અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૧૯ની પેટા કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસમાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦ ડીવીપી-૧૫૮૩-૪૪૨૦-(૮૭)-એલ,થી મંજૂર કરેલ ઔડાની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

INDEX

ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં આ સાથે જોડેલા પ્લાન પર "AD—A1 D1" તરીકે નિશાની કરેલ મોટેરા ગામમાંથી મહેસૂલી સરવે નંબર ૨૮૨/ભાગમાંથી પસાર થતા ૨૪ મીટર પહોળા સૂચિત રસ્તાની લાઈનદોરી કમી કરવી અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ઘ) હેઠળ ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "AD2D1–A1C1C2" તરીકે નિશાની કરીને ફરી લાઈનમાં (હારમાં) મૂકવું. આ રીતે બદલાયેલ લાઈન-દોરીથી મુકત થયેલ જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (ક) હેઠળ ઔડાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં આ સાથે જોડેલા પ્લાન પર દર્શાવેલ "રહેણાંકના ઝોન" તરીકે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી નવેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૭૦/ડીવીપી/૨૫૯૫/૩૨૧૨/એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ઓકટોબર, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૭૦/ડીવીપી/૨૫૯૫/૩૨૧૨/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૧૫૦/ડીવીપી/૨૫૮૫/૨૪૫૫/-(૮૭)-એલ, હેઠળ મંજૂર કરેલી બિલીમોરા (જિલ્લો વલસાડ)નગરની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે, અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગર-ને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૭નો ૧૫૦-ડીવીપી/૨૫૮૫/૨૪૫૫-(૮૭)-એલ, થી મંજૂર કરેલી બિલીમોરા (જિલ્લો : વલસાડ)ની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

બિલીમોરાની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં, આ સાથે જોડેલા પ્લાનના ભાગમાં "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી A-B-C-D-E-F-G-H-A નિશાની કરેલી મહેસૂલી સરવે નંબર ૬૨+૬૩/ભાગ (સી. ટી. એસ. નં. ૯૨૭) ધરાવતી, ૯૪૬૭ ચોરસ મીટર માપવાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી નવેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી નવેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના નાણાં વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચએન-૩૨) જીએસઆર-૧૦૯૬-(૮૫)-ઠ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT SALES TAX RULES, 1970.

ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦ સુધારવા સંબંધી જાહેરનામું

નાણા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી નવેમ્બર, ૧૯૯૬.

ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯.

ક્રમાંક : (જીએચએન-૩૨) જીએસઆર-૧૦૯૬-(૮૫)-ઠ.—ગુજરાત સરકારને એવી ખાતરી થઈ છે કે ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૩ સુધારવા માટે તાત્કાલિક પગલાં લેવાનું અને ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા)ની કલમ-૮૬ની પેટા-કલમ (૪)ના પરંતુક હેઠળ તેની પૂર્વ પ્રસિધ્ધિ વિના ચલાવી લેવાનું જરૂરી બનાવે તેવાં સંજોગો પ્રવર્તે છે.

તેથી, હવે, ગુજરાત વેચાણવેરા અધિનિયમ, ૧૯૬૯ (સન ૧૯૭૦ના ગુજરાતના ૧લા)ની કલમ ૮૬થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર આથી, ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો ગુજરાત વેચાણવેરા (તૃતિય સુધારા) નિયમો, ૧૯૯૬ કહેવાશે.

૨. ગુજરાત વેચાણવેરા નિયમો, ૧૯૭૦ (જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ-૭માં પેટા-નિયમ-(૯)માં, જ્યાં જ્યાં "રાજપત્રિત અધિકારી" એ શબ્દો આવે છે ત્યાં ત્યાં તે શબ્દો પછી "અથવા કમિશનરે રાખેલી નમૂના ૫૧-માંની યાદીમાં જેનું નામ દાખલ કરેલું હોય તેવા વેચાણવેરા વ્યવસાયી અથવા એડવોકેટ" એ શબ્દો દાખલ કરવા.

૩. સદરહુ નિયમોમાં, નમૂના ૧માં, પેરા-૧૯માં, "રાજપત્રિત અધિકારી" એ શબ્દો પછી, "અથવા કમિશનરે રાખેલી નમૂના ૫૧ માંની યાદીમાં જેનું નામ દાખલ કરેલું હોય તેવા વેચાણવેરા વ્યવસાયી અથવા એડવોકેટ" એ શબ્દો દાખલ કરવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એન. જોષી,
સરકારના સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી નવેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૩મી ઓક્ટોબર, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૬/૧૩૯/એસટીસી/૩૪૯૫/૪૫૨૩/ધ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE ROAD TRANSPORT CORPORATION ACT, 1950.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી ઓકટોબર, ૧૯૯૬.

ક્રમાંક : જી/જી/૯૬/૧૭૬/એસટીસી/૩૪૯૫/૪૫૨૩/ઘ.—સન ૧૯૮૦ના વર્ષ દરમિયાન ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન દ્વારા ઉભી કરેલી એક કરોડ દસ લાખની ખુલ્લા બજારની લોન ભરપાઈ કરવા માટે, ગૃહ વિભાગના તારીખ ૧૭-૧૦-૮૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૮૦/એસટીસી/૨૭૮૦/૩૧૨૯/ઠ, ૧ની રૂએ આપેલી બાંયધરી, ગુજરાત સરકાર, આથી, રદ કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

રક્ષા હાથી,
સેકશન અધિકારી.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૪થી નવેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૮૦/ડીવીપી--૨૨૯૫-૧૪૨૧-એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી નવેમ્બર, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૮૦/ડીવીપી-૨૨૯૫-૧૪૨૧-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૮૪/ડીવીપી-૨૨૮૮-૭૪૨-(૯૧)-એલ, હેઠળ મંજૂર કરેલ જામજોધપુર નગર માટે સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ સુધારેલી વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

અને, સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવા ધારેલો સૂચિત ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૧૮મી જૂન, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક-જીએચ/વી/૧૯૯૬નો ૮૮/ડીવીપી-૨૨૯૫-૧૪૨૧-એલ હેઠળ, તારીખ ૧૮મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪-બીના પાના ક્રમાંક ૧૨૪-૭ અને ૧૨૪-૮ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા કોઈ હોય તો તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને લેખિતમાં રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

INDEX

અને ગુજરાત સરકારને કોઈ સૂચનો અને વાંધા મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯૫ી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર સન ૧૯૯૬ના નવેમ્બર મહિનાની ૪થી તારીખથી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭મી માર્ચ, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧ના ૮૪૬ હીવીપી-૨૨૯૯-૭૪૨-(૯૧)-એચ થી મંજૂર કરેલ જામજોધપુર વિસ્તાર વિકાસ સત્તા મંડળની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

જામજોધપુર વિસ્તાર વિકાસ સત્તા મંડળની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરેલી અને આ સાથે જોડેલા પ્લાનમાં A B C D E F G H A તરીકે નિશાની કરીને દર્શાવેલ જામજોધપુરની મહેસૂલી સરવે નંબર ૪૩૩/ભાગ (૧૩૫૫૭ ચો. મી.)વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી. અને એ રીતે મુક્ત થયેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (૬) હેઠળ "શૈક્ષણિક અને તેની સાથે જોડાયેલી પ્રવૃત્તિઓ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૩૮/૧૯૯૬/એનટીઆર/૧૦૯૫/૩૬/ફ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

NOTARIES RULES, 1956.

નોટરી નિયમો, ૧૯૫૬ સંબંધી જાહેરનામુ

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી નવેમ્બર, ૧૯૯૬.

નોટરી નિયમો, ૧૯૫૬.

માંક : જીકે/૩૮/૧૯૯૬/અનટીઆર/૧૦૯૫/૩૬/ફ.—નોટરી નિયમો, ૧૯૫૬ના નિયમ—૪થ મળેલી સત્તાની રૂઇએ અને કાયદા વિભાગના તા. ૧૧મી જાન્યુઆરી, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૦૨/૧૯૯૬/એનટીઆર/૩૬-ફ રદ કરીને, ગુજરાત સરકાર આથી, ગુજરાત સરકારના કાયદા વિભાગના ઉપસચિવ શ્રી જે. આર. રમોને, સદરહુ નિયમોના હેતુ માટે સક્ષમ સત્તાધિકારી તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. જે. ધોળકીયા,
સરકારના સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/3

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, FEBRUARY 27, 1997/PHALGUNA 8, 1918 [No. 9

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તા. ૧–૧–૯૭ થી તા. ૩૧–૧–૯૭ દરમ્યાન પ્રસિદ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

અનુ. નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિદ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ–૯		
૧	૧	સન ૧૯૯૭નો વટહુકમ ક્રમાંક ૧	૧–૧–૯૭	વે. અને સં. બા. વિ.
૨	૨	ભા.એ. ૨૦ જીએચએન-૩૩-જીએસટી-૧૦૯૬-એસ(૪૯)(૨૯૮)-ઠ	૨૦-૧-૯૭	,,
૩	૩	ભા. એ. ૨૪/૨૧-૧-૯૭ જીએચયુ-૯૬(૪૯)-જીઆઇડી-૧૦૮૬-(૧)-૨૩૬૮-ગ-૧ ૧૯/૧૨/૯૬	૨૨-૧-૯૭	,,

જે. કે. દવે,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNL

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, MARCH 13, 1987/PHALGUNA 22, 1918 [No. 11

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૯મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૬નો ૧૧૪/ડીવીપી--૨૫૯૪/૩૦૨૫/એલ.—નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧લી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ નો -૧૧૪/ડીવીપી--૨૫૯૪/૩૦૨૫/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી જૂન, ૧૯૮૪ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી-૧૯૮૪--નો ૭૦/ડીવીપી--૨૫૮૦--૧૬૩૦--(૮૪)-એલ હેઠળ મંજૂર કરેલી વલસાડ નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ છેવટની સુધારેલી વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ફેરફાર કરવાનું જાહેર.હિતમાં જરુરી હતું;

અને, સદરહુ છેવટની વિકાસ યોજનાઓમાં કરવા ધારેલો સૂચિત ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ની પેટા કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેર ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૨૦/ડીવીપી-૨૫૯૪/૩૦૨૫/એલ હેઠળ તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૬ના ગુજરાત સરકારી અસાધારણ રાજપત્ર-ભાગ-૪-બીના પાના નંબર ૩૪/૧ થી ૩૪/૨ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ વ્યકિતને સૂચનો અથવા વાંધો હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના' અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેર ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિદ્ધ કરી હતી.

અને, ગુજરાત સરકારને કોઈ વાંધા અને સૂચનો મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મો)ની કલમ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ છેવટની સુધારેલી વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૬થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી જૂન, ૧૯૮૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૪નો ૭૦/ડીવીપી--૨૫૮૦--૧૬૩૦--(૮૪)--એલ થી મંજૂર કરેલ વલસાડ નગર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

(૧) વલસાડની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં "ધોબી ઘાટ" માટે અનામત રાખેલી, આ સાથે જોડેલા પ્લાન પર ABCDEA તરીકે નિશાની કરીને દર્શાવેલી વલસાડની મહેસૂલી સરવે નંબર ૪૧ પૈકી (સીટી સરવે નંબર ૨૯૫૫) વાળી જમીન, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ 'રહેણાંકનાં ઝોન' માટે મુકરર કરવી.

(૨) (ક) વલસાડની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં "ખુલ્લી જગા અને પોલીસ ચોકી" માટે અનામત રાખેલી, આ સાથે જોડેલા પ્લાન પર 'XYZX' તરીકે નિશાની કરીને દર્શાવેલી, વલસાડની સીટી સરવે નંબર ૪૪૮૮ પૈકી અને ૫૪૫ પૈકી વાળી જમીનો, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ 'રહેણાંકનાં ઝોન" માટે મુકરર કરવી.

(ખ) વલસાડની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં કૃષિ વિષયક ઝોન માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાન પર "OPQRSTUVWO" તરીકે નિશાની કરીને દર્શાવેલી, વલસાડની સીટી સરવે નંબર ૪૪૮૮ પૈકી વાળી જમીન, સદરહુ મુકરર કરેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકનાં ઝોન" માટે મુકરર કરવી.

INDEX

(ગ) વલસાડની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં અને આ સાથે જોડેલા પ્લાન પર 'AB' તરીકે નિશાની કરીને દર્શાવેલી સીટી સરવે નંબર ૪૪૮૮ અને ૪૪૫ માંથી પસાર થતો ૪૦' સૂચિત રસ્તો કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(ઘ) આ સાથે જોડેલા પ્લાન પર વલસાડની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં ' C--D ' તરીકે નિશાની કરીને દર્શાવેલી, સીટી સરવે નંબર ૪૪૮૮ માંથી પસાર થતો ૬૦' પહોળો સૂચિત રસ્તો, ૩૦' પહોળા રસ્તાની લાઈનદોરી સુધી ઘટાડવો અને એ રીતે મુકત કરેલ જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ (૧૨(૨)(ઘ) અને ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૩) (ક) આ સાથે જોડેલા પ્લાન પર 'G-H' તરીકે નિશાની કરીને દર્શાવેલી, સીટી સરવે નંબર ૨૩૮૦ ની દક્ષિણ હદ પરનો ૩૦' સૂચિત રસ્તો કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(ખ) આ સાથે જોડેલા પ્લાન પર વલસાડની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં 'a-b' તરીકે નિશાની કરીને દર્શાવેલી, સીટી. એસ. નંબર ૨૩૮૦ ની પૂર્વ હદ પરના ૪૦' પહોળો સૂચિત રસ્તો, ૩૦' પહોળા રસ્તાની લાઈનદોરી સુધી ઘટાડવો અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ઘ) અને ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(ગ) વલસાડની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં 'બગીચા' માટે અનામત રાખેલી, આ સાથે જોડેલા પ્લાન પર " edefe "તરીકે નિશાની કરીને દર્શાવેલી સીટી સરવે નંબર ૨૩૮૦ પૈકી વાળી જમીન, સદરહુ અનામતમાંળી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જુલાઈ, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી જૂન, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૦૮/ડીવીપી-૨૨૯૩-૨૬૯૧-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૦૮/ડીવીપી-૨૨૯૩-૨૬૯૧-એલ.—હિંમતનગર વિસ્તાર વિકાસ સત્તામંડળે (હિંમતનગર નગરપાલિકા, જિલ્લો સાબરકાંઠા) (જેનો આમાં હવે પછી "સદરહુ સત્તામંડળ" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ

INDEX

અધિનિયમ, ૧૯૭૬ (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૧૩ (૧)ની જોગવાઈઓ હેઠળ, પોતાની હદોની અંદર સમાવિષ્ટ જમીનોના સંબંધમાં સદરહુ અધિનિયમ હેઠળ સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કર્યો છે અને પ્રસિધ્ધ કર્યો છે અને સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા સંબંધી અને સૂચિત સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેર ખબર તારીખ ૧૯-૧૧-૧૯૯૨ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૨, પ્રકીર્ણ અને જાહેરાત વિભાગના પાના ૪૮૩ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવી હતી;

અને, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓ હેઠળ સદરહુ સત્તામંડળ, (નગરપાલિકાએ) રાજ્ય સરકારને મંજૂરી માટે રજુ કરેલ હતી તે સદરહુ સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફારો (જેનો આમાં હવે પછી, "સદરહુ ફેરફારો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કરવાનું ગુજરાત સરકારને જરૂરી લાગ્યું હતું;

અને, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા ખંડ (૨)ના પરંતુકથી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, સદરહુ ફેરફારો, તારીખ ૧લી માર્ચ, ૧૯૯૬ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ ૪-બીમાં, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧લી માર્ચ, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી-૧૯૯૬ના ૪૩/ડીવીપી-૨૨૯૩-૨૬૯૧-એચ હેઠળ પ્રસિધ્ધ કર્યા હતા અને સૂચિત ફેરફારો સંબંધી કોઈ વ્યકિતને કોઈ વાંધા અથવા સૂચનો હોય, તો તે, તારીખ ૧લી માર્ચ, ૧૯૯૬નું સદરહુ સરકારી જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને લેખિત રજૂ કરવા તેને જણાવ્યું હતું.

અને, ગુજરાત સરકારને, ઉપર્યુકત મુદતની અંદર સદરહુ ફેરફારોના સંબંધમાં, કોઈ સૂચનો અને વાંધા મળ્યા નથી,

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ગ)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર આથી,

(ક) સદરહુ ફેરફારોને આખરી સ્વરૂપ આપે છે.

(ખ) આ સાથે જોડેલી અનુસૂચિમાં એ રીતે આખરી સ્વરૂપ આપેલા અને જણાવ્યા પ્રમાણેના ફેરફારોને અધીન રહીને, સદરહુ સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો અને તેના વિનિયમો મંજૂર કરે છે; અને

(ગ) જે તારીખે છેવટની સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો અમલમાં આવશે તે તારીખ તરીકે તારીખ ૨૬/૭/૧૯૯૬ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

રાજ્ય સરકારે આખરી સ્વરૂપ આપ્યા પ્રમાણેની હિંમતનગર વિસ્તાર વિકાસ સત્તામંડળ (હિંમતનગર નગરપાલિકા)ની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંના ફેરફારો.

(૧) હિંમતનગર ની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં રજુ થયેલ, હિંમતનગર વિસ્તાર વિકાસ સત્તામંડળની હદની અંદર સમાવિષ્ટ કરેલ હોય તેમ, ભૂલથી દર્શાવેલ નથી તે હિંમતનગરની મહેસૂલી સર્વે નં. ૨૮૦/૧, ૨૮૦/૨, અને ૨૮૧વાળી જમીનો, હિંમતનગર વિસ્તાર વિકાસ સત્તામંડળની હદની અંદર સમાવિષ્ટ કરેલી છે તેમ દર્શાવેલ હોય એમ ગણવું અને આ સાથે જોડેલ પ્લાન પર અનુક્રમાંક ૧ પર દર્શાવ્યા પ્રમાણે આ રીતે સમાવિષ્ટ દર્શાવેલ જમીનો સદરહુ અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૨) મોતીપુરાના મહેસૂલી સર્વે નંબર ૧૨માંથી પસાર થતો વિધમાન ૩૦.૦૦ મીટર પહોળો ઉપ માર્ગ વિધમાન જમીન ઉપયોગ પ્લાનમાં દર્શાવવો અને આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક ૨ પર દર્શાવ્યા પ્રમાણે, હિંમતનગરની સુધારેલી વિકાસ યોજના મુસદ્દાની સૂચિત જમીન વિકાસ યોજનામાં દર્શાવવો.

(૩) હિંમતનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદામાં મોતીપુરાની સર્વે નંબર ૨૧ અને ૬૩માંથી પસાર થતો ૧૨ મીટર પહોળો રસ્તો, સદરહુ અધિનિયમની કલમ ૧૨ (૨) (ધ) હેઠળ આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક ૩ ઉપર દર્શાવ્યા પ્રમાણે ૧૮.૦૦ મીટર પહોળો સૂચિત કરવો.

(૪) હિંમતનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં અનુક્રમાંક ૧૫, ૧૪, ૪૧ અને અનુક્રમાંક ૫૪, ૫૩, ૩૮ અને ૪૦ની ઉત્તર દિશામાંથી પસાર થતો ૧૮.૦૦ મીટર પહોળો રસ્તો, સદરહુ અધિનિયમની કલમ ૧૨(૨) (ધ) હેઠળ આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક ૪ ઉપર દર્શાવ્યા પ્રમાણે ૩૦.૦૦ મીટર પહોળા રસ્તા તરીકે સૂચિત કરવો.

(૫) હિંમતનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં રહેણાંકના ઝોન તરીકે મુકરર કરેલી, હિંમતનગરની મહેસૂલી સર્વે નં. ૧૧૮/ પૈકી વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાન ક્રમાંક ૫ પર દર્શાવ્યા પ્રમાણે સદરહુ અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "વાણિજ્યક ઝોન" માટે મુકરર કરવી.

INDEX

(૬) હિંમતનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "વાણિજ્યિક ઝોન" અને "રહેણાંકના ઝોન" તરીકે મુકરર કરેલી, મોતીપુરાની મહેસૂલી સર્વે નંબર ૨૭, ૨૮, ૨૯, ૩૦, ૩૧, અને ૩૩ હિંમતનગરની મહેસૂલી સર્વે નંબર ૨૪, ૩૪/પૈકી અને ૩૧ વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક ૬ પર દર્શાવ્યા પ્રમાણે સદરહુ અધિનિયમની કલમ-૧૨ (૨) (ક) હેઠળ "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરવી.

(૭) હિંમતનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "રહેણાંકના ઝોન" તરીકે મુકરર કરેલી, મોતીપુરાની મહેસૂલી સર્વે નંબર ૧૪/પૈકી વાળી જમીન, સદરહુ ઝોનમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક ૭ પર દર્શાવ્યા પ્રમાણે સદરહુ અધિનિયમની કલમ-૧૨ (૨) (ક) હેઠળ "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરવી.

(૮) હિંમતનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "રહેણાંકના ઝોન" તરીકે મુકરર કરેલી, હાથમતી નદીની પુર્વ સરહદે આવેલ મોતીપુરાની મહેસૂલી સર્વે નંબર ૧૦/૨ પૈકી વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક ૮ પર દર્શાવ્યા પ્રમાણે સદરહુ અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "કબ્રસ્તાન/સ્મશાન" માટે મુકરર કરવી.

(૯) હિંમતનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ" માટે અનામત રાખેલી હિંમતનગરની મહેસૂલી સર્વે નંબર ૩/પી, ૪/પી, ૫/પી, ૬/પી, અને ૧૧૩/પીવાળી જમીનો સદરહુ અનામતમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક ૯ (૧) અને ૯-(૨) પર દર્શાવ્યા પ્રમાણે સદરહુ અધિનિયમની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૧૦) હિંમતનગરની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં "રહેણાંકના ઝોન" તરીકે મુકરર કરેલી ઉત્તર, પશ્ચિમ અને દક્ષિણ સરહદ પરના સૂચિત ૧૮.૦૦ મીટર પહોળા રસ્તાની હદથી બંધાયેલ હિંમતનગરની મહેસૂલી સર્વે નંબર ૧૧૩/પી, ૧૧૨/પી, ૧૨૧/પી અને ૯૨/પી વાળી જમીન સદરહુ ઝોનમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, આ સાથે જોડેલા પ્લાન ઉપર અનુક્રમાંક ૧૦ પર દર્શાવ્યા પ્રમાણે સદરહુ અધિનિયમની કલમ-૧૨ (૨) (ડ) હેઠળ "ગુજરાત ગૃહનિર્માણ બોર્ડ" માટે અનામત રાખવી.

(૧૧) અહેવાલનાં પાના નંબર ૪૦ ઉપર સુધારેલી વિકાસ યોજના મુસદ્દા દસ્તાવેજોમાં, સૂચિત જમીન ઉપયોગ દર્શાવતા પત્રકને બદલે નીચેનું પત્રક મૂકવું :—

અ.નુ. નં.	ઉપયોગ	વિસ્તાર હેકટર ચો.મી.	ટકાવારી વિકસિત વિસ્તારની ટકાવારી		કુલ વિસ્તારની ટકાવારી
૧	૨	૩		૪	૫
૧.	રહેણાંક ઝોન ગામતળ	૨૭૩.૫૯ ૨૪૯.૯૮	૫૨૩.૫૭	૬૯.૭૩	૫૯.૩૬
૨.	વાણિજ્યિક ઝોન	૪૩.૫૭		૫.૮૦	૪.૯૪
૩.	ઔદ્યોગિક ઝોન	૭૦.૩૬		૯.૩૭	૭.૯૮
૪.	વિદ્યમાન અને સૂચિત રસ્તો	૮૬.૩૩૫૧		૧૧.૫૦	૯.૭૯
૫.	કબ્રસ્તાન	૧.૭૬		૦.૨૩	૦.૨૭
૬.	(ક) રેલવે પટ્ટી	૧૦.૭૮૪૯		૧.૪૪	૧.૨૨
	(ખ) જાહેર સેવા અને ઉપયોગ	૬.૮૫		૦.૯૧	૦.૭૮
	(ગ) જાહેર હેતુ	૭.૬૪		૧.૦૨	૦.૮૭
	કુલ વિકસિત વિસ્તાર :	૭૫૦.૮૭૦૦		૧૦૦.૦૦%	
૭.	નદી માર્ગ	૬૯.૨૦			૭.૮૪
૮.	કૃષિ વિસ્તાર	૬૧.૯૩			૭.૦૨
		૮૮૨.૦૦			૧૦૦.૦૦

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨જી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી ઓકટોબર, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૯૬/૧૮૩/એમટીએ/૧૭૯૩/૨૩૪૪/ખ અને જીજી/૯૬/૧૮૪/એમટીએ/૧૭૯૩/૨૩૪૪/ખ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ

Notification

under

THE BOMBAY MOTOR VEHICLES TAX ACT, 1958.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩૦મી ઓકટોબર, ૧૯૯૬.

મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮

ક્રમાંક : જીજી/૯૬/૧૮૩/એમટીએ/૧૭૯૩/૨૩૪૪/ખ.—મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ના નિયમ-૧૬-કના ખંડ (૧) સાથે વાંચતા, મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૧૩ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલ અનુસૂચિના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલા "શ્રી રામ કિષ્ણ આશ્રમ, રાજકોટ"ની માલિકીના સખાવતી ઉદ્દેશ સાધવા માટે ઉપયોગમાં લેવાના હોય અથવા ઉપયોગ કરવા માટે રાખેલ હોય તે વર્ગના મોટર વાહનોને, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવે તેમ તે મોટર વાહનો, ઉપર્યુકત ઉદ્દેશ સાધવા માટે, ઉપયોગમાં લેવાનું અથવા ઉપયોગ કરવા માટે રાખવાનું ચાલુ રાખવામાં આવે ત્યાં સુધી, વેરો ભરવામાંથી સંપૂર્ણત: મુકિત આપે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	મોટર વાહનનો વર્ગ	રજીસ્ટ્રેશન ચિહ્ન.
૧	૨	૩
૧.	મીની બસ (એલપીવી બેઠક ક્ષમતા ૧૭+૧)	જીજે. ૩ ટી. ૯૯૭૧
૨.	ગેટાડોર (બજાજ ટેમ્પો-બેઠક ક્ષમતા ૯)	જીજે. ૩ કે ૯૪
૩.	જીપ ટ્રેઈલર	જીજે. ૩ યુ. ૨૦૮૩

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપસચિવ.
ગૃહ વિભાગ.

Notification

under

THE GUJARAT CARRIAGE OF GOODS TAXATION ACT, 1962.

ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩૦મી ઓકટોબર, ૧૯૯૬.

ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨.

ક્રમાંક : જીજી/૯૬/૧૮૪/એમટીએ/૧૭૯૩/૨૩૪૪/ખ.—ગુજરાત માલ હેરફેર વેરા અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨ના ગુજરાતના ૩૩મા)ની કલમ ૩૧ની પેટા-કલમ (૧)ના ખંડ (૧) (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, શ્રી રામકૃષ્ણ આશ્રમ, રાજકોટ દ્વારા અથવા તેમના વતી સખાવતી ઉદ્દેશ સાધવા માટે, રજિસ્ટ્રેશન નંબર જી. જે. ૩ યુ. ૨૦૮૩ ધરાવતું જીપ ટેઈલર માલ વાહનમાં કરાતી માલની હેરફેર ઉપર, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી અમલમાં આવે તેમ, આવું મોટર વાહન ઉપર્યુકત ઉદ્દેશ સાધવા માટે, ઉપયોગમાં લેવાનું અથવા ઉપયોગ કરવા માટે રાખવાનું ચાલુ રાખવામાં આવે ત્યાં સુધી, વેરો ભરવામાંથી સંપૂર્ણત: મુકિત આપે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. અસ. પાટડીયા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૭૧/ડીવીપી/૧૨૯૪/૪૦૩૬/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ઓકટોબર, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૭૧/ડીવીપી/૧૨૯૪/૪૦૩૬/એલ.—વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે (જેનો આમાં હવે પછી, "સદરહુ શહેરી વિકાસ સત્તા મંડળ" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની જોગવાઈઓ હેઠળ વડોદરા શહેરી વિકાસ વિસ્તારમાં સમાવિષ્ટ કરેલી જમીનોના સંબંધમાં, સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) તૈયાર કર્યો હતો અને સુધારેલી વિકાસ યોજનાનાં મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી સદરહુ સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દા પ્રસિધ્ધ કરવા સંબંધી અધિનિયમની કલમ-૧૩ હેઠળની નોટિસ તારીખ ૧૧મી નવેમ્બર, ૧૯૯૩ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ-૨માં પાના નં. ૮૪ અને ૮૫ પર પ્રસિધ્ધ કરવામાં આવી હતી;

INDEX

અને, સદરહુ શહેરી વિકાસ સત્તામંડળે, સૂચિત ફેરફારના સંબંધમાં કોઈપણ વ્યકિત તરફથી સૂચનો અથવા વાંધા મંગાવતી અધિનિયમના કલમ-૧૫ હેઠળ નોટિસથી સદરહુ શહેરી વિકાસ સત્તામંડળની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંના ફેરફારો પ્રસિધ્ધ કર્યા હતા;

અને, સદરહુ શહેરી વિકાસ સત્તામંડળે સદરહુ શહેરી વિકાસ વિસ્તારની સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દા અધિનિયમની કલમ-૧૬ હેઠળ ગુજરાત સરકારને મંજૂરી માટે સાદર કર્યો છે;

અને, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓ હેઠળ સદરહુ શહેરી વિકાસ સત્તામંડળે રાજ્ય સરકારને મંજૂરી માટે સાદર કરેલી સદરહુ સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંના ફેરફારો (જેનો આમાં હવે પછી, "સદરહુ ફેરફારો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કરવાનું ગુજરાત સરકારને જરૂરી જણાયું હતું;

અને, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૨)ના પરંતુકથી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૯મી માર્ચ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૩૮/ડીવીપી/૧૨૯૪/૪૦૩૬/એલ હેઠળ સદરહુ ફેરફારો તારીખ ૯મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ-૪-બીના પાના ૩૭-૧ અને ૩૭-૨ પર પ્રસિધ્ધ કર્યા હતા અને સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ વ્યકિતને વાંધા અથવા સૂચનો હોય તો તે, મંગાવીને તારીખ ૯મી માર્ચ, ૧૯૯૫નું સદરહુ સરકારી જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને લેખિતમાં રજૂ કરવા ફરમાવ્યું હતું;

અને, ગુજરાત સરકારે, સદરહુ ફેરફારોના સંબંધમાં પોતાને મળેલા સૂચનો અથવા વાંધા વિચારણામાં લીધા છે;

અને, માનનીય ગુજરાત હાઈકોર્ટે, સંબંધિત અરજદારોને રાજ્ય સરકાર સમક્ષ રજૂઆત કરવા માટે આદેશો સહિત હુકમો ખાસ દીવાની અરજીમાં કરેલ છે;

અને રાજ્ય સરકારે, સદરહુ કેસોમાં રજૂઆતો મેળવી છે;

અને, ગુજરાત સરકારે, માનનીય ગુજરાત હાઈકોર્ટે આપેલા આદેશો પ્રમાણે કાયદા અનુસાર મળેલી રજૂઆતોની વિચારણા કરી છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ગ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) સદરહુ ફેરફારોને આખરી સ્વરૂપ આપે છે;

(ખ) એ રીતે આખરી સ્વરૂપ આપેલ અને આ સાથે જોડેલ અનુસૂચિમાં જણાવેલા ફેરફારોને અધીન રહીને, સદરહુ સુધારેલી વિકાસ યોજના અને તેના વિનિયમો મંજૂર કરે છે; અને

(ગ) છેવટની સુધારેલી વિકાસ યોજના અમલમાં આવવાની તારીખ તરીકે સન ૧૯૯૬ના નવેમ્બર મહિનાની ૨૬મી તારીખ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

રાજ્ય સરકારે આખરી સ્વરૂપ આપ્યા પ્રમાણેની વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ (વુડા)ની શહેરી વિસ્તારની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંના આખરી ફેરફારો,

---

(૧) સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો, ૧૯૯૪ના, પાના નં. ૫૬ પર, વિનિમય ક્રમાંક: ૧૧. ૧.૫માં પેટા-ખંડ (૯) કમી કરવો.

(૨) સામાન્ય વિકાસ નિયંત્રણ વિનિયમો, ૧૯૯૪માં, પાના નં. ૫૯ અને ૬૦ પર વિનિયમ ક્રમાંક ૧૧.૪.૫ કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૯મી ઓકટોબર, ૧૯૯૬ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૨૮/વીબીએન-૩૪૯૫-૨૨૪૬-૪૩-ચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYAT ACT, 1993

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ઓકટોબર, ૧૯૯૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫નો ૨૮/વીબીએન-૩૪૯૫-૨૨૪૬-૪૩-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, હિંમતનગર અને જિલ્લા પંચાયત, સાબરકાંઠા સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી:—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	હિંમતનગર	ડેરોલ	૧. ડેરોલ (મહેસૂલી ગામ)		૧. ડેરોલ	૧. (૧) ડેરોલ (મહેસૂલી ગામ)
			૨. રામગઢ (ડેરોલ) (પેટાપરા)			(૨) રામગઢ (ડેરોલ) (પેટાપરા)
			૩. નવાનગર (મહેસૂલી ગામ)	નવાનગર (મહેસૂલી ગામ)	૨. નવાનગર	૨. નવાનગર (મહેસૂલી ગામ)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટનાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૯મી ઓક્ટોબર, ૧૯૯૬ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: કેપી/૧૯૯૫પનો ૯-બી/બી/એન-૩૫૯૪-૨૭૯૮-૧૦૬-ચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ માટે પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYAT ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ઓક્ટોબર, ૧૯૯૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૫પનો ૯-બી/બી/એન-૩૫૯૪-૨૭૯૮-૧૦૬-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના, ૧૮મા)ની કલમ—૭૩ની મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત ઓલપાડ અને જિલ્લા પંચાયત સુરત સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી:—

(૧) અનુસૂચિના કોલમ—૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ—૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ—૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ—૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

ક્રમાંક	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લેવામાં આવેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત કરવામાં આવેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લેવામાં આવેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	ઓલપાડ	જોઠાણ	૧. જોઠાણ મહેસૂલી ગામ.		૧. જોઠાણ	૧. જોઠાણ મહેસૂલી ગામ.
			૨. તલાદ મહેસૂલી ગામ.	૧. તલાદ મહેસૂલી ગામ.	૨. તલાદ	૨. તલાદ મહેસૂલી ગામ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૪થી નવેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી હુકમ ક્રમાંક જીએચ/એલ/૪૧/ડીએનએસ/૧૦૯૬/૧૬૨૪/એમનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડિયા,
સરકારના નાયબ સચિવ.

Order

under

THE BOMBAY PROHIBITION ACT, 1949.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ હેઠળ હુકમ.

સમાજ કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૪થી નવેમ્બર, ૧૯૯૬.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/અલ/૪૧/ડીએનએસ/૧૦૯૬/૧૬૨૪/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા) પેટા-કલમ ૧૩૯ના ખંડ (ઘ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, સમાજ કલ્યાણ વિભાગના તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૫ના સરકારી હુકમ ક્રમાંક : જીએચ/એસએચ/૧૧૦૦/બીપીએ/૧૧૬૫/૬૦૯૬૮/ડીએચ (જેનો આમાં હવે પછી સદરહુ હુકમ તરીકે ઉલ્લેખ કર્યો છે તે) નીચે પ્રમાણે સુધારે છે :—

સદરહુ હુકમની સાથે જોડેલા કોષ્ટકમાં, અનુ માંક ૩૦ પરની નોંધ પછી, નીચેનો મજકૂર, કોલમ નં. ૧, ૨ અને ૩માં અનુક્રમે દાખલ કરવો.

૩૧.	મેલ્ડ પેઈન્ટ નંબર એસ ૨૨, ૫૫ અને ૧૦૧.	મેસર્સ ફિનકાસ્ટ ફાઉન્ડ્રી ફ્લક્સ કંપની, પ્લોટ નં. ૩૯૩, જી. આઈ. ડી. સી., ઓઢવ, અમદાવાદ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ એસ. રાઠોડ,
ગુજરાત સરકારના ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૪થી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધિ થયેલા તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી હુકમ ક્રમાંક: જીએચ/એલ/૪૨/એમટીપી/૧૦૯૬-૮૪૭-એમ, નો ગુરાજતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Order

Under

THE MEDICINAL AND TOILET PREPARATION (E.D.) ACT, 1955.

ઔષધીય અને પ્રસાધનની બનાવટો (આબકારી જકાત) અધિનિયમ, ૧૯૫૫ હેઠળ હુકમ.

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી નવેમ્બર, ૧૯૯૬:

ઔષધીય અને પ્રસાધનની બનાવટો (આબકારી જકાત) અધિનિયમ, ૧૯૫૫.

ક્રમાંક : જીએય/એલ/૪૨/એમટીપી/૧૦૯૬/૮૪૭/એમ.—સમાજ કલ્યાણ વિભાગના તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૬ના સરકારી હુકમ ક્રમાંક : જીએચ/એલ/૩૦/એમટીપી/૧૦૯૬/૮૪૭/એમમાં, હાંસિયામાં લખેલા "મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯" એ શબ્દોને બદલે, "ઔષધીય અને પ્રસાધનની બનાવટો (આબકારી જકાત) અધિનિયમ, ૧૯૫૫" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
ગુજરાત સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૫મી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૭મી નવેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૬/૧૯૨/એમવીઆર/૧૫૯૬/૨૧૪૫/ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી નવેમ્બર, ૧૯૯૬.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૬/૧૯૨/એમવીઆર/૧૫૯૬/૨૧૪૫/ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ—૧૨૯ના બીજા પરંતુક હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ—૨૧૨ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે સદરહુ મુસદ્દો, આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા ત્યાર પછી ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

૨. ઉપર્યુક્ત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈપણ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, ગૃહ વિભાગ (વાહન વ્યવહાર), સચિવાલય, ગાંધીનગરને જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જી/જી/૯૬/૧૯૨/એમવીઆર/૧૫૯૬/૨૧૪૫/ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ—૧૨૯ના બીજા પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે તેને અખત્યાર આપતી બીજી તમામ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:—

INDEX

૧. આ નિયમો ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૬ કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ-૧૯૩માં,-

(ક) ખંડ (ખ)માં, "૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૫" એ આંકડા, અક્ષરો અને શબ્દોને બદલે, "૩૧મી ડિસેમ્બર, ૧૯૯૬" એ આંકડા, અક્ષરો અને શબ્દો મૂકવા

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૭મી નવેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૬નો ૧૮૨/ડીવીપી-૨૮૯૩-૩૩૧૮-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી નવેમ્બર, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૬નો ૧૮૨/ડીવીપી-૨૮૯૩-૩૩૧૮-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૨નો ૨૪૩/ડીવીપી/૨૮૯૧/૧૮૮૩-(૯૩)-એલ હેઠળ મંજૂર કરેલ લીંબડી નગર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની, કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી.—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુક્ત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધાર છે; અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો, તે આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગર—ને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૩મી નવેમ્બર, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૨નો ૨૪૩/ડીવીપી/૨૮૯૧/૧૮૮૩/(૯૩)-એલથી મંજૂર કરેલી લીંબડીની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

૧. મંજૂર કરેલી વિકાસ યોજનામાં વિકાસ નિયંત્રણ વિનિયોગમાં, વિનિયમ ક્રમાંક ૬.૨ કમી કરવો અને તેને બદલે નીચેનો મજકૂર મૂકવો.

INDEX

"૬.૨. પ્લોટનું ક્ષેત્રફળ ૧૨૫ ચોરસ મીટર કરતાં ઓછું હોય તો વધુમાં વધુ બાંધકામ વિસ્તાર મકાન પ્લોટના ૧૦૦ ટકા જેટલો હોવો જોઈએ પરંતુ જ્યાં ૧૨૫ ચોરસ મીટર કરતાં પ્લોટનું ક્ષેત્રફળ વધારે હોય ત્યાં પ્લોટની આગળ પ્લોટનું ક્ષેત્રફળ ૨૫ ટકા જેટલું ખુલ્લું રાખવું જોઈશે.

૨. મંજૂર કરેલી વિકાસ યોજનામાં વિકાસ નિયંત્રણ વિનિયમોમાં, પાના નં. ૧૨ પરના, વિનિયમ ક્રમાંક ૭-ખ(૪)માંનું કોષ્ટક કમી કરવું અને તેને બદલે નીચેનું કોષ્ટક મૂકવું:—

અનુ-ક્રમાંક	પ્લોટનું ક્ષેત્રફળ ચોરસ-મિટરમાં	પ્લોટનું ઓછામાં ઓછું માપ મિટરમાં	પરવાનગીપાત્ર વધુમાં વધુ બાંધકામ વિસ્તાર	ખુલ્લો માર્જિન			વિશેષ નોંધ.
				આગળનો ખુલ્લો માર્જિન મિટરમાં.	પાછળનો માર્જિન ચોરસ મિટરમાં.	બાજુનો માર્જિન ચોરસ મીટરમાં.	
૧	૨	૩	૪	૫	૬	૭	૮
૧.	૨૫ થી ૫૦	૩.૦	૬૦ ટકા	૧.૦૦	૧.૦૦	...	
૨.	૫૦ થી ૧૦૦	૫.૦	૬૦ ટકા	૨.૫	૧.૫	...	
૩.	૧૦૦ થી ૨૦૦	૮.૦	૫૦ ટકા	૩.૦	૨.૦	૨.૫ (કોઈ એક બાજુ)	
૪.	૨૦૦ થી ૪૦૦	૧૦.૦	૪૦ ટકા	૪.૫	૩.૦	૩.૦ (કોઈ એક બાજુએ)	
૫.	૪૦૦ થી વધુ.	૧૨.૦	૪૦ ટકા	૪.૫	૬.૦	૩.૦ (બન્ને બાજુએ)	

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨જી નવેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૬નો ૬૭/વીબીએન-૩૧૯૪-૨૬૯૧-૧-ચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

સચિવાલય, ગાંધીનગર, ૨૭ નવેમ્બર, ૧૯૯૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૬ નો ૬૭/વીબીએન/૩૧૯૪/૨૬૯૭/૧/ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત ખેરાળુ અને જિલ્લા પંચાયત, મહેસાણા સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી:—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલાં વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	ખેરાળુ	(૧) મોટા-કોઠાસણા	(૧) મોટા-કોઠાસણા મહેસૂલી ગામ		(૧) મોટા-કોઠાસણા ૧.	(૧) મોટા-કોઠાસણા મહેસૂલી ગામ
			(૨) સાંતોલા મહેસૂલી ગામ			(૨) સાંતોલા મહેસૂલી ગામ
			(૩) અજબપુરા મહેસૂલી ગામ			(૩) અજબપુરા મહેસૂલી ગામ
			(૪) નાના કોઠાસણા. મહેસૂલી ગામ			(૪) નાના કોઠાસણા મહેસૂલી ગામ
			(૫) વાંસડા મહેસૂલી ગામ			(૫) વાંસડા મહેસૂલી ગામ
			(૬) કુબડા મહેસૂલી ગામ	(૧) કુબડી મહેસૂલી ગામ	૨. કુબડા	૨. કુબડી મહેસૂલી ગામ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી નવેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૮૪/ડીવીપી/૨૭૯૫-૩૧૧૪/એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી નવેમ્બર, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક. જીએચ/વી/૧૯૯૬નો ૧૮૪/ડીવીપી/૨૭૯૫/૩૧૧૪/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૮મી ઓકટોબર, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૮૬નો ૧૭૪-ડીવીપી-૨૭૮૧-૩૯૩૩-(૮૬)-એલ હેઠળ મંજૂર કરેલ, માણસા વિસ્તાર વિકાસ સત્તામંડળની વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલા ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૦મી મે, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૭૩/ડીવીપી-૨૭૯૫-૩૧૧૪-એલ હેઠળ, તારીખ ૩૦મી મે, ૧૯૯૬ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪-બીના પાના નંબર ૧૧૫-૧ અને ૧૧૫-૨ પર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રૂબરૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારને, સૂચિત ફેરફારના સંબંધમાં કોઈપણ સૂચનો કે વાંધા મળ્યા નથી

અને ગુજરાત સરકારે માણસા વિસ્તાર વિકાસ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ યોજનામાં કરવાના સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાના ફેરફાર, તારીખ ૨૯મી નવેમ્બર, ૧૯૯૬થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૮મી ઓકટોબર, ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૬નો ૧૭૪/ડીવીપી/૨૭૮૧/૩૯૩૩/(૮૬)-એલ,થી મંજૂર કરેલ માણસાની વિકાસ યોજનામાંનો ફેરફાર.

માણસાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરેલી, આ સાથે જોડેલા પ્લાનમાં "ABCDEFA" તરીકે નિશાની કરીને દર્શાવેલ માણસાની મહેસૂલી સર્વે નં. ૯૨૧ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુક્ત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૧૮૯/૯૬/એસટીસી/૧૦૯૬/૨૮૨૬/ધ--નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE ROAD TRANSPORT CORPORATION AUT, 1950.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી નવેમ્બર, ૧૯૯૬.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦.

ક્રમાંક જી/જી/૧૮૯/૯૬/એસટીસી/૧૦૯૬/૨૮૨૬/ધ.—ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન નિયમો ૧૯૭૧ના નિયમ ૩ સાથે વાંચતા, માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના ૬૪મા)ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને ગૃહ વિભાગના તારીખ ૩૧મી મે, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૧૨૧/૯૫/એસટીસી/૧૦૯૫/૧૨૯૪/ધ અનુસાર ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૦નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીજી/૮૪/૯૦/એસટીસી/૧૦૮૭/૫૪૧/ધ (જેનો આમાં હવે પછી મુખ્ય જાહેરનામા તરીકે ઉલ્લેખ કર્યો છે તે) સુધારે છે.

મુખ્ય જાહેરનામામાં, પરિચ્છેદ (ખખ) પછી, તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૬થી અમલમાં આવે તેમ, બિન-સરકારી નિયામકોની નિમણૂક માટે નીચેના નામો ઉમેરવા.

(૪) શ્રી કરણસિંહ નરપતસિંહ રાજ વિધાનસભાના સભ્ય મુકામ અને પોસ્ટ કોઠારા, તા. ડભોઈ, જિલ્લો. વડોદરા.	નિયામક
(૫) શ્રી રામજીભાઈ જીવાભાઈ પરમાર વિધાનસભાના સભ્ય, સોનબાગ, વણકરવાસ, પાલનપુર, જિલ્લો-બનાસકાંઠા.	નિયામક
(૬) શ્રી કેશુભાઈ ડી. શાહ બ્લોક નં. ૧૦-બી, રાજેન્દ્ર કોલોની, મહેસાણા રોડ, વિસનગર, જિલ્લો-મહેસાણા.	નિયામક
(૭) શ્રી અમરસિંહ તેજાભાઈ મકવાણા સદ્‌ગુરુધામ બી-૧૦૧, પારેવડી ચોક, બેડીપરા, રાજકોટ.	નિયામક

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. એમ. ચૌહાણ,
સરકારના સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૬/૧૮૬/એમવીએ/૧૦૯૫/૪૫/ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, HOME DEPARTMENT NO. G/G/96/37/MVA/1095/45/KH, dated the 16TH APRIL, 1996.

ગૃહ વિભાગનું તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૯૬નું સરકારી જાહેરનામું

ક્રમાંક : જી/જી/૯૬/૩૭/એમવીએ/૧૦૯૫/૪૫/ખ. સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી નવેમ્બર, ૧૯૯૬.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૬/૧૪૬/એમવીએ/૧૦૯૫/૪૫/ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૨૦૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રુએ અને આ અર્થે તેને અખત્યાર આપતી બીજી તમામ સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૯૬નું સરકારી જાહેરનામું ક્રમાંક : જી/જી/૯૬/૩૭/એમવીએ/૧૦૯૫/૪૫/ખ, નીચે પ્રમાણે સુધારે છે :—

સદરહુ જાહેરનામામાં, તેને જોડેલી અનુસૂચિમાં, કોલમ ૨ અને ૩માં, કલમ ૧૯૪(૧) નીચેની બાબત (ધ)ને બદલે, નીચેનો મજકૂર મકવો.—

સત્તા વાપરી શકે તે અધિકારીઓ	ગુનાના સંક્ષિપ્ત વર્ણન સાથે કલમ.	રકમ રૂા. માં
(૧)	(૨)	(૩)
	(ધ) કલમ ૧૧૩ (૩) (ખ) હેઠળ ભાર લાદેલ વાહનનું વજન.	
	(૧) ૫૦૦ કિ. ગ્રા. અથવા તેના ભાગના અતિભાર લાદેલ વાહનના માલિકોના કિસ્સામાં.	૧૫૦.૦૦
	(૨) ૫૦૦ કિ. ગ્રા. અથવા તેના ભાગના અતિભાર લાદેલ વાહનના ડ્રાઈવરોના કિસ્સામાં.	૫૦.૦૦

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. એસ. પાટડીયા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી ડિસેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/કેપી/૧૯૯૬નો ૭૮/આરએચબી/૧૦૯૫/૧૫૮૪/વી, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT RURAL HOUSING BOARD ACT, 1972.

ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ જાહેરનામું.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૯મી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૭૨.

ક્રમાંક જીએચ/કેપી/૧૯૯૬નો ૭૮/આરએચબી/૧૦૯૫/૧૫૮૪/વી.—ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૭૨ (સન ૧૯૭૨ના ગુજરાતના ૨૨મા)ની કલમ ૮ની પેટા-કલમ (૧) સાથે વાંચતા, કલમ ૧૦ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડના અધ્યક્ષ શ્રી જેઠાલાલ માધવલાલ સોનીને બદલે, વધુ હુકમો ન થાય ત્યાં સુધી, શ્રી પુરુષોત્તમ ભાઈ સોલંકીને ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગરના અધ્યક્ષ તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

કે. ડી. ચક્રેડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨જી ડિસેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામાં ક્રમાંક : જીએચએમ/૯૬/૪૯/એમ/એસટીપી/૧૦૯૫/૧૯૩૫/હ-૧, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT STAMP RULES, 1978.

ગુજરાત સ્ટેમ્પ નિયમો, ૧૯૭૮ સુધારવા સંબંધી જાહેરનામું.

મહેસૂલ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨જી ડિસેમ્બર, ૧૯૯૬.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચએમ/૯૬/૪૯/એમ/એસટીપી/૧૦૯૫/૧૯૩૫/હ-૧.—મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા)ની કલમ ૭૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સ્ટેમ્પ નિયમો, ૧૯૭૮ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો ગુજરાત સ્ટેમ્પ (સુધારા) નિયમો, ૧૯૯૬ કહેવાશે.

૨. ગુજરાત સ્ટેમ્પ નિયમો, ૧૯૭૮માં, નિયમ ૧૯માં, બાબત (ચ) માં, "છાપેલી નકલો" એ શબ્દોને બદલે, "છાપેલી નકલો, કોમ્પ્યુટર નકલો" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. ડી. ભટ્ટ,
સરકારના ઉપસચિવ.
મહેસૂલ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૮મી નવેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ/૧૦/એમએલએસ/૧૦૯૦/૫૫૭/(૯૬)/એમ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE BOMBAY MOLASSES RULES, 1955.

મુંબઈ કાકવી નિયમો, ૧૯૫૫ સુધારવા સંબંધી જાહેરનામું

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી નવેમ્બર, ૧૯૯૬.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૧૦/એમએલએસ/૧૦૯૦/૫૫૭/(૯૬)/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૧૪૩ની પેટા-કલમ (૧) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ ૧૪૩ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓને જાણ સારૂં પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી ગુજરાત સરકાર સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પુરી થતાં પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી, નશાબંધી અને આબકારી નિયામક, ગુજરાત રાજ્ય, ઓ/૨, ન્યુમેન્ટલ હોસ્પિટલ બિલ્ડીંગ, અસારવા, અમદાવાદ-૩૮૦૦૧૬ને જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો,

ક્રમાંક જીએચ/એલ/ /એમએલએસ/૧૦૯૦/૫૫૭/(૯૬)/એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના ૨૫મા)ની કલમ ૧૪૩ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ કાકવી નિયમો, ૧૯૫૫ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો મુંબઈ કાકવી (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૬ કહેવાશે.

૨. મુંબઈ કાકવી નિયમો, ૧૯૫૫માં, નિયમ ૨૧માં, પેટા-નિયમ (૧)માં, "૧૦ મેટ્રિક ટન કરતાં વધે" એ શબ્દો અને આંકડાને બદલે, "પાંચ મેટ્રિક ટન કરતાં વધે" એ શબ્દો મકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાદોડ,
સરકારના ઉપસચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR.

INDEX

REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, MARCH 20, 1997/PHALGUNA 29, 1918 [No. 12

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૯૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/સન ૧૯૯૬નો ૧૭૨/ડીવીપી/૧૮૯૪/૩૩૦૯/એલ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ઓક્ટોબર, ૧૯૯૬.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/સન ૧૯૯૬નો ૧૭૨/ડીવીપી/૧૮૯૪/૩૩૦૯/એલ.—નડિયાદ નગરપાલિકા (જિલ્લો—ખેડા) (જેનો આમાં હવે પછી, "સદરહુ નગરપાલિકા" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) પોતાની નગરપાલિકાની હદોની અંદર સમાવિષ્ટ જમીનોના સંબંધમાં, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની જોગવાઈઓ હેઠળ, દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કર્યો છે અને સદરહુ વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિદ્ધ કરવા સંબંધી અને સૂચિત વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેરખબર, તારીખ ૫મી નવેમ્બર, ૧૯૯૨ના ગુજરાત રાજ્યપત્ર, ભાગ—૨ના પાના નંબર ૪૫૩ ઉપર પ્રસિદ્ધ કરી હતી;

અને ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની જોગવાઈઓ હેઠળ સદરહુ નગરપાલિકાએ રાજ્ય સરકારને મંજૂરી માટે રજૂ કરેલી સદરહુ દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંના ફેરફારો (જેનો આમાં હવે પછી, "સદરહુ ફેરફારો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) કરવાનું ગુજરાત સરકારને જરૂરી જણાયું હતું;

અને, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ—૧૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૨)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫નો ૧૭૨/ડીવીપી/૧૮૯૪/૩૩૦૯/એલ હેઠળ સદરહુ ફેરફારો, તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૫ના ગુજરાત રાજપત્ર, અસાધારણ ભાગ—૪–બીમાં પ્રસિદ્ધ કર્યા હતા અને સૂચિત ફેરફારોના સંબંધમાં કોઈ વ્યક્તિને વાંધા અથવા સૂચનો કોઈ હોય તો તે, તારીખ ૧૪મી ડિસેમ્બર, ૧૯૯૫ના સદરહુ સરકારી જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને, લેખિતમાં રજૂ કરવા ફરમાવ્યું હતું;

અને, ગુજરાત સરકારે સદરહુ ફેરફારોના સંબંધમાં પોતાને મળેલાં સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ—૧૭ની પેટા-કલમ (૬)ના ખંડ (ગ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) સદરહુ ફેરફારોને આખરી સ્વરૂપ આપે છે;

(ખ) એવી રીતે આખરી સ્વરૂપ આપેલા અને આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણેના ફેરફારોને અધીન રહીને, દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાનો સદરહુ મુસદ્દો અને તેના વિનિયમો મંજૂર કરે છે, અને

(ગ) છેવટની વિકાસ યોજના અમલમાં આવવાની તારીખ તરીકે સન ૧૯૯૬ના નવેમ્બર મહિનાની ૨૬મી તારીખ નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

રાજ્ય સરકારે આખરી સ્વરૂપ આપ્યા પ્રમાણેની નડિયાદ (જિલ્લો : ખેડા)ની દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંના આખરી ફેરફારો.

---

૧. દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી, નડિયાદની મહેસૂલી સરવે નંબર ૭૭૧વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૧ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ—૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

૨. દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરેલી, મહેસૂલી સરવે નંબર ૧૨૪૦, ૧૨૪૧, ૧૨૭૫ અને ૧૩૪૮/ભાગ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં

INDEX

અનુક્રમાંક ૨ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ—૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

૩. દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલી, મહેસૂલી સરવે નંબર ૨૪૨૯ થી ૨૪૩૮, ૨૪૪૬, ૨૪૪૮ થી ૨૪૫૨ અને ૨૪૨૭ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૩ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ—૧૨(૨)(ક) હેઠળ "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરવી.

૪. દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "વાણિજ્યિક ઝોન" માટે મુકરર કરેલી, મહેસૂલી સરવે નંબર ૨૪૦૦ થી ૨૪૦૩, ૨૪૧૧ થી ૨૪૨૨ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૪ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ—૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

૫. દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી, મહેસૂલી સરવે નંબર ૨૬૬૪ અને ૨૬૬૫ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૫ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ—૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

૬. દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી, મહેસૂલી સરવે નંબર ૨૬૭૦, ૨૬૭૨, ૨૬૭૩ અને ૨૬૭૪ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૬ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

૭. દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલી, મહેસૂલી સરવે નંબર ૨૬૪૬, ૨૬૭૯, ૨૬૮૭, ૨૭૧૮, ૩૦૩૬, ૩૦૩૪, ૩૦૧૬, ૩૦૯૩, ૩૧૧૦, ૩૦૭૯, ૩૦૬૮, ૩૦૬૬, ૩૦૬૭, ૨૭૦૧, ૨૭૯૭, ૨૬૯૧, ૨૬૦૦, ૨૬૮૯ વગેરે (મહેસૂલી સરવે નંબર ૩૦૧૫, ૩૦૧૩, ૩૦૮૭, ૩૦૮૮ અને ૩૦૮૯ને બાકાત રાખીને) વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૭ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ—૧૨(૨) (ક) હેઠળ "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરવી.

૮. દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલી, મહેસૂલી સરવે નંબર ૧૨૩૧, ૧૨૫૩, ૧૨૫૫, ૧૨૫૬, ૧૨૫૭, ૧૧૪૮, ૧૧૫૬ અને ૧૧૫૫ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૮ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ—૧૨ (૨) (ક) હેઠળ, "વાણિજ્યિક ઝોન" માટે મુકરર કરવી.

૯. દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરેલી, મહેસૂલી સરવે નંબર ૧૨૭૬, ૧૨૭૭, ૧૨૭૮, ૧૨૭૯, ૧૨૮૦, ૧૨૮૧, ૧૨૮૨, ૧૨૮૩, ૧૨૮૪, ૧૨૮૫, ૧૨૮૬, ૧૨૮૭, ૧૨૮૮ અને ૧૨૮૯ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૯ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ—૧૨(૨)(ક) હેઠળ, "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

૧૦. દ્વિતીય સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, મહેસૂલી સરવે નંબર ૨૫૩૮, ૨૫૩૯, ૨૫૪૦, ૨૫૪૪, ૨૫૧૫, ૨૫૧૪, ૨૫૧૨, ૨૬૧૭, ૨૬૧૬, ૨૬૧૫, ૨૬૨૧, ૨૬૨૨, ૨૬૩૫, ૨૬૫૧, ૨૬૫૨ અને ૨૬૫૯ વચ્ચેથી પસાર થતો ૧૮.૦૦ મીટર પહોળો સૂચિત રસ્તો કમી કરવો અને રસ્તો, આ સાથે જોડેલ પ્લાનમાં અનુક્રમાંક ૧૦ ઉપર દર્શાવ્યા પ્રમાણે, વિદ્યમાન લાઈન દોરી પ્રમાણે રહેશે. એવી રીતે કમી કરેલ વિદ્યમાન રસ્તાની સૂચિત પહોળાઈ હેઠળની જમીન, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૧૦ ઉપર દર્શાવ્યા પ્રમાણે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ—૧૨(૨)(ક) હેઠળ, "રહેણાંકના ઉપયોગ/ઔદ્યોગિક ઉપયોગ/ અને વાણિજ્યિક ઉપયોગ" માટે મુકરર કરવી.

૧૧. વિકાસ નિયંત્રણ વિનિયમોમાં, પાના નંબર ૧૭ ઉપર, અનુક્રમાંક—૧૨ પર, કોષ્ટક નીચે આવતાં "ગામતલ સિવાય" એ શબ્દો કમી કરવા.

૧૨. વિકાસ નિયંત્રણ વિનિયમોમાં, પાના નંબર ૨૩ ઉપર, વિનિયમ નંબર ૧૩.૧૦ નીચે પ્રમાણે બદલવો જોઈશે. વધુમાં, વિનિયમ નંબર ૧૩.૧૦ મૂકયા પછી નીચે પ્રમાણે નવો વિનિયમ નંબર ૧૩-૧૦-ક ઉમેરવો જોઈશે.

"૧૩.૧૦ : સહિયારો પ્લોટ.

રહેણાંકના વિકાસ અને ઔદ્યોગિક અને વાણિજ્યિક વિકાસ સિવાયના બીજા ઉપયોગ માટે સહિયારો પ્લોટ.—

(ક) ટેનામેન્ટ ટાઈપ લેઆઉટનાં કિસ્સામાં, ૨૦૦૦ અથવા વધુ ચો.મીટર વિસ્તાર ધરાવતા મકાન એકમમાં સહિયારો પ્લોટ પૂરો પાડવો જોઈશે :

INDEX

પરંતુ ૨૦૦૦ ચો.મીટર કરતાં ઓછો વિસ્તાર ધરાવતા મકાન એકમના કિસ્સામાં, સહિયારો પ્લોટ જરૂરી નથી. પરંતુ ભોંયતળિયે ૪ (ચાર) એકમ અથવા ૪ (ચાર) એકમોથી વધુ સંખ્યામાં હોય તો તે (સહિયારો પ્લોટ) પૂરો પાડવો જોઈશે.

(ખ) એક અથવા વધુ રહેઠાણના એકમો ધરાવતા માલિકી ફ્લેટ પ્રકારના વિકાસનાં કિસ્સામાં, સહિયારો પ્લોટ પૂરો પાડવો જોઈશે.

સ્ટીલ ટાઈપ ફ્લેટ ટાઈપ વિકાસના કિસ્સામાં, સહિયારો પ્લોટ ભોંયતળિયે મંજૂર કરવો જોઈશે અને તેનો પાર્કિંગના હેતુ માટે ઉપયોગ કરવો જોઈશે.

(ગ) જમીનની પેટા-ફાળવણી ટાઈપ વિકાસના કિસ્સામાં, ૨૦૦૦ અથવા વધુ ચો.મીટરના વિસ્તારના મકાન એકમમાં સહિયારો પ્લોટ પૂરો પાડવો જોઈશે :

પરંતુ, ૨૦૦૦ ચો. મીટર કરતા ઓછા વિસ્તાર ધરાવતા મકાન એકમના કિસ્સામાં સહિયારો પ્લોટ જરૂરી રહેશે નહિ. પરંતુ ભોંયતળિયે, પેટા-પ્લોટ ૪ (ચાર) અથવા ૪ (ચાર) એકમથી વધુ સંખ્યામાં હોય તો તે પૂરો પાડવો જોઈશે.

(ઘ) સહિયારા પ્લોટનું ઓછામાં ઓછું ક્ષેત્રફળ મકાન એકમના ૧૦ ટકા રહેશે પરંતુ ૩૩૩ ચો.મીટર કરતા ઓછું હોવું જોઈશે નહિ. આવો સહિયારો પ્લોટ કોઈ એક સ્થળે હોઈ શકશે અથવા જુદા જુદા સ્થળોએ યોગ્ય રીતે તે વહેંચી શકાશે. વહેંચણી કરેલ સહિયારા પ્લોટની બાબતમાં, સહિયારા પ્લોટનું ક્ષેત્રફળ ૩૩૩ ચો.મીટર કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(ચ) સહિયારા પ્લોટના ૧૫ ટકા વિસ્તારનો જરૂરી માર્જિન સહિત ભોંયતળિયે અને પ્રથમ માળે ધાર્મિક સ્થાન, ક્લબ, ઓપન એર થીયેટર, પેવેલીયન, શાળા, સાર્વજનિક સભાખંડ, હોસ્પિટલ, વાડી વગેરેના બાંધકામ માટે ઉપયોગ કરી શકાશે, બાકીના સહિયારા પ્લોટ ખુલ્લા રહેશે.

એવા કિસ્સામાં લઘુત્તમ આગળનું માર્જિન ૫.૦૦ મીટર અને લઘુત્તમ પાછળનું અને બાજુનું માર્જિન ૩.૦૦ મીટર હોવું જોઈશે.

(છ) સહિયારા પ્લોટની કોઈપણ એક બાજુ ૧૨ મીટરથી ઓછી હોવી જોઈશે નહિ.

(જ) સહિયારા પ્લોટનો વિસ્તાર, માર્ગો, માર્જિન અને પ્રવેશ-માર્ગ સિવાયનો રહેશે.

(ઝ) સહિયારા પ્લોટનો વિસ્તાર, એફ.એસ.આઈ. અને ચણેલ વિસ્તારની ગણતરી કરવા માટે ધ્યાનમાં લેવો જોઈશે નહિ.

(ટ) સહિયારા પ્લોટ રાષ્ટ્રિય અથવા રાજ્ય ધોરીમાર્ગ અથવા બીજા કોઈપણ વર્ગીકૃત માર્ગ અથવા રેલ્વેથી માર્જિન રાખીને મંજૂર કરવો જોઈશે.

એવા સહિયારા પ્લોટનો વિસ્તાર, સહિયારા પ્લોટના જરૂરી વિસ્તારના ૫૦ ટકાથી વધવો જોઈશે નહિ.

૧૩.૧૦.૬ વાણિજ્યિક વિકાસ માટે સહિયારો પ્લોટ.

(ક) ૬૬૫ ચોરસ મીટર અથવા વધુ ક્ષેત્રફળવાળા જે મકાન એકમનો ઉપયોગ, ઔદ્યોગિક અને રહેણાંકના વિકાસ સિવાયના કોઈપણ હેતુ માટે કરવાનો હોય તે મકાન એકમ માટે, મકાન એકમના વિસ્તારના ઓછામાં ઓછા ૩૦ ટકા જેટલા એકત્રિત ખુલ્લા પ્લોટની જોગવાઈ કરવી જોઈશે, પરંતુ આવા મકાન એકમના મિશ્ર વિકાસની બાબતમાં, પણ ઉપર પ્રમાણે એકત્રિત ખુલ્લા પ્લોટની જોગવાઈ કરવી જોઈશે.

(ખ) જ્યાં સુધી માર્જિનો લગોલગ આવેલાં હોય અને પ્રવેશ-માર્ગ એકત્રિત ખુલ્લા પ્લોટમાંથી પસાર થતાં હોય ત્યાં સુધી, સદરહુ એકત્રિત ખુલ્લા પ્લોટમાં, આવા મકાન એકમમાં જોગવાઈ કરવાના માર્જિનો અને પ્રવેશ-માર્ગોનો સમાવેશ થઈ શકશે. મકાનના ફ્લોર સ્પેસ ઈન્ડેક્ષની ગણના માટે, આ ખુલ્લા પ્લોટોનો વિસ્તાર બાદ કરવામાં આવશે નહિ.

(ગ) સદરહુ પ્લોટ કાયમ માટે ખુલ્લો રાખવામાં આવશે, આ એકત્રિત ખુલ્લા પ્લોટમાં ૦.૬૦ મીટરના વાછંટિયા, ૧.૨ મીટરની ગેલરી અને પગથિયાં કરતાં વધુ કોઈપણ બહાર નીકળતા બાંધકામની પરવાનગી આપવામાં આવશે નહિ.

(ઘ) સિનેમા થિયેટરો અને વાણિજ્યિક મકાનોની બાબતમાં એકત્રિત ખુલ્લા પ્લોટમાં, મકાન એકમનો આગળનો ભાગ સંપૂર્ણ આવરી લેવાય તેવી જોગવાઈ કરવી જોઈશે. એક કરતાં વધુ આગળના ભાગવાળાં પ્લોટની બાબતમાં, સત્તામંડળે, આગળના ભાગના સંબંધમાં, એકત્રિત ખુલ્લા પ્લોટનું સ્થાન નક્કી કરવું જોઈશે:

પરંતુ એકત્રિત ખુલ્લો પ્લોટ એવી રીતે તૈયાર કરવામાં આવે કે તેમાં, મકાન એકમના આગળના ભાગના અમુક ભાગનો સમાવેશ થાય, તો મકાન એકમનો બાંધકામ વિસ્તાર, રસ્તાની બાજુએથી ઓછામાં ઓછો ૯.૦૦ મીટર દૂર રાખવો જોઈશે.

(ચ) સિનેમા અથવા થિયેટરની બાબતમાં હોય તે સિવાય, કુલ એકત્રિત ખુલ્લા પ્લોટના ૫૦ ટકા જેટલા એકત્રિત ખુલ્લા પ્લોટનો, વાહન હંકારવાના માર્ગો અને સર્કલ માર્ગો સહિત પાર્કીંગ જગા તરીકે ઉપયોગ કરવાની છૂટ આપી શકાશે.

INDEX

(છ) એકત્રિત ખુલ્લા પ્લોટનું પેટા-વિભાગજન કરવાની પરવાનગી આપીશકાશે, પરંતુ એવી રીતે રચાયેલ પ્લોટનું ઓછામાં ઓછું ક્ષેત્રફળ ૫૦૦ચોરસ મીટર હોવું જોઈશે. વધુમાં, આવા પેટા-વિભાજનનું ઓછામાં ઓછું માપ ૧૫ મીટર × ૧૫ મીટર હોવું જોઈશે. એકત્રિત ખુલ્લા પ્લોટના ચતુષ્કોણ આકારમાં અથવા આ વિનિયમોની અથવા કોઈપણ નગર રચના યોજનાના વિનિયમોની જોગવાઈઓ હેઠળ કરી શકાય તેવા તેના પેટા-વિભાજનમાં ફેરફાર કરવાની પરવાનગી આપી શકાશે, જેથી, જે મકાન એકમો ઉપર બાંધકામ કરવા ધાર્યું હોય તે મકાન એકમોના આકારને તે અનુરૂપ રહે.

૧૩. વિકાસ નિયંત્રણ વિનિયમમાં, પાના નં. ૨૯ પર, વિનિયમ ક્રમાંક. ૧૪.૭માં, "૮૦૦.૦૦ ચો.મીટર અને ૨૫૦.૦૦ ચો.મીટર એ આંકડા અને શબ્દોને બદલે, અનુક્રમે "૧૦૦૦ ચો.મીટર અને ૩૫૦-૦૦ ચો.મીટર" એ આંકડા અને શબ્દો મૂકવા જોઈશે.

૧૪. વિકાસ નિયંત્રણ વિનિયમમાં, પાના નં. ૨૯ પર, વિનિયમ ક્રમાંક ૧૪.૭ પછી, નવો વિનિયમ ક્રમાંક ૧૪.૮ નીચે પ્રમાણે ઉમેરવો જોઈશે :

૧૪.૮. વિસ્તારને લક્ષમાં લીધા વિના, ભોંયતળિયા સહિત કોઈપણ માળ ઉપર ૨૦થી વધુ રહેણાંકના એકમથી મકાન એકમનો વિકાસ કરવો, સહિયારા પ્લોટની પરવાનગી આપવી જોઈશે.".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૩જી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૦મી ડીસેમ્બર ૧૯૯૬ ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૬ નો ૭૫/વીબીએન-૩૧૯૬-એમએલએ-૧૪-ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી-૧૯૯૬નો૭૫/વીબીએન-૩૧૯૬-એમએલએ-૧૪-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૭૭ માં મળેલી સત્તાની રુએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત ચાણસ્મા અને જિલ્લા પંચાયત મહેસાણા સાથે વિચારમા વિનિમય કર્યા બાદ ગુજરાત સરકાર, આથી:—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી ;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે

INDEX

અનુસુચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	ચાણસ્મા	૧. ગાંભુ દેદરડા	૧. ગાંભુ (મહેસુલી ગામ)		૧. ગાંભુ દેદરડા	૧. (૧) ગાંભુ (મહેસુલી ગામ)
			૨. દેદરડા (મહેસુલી ગામ) ૩. મહાદેવપુરા (પેટાપરા)			(૨) દેદરડા (મહેસૂલી ગામ) (૩) મહાદેવપુરા (પેટા પરા)
			૪. ગણેશપુરા (પેટા પરા)	ગણેશપુરા (પેટાપરા)	૨. ગણેશપુરા	૨. (૧) ગણેશપુરા (પેટા પરા)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૦મી ડિસેમ્બર, ૧૯૯૬ ના ગુજરાત સરકારનાં પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૬ નો ૮૧/વીબીએન/૩૧૯૫–એમએએનટીઆરઆઈ-૭૨-ચ—નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ડીસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી-૧૯૯૬ નો ૮૧/વીબીએન/૩૧૯૫/એમએએનટીઆરઆઈ–૭૨-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ ના ગુજરાતના ૧૮ માં) ની કલમ ૭૫ મી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત વિજાપુર અને જિલ્લા પંચાયત મહેસાણા સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી:—

INDEX

(૧) અનુસૂચિના કોલમ ૩ માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫ માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી ;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારનાં બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	વિજાપુર	લાકરોડા	૧. લાકરોડા (મહેસૂલી ગામ) ૨. હિમતપુરા (પેટાપરા)	૧. હિમતપુરા (પેટાપરા)	૧. લાકરોડા ૨. હિમતપુરા	૧. લાકરોડા ૨. હિમતપુરા (પેટાપરા)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૬નો ૭૩/વીબીએન/૨૫૯૬/૧૩૩૭/૨૨-ચ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૮મી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક કેપી/૧૯૯૬નો ૭૩/વીબીએન/૨૫૯૬/૧૩૩૭/૨૨/ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩નો ગુજરાતના ૧૮મા)ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત આમોદ અને જિલ્લા પંચાયત ભરૂચ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ-૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે. અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

INDEX

(૨) સદરહુ અનુસૂચિના કોલમ-૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

આ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ.	નવા ગામોમા આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	આમોદ	૧. આસનેરા	૧. (૧) આસનેરા (મહેસૂલી ગામ)		૧. આસનેરા	૧. (૧) આસનેરા (મહેસૂલી ગામ)
			(૨) બોડકા (મહેસુલી ગામ)	(૧) બોડકા (મહેસુલી ગામ)	૨. બોડકા	૨. (૨) બોડકા. (મહેસૂલી ગામ)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૪મી ડીસેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૨૦૧/૯૬/એસટીસી/૧૦૯૬/૨૮૨૬/ધ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE ROAD TRANSPORT CORPORATION ACT, 1950.

માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ડીસેમ્બર, ૧૯૯૬.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ ૧૯૫૦.

ક્રમાંક : જી/જી/૨૦૧/૯૬/એસટીસી/૧૦૯૬/૨૮૨૬/ધ.-- ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન નિયમો, ૧૯૭૧ના નિયમ -૩ સાથે વાંચતા, માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના ૬૪મા)ની કલમ ૫ની પેટા-કલમ (૨), ગૃહ વિભાગના તારીખ ૩૧મી મે, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી.જી.૧૨૧/૯૫/એસટીસી/૧૦૯૫/૧૨૯૪/ધ. અને તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૧૯૯/૯૬/ એસટીસી/૧૦૯૬/૨૮૨૬/ધ. અનુસાર, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ ૩૭ સપ્ટેમ્બર, ૧૯૯૦નું સરકારી જાહેરનામું ક્રમાંક જીજી/૮૪/૯૦/એસટીસી/૧૦૮૭/૫૪૧/ધ.-- (જેનો આમાં હવે પછી મુખ્ય જાહેરનામા તરીકે ઉલ્લેખ કર્યો છે તે) સુધારે છે.

INDEX

મુખ્ય જાહેરનામામાં, પરિચ્છેદ ખખના અનુક્રમાંક ૭ પછી, તારીખ ૧૪મી ડીસેમ્બર, ૧૯૯૬થી અમલમાં આવે તેમ, બિન-સરકારી નિયામકોની નિમણૂક માટે, નીચેના નામો ઉમેરવા.

(૮) શ્રી મેરૂભા જાડેજા — નિયામક
રાપર, કચ્છ.

(૯) શ્રી વિનુભાઈ પટેલ — ,,
નડિયાદ

(૧૦) શ્રી એચ. ટી. ચૌહાણ — ,,
કોઠ, તાલુકા ધોળકા, જિલ્લો : અમદાવાદ

(૧૧) શ્રી જીતેન્દ્ર કનુભા ધડિયાળી — ,,
નારીદયાલ સોસાયટી ૬/બી, અંબિકા સિનેમા પાસે,
ગોધરા જિલ્લો : પંચમહાલ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. એમ. ચૌહાણ,
સરકારના સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી ડીસેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગ (સ્પેશિયલ) ના સરકારી જાહેરનામા ક્રમાંક જીજી/૧૯૫/૯૬/એસબીઆઈ/પીઓએ/૨૬૯૧/૬૦૮નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. ત્રિકાલી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

INDIAN OFFICIAL SECRETS ACT, 1923.

ભારત સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ જાહેરનામું
ગૃહ વિભાગ (સ્પેશિયલ)

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ડીસેમ્બર, ૧૯૯૬.

ભારત સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક : જીજી/૧૯૫/૯૬/એસબીઆઈ/પીઓએ/૨૬૯૧/૬૦૮.-- ગુજરાત સરકારના અભિપ્રાય મુજબ, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ સ્થળ સંબંધી અથવા તેનો નાશ કરવા અથવા તેમાં અવરોધ કરવા અથવા દખલ કરવા સંબંધીની માહિતી કોઈ દુશ્મનને ઉપયોગી થાય તેમ છે ;

તેથી, હવે, ભારત સરકારના ગૃહમંત્રાલયના તારીખ ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક ૨૧/૨૦/૬૨/પોલ (૧) સાથે વાંચતા ભારત સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા) ની કલમ ૨ના ખંડ (૮) ના પેટા-ખંડ (ધ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમના હેતુ માટે, આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખે અને તે તારીખથી, સદરહુ સ્થળને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે અને આદેશ કરે છે કે આ જાહેરનામાની અંગ્રેજી અને ગુજરાતી નકલો સદરહુ સ્થળે ચોંટાડવી.

આ જાહેરનામાનો કોઈપણ મજકૂર નીચેનાને લાગુ પડશે નહિ.--

૧. આ રાજ્યના પોલિસદળના સભ્યોને ;

INDEX

૨. સંઘના નૌકા, લશ્કરી અથવા હવાઈદળના સભ્યોને ;

૩. ઉપર્યુક્ત સ્થળોમાં નોકરીએ રાખેલી વ્યક્તિઓને ; અને

૪. પગારદાર મેજિસ્ટ્રેટોને,

અનુસૂચિ

અનુ-ક્રમાંક	સ્થળનું નામ	સ્થળ	સરવે નંબર, વિસ્તાર અને હદો
૧.	સેક્શનલાઈઝિંગ વાલ્વ સ્ટેશન (ગેસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા લિમિટેડ વડોદરા.)	ગામ : જયસિંઘપુરા તા. : વાઘોડિયા જિ. વડોદરા	સરવે નંબર : ૫૬ ભાગ વિસ્તાર : ઓ-એચ, ૦૪એ, ૫૦ ચો.મિ. હદો : ઉત્તર : નીમેથા ગામની હદ. દક્ષિણ : વડોદરાથી આજવા રોડ પૂર્વ : નીમેથા ગામની ગામ હદો પશ્ચિમ : સરવે નંબર ૫૭
૨.	ટેપ ઓફ પોઈન્ટ (ગેસ ઓથોરિટી ઓફ ઈન્ડિયા લિમિટેડ વડોદરા)	દશરથ ગામમાં જિ. વડોદરા	સરવે નંબર : ૩૨૧ ભાગ વિસ્તાર : ૦૦-એચ, ૦૦-એ, ૫૭ ચો.મિ. હદો : ઉત્તર : કાર્ટ ટ્રેક (ગાડા સ્તો) દક્ષિણ : અનુક્રમાંક ૪૦૮ ભાગ પૂર્વ : વડોદરાથી અમદાવાદ રાષ્ટ્રીય ધોરી માર્ગ નં. ૮ પશ્ચિમ : બ્લોક નં. ૩૪૧.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વ્રજ ગોપાલ,
સરકારના નાયબ સચિવ,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા માંક જી/જી/૧૮૯/૯૬/એસટીસી/૧૦૯૬/૨૮૨૬/જીએચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification
under
THE ROAD TRANSPORT CORPORATION ACT, 1950.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૨૨મી નવેમ્બર, ૧૯૯૬.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦.

માંક : જી/જી/૧૮૯/૯૬/એસટીસી/૧૦૯૬/૨૮૨૬/જીએચ.-- ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન નિયમો, ૧૯૭૧ના નિયમ ૩ સાથે વાંચતા, માર્ગવાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના ૬૪મા)ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને ગૃહ

INDEX

વિભાગના તારીખ ૩૧મી મે, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૧૨૧/૯૫/એસટીસી/૧૦૯૫/૧૨૯૪/જીએચ અનુસાર, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગના તારીખ ૩૭ સપ્ટેમ્બર, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૮૪/૯૦/એસટીસી/૧૦૮૭/૫૪૧૬ જીએચ (જેનો આમાં હવે પછી 'મુખ્ય જાહેરનામા' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) સુધારે છે.

મુખ્ય જાહેરનામામાં, પરિચ્છેદ બખ પછી, નીચેના નામો, તારીખ ૨૨મી નવેમ્બર, ૧૯૯૬થી અમલમાં આવે તે રીતે બિન-સરકારી ડિરેક્ટરની નિમણૂંક માટે ઉમેરવા.

(૪) શ્રી કરસનસિંહ નરપતસિંહ રાજ — ડિરેક્ટર
વિધાનસભાના સભ્ય

મુ. અને પોસ્ટ. કોઠારા, તાલુકો-ડભોઈ જિ. વડોદરા

(૫) શ્રી રામજીભાઈ જીવાભાઈ પરમાર — "
વિધાનસભાના સભ્ય.
સોનબાગ, વણકરવાસ, પાલનપુર,
જિ. બનાસકાંઠા.

(૬) શ્રી કેશુભાઈ ડી. શાહ — "
બ્લોક નં. ૧૦-બી, રાજેન્દ્ર કોલોની
મહેસાણા રોડ, વિસનગર.
જિ. મહેસાણા

(૭) શ્રી અમરસિંહ તેજાભાઈ મકવાણા — "
સદ્‌ગુરૂધામ, બી-૧૦૧, પારેવડી ચોક,
બેડીસરા, રાજકોટ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. એમ. ચૌહાણ,
સરકારના સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૦૧/ડીવીપી-૨૯૯૬-એમ-૬૬-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય ગાંધીનગર, ૧લી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૦૧/ડીવીપી-૨૯૯૬/એમ-૬૬/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે, પંચાયત અને આરોગ્ય વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૭૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૨૨/ડીવીપી-૨૮૭૪/૭૭૩૬-કયુ હેઠળ મંજુર કરેલ ભૂજ (વિસ્તાર ક્ર.૭) ની છેટ ની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો તે)માં, ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

INDEX

અને સદરહુ વિકાસ યોજનામાં કરવાં ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૩મી મે, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક :- જીએચ/વી/૧૯૯૬નો ૭૧/ડીવીપી/૨૯૯૬/એમ/૬૬/એલ હેઠળ, તારીખ ૨૩મી મે, ૧૯૯૬ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ ૪-બીનો પાના નંબર ૧૧૨-૧ અને ૧૧૨-૨ પર પ્રસિધ્ધ કર્યો હતો. અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

અને ગુજરાત સરકારને કોઈપણ સૂચનો અને વાંધા મળ્યા નથી,

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂઈએ, ગુજરાત સરકાર આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સદરહુ વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે, એ રીતે કરવાના ફેરફાર, તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૭થી અમલમાં આવશે.

અનુસૂચિ

પંચાયત અને આરોગ્ય વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૭૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૨૨/ડીવીપી-૨૮૭૪/૭૭૩૬/ક્યુ થી મંજૂર કરેલ ભૂજ (જિલ્લો-કચ્છ)ની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

ભૂજની મંજૂર કરેલી વિકાસ યોજનામાં 'કૃષિ વિષયક ઝોન' માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાન ઉપર 'abcdefghij klmnopqa' તરીકે નિશાની કરીને દર્શાવેલ ભૂજની સરવે નંબર ૮૬૩/૧, ૮૬૩/૨ ૮૬૪/૧ અને ૮૬૪/૨ વાળી જમીનો સદરહુ ઉપયોગમાંથી કમી કરવી. અને એ રીતે મુકત થયેલી જમીનો "ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (ક) હેઠળ આ સાથે જોડેલ પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હૂકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા
સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૮મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૦૨ ડીવીપી-૨૯૯૫-એમ-૧૧૮-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને ચહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામુ

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૦૨/ડીવીપી/૨૯૯૫/એમ-૧૧૮-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે, પંચાયત અને આરોગ્ય વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૭૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૭૬નો ૨૨/ડીવીપી/૨૮૭૪/૭૭૩૪/ક્યુ, હેઠળ

મંજુર કરેલ ભૂજ (જિલ્લો--કચ્છ)ની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક :- જીએચ/વી/૧૯૯૬ના ૫૩/ડીવીપી-૨૯૯૫/એમ-૧૧૮/એલ હેઠળ તારીખ ૨૧મી માર્ચ, ૧૯૯૬ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪-બીના પાના નં. ૭૯-૧ અને ૭૯-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે સદરહુ ફેરફાર થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર-ને લેખિતમાં રજૂ કરવા ફરમાવતી નોટીસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

અને ગુજરાત સરકારને કોઈપણ વાંધા અથવા સૂચનો મળ્યા નથી.

અને ગુજરાત સરકારે સમુચિત સત્તામંડળ વિસ્તાર વિકાસ સત્તામંડળ (ભૂજ નગરપાલિકા) સાથે વિચાર વિનિમય કર્યો છે.

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા)ની કલમ-૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, અથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજુર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર તારીખ ૧લી જાન્યુઆરી, ૧૯૯૭થી અમલમાં આવશે.

અનુસૂચિ

પંચાયત અને આરોગ્ય વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૭૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૭૬નો ૨૨/ડીવીપી-૨૮૭૪ ૭૭૩૪-કયુ થી મંજૂર કરેલી ભૂજ (જિલ્લો ભૂજ)કચ્છ-ની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

ભૂજ વિસ્તાર વિકાસ સત્તામંડળની મંજૂર કરેલી યોજનામાં, આ સાથે જોડેલા પ્લાનમાં "કૃષિ વિષયક ઉપયોગ" માટે મુકરર કરેલી ABCDEFGHIJA, KLMK, NOPQRSTN, UVWXY અને XIYIZIXI નિશાની કરીને દર્શાવેલ ભૂજની મ. સ. નં. ૪૧૧, ૪૧૩ થી ૪૧૭ ૩૫૩, ૩૫૬, ૩૬૦, ૩૬૧, ૪૩૯, અને ૪૩૭, ૪૩૮, ૪૪૦વાળી જમીન અનેસરવે નં. ૪૩૭ અને ૪૩૭વચ્ચેની જમીનની પટ્ટી અને સરવે નંબર ૪૧૭ની આજુબાજુની વેંકલા જમીન, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨)-(ક) હેઠળ આ સાથે જોડેલ પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે, "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી ડિસેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ-આર/૨૩૫/૯૬-બીઆરયુ-૧૦૯૩-૨૮૪૫-એમ-(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારનો નાયબ સચિવ

INDEX

Notification

under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

ગ્રામ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૧૩મી ડિસેમ્બર, ૧૯૯૬.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૯૬માં)

ક્રમાંક : જીએચ-આર-૨૩૫/૯૬/બીઆરયુ-૧૦૯૩-૨૮૪૫-એમ-(૩).—મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી જાહેર કરે છે કે, ઔદ્યોગિક અન્ડરટેકિંગ એટલે કે સેન્ટ્રલ પલ્પ મીલ્સ લિમીટેડ, ફોર્ટ સોનગઢ, જિલ્લો સુરત (જેનો આમાં હવે પછી, "સદરહુ અન્ડરટેકિંગ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) સન ૧૯૯૫ના ડિસેમ્બર, મહિનાની ૨૯મી તારીખથી અમલમાં આવે તેમ બેકારી નિવારણનાં પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવામાં આવશે અને તદનુસાર સદરહુ-અન્ડરટેકિંગ સન ૧૯૯૫ના ડિસેમ્બર,મહિનાની ૨૯મી તારીખથી એક વર્ષની મુદત માટે સદરહુ અધિનિયમના હેતુઓ માટે રાહત અન્ડરટેકિંગ છે એમ ગણાશે અને સદરહુ અધિનિયમની કલમ-૪ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા ખંડ (૫)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, સદરહુ અન્ડરટેકિંગના સંબંધમાં આદેશ કરે છે કે સદરહુ અન્ડરટેકિંગ રાહત અન્ડરટેકિંગ જાહેર કરવામાં આવ્યું તે પહેલાં મળેલ અથવા વ્હોરેલ તમામ હકો, વિશેષાધિકારો, ફરજો, જવાબદારીઓ (તેના કામદારોના સંબંધમાં થતી જવાબદારીઓ સિવાયની) અને તે અંગેની અમલ બજવણી માટે કોઈ ઉપાય મોકૂફ રાખવા અને કોઈ કોર્ટ, ટ્રિબ્યુનલ અધિકારી અથવા સત્તામંડળ સમક્ષ તે સંબંધી અનિર્ણિત તમામ કાર્યવાહીઓ જે મુદત સુધી સદરહુ અન્ડરટેકિંગ રાહત અન્ડરટેકિંગ તરીકે ચાલુ રહેશે તે મુદત એટલે કે સન ૧૯૯૫ની ૨૯મી ડિસેમ્બર, થી શરુ કરીને, સન ૧૯૯૬ની ૨૯મી ડિસેમ્બર, સુધીની એક વર્ષની મુદત દરમિયાન સ્થગિત કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. ડી. નાયક
સરકારના નાયબ સચિવ

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી નવેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેવી/૧૯૯૬નો ૭૦-વીબીએન/૩૪૯૬-૨૪૧૫-૧૧-ચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી નવેમ્બર, ૧૯૯૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૬નો ૭૦-વીબીએન/૩૪૯૬-૨૪૧૫-૧૧-ચ.– ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત બાયડ અને જિલ્લા પંચાયત સાબરકાંઠા સાથે વિચારવિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૪માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી ;

INDEX

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામોના નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત બનેલા સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	બાયડ	રણેચી	(૧) રણેચી (મહેસૂલી ગામ)	(૧) સીમલજ (મહેસૂલી ગામ)	૧. રણેચી	૧. (૧) રણેચી (મહેસૂલી ગામ)
			(૨) કોટવાડીયાના મુવાડા	(૨) નાની સીમલજ (પેટા પરા)		(૨) કોટવાડીયાના મુવાડા
			(૩) બારીયાના મુવાડા	(૩) દેહગામડા (મહેસૂલી ગામ)		(૩) બારીયાના મુવાડા
			(૪) મોતીપુરા (પેટાપરા)	(૪) વાત્રક બસસ્ટેશન વિસ્તાર (પેટાપરા)		(૪) મોતીપુરા (પેટાપરા)
			(૫) સીમલજ (મહેસૂલી ગામ)		૨. સીમલજ	(૧) સીમલજ (મહેસૂલી ગામ)
			(૬) નાની સીમલજ (પેટાપરા)			(૨) નાની સીમલજ (પેટાપરા)
			(૭) દેહગામડા (પેટાપરા)			
			(૮) વાત્રક બસસ્ટેશન વિસ્તાર (પેટાપરા)		૩. દેહ-ગામડા	(૧) દેહગામડા (મહેસૂલી ગામ) (૨) વાત્રક બસસ્ટેશન (પેટાપરા)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૯મી જાન્યુઆરી, ૧૯૯૭ ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી-૧૯૯૭નો ૫/વી.બી.એન./ ૩૧૯૬/૩૯૧૮/૨૯–ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૯મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી ૧૯૯૭ નો ૫-વીબીએન-૩૧૯૬-૩૯૧૮-૨૯ ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ ના ગુજરાતના ૧૮ મા) ની કલમ ૭૭ી મળેલી સત્તાની રુએ સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત વીજાપુર અને જિલ્લા પંચાયત મહેસાણા સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર આથી:—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી, કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી,

(૨) સદરહુ અનુસૂચિના કોલમ—૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારોના બનતા, કોલમ ૬ માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે—

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	વીજાપુર	૧. કુંવાદરા	૧. કુંવાદરા (મહેસુલી ગામ)		૧. કુંવાદરા	૧. (૧) કુંવાદરા (મહેસુલી ગામ)
			૨. વિજયનગર (પેટાપરા)	૧. વિજયનગર (પેટાપરા)	૨. વિજયનગર	૨. વિજયનગર (પેટાપરા)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી જાન્યુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૭નો ૪-વીબીએન-૨૨૯૬-૨૯૬૦-૧૨-ચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૯મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭/નં. ૪-વીબીએન-૨૨૯૬-૨૯૬૦-૧૨-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭ થી મળેલી સત્તાની રુએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત વાવ અને જિલ્લા પંચાયત બનાસકાંઠા સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી,

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારોના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

આ નં તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	વાવ	ચોથાર નેસડા	૧. ચોથાર-નેસડા (મહેસૂલી ગામ)	૧. ચોથાર-નેસડા	૧. (૧) ચોથાર નેસડા. (મહેસૂલી ગામ)
			૨. ઉમેદપુરા (મહેસૂલી ગામ)	૨. ઉમેદપુરા	૨. (૧) ઉમેદપુરા. (મહેસૂલી ગામ)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી ડીસેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેર નામા ક્રમાંક જી/જી/૯૬/૨૦૨/એસટીસી.૩૪૯૫/૨૦૬૨--ધ--નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE ROAD TRANSPORT CORPORATION ACT, 1950.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ડીસેમ્બર ૧૯૯૬.

ક્રમાંક જી/જી/૯૬/૨૦૨/એસટીસી-૩૪૯૫/૨૦૬૨/ધ.—માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૧૪ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, તારીખ ૬ઠ્ઠી સપ્ટેમ્બર, ૧૯૯૬, બપોર પછીથી અમલમાં આવે તે પ્રમાણે, શ્રી વી. સી. પટેલ, આઈ. એ. એસ. ને જી. એસ. આર. ટી. સી. ના નાયબ અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રક્ષા હાથી,
સેક્શન અધિકારી,
ગૃહ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર-૨-બીએસઈ-૧૦૯૭-૨૪-એમ(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE BOMBAY SHOPS AND ESTABLISHMENT ACT, 1948.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૭.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક કેએસઆર-૨-બીએસઈ-૧૦૯૭-૨૪-એમ-(૩).—ગુજરાત દુકાન અને સંસ્થા નિયમો, ૧૯૬૨ના નિયમ ૪ સાથે વાંચતા, મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના મુંબઈના ૩૯મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૬થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, રમઝાન અને રમઝાન ઈદના તહેવારોને કારણે નીચેની અનુસૂચિના કોલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ વર્ગોની સંસ્થાઓના સંબંધમાં, સદરહુ અનુસૂચિના કોલમ (૩)માં, અનુક્રમે નિર્દિષ્ટ કરેલી શરતોને અધીન રહીને, તારીખ ૭મી જાન્યુઆરી, ૧૯૯૭ની ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૭ (બન્ને દિવસો સહિત)ની મુદત માટે, ગુજરાત રાજ્યના તમામ વિસ્તારોમાં, અનુસૂચિના કોલમ (૨)માં, નિર્દિષ્ટ કરેલી, સદરહુ અધિનિયમની જોગવાઈઓનો અમલ મોકૂફ રાખે છે.

INDEX

અનુસૂચિ

સંસ્થાઓ	સદરહુ અધિનિયમની જોગવાઈઓ	શરતો
૧	૨	૩
૧. મીઠાઈની દુકાનો.	કલમ—૧૪	સદરહુ અધિનિયમની કલમ ૧૪માં નિર્દિષ્ટ કામના કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કોઈ નોકરને કરવું પડે, તો તે/તેણી, ઓવરટાઈમ કામના સંબંધમાં ઠરાવેલ રજિસ્ટરમાં નોંધવાનું રહેશે અને સદરહુ અધિનિયમની કલમ ૬૩(૧)માં ઠરાવેલ દરે વેતન મેળવવા હકદાર થશે.
	કલમ—૧૮	દરેક નોકરને, ઠરાવેલી અઠવાડિક રજાઓ નહીં મળવાને કારણે (૧) તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૭ પછી એવી રજાના બદલામાં, તેટલી સંખ્યામાં રજા આપવી જોઈશે અથવા (૨) તેવી રજાઓના દિવસોએ કરેલા કામ માટે, સદરહુ અધિનિયમની કલમ ૬૩ (૧)માં ઓવરટાઈમ કામ માટે ઠરાવેલા વેતનના દરે વેતન આપવામાં આવશે.
૨. તમામ રેસ્ટોરાં અને અને ભોજન ગૃહો.	કલમ—૨૪	કોઈ રેસ્ટોરાં અથવા ભોજનગૃહના દરેક નોકરને, ઠરાવેલી અઠવાડિક રજાઓ નહીં મળવાને કારણે (૧) તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૭ પછી એવી રજાના બદલામાં, તેટલી સંખ્યામાં રજા આપવી જોઈશે અથવા (૨) તેવી રજાઓના દિવસોએ કરેલા કામ માટે, સદરહુ અધિનિયમની કલમ ૬૩(૧)માં ઓવરટાઈમ કામ માટે ઠરાવેલા વેતનના દરે વેતન આપવામાં આવશે.
૩. ટોપીઓ અને પગરખાં વેચતી દુકાનો.	કલમ—૧૧	કોઈપણ દુકાન, કોઈપણ દિવસે, રાતના ૧૧--૦૦ વાગ્યા કરતાં મોડી બંધ કરવી નહિ.
	કલમ—૧૪	સદરહુ અધિનિયમની કલમ ૧૪માં નિર્દિષ્ટ કામના કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કોઈ નોકરને કરવું પડે, તો તે, ઓવરટાઈમ કામના સંબંધમાં ઠરાવેલ રજિસ્ટરમાં નોંધવાનું રહેશે અને સદરહુ અધિનિયમની કલમ ૬૩(૧)માં ઠરાવેલા દરે વેતન મેળવવા હકદાર થશે.
	કલમ—૧૬	કામનો એકંદર સમય, કોઈપણ દિવસે પંદર કલાક કરતાં વધુ હોવો જોઈએ નહિ.
	કલમ—૧૮	દરેક નોકરને ઠરાવેલી અઠવાડિક રજાઓ નહીં મળવાને કારણે (૧) તારીખ ૧૧મી ફેબ્રુઆરી, ૧૯૯૭ પછી એવી રજાના બદલામાં, તેટલી સંખ્યામાં રજાઓ આપવી જોઈશે અથવા (૨) તેવી રજાઓના દિવસોએ કરેલા કામ માટે, સદરહુ અધિનિયમની કલમ ૬૩(૧)માં ઓવર-ટાઈમ કામ માટે ઠરાવેલા વેતનના દરે વેતન આપવામાં આવશે.
૪. કાપડ અથવા તૈયાર કપડાં વેચતી દુકાનો.	કલમ—૧૪	"ટોપી અને પગરખાં વેચતી દુકાનો"ની નોંધમાં, કલમ ૧૪, ૧૬ અને ૧૮ના સંબંધમાં ઉપર નિર્દિષ્ટ કરી છે તે શરતો.
૫. સુગંધિત દ્રવ્યો વેચતી દુકાનો.	કલમ—૧૧	કોઈપણ દુકાન કોઈપણ દિવસે રાતના ૧૧--૦૦ વાગ્યા કરતાં મોડી બંધ કરવી નહીં.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે;

દિલીપસિંહ ડી. ચૌહાણ,
સેકશન અધિકારી,
શ્રમ અને રોજગાર.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી જાન્યુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ--વી--૧૯૯૭ નો ૬/ડીવીપી--૩૦૯૪--૪૧૩૯--એલ. નો ગુજરાતી આનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭ નો ૬/ડીવીપી/૩૦૯૪/૪૧૩૯/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૨૧મી માર્ચ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮નો ૬૦/ડીવીપી/૩૦૮૬/૬૯૮/૮૮-એલ. હેઠળ મંજુર કરેલ, કાલોલ નગર (જિલ્લો:-- પંચમહાલ) માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહું વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

અને, સદરહું વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી " સદરહું અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ-૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ--વી--૧૯૯૬નો ૧૧૩--ડીવીપી--૩૦૯૪--૪૧૩૯--એલ. હેઠળ તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૬ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ--૪--બીના પાના નંબર ૧૪૦--૧ થી ૧૪૦--૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો, અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહું ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવે, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારને કોઈ સૂચનો અથવા વાંધા મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬(સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહું વિકાસ યોજનામાં કરવાનો સદરહું ફેરફાર મંજૂર કરે છે;

(ખ) અને નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર સન ૧૯૯૭ના જાન્યુઆરી મહિનાની ૯મી તારીખે અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૧મી માર્ચ, ૧૯૮૮ના સરકારી જાહેરનામાં ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮નો ૬૦/ડીવીપી/૩૦૮૬/૬૯૮૧/૮૮/એલ. થી મંજૂર કરેલ કાલોલ નગર જિલ્લો પંચમહાલ માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

કાલોલ (જિલ્લો પંચમહાલ)ની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાનમાં "ABCDEFGHA"તરીકે નિશાની કરીને દર્શાવેલી કાલોલ ગામ (જિલ્લો પંચમહાલ)ની મહેસુલી સરવે નંબર ૨૧૨, ૨૧૩/૧, ૨૧૩/૨ વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરવી..

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૯મી જાન્યુઆરી, ૧૯૯૭ ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા- ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૫/ડીવીપી--૩૦૯૫-૩૪૯૪--એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિંકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૯મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૫/ડીવીપી-૩૦૯૫--૩૪૯૪-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી ઓગસ્ટ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮નો ૧૫૩/ડીવીપી/૩૦૮૬/૨૭૦૩(૮૮)--એલ હેઠળ મંજૂર કરેલ ગોધરા નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે.;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૯ની પેટા--કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ. ગુજરાત સરકાર, આથી:—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને; ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે;અને

૨. કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારી રાજયપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી ઓગસ્ટ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮નો ૧૫૩/ડીવીપી--૩૦૮૬/૨૭૦૩/(૮૮)-એલ થી મંજૂર કરેલી ગોધરાની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

ગોધરાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરેલી, આ સાથે જોડેલા પ્લાન પર "A-B-C-D-E-F-G-H-I-J-K-L-M-N-O-P" નિશાની કરીને દર્શાવેલી ગોધરાની મહેસૂલી સરવે નંબર ૨૮, ૨૯, ૩૩, ૩૪, ૩૪--ક, ૩૫, ૩૬, ૩૭, ૩૮, ૪૨, ૪૩, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, અને ૫૦ (૧૯-૦૫-૦૦ હેકટર) વાળી જમીન સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ. ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ" રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી,

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમનો નામે,

જે. એચ. તમાકુવાલા,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૭ ના ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીપી/૧/એમસીજી-૨૨૮૧-૧-૯૭-વી.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

Amendment to the Professor, Associate Professor, Assistant Professor in General State Services, Class-I in the Government medical Colleges and attached medical Institutes Recruitment Rules, 1992.

સામાન્ય રાજ્ય સેવા, વર્ગ–૧ માં, સરકારી તબીબી કોલેજો અને સંલગ્ન તબીબી સંસ્થાઓમાં પ્રાધ્યાપક, સહ-પ્રાધ્યાપક અને મદદનીશ પ્રાધ્યાપક ભરતી નિયમો, ૧૯૯૨ સુધારવા સંબંધી જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૬ઠ્ઠી જાન્યુઆરી, ૧૯૯૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીપી–૧–એમસીજી–૨૨૮૧–૧–૯૭–વી.—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ ના પરંતુકથી મળેલી સત્તાની રુએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, સામાન્ય રાજ્ય સેવા, વર્ગ–૧, માં સરકારી તબીબી કોલેજો અને સંલગ્ન તબીબી સંસ્થાઓમાં પ્રાધ્યાપક સહ-પ્રાધ્યાપક, મદદનીશ પ્રાધ્યાપક ભરતી નિયમો, ૧૯૯૨ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો "સામાન્ય રાજ્ય સેવા, વર્ગ–૧ માં, સરકારી તબીબી કોલેજો અને સંલગ્ન તબીબી સંસ્થાઓમાં પ્રાધ્યાપક, સહ-પ્રાધ્યાપક, મદદનીશ પ્રાધ્યાપક ભરતી (દ્વિતીય સુધારા) નિયમો, ૧૯૯૬" કહેવાશે.

૨. સામાન્ય રાજ્ય સેવા, વર્ગ–૧ માં, સરકારી તબીબી કોલેજો અને સંલગ્ન તબીબી સંસ્થાઓમાં પ્રાધ્યાપક, સહ-પ્રાધ્યાપક, મદદનીશ પ્રાધ્યાપક ભરતી નિયમો, ૧૯૯૨માં, પુરવણીમાં, અનુક્રમાંક ૨૦માં, કોલમ નંબર ૩માં, નોંધ 'ક' સામે, "એમ. એસસી." એ શબ્દોને બદલે, "એમ. એસ." એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. એમ. અસારી,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી-૧૯૯૬૬નો ૭૪/વીબીએન-૨૫૯૬-૩૧૪૩-૨૧-ચ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૬નો ૭૪/વીબીએન-૨૫૯૬-૩૧૪૩-૨૧-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત હાંસોટ અને જિલ્લા પંચાયત ભરુચ સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલાં વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સ્થાનિક સદરહુ વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	હાંસોટ	બાડોદરા (મહેસૂલી ગામ)	૧. બાડોદરા (મહેસૂલી ગામ)		૧. બાડોદરા	૧. (૧) બાડોદરા (મહેસૂલી ગામ)
			૨. વાંસનોલી (મહેસૂલી ગામ)	૧. વાંસનોલી (મહેસૂલી ગામ)	૨. વાંસનોલી	૨. (૨) વાંસનોલી ગામ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગ (વિશેષ) વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૨/૯૭/એસબી.આઈ/ઈએલસી/૧૦૯૭/૫૪૮નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE REPRESENTATION OF THE PEOPLE ACT, 1951.

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ (વિશેષ)

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૭.

લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧.

ક્રમાંક જીજી૨/૯૭/એસબીઆઈ/ઈએલસી/૧૦૯૭/૫૪૮.—લોક પ્રતિનિધિત્વ અધિનિયમ, ૧૯૫૧ (સન ૧૯૫૧ના ૪૩મા ની કલમ ૨૮--કની જોગવાઈઓ અનુસાર અને ભારતના ચૂંટણી કમિશનની તા. ૨૪મી ઓક્ટોબર ૧૯૯૪ના હુકમ ક્રમાંક ૪૩૪/૧ ઈએસઓ/૨૬/૯૪/એમસીએસ અને તારીખ ૧૪-૨-૧૯૯૬ના પત્ર ક્રમાંક : ૪૩૪/૧/૯૬/પીએલએન/૩ અને તારીખ ૪-૯-૯૬ના પત્ર ક્રમાંક : ૪૩૪/૧/૯૬/પીએલએન-૩માં જણાવેલ માર્ગદર્શનને લક્ષમાં લઈને, ગુજરાત સરકારી, આથી, તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૭ના રોજ યોજાનારી ૬૪-સરખેજ વિધાનસભા વિસ્તારની પેટા-ચૂંટણીના સંચાલનના હેતુ માટે નીચેના પોલીસ કર્મચારીવર્ગને મુકરર કરે છે :—

(૧) પોલીસ કમિશનર, અમદાવાદ શહેર.

(૨) વિશેષ પોલીશ મહા નિરક્ષક ગાંધીનગર ક્ષેત્ર, ગાંધીનગર

(૩) વિશેષ પોલીસ મહાનિરિક્ષક, અમદાવાદ ક્ષેત્ર, અમદાવાદ.

(૪) તારીખ ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૭ના રોજ યોજાનારી ૬૪-સરખેજ વિધાનસભા મત વિસ્તારની પેટા-ચૂંટણી સંચાલનના સંબંધમાં ફરજો સોંપવામાં આવેલી હોય તેવા રાજ્ય સરકારના કોન્સ્ટેબલ કક્ષા સુધીના, ઉપરના (૧) થી (૩)માં ઉલ્લેખેલ અધિકારીઓની કક્ષાથી નીચેની કક્ષાના તમામ પોલીસ અધિકારીઓ,

૨. આ જાહેરનામું તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૭થી અસરકર્તા રહેશે અને સદરહુ પેટા-ચૂંટણીના પરિણામની જાહેરાતની તારીખ સુધી અમલમાં રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

રાજ ગોપાલ,
ગુજરાત સરકારના નાયબ સચિવ,
ગૃહ વિભાગ(વિશેષ).

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૭ના ૦૭ /ડીવીપી/૨૧૯૬/૧૪૫/એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૦૭/ડીવીપી/૨૧૯૬-૧૪૫-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૭૪નો ૨૬૦/ ડીવીપી/ ૨૧૬૮/૫૬૪૦-કયુ હેઠળ મંજૂર કરેલ પાલનપુર વિસ્તાર વિકાસ સત્તામંડળની વિકાસ વિસ્તાર માટે છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

INDEX

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ"તરીકે ઉલ્લેખ કર્યો છે) તેની કલમ ૧૯ની પેટા-કલમ-(૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૦-૦૮-૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૬નો ૧૪૨/ડીવીપી/૨૧૯૬-૧૪૫-એલ, હેઠળ તારીખ ૨૦-૮-૯૬ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪-બીના પાના નંબર ૧૮૨/૧ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યક્તિને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો, તે સદરહુ ફેરફાર પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગરને લેખિત રજુ કરવા ફરમાવતી નોટીસ, તેની સાથે પ્રસિદ્ધ કરી હતી,

અને, ગુજરાત સરકારને આ સૂચિત ફેરફારના સંબંધમાં કોઈપણ સૂચનો અને વાંધા મળ્યાં નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાના ફેરફાર, તારીખ ૧૬-૧-૧૯૯૭થી અમલમાં આવશે.

અનુસૂચિ

તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક જી.એ.પી.૧૯૭૪નો ૨૬૦/ડીવીપી/૨૧૬૮/૫૬૪૦/કયુથી મંજૂર કરેલ પાલનપુરની વિકાસ યોજનામાંનો ફેરફાર.

"મ્યુનિસિપલ ગૃહ નિર્માણ અને પ્રાથમિક શાળા" માટે અનામત રાખેલ અને પાલનપુરની મંજૂર કરેલી વિકાસ યોજનામાં ૩૦ ફૂટના ડી.પી. રોડ (ભાગ)માં આવતી આ સાથેના પ્લાનમાં "ABCDEFGHIJKLMA" નિશાની કરીને દર્શાવેલ પાલનપુરની મહેસૂલી સરવે નંબર ૧૧૦૦-૧-(એ-૧૦જી-૧૮)વાળી, જમીનો સદરહુ અનામતમાંથી મુકત કરવી અને એ રીતે મુકત કરેલા રસ્તા અને જમીનો, પ્લાનમાં દર્શાવ્યા મુજબ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાંપ્રસિદ્ધ થયેલા તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૭ ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી ૧૯૯૭ના ૮ વીબીએન--૩૨૯૫/૯૬૨.આઈસી--૨૮—ચ, નો-ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

GUJARAT PANCHAYATS ACT, 1993

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૧મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી. ૧૯૯૭નો--૮ વીબીએન--૩૨૯૫-૯૬૨-આઈસી-૨૮-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ. ૧૯૯૩ (સન ૧૯૯૩ ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭૩થી મળેલી સત્તાની રુએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત દેવગઢ-બારિયા અને જિલ્લા પંચાયત પંચમહાલ સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર, આથી:—

INDEX

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી ;

(૨) સદરહુ અનુસુચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે,

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	દેવગઢબારિયા	ગોયા સુંડલ	(૧) ગોયા સુંડલ મહેસૂલી ગામ		૧. ગોયા સુંડલ	૧. (૧) ગોયા સુંડલ મહેસૂલી ગામ
			(૨)કોઠારા મહેસૂલીગામ			૨. કોઠારા મહેસૂલી ગામ
			(૩) ગજાપુરા (કાનપુર)મહેસૂલીગામ	ગજાપુરા (કાનપુર)મહેસુલી ગામ	(૨) ગજાપુરા (કાનપુર)	૨. ગજાપુરા (કાનપુર) મહેસૂલી ગામ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૯/ડીવીપી/૧૪૮૯/એમ-૭૬/એલ.નો ગુજરાતીઅનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૯/ડીવીપી/૧૪૮૯/એમ-૭૬/એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) ની કલમ ૧૯૬ની પેટા-કલમ (૩)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી,

INDEX

તારીખ ૨જી માર્ચ, ૧૯૯૧ના ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ ભાગ-૪(બી)માં પાના ખંબર ૪૫-૧થી ૫૫-૨ પર પ્રસિદ્ધ કરેલ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનું તારીખ ૨જી માર્ચ ૧૯૯૧નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીએચ/વી/૧૯૯૧નો ૬૨/ડીવીપી/ ૧૪૮૯/૮૨૨- (૯૧)-એલ રદ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુક્ત સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૭મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૭મી જાન્યુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૭ નો ૧૦/ટીપીએસ--૨૧૯૫-૭૦૯-એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ માટે પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

- શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૭મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭ નો ૧૦/ટીપીએસ--૨૧૯૫--૭૦૯-એલ.—મુંબઈનગર રચના અધિનિયમ, ૧૯૫૪ ની કલમ ૮૩ ની પેટા કલમ (૧) થી મળેલી સત્તાની રુએ, તારીખ ૨૮મી જુન, ૧૯૯૭૬ ના (પંચાયત અને આરોગ્ય વિભાગ) ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૧૧--૧૯૭૬/ટીપીએસ--૨૧૭૫--૪૧૧૫--ક્યુ થી, રાજ્ય સરકારે અંબાજીની નગરરચના યોજના તૈયાર કરવા સત્તા ચલાવવા માટે મુખ્ય નગર આયોજક (ગુજરાત રાજ્ય)ને નીમ્યા છે.

અને, પંચાયત, ગૃહનિર્માણ અને શહેરી વિકાસ વિભાગના તારીખ ૨૭મી મે, ૧૯૮૨ ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/ ૧૯૮૨ નો ૧૦૭--ટીપીએસ-૨૧૮૧-૧૭૪૮-(૮૨)-એલ હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૮ ની પેટા--કલમ (૨) થી મળેલી સત્તાની રુએ, મુખ્ય નગર આયોજક, ગુજરાત રાજ્ય, (અંબાજી વિસ્તાર વિકાસ સત્તામંડળ) તેને સાદર કરેલ નગર રચના યોજના, અંબાજી ક્રમાંક--૨ નો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો;

અને, સદરહુ અધિનિયમની કલમ ૫૦ થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણુંક કરી હતી ;

અને, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૪મી ઓકટોબર, ૧૯૮૭ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/ ૧૯૮૭ નો ૨૨૦/ટીપીએસ-૨૧૮૫-૩૭૮૭(૮૭)-એલ હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૬૫થી મળેલી સત્તાની રુએ, નગરરચના યોજના, અંબાજી ક્રમાંક--૨--પ્રારંભિક મંજૂર કરી હતી ;

INDEX

અને, નગરરચના અધિકારીએ, સદરહુ અધિનિયમની કલમ ૫૨ ની પેટા-કલમ (૨) અને કલમ ૬૨ ની પેટા-કલમ (૨) હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના, અંબાજી ક્રમાંક :-૨ (છેવટની યોજના) (જેનો આમાં હવે પછી, "સદરહુ છેવટની યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી હતી ;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૬૫થી મળેલી સત્તાની રુએ' ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારોને અધીન રહીને, "સદરહુ છેવટની યોજના" મંજૂર કરે છે ;

(ખ) જણાવે છે કે "સદરહુ છેવટની યોજના" અંબાજી ગ્રામ પંચાયત (અંબાજી વિસ્તાર વિકાસ સત્તા મંડળ)ની કચેરીમાં, રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે ; અને

(ગ) સદરહુ કલમ ૬૫ ની પેટા-કલમ (૨) ના ખંડ(ખ)ના હેતુ માટે, તારીખ ૧૮મી ફેબ્રુઆરી, ૧૯૯૭ નક્કી કરે છે.

અનુસૂચિ

(૧) છેવટની યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, પાના નં. ૬૧ પર અનુક્રમાંક ૨૫ પર, કોલમ નં. ૧૦ (ક) અને ૧૦(ખ) માં દરેક છેવટના પ્લોટ ક્રમાંક ૨૦ માટે દર્શાવેલ '૩૮૩૨૮' એ દરેક આંકડાને બદલે, '૩૨૩૨૮' એ આંકડો મુકવો.

(૨) છેવટની યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, પાના નં. ૬૧ પર' અનુક્રમાંક ૨૫ પર છેવટના પ્લોટ ક્રમાંક ૭૧ માટે કોલમ નં. ૯(ક), ૯(ખ), ૧૦(ક) અને ૧૦ (ખ) માં અનુક્રમે દર્શાવેલ ૧૪૩૪૩, ૧૪૩૪૩, ૨૬૨૯૬ અને ૨૬૨૯૬'એ આંકડાઓને બદલે, અનુક્રમે '૧૫૯૩૭, ૧૫૯૩૭, ૨૭૮૯૦ અને ૨૭૮૯૦' એ આંકડાઓ અનુક્રમે મૂકવા.

(૩) છેવટની યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી અને મૂલ્યાંકન પત્રકમાં, નમૂના 'છ' માં, પાના નં. ૬૧ પર, અનુક્રમાંક ૨૫ પર, કોલમ નં. ૯(ક), ૯(ખ), ૧૦(ક), ૧૦(ખ) ૧૧ અને ૧૫માં' છેવટના પ્લોટ નં. ૧૯, ૨૦, ૨૬, ૩૧, ૩૨, ૬૯, ૭૦ અને ૭૧ ના પેટા-સરવાળાના અનુક્રમે દર્શાવેલ '૩૨૮૭૭, ૩૨૮૭૭, ૬૦૭૮૦૬, ૬૭૭૮૦૬+૪૩૩૦૨,+૪૩૩૦૨, એ આંકડાઓને બદલે, અનુક્રમે '૩૨૪૪૭૧, ૩૨૪૪૭૧, ૬૦૯૪૦૦, ૬૦૯૪૦૦+૪૪૮૯૬ અને +૪૪૮૯૬' એ આંકડાઓ અનુક્રમે મુકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

બૌધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક :જી/જી/૩/૯૭/એસટીસી/૧૦૯૬/૨૮૨૬/ધ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE ROAD TRANSPORT CORPORATION ACT, 1950.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૭.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦.

ક્રમાંક : જી/જી/૩/૯૭/એસટીસી/૧૦૯૬/૨૮૨૬/ધ.—ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન નિયમો, ૧૯૭૧ના નિયમ—૩ સાથે વાંચતાં, માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૮ના ૬૫માં)ની કલમ—૫ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગના તા. ૩૧/૫/૯૫ના જાહેરનામા ક્રમાંક: જી/જી/૧૨૧/૯૫/એસટીસી/૧૦૯૫/૧૨૯૪/ધ તાંત્કાલિક અસરથી રદ કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
જે. યુ. ગાંધી,
સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૭ ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી ૧૯૯૭ નો ૯/વીબીએન/૩૭૯૫/-૫-૧૩-ચ.—નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિંકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી ૧૯૯૭ નો ૯/વીબીએન/૩૭૯૫/૫/૧૩-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત વલસાડ અને જિલ્લા પંચાયત વલસાડ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી:

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલ સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછીબનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
	વલસાડ	મગોદ ડુંગરી	૧. મગોદ મહેસુલી ગામ		૧. મગોદ	૧(૧) મગોદ (મહેસૂલી ગામ)
			૨. ડુંગરી (મહેસુલી ગામ)	૧. ડુંગરી (મહેસુલી ગામ)	૨. ડુંગરી	૨(૧) ડુંગરી (મહેસૂલી ગામ)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી ડીસેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૨૦૫/૯૬/એસટીસી/૧૦૯૬/૨૮૨૬/ધ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE ROAD TRANSPORT CORPORATION ACT, 1950

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૬મી ડીસેમ્બર, ૧૯૯૬.

માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦.

ક્રમાંક : જીજી/૨૦૫/૯૬/એસટીસી/૧૦૯૬/૨૮૨૬/ધ.—ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન નિયમો, ૧૯૭૧ના નિયમ-૩ સાથે વાંચતા, માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના અધિનિયમ ક્રમાંક ૬૪મા)ની કલમ-૫ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તા. ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૦નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીજી/૮૪/૯૦ એસટીસી/૧૦૮૭/૫૪૧/ધ (જેનો આમાં હવે પછી, "મુખ્ય જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) અને તારીખ ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૫નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીજી/૧૬૦/૯૫/એસટીસી/૧૦૯૫/૧૨૯૪/ધ, નીચે પ્રમાણે સુધારે છે :—

મુખ્ય જાહેરનામામાં, પરિચ્છેદ (ખ)માં, અનુક્રમાંક-૧ પરની નોંધને બદલે, નીચેની નોંધ મૂકવી :—

"૧. શ્રી સોમાભાઈ ગાંડાભાઈ પટેલ પારકોટા વિસ્તાર વિરમગામ-૩૮૨૧૫૦. જિલ્લો : અમદાવાદ.	બોર્ડના અધ્યક્ષ."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. એમ. ચૌહાણ,
સરકારના સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૧૬/ડીવીપી-૧૫૯૪-૨૯૪૩-એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT. 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર તારીખ ૩૦મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૧૬/ડીવીપી-૧૫૯૪-૨૯૪૩-એલ:—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૨૪૦/ડીવીપી/૧૮૮૩/૪૪૨૦-(૮૭)-એલ, હેઠળ મંજૂર કરેલ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળના શહેરી વિકાસ વિસ્તાર માટે છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો સૂચિત ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬મી ઓગસ્ટ, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૪૩/ડીવીપી-૧૫૯૪-૨૯૪૩-એલ હેઠળ, તારીખ ૨૬મી ઓગષ્ટ, ૧૯૯૬ના ગુજરાત સરકારી અસાધારણ રાજપત્ર ભાગ-૪-બીના પાના નં. ૧૮૪-૧ અને ૧૮૪૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા, કોઈ હોય તો, તે સદરહુ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર—ને ખિતમાં રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને, ગુજરાત સરકારને સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ વાંધા અથવા સૂચનો મળ્યાં નથી;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે જે રીતે કરવાનો ફેરફાર સન ૧૯૯૭ના જાન્યુઆરી મહિનાની ૩૦મી તારીખથી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨જી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો: ૨૪૦/ડીવીપી-૪૪૨૦-(૮૭)-એલ,થી મંજૂર કરેલ ઔડાના શહેરી વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

ઔડાની મંજુર કરેલી વિકાસ યોજનામાં, "મનોરંજન ઝોન અને કૃષિવિષયક ઝોન" માટે મુકરર કરેલ, આ સાથેના પ્લાન ઉપર "ABCDEFGHIJKLMNO PQRSA" તરીકે નિશાની કરીને દર્શાવેલ શાહવાડી, તા. સીટી, જિલ્લો-અમદાવાદની મહેસૂલી સરવે નંબર-૨૫૩, ૨૫૪, ૨૫૫, ૨૫૬, ૨૫૭, ૨૫૮, ૨૬૭/પી, ૨૬૮, ૨૭૭ અને ૨૭૮ વાળી જમીનનો બ્લોક, સદરહુ મુકરર કરેલી જમીનમાંથી કમી કરવો અને આ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨)-(ક) હેઠળ "ઔદ્યોગિક ઝોન" (ઓ. એન્ડ એચ.) તરીકે મુકરર કરવી.

આ ફેરફાર, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગાંધીનગર-એ તેમના તારીખ ૧લી ઓગષ્ટ, ૧૯૯૬ના ઝોન ફેરફાર પરવાનગી અભિપ્રાય પત્ર ક્રમાંક : એબીડી/એનઓલ-સી/૨૦૩૦૯ પ્રમાણે જણાવેલી વિશિષ્ટ જરૂરિયાતો/શરતો પૂરી કરવાને અધીન રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના સમાજ કલ્યાણ વિભાગના સરકારી હુકમ ક્રમાંક : જીએચ/એલ/૩/ડીએનએસ/૧૦૯૭/૯૪/એમ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Order

under

THE BOMBAY PROHIBITION ACT, 1949

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ હેઠળ હુકમ

સમાજ કલ્યાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૫મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૩/ડીએનએસ/૧૦૯૭/૯૪/એમ.– મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ-૧૩૯ના ખંડ-(ધ)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર આથી [સમાજ કલ્યાણ વિભાગના તા. ૧૦મી સપ્ટમ્બર, ૧૯૬૫ના સરકારી હુકમ ક્રમાંક : જીએસ/એસએચ/૧૧૦૦/બીપીઓ/૧૧૬૫/૬૦૯૬૮/ડીએચ (જેનો આમાં હવે પછી, "સદરહુ હુકમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ને નીચે પ્રમાણે સુધારે છે.

સદરહુ હુકમની સાથે જોડેલા કોષ્ટકમાં, અનુક્રમાંક ૩૧ પરની નોંધ પછી, નીચેનો મજકૂર કોલમ નં. ૧, ૨ અને ૩માં અનુક્રમે દાખલ કરવો.

૩૨	મોલ્ડ પ્રેસ—૧૦૦૧, ૧૦૦૨ અને ૧૦૦૩.	મેસર્સ, મલયચેમ ઈન્ડસ્ટ્રીઝ, સરવે નંબર, ૩૩૦, પ્લોટ નં. ૧૦. ગરીબશાહ પીર પાછળ, શિહોર, (જિલ્લો : ભાવનગર.)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
સરકારના ઉપ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર તારીખ ૨૧મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૨૩/પીજીએ/૧૦૯૫/૨૮૭૧/એમ-(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE PAYMENT OF GRATUITY ACT, 1972

ગ્રેચ્યુઈટી ચૂકવણી અધિનિયમ, ૧૯૭૨ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગ્રેચ્યુઈટી ચૂકવણી અધિનિયમ, ૧૯૭૨ (સન ૧૯૭૨નો ૩૯મો):

ક્રમાંક : કેએચઆર/૨૩/પીજીએ/૧૦૯૫/૨૮૭૧/ચેમ-(૩).—ગ્રેચ્યુઈટી ચૂકવણી અધિનિયમ, ૧૯૭૨ની કલમ-૭ની પેટા-કલમ (૭)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, રાજ્ય સરકાર જેના માટે સમુચિત સરકાર હોય તે તમામ કારખાના, દુકાનો કોણ બંદરો, પ્લાન્ટેશન્સ અને એસ્ટાબ્લિશમેન્ટના સંબંધમાં, સદરહુ અનુસૂચિના કોલમ-૩માં તે/તેણીની સામે અનુક્રમે નિર્દિષ્ટ કરેલા વિસ્તારો માટે આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ-૨માં જણાવેલ અધિકારીને અપીલીય સત્તાધિકારી તરીકે નીમે છે.

અનુસૂચિ

અનુ ક્રમાંક ૧	અધિકારી ૨	વિસ્તારો ૩
૧.	નાયબ મજૂર કમિશ્નર, અમદાવાદ.	સમગ્ર ગુજરાત રાજ્ય.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

દિલીપસિંહ ડી. ચૌહાણ
સેકશન અધિકારી.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી જાન્યુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ/૯૭/૧/એમ/એસટીપી/૧૦૯૫/૧૩૨૨/એચ-૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Order

under

THE BOMBAY STAMP ACT, 1958

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

મહેસૂલ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૯મી જાન્યુઆરી, ૧૯૯૭.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક: જીએચ.એમ./૯૭/૧/એમ/એસટીપી/૧૦૯૫/૧૩૨૨ એચ.-૧.—મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા)ની કલમ ૯ના ખંડ (ક)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, અમદાવાદના શ્રી રમણભોઈ ફૂલાભાઈ પટેલ અને વડોદરાના શ્રીમતી

INDEX

શાંતાબેન જ્યંતિભાઈ પટેલે, કાકરખાડ વીહરી માતા, નડીયાદ, જિલ્લો ખેડા ખાતે આવેલી ટીકા નંબર ૧૫, સીટી સરવે નંબર ૫૩૬, વોર્ડ નં ૮, મકાન નં. ૧૩૩૧ જેનો બાંધકામ વિસ્તાર ૨૫.૯૨ ચોરસ મીટર છે. તે આશરે રૂા. ૧,૫૦,૦૦૦ની કિંમત ધરાવતી તેમની સ્થાવર મિલકતના સંબંધમાં, અંધજનોના કલ્યાણ માટે પ્રવૃત્તિ ચલાવતા અંધજન મંડળ, વસ્ત્રાપુર, અમદાવાદની તરફેણમાં તેમણે કરેલ બક્ષિસના લેખ પર, સદરહુ અધિનિયમ હેઠળ લેવાપાત્ર ડ્યુટી માફ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. ડી. ભટ્ટ,
સરકારના ઉપ-સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી શુદ્ધિપત્ર ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૧૯/એસએએ-૧૦૮૯-૧૫૮૯-કે નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Corrigendum

Re

AMEDMENT TO THE GOVERNMENT NOTIFICATION URBAN DEVELOPMENT AND URBAN HOUSING DEPARTMENT NO GH-V-47-OF/1995/SAA/1039/1558-K DATED THE 16th MARCH, 1995.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૫ના ૪૭/એસએએ-૧૦૮૯-૧૫૫૮-કે, સુધારવા સંબંધી શુદ્ધિપત્ર.

ગુજરાત સરકાર,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા નાબૂદી અને પુનર્વિકાસ) અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૧૯/એસએએ-૧૦૮૯-૧૫૫૮-કે.—તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૫ના ગુજરાત સરકારના અસાધારણ રાજપત્ર ભાગ—૪-બીમાં પ્રસિદ્ધ થયેલા શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી માર્ચ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએસ/વી/૧૯૯૫ના ૪૭/એસએએ-૧૦૮૯-૧૫૫૮-કેમાં, તેના છેલ્લા પેરામાં આવતા "અધિક મુખ્ય સચિવ" એ શબ્દોને બદલે, "અગ્રસચિવ/અધિક મુખ્ય સચિવ/સચિવ" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. એસ. મહેતા,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GNR/1.

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, MARCH 27, 1997/CAITRA 6, 1919 [No. 13

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તારીખ ૧--૨--૯૭ થી તારીખ ૨૮--૨--૯૭ દરમ્યાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી.

અનુ. નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિધ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ—૯		
૧	૪	સન ૧૯૯૭નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧	૬--૨--૯૭	વે. અને સં. બા. વિ.
૨	૫	,, ૨	૭--૨--૯૭	,,
૩	૬	,, ૩	૧૩-૨-૯૭	,,
૪	૭	,, ૪	,,	,,
૫	૮	ભા.એ:૫૫૯/૨૬-૧૧-૯૬ (જીએચએન-૩૨) જીએસઆર-૧૦૯૬-(૮૫)-૬	૧૫-૨-૯૭	,,

INDEX

૧	૨	૩	૪	૫
૬	૯	સન ૧૯૯૭નું ગુજરાત વિધેયક ક્રમાંક ૫	૧૫-૨-૯૭	વૈ. અને સં. બા. વિ.
૭	૧૦	,, ૬	,,	,,
૮	૧૧	,, ૭	,,	,,
૯	૧૨	ભા.એ.૮૮/૧૪-૨-૯૭ જીજી-૧૨-૯૭-એસબીઆઇ-ઈએવસી-૧૦૯૭-૫૪૮	૧૭-૨-૯૭	,,
૧૦	૧૩	સન ૧૯૯૭નું ગુજરાત વિધેયક ક્રમાંક ૮	૨૦-૨-૯૭	ગુજ. વિધાનસભા સચિવાલય
૧૧	૧૪	,, ૯	૨૪-૨-૯૭	વૈ. અને સં. બા. વિ.
૧૨	૧૫	સન ૧૯૯૭નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૧	૨૭-૨-૯૭	,,
૧૩	૬	,, ૨	,,	,,
૧૪	૧૭	,, ૩	,,	,,
૧૫	૧૮	,, ૪	,,	,,
૧૬	૧૯	સન ૧૯૯૭નું ગુજરાત વિધેયક ક્રમાંક ૧૦	,,	ગુજ. વિધાનસભા સચિવાલય
૧૭	૨૦	,, ૧૧	,,	,,
૧૮	૨૧	,, ૧૨	,,	,,
૧૯	૨૨	,, ૧૩	,,	,,

જે. કે. દવે,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, APRIL 3, 1997/CAITRA 13, 1919 [No. 14

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૨મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના સામાન્ય વહીવટ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએસ--૯૬/૪૫/ભપન/૧૧૯૩/૮૪૨/ક.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ.એસ. કાપડિયા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notifioation

Re

AMENDMENT TO THE GUJARAT SECRETARIAT ASSISTANTS, DEPUTY MAMLATDARS AND SALES TAX INSPECTORS RECRUITMENT (EXAMINATION) RULES, 1979.

ગુજરાત સચિવાલય મદદનીશ, નાયબ મામલતદાર અને વેચાણવેરા ઈન્સ્પેકટર ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૭૯ સુધારવા સંબંધી જાહેરનામું

સામાન્ય વહીવટ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૧૦મી ડિસેમ્બર, ૧૯૯૬.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીએસ-૯૬-૪૫--ભપન--૧૧૯૩--૮૪૨--ક.—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, ગુજરાત સચિવાલય મદદનીશ, નાયબ મામલતદાર અને વેચાણવેરા ઈન્સ્પેકટર ભરતી (પરીક્ષા) નિયમો, ૧૯૭૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો ગુજરાત સચિવાલય મદદનીશ, નાયબ મામલતદાર અને વેચાણ વેરા ઈન્સ્પેકટર ભરતી (પરીક્ષા) (સુધારા) નિયમો, ૧૯૯૬ કહેવાશે.

૨. ગુજરાત સચિવાલય મદદનીશ, નાયબ મામલતદાર અને વેચાણવેરા ઈન્સ્પેકટર ભરતી (પરીક્ષા) નિયમા, ૧૯૭૯માં, નિયમ ૧૪માં, પેટા-નિયમ (૧) ને બદલે નીચેનો મજકૂર મૂકવો :—

"(૧) અનુસૂચિમાં જણાવેલી એક અથવા વધારે જગાઓ માટે પરીક્ષામાં બેસવા માટે અરજી કરતા ઉમેદવારે, સરકાર ધ્વારા વખતોવખત ઠરાવવામાં આવે અને આયોગ વખતોવખત નક્કી કરે તેવી રીતે ચૂકવવાપાત્ર તેવી એકત્રિત ફી સાથે, આયોગ વખતોવખત નક્કી કરે તેવી રીતે અને તેવા નમૂનામાં અરજી રજૂ કરવી જોઈએ.

પરંતુ અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સામાજિક અને શૈક્ષતિક રીતે પછાત વર્ગની વ્યકિતઓ, વિચરતી જાતિઓ અને વિમુકત જાતિઓ સહિતની અને શારીરિક રીતે ખોડખાંપણવાળી વ્યકિતઓને, પરીક્ષા ફી અને અરજી ફી માંથી મુકિત આપવામાં આવશે."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

ભાસ્કર પંડયા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી ૧૯૯૬નો ૮૪ / વીપીએન--૩૧૯૫--મંત્રી--૪૫-ચ.—નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર. ૩૦મી ડિસેમ્બર, ૧૯૯૬.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૬નો ૮૪ /વીબીએન--૩૧૯૫--મંત્રી--૪૫--ચ .— ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત વિજાપુર અને જિલ્લા પંચાયત મહેસાણા સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહું સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી ;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	વિજાપુર.	બદપુરા	(૧) બદપુરા (મહેસૂલી ગામ) (૨) ઈશ્વરપુરા (પેટાપરા)	ઈશ્વરપુરા (પેટાપરા)	બદપુરા (મહેસૂલી ગામ) ઈશ્વરપુરા (પેટાપરા)	બદપુરા (મહેસૂલી ગામ) ઈશ્વરપુરા (પેટાપરા)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી ફેબ્રુઆરી, ૧૯૯૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૬નો ૧-વીબીએન/૩૫૯૬-૯૦૮-૬-ચ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૭

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૧લો)—વીબીએન-૩૫૯૬-૯૦૮-૬-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત ચોર્યાસી અને જિલ્લા પંચાયત સુરત સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લેવેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામે	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	ચોર્યાસી	છાપરા બાઠા (મહેસૂથી ગામ)	૧. પાટીદાર મહોલ્લો ૨. હળપતિ વાસ ૩. કાઠીયાવાડી ચાલ ૪. નારાયણ નગર ૫. સંતકૃપા સોસાયટી. ૬. સી. ઝેડ. પાર્ક. ૭. અભયનગર ૮. લાલબાગ ૯. ગોપીનાથ ૧૦ મારૂતિ ધામ ૧૧. મણિબા પાર્ક ૧૨. મધુવન સોસાયટી ૧૩. ગિરનાર સોસાયટી ૧૪. કાલિદાસ નગર ૧૫. પંચવટી ૧૬. શિરડી ધામ ૧૭. ભગુનગર ૧૮. વિશ્વનગર ૧૯. ગૌત્તમ પાર્ક ૨૦. હાઉસીંગ બોર્ડ, વસાહત.	૧. મધુવન સોસાયટી ૨. ગિરનાર સોસાયટી ૩. કાલિદાસ નગર. ૪. પંચવટી. ૫. શિરડી ધામ ૬. ભગુનગર ૭. વિશ્વનગર ૮. ગૌત્તમ પાર્ક ૯. હાઉસીંગ બોર્ડ વસાહત.	૧. છાપરા બાઠા (મહેસૂથી ગામ) ૨. ગણેશ પુરા	(૧) પાટીદાર મહોલ્લો (૨) હળપતિ વાસ. (૩) કાઠીયાવાડી ચાલ (૪) નારાયનગર. (૫) સંતકૃપા સોસાયટી. (૬) સ્ટી.ઝેડ.પાર્ક (૭) અભયનગર. (૮) લાલબાગ. (૯) ગોપીનાથ. (૧૦) મારૂતી ધામ. (૧૧) મણીબા પાર્ક ૨. (૧) મધુવન સોસાયટી (૨) ગીરનાર સોસાયટી (૩) કાલીદાસનગર. (૪) પંચવટી. (૫) શિરડી ધામ. (૬) ભગુનગર. (૭) વિશ્વનગર. (૮) ગૌત્તમ પાર્ક (૯) હાઉસીંગ બોર્ડ વસાહત.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

વિભાગ I — સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૬ઠ્ઠી ફેબ્રુઆરી ૧૯૯૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭ના ૮/ડીવીપી/૨૭૯૪/૨૩૪૬/એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૧૬મી જાન્યુઆરી, ૧૯૯૭

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭ના ૮/ડીવીપી/૨૭૯૪/૨૩૪૬/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૨૨મી મે; ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭ના ૧૨૮/ડીવીપી/૨૭૮૨/૧૯૦૫/(૮૭)/એલ, હેઠળ મંજૂર કરેલી પાટણ વિસ્તાર વિકાસ સત્તા મંડળના વિકાસ વિસ્તાર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં (જેનો આમાં હવે પછી "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તેમાં) ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા)(જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૨-૨-૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬નો ૨૯/ડીવીપી-૨૭૯૪/૨૩૪૬/એલ, હેઠળ, તારીખ ૧૨-૨-૧૯૯૬ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ ૪-બી ના પાના નંબર ૪૫-૧ અને ૪૫-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં, સૂચનો અથવા વાંધા હોય તો,તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજુ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિદ્ધ કરી હતી.

અને, ગુજરાત સરકારે, આ સૂચિત ફેરફાર ના સંબંધમાં સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા)ની કલમ-૧૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાતે સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે જણાવેલો ફેરફાર તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૭થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૨મી મે, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૧૨૮/ડીવીપી/૨૭૮૨-૧૯૦૫-(૮૭)-એલથી મંજૂર કરેલી પાટણની વિકાસ યોજનામાં, ફેરફાર.

પાટણની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં આ સાથે જોડેલ પ્લાન ઉપર ABCDEFGHIA તરીકે નિશાની કરીને દર્શાવ્યા પ્રમાણે "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરેલી પાટણની સર્વે નંબરો, ૧૦૧૬, ૧૦૧૭, ૧૦૧૮, ૧૦૧૯, ૧૦૨૦, ૧૦૨૧, ૧૦૨૨.

INDEX

૧૦૨૩, ૧૦૨૪/૧-૨, ૧૦૨૫, ૧૦૨૬ ૧૦૩૦, ૧૦૩૧ અને ૧૦૩૨ વાળી તમામ (ENBLOCK) જમીનો, સદરહુ મુકરર કરેલ જમીનોમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચ ના અને શહેર વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૪મી ડીસેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૬/૨૦૪/એમવીઆર/૧૦૯૫/જીઓઆઈ-૩૯/ખ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

Notification

under

THE MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૨૪મી ડિસેમ્બર, ૧૯૯૬.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૬/૨૦૪/એમવીઆર/૧૦૯૫/જીઓઆઈ/૩૯/ખ.—કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ-૯ની જોગવાઈઓ અનુસાર ગુજરાત સરકાર, આથી, માનવ જીવનને ભયજનક અથવા જોખમરકારક પ્રકારના માલ લઈ જવા લાવવા અંગે ગુડઝ કેરેજો ચલાવવા માટે ડ્રાઈવીંગ લાઈસન્સ ધરાવનારાઓને તાલીમ આપવાનો "ત્રણ દિવસનો પ્રમાણપત્ર અભ્યાસક્રમ"નું સંચાલન કરવાના હેતુ માટે અનુસૂચિમાં જણાવેલી સંસ્થાઓ નિર્દિષ્ટ કરે છે.

અનુસુચિ

સંસ્થાનું નામ.	તાલીમ કેન્દ્ર
(૧). ઈન્ડિયન ઓઈલ કોર્પોરેશન, લિમિટેડ, નવદીપ આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૧૪.	૧. સાબરમતી ટર્મીનલ, અમદાવાદ. ૨. કોયલી રીફાઈનરી, બરોડા. ૩. કંડલા ટર્મીનલ, કંડલા.
૨. ટાટા કેમીકલ લિમિટેડ, મીઠાપુર, ઓખા મંડળ, ગુજરાત રાજય	ટાટા કેમીકલ લિમિટેડ, મીઠાપુર.
૩. હિન્દુસ્તાન પેટ્રોલિયમ કોર્પોરેશન, લિમિટેડ.	૧. હિન્દુસ્તાન પેટ્રોલિયન કોર્પોરેશન લિમિટેડ, ગાંધીનગર. એલપીજી પ્લાન્ટ, સોનીપુર રોડ, સરઢવ, જિલ્લો ગાંધીનગર. ૨. એચ.પી.સી.એલ.સુરત એલપીજી પ્લાન્ટ, પુના, કુમધારીયા રોડ, સુરત.
૪. ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન, લિમિટેડ.	ભારત પેટ્રોલિમમ કોર્પોરેશન લિમિટેડ, હજીરા કેપો, સુરત. હજીરા રોડ ચાર રસ્તા, સુરત-૩૯૫ ૦૦૫.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. એમ. ચૌહાણ,
સરકારના સંયુકત સચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ. ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામાં ક્રમાંક જીજી/૯૬/૮/એમટીએ--૧૮૯૬--૩૩૬૪--ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ, ૨૮મી જાન્યુઆરી, ૧૯૯૭.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જીજી/૯૬/૮/એમટીએ-૧૮૯૬--૩૩૬૪/ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮(સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૬૭ની પેટા-કલમ (૧) (ધ) (૧) થી મળેલી સત્તાની રૂએ અને ગૃહ વિભાગનું તારીખ ૧૭મી જુલાઈ, ૧૯૯૨નું જાહેરનામું ક્રમાંક : જીજી/૯૨/૧૩૧/એમવીએ ૧૮૯૦--૧૨૪૩/ખ. ૨૬ કરીને, ગુજરાત સરકાર, સદરહુ પેટા-કલમ(૧)ના ખંડ (ધ)(૧)ની જોગવાઈઓ લક્ષમાં લઈને, સન ૧૯૯૭ના ફેબ્રુઆરી, મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તે રીતે આ જાહેરનામાંને જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણે ડ્રાઈવર સિવાયના છ પુખ્ત વયના ઉતારુઓ જેમાં બેસી શકે તેવા અને સામાન્ય રીતે છ બેઠકવાળી ડીઝલ ઓટોરિક્ષાઓ તરીકે જાણીતાં ગુજરાત રાજ્યમાં ચલાવતા કોન્ટ્રેકટ કેરેજ માટે ભાડાં અને નૂર નકકી કરવા સંબંધી, રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળ અને પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળને, આથી આદેશો આપે છે :—

આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૧માં નિર્દિષ્ટ કરેલાં ગુજરાત રાજ્યમાં ચલાવાતા કોન્ટ્રેકટ કેરેજ માટે ભાડાં અને નૂર, સદરહુ અનુસૂચિના અનુક્રમે કોલમ૩ અને ૪માં તેમની સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના આવા ન્યૂનતમ અને અધિકતમ ભાડાને આધીન રહેશે.

અનુસૂચિ

કોન્ટ્રેકટ કેરેજ	વિસ્તાર	ભાડાં	નૂર
૧	૨	૩	૪
સામાન્ય રીતે છ બેઠકવાળી ડિઝલ ઓટોરિક્ષાઓ તરીકે જાણીતી ડાઈવર સિવાયના છ પુખ્ત વયના ઉતારુઓ બેસી શકે તેવી મોટર કેબો.	મ્યુનિસિપલ હદોની બહાર.	૧. મ્યુનિસિપલ હદોની બહારની મુસાફરી માટે (ક) પ્રથમ ૧.૨ કિ.મી. અથવા તેના ભાગ માટે રૂા. ૫/-. (ખ) પછીના દરેક ૧/૫ કિ. મી. અથવા તેના ભાગ માટે ૮૦ પૈસા ચાર્જ રહેશે. ૨. વાહન થોભાવવાનો ચાર્જ પ્રથમ પાંચ મિનિટ પૂરી થયા પછી, દરેક પાંચ મિનિટ માટે ૭૫ પૈસા રહેશે. ૩. વાહન રોકાણની વધુમાં વધુ સમય-મર્યાદા બે કલાકની રહેશે.	દાગીના દીઠ ૭૫ પૈસા પરંતુ એક કંદર ૧૫ કિલોગ્રામથી વધુ ન હોય તેવી ચીજ વસ્તુ ઉપર ચાર્જ લેવામાં આવશે નહિ. વધુમાં, લઈ જવાતાં દાગીનાનો કોઈપણ ભાગ વાહનની બહાર નીકળતો હોવો જોઈએ નહિ અને લઈ જવાતો દાગીનો વધુમાં વધુ ૬૦ કિલોગ્રામનો હોવો જોઈએ.

INDEX

૪. મુસાફરી રાત્રિના ૧૧.૦૦ અને સવારના ૫.૦૦ વચ્ચે શરૂ થાય તો, મુસાફરી પૂરી થવાના સમયને ધ્યાનમાં લીધા સિવાય, રાત્રિના ૧૧.૦૦ અને સવારના ૫.૦૦ વચ્ચેની મુસાફરી માટે, ઉપરના ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલ મૂળભૂત ભાડાનો ૫૦ % સરચાર્જ લેવામાં આવશે.	

નોંધ :—

(૧) આ જાહેરનામાં હેઠળ વસૂલ કરવાપાત્ર તરીકે ગણેલ કુલ ભાડું ૫ પૈસાના ચોકકસ ગુણાંકમાં ન હોય ત્યારે ૨ પૈસા સુધીના અપૂર્ણાંકને ગણતરીમાં લેવા જોઈશે નહિ અને ૩ પૈસા ઉપરના અપૂર્ણાંકને ૫ પૈસા તરીકે ગણવા જોઈશે.

(૨) આ જાહેરનામાના હેતુ માટે 'દાગીનો' એ શબ્દનો અર્થ ઉતારુ અથવા ઉતારુઓ દ્વારા ઓટોરિક્ષામાં લઈ જવામાં આવતો કોઈપણ માલ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જસવંત ગાંધી,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૧૫મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકે/૧૯૯૭/૦૩/સીસીએ/૧૦૮૭/એમએમકે/૧૦૧/ડીનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડિયા,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE BOMBAY CIVIL COURTS ACT, 1869.

મુંબઈ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯ હેઠળ જાહેરનામું

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૧૩મી જાન્યુઆરી, ૧૯૯૭.

મુંબઈ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯.

ક્રમાંક : જીકે/૧૯૯૭/૦૩/સીસીએ/૧૦૮૭/એમએમકે/૧૦૧/ડી.—મુંબઈ દીવાની કોર્ટ અધિનિયમ, ૧૮૬૯ (સન ૧૮૬૯ના ૧૪મા)ની કલમો ૨૧, ૨૨-ક અને ૨૩થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી એવો આદેશ કરે છે કે સન ૧૯૯૭ના જાન્યુઆરી મહિનાની ૨૭મી તારીખથી (જેનો આમાં હવે પછી "મદરહુ તારીખ" તરીકે ઉલ્લેખ કર્યો છે ત્યારથી),—

(ક) જિલ્લા કોર્ટ, સુરતના તાંબા હેઠળ ઓલપાડ ખાતે નવી દીવાની કોર્ટ રહેશે;

(ખ) ઓલપાડ ખાતેની દીવાની કોર્ટનું અધ્યક્ષસ્થાન સિવિલ જજ (જુનિયર ડિવિઝન) લેશે;

(ગ) સિવિલ જજ (જુનિયર ડિવિઝન) ઓલપાડના સામાન્ય હકુમતની સ્થાનિક હદોમાં, સુરતના મહેસૂલી જિલ્લાના ઓલપાડ મહેસૂલી તાલુકાનો સમાવેશ થશે;

INDEX

(ઘ) ઓલપાડના મહેસૂલી તાલુકાના તમામ ગામોનો બનેલો વિસ્તાર, જેમાં સદરહુ વિસ્તારનો સદરહુ તારીખની તરત પહેલાં સમાવિષ્ટ કરેલા હોય તેવો સિવિલ જજ, (જનિયર ડિવિઝન) કઠોરની સામાન્ય હકૂમતની સ્થાનિક હદોનો ભાગ બનતો બંધ થશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

બી. એચ. શાહ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૭મી ફેબ્રુઆરી, ૧૯૯૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીજી/૯૭/એમવીએ/૧૧/૧૮૯૬/૧૩૭૫/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. ઝિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર,

તારીખ : ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૭.

મોટર વાહત અધિનિયમ, ૧૯૮૮

ક્રમાંક : જીજી/૯૭/એમવીએ/૧૧/૧૮૯૬/૧૩૭૫/ખ. —મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૬૭ની પેટા-કલમ (૧) ના ખંડ (ઘ) (૧)થી મળેલી સત્તાની રુએ અને આ અર્થે બહાર પાડેલ તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, સદરહુ પેટા-કલમ (૧) ના ખંડ (ક) થી (ઘ)ની જોગવાઈઓ લક્ષમાં લઈને, સન ૧૯૯૭ના ફેબ્રુઆરી મહિનાની ૧૦મી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના વિસ્તારોમાં ચલાવાતા પોરબંદર નગરપાલિકા દ્વારા ચલાવવામાં આવતા સ્ટેજ કેરેજો માટે ભાંડા નક્કી કરવા સંબંધી, રાજ્ય વાહન વ્યવહાર સત્તામંડળ અને જુનાગઢ પ્રદેશના પ્રાદેશિક વાહન વ્યવહાર સત્તામંડળને, આથી આદેશો આપે છે :—

મુંબઈ મોટર વાહન (ઉતારુ વેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૭મા) હેઠળ લાગેલ અથવા લેવાપાત્ર ઉતારુ વેરાની રકમ સહિત કોઈ હોય તો તે ભાડાં, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૧ અને ૨માં તેમની સામે અનુક્રમે નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં અને રુટો પર ચલાવાતા સ્ટેજ કેરેજો માટે, તે સમયે અમલમાં હોય તેટલા પૂરતું, સદરહુ અનુસૂચિના કોલમ ૩માં તેની સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના આવા અધિકતમ ભાડાંને અધીન રહેશે :

પરંતુ વિધાર્થી દ્વારા કરવામાં આવેલી કોઈ મુસાફરીના કિસ્સામાં, ઉપર્યુકત કોઈ વેરો લેવાપાત્ર ન હોય તો, આવી મુસાફરી માટેનું ભાડું, તેવા વેરાની રકમમાંથી બાકાત રાખીને, તેવી રીતે સરભર કરવું જોઈશે.

અનુસૂચિ

વિસ્તાર ૧	રુટ ૨	ઉતારુ વેરા સહિત અધિકતમ ભાડું ૩
ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૪ હેઠળ રચેલા પોરબંદર શહેરમાં સમાવિષ્ટ વિસ્તાર અને તે પૈકિના કોઈ પણની નજીકના અન્ય વિસ્તારો અને ઉપર્યુકત વિસ્તારો પૈકીના કોઈપણ વિસ્તાર વચ્ચેના વિસ્તાર.	તમામ રુટો	(૧) એક કિલોમીટર અથવા તેના ભાગના પ્રથમ સ્ટેજ માટે ઉતારુ દીઠ ૭૫ પૈસા. (૨) ત્યારપછી, બે સ્ટેજ અથવા તેના ભાગ માટે પણ ત્રીજા સ્ટેજ પછીના ન હોય તે માટે, ઉતારુ દીઠ ૫૦ પૈસા વધારવા.

INDEX

(૩) ત્યારપછી ત્રણ સ્ટેજ અથવા તેના ભાગ માટે પણ દઢા સ્ટેજ પછીના ન હોય તે માટે. ઉતારુ દીઠ ૨૫ પૈસા વધારવા.

(૪) ત્યારપછી, દઢા સ્ટેજ પછીના એક સ્ટેજ અથવા તેના ભાગ માટે ઉતારુ દીઠ ૫૦ પૈસા વધારવા : પરંતુ લઘુતમ ભાડું ઉતારુ દીઠ ૭૫ પૈસા હોવું જોઈશે.

નોંધ :—(૧) આ જાહેરનામાના હેતુ માટે, 'સ્ટેજ' શબ્દ એટલે એક કિલોમીટરનું અંતર.

(૨) આ જાહેરનામામાં 'ઉતારુ' એ શબ્દનો અર્થ, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૨ના ખંડ (ઝ) અને નિયમ ૧૧૯ના પેટા-નિયમ (૧)માં તેનો જે અર્થ કર્યો છે તે જ થશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જશવંત ગાંધી,
સરકારના ઉપસચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧લી માર્ચ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૭નો ૨૬/ડીવીપી-૨૧૯૬-૭૧૩-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર,

તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૨૬/ડીવીપી-૨૧૯૬-૭૧૩-એલ :—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૯૧નો ૨૬૫/ડીવીપી-૨૧૯૦-૩૩૯૪-(૯૧)-એલ હેઠળ મંજૂર કરેલી અંબાજી વિસ્તાર વિકાસ સત્તામંડળની વિસ્તાર વિકાસ માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરુરી હતું;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૬ના સરકારી જાહેરનામા

INDEX

ક્રમાંક. જીએચ/વી/૧૯૯૬નો ૧૫૫/ડીવીપી-૨૧૯૬-૭૧૩-એલ. હેઠળ, તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારી રાજપત્ર, ભાગ ૪બીના પાના નં. ૨૧૮-૧ અને ૨૧૮-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારને સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ વાંધા અથવા સૂચનો મળેલ નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬નો રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯૪ી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૭થી અમલમાં આવશે.

અનુસૂચિ

તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૯૧નો ૨૬૫/ડીવીપી-૨૧૯૦-૩૩૯૪-(૯૧)-એલ. થી મંજૂર કરેલી અંબાજીની વિકાસ યોજનામાંનો ફેરફાર.

અંબાજીની મંજૂર કરેલી વિકાસ યોજનામાં વિર્ધમાન માર્ગ પ્રમાણે મુકરર કરેલ આ સાથે જોડેલા પ્લાનમાં દર્શાવ્યા પ્રમાણે A-B-C-D-A અને E-F-G-H-E નીશાની કરેલી જમીન, સદરહુ મુકરર કરેલી જમીનમાંથી કમી કરી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ 'રહેણાંકના ઝોન' માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી માર્ચ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના સમાજકલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/એલ/૩૦/એમટીપી/૧૦૯૬/૮૪૭/એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

Order

under

THE BOMBAY PROHIBITION ACT, 1949.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ હેઠળ હુકમ

સમાજ કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી સપ્ટેમ્બર, ૧૯૯૬.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૩૦/એમટીપી/૧૦૯૬/૮૪૭/એમ.— મુંબઈ ઔષધીય અને પ્રસાધનની બનાવટો (આબકારી જકાત) નિયમો, ૧૯૫૬ના નિયમ -૩૮ના પેટા-નિયમ (૧) અનુસાર, અને મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગની તા. ૧૮મી એપ્રિલ

INDEX

૧૯૭૯ની ચાદી ક્રમાંક એમટીપી/૭૮/૬૨૨૯૯/એમ, રદ કરીને, ગુજરાત સરકાર, આથી, અનુસૂચિમાં, નીચે અનુક્રમે કેવમ પ્રમાણે નિર્દિષ્ટ કરેલ ઔષધીય અને પ્રસાધનની બનાવટ દરમિયાન, આલ્કોહોલમાં થતી ઘટ માટેની છૂટ ફરીથી નક્કી કરે છે.

અનુસૂચિ

અનુ.ક્રમાંક	ઉત્પાદનનું નામ	બનાવટનું નામ	ઉત્પાદનમાં ઘટની ટકાવારી
૧	૨	૩	૪
૧.	ફાર ઈસ્ટ લેબોરેટરી લી. ખોપરા.	(૧) ફ્રેરોલ એક્સ્પેક્ટોરન્ટ	૧.૨૫ ટકા
૨.	મેસર્સ મુલચંદ સી રાજાઈ, ભાવનગર.	૧. કેમ્ફોરેટેડ ઓપીયમ ટીંચર	૫
		૨. સ્પીરીટ ક્લોરોફોર્મ	૨ ટકા
		૩. ટીંકચર ઓપીયમ	૫ ટકા
		૪. ડીલ વોટર કોન્સેન્ટ્રેટેડ	૫ ટકા
		૫. ટીંકચર બેન્ઝોઈન	૧૦ ટકા
		૬. એરોમેટીક સ્પીરીટ ઓફ એમોનીયા	૫ ટકા
		૭. ટીંકચર બેલાડોના	૫ ટકા
		૮. ટીંકચર હાયોસાયમસ	૫ ટકા
		૯. ટીંકચર આયોડીન	૩ ટકા
		૧૦. રાજ લેવેન્ડર વોટર	૧ ટકા
		૧૧. મધુ યુ. ડી. કોલન	૨ ટકા
૩.	મેસર્સ વીલ્કો લેબોરેટરીઝ પ્રાઈવેટ લિમિટેડ, જી.આઈ.ડી.સી. ચિત્રા, ભાવનગર.	૧ વીલ્કો ટોનીક	૨ ટકા
૪.	વેસ્ટર્ન ઈન્ડીયા કેમીકલ ઈન્ડસ્ટ્રીઝ લી.	૧. યુ.ડી. કોલન	૨ ટકા
		૨. સ્પીરીટ ક્લોરોફોર્મ	૨ ટકા
		૩. ટીંકચર ક્લોરોફોર્મ કંપાઉન્ડ	૫ ટકા
		૪. એરોમેટીક સ્પીરીટ ઓફ એમોનીયમ	૪.૫૨ ટકા
		૫. સ્ટ્રોંગ જીંઝર ટીંકચર	૨૦ ટકા
		૬. ટીંકચર કાર્ડેમમ કમ્પાઉન્ડ આઈ. પી. ૬૬	૧૦ ટકા
		૭. વીક જીંઝર ટીંકચર	૨ ટકા
		૮. ટીંકચર અર્જીનીયા	૬ ટકા
		૯. એકસ્ટ્રેકટ કુરચી લીકવીડ	૨૦ ટકા
		૧૦. ઓપીયમ ટીંકચર આઈપી	૫ ટકા
		૧૧. લીકવોરીશ વીકવીડ એકસ્ટ્રેકટ	૪ ટકા
		૧૨. સીરપ જીંઝર આઈ. પી. ૬૬	૨ ટકા
		૧૩. ટીંકચર બેલાડોના	૫ ટકા
		૧૪. એકસ્ટ્રેકટ બેલાડોના લીકવીડ	૫ ટકા
		૧૫. ટીંકચર હાયોસાયમસ	૫ ટકા
		૧૬. ટીંકચર સીકોના કમ્પાઉન્ડ	૧૦ ટકા
		૧૭. ટીંકચર કેમ્ફર આઈપી–૬૬	૨ ટકા
		૧૮. લીનીમેન્ટ કેમ્ફર કમ્પાઉન્ડ	૨ ટકા
		૧૯. ટીંકચર બેન્ઝોઈન કમ્પાઉન્ડ	૧૦ ટકા
		૨૦. ટીંકચર આયોડીન	૩ ટકા
		૨૧. લીકર એમોનીયા એરોમેટીક	૫ ટકા
		૨૨. ટીંકચર રહીયા કમ્પાઉન્ડ	૧૦ ટકા
૫.	મેસર્સ વરતેજ કેમીકલ પ્રા.લી. ભાવનગર.	૧. ટીંકચર ક્લોરોફોર્મ : પ્રોપરાયટરી	૫ ટકા
		૨. ડીલ વોટર આઈ. પી.	૫ ટકા
		૩. યુ. ડી. કોલન : પ્રોપરાયટરી	૨ ટકા
		૪. ટીંકચર કાર્મીનેટીવ	૫ ટકા
		૫. ટીંકચર ઓપાઈ (ઓપીયમ)	૫ ટકા
		૬. સોપ લીનીમેન્ટ આઈ. પી.	૨ ટકા

INDEX

૧	૨	૩	૪
		૭. ટીંકચર ઝીંકોના કમ્પાઉન્ડ	૧૦ ટકા
		૮. ટીંકચર કેમ્ફર કમ્પાઉન્ડ	૨ ટકા
		૯. ટીંકચર કેમ્ફર એરોમેટીક	૨ ટકા
		૧૦. ટીંકચર હાયોસાયમસ	૫ ટકા
		૧૧. ટીંકચર ન્યુરોમીકા	૫ ટકા
		૧૨. ટીંકચર બેન્ઝોઈન કમ્પાઉન્ડ	૧૦ ટકા
		૧૩. ટીંકચર આયોડીન	૩ ટકા
		૧૪. ઝીંઝર મીટીઝ	૨ ટકા
		૧૫. ટીંકચર બેલાડોના	૫ ટકા
		૧૬. ટીંકચર કાર્ડેમમ કમ્પાઉન્ડ	૨૦ ટકા
		૧૭. ઝીંઝર ફોર્ટ	૧૦ ટકા
		૧૮. એમોનીયા એરોમેટીક	૫ ટકા
		૧૯. સ્પીરીટ ક્લોરોફોર્મ	૨ ટકા
૬.	મેસર્સ સંજય મેડીકલ સ્ટોર્સ ચિત્રા, ભાવનગર.	૧. કમ્પાઉન્ડ બેન્ઝોઈન	૧૦ ટકા
		૨. ટીંકચર કેમ્ફર કમ્પાઉન્ડ	૨ ટકા
		૩. ટીંકચર બેલાડોના	૨ ટકા
		૪. લીની કેમ્ફર એમોનીયેટેડ	૨ ટકા
		૫. ડીલ વોટર કોન્સન્ટ્રેટેડ	૫ ટકા
		૬. એનીસ વોટર કોન્સન્ટ્રેટેડ	૫ ટકા
		૭. ટીંકચર ઓપાઈ	૫ ટકા
		૮. યુ. ડી. કોલન	૨ ટકા
		૯. ટીંકચર ક્લોરોફોર્મ	૫ ટકા
		૧૦. સ્પીરીટ ક્લોરોફોર્મ	૨ ટકા
		૧૧. ટીંકચર ઝીંઝર મીટીસ	૨૦ ટકા
		૧૨. ટીંકચર ઝીંઝર ફોર્ટ	૨૦ ટકા
		૧૩. ટીંકચર કાર્ડેમમ કમ્પાઉન્ડ	૧૦ ટકા
		૧૪. સ્પીરીટ એમોનીયા એરોમેટીક	૫ ટકા
		૧૫. આયોડીન વીક ટીંકચર કમ્પાઉન્ડ	૨ ટકા
		૧૬. હાયોસાઈમસ ટીંકચર	૫ ટકા
૭.	મેસર્સ જયંત કેમીકલ પ્રા. લી. ભાવનગર.	૧. એકસ્ટ્રેકટ બેલાડોના લીકવીડ	૫ ટકા
		૨. એકસ્ટ્રેકટ ગ્લીસરીઝા લીકવીડ	૪ ટકા
		૩. એકસ્ટ્રેકટ કુરચી લીકવીડ	૨૦ ટકા
		૪. ટીંચર લાબેલા એસીટેસીસ	૧૦ ટકા
		૫. એકસ્ટ્રેકટ વસાકા	૧૦ ટકા
		૬. કેમ્ફર એમોનીયેટેડ	૨ ટકા
		૭. લીકવીડ એમોનીયા એરોમેટીક	૫ ટકા
		૮. સીરપ ઝીંજીબરી	૨ ટકા
		૯. સીરપ વસાકા	૩ ટકા
		૧૦. ટીંચર બેલાડોના	૫ ટકા
		૧૧. ટીંચર આસીફેાઈટીડા	૧૦ ટકા
		૧૨. ટીંચર કેમ્ફર કમ્પાઉન્ડ	૨ ટકા
		૧૩. ટીંચર સીકોના કમ્પાઉન્ડ	૧૦ ટકા
		૧૪. ટીંચર હાયોસાઈમસ	૫ ટકા
		૧૫ ટીંચર આયોડીન	૩ ટકા
		૧૬. ટીંચર નકસવોમીકા	૫ ટકા
		૧૭. ટીંચર રેહી કમ્પાઉન્ડ	૩ ટકા
		૧૮. ટીંચર સ્ટ્રામોની	૫ ટકા
		૧૯. ટીંચર આર્જીનીયા	૬ ટકા
		૨૦. ટીંચર ઈપેકાક	૫ ટકા
		૨૧. ટીંચર વેલેરીન એમોનીયેટેડ	૧૦ ટકા
		૨૨. ટીંચર બેન્ઝોઈન કમ્પાઉન્ડ	૧૦ ટકા

INDEX

૧	૨	૩	૪
		૨૩. સીરીપ કોડીન ફોસ	૫ ટકા
		૨૪. ટીંચર ઓપાઈ	૫ ટકા
		૨૫. ટીંચર ઝીંઝબરી વીક	૨ ટકા
		૨૬. ટીંચર ઝીંઝબરી ફોર્ટ	૨૦ ટકા
		૨૭. ટીંચર ક્લોરોફોર્મ કમ્પાઉન્ડ	૨ ટકા
		૨૮. મીક્ષ ફોર્મેનટીવ	૫ ટકા
		૨૯. ડીલ વોટર કોન્સન્ટ્રેટ	૫ ટકા
		૩૦ યુ ડી. કોલન	૨ ટકા
		૩૧. ટીંચર જેન્શન કમ્પાઉન્ડ	૧૦ ટકા
		૩૨. સ્પીરીટ એમોનીયા એરોમેટીક	૫ ટકા
		૩૩. સ્પીરીટ ક્લોરોફોર્મ	૨ ટકા
		૩૪. સ્પિરીટ કેમ્ફર	૨ ટકા
		૩૫. ટીંચર કાર્ડેમમ કમ્પાઉન્ડ	૧૦ ટકા
		૩૬ સ્પીરીટ એથ્રીસ નાઈટ્રો	૫ ટકા
		૩૭ સ્પીરીટ પીપરમેન્ટ	૨ ટકા
		૩૮. સ્પીરીટ એથેરીસ	૨ ટકા
૮.	મેસર્સ જે. એન. કેમીકલ વર્કસ વટવા, અમદાવાદ	૧. ટીંકચર ઓફ આયોડીન	૩ ટકા
		૨. ટીંકચર ઓફ બેન્ઝોઈન	૧૦ ટકા
		૩. ટીંકચર ઓફ હાયોસાઈમસ	૫ ટકા
		૪. સીરપ વસાકા	૩ ટકા
		૫. લીકવીડ એકસ્ટ્રેકટ વસાકા	૧૦ ટકા
		૬. કેમ્ફોરેટેડ ઓપીયમટીંકચર	૨ ટકા
		૭. ઝીલ વોટર કોન્સ્ટન્ટ્રેટેડ	૫ ટકા
		૮. સીલ્વર સેપ્ટીક	૫ ટકા
		૯. વીન-ઓ-ઝીન	૨ ટકા
		૧૦. પોલી-વીટ-ફોસ	૨ ટકા
		૧૧. મીટટોલ એન્ટીસેપ્ટીક જર્મીસીડલ	૨ ટકા
		૧૨. બોલીન માઉથ વોશ એન્ડ ગર્ગ	૧.૯૭ ટકા
૯.	શેલત બધર્સ, અમદાવાદ	૧. ક્લોરોહિલેન્ડલ સોલ્યુશન	૧ ટકા
૧૦.	ટોરેન્ટ લેબોરેટરી, વટવા અમદાવાદ	૧. ટોરેન્ટોના	૨.૩૮ ટકા
૧૧.	ટોરેન્ટ, ફાર્માશ્યુટિકલ પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદ.	૧. મલ્ટીગેઈન	૩ ટકા
૧૨.	ડિલાઈટ કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ બાવળા	૧. વીક સોલ્યુશન ઓફ આયોડિન	૨ ટકા
		૨. ક્લોરોઝિલેનન સોલ્યુશન	૧ ટકા
		૩. લિકવિડ એકસ્ટ્રેટ ઓફ વસાકા	૧૦ ટકા
		૪. ટીંકચર બેન્ઝોઈન	૧૦ ટકા
૧૩.	કેડિલા ફાર્માસ્યુટિકલ્સ અમદાવાદ.	૧. હેમ-અપ લિકવિડ	૨.૫ ટકા
૧૪.	કેડિલા હેલ્થ કેર પ્રાઈવેટ લિમિટેડ, અમદાવાદ	૧. કેડિફીલેટ ઓલિકઝીર લિકવિડ	૩ ટકા
		૨. ગ્લોબેક લિકવિડ	૩ ટકા
૧૫.	સર્લ (ઈન્ડિયા) લિમિટેડ અંકલેશ્વર	૧. ડેસ્લીમ	૩ ટકા
		૨. ડ્રેમાનિન	૩ ટકા
૧૬.	પી. એન્ડ બી. ફાર્માસ્યુટિકલ પ્રાઈવેટ, ખંભાત, ગુજરાત	૧. સાંગરી ફાર્મા. કમ્પાઉન્ડ	૦.૫ ટકા

INDEX

૧	૨	૩	૪
૧૭.	રીધન લેબો. આણંદ	૧. યુ-ડી-કોલન	૨ ટકા
૧૮.	જસ્મીન એજન્સી, નડિયાદ	૧. જેમેઝી	૧૦ ટકા
		૨. જાસ્મીન ગ્રાઈપવોટર	૧ ટકા
		૩. ક્લોરોફોર્મ સ્પિરિટ	૨ ટકા
૧૯.	મેસર્સ દુફાર ઈન્ટરફ્રેન, વાપી	૧. કોસીન સીરપ	૧.૨૫ ટકા
૨૦.	બરોડા કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ પ્રાઈવેટ લિમિટેડ	૧. વિનોપ્લેક્ષ	૨ ટકા
		૨. ઓપીઅમ ટીંકચર આઈ-પી	૫ ટકા
		૩. આફ્ટર શેવ-લોશન	૨ ટકા
		૪. સ્પિરિટ ઓફ પિપરમિટ બી.પી.સી.	૨ ટકા
		૫. કેમ્ફોરેટેડ ઓપીયમ ટીંકચર આઈ.પી.	૨ ટકા
		૬. ટિંકચર આયોડિન આઈ.પી.	૩ ટકા
		૭. હાયોસાયમસ ટીંકચર આઈ.પી.	૫ ટકા
		૮. સ્પિરિટ ઓફ કેમ્ફર આઈ.પી.	૨ ટકા
		૯. ટિંકચર કમ્પાઉન્ડ બેન્ઝોઈન આઈ.પી.	૧૦ટકા
		૧૦. ક્લોરોફોર્મ સ્પિરિટ આઈ.પી.	૨ ટકા
		૧૧. એરોમેટિક સ્પિરિટ ઓફ એમોનિયા આઈ.પી.	૫ ટકા
		૧૨. વીક જીંજર ટીંકચર બી.પી.	૨ ટકા
		૧૩. સ્પિરિટ જીંજર આઈ.પી.	૨૦ ટકા
		૧૪. યુ-ડી-કોલોન	૨ ટકા
૨૧.	મેસર્સ સેનિટેક્ષ કેમિકલ લિમિટેડ, બરોડા	૧. સેનિવિડોલ કંપાઉન્ડ	૫ ટકા
		૨. આઈઆર. જેન્સ્લો	૨૦ ટકા
		૩. બારી-જમોલ	૩ ટકા
		૪. સિરપ ખુનિવર્જિની	૫ ટકા
૨૨.	મેસર્સ સારાભાઈ કેમિકલ લિમિટેડ, બરોડા	૧. ફોરફોમિન ટોનિક	૨ ટકા
		૨. ફોરફોમિન આર્યન ટોનિક	૨ ટકા
		૩. ફ્રુબ્રાપ્લેક્ષ	૨ ટકા
		૪. ટોસેક્ષ	૨ ટકા
		૫. રોબ્રેશન એલિક્ઝીર	૨ ટકા
		૬. ગ્લાયફોમિન	૨ ટકા
		૭. ફેરોટોન	૨ ટકા
		૮. ફ્રુવીપ્લટ	૨ ટકા
		૯. કોફનીલ	૨ ટકા
૨૩.	મેસર્સ એલેમ્બિક કેમિકલ વર્કસ, બરોડા	૧. હેવિટોન	૨ ટકા
		૨. નિટ એક્સપેકટોરન્ટ	૨ ટકા
		૩. જી. ટી. વસાકા	૨ ટકા
		૪. વસાકા સિરપ	૨ ટકા
૨૪.	મેસર્સ ગિરિશ ફાર્માસ્યુટિકલ વર્ક ઉધના	૧. ગિરિશ રિંગવર્મ લોશન	૨ ટકા

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એચ. એસ. રાઠોડ,
ગુજરાત સરકારના ઉપસચિવ,
સમાજ કલ્યાણ વિભાગ,
ગાંધીનગર.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૧લી માર્ચ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી/૯૭/૧૭/એમવીઆર-૧૦૯૫-૩૨૩૦-ખ.— નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

re

AMENDMENT TO THE BOMBAY MOTOR VEHICLES TAX RULES, 1959.

મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીજી/૯૭/૧૭/એમવીઆર./૧૦૯૫/૩૨૩૦/ખ.—મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા) ની કલમ ૨૩ની પેટા-કલમ (૨) ના ખંડ (ક) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદો, સદરહુ અધિનિયમની કલમ ૨૩ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી અધિક મુખ્ય સચિવ (વાહન વ્યવહાર), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કોઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદો

ક્રમાંક : જી/જી/૯૭/૧૭/એમવીઆર/૧૦૯૫/૩૨૩૦/ખ.— મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૨૩ની પેટા-કલમ (૨) ના ખંડ (ક) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે.

૧. આ નિયમો મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૭ કહેવાશે.

૨. મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯માં, નિયમ ૫માં,

(૧) પેટા-નિયમ (૧)માં, "નમૂના એનટી મુજબનો એકરાર કરવો જોઈશે. " એ શબ્દોને બદલે, "નમૂના 'એનટી' મુજબના એકરાર સાથે દસ રૂપિયા ફી જોડવી જોઈશે " એ શબ્દો મૂકવા ;

(૨) પેટા-નિયમ (૩)માં "પ્રમાણપત્ર જોડવું જોઈશે" એ શબ્દોને બદલે, " દસ રૂપિયા ફી, પ્રમાણપત્ર જોડવા જોઈશે." એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જસવંત ગાંધી,
સરકારના ઉપ-સચિવ,
ગૃહ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૪થી માર્ચ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજીયેચએમ-૯૭/૧૧/એમ/એસટીપી/૧૦૯૫/૧૧૨--એચ-૧.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT STAMPS SUPPLY AND SALES RULES, 1987.

ગુજરાત સ્ટેમ્પ પુરવઠા અને વેચાણ નિયમો, ૧૯૮૭ સુધારવા સંબંધી જાહેરનામું

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૧૨મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

કોર્ટ ફી અધિનિયમ-૧૮૭૦, મુંબઈ કોર્ટ ફી અધિનિયમ--૧૯૫૯, ભારત સ્ટેમ્પ અધિનિયમ-૧૮૯૯ અને મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ-૧૯૫૮.

ક્રમાંક : જીજીયેચએમ--૯૭--૧૧--એમ--એસટીપી--૧૦૯૫-૧૧૨--એચ. ૧.— કોર્ટ ફી અધિનિયમ, ૧૮૭૦ (સન ૧૮૭૦ના ૭મા)ની કલમ ૩૪; મુંબઈ કોર્ટ ફી અધિનિયમ, ૧૯૫૯ (સન ૧૯૫૯ના ૪૬મા)ની કલમ ૪૫, ભારત સ્ટેમ્પ અધિનિયમ, ૧૮૯૯ (સન ૧૮૯૯ ના ૨જા) ની કલમ ૭૪ અને મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ--૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા) ની કલમ ૬૯ અને ૭૦થી મળેલ સત્તાની રૂઈએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત સ્ટેમ્પ પુરવઠા અને વેચાણ નિયમો, ૧૯૮૭ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે.—

૧. આ નિયમો ગુજરાત સ્ટેમ્પ પુરવઠા અને વેચાણ (સુધારા) નિયમો, ૧૯૯૭ કહેવાશે.

૨. ગુજરાત સ્ટેમ્પ પુરવઠા અને વેચાણ નિયમો, ૧૯૮૭ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૬માં, પેટા--નિયમ (૧)માં ખંડ (ધ) હેઠળનો બીજો પરંતુક કમી કરવો.

(૩) સદરહુ નિયમોમાં, નિયમ ૩૫ માં પેટા--નિયમ (૧)માં, ખંડ (ધ) હેઠળનો બીજો પરંતુક કમી કરવો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. પી. દવે,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૪થી માર્ચ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી નવેમ્બર, ૧૯૯૬ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના (સ્પેશિયલ)ના શુધ્ધિ-પત્ર ક્રમાંક : જીજી--૧૯૦--૯૬--એસબીઆઈ--પીઓએ--૧૭૮૮--૧૩૬૦નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Corrigendum

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, HOME DEPARTMENT (SPECIAL) No. GG/41/96/SBI/POA/1788/1360 DATED 20--4--96.

તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૯૬ના ગૃહ વિભાગ (સ્પેશિયલ) ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી--૪૧--૯૬--એસબીઆઈ--પીઓએ--૧૭૮૮/૧૩૬૦ સુધારવા સંબંધી શુધ્ધિપત્ર.

ગુજરાત સરકાર,

ગૃહ વિભાગ (સ્પેશિયલ)

સચિવાલય, ગાંધીનગર. ૨૮મી નવેમ્બર, ૧૯૯૭.

ભારત સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક : જીજી--૧૯૦--૯૬--એસબીઆઈ--પીઓએ--૧૭૮૮--૧૩૬૦.—તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૯૬ના ગૃહ વિભાગ (સ્પેશિયલ) ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીજી--૪૧--૯૬--એસબીઆઈ--પીઓએ--૧૭૮૮--૧૩૬૦ને જોડેલી અનુસૂચિના અનુક્રમાંક ૨ના કોલમ ૪માં, જી.એસ.એફ.સી. ટેન્ક ફાર્મ/આર.ઓ. પ્લાન્ટ, સિક્કાની સામે આવતા સરવે નંબર ૧૭૬/૧ને બદલે, સરવે નંબર ૧૬૭/૧ વાંચવો.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જી. કે. મહેતા,
ગુજરાત સરકારના ઉપસચિવ,
ગૃહ વિભાગ (સ્પેશિયલ).

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GNR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, APRIL 10, 1997/CAITRA 20, 1919 [No. 15

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૩જી માર્ચ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએન/એલ.એલ.એન્ડ પી. એ./૧/૩૭/૯૭/એ/૮૯, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતિ એમ. એસ. કાપડીયા.
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT LEGISLATIVE ASSEMBLY (LEADER OF THE OPPOSITION.) SALARY AND ALLOWANCES ACT, 1979.

ગુજરાત વિધાનસભા (વિરોધ પક્ષના નેતા) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯ હેઠળ.

જાહેરનામું

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગુજરાત વિધાનસભા (વિરોધ પક્ષના નેતા)પગાર તથા ભથ્થાં. અધિનિયમ, ૧૯૭૯.

ક્રમાંક : જીએન/એલ.એલ.એન્ડ પી.એ./૧/૩૭/૯૭/એ/૮૯.—ગુજરાત વિધાનસભા (વિરોધ પક્ષના નેતા) પગાર તથા ભથ્થાં અધિનિયમ, ૧૯૭૯(સન ૧૯૭૯ના ગુજરાતના ૧૬મા)ની કલમ ૧૧થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, શ્રી સુરેશચંદ્ર રૂપશંકર મહેતા, ગુજરાત વિધાનસભા, સભ્ય, સદરહુ અધિનિયમના તમામ હેતુઓ માટે, વિરોધ પક્ષના નેતા બન્યાની તારીખ તરીકે ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૭ પ્રસિધ્ધ કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કુ. એચ. કે. ઝવેરી,
સરકારના સચિવ,

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર ૧૮મી માર્ચ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવી/૧૯૯૭ના ૨૫/ડીવીપી--૩૧૯૫--૧૭૩૨--એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એન. આર. પરીખ
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર,

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭ નો ૨૫/ડીવીપી-૩૧૯૫-૧૭૩૨-એલ,--ઝગડિયા-સુલતાનપુરા ગૃપ ગ્રામ પંચાયતે (જિલ્લો-ભરૂચ), ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની

INDEX

જોગવાઈઓ હેઠળ તેની ગૃપ ગ્રામ પંચાયત હદોની અંદર સમાવિષ્ટ જમીનોના સંબંધમાં, સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો તૈયાર કર્યો છે અને સુધારેલી વિકાસ યોજનાનો મુસદ્દો પ્રસિધ્ધ કરવા સંબંધી અને સૂચિત સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દા અંગે વાંધા અને સૂચનો મંગાવતી જાહેરાત, તારીખ ૫મી જાન્યુઆરી, ૧૯૯૪ના ગુજરાત સરકારી રાજપત્રના ભાગ–૨ના પાના નંબર ૬ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવી હતી ;

અને ઝગડિયા-સુલતાનપુરા વિસ્તાર વિકાસ સત્તામંડળે (ઝગડિયા-સુલતાનપુરા ગૃપ ગ્રામ પંચાયત) ઝગડિયા-સુલતાનપુરાની સદરહુ સુધારેલી વિકાસ યોજના રાજ્ય સરકારને મંજૂરી માટે રજૂ કરી હતી તેના મુસદ્દામાં ફેરફારો કરવાનું સરકારને જરૂરી જણાયું છે ;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૭ની પેટા કલમ-(૧)ના ખંડ (ક) ના પેટા ખંડ-(૨)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી :—

(૧) આ સાથે જોડેલી અનુસૂચિ પ્રમાણે ઉપર્યુકત સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં ફેરફાર કરવા ધારે છે; અને

(૨) કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારો સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અગ્ર સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

નીચે જણાવેલા ફેરફારો દર્શાવતો પ્લાન, ઝગડિયા-સુલતાનપુરા ગૃપ ગ્રામ પંચાયતની કચેરીમાં, ઉપર્યુકત બે મહિનાની મુદત દરમિયાન કામકાજના તમામ દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લો રહેશે.

અનુસૂચિ

ઝગડિયા-સુલતાનપુરા (જિલ્લો ભરૂચ) ની સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાંના સૂચિત ફેરફારો.

૧. સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "ગ્રામ પંચાયત દ્વારા મનોરંજન અને જાહેર હેતુ" માટે અનામત રાખેલી ઝગડિયા-સુલતાનપુરાની મહેસૂલી સરવે નંબર ૩૪૧/ભાગ અને ૩૫૭ વાળી જમીનો અને "રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલી ઝગડિયા-સુલતાનપુરાની મહેસૂલી સરવે નંબર ૩૪૧/ભાગવાળી જમીનો, સદરહુ અનામત રાખેલી જમીનોમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨ (૨) (ઇ) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૧ માં દર્શાવ્યા પ્રમાણે "તળાવ" માટે મુકરર કરવી.

૨. સુધારેલી વિકાસ યોયનાના મુસદ્દામાં, "જાહેરહેતુ, જાહેર ઉપયોગિતા અને સેવા" માટે મુકરર કરેલી મહેસૂલી સરવે નંબર ૪૨, ૪૪, ૪૫, ૧૭૯, ૨૯૬, ૪૦૨, ૪૦૩, ૪૦૬, ૩૦૩/ભાગ, ૪૦ અને ૩૧ વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ઇ) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૨માં દર્શાવ્યા પ્રમાણે "નિર્દિષ્ટ ઉપયોગો" માટે મુકરર કરવી.

૩. સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "જાહેરહેતુ" માટે મુકરર કરેલી ઝગડિયા-સુલતાનપુરાની મહેસૂલી સરવે નંબર ૮ અને ૯ વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૩માં દર્શાવ્યા પ્રમાણે "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરવી.

૪. સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલી ઝગડિયા-સુલતાનપુરાની મહેસૂલી સરવે નંબર ૧૯૧, ૧૯૨, ૧૯૩, ૧૯૪ અને ૨૦૦ વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૪માં દર્શાવ્યા પ્રમાણે "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

૫. સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરેલી, ઝગડિયા-સુલતાનપુરાની મહેસૂલી સરવે નંબર ૩૧૭ થી ૩૨૦, ૩૨૨ થી ૩૨૪ અને ૩૨૭ વાળી જમીનો સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨)(ક) હેઠળ આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૫માં દર્શાવ્યા પ્રમાણે "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

૬. સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "રહેણાંકના ઝોન" માટે મુકરર કરેલી ઝગડિયા-સુલતાનપુરાની મહેસૂલી સરવે નંબર ૨૭૮/પૈકી, ૨૭૯, ૨૮૦, ૨૯૪, ૨૯૫, ૨૯૬ અને ૨૯૭ વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૬ માં દર્શાવ્યા પ્રમાણે "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરવી.

INDEX

૭. સુધારેલી વિકાસ યોજનાના મુસદ્દામાં, "ગ્રામ પંચાયત દ્વારા મનોરંજન અને જાહેર હેતુ" માટે અનામત રાખેલી મહેસૂલી સરવે નંબર ૩૨૫ પૈકી, ૩૫૬ પૈકી અને ૩૫૮ પૈકી વાળી જમીનો, સદરહુ અનામત રાખેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ, આ સાથે જોડેલા પ્લાનમાં અનુક્રમાંક ૧માં દર્શાવ્યા પ્રમાણે "રહેણાંકનાઝોન" માટે મુકરર કરવી.

૮. વિકાસ નિયંત્રણ વિનિયમોમાં, વિનિયમ નં. ૭ (ક) નાં પેટા-વિનિયમ નં. ૬, ૭ અને ૮ ને બદલે, નીચે પ્રમાણે નં. ૬ અને ૭ મુકવા.

૬ સહિયારો પ્લોટ

રહેણાંકના વિકાસ અને ઔદ્યોગિક અને વાણિજ્યિક વિકાસ સિવાયના બીજા ઉપયોગ માટે સહિયારો પ્લોટ.

(ક) ટેનામેન્ટ ટાઈપ લેઆઉટના કિસ્સામાં ૨૦૦૦ અથવા વધુ ચો. મીટર વિસ્તાર ધરાવતા મકાન એકમમાં સહિયારો પ્લોટ પૂરો પાડવો જોઈશે :

પરંતુ, ૨૦૦૦ ચો. મીટર કરતાં ઓછા વિસ્તાર ધરાવતા મકાન એકમના કિસ્સામાં, સહિયારો પ્લોટ જરૂરી નથી. પરંતુ ભોંયતળિયે ૪(ચાર) એકમ અથવા ૪(ચાર) એકમોથી વધુ સંખ્યામાં હોય તો તે (સહિયારો પ્લોટ) પૂરો પાડવો જોઈશે.

(ખ) ભોંયતળિયા સહિતના માળો પૈકીના કોઈપણ માળ ઉપર ચારથી વધુ સંખ્યામાં રહેઠાણના એકમો ધરાવતા માલિકી ફ્લેટ પ્રકારના વિકાસનાં કિસ્સામાં, સહિયારો પ્લોટ પૂરો પાડવો જોઈશે.

સ્ટીલ્ટ ટાઈપ ફ્લેટ ટાઈપ વિકાસના કિસ્સામાં, સહિયારો પ્લોટ ભોંયતળિયે મંજૂર કરવો જોઈશે અને તેનો પાર્કિંગના હેતુ માટે ઉપયોગ કરવો જોઈશે.

(ગ) જમીનની પેટા-ફાળવણી ટાઈપ વિકાસના કિસ્સામાં, ૨૦૦૦ અથવા વધુ ચો. મીટરના વિસ્તારના મકાન એકમમાં સહિયારો પ્લોટ પૂરો પાડવો જોઈશે :

પરંતુ, ૨૦૦૦ ચો. મીટર કરતાં ઓછા વિસ્તાર ધરાવતા મકાન એકમના કિસ્સામાં સહિયારો પ્લોટ જરૂરી રહેશે નહીં. પરંતુ ભોંયતળિયે, પેટા-પ્લોટ ૪ (ચાર) અથવા ૪(ચાર) એકમથી વધુ સંખ્યામાં હોય તો તે પૂરો પાડવો જોઈશે.

(ઘ) સહિયારા પ્લોટનું ઓછામાં ઓછું ક્ષેત્રફળ મકાન એકમના ૧૦ ટકા રહેશે પરંતુ ૩૩૩ ચો. મીટર કરતાં ઓછું હોવું જોઈશે નહિ. આવો સહિયારો પ્લોટ કોઈ એક સ્થળે હોઈ શકશે અથવા જુદા જુદા સ્થળોએ યોગ્ય રીતે તે વહેંચી શકાશે. વહેંચણી કરેલ સહિયારા પ્લોટની બાબતમાં, સહિયારા પ્લોટનું ક્ષેત્રફળ ૩૩૩ ચો. મીટર કરતાં ઓછું હોવું જોઈશે નહીં.

(ચ) સહિયારા પ્લોટના ૧૫ ટકા વિસ્તારનો જરૂરી માર્જિન સહિત ભોંયતળિયે અને પ્રથમ માળે ધાર્મિક સ્થાન, ક્લબ, ઓપન એર થીએટર, પેવેલીયન, શાળા, સાર્વજનિક સભાખંડ, હોસ્પિટલ, વાર્ડ વગેરેના બાંધકામ માટે ઉપયોગ કરી શકાશે અને બાકીનો સહિયારો પ્લોટ ખુલ્લો રહેશે.

એવા કિસ્સામાં લઘુત્તમ આગળનું માર્જિન ૫.૦૦ મીટર અને લઘુત્તમ પાછળનું અને બાજુનું માર્જિન ૩.૦૦ મીટર હોવું જોઈશે.

(છ) સહિયારા પ્લોટની કોઈપણ એક બાજુ ૧૨ મીટરથી ઓછી હોવી જોઈશે નહીં.

(જ) સહિયારા પ્લોટનો વિસ્તાર માર્ગો, માર્જિન અને પ્રવેશ-માર્ગ સિવાયનો રહેશે.

(ઝ) સહિયારો પ્લોટનો વિસ્તાર, એફ.ઓસ.આઈ અને ચણેલ વિસ્તારની ગણતરી કરવા માટે ધ્યાનમાં લેવો જોઈશે નહિ.

(ટ) સહિયારા પ્લોટ રાષ્ટ્રિય અથવા રાજ્ય ધોરીમાર્ગ અથવા બીજા કોઈપણ વર્ગીકૃત માર્ગ અથવા રેલવેથી માર્જિન રાખીને મંજૂર કરવો જોઈશે. એવા સહિયારા પ્લોટનો વિસ્તાર, સહિયારા પ્લોટના જરૂરી વિસ્તારના ૫૦ ટકાથી વધવો જોઈશે નહિ.

૭. વાણિજ્યિક વિકાસ માટે સહિયારો પ્લોટ.

(ક) ૬૬૫ ચોરસ મીટર અથવા વધુ ક્ષેત્રફળવાળા જે મકાન એકમનો ઉપયોગ, ઔદ્યોગિક અને રહેણાંકના વિકાસ સિવાયના કોઈપણ હેતુ માટે કરવાનો હોય તે મકાન એકમ માટે, મકાન એકમના વિસ્તારના ઓછામાં ઓછા ૩૦ ટકા જેટલા એકત્રિત ખુલ્લા પ્લોટની જોગવાઈ કરવી જોઈશે :

પરંતુ આવા મકાન એકમના મિશ્ર એકમના મિશ્ર વિકાસની બાબતમાં પણ ઉપર પ્રમાણે એકત્રિત ખુલ્લા પ્લોટની જોગવાઈ કરવી જોઈશે.

INDEX

(ખ) જ્યાં સુધી માર્જિનો લગોલગ આવેલાં હોય અને પ્રવેશ-માર્ગો એકત્રિત ખુલ્લા પ્લોટમાંથી પસાર થતા હોય ત્યાં સુધી, સદરહુ એકત્રિત ખુલ્લા પ્લોટમાં, આવા મકાન એકમમાં જોગવાઈ કરવાના માર્જિનો અને પ્રવેશ-માર્ગોનો સમાવેશ થઈ શકશે. મકાન એકમના ફ્લોર સ્પેસ ઈન્ડેક્સની ગણના માટે, આ ખુલ્લા પ્લોટનુ ક્ષેત્રફળ બાદ કરવામાં આવશે નહિ.

(ગ) સદરહુ પ્લોટ કાયમ માટે ખુલ્લો રાખવામાં આવશે, એકત્રિત ખુલ્લા પ્લોટમાં ૦.૬૦ મીટરના વાછંટિયા, ૧.૨ મીટરની ગેલેરી અને પગથિયાં કરતાં વધુ કોઈપણ બહાર નીકળતા બાંધકામની પરવાનગી આપવામાં આવશે નહીં.

(ઘ) સિનેમા થિએટરો અને વાણિજ્યિક મકાનોની બાબતમાં એકત્રિત ખુલ્લા પ્લોટમાં, મકાન એકમનો આગળનો ભાગ સંપૂર્ણ આવરી લેવાય તેવી જોગવાઈ કરવી જોઈશે. એક કરતાં વધુ આગળના ભાગવાળા પ્લોટની બાબતમાં, સત્તામંડળે, આગળના ભાગના સંબંધમાં એકત્રિત ખુલ્લા પ્લોટનું સ્થાન નક્કી કરવું જોઈશે :

પરંતુ એકત્રિત ખુલ્લો પ્લોટ એવી રીતે તૈયાર કરવામાં આવે કે તેમાં, મકાન એકમના આગળના ભાગના અમુક ભાગનો સમાવેશ થાય, તો મકાન એકમનો બાંધકામ વિસ્તાર, રસ્તાની બાજુએથી ઓછામાં ઓછો ૯.૦૦ મીટર દૂર રાખવો જોઈશે.

(ચ) સિનેમા અથવા થિએટરની બાબતમાં હોય તે સિવાય, કુલ એકત્રિત ખુલ્લા પ્લોટના ૫૦ ટકા જેટલા એકત્રિત ખુલ્લા પ્લોટનો, વાહન હંકારવાના માર્ગો અને સર્કલ માર્ગો સહિત પાર્કિંગ જગા તરીકે ઉપયોગ કરવાની છૂટ આપી શકાશે.

(છ) એકત્રિત ખુલ્લા પ્લોટનુ પેટા-વિભાજન કરવાની પરવાનગી આપી શકાશે, પરંતુ એ રીતે રચાયેલ પ્લોટનું ઓછામાં ઓછું ક્ષેત્રફળ ૫૦૦ ચોરસ મીટર હોવું જોઈશે. વધુમાં આવા પેટા-વિભાજનનું ઓછામાં ઓછું માપ ૧૫ મીટર બાય ૧૫ મીટર હોવું જોઈશે. એકત્રિત ખુલ્લા પ્લોટના ચતુષ્કોણ આકારમાં અથવા આ વિનિયમોની અથવા નગર રચના યોજનાના વિનિયમોની જોગવાઈઓ હેઠળ કરી શકાય તેવા તેના પેટા-વિભાજનમાં ફેરફાર કરવાની પરવાનગી આપી શકાશે, જેથી, જે મકાન એકમો ઉપર બાંધકામ કરવા ધાર્યું હોય તે મકાન એકમોના આકારને તે અનુરૂપ રહે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,
સચિવાલય, ગાંધીનગર, ૧૯મી માર્ચ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી શુદ્ધિપત્ર ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો૩૭/ ડીવીપી/૩૧૯૫-૧૭૩૨/એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

શ્રીમતી એન. આર. પરીખ,
સરકારના નાયબ સચિવ.

Corrigendum

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, URBAN DEVELOPMENT AND URBAN HOUSING DEPARTMENT NO. GH/V/25 OF 97/DVP-3195-1732-L DATED THE 19TH FEBRUAY, 1997.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૯૭નો ૨૫/ડીવીપી/૩૧૯૫-૧૭૩૨-એલ સુધારવા સંબંધી શુદ્ધિપત્ર.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૦મી માર્ચ, ૧૯૯૭

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૩૭/ડીવીપી/૩૧૯૫/૧૭૩૨/એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૯૭નો ૨૫/ડીવીપી-૩૧૯૫-૧૭૩૨-એલ, માં —

INDEX

(૧) ફેરફાર નંબર ૬માં આવતા, આંકડા '૨૮૦' અને આંકડા '૨૯૪' વચ્ચે '૨૮૧' એ આંકડો ઉમેરવો,

(૨) ફેરફાર નંબર-૨માં આવતા, આંકડા '૪૨' પહેલાં , '૩૯ પૈકી' એ આંકડા અને શબ્દ ઉમેરવા.,

(૩) ઉપર્યુકત જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં, ફેરફાર નંબરે ૨માં, અનુક્રમે આવતા આંકડા '૪૨', '૩૧' અને '૧૭૯' ને બદલે, '૪૨ પૈકી' , '૩૧ પૈકી', અને '૧૭૯ પૈકી' એ આંકડા મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. ડી. પટેલ,
સેકશન અધિકારી,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૫મી માર્ચ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૩૬/ડીવીપી/૨૫૯૫-૩૪૨૩-એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

શ્રીમતી એન. આર. પરીખ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૦મી માર્ચ, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૩૬/ડીવીપી/૨૫૯૫-૩૪૨૩-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૧૫૦/ડીવીપી-૨૫૮૫ ૨૪૫૫-(૮૭)-એલ હેઠળ મંજૂર કરેલ, બીલીમોરા નગરપ(જીલ્લો : વલસાડ) માટેની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ છેવટની સુધારેલી વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

અને, સદરહુ છેવટની વિકાસ યોજનામાં કરંતા ધારેલા ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ની પેટા કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૧૭૬/ડીવીપી/૨૫૯૫-૩૪૨૩-એલ, હેઠળ તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૯૬ના ગુજરાત સરકારી અસાધારણ રાજપત્ર ભાગ-૪-બીના પાના નંબર ૨૪૫/૭ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો. અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તોતે, સદરહુ ફેરફાર પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિદ્ધ કરી હતી;

INDEX

અને, ગુજરાત સરકારને કોઈપણ સૂચનો અને વાંધા મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી ગૃહવિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ છેવટની સુધારેલી વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાના ફેરફાર, તારીખ ૧૦મી માર્ચ, ૧૯૯૭થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૭નો ૧૫૦/ડીવીપી-૨૫૮૫-૨૪૫૫-(૮૭)-એલ થી મંજૂર કરેલ બીલીમોરા નગર(જીલ્લો વલસાડ) માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

બીલીમોરાની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાનના ભાગ પર A-B-C-D-E-F-G-H"A"તરીકે નિશાની કરેલ, મહેસૂલી સરવે નંબર ૩૯૩, ૩૯૩/૧, અને ૩૯૫/બી (૨૪૦૩૧-૦૦ચો. મી.) વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, APRIL 24, 1997/VAISAKHA 4, 1919 [No. 17

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી માર્ચ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૭નો ૨૭/ડીવીપી/૨૬૯૪/૧૮૩૩/એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શરેહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક: જીએચ/વી/૧૯૯૭નો ૨૭/ડીવીપી/૨૬૯૪/૧૮૩૩/એલ.—ગુજરાત સરકારનો એમ અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૧નો/૨૮૭/ડીવીપી/૨૬૯૦-૩૭૪૭-(૯૧)-એલ હેઠળ મંજૂર કરેલ, કોડીનાર, (જિલ્લો-અમરેલી)ની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી" સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલ ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, " સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના વિભાગના તારીખ ૧૮મી જુન, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૬નો ૮૭/ડીવીપી/૨૬૯૪/૧૮૩૩-એલ હેઠળ, તારીખ ૧૮મી જૂન, ૧૯૯૬ ના ગુજરાત સરકારી રાજપત્ર- ભાગ-૪-બીના પાના નંબર ૧૨૪/૬ અને ૧૨૪/૭ પર પ્રસિધ્ધ કર્યો હતો, અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી, વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ, તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

અને ગુજરાત સરકારે કોડીનાર નગરપંચાયત સાથે વિચાર વિનિમય કર્યો છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલ સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે, સદરહુ વિકાસ યોજનામાં કરવાના સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર, તારીખ ૧૯મી ફેબ્રુઆરી, ૧૯૯૭થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૯૧ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૧નો ૨૮૭/ડીવીપી/૨૬૯૦-૩૭૪૭-(૯૧)-એલ થી મંજૂર કરેલ કોડીનાર (જિલ્લો-અમરેલી)ની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

---

૧. કોડીનારની મંજુર કરેલી વિકાસ યોજનામાં, "ખેતી વિષયક ઉપયોગ" માટે મુકરર કરેલ, આ સાથે જોડેલા પ્લાન ઉપર "HIJKLMH" તરીકે નિશાની કરીને દર્શાવેલ કોડીનારના મહેસૂલ સરવે નંબર ૫૯૫/૧, ૫૯૫/૨, અને ૫૯૫ પૈકી (સૂચિત ઔદ્યોગિક ઝોનને બાકાત રાખીને) વાળી જમીનો, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

કોડીનારની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, "ખેતી વિષયક ઉપયોગ" માટે મુકરર કરેલ, આ સાથે જોડેલા પ્લાન ઉપર "ABCDEFGA" તરીકે નિશાની કરીને દર્શાવેલ, કોડીનારની મહેસૂલી સરવે નંબર ૯૯૭, ૯૯૮, ૯૯૯, ૯૦૦, ૯૦૧ પૈકી, ૯૦૭ પૈકી અને ૯૦૮ પૈકીવાળી, જમીનો, સદરહુ ઉપયોગમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઉપયોગ" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર ૧૯મી માર્ચ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૩૦/ ડીવીપી-૨૧૯૫-૩૨૮૫-એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

શ્રીમતી એન. આર. પરીખ,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી ફેબ્રુઆરી, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૩૦/ડીવીપી-૨૧૯૫-૩૨૮૫-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે, તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૭૪ના સકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/પી/૧૯૯૪નો ૨૬૦/ડીવીપી-૨૧૬૮-૫૬૪૦-ક્યુ-હેઠળ મંજૂર કરેલ પાલનપુર વિસ્તાર વિકાસ સત્તા મંડળના વિકાસ વિસ્તાર માટે છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો સૂચિત ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬-૮-૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬નો ૧૩૬/ડીવીપી-૨૧૯૫-૩૨૮૫-એલ, હેઠળ તારીખ ૬-૮-૧૯૯૬ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪-બીના પાના નંબર ૧૬૯/૧ અને ૧૬૯/૨ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને કોઈ વ્યકિતઓ સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા કોઈ હોય, તો, તે, સદરહુ ફેરફાર પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજુ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિદ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારને આ સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ સૂચનો અથવા વાંધા મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭ મા)ની કલમ ૧૯ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરેય છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર સન ૧૯૯૭ના ફેબ્રુઆરી મહિનાની ૨૫મી તારીખથી અમલમાં આવશે.

અનુસૂચિ

તારીખ ૧૧મી ડિસેમ્બર, ૧૯૭૪ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/પી/૧૯૭૪ના ૨૬૦/ડીવીપી-૨૧૬૮-૫૬૪૦-ક્યુ.થી મંજૂર કરેલ પાલનપુરની વિકાસ યોજનામાંનો ફેરફાર.

---

(૧) પાલનપુરની મંજૂર કરેલી વિકાસ યોજનામાં, "રમતના મેદાન" માટે અનામત રાખેલી, આ સાથે જોડેલા પ્લાનમાં "ABCDA" નિશાની કરીને દર્શાવેલી પાલનપુરની આશરે ૯૧૦૫ ચો. મી. માપવાળી મહેસૂલી સરવે નંબર ૧૦૮/૨ (શીટ નંબર ૩૦ના સીટી સરવે નંબર ૯૭૦૯, ૮૭૦૮, ૯૭૦૭, ૯૭૦૦) વાળી જમીનો, સદરહુ અનામત રાખેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ, "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

(૨) પાલનપુરની મંજૂર કરેલી વિકાસ યોજનામાં મહેસૂલી સરવે નંબર ૧૦૭ અને ૧૦૮માંથી પસાર થતા, આ સાથે જોડેલા પ્લાનમાં, " EF " અને " GH " નિશાની કરીને દર્શાવેલ દરેક ૯.૦ મીટર (૩૦ફુટ) પહોળા સૂચિત બે રસ્તા કમી કરવા અને એ રીતે મુકત કરેલી જમીનો ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી માર્ચ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૭/૧૦/એમટીએ-૧૦૯૬-ઓડી-૧૫-ખ નો ગુજરાતી અનુવાદ અથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નામબ સચિવ.

Notification

re

THE GUJARAT TOLLS ON MOTOR VEHICLES AND TRAILERS DRAWN BY SUCH VEHICLES RULES 1996.

ગુજરાત મોટર વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતા ટ્રેઈલરો ઉપરના નાકાવેરા બાબતના નિયમો, ૧૯૯૬ સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૭.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જી/જી/૯૭/૧૦/એમટીએ-૧૦૯૬-ઓડી-૧૫-ખ.—મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૨૦ સાથે વાંચતા, કલમ ૨૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ત) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો. સદરહુ કલમ ૨૩ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારું પ્રસિધ્ધ કરવામાં આવે છે અને નોટિસ આપવામાં આવે છે કે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની મુદત પૂરી થયે અથવા તે પછી, સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થયે અથવા તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ (વાહન વ્યવહાર), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કાંઈ વાંધા અથવા સૂચનો મળશે, તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીજી/૯૭/૧૧/એમટીએ-૧૦૯૬-ઓડી-૧૫-ખ.—મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મું)ની કલમ ૨૦ સાથે વાંચતા કલમ-૨૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ત)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, મોટર વાહનો ઉપરનો નાકાવેરો વસૂલ કરવાના નિયમન માટે નીચેના નિયમો કરે છે :—

૧. ટૂંકી સંજ્ઞા : આ નિયમો ગુજરાત મોટર વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતા ટ્રેઈલરો ઉપરના નાકાવેરા બાબતના નિયમો, ૧૯૯૬ કહેવાશે.

વ્યાખ્યા :

(૧) "માલિક" માં મોટર વાહન તત્સમય પૂરતા જે વ્યકિતના નિયંત્રણ અને કબજા હેઠળ હોય તે વ્યકિતનો તેમાં સમાવેશ થાય છે.

(૨) "પેટા-વિભાગીય અધિકારી" એટલે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરેલ, સંબંધિત માર્ગ અથવા પુલનો હવાલો ધરાવતા માર્ગ અને મકાન વિભાગના અધિકારી.

(૩) "નાકાવેરા સત્તાધિકારી" એટલે દરેક જિલ્લા માટે નિમાયેલ સંબંધિત પેટા-વિભાગીય અધિકારી.

(૪) "નાકાવેરો વસૂલાત કરનાર" એટલે નાકાવેરો વસૂલ કરવાના હેતુ માટે વસૂલાત મથક ખાતે નિમાયેલ વ્યકિત.

૩. નાકાવેરો લેવા બાબત : રાજ્ય સરકાર રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા દરે નાકાવેરો લેવો જોઈશે અને નાકાવેરા સત્તાધિકારીને રોકડમાં ભરવો જોઈશે.

૪. નાકાવેરાના દરો પ્રદર્શિત કરવા બાબત : નાકાવેરાના દરો પ્રદર્શિત કરતું કોષ્ટક, નાકાવેરા વસૂલાત મથક નજીક સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળે અંગ્રેજી, ગુજરાતી અને હિન્દીમાં સુવાચ્ય રીતે લખેલ અથવા છાપેલ મૂકવું જોઈશે.

INDEX

૫. નાકાવેરો ભરવામાં આવ્યો ન હોય તેવા કિસ્સામાં કાર્યરીતિ : મોટર વાહનોના સંબંધમાં નાકાવેરો ભરવામાં આવ્યો ન હોય તે કિસ્સામા, નાકાવેરા સત્તાધિકારી, નાકાવેરો ભરવામાં ન આવે ત્યાં સુધી મોટર વાહનો રોકી રાખી શકશે.

૬. રકમ એકઠી/વસૂલ કરવા માટેની કાર્યરીતિ : નાકાવેરા સત્તાધિકારીએ તે જરૂરી ગણે તેટલી પૂરતી સંખ્યામાં, હાથેથી અથવા સ્વયં-સંચાલિત વ્યવસ્થા અથવા તે બંનેથી સંચાલિત થતા વસૂલાત મથકો ઉભા કરવા જોઈશે.

૭. નાકાવેરાની વસૂલાતની રીત : મોટર વાહનોના માલિકે, પુલ પસાર કરતાં પહેલાં અથવા તે પસાર કર્યા પછી, આડા દંડા (Cross bar) મથક ખાતે પોતાનું વાહન થોભાવવું જોઈશે અને તે નાકાવેરા વસૂલાત મથકે લેવાપાત્ર નાકાવેરો રોકડેથી ભરવો જોઈશે. નાકાવેરા સત્તાધિકારીએ તેના બદલે, આ નિયમો સાથે જોડેલ નમૂના 'ક'માં પહોંચની બીજી નકલ તૈયાર કરવી જોઈશે અને મોટર વાહનના માલિકને પહોંચની એક નકલ આપવી જોઈશે. અને બીજી નકલ રેકર્ડ માટે રાખવી જોઈશે.

૮. વસૂલ કરેલ નાકાવેરાનું પ્રેષણ : (૧) ફરજ પરના નાકાવેરા વસૂલાત કરનાર, પોતાની ફરજની મુદત દરમિયાન વસૂલાત અને વસૂલ કરેલ રકમની સલામત કસ્ટડી માટે જવાબદાર રહેશે અને નાકાવેરો વસૂલાત કરનારે, તેની પાસેથી તેનો અવેજ (Reliever)હવાલો સંભાળી લે નહી ત્યાં સુધી વસૂલાત મથક છોડવું જોઈશે નહિ.

(૨) નાકાવેરા સત્તાધિકારીએ આ નિયમો સાથે જોડેલ પરિશિષ્ટમાં દર્શાવ્યા પ્રમાણે રોકડ રજિસ્ટર રાખવું જોઈશે અને તે અદ્યાવત રાખવું જોઈશે.

(૩) નાકાવેરો વસૂલાત કરનારે પોતાની ફરજની મુદત પૂરી થયે, પોતે વસૂલ કરેલ નાકાવેરાની રકમ તેના અવેજને સોંપવી જોઈશે અને રોકડ રજિસ્ટરનાં પ્રસ્તુત કોલમમાં તેની સહી લેવી જોઈશે.

(૪) ફરજ પરના નાકાવેરો વસૂલાત કરનારે દરેક દિવસે ૦૦૦૦ કલાક અને ૨૪૦૦ કલાકની વચ્ચે, કોઈપણ ૨૪ કલાક દરમિયાન વસૂલ કરેલ નાકાવેરાની સમગ્રે રકમ, રોકડ રજિસ્ટરના પ્રસ્તુત કોલમમાં તેની સહી લીધા પછી પેટા-વિભાગીય અધિક્ષકને સોંપવી જોઈએ.

(૫) પેટા-વિભાગીય અધિકારીએ દરરોજ અથવા તે રજાનો દિવસ હોય તો પછીના કામકાજના દિવસે તેને મળેલ રકમ, સંબંધિત તિજોરી કચેરીમાં ભરવી જોઈશે.

(૬) પેટા-વિભાગીય અધિકારીએ, નાકાવેરાની વસૂલાત અને હિસાબો અને રેકર્ડની યોગ્ય જાળવણી સંબંધમાં સ્ટાફ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવાં જોઈશે.

(૭) પેટા-વિભાગીય અધિકારીએ, નાકાવેરા રકમની વસૂલાત અને પ્રેષણ, આ નિયમોની જોગવાઈ અનુસાર થાય છે તે ચકાસવા નાકાવેરો વસૂલાત કરનારની કચેરીમાં મહિનામાં ઓછામાં ઓછી બે વાર અચાનક મુલાકાત લેવી જોઈશે.

૯. પત્રકો રજૂ કરવા બાબત :

(૧) પેટા-વિભાગીય અધિકારીએ, સંબંધિત તિજોરી કચેરી અને વિભાગીય કચેરીને હિસાબોનું પત્રક દર વર્ષે એપ્રિલ, જુલાઈ, ઓકટોબર અને જાન્યુઆરીના પ્રથમ અઠવાડિયામાં મોકલવું જોઈશે. પત્રકમાં વસૂલ કરેલ અને ભરેલ નાકાવેરાની રકમ અને નાકાવેરાના હિસાબ સાથે વાઉચર નંબરની વિગતો અને જે તારીખે રકમ ભરી હોય તે તારીખ દર્શાવવી જોઈશે.

(૨) પેટા-વિભાગીય અધિકારીએ, વિભાગીય કચેરીને નાકાવેરાની વસૂલાત માટે થયેલ ખર્ચનું મહિના પ્રમાણે વિભાજન અને પ્રાપ્ત થયેલ નાકાવેરાના વસૂલાતની વિગતો રજૂ કરવી જોઈશે.

૧૦. જામીનગીરીની રકમ આપવા બાબત :

વેરા સ્થળે નિમાયેલ સ્ટાફે, આ નિયમો સાથે જોડેલા નમૂના-ખ મુજબ જામીનખત સાથે રોકડ જામીનગીરીની થાપણ પણ ભરવી જોઈશે. નાકાવેરો વસૂલાત કરનાર તરીકે કામ કરનાર વિભાગીય અધિકારીએ ૨૦૦૦/- રૂપિયાની રોકડ જામીનગીરી જમા કરાવવી જોઈશે. જ્યારે નાયબ હિસાબનીશ અથવા જુનિયર કારકુને ૧૦૦૦/- રૂપિયાની રોકડ જામીનગીરી યોગ્ય રીતે કરેલા, આ નિયમોને જોડેલા નમૂના-ખ મુજબના જામીન-ખત સાથે જમા કરાવવી જોઈશે.

INDEX

પરિશિષ્ટ

નમૂનો—ક

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૯મી મે, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવી/૧૯૯૭નો ૫૪/ડીવીપી-૩૮૯૫-૨૯૯૪-એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976-

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૪મી એપ્રિલ, ૧૯૯૭.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૫૪/ડીવીપી-૩૦૯૫-૨૯૯૪-એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૫મી મે, ૧૯૮૧નો સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/પી/૧૯૮૧નો ૭૧/ડીવીપી/૨૯૭૭-૧૫૨૩-(૮૧)-એલ. હેઠળ મંજૂર કરેલ, દાહોદ (જિલ્લા-પંચમહાલ) ની છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ સુધારેલી વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવા ધારેલ ફેરફાર, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬મી જુલાઇ, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬નો ૧૨૯/ડીવીપી-૩૦૯૫-૨૯૯૪-એલ હેઠળ, તારીખ ૨૬મી જુલાઇ, ૧૯૯૬ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪ બીના પાના નંબર ૧૬૨-૧ અને ૧૬૨-૨ પર પ્રસિધ્ધ કર્યો હતો, અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા કોઈ હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

અને ગુજરાત સરકારને કોઈપણ સૂચનો અને વાંધા મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી.—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવાના સદરહું ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે જણાવેલ ફેરફાર તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૯૭થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬મી જુલાઇ, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬ના ૧૨૯/ડીવીપી-૩૦૯૫-૨૯૯૪-એલ થી મંજૂર કરેલ દાહોદ(જિલ્લા પંચમહાલ) ની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

દાહોદની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "ખેતી વિષયક ઝોન" માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાન „ઉપર (A.B.C.D.E. F. A." તરીકે નિશાની કરીને દર્શાવેલી મહેસૂલી સરવે નંબર ૨૨૧/૨/પી (૨૯૬૪૨.૧૧ ચો.મીટર) વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૯મી મે, ૧૯૯૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૭નો ૫૨/ડીવીપી-૨૨૯૧/એમ/૪૮૬/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૪મી એપ્રિલ, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૫૨/ડીવીપી/-૨૨૯૧/એમ/૪૮૬/એલ.— ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૨૯-૮-૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૦નો ૧૬૯/ડીવીપી/૨૨૮૮/૨૪૭૬/(૯૦)એલ હેઠળ મંજૂર કરેલી મોડાસા વિસ્તાર વિકાસ સત્તામંડળની વિકાસ વિસ્તાર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ;

(૧) આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને ઉપર્યુકત છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

(૨) કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, સરકારના અગ્ર સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત સાદર કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૯-૮-૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦નો ૧૬૯/ડીવીપી/૨૨૮૮/૨૪૭૬/૯૦/એલ થી મંજૂર કરેલી મોડાસાની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

મોડાસાની વિકાસ યોજનામાં મંજૂર કરેલ, "એન. સી." માટે અનામત રાખેલ, આ સાથે જોડેલા પ્લાન પર 'ABCDEA'ની નિશાની કરીને દર્શાવેલ મોડાસા નગરની મહેસૂલી સરવે નં. ૪૮૬/પૈકી વાળી જમીન, સદરહુ અનામત રાખેલી જમીનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન , ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨)(ક) હેઠળ "રહેણાંકનો ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૯મી મે, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચવી/૧૯૯૭નો ૫૦/ટીપીએસ/૧૪૦૬/૨૪૮૧-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી એપ્રિલ, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૭નો ૫૦/ટીપીએસ/૧૪૯૬/૨૪૮૧/એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૦મીઓકટોબર ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી-૧૯૯૫નો ૧૫૧-ટીપીએસ-૧૪૯૫-૨૧૦૩-એલ, હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકેઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રુએ, બારડોલી નગરપાલિકાએ પોતાને સાદર કરેલ નગરરચનાં યોજનાનો મુસદ્દો, બારડોલી ક્રમાંક ૧ (પ્રથમ ફેરફાર કરેલ) (જેનો આમાં હવે પછી, "સદરહુ પ્રથમ ફેરફાર કરેલ યોજનાના મુસદ્દા તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો;

અને, સદરહુ અધિનિયમની કલમ ૫૦થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, સદરહુ પ્રથમ ફેરફાર કરેલ યોજનાના મુસદ્દા માટે, નગરરચના અધિકારીની નિમણુક કરી હતી;

અને, નીમાયેલા નગરરચના અધિકારીએ, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬(સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૫૨ની પેટા-કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના, બારડોલી નં. ૧ (પ્રથમ ફેરફાર કરેલી) પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ પ્રથમ ફેરફાર કરેલ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૬૫થી મળેલી સત્તાની રુએ ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલ ફેરફારોને આધીન રહીને, "સદરહુ પ્રથમ ફેરફાર કરેલી પ્રારંભિક યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે પ્રથમ ફેરફાર કરેલી પ્રારંભિક યોજના રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન બારડોલી નગરપાલિકાની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે,

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)નું હેતુ માટેની તારીખ તરીકે ૧૭મી મે, ૧૯૯૭ નક્કી કરે છે.

અનુસૂચિ

૧. પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી પત્રકમાં, પાના નં. ૧૭ પર, અનુક્રમાંક ૨ પર, કોલમ ૨માંનો શબ્દ 'પ્રમુખ'ને રદ કરેલો છે એમ ગણાશે.

INDEX

૨. સમુચિત સત્તામંડળને ફાળવેલા છેવટના પ્લોટ નં. ૧૫૬ની માલિકીને લગતા પ્રારંભિક યોજના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી પત્રકમાં પાના નં. ૧૭ પર, અનુક્રમાંક ૩ પર, કોલમ નં. ૨માં, "જાહેર હેતુ" એ શબ્દોને બદલે, "સમુચિત સત્તામંડળ, બારડોલી નગરપાલિકા" એ શબ્દો મૂકવા.

૩. વિકાસ નિયંત્રણ વિનિયમો, પ્રારંભિક યોજના દસ્તાવેજોમાંથી બાકાત કરેલા છે એમ ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અનેસંયુકતસચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તારીખ ૧--૪--૯૭ થી તારીખ ખ ૩૦--૪--૯૭ દરમ્યાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

અનુ. નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિધ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ—૯		
૧	૬૧	ભા.એ.-૧૬૯-જીજી-૨૫-૯૭-એસબીઈ-ઈએલસી-૧૦૯૭-૨૨૨૫	૨૭--૩--૯૭	વે. અને સં. બા. વિ.
૨	૬૨	ભા.એ.-૧૮૭-(જીએન-૭)-સીઓસટી-૧૦૯૭-એસ-૮-(૫)-(૧૦૨)-ઠ	૭--૪--૯૭ તા. ૧--૪--૯૭	,,
૩	૬૩	ભા.એ.-૧૯૫--(જીએસએન-૫)-જીએસટી-૧૦૯૭-(એસ-૪૯)-૨૯૯-ઠઅને ભા.એ. ૧૯૫ (જીએસએન-૬)-જીએસટી-૧૦૯૭-(એસ-૪૯)-૩૦૦-ઠ	૯--૪--૯૭ ,,	,,
૪	૬૪	ભા.એ.-૧૯૪-(જીએચએન-૪)-જીએસટી-૧૦૯૭-(એસપપ-(એ)-(૨)-ઠ	,,	,,
૫	૬૫	ભા.એ.-૧૯૮-જીજી-૯૭-૪૯-એમટીએ-૧૦૯૭-૭૧૦-ખ	૧૧--૪--૯૭	,,
૬	૬૬	ભા.એ.-૨૦૨-જીજી-૯૭-૫૧-એમટીએ-૧૦૯૭-૭૧૦-ખ.	૨૧--૪--૯૭	
૭	૬૭	ભા.એ.-૨૧૫-જીએચટી-૯૭-૧૪-એમએનઆર-૧૦૯૬-૨૯૯૬-ઈ	૨૯--૪--૯૭ તા. ૫--૪--૯૭	,,
૮	૬૮	ભા.એ.-૨૧૮/૨૯-૪-૯૭ જીજી-૯૭-૪૬-એમટીએ-૨૦૯૩-૩૧૧૫-ખ	૩૦--૪--૯૭ ૨૯--૪--૯૭	,,

---

જે. કે. દવે,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/1

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, JUNE 5, 1997/JYAISTHA 15, 1919 [No. 23

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી મે, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના મહિલા, યુવક વિકાસ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, નશાબંધી અને આબકારી વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/વામસી/૪/બીપીએ/૧૦૯૭/૬૭૫/એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડીયા,
સરકારના નામબ સચિવ.

INDEX

Notification

under

THE CODE OF CRIMINAL PROCEDURE, 1973

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ જાહેરનામું

મહિલા, યુવક વિકાસ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, નશાબંધી અને આબકારી વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી એપ્રિલ, ૧૯૯૭.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક : જી/વાયસી/૪/બીપીએ/૧૦૯૭/૬૭૫/એમ.—ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા) ની કલમ ૨ના ખંડ (ફ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૨)માં જણાવેલ સ્થળ ખાતેના નશાબંધી મથકને, અનુસૂચિના કોલમ (૩)માં તે દરેકની સામે નિર્દિષ્ટ કરેલ પોલીસ સ્ટેશનના વિસ્તાર માટે મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૫૧ના મુંબઈના ૨૨મા) હેઠળના ગુનાઓ રજિસ્ટર કરવાના અને તેની તપાસ કરવાના હેતુઓ માટે, પોલીસ સ્ટેશન તરીકે જાહેર કરે છે.

અનુસૂચિ

આ. ક્ર.	નશાબંધી મથકનું નામ	પોલીસ સ્ટેશનનો વિસ્તાર
૧	૨	૩
૧.	નશાબંધી મથક (પૂર્વ) અમદાવાદ શહેર	અમદાવાદ શહેરના નરોડા, ઓઢવ, રખિયાલ, ગોમતીપુર, શહેરકોટડા, અમરાઈવાડી અને બાપુનગર પોલીસ સ્ટેશનો.
૨.	નશાબંધી મથક (પશ્ચિમ) અમદાવાદ શહેર	અમદાવાદ શહેરના વેજલપુર, એલિસબ્રીજ, સેટેલાઈટ, નવરંગપુરા, નારણપુરા, ઘાટલોડિયા અને સાબરમતી પોલીસ સ્ટેશન.
૩.	નશાબંધી મથક (ઉત્તર) અમદાવાદ શહેર.	અમદાવાદ શહેરના સરદાર નગર, શાહીબાગ, દરિયાપુર, કાલુપુર, શાહપુર, માધવપુરા, કારંજ અને મેઘાણીનગર પોલીસ સ્ટેશનો.
૪.	નશાબંધી મથક (દક્ષિણ) અમદાવાદ શહેર	અમદાવાદના વટવા, જીઆઈડીસી, મણિનગર, દાણીલીમડા, કાગડાપીઠ, હવેલી અને આસ્ટોડીયા પોલીસ સ્ટેશનો.
૫.	નશાબંધી મથક (પૂર્વ) સુરત શહેર	સુરત શહેરના વરાછા, કપોદરા, ઉધના અને લીંબાયત પોલીસ સ્ટેશનો.
૬.	નશાબંધી મથક (પશ્ચિમ) સુરત શહેર.	સુરત શહેરના રાંદેર અને ઈચ્છાપુર પોલીસ સ્ટેશન.
૭.	નશાબંધી મથક (ઉત્તર) સુરત શહેર	સુરત શહેરના મહિધારપુરા, સલાબતપુરા, ચોક અને કતારગાંવ પોલીસ સ્ટેશનો.
૮.	નશાબંધી મથક (દક્ષિણ) સુરત શહેર	સુરત શહેરના ઉમરા, આંઠવા, સચિન અને પાંડેસરા પોલીસ સ્ટેશનો.

સ્પષ્ટીકરણ :—

આ જાહેરનામાના હેતુઓ માટે નશાબંધી મથક એટલે તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૭ના મહિલા, યુવક વિકાસ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, નશાબંધી અને આબકારી વિભાગના સરકારી ઠરાવ ક્રમાંક : બીપીએ--૧૦૯૭/૩૪૬/એમ હેઠળ તે તરીકે સ્થપાયેલું મથક.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એસ. પઠાણ,
સરકારના નાયબ સચિવ.
મહિલા, યુવક વિકાસ, સાંસ્કૃતિક
પ્રવૃત્તિઓ, નશાબંધી અને આબકારી વિભાગ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી મે, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના મહિલા, યુવક વિકાસ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, નશાબંધી અને આબકારી વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/વાયસી/૩/બીપીએ//૧૦૯૭/૬૭૫/(૧)/એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડિયા,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE CODE OF CRIMINAL PROCEDURE, 1973.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ જાહેરનામું

મહિલા, યુવક વિકાસ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, નશાબંધી અને આબકારી વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી એપ્રિલ, ૧૯૯૭.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક : જી/વાયસી/૩/બીપીએ/૧૦૯૭/૬૭૫/(૧)/એમ.—ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા) ની કલમ ૨ના ખંડ (ફ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૨)માં જણાવેલા સ્થળ ખાતેના નશાબંધી મથકને, અનુસૂચિના કોલમ (૩)માં તે દરેકની સામે નિર્દિષ્ટ કરેલ પોલીસ કમિશનરની પ્રાદેશિક હકૂમતના વિસ્તાર માટે, મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૫૧ના મુંબઈના ૨૨મા) હેઠળના ગુનાઓ રજિસ્ટર કરવાના અને તેની તપાસ કરવાના હેતુઓ માટે, પોલીસ સ્ટેશન તરીકે જાહેર કરે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	નશાબંધી મથકનું નામ	પોલીસ કમિશનરની ક્ષેત્રીય હકૂમતનો વિસ્તાર
(૧)	(૨)	(૩)
૧.	નશાબંધી મથક, વડોદરા શહેર.	વડોદરાના પોલીસ કમિશનરની પ્રાદેશિક હકૂમત.
૨.	નશાબંધી મથક, રાજકોટ શહેર.	રાજકોટના પોલીસ કમિશનરની પ્રાદેશિક હકૂમત.

સ્પષ્ટીકરણ : આ જાહેરનામાના હેતુઓ માટે, નશાબંધી મથક એટલે તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૭ના મહિલા, યુવક વિકાસ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ નશાબંધી અને આબકારી વિભાગના સરકારી ઠરાવ ક્રમાંક : બીપીએ/૧૦૯૭/૩૪૬/એમ હેઠળ તે તરીકે સ્થપાયેલું મથક.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એસ. પઠાણ,
સરકારના નાયબ સચિવ,
મહિલા, યુવક વિકાસ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ,
નશાબંધી અને આબકારી વિભાગ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. GUJ/31/

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, JUNE 26, 1997/ASADHA 5, 1919 [No. 26

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

તારીખ ૧-૫-૯૭ થી તા. ૩૧-૫-૯૭ દરમ્યાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

ક્રમાનુ. નંબર	અસાધારણ રાજપત્રનો નં.	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિધ્ધિની તારીખ	વિભાગનું નામ
		ભાગ-૯		
૧	૬૯	ભા. એ. ૨૨૪/૧-૫-૯૭ જીએચએન-૯-જીએસઆર-૧૦૯૭-૯૬-૬	૨-૫-૯૭	વે. અને સં.બા. વિ.
૨	૭૦	ભા. એ. ૨૪૫/૧૨-૫-૯૭ કેએચઆર-૧૨૦-એમકેડબલ્યુએ-૧૦૯૭-૧૩૧૯(૩૦)એમ-૨	૧૨-૫-૯૭	,, ,,

જે. કે. દવે,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ,
ગાંધીનગર.

IX-101

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR

INDEX

REGISTERED NO. G/SG/4

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

[Vol. XXXVIII] THURSDAY, JULY 3, 1997/ASADHA 12, 1919 27

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી જુન, ૧૯૯૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭-૩-૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૭/૪૩/એસટીસી/૩૪૯૪/૨૪૦૧/ધ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE ROAD TRANSPORT CORPORATIOM ACT, 1950

માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ ૧૯૫૦ હેઠળ જાહેરનામુ.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૭-૩-૧૯૯૭

ક્રમાંક : જી/જી/૯૭/૪૩/એસટીસી/૩૪૯૪/૨૪૦૧/ધ.—માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ની કલમ ૧૪ ની પેટા-કલમ (૧) થી મળેલ સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી તારીખ ૩-૨-૧૯૯૭ બપોર પછીથી અમલમાં આવે તે પ્રમાણે શ્રી બી. પી. મીના, આઈ. એ. એસ.,ને ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશનના નાયબ અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જયશંત ગાંધી,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી જુન, ૧૯૯૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી મે, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૭નો ૪૧/ વીબીએન-૨૨૯૪- ૨૪૩૭—૫૩-ચ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી મે, ૧૯૯૭

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૪૧/વીબીએન-૨૨૯૪-૨૪૩૭-૫૩-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત પાલનપુર અને જિલ્લા પંચાયત બનાસકાંઠા સાથે વિચારવિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર આથી—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલ સ્થાનીક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિાદષ્ટ કરે છે.

(અનુસુચિ જોડેલ છે).

INDEX

તારીખ ૧૫મી મે, ૧૯૯૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૪૧/ વીબીઓન-૨૨૯૪-૨૪૮૯-૫૩-ચનું જોડાણ

અનુસૂચિ

અનુ.ક્રમાંક	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગા માંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછીબનેલા નવા ગામોના નામ	નવા ગામમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	પાલનપુર	૧. જેથી	નીચેના મહેસૂલી ગામો.			નીચેના મહેસૂલી ગામો.
			૧. (૧) જેથી (૨) ઉમરકોટ (૩) બાંટાવાડા (૪) રાજપુરીયા (૫) અજાપુર-મોટા		૧. જેથી.	૧ (૧) જેથી (૨) ઉમરકોટ (૩) બાંટાવાડા (૪) રાજપુરીયા
		૨. રામપુરા (વડલા)	૨. (૧) રામપુરા (વડલા) (૨) વાગડાડી (૩) કંસારા (૪) અજાપુર-વાંકા (૫) સુરેલા	૧. અજાપુર-મોટા મહેસૂલી ગામ.	૨. રામપુરા (વ)	૨. (૧) રામપુરા (વ) (૨) વાગડાડી (૩) કંસારા (૪) અજાપુર-વાંકા.
		૩. ઝાંઝરવા	૩. (૧) ઝાંઝરવા (૨) આંબાપાની (૩) માંડલિયા (૪) રબારણ (૫) ખજુરિયા (૬) ભમરિયા	૨. સુરેલા મહેસૂલી ગામ ૩. ભમરિયા મહેસૂલી ગામ	૩. ઝાંઝરવા ૪. સુરેલા	૩. (૧) ઝાંઝરવા (૨) આંબાપાની (૩) માંડલિયા (૪) રબારણ (૫) ખજુરિયા ૪. (૧) સુરેલા (૨) અજાપુર-મોટા (૩) ભમરિયા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૬મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના મહિલા, યુવક વિકાસ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, નશાબંધી અને આબકારી વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. જી/વાયસી/૨/બીપીએ/૧૦૯૭/૬૭૫(૨)/એમ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

શ્રીમતિ એમ. એસ. કાપડિયા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

CODE OF CRIMINAL PROCEDURE, 1973.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ જાહેરનામું.

મહિલા, યુવક વિકાસ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, નશાબંધી અને આબકારી વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી એપ્રિલ, ૧૯૯૭.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક. જી/વાયસી/૨/બીપીએ/૧૦૯૭/૬૭૫(૨)/એમ. ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા)ની કલમ ૨ના ખંડ (ફ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા સ્થળ ખાતેના નશાબંધી મથકને, અનુસૂચિના કોલમ (૩)માં તે દરેકની સામે નિર્દિષ્ટ કરેલા તાલુકા/જિલ્લાના મહેસૂલી વિસ્તાર માટે મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૫૧ના મુંબઈના ૨૨મા) હેઠળના ગુનાઓ રજિસ્ટર કરવાના અને તપાસ કરવાના હેતુ માટે પોલીસ સ્ટેશન તરીકે જાહેર કરે છે.

અનુસૂચિ

અનુક્રમાંક ૧	નશાબંધી મથકનું નામ ૨	તાલુકા/જિલ્લાનો મહેસૂલી વિસ્તાર ૩
૧.	નશાબંધી મથક ધોળકા (અમદાવાદ જિલ્લો)	ધંધુકા, ધોળકા અને સાણંદ તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૨.	નશાબંધી મથક વિરમગામ (અમદાવાદ જિલ્લો)	દસક્રોઈ, દહેગામ અને વિરમગામ તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૩.	નશાબંધી મથક અમરેલી (અમરેલી જિલ્લો.)	અમરેલી, બાબરા, લાઠી, લીલીયા, વડીયા તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૪.	નશાબંધી મથક રાજુલા (અમરેલી જિલ્લો.)	ધારી, જાફરાબાદ, ખાંભા, કોડીનાર અને રાજુલા તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૫.	નશાબંધી મથક થરાદ (બનાસકાંઠા જિલ્લો.)	થરાદ અને વાવ તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૬.	નશાબંધી મથક પાલનપુર (બનાસકાંઠા જિલ્લો.)	દાંતા, ડીસા, ધાનેરા, પાલનપુર અને વડગામ તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૭.	નશાબંધી મથક રાધનપુર (બનાસકાંઠા જિલ્લો.)	દિઓદર, કાંકરેજ, રાધનપુર અને સાંતલપુર તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૮.	નશાબંધી મથક અંકલેશ્વર (ભરૂચ જિલ્લો.)	અંકલેશ્વર અને હાંસોટ તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૯.	નશાબંધી મથક ભરૂચ (ભરૂચ જિલ્લો.)	ભરૂચ અને વાગરા તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૧૦.	નશાબંધી મથક દેડીયાપાડા (ભરૂચ જિલ્લો)	દેડીયાપાડા અને સાગબારા તાલુકાનો મહેસૂલી વિસ્તાર.

INDEX

૧	૨	૩
૧૧.	નશાબંધી મથક જંબુસર (ભરૂચ જિલ્લો)	જંબુસર અને આમોદ તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૧૨.	નશાબંધી મથક રાજપીપળા (ભરૂચ જિલ્લો)	નાંદોદ તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૧૩.	નશાબંધી મથક ઝઘડીયા (ભરૂચ જિલ્લો)	ઝઘડીયા અને વાલીયા તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૧૪.	નશાબંધી મથક ભાવનગર (ભાવનગર જિલ્લો)	ભાવનગર, ઘોઘા, શિહોર અને વલ્લભીપુર તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૧૫.	નશાબંધી મથક મહુવા (ભાવનગર જિલ્લો)	સાવરકુંડલા, મહુવા અને તળાજા તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૧૬.	નશાબંધી મથક પાલીતાણા (ભાવનગર જિલ્લો)	બોટાદ, ગઢડા, ગારિયાધાર, પાલીતાણા અને ઉમરાળા તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૧૭.	નશાબંધી મથક આહવા (ડાંગ જિલ્લો)	ડાંગ જિલ્લાનો મહેસૂલી વિસ્તાર.
૧૮.	નશાબંધી મથક ગાંધીનગર (ગાંધીનગર જિલ્લો)	ગાંધીનગર જિલ્લાનો મહેસૂલી વિસ્તાર.
૧૯.	નશાબંધી મથક જામનગર (જામનગર જિલ્લો)	ધ્રોળ, જામનગર, જોડિયા, કાલાવાડ અને લાલપુર તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૨૦.	નશાબંધી મથક જામખંભાળિયા (જામનગર જિલ્લો)	ભાણવડ, જામજોધપુર, કલ્યાણપુર, ખંભાળિયા, ઓખા મંડળ (દ્વારકા) તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૨૧.	નશાબંધી મથક જૂનાગઢ (જૂનાગઢ જિલ્લો)	ભેંસાણ, જૂનાગઢ, મેંદરડા વંથલી અને વિસાવદર તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૨૨.	નશાબંધી પોરબંદર (જૂનાગઢ જિલ્લો)	કુતીયાણા, માણાવદર, માંગરોળ, પોરબંદર અને રાણાવાવ તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૨૩.	નશાબંધી મથક વેરાવળ (જૂનાગઢ જિલ્લો)	કેશોદ, માળિયા, તલાલા, ઉના અને વેરાવળ તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૨૪.	નશાબંધી મથક આણંદ (ખેડા જિલ્લો)	આણંદ, બાલાસિનોર અને ઠાસરા તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૨૫.	નશાબંધી મથક પેટલાદ (ખેડા જિલ્લો)	પેટલાદ, બોરસદ અને ખંભાત તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૨૬.	નશાબંધી મથક નડિયાદ (ખેડા જિલ્લો)	કપડવંજ, માતર, મહેમદાવાદ અને નડિયાદ તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૨૭.	નશાબંધી મથક અંજાર (કચ્છ જિલ્લો)	અંજાર, ભચાઉ અને રાપર તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૨૮.	નશાબંધી મથક ભુજ (કચ્છ જિલ્લો)	ભૂજ, માંડવી અને મુંદ્રા તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૨૯.	નશાબંધી મથક નખત્રાણા (કચ્છ જિલ્લો)	અબડાસા, લખપત અને નખત્રાણા તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૩૦.	નશાબંધી મથક મહેસાણા (મહેસાણા જિલ્લો)	કડી, કલોલ, મહેસાણા, વિજાપુર અને વિસનગર તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૩૧.	નશાબંધી મથક પાટણ (મહેસાણા જિલ્લો)	ચાણસ્મા, હારીજ, ખેરાલુ, પાટણ, સમી અને સિદ્ધપુર તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૩૨.	નશાબંધી મથક દાહોદ (પંચમહાલ જિલ્લો)	દેવગઢબારીયા, દાહોદ, ઝાલોદ, લીમખેડા અને સંતરામપુર તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૩૩.	નશાબંધી મથક ગોધરા (પંચમહાલ જિલ્લો)	ગોધરા, હાલોલ, જાંબુઘોડા, કાલોલ, લુણાવાડા અને શહેરા તાલુકાનો મહેસૂલી વિસ્તાર.

INDEX

૧	૨	૩
૩૪.	નશાબંધી મથક ગોંડલ (રાજકોટ જિલ્લો)	ધોરાજી, ગોંડલ, જામકંડોરણા, જેતપુર અને ઉપલેટા તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૩૫.	નશાબંધી મથક મોરબી (રાજકોટ જિલ્લો)	માળિયા-મીયાણા, મોરબી, પડધરી અને વાંકાનેર તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૩૬.	નશાબંધી મથક રાજકોટ (રાજકોટ જિલ્લો)	જસદણ, કોટડા સાંગાણી, લોધીકા અને રાજકોટ તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૩૭.	નશાબંધી મથક હિંમતનગર (સાબરકાંઠા જિલ્લો)	ભીલોડા, ઈડર, હિંમતનગર, ખેડબ્રહ્મા અને વિજયનગર તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૩૮.	નશાબંધી મથક મોડાસા (સાબરકાંઠા જિલ્લો)	બાયડ, માલપુર, મોડાસા અને પ્રાંતિજ તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૩૯.	નશાબંધી મથક બારડોલી (સુરત જિલ્લો)	બારડોલી અને પલસાણા તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૪૦.	નશાબંધી મથક માંગરોળ (સુરત જિલ્લો)	માંગરોળ અને કામરેજ તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૪૧.	નશાબંધી મથક માંડવી (સુરત જિલ્લો)	માંડવી અને વ્યારા તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૪૨.	નશાબંધી મથક નિઝર (સુરત જિલ્લો)	નિઝર તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૪૩.	નશાબંધી મથક સોનગઢ (સુરત જિલ્લો)	સોનગઢ અને ઉચ્છલ તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૪૪.	નશાબંધી મથક ઓલપાડ (સુરત જિલ્લો)	ઓલપાડ તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૪૫.	નશાબંધી મથક વાલોડ (સુરત જિલ્લો)	મહુવા અને વાલોડ તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૪૬.	નશાબંધી મથક ધ્રાંગધ્રા (સુરેન્દ્રનગર જિલ્લો)	પાટડી, હળવદ, લખતર અને ધ્રાંગધ્રા તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૪૭.	નશાબંધી મથક લીંબડી (સુરેન્દ્રનગર જિલ્લો)	લીંબડી, ચોટીલા, મુળી અને સાયલા તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૪૮.	નશાબંધી મથક વઢવાણ (સુરેન્દ્રનગર જિલ્લો)	વઢવાણ તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૪૯.	નશાબંધી મથક છોટાઉદેપુર (વડોદરા જિલ્લો)	છોટો ઉદેપુર અને પાવી-જેતપુર તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૫૦.	નશાબંધી મથક ડભોઈ (વડોદરા જિલ્લો)	ડભોઈ અને સંખેડા તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૫૧.	નશાબંધી મથક નસવાડી (વડોદરા જિલ્લો)	નસવાડી અને તિલકવાડા તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૫૨.	નશાબંધી મથક કરજણ (વડોદરા જિલ્લો)	કરજણ અને શિનોર તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૫૩.	નશાબંધી મથક પાદરા (વડોદરા જિલ્લો)	પાદરા અને વડોદરા (ગ્રામ્ય) તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૫૪.	નશાબંધી મથક વાઘોડિયા (વડોદરા જિલ્લો)	વાઘોડિયા અને સાવલી તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૫૫.	નશાબંધી મથક ધરમપુર (વલસાડ જિલ્લો)	ધરમપુર અને વાંસદા તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૫૬.	નશાબંધી મથક ગણદેવી (વલસાડ જિલ્લો)	ગણદેવી તાલુકાનો મહેસૂલી વિસ્તાર.

INDEX

૧	૨	૩
૫૭.	નશાબંધી મથક નવસારી (વલસાડ જિલ્લો)	નવસારી અને ચીખલી તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૫૮.	નશાબંધી મથક વલસાડ (વલસાડ જિલ્લો)	વલસાડ તાલુકાનો મહેસૂલી વિસ્તાર.
૫૯.	નશાબંધી મથક વાપી (વલસાડ જિલ્લો)	પારડી અને ઉમરગામ તાલુકાનો મહેસૂલી વિસ્તાર.

સ્પષ્ટીકરણ :

આ જાહેરનામાના હેતુ માટે, નશાબંધી મથક એટલે મહિલા, યુવક વિકાસ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, નશાબંધી અને આબકારી વિભાગના તારીખ ૩૦મી એપ્રિલ, ૧૯૯૭ના સરકારી ઠરાવ ક્રમાંક બીપીએ/૧૦૯૭/૩૪૬/એમ હેઠળ તે તરીકે સ્થપાયેલું મથક.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. એસ. પઠાણ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. GUJRAT/2.

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, JULY 17, 1997/ASADHA 26, 1919 [No. 29

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૨૪મી જુન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૯૭/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૯)/એમ-(૨)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૯૭/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯-(૯)-એમ-(૨). ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ નં. ૩૩ ભાગ ૧-એલ માં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૧૭૨-એમડબલ્યુ-એ-૧૦૮૯-૯૩૩-એમ. ૨ની રુએ; ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ કોઈપણ કપાસ લોઢવા અથવા રુની ગાંસડી પ્રેસ કરવાના કારખાનામાંનો રોજગાર (જેનો આમાં હવે પછી "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના સંબંધમાં વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલાં વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા)ની કલમ-૫ની પેટા-કલમ (૨) અને કલમ-૫ની પેટા-કલમ (૧)ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ-૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રુએ, અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચારવિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૮મી જુલાઈ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચએલ-૪૧૧/એમડબલ્યુએ/૩૧૭૯/૭૫૪૮૧/એમ. ૨ હેઠળ સુધાર્યા પ્રમાણેના વેતનના ન્યુનતમ દરો ફરી નક્કી કરે છે અને ઉપર્યુકત સરકારી જાહેરનામા હેઠળ નક્કી કરેલા દરો રદ કરીને, તે દરે ફરીથી નક્કી કરે છે, જેથી તેમાં —

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની જુદી જુદી કોલમમાં નિર્દિષ્ટ કરેલા ઝોનના સંબંધમાં, તેમની સામેની જુદી જુદી કોલમમાં જણાવેલા વર્ગોના કામદારોને આવા ઝોનમાં દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોનો; અને

(ખ) ખાસ ભથ્થાનો;
સમાવેશ થાય છે.

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરુ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાના દર એવી રીતે સરભર કરવા કે —

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું, દિવસ દીઠ રૂા. ૦--૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦--૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે.

પરંતુ ૧લી ઓકટોબર, ૧૯૯૭થી શરૂ થતી છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

INDEX

અનુસૂચિ

માંક : ૯

કોઈપણ કપાસ લોઢવા અથવા રુની ગાંસડી પ્રેસ કરવાના કારખાનામાંનો રોજગાર.

અનુક્રમાંક	કામદારોના વર્ગો	દિવસ દીઠ આપવાના દરો (રૂપિયા) ઝોન--૧	ઝોન--૨
૧	૨	૩	૪
૧.	કસબી એન્જિન ડ્રાઈવર, ફીટર, ટર્નર, ઈલેકટ્રીશીયન, લુહાર, બોઈલર ફરિયર, સુથાર, મોચી,	૬૪.૨૦	૬૩.૨૦
૨.	અર્ધ-કસબી ફાયરમેન, વાયરમેન, વાલ્વમેન, અથવા હાફપ્રેસમેન, ફીનીશરમેન, ઓપનરમેન, હિસાબ-નીશ, કારકુન, રોલર, કટર, નંબર માર્કર, પ્રેસ મુકાદમ, જીન મુકાદમ, ઓઈલમેન, કોલ-મેન, દુબલી, લબડી, ઘાટી તોલવાળા, બારદાન સાંધનાર.	૬૨.૧૦	૬૧.૬૦
૩.	બિન-કસબી (ભારે) કપાસ લાવનાર, કપાસ લઈ જનાર, કોટન સીડઝ, (કપાસીયા) કપાસ ભરનાર.	૬૧.૧૦	૬૦.૫૦
૪.	બિન-કસબી (હળવા) પાવાવાળા, ચરખાવાળા, કપાસ સાફ કરનાર અથવા પુમડાવાળા, કપાસ ઝૂડવાવાળા, ચોકીદાર, પટાવાળો, ઝાડુવાળો, બારદાન-કાપનાર.	૬૦.૦૦	૫૯.૫૦
૫.	કારકુની મેનેજર, સુપરવાઈઝર	૬૫.૩૦	૬૪.૭૦

સ્પષ્ટીકરણ :—

૧. કામદાર અથવા કોઈપણ વ્યકિત દરરોજના ૨૦ કિલોગ્રામ કપાસના કાલાં ફોલવા માટે ખાસ દૈનિક ભથ્થું મેળવવાને હકદાર થશે. કામદારે કરેલું ઠરરોજનું કામ યથા પ્રસંગ વધુ કે ઓછું હોય તો તે, તદ્નુસાર, યથાપ્રસંગ, વધુ કે ઓછું ખાસ ભથ્થું મેળવવાને હકદાર થશે.

૨. પોતાના રહેઠાણે ફોલવા માટે દરરોજના કપાસના કાલાં ૨૦ કિલોગ્રામ લઈ જતી વ્યકિતને સંબંધિત ઝોનના ઉપર વર્ગ--૪માં જણાવેલ વેતનના ન્યૂનતમ દરો વત્તા ખાસ ભથ્થું આપવામાં આવશે.

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :—

(૧)(ક) ઝોન ૧માં, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારનો અને ઉપર્યુકત હદોથી ૧૦ કિલોમિટરના ઘેરાવા--અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન ૨માં ઝોન ૧માં સમાવેશ કર્યો હોય તે વિસ્તારો સિવાયના, ગુજરાત રાજ્યમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(૨) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નકકી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું, કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નકકી કરેલ " દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાકટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ: અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નકકી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

INDEX

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
સરકારના નાયબ સચિવ.
શ્રમ અને રોજગાર વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી જુન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૬/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯ (૭ અને ૮)/એમ(૨)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી.
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામુ.

શ્રમ અને રોજગાર વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૨/૯૬/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૭ અને ૮)/એમ (૨).—ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ, નં. ૩૩ ભાગ ૧ એલ માં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૧૭૨/એમડબલ્યુએ/૧૦૮૯/૯૩૩/એમ-૨ ની રૂએ ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ (ક) માર્ગોના બાંધકામ અથવા જાળવણી કામમાંના અથવા બાંધકામ કામકાજોમાંના અને (ખ) મકાનોની જાળવણીમાંના રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

તેથી હવે ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા)ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ-૫ની પેટા-કલમ ૧)ના ખંડ(૧) સાથે વાંચતા, કલમ ૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં, આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૪થી નવેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૫૬૮/એમડબલ્યુએ/૧૦૮૭/૧૦૫/એમ.૨ હેઠળ સુધાર્યા પ્રમાણેના વેતનના ન્યુનતમ દરો ફરી નક્કી કરે છે. અને ઉપર્યુકત સરકારી જાહેરનામા હેઠળ નક્કી કરેલા દરો રદ કરીને તે દરો ફરીથી નક્કી કરે છે, જેથી તેમા,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની જુદી જુદી કોલમમાં નિર્દિષ્ટ કરેલા ઝોનના સંબંધમાં, તેમની સામેની જુદી જુદી કોલમમાં જણાવેલા વર્ગોના કામદારોને આવા ઝોનમાં દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોનો; અને

INDEX

(ખ) ખાસ ભથ્થાનો;
સમાવેશ થાય છે.

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જુને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે, પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ-ખર્ચ આંકના ઘોરણે, તારીખ ૧લી ઓકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીને આવા ખાસ ભથ્થાના દર એવી રીતે સરભર કરવા કે—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે;

પરંતુ ૧લી ઓકટોબર, ૧૯૯૭થી શરૂ થતી છ મહિનાની મુદતના વચગાળાએ આસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

અનુસૂચિ

ક્રમાંક ૭ અને ૮.

માર્ગોના બાંધકામ અથવા જાળવણી કામમાંના અથવા બાંધકામ કામદારોમાંના રોજગાર.

અને

મકાનોની જાળવણીમાંના રોજગાર.

અનુક્રમાંક	કામદારોના વર્ગો	દિવસદીઠ આપવાનો દરો (રૂપિયા) ઝોન--૧	ઝોન--૨
૧	૨	૩	૪
૧.	કસબી—ક સુથાર-પોતાના ઓજારો સાથે. લુહાર-પોતાના ઓજારો સાથે, કડિયો પોતાના ઓજારો સાથે પ્લમ્બર પોતાના ઓજારો સાથે, પત્થર તોડનાર પોતાના ઓજારો સાથે.	૬૯.૫૦	૬૮.૪૦
૨.	કસબી— મદદનીશ સુથાર, મદદનીશ લુહાર, મદદનીશ કડિયો, મદદનીશ પ્લમ્બર, ટપકર પોતાના ઓજારો સાથે ગ્લેઝર પોતાના ઓજારો સાથે, ટીનસ્મીથ પોતાના ઓજારો સાથે, રોડ રોલર ડ્રાઈવર, ટ્રક ડ્રાઈવર, ફોરમેન, સારંગ અથવા ટિંડેલ (ટંડેલ) પેઈન્ટર (રેકોરેટર) ઓઈલ પેઈન્ટીંગ વગેરે હેડફીટર, મિકેનીક મિસ્ત્રી, ઈલેકટ્રીશીયન	૬૩.૨૦	૬૨.૬૦
૩.	અર્ધ-કસબી ફોરમેન, કલીનર, આસ્ફાલ્ટ સ્પ્રેયર મુકાદમ, માઈનર અથવા બ્લાસ્ટર, નવધણી રંગારો ઘોળનારો, ટીનટેનર, બાર બેન્ડર, ઓઈલ મેન, એન્જીન ડ્રાઈવર, પમ્પ ડ્રાઈવર, પમ્પ ઓપરેટર, પમ્પમેન, ફીટર, સ્વેયર, વાયરમેન મિકસર, ડ્રાઈવર ગ્લાસ ફીટર, વેલ્ડર, ટેલિફોન એટેન્ડન્ટ, મદદનીશ ઈલેકટ્રીશીયન	૬૦.૫૦	૬૦.૦૦
૪.	બિન-કસબી મજદૂર, ચોકીદાર, માળી, ઝાડુવાળા, બીલો-યુ-બોય,	૫૯.૦૦	૫૮.૭૦
૫.	કારકુન અને મુનિમ.	૬૧.૯૦	૬૧.૧૦

સ્પષ્ટીકરણ.-- જાહેર મોટર વાહનવ્યવહારમાંના રોજગાર માટે તેવીજ કક્ષામાં હોય અને કામ કરતા હોય તેવા કામદારો માટે વેતનના ન્યુનતમ દરો, જાહેર મોટર વાહન વ્યવહારના અનુસૂચિત રોજગારમાં ઠરાવ્યા મુજબના વેતનના ન્યુનતમ દરો ચૂકવવા જોઈશે.

INDEX

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :-

(૧) (ક) ઝોન-૧માં મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારનો અને ઉપર્યુકત હદોથી ૧૦ કિલોમીટરના ઘેરાવા-અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન ૨માં, ઝોન-૧માં સમાવેશ કર્યો હોય તે વિસ્તારો સિવાયના, ગુજરાત રાજ્યમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થાય છે.

(૨) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને ઓપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું, કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ, અને કેન્ટોમેન્ટ વિસ્તારમાં સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાકટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને તેઓજે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૯) જાહેર મોટર વાહન વ્યવહારમાંના રોજગાર માટે તેવી જ કક્ષામાં હોય અને કામ કરતા હોય તેવા કામદારો માટે વેતનના ન્યુનતમ દરો, જાહેર મોટર વાહન વ્યવહારના અનુસૂચિત રોજગારમાં ઠરાવ્યા મુજબના વેતનના ન્યુનતમ દરો ચૂકવવા જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર.
ગુજરાત સરકારના નાયબ સચિવ.
શ્રમ અને રોજગાર વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૪મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર/૧૧૭/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૨૭)-એમ(૨)ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક કેએચઆર-૧૧૭/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૨૭)-એમ(૨). ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ નં. ૩૩ ભાગ ૧-એલમાં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર-૧૭૨-એમડબલ્યુએ--૧૦૮૯-૯૩૩-એમ-૨ની રુએ, ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ કોઈપણ તેલ મિલમાંના રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા)ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ ૫ની પેટા-કલમ (૧) સાથે વાંચતા, કલમ ૩ના પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રુએ અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં, આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૮૪નાં સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર/૮૧૯/એમડબલ્યુએ/૨૩૮૩/૨૪૧૪/એમ.૨ હેઠળ સુધાર્યા પ્રમાણેના વેતનના ન્યુનતમ દરો ફરી નક્કી કરે છે અને ઉપર્યુકત સરકારી જાહેરનામા હેઠળ સુધારેલા દરો રદ કરીને, તે દરો ફરીથી નક્કી કરે છે, જેથી તેમાં,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની જુદી જુદી કોલમમાં નિર્દિષ્ટ કરેલા ઝોનના સંબંધમાં, તેમની સામેની જુદી જુદી કોલમમાં જણાવેલા વર્ગોના કામદારોને આવા ઝોનમાં દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોનો; અને

(ખ) ખાસ ભથ્થાનો;

સમાવેશ થાય છે.

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે, પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરુ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાના દર એવી રીતે સરભર કરવા કે—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડેતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતા વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું, દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે.

પરંતુ ૧લી ઓકટોબર, ૧૯૯૭થી શરુ થતા છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

અનુસૂચિ

ક્રમાંક : ૨૭.

કોઈપણ તેલ મિલમાંનો રોજગાર.

અનુક્રમાંક	કામદારોના વર્ગો	દિવસ દીઠ આપવાના દરો (રૂા.) ઝોન—૧	ઝોન—૨
૧	૨	૩	૪
૧.	કસબી એન્જિનિયર, બોઈલર એટેન્ડેન્ટ, એન્જિન ડ્રાઈવર, ફીટર, લુહાર, ટર્નર, ઈલેકટ્રીશિયન, વેલ્ડર, સુથાર, કેમિસ્ટ, મશીન ઓપરેટર.	૬૨.૪૦	૬૨.૨૦

INDEX

૧	૨	૩	૪
૨.	અર્ધ-કસબી ઓઈલમેન, ફાયર મેન, કેનબોય (કીટલીવાલા), એકસપેલરમેન, ફિલ્ટરમેન, મુકાદમ.	૬૧.૧૦	૬૦.૮૦
૩.	બિન-કસબી થપ્પીવાળા, ગનીબેગ ફિલર, ગનીબેગ સ્ટીચર, કડીવાળા, મજદૂર, હમાલ, મશીન, ક્લીનર, ફેકટરી સફાઈ કરનાર, મશીન ફીડર, -(ઓટુલ્લા), બંહારવાળા, પટાવાળા, તેલીબિયા, સાફ કરવા, પાથરવા, સૂકવવા અને ઓફ સ્લેવીંગ કરવા નોકરીએ રાખેલા કામદારો.	૫૯.૭૦	૫૯.૪૦
૪.	કારકુની સ્ટાફ. હિસાબનીશ, ટાઈમ કીપર, સ્ટોરકીપર, સ્ટેનોગ્રાફર, ઓફિસ સુપ્રિન્ટેન્ડન્ટ (હેડ કલાર્ક) કેશિયર, કારકુન, ટાઈપિસ્ટ.	૬૪.૨૦	૬૩.૫૦

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :—

(૧) (ક) ઝોન-૧માં, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલાં વિસ્તારનો અને ઉપર્યુકત હદોથી દસ કિલોમિટરના ઘેરાવા-અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન ૨માં, ઝોન ૧માં સમાવેશ કર્યો હોય તે વિસ્તારો સિવાયના, ગુજરાત રાજયમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(૨) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યૂનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું, કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલા દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારોને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધું કામ કરે, તો વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાકટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના, ૩૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ.
શ્રમ અને રોજગાર વિભાગ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GHR/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

[Vol. XXXVIII] THURSDAY, JULY 24, 1997/SRAVANA 2, 1919 [No. 30

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૪મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૮/એમડબલ્યુ/એ/૧૦૯૭/૧૬૧૯/(૧૦)/એમ(૨).નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ, જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક કેએચઆર/૯૮/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૧૦)/એમ(૨).—ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ નં. ૩૩ ભાગ-૧એલમાં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર-૧૭૨-એમડબલ્યુએ-૧૦૮૯-૯૩૩-એમ.-૨ની ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ તબીબી વ્યવસાયીના કોઈપણ દવાખાનામાંનો અથવા મેડીકલ કન્સલ્ટન્ટની કોઈ સંસ્થામાંનો અથવા નોંધ ક્રમાંક ૩૦ પરના હોસ્પિટલ અને નર્સિંગ હોમમાંના રોજગારમાં સમાવિષ્ટ કરેલ ક્લીનીકલ અથવા પેથોલોજીકલ લેબોરેટરી સિવાયના બીજા કોઈ ક્લીનીકમાં અથવા પેથોલોજીકલ લેબોરેટરીમાંના રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા) ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ ૬ની પેટા-કલમ (૧) ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ ૩ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રુએ અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં, આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૮૪ના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર/૯૦૮/એમડબલ્યુએ/૧૩૭૯/૧૯૪૪૨/એમ.૨ હેઠળ નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરો ફરી નક્કી કરે છે અને ઉપર્યુક્ત સરકારી જાહેરનામા હેઠળ નક્કી કરેલા દરો રદ કરીને, તે દરો ફરીથી નક્કી કરે છે, જેથી, તેમાં,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની જુદી જુદી કોલમમાં નિર્દિષ્ટ કરેલા ઝોનના સંબંધમાં, તેમની સામેની જુદી જુદી કોલમમાં જણાવેલા વર્ગોના કામદારોને આવા ઝોનમાં દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોનો; અને

(ખ) ખાસ ભથ્થાંનો;

સમાવેશ થાય છે.

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે પૂરી થતી ૬ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરુ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાંના દર એવી રીતે સરભર કરવા કે—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તે કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું, દિવસ દીઠ, રૂા. ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે :

પરંતુ ૧લી ઓકટોબર ૧૯૯૭થી શરુ થતી છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

INDEX

અનુસૂચિ

ક્રમાંક ૧૦.

તબીબી વ્યવસાયીના કોઈપણ દવાખાનામાંનો અથવા મેડિકલ કન્સલ્ટન્ટની કોઈ સંસ્થામાંનો અથવા હોસ્પિટલ અને નર્સિંગ હોમમાંના રોજગારમાં સમાવિષ્ટ કરેલ ક્લીનીકલ અથવા પેથોલોજીકલ લેબોરેટરી સિવાયના બીજા કોઈ ક્લીનીકમાં અથવા પેથોલોજીકલ લેબોરેટરીમાંનો રોજગાર

અનુક્રમાંક	કામદારોના વર્ગો	દિવસ દીઠ આપવાના દરો (રૂ.)	
		ઝોન ૧	ઝોન ૨
૧	૨	૩	૪
૧.	વર્ગ ૧ પ્રયોગશાળા ટેકનીશીયન, (શૈક્ષણિક લાયકાત સ્નાતક અને તાલીમ લીધેલ) એક્સ-રે ટેકનીશીયન (શૈક્ષણિક લાયકાત સ્નાતક અને તાલીમ લીધેલ).	૬૫.૪૦	૬૨.૯૦
૨.	વર્ગ ૨ કારકુન-ટાઈપિસ્ટ, લેબોરેટરી ટેકનીશીયન (લાયક ન હોય), એક્સ-રે ટેકનીશિયન (લાયક ન હોય) સ્ટેનો-ટાઈપિસ્ટ, નર્સ/નર્સ મીડવાઈફ, ફિઝિયો થેરપી ટેકનીશીયન, કમ્પાઉન્ડર, ફાર્માસીસ્ટ (શૈક્ષણિક લાયકાત બી. ફાર્મ. અથવા ડી ફાર્મ રજિસ્ટર્ડ; દસ વર્ષ અથવા વધુ વર્ષના અનુભવવાળા)	૬૩.૧૦	૬૨.૩૦
૩.	વર્ગ ૩ કમ્પાઉન્ડર, (બિન-તાલીમી) ડ્રેસર, બ્રોય, આયા, પટાવાળો.	૫૯.૧૦	૫૮.૩૦

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ.—

(૧) (ક) ઝોન ૧ માં, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારોના અને ઉપર્યુકત હદોથી ૧૦ કિલોમીટરના ઘેરાવા-અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન—૨માં, ઝોન—૧માં સમાવેશ કર્યો હોય તે વિસ્તારો સિવાયનાં, ગુજરાત રાજ્યમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(૨) છૂટક દરના ધોરણે-કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું, કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) આંશિકાલિક ધોરણે કામે રાખેલ કામદારોને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પુરેપુરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાકટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કોઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારોને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થા જેટલા રહેશે ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૧૧૪/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯-(૨૪)/એમ-૨ : નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૧૧૪/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૨૪)/એમ-(૨) : ગુજરાત સરકારી રાજ્યપત્ર, અસાધારણ નં. ૩૩ ભાગ--૧-એમાં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર--૧૭૨--એમડબલ્યુએ--૧૦૮૯--૯૩૩--એમ-૨ અને તારીખ ૨૩મી ઓક્ટોબર, ૧૯૯૨ના સરકારી જાહેરનામાની રૂએ, ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ રેલવેના માલધોદામમાં માલ ચઢાવવાના અને ઉતારવાનામાંના રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો નક્કી કરવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી.

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલાં વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે ;

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા) ની કલમ ૫ની પેટા--કલમ (૨) અને કલમ ૫ની પેટા-કલમ (૧) ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ ૭ની પેટા--કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં, આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં વેતનના ન્યુનતમ દરો નક્કી કરે છે, જેથી તેમાં,--

(ક) આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૩માં જણાવેલા વેતનના મૂળભૂત દરો, તેમની સામેની કોલમ ૨માં જણાવેલા વર્ગોના કામદારોને દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોનો, અને

(ખ) ખાસ ભથ્થાંનો ;

સમાવેશ થાય છે,

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓક્ટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાને યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાંના દર એવી રીતે સરભર કરવા કે --

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું, દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે :

પરંતુ ૧લી ઓક્ટોબર, ૧૯૯૭થી શરૂ થતી છ મહિનાની મુદતના વચગાળાગાળે ખાસ ભથ્થાંનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

INDEX

અનુસૂચિ

રેલવેના માલ ગોદામમાં માલ ચઢાવવાનો અને ઉતારવાનામાંના રોજગાર.

અનુક્રમાંક ૧	કામદારોનો વર્ગ ૨	દિવસ દીઠ આપવાના દરો (રૂ.) ૩
	માલ ચઢાવવાનું કામ કરતા કામદારો	૭૨.૮૦
	માલ ઉતારવાનું કામ કરતા કામદારો	૭૭.૮૦

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :—

(૧) સમગ્ર રાજ્ય એક ઝોન તરીકે ગણાશે.

(૨) છૂટક દરના ધોરણે કામે રાખેલા કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું, કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાક્ટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતા ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રિન્ટીસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે, ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ;
શ્રમ અને રોજગાર વિભાગ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૧૩૪/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯-(૪૪)-એમ (૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૧૩૪/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૪૪)/એમ(૨).—ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ નં. ૩૩ ભાગ ૧--એલમાં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર--૧૭૨--એમડબલ્યુએ--૧૦૯૯--૯૩૩--એમ.૨ ની રૂએ, ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ ખાંડ ઉદ્યોગમાંનો રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી ;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે.

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા) ની કલમ ૫ની પેટા--કલમ (૨) અને કલમ ૫ની પેટા-કલમ (૧) ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ ૩ની પેટા--કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં, આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૦મી એપ્રિલ, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર--૨૫૫--એમડબલ્યુએ/૫૨૭૮/એમ/૧૩૮૨/જીએચ, હેઠળ નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરો ફરી નક્કી કરે છે અને ઉપર્યુક્ત સરકારી જાહેરનામા હેઠળ નક્કી કરેલા દરો રદ કરીને, તે દરો ફરીથી નક્કી કરે છે જેથી તેમાં,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ--૨માં તેની સામે જણાવેલા કામદારના વર્ગોને દિવસ દીઠ આપવાના મૂળભૂત દરોના સંબંધમાં તેની કોલમ--૩ માં જણાવેલા વેતનના મૂળભૂત દરોનો ;

(ખ) ખાસ ભથ્થાનો ;

સમાવેશ થાય છે ;

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓક્ટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાના દર એવી રીતે સરભર કરવા કે--

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું, દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે ;

પરંતુ ૧લી ઓક્ટોબર, ૧૯૯૭ થી શરૂ થતી છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

અનુસૂચિ

ક્રમાંક : ૪૪ ખાંડ ઉદ્યોગમાંનો રોજગાર

અનુક્રમાંક ૧	કામદારોનો વર્ગ ૨	દિવસ દીઠ આપવાના દરો (રૂ.) ૩
૧	ઉચ્ચ કસબી	૬૧.૬૦

INDEX

પ્રયોગશાળા બેન્ચ કેમિસ્ટ, બોઈલર એટેન્ડન્ટ, હેડ ફીટર, ડ્રાફ્ટમેન-૨, નમૂનાકાર-૧, ઈન્સ્ટ્રુમેન્ટ મિકેનીક, (આઈ.ટી.આઈનું પ્રમાણપત્ર), મિકેનિક ૧.

૨ કસબી ૬૦.૫૦

પાનમેન, ઉત્પાદન મદદનીશ, મદદનીશ પાનમેન, ઈવેપોરેટર ઓપરેટર, પ્રયોગશાળા મદદનીશ, આવરશિયર, (બિન-લાયક), ઈલેકટ્રીશીયન, આરમેચર વાઈન્ડર, ફીટર, ટર્નર, વેલ્ડર, નમૂનાકાર-૨, મોલ્ડર, લાઈન ઓવરશીયર, વાયરમેન, મિકેનિસ્ટ, લુહાર, હેડ ખલાસી, સ્વીચ બોર્ડ એટેન્ડેન્ટ, એન્જિન ડ્રાઈવર-૧, ટીનસ્મીથ (ટનગર), કંસારો, સુથાર, કેન અનલોડર ઓપરેટર, પરમેનન્ટ વે ઈન્સપેકટર, મિકેનિક-૨, સ્ટીમ લોકો ડ્રાઈવર, ડ્રાઈવર, ટ્રેકટર ડ્રાઈવર, ટ્રોલી લાઈન મિસ્ત્રી, ડિઝલ લોકો ડ્રાઈવર, કડિયો.

૩. અર્ધ-કસબી ૫૯.૫૦

મેસર્સશન એટેન્ડેન્ટ, ગોળ નોંધનાર, જુસ રેકર્ડર, પી.એચ. રેકર્ડર (ફાયડ્રોસન આર્યન કોન્સનટ્રેશન), મેલ, દરજી, જૂસ હીટર એટેન્ડેન્ટ, કલેરી ફાયર એટેન્ડેન્ટ, રોટરી વેકયુમ ફીલ્ટર એટેન્ડેન્ટ, સેન્ટ્રીફયુગલ ઓપરેટર, લેબોરેટરી બોય, થેલા છાપકામ મશીન ઓપરેટર, થેલા સીવવાના મશીન ઓપરેટર, આયોન એક્ષચેન્જ વોટર ટ્રીટમેન્ટ ઓપરેટર, ફીલ્ટર કલોથ વોશીંગ મશીન ઓપરેટર, ઈલેકટ્રીકલ હેલ્પર, એન્જિન ડ્રાઈવર-૨, બેલ્ટમેન, ખલાસી, ફાયરમેન, પમ્પમેન, મોટર એટેન્ડન્ટ, ઓઈલમેન, હેમરમેન (હથોડા મારનારો), ચિત્રકાર, ફીટર હેલ્પર, વોટર એટેન્ડેન્ટ, ટોપ્સમેન, શેરડી વિકાસ કામદાર, લોકો ફોરમેન, ટ્રોલી લાઈન મુકાદમ બાંધકામ- મુકાદમ ગાર્ડ, ઝાડુવાળો જમાદાર, જમાદાર, સ્ટોર બોય.

૪. બિન-કસબી ૫૮.૭૦

જૂસ હેલ્પર મજદૂર, સલ્ફર ઓવર મજદૂર, પાલેદાર/હમાલ, માર્કર, સેમ્પલબોય, મજદૂર, વીન્ચમેન, વોચમેન, ઝાડુવાળો, પોઈન્ટસમેન, ટ્રોલીમેન, ક્લીનર, માળી, અતિથિ ગૃહ એટેન્ડન્ટ, રસોયો, પૂજાસમ.

૫. કારકુની ૬૧.૬૦

કેન હેડ ક્લાર્ક, કેન એકાઉન્ટન્ટ, સેન્ટર ઈન્ચાર્જ, કેન યાર્ડ સુપરવાઈઝર, યાર્ડ ફોરમેન, વેમેન્ટ સુપરવાઈઝર, આસિસ્ટન્ટ કેન હેડ ક્લાર્ક, શેર એકાઉન્ટન્ટ, કેશિયર, સેકશનલ ઈન્ચાર્જ, સ્ટેનોગ્રાફર ગ્રેડ-૧ અને ૨, હેડ ટાઈમકીપર ગ્રેડ-૨, સ્ટોર-કીપર ગ્રેડ-૧, સલામતી અધિકારી ગ્રેડ-૧, ખાંડ ગોડાઉન કીપર ગ્રેડ-૨, આસિસ્ટન્ટ સ્ટોર-કીપર ગ્રેડ-૩, આસિસ્ટન્ટ ગોડાઉન કીપર ગ્રેડ-૩, સલામતી ઈન્સપેકટર ગ્રેડ-૩, સફાઈ ઈન્સપેકટર ગ્રેડ-૩, ટાઈપીસ્ટ, ટાઈમ કીપર, ટ્રેસર, દફતરી, કમ્પાઉન્ડ નર્સ, મિડ-વાઈફ, એકાઉન્ટસ ક્લાર્ક, ટાઈમ ઓફિસ ક્લાર્ક, બિલ્ડીંગ લેબર ટાઈમકીપર, સેલ્સ ઈનચાર્જ, કેન ઈન્સપેકટર, આસિસ્ટન્ટ કેશિયર, સુપરવાઈઝર ગ્રેડ-૩, ચલન ઈન્ચાર્જ, સ્ટોર પરચેઝર ગ્રેડ-૩, રેલ્વે ક્લાર્ક ખાંડ ગોડાઉન ક્લાર્ક, સ્ટોર ક્લાર્ક, સેલ્સ ક્લાર્ક, પેમેન્ટ ક્લાર્ક, રેકર્ડ કીપર, ટેલિફોન ઓપરેટર, જોબ ક્લાર્ક, મેન્યુફેકચરીંગ એન્જીનીયરીંગ ક્લાર્ક, બિલ્ડીંગ ક્લાર્ક, જનરલ ક્લાર્ક, વેમેન્ટ ક્લાર્ક, શીટરાઈટીંગ ક્લાર્ક ટુલરૂમ ક્લાર્ક, રિશિપ્ટ અને ડીસપેચ ક્લાર્ક, સ્ટેશનરી ક્લાર્ક, સુગર હાઉસ ક્લાર્ક, કેન્ટીન ક્લાર્ક, ગેટ ક્લાર્ક, ટેલી ક્લાર્ક, ટોકન ક્લાર્ક, અમીન, પૂરજા ક્લાર્ક, ચેકર ફયુઅલ ક્લાર્ક,

૬. સુપરવાઈઝરી ૬૨.૬૦

ઉત્પાદન કેમિસ્ટ, પ્રયોગશાળા ઈન્ચાર્જ, પ્રયોગશાળા બેન્ચ કેમિસ્ટ, હેડપાનમેન, પાન ઈન્ચાર્જ, મદદનીશ ઈજનેર (મિકેનિકલ) મદદનીશ ઈજનેર (ઈલેકટ્રીકલ), વર્કશોપ ઈજનેર, ફોરમેન (મિકેનીકલ), ડ્રાફ્ટમેન-૧, ફોરમેન (ઈલેકટ્રીકલ) ઓવરસિયર, શેરડી વિકાસ અધિકારી, મદદનીશ કેન વિકાસ અધિકારી, કેન સુપરિન્ટેન્ડન્ટ, મજૂર અધિકારી, કલ્યાણ અધિકારી, ફેકટરી રેલ્વે સુપરિન્ટેન્ડન્ટ, મોટર/ટ્રકટર ફોરમેન, સિવિલ ઈજનેર એ-૧ અને એ-૨, ઓફિસ સુપરિન્ટેન્ડન્ટ, એકાઉન્ટન્ટ, લોકો ફોરમેન તબીબી અધિકારી, અંગત સચિવ, સેલ્સ મેનેજર, આસિસ્ટન્ટ સેલ્સ મેનેજર, સ્ટોર પર્ચેસ ઓફિસર, આસીસ્ટન્ટ વર્કસ મેનેજર, ટ્રાન્સપોર્ટ સુપરિન્ટેન્ડન્ટ, આસિસ્ટન્ટ ટ્રાન્સપોર્ટ સુપરિટેન્ડન્ટ.

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :

(૧) સમગ્ર રાજય એક ઝોન તરીકે ગણાશે.

(૨) છુટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નકકી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું, કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નકકી કરેલ દૈનિક વેતન કરતાં આછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પુરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

INDEX

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાક્ટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતા ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં, કંઈ કપાત કરી શકાશે નહીં

(૭) પુરૂષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસ્બી અથવા અર્ધ-કસ્બી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નકકી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર.
ગુજરાત સરકારના નાયબ સચિવ.
શ્રમ અને રોજગાર વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૫મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૧૦૮/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૨૦)/એમ(૨)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ માટે પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૧૦૮/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૨૦)/એમ(૨).—ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ નં. ૩૩ ભાગ ૧-એલમાં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૨ અને તારીખ ૨૩મી ઓકટોબર, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૧૭૨-એમડબલ્યુએ-૧૦૮૯-૯૩૩-એમ-૨.ની રૂએ, ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ જરી ઉદ્યોગમાંના રોજગાર*(જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે.

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા)ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ ૫ની પેટા-કલમ (૧)ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ ૩ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં, આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૮૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૮૨૬/એમડબલ્યુએ/૩૬૮૧/૪૦૬૪૧/એમ.-૨ હેઠળ સુધાર્યા પ્રમાણેના વેતનના ન્યુનતમ દરો સુધારે છે અને ઉપર્યુક્ત સરકારી જાહેરનામા હેઠળ સુધારેલા દરો રદ કરીને, તે દરો ફરીથી નક્કી કરે છે, જેથી તેમાં,—

INDEX

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની જુદી જુદી કોલમમાં નિર્દિષ્ટ કરેલા ઝોનના સંબંધમાં, તેમની સામેના જુદા જુદા કોલમમાં જણાવેલા વર્ગોના કામદારોને આવા ઝોનમાં દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોનો; અને

(ખ) ખાસ ભથ્થાનો;

સમાવેશ થાય;

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓક્ટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાના દર એવી રીતે સરભર કરવા કે—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું, દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે.

પરંતુ ૧લી ઓક્ટોબર, ૧૯૯૭ થી શરૂ થતી છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

અનુસૂચિ

ક્રમાંક : ૨૦.

જરી ઉદ્યોગમાંનો રોજગાર.

સ્પષ્ટીકરણ :—

"આ નોંધના હેતુ સારું "જરી ઉદ્યોગ" એટલે સાચા અથવા બનાવટી જરી અથવા જરીનો માલ તૈયાર કરવાની અથવા તેનું ઉત્પાદન કરવાની એક અથવા વધારે અથવા પ્રક્રિયાનું સંયોજન અને તેમાં આવો જરી અથવા જરીનો માલ તૈયાર કરવામાં અથવા ઉત્પાદન કરવામાં તેની સાથે સંકળાયેલ અથવા તેને સહાયક અથવા આનુષાંગિક તૈયાર કરવાની તમામ પ્રક્રિયાઓનો સમાવેશ થાય છે.

અનુસૂચિ—૧

અનુક્રમાંક	કામદારોનો વર્ગ	દિવસ દીઠ આપવાના દરો (રૂા.) ઝોન—૧	ઝોન—૨
૧	૨	૩	૪
૧	કસબી	૬૧.૭૦	૫૮.૮૦

પાટલાવાળા (ક) ગઠાઈ બાંધનાર (ખ) હરમવાળા (ગ) ઉસ્તાદ તાણિયા (સાચા અને બનાવટી) (ક) ઉસ્તાદ (મેનેજર) ત્રાકવાળા, કસબ વીંટનાર (ક) ચપાડીયા(ખ) બાદલા-ચપડનાર, ટીકાવાળા, સળી કાપનાર, ચલકવાળા, બાદલા ચપડનાર, વાઈઝ ચપડનાર, કટોરીવાળા,કાંગરાવાળા, તાર ચપડનાર, કુંડી ગીલ્ટ, ગિલીટવાળા, ફીટવાળા અને કિનારીવાળા, ફીત વણનાર અને કિનારી વણનાર, સોનાનો ઢોળ ગિલ્ડીંગ (સોનું અને પાવડર) ગિલ્ડર (સોનાનો ઢાળ ચઢાવનાર) ગોટાવાળા, થપ્પાવાળા, ગોટા અને થપ્પા વણનાર; આસરવાળા, ટવીસ્ટીંગ મશીન ઉપર કામ કરનારા કામદારો, ડાય બનાવનાર (ક) નંગ ઘસનાર (ખ) સોય ઘસનાર (ગ) સોય કાઢનાર (ઘ) નંગ પાડનાર (ચ) નંગ બેસાડનાર (છ) નંગર, લાદી બનાવનાર, મુઠાવાળા, જરી એમ્બ્રોઈડરી કારીગરો.

૨.	અર્ધ-કસબી	૬૦.૦૦	૫૭.૯૦

પાટલાવાળા (ક) ગાળનાર (ખ) તાપનાર (ગ) ચપડ પર (તાર) ખેંચનાર (ઘ) ગધેડિયા પર ખેંચનાર, તાણિયા (સાચા અને બનાવટી), પાટલાવાળા અને પવાલાવાળા, કસબ વીંટનાર (ક) વીંટનાર (વીંટવાવાળા), (ખ) કસબ અને રેશમ ભરવાવાળા, ટીકાવાળા, બંગલી ટીપનાર (હીટર), ચલકવાળા, ચલક પાડનાર, કાંગરીવાળા, કાંગરી પાડનાર, કટોરીવાળા, કટોરી પાડનાર, કુંડી ગિલ્ટ, પરચૂરણ કામ કરનાર કામદારો, કસબ ચપડનાર, અસારવાળા, ખોલવાવાળા અને ભરવાવાળા, ડાઈ બનાવનાર, પરચુરણ કામ કરનાર કામદારો, લાદી બનાવનાર, લાદી પાડનાર,

INDEX

૩.	બિન કસબી	૫૮.૩૦	૫૭.૧૦

પાવડાવાળા, પરચુરણ કામ કરનાર કામદારો, તાણિયા (સાચા અને બનાવટી) (ક) ગુલ્લા ખોલનાર (ખ) પરચુરણ કામ કરનાર કારીગરો.

અનુસૂચિ—૨

૧. કસબ વીંટવાળા (વીંટનાર) અખાડેદાર.

(૧) સાચો બારીક કસબ (શુધ્ધ રેશમ અને ચાંદી) માલ (બાદલા)ના કિ. ગ્રામ દીઠ રૂા. ૪૫૧.૫૦

(૨) બનાવટી બારીક કસબ (શુધ્ધ રેશમ અને ચાંદીના ઈલેકટ્રોપ્લેટેડ તાંબાનો તાર) માલ (બાદલા) ના કિલોગ્રામ દીઠ રૂા. ૪૫૧.૭૦

(૩) સાચો આર્ટ સિલ્ક કસબ (ચોખ્ખી ચાંદી અને ૭૫ ડેનિયરનું આર્ટ સિલ્ક) માલ (બાદલા)ના કિલોગ્રામ દીઠ રૂા. ૩૬૦.૪૦

(૪) બનાવટી કસબ (આર્ટ સિલ્ક ઓડ ૫૫ ડેનિયર અને ૭૦ ગેજનો ચાંદીનો ઈલેકટ્રોપ્લેટેડ તાંબાનો તાર) માલના કિલોગ્રામ દીઠ રૂા. ૨૭૨.૦૦

(૫) બનાવટી કસબ (આર્ટ સિલ્ક ૫૫ ડેનિયર અને ૬૦ ગેજનો ચાંદીનો ઈલેકટ્રોપ્લેટેડ તાંબાનો તાર) કિલોગ્રામ દીઠ રૂા. ૧૮૨.૫૦

(૬) બનાવટી કસબ (આર્ટ સિલ્ક ૭૫ ડેનિયર અને ૬૦ ગેજનો ચાંદીનો ઈલેકટ્રોપ્લેટેડ તાંબાનો તાર) માલ (બાદલા)ના કિલોગામ દીઠ રૂા. ૧૭૧.૧૫

(૭) બનાવટી કસબ (આર્ટ સિલ્ક ૭૫ ડેનિયર અને ૪૦ ગેજનો બનાવટી તાર) માલ (બાદલા)ના કિલોગ્રમ દીઠ રૂા. ૧૩૬.૧૦

(૮) બનાવટી કસબ (આર્ટ સિલ્ક ૧૦૦ ડેનિયર અને ૩૬ ગેજનો ચાંદીનો ઈલેકટ્રોપ્લેટેડ તાંબાનો તાર) માલ (બાદલા)ના કિલોગ્રામ દીઠ રૂા. ૧૨૧.૪૦

(૯) સુતરાઉ બનાવટી કસબ (૧૨૦/૨ અને ૧૦૦/૨ કાઉન્ટના કોટન યાર્ન અને ૩૬ અથવા ૪૦ ગેજના બનાવટી તાર) માલ (બાદલા)ના કિલોગ્રામ દીઠ રૂા. ૯૧.૩૫

(૧૦) સુતરાઉ બનાવટી કસબ (૮૦/૨ અને ૬૦/૨ કાઉન્ટના કોટન યાર્ન અને ૩૩ અથવા ૪૦ ગેજના બનાવટી તાર) માલ (બાદલા)ના કિલોગ્રામ દીઠ રૂા. ૭૪.૫૫

(૧૧) સુતરાઉ બનાવટી કસબ (૬૦/૨, ૪૦/૨, અને ૩૦/૨ કાઉન્ટના કોટન યાર્ન અને ૩૦ અથવા ૨૮ ગેજના બનાવટી તાર) માલ (બાદલા)ના કિલોગ્રામ દીઠ રૂા. ૬૦.૭૦.

(૧૨) સુતરાઉ બનાવટી કસબ (૬૦/૩, ૪૦/૩ અને ૩૦/૩ કાઉન્ટના કોટન યાર્ન અને ૨૪ અથવા ૨૬ ગેજના બનાવટી તાર) માલ (બાદલા)ના કિલોગ્રામ દીઠ રૂા. ૫૧.૩૦.

(૧૩) થીક કોટનયાર્ન કસબ ૨૦ અથવા ૨૨ ગેજનો બનાવટી તાર માલ (બાદલા)ના કિલોગ્રામ દીઠ રૂા. ૩૫.૩૦

૨. બનાવટી તાર ખેંચનાર (તાણિયા) અખાડેદાર.

(૧) ૮૦ ગેજનો તાર ખેંચવા માટે તારના કિલોગ્રામ દીઠ રૂા. ૧૪૮.૭૦

(૨) ૭૦ ગેજનો તાર ખેંચવા માટે તારના કિલોગ્રામ દીઠ રૂા. ૯૯.૯૦

(૩) ૬૦ ગેજનો તાર ખેંચવા માટે તારના કિલોગ્રામ દીઠ રૂા. ૬૬.૬૦

(૪) ૫૦ ગેજનો તાર ખેંચવા માટે તારના કિલોગ્રામ દીઠ રૂા. ૪૯.૮૦

(૫) ૪૦ ગેજનો તાર ખેંચવા માટે તારના કિલોગ્રામ દીઠ રૂા. ૪૨.૮૦

(૬) ૩૩.૩૬ ગેજનો તાર ખેંચવા માટે તારના કિલોગ્રમ દીઠ રૂા. ૩૩.૨૦

(૭) ૨૮.૩૦ ગેજનો તાર ખેંચવા માટે તારના કિલોગ્રામ દીઠ રૂા. ૨૪.૬૦

INDEX

(૮) ૨૪.૨૬ ગેજનો તાર ખેંચવા માટે તારના કિલોગ્રામ દીઠ રૂા. ૨૧.૪૦

(૯) ૧૮.૨૨ ગેજનો તાર ખેંચવા માટે તારના કિલોગ્રામ દીઠ રૂા. ૧૮.૩૦

અનુસૂચિ—૩

અખાડેદાર માટે ખાસ ભથ્થાના દરો નીચે પ્રમાણે આપવા જોઈશે.

૨. બનાવટી તાર ખેંચનાર (તાણિયા) અખાડેદાર.

(૧) ૮૦ ગેજનો તાર ખેંચવા માટે તારના કિલોગ્રામ દીઠ રૂા. ૧.૩૦

(૨) ૭૦ ગેજનો તાર ખેંચવા માટે તારના કિલોગ્રામ દીઠ રૂા. ૦.૮૦

(૩) ૬૦ ગેજનો તાર ખેંચવા માટે તારના કિલોગ્રામના દીઠ રૂા. ૦.૮૦

(૪) ૫૦ ગેજનો તાર ખેંચવા માટે તારના કિલોગ્રામ દીઠ રૂા. ૦.૪૦

(૫) ૪૦ ગેજનો તાર ખેંચવા માટે તારના કિલોગ્રામ દીઠ રૂા. ૦.૪૦

(૬) ૩૩.૩૬ ગેજનો તાર ખેંચવા માટે તારના કિલોગ્રામ દીક રૂા. ૦.૨૦

(૭) ૨૮.૩૦ ગેજનો તાર ખેંચવા માટે તારના કિલોગ્રામ દીઠ રૂા. ૦.૨૦

(૮) ૨૪.૨૬ ગેજનો તાર ખેંચવા માટે તારનાં કિલોગ્રામ દીઠ રૂા. ૦.૨૦

(૯) ૧૮.૨૨ ગેજનો તાર ખેંચવા માટે તારના કિલોગ્રામ દીઠ રૂા. ૦.૨૦

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :

(૧) (ક) ઝોન ૧માં, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારનો અને ઉપર્યુકત હદોથી ૧૦ કિલોમિટરના ઘેરાવા-અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન ૨માં, ઝોન ૧માં સમાવેશ કર્યો હોય તે વિસ્તારો સિવાયના, ગુજરાત રાજ્યમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(૨) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યૂનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું કામદાર વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાકટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતને ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યૂનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટીસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલો રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ,
કામ અને રોજગાર વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૧૩૮/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૪૮)/એમ-(૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૧૩૮/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૪૮)/એમ-(૨) :-ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ નં. ૩૩ ભાગ ૧-એલ માં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએસઆર-૧૭૨-એમડબલ્યુએ--૧૦૯૨--૯૩૩--એમ-૨ ની રૂએ ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ કોઈપણ વુવન કારપેટ બનાવવાની અથવા શાલ વણવાની સંસ્થામાંનો રોજગાર (જેનો આમાં હવે પછી "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો નકકી કરવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે ;

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા) ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ ૫ની પેટા-કલમ (૧) ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ ૩ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર, આથી સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં વેતનના ન્યુનતમ દરો નકકી કરે છે જેથી તેમાં,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૨માં તેની સામે જણાવેલા કામદારોના વર્ગોને દિવસ દીઠ આપવાના મૂળભૂત દરોના સંબંધમાં તેની કોલમ ૩માં જણાવેલા વેતનના મૂળભૂત દરોના ;

(ખ) ખાસ ભથ્થાંનો ;

સમાવેશ થાય છે.

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે પૂરી થતા છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી આકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાંના દર એવી રીતે સરભર કરવા કે—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે :

પરંતુ ૧લી આકટોબર, ૧૯૯૭ થી શરૂ થતી છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

INDEX

અનુસૂચિ

કોઈપણ વુલન કારપેટ બનાવવાની અથવા શાલ વણવાની સંસ્થામાંનો રોજગાર.

અનુ ક્રમાંક	કામદારોના વર્ગ	દિવસ દીઠ આપવાના દરો (રૂા.)
૧	૨	૩
૧.	કસબી	૬૪.૭૦
૨.	અર્ધ--કસબી	૬૪.૨૦
૩.	બિન--કસબી	૬૦.૭૦

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :

(૧) સમગ્ર રાજ્ય એક ઝોન તરીકે ગણાશે.

(૨) છુટક દરના ધોરણે કામે રાખેલા કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજના દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) આંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાક્ટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ--કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર,
તારીખ : ૨૫મી જુન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૫મી મે, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૩૩/વીબીએન/૨૧૯૫/એમએલએ/૫૯(૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર. તારીખ ૫મી મે, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૩૩/વીબીએન/૨૧૯૫/એમએલએ/૫૯/ચ :—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાત ના ૧૮મા)ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત કોડીનાર અને જિલ્લા પંચાયત અમરેલી સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી:—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	કોડીનાર	જગતીયા અરીઠીઆ	૧. જગતીયા (મહેસૂલી ગામ)		૧. જગતીયા	૧. જગતીયા (મહેસૂલી ગામ).
			૨. અરીઠીઆ (મહેસૂલી ગામ)	૧. અરીઠીઆ (મહેસૂલી ગામ)	૨. અરીઠીઆ	૨. અરીઠીઆ (મહેસૂલી ગામ).

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GNR/1

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, JULY 31, 1997/SRAVANA 9, 1919 [No. 31

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૪મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : ક્રેઓચઆર/૧૧૬/એમ ડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૨૬)-/એમ (૨)નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિક્ષરી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE MINIMUM WAGES, ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૧૧૬/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯-(૨૬)-એમ-(૨).—ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ નં. ૩૩ ભાગ-૧-એલમાં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૧૭૨-એમડબલ્યુ-એ.-૧૦૮૯-૯૩૩-એમ.૨ અને તારીખ ૨૩મી ઓક્ટોબર, ૧૯૯૨ના સરકારી જાહેરનામાની રુએ, ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ તૈયાર કપડાં અથવા તેના અંગભૂત ભાગો બનાવવામાં રોકાયેલ ત્રણથી વધારે કામદારોને કામે રાખેલ હોય તે સંસ્થા અને દરજીની દુકાનમાંનો રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી.

અને, સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૭ના ૧૧મા)ની કલમ-૫ની પેટા-કલમ (૨) અને કલમ-૫ની પેટા-કલમ (૧)ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ-૩ની પેટા કલમ (૧)થી મળેલી સત્તાની રુએ, અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર-વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં, આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૩મી ડિસેમ્બર, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૬૦૯/એમડબલ્યુએ/૬૮૮૪-૧૬૧૯/એમ. ૨ હેઠળ નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરો સુધારે છે અને ઉપર્યુક્ત સરકારી જાહેરનામા હેઠળ નક્કી કરેલા દરો રદ કરીને, તે દરો ફરીથી નક્કી કરે છે, જેથી તેમાં,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની જુદી જુદી કોલમમાં નિર્દિષ્ટ કરેલા ઝોનના સંબંધમાં, તેમની સામેની જુદી જુદી કોલમમાં જણાવેલા વર્ગોના કામદારોને આવા ઝોનમાં દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણે મૂળભૂત દરોનો; અને

(ખ) ખાસ ભથ્થાનો ;

સમાવેશ થાય છે.

અને, આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડીસેમ્બરે પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે તારીખ ૧લી ઓક્ટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાના દર એવી રીતે સરભર કરવા કે—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું, દિવસ દીઠ રૂા. ૦-૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦-૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે:

પરંતુ, ૧લી ઓક્ટોબર, ૧૯૯૭થી શરૂ થતી છ મહિનાની મુદતમાં વચગાળાએ ખાસ ભથ્થાંનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

INDEX

અનુસૂચિ

ક્રમાંક : ૨૬.

તૈયાર કપડાં અથવા તેના અંગભૂત ભાગો બનાવવામાં રોકાયેલ ત્રણથી વધારે કામદારોને કામે રાખેલ હોય તે સંસ્થા અને દરજીની દુકાનમાંનો રોજગાર.

અનુક્રમાંક	કામદારોના વર્ગો	દિવસ દીઠ આપવાના દરો (રૂપિયા)		
		ઝોન--૧	ઝોન--૨	ઝોન--૩
૧	વર્ગ– ૧ ડિઝાઈન બનાવનાર, પેટર્ન બનાવનાર, સુપરવાઈઝર, (ઉત્પાદન) કટર માસ્ટર, મેનેજર.	૬૪.૭૦	૬૨.૬૦	૬૦.૫૦
૨	વર્ગ-૨, કટર, ચેકર, સેમ્પલ બનાવનાર, દરજી, ગ્રેડ-૧ (તૈયાર પોષાક) કોટ બનાવનાર, પાટલૂન બનાવનાર, હિસાબનીશ, વેચાણ કરનાર, મિકેનીક, ઈલેકટ્રીશિયન.	૬૩.૨૦	૬૧.૬૦	૬૦.૦૦
૩	વર્ગ—૩ દરજી ગ્રેડ-૨, (તૈયાર પોષાક) આલ્ટરેશનમેન (પેતેજ), આસિસ્ટન્ટ કટર, કોલર બનાવનાર, શર્ટ બનાવનાર (ઓર્ડર પ્રમાણે બનાવનાર), સ્ટોરકિપર. કારકુન-ટાઈપીસ્ટ, પેઈન્ટર (બ્રા-કલીપ-પેઈન્ટીઝ), ઈસ્ત્રી કરનાર-એ (ઉન, રેશમ, ટરીન, ટેરીકોટન, અને અન્ય સિન્થેટીક યાર્નમાંથી બનાવેલા પોષાકો માટે), ડ્રાઈવર, નિર્દિષ્ટ પેકર.	૬૧.૬૦	૬૦.૦૦	૫૯.૦૦
૪	વર્ગ—૪ દરજી ગ્રેડ-૩ (તૈયાર પોષાક), ટોપી બનાવનાર, ખાસહેતુ માટેના મશીન ઓપરેટર, દા. ત. એમ્બ્રોઈડરીમેન, બટન હોલ મશીન ઓપરેટર, બટન સ્ટીચ મશીન ઓપરેટર, બાઈન્ડસ્ટીચ મશીન ઓપરેટર, ઓવરલોકિંગ, (ઓવર--એજિંગ) ઈસ્ત્રી કરનાર-બી (સુતરાઉ પોષાક માટે), ફોલ્ડર/સ્પ્રેડર.	૬૦.૬૦	૫૯.૦૦	૫૮.૧૦
૫	વર્ગ—૫ દોરા કાપનાર, ડિલીવરીમેન, પટાવાળો ગાન્જવાળા (હાથ વડે કરનાર), બટનવાળા (હાથ વડે કરનાર), લૂકવાહી, (હાથવડે કરનાર) મદદગાર, બાડુવાળો, છોકરા, પહેરેગીર.	૫૯.૦૦	૫૫.૧૦	૫૭.૨૦

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :

(૧) (ક) ઝોન-૧માં મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારનો અને ઉપર્યુકત હદોથી ૧૦ કિલોમિટરના ઘેરાવા-અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન-૨માં પ્રાપ્ય છેલ્લી વસ્તી ગણતરીના આંકડા અનુસાર એક લાખ અને તેની ઉપરના વસ્તીવાળા નગરો અને શહેરોની હદોની અંદરના વિસ્તારોનો અને ઉપર્યુકત હદોથી ૫ કિલોમિટરના ઘેરાવા-અંતરની અંદર આવતા વિસ્તારોનો સમાવેશ થશે.

(ગ) ઝોન-૩માં, ઝોન-૧ અને ઝોન-૨માં સમાવેશ કર્યો ન હોય તે વિસ્તારો સિવાયના ગુજરાત રાજ્યમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(૨) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાનો વેતનના ન્યુનતમ દર ઉપરાંત બાસ ભથ્થું, કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

INDEX

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે. અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાક્ટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત, ખાસ ભથ્થાં કરતા ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધકસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૧૧૫/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯-(૨૫)/એમ-(૨)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક: કેએચઆર/૧૧૫/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૨૫)એમ(૨).—ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ નં. ૩૩ ભાગ-૧-એલમાં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર-૧૭૨-એમડબલ્યુએ-૧૦૯૯-૯૩૩-એમ. ૨ અને તારીખ ૨૩મી ઓક્ટોબર, ૧૯૯૨ના સરકારી જાહેરનામાની રૂએ, ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ કારખાના અધિનિયમ, ૧૯૪૮ની કલમ-૨ (૬) હેઠળ વ્યાખ્યા કર્યા પ્રમાણે જેમાં "ઉત્પાદન પ્રક્રિયા" કરવામાં આવતી હોય અને અનુસૂચિના ભાગ ૧ અને ૨માં કોઈપણ નોંધ હેઠળ સમાવેશ કરવામાં આવ્યો ન હોય તેવી કોઈપણ ઉત્પાદન પ્રક્રિયામાંનો રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી;

અને, સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

INDEX

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા)ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ ૭ની પેટા-કલમ (૧)ના ખંડ (૨) સાથે વાંચતા, કલમ-૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્ય માટે, આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં વેતનના ન્યુનતમ દરો નક્કી કરે છે, જેથી તેમાં,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની જુદી જુદી કોલમમાં નિર્દિષ્ટ કરેલા ઝોનના સંબંધમાં, તેમની સામેની જુદી જુદી કોલમમાં જણાવેલા વર્ગોના કામદારોને આવા ઝોનમાં દિવસદીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોના; અને

(ખ) [illegible];

સમાવેશ થાય છે.

અને, આદેશ કરે છે કે, આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓક્ટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાના દર એવી રીતે સરભર કરવા કે--

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું, દિવસ દીઠ રૂપિયા ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે :

પરંતુ ૧લી ઓક્ટોબર, ૧૯૯૭થી શરૂ થતો છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

અનુસૂચિ

કારખાના અધિનિયમ, ૧૯૪૮ની કલમ-૨ (૬) હેઠળ વ્યાખ્યા કર્યા પ્રમાણે જેમાં "ઉત્પાદન પ્રક્રિયા" કરવામાં આવતી હોય અને અનુસૂચિના ભાગ-૧ અને ૨માં કોઈપણ નોંધ હેઠળ સમાવેશ કરવામાં આવ્યો ન હોય તેવી કોઈપણ ઉત્પાદન પ્રક્રિયામાંનો રોજગાર.

અનુક્રમાંક	કામદારોનો વર્ગ	દિવસ દીઠ આપવાના દરો (રૂા.)	
		ઝોન--૧	ઝોન--૨
૧	૨	૩	૪
૧.	કસબી :	૬૪.૩૦	૬૧.૩૦

મશીન ઓપરેટર, મિકેનીક, ફિટર, કટર, સોર્ટર, એરમેન, ઓપરેટર, ચેકર, ફિટર ગ્રેડ-એ, ટર્નર ગ્રેડ-એ, વાયરમેન ગ્રેડ-એ, બર્નર ગ્રેડ-એ, બર્નર ઓપરેટર, વેલ્ડર, મિસ્ત્રી, ઈલેક્ટ્રિશિયન, ભૂસીવાલા (પંખા ઉપરની ધૂળ સાફ કરે તે) મશીનમેન, પોલીસ્રમેન, સુપરવાઈઝર, મુખ્ય સુથાર, સુથાર, બેંક સોમેન, મિક્સીંગ મશીનમેન, પાપડ બનાવનાર, લોટની કણક બાંધનાર(અનાજના લોટને કણકમાં ફેરવવો વિગેરે),ખાંડવાવાળા (પાવડરમાં ફેરવવા માટે ખાંડે તે), મસાલા મિક્સર, ભઠ્ઠી મિકેનીક, વાઈન્ડર, ડબલર, પ્લેન ઓપરેટર, સેવ-પાપડ બનાવનાર, ઓડજસ્ટર(વજન સરભર કરે તે), કેમિસ્ટ, કોમ્પ્રેસર મશીનમેન, ડિઝાઈન મેકર, પેકિંગવાળા, તળિયાવાળા, મથાળાવાળા, ઘાટવાળા, ફરનેસ ડ્રાઈવર, પલ્વરાઈઝર, મશીન ડ્રાયવર, એન્જિનિયર, વાન ડ્રાઈવર, ગુણવત્તા અંકુશ અધિકારી, પ્લાન્ટ સુપરવાઈઝર, કેમિસ્ટ-કમ-સિરપ મેકર, ફિટર-કમ-મિકેનિક-બોઈલર એટેન્ડન્ટ, સિફ્ટ ઈન્ચાર્જ, પથ્થર તોડનાર, ગ્રાઈન્ડર, કટર (ગેસથી કાપે તે), કેઈન ડ્રાઈવર, લોડરમેન, મુકાદમ, કેમિસ્ટ-કમ-ઈન્ચાર્જ, બ્રુમ મેકર, લાર્જ બ્રુમ મેકર,

૨.	અર્ધ-કસબી :	૫૯.૮૦	૫૭.૮૦

આસિસ્ટન્ટ ઓપરેટર, સોર્ટર, આસિસ્ટન્ટ વાયરમેન ગ્રેડ-બી, ટર્નર ગ્રેડ-બી, ફિટર ગ્રેડ-બી, કાંટાવાળા (બિન્ચીઝનું મિશ્રણ કરીને વજન કરે તે), મુકાદમ (મિશ્રણ વિભાગ), આસિસ્ટન્ટ મશીન ઓપરેટર, આસિસ્ટન્ટ ફિટર, આસિસ્ટન્ટ વાયરમેન, હેલ્પર, (એમરી પથ્થર અને પાવડર બનાવવામાં મદદ કરે તે), આસિસ્ટન્ટ સોર્ટર, આસિસ્ટન્ટ ગ્રાઈન્ડર, પિલર, વોશીંગ મશીનમેન, તલવારવાળા, આસિસ્ટન્ટ લોટની કણક બાંધનાર, કચોરી-સમોસા બનાવનાર, ટીન પેકર, માઈક્રો-પલ્વરાઈઝર ઓપરેટર, બ્લેન્ડર ઓપરેટર, ફિલીંગ મશીનમેન, મિક્સીંગ મશીન ઓપરેટર, સેન્ટ સ્પ્રેયર (પ્રવાહીમાં બોળે તે).

INDEX

૧	૨	૩	૪
૩. બિન-કસબી		૫૬.૮૦	૫૪.૮૦
મજૂર (લેબરર) વોચમેન, ઓઈલમેન, મશીન લેબરર, ક્લર કેરિઅર, પેકર, સ્ટેકર, ચારનાવાળા, હુંડ મિલ અથવા મિકેનિકલ ગ્રાઈન્ડીંગ મિલ એટેન્ડન્ટ, હમાલ, પ્રકીર્ણ મજૂર, પેકિંગવાળા, બોટલ કલીનર, લેબલર, બોટલ ભરનાર.			
૪. કારકુની સ્ટાફ.		૬૬.૯૦	૬૩.૭૦
હિસાબનીશ, કારકુન, કેશિયર, બિલ બનાવનાર, સ્ટોર કીપર, ટાઈમ કીપર, કારકુન-કમ-કેશિયર.			

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :

(૧) (ક) ઝોન ૧માં, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારના અને ઉપર્યુક્ત હદોથી ૧૦ કિલોમીટરના ઘેરાવા-અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન ૨માં, ઝોન ૧માં સમાવેશ કર્યો હોય તે વિસ્તારો સિવાયના, ગુજરાત રાજ્યમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(૨) છૂટક દરના ઘોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નકકી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાનાં વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું, કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નકકી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૧૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પુરેપુરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાકટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નકકી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નકકી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પુરેપુરા ન્યૂનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર/૧૩૫/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૪૫)-એમ(૨)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસધ્ધિ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૧૩૫/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૪૫)-એમ(૨). -ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ નં. ૩૩ ભાગ ૧-એલમાં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૧૭૨-એમડબલ્યુએ-૧૦૮૯-૯૩૩-એમ.-૨ થી રુએ ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ ચામડા ક્માવવાના કારખાના અને ચામડાના કારખાનામાંનો રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી;

અને, સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચના સરકારે વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા)ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ ૬ની પેટા-કલમ (૧) ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ ૩ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રુએ અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં, આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૩૦મી મે, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેએચઆર/૩૦૦/એમડબલ્યુએ/૯૮૭૧/સી-૪૫૫/એમ.૨ હેઠળ સુધાર્યા પ્રમાણેના વેતનના ન્યુનતમ દરો ફરી નક્કી કરે છે અને ઉપર્યુકત સરકારી જાહેરનામા હેઠળ નક્કી કરેલા દરો રદ કરીને, તે દરો ફરીથી નક્કી કરે છે, જેથી તેમાં, –

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની જુદી જુદી કોલમમાં નિર્દિષ્ટ કરેલા ઝોનના સંબંધમાં, તેમની સામેની જુદી જુદી કોલમમાં જણાવેલા વર્ગોના કામદારોને આવા ઝોનમાં દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોના; અને

(ખ) ખાસ ભથ્થાનો;

સમાવેશ થાય છે.

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બર પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના પોરણે, તારીખ ૧લી ઓકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાના દર એવી રીતે સરભર કરવા કે—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે,, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું, દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂપિયા ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે:

પરંતુ, ૧લી ઓકટોબર, ૧૯૯૭થી શરુ થતી છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

ક્રમાંક ૪૫. અનુસૂચિ

ચામડા ક્માવવાના કારખાના અને ચામડાના કારખાનામાંનો રોજગાર

અનુક્રમાંક	કામદારોના વર્ગો	દિવસ દીઠ આપવાના દરો (રૂા.)	
		ઝોન—૧	ઝોન –૨
૧	૨	૩	૪
૧.	કસબી	૬૧.૫૦	૬૦.૭૦

INDEX

મીકેનીક (સંચાવાળા), મદદનીશ મીકેનીક, રીંગ મેકર, મિસ્ત્રી (કાપનાર), સફાઈ કામમાં, વ્હેરવાના કામમાં, ચલક ચલાવવાના કામમાં, કાતરી કરવાના કામમાં, રોલિંગ કામમાં, મશીનથી અથવા બીજી રીતે છોલાઈ કામમાં નોકરીએ રહેલી વ્યક્તિઓ.

૨	અર્ધ-કસબીઓ	૬૦.૭૦	૬૦.૨૦

બુટ બનાવનારાઓ, રંગનાર, સીલાઈ કરનાર, પોલીસ કરનાર ડૂમનો કેબલમેનોના હવાલો ધરાવનાર વ્યક્તિ, સીવવાના, પટા તૈયાર કરવાના, ખીલા મારવાના, હાઈડ્રોલિક પ્રેસ કરવાના, હર્નેશ અને સોલ બેસાડવાના ખાતામાં સીવવાના કામમાં રાખેલી વ્યક્તિઓ.

૩.	બિન-કસબી	૬૦.૨૦	૧૯.૬૦

મશીન હેલ્પરો, કુંડીયોમાં ચાલકા કેળવવાના ક્ષેત્રમાં કામ કરતા કામદારો, ચુનાની ટાંકીમાં કામ કરતા કામદારો, ગાંડાવાળા મિલ્કટમેન, લેસ કાપનારા, પટા તૈયાર કરનારા કામદારો, રીપેરીંગ કરતા કામદારો, બેલ્ટીંગ અને બફરમાં કામ કરતા કામદારો, અને અન્ય પરચુરણ કામદારો.

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :—

(૧) (ક) ઝોન ૧માં, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારનો અને ઉપર્યુકત હદોથી ૧૦ કિલોમીટરના ઘેરાવા-અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન ૨માં, ઝોન ૧માં સમાવેશ કર્યો હોય તે વિસ્તારો સિવાયનાં ગુજરાત રાજ્યમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(૨) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું, કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પૂરેપૂરાં ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાકટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલાં કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કોઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નકકી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલાં રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: કેએચઆર/૧૧૩/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૨૩)/એમ(૨)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૧૧૩/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૨૩)/એમ(૨).—ગુજરાત સરકારી રાજ્યપત્ર, અસાધારણ નં. ૩૩. ભાગ-૧-એલમાં પ્રસિદ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૨નો સરકારી જાહેરનામા ક્રમાંક. કેએચઆર/૧૭૨/એમડબલ્યુએ/૧૦૯૯/૯૩૩/એમ-૨ અને તારીખ ૨૩મી ઓકટોબર, ૧૯૯૨ના સરકારી જાહેરનામાની રૂએ, ગુજરાત સરકારે સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનૂસૂચિ હેઠળ આવરી લીધેલ ગોદી અને બંદરોમાં માલ ચઢાવવાના અને ઉતારવાના રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો નકકી કરવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા) ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ-૫ની પેટા-કલમ (૧)ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ ૩ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં, આ જાહેરનામા સાથે જોડયા પ્રમાણે વેતનના ન્યુનતમ દરો નકકી કરે છે, જેથી તેમાં—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની કોલમ નંબર ૩ની સામે તેની કોલમ ૨માં તેની સામે દર્શાવેલા વર્ગોના કામદારોને દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે દર્શાવ્યા પ્રમાણેના વેતનના મૂળભૂત દરોનો,

(ખ) ખાસ ભથ્થાનો;

સમાવેશ થાય.

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બર, પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાના દર એવી રીતે સરભર કરવા કે—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ આંક ૧૬૪૫ ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું, દિવસ દીઠ રૂ. ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂ. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે:

પરંતુ ૧લી ઓકટોબર, ૧૯૯૭ થી શરૂ થતી છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

અનુસૂચિ

ગોદી અને બંદરોમાં માલ ચઢાવવાનો અને ઉતારવાનો રોજગાર.

અનુક્રમાંક	કામદારોનો વર્ગ	દિવસ દીઠ આપવાના દરો (રૂ.).
૧	૨	૩
	માલ ચઢાવવાનું કામ કરતા કામદારો	૭૨.૮૦
	માલ ઉતારવાનું કામ કરતા કામદારો	૭૭.૮૦

INDEX

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :—

(૧) સમગ્ર રાજ્યને એક ઝોન તરીકે ગણવામાં આવશે.

(૨) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા ક્લાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના ક્લાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું કામદાર જે વર્ગને હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પ્સ, કૃષિ યુનિવર્સિટી કેમ્પ્સ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર ક્લાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર ક્લાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાકટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારને આપવામાં આવેલા આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરૂષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જુન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર/૧૦૯૬/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૨૧)/એમ (૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૧૦૯૬/એમડબ્લ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૨૧)/એમ(૨).— ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ નં. ૩૩ ભાગ-૧ એલમાં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર-૫૭૨-એમડબલ્યુંચો.-૧૦૮૯-૯૩૩-એમ.૨ની રૂએ ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ ખાંડસરી ઉદ્યોગમાંના રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે) તેના સંબંધમાં વેતનના ન્યુનતમ દરો સુધારવા ના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી;

INDEX

અને, સદરહુ જાહેરનામાના સંબંધમાં લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે.

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા)ની કલમ ૫ની પેટા કલમ (૨) અને કલમ ૬ની પેટા-કલમ (૧)ના ખંડ (૧) સાથે વાંચતાં કલમ ૩ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ સમગ્ર ગુજરાત રાજ્યમાં, આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં ક્રમે રાખેલા કામદારોના સંબંધમાં ક્રમ અને રોજગાર વ વિભાગના તારીખ ૨જી એપ્રિલ ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૨૧૦/એમડબલ્યુએ/૫૯૮૪/૯૭૭/એમ ૨ હેઠળ નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરો સુધારે છે અને ઉપર્યુકત સરકારી જાહેરનામા હેઠળ નક્કી કરેલા દરો રદ કરીને, તે દરો ફરીથી નક્કી કરે છે જેથી તેમાં,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૨માં તેની સામે, જણાવેલા કામદારોના વર્ગોને દિવસ દીઠ આપવાના મૂળભૂત દરોના સંબંધમાં તેનો કોલમ ૩માં જણાવેલા વેતનના મૂળભૂત દરોનો

(ખ) ખાસ ભથ્થાનો સમાવેશ થાય.

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જુને અને તારીખ ૩૧મી ડિસેમ્બર પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે તારીખ ૧લી ઓકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાના દર એવી રીતે સરભર કરવા કે—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે.

પરંતુ ૧લી ઓકટોબર, ૧૯૯૭થી શરૂ થતી છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

ક્રમાંક : (૨૧)

અનુસૂચિ

ખાંડસરી ઉદ્યોગમાંનો રોજગાર

અનુક્રમાંક	કામદારોનો વર્ગ	દિવસ દીઠ આપના દરો રૂા.
૧.	કસબી :	૬૦.૦૦
	ફોરમેન, મિકેનીકલ સુપરવાઈઝર, મિસ્ત્રી, મિકેનીક, કેમિસ્ટ, કેન ક્રશર ડ્રાઈવર, મિકેનીક ડ્રાઈવર, સેંટીંગમેન, વેલ્ડર, ઈલેકટ્રીશીયન, સુથાર, લુહાર, ટર્નર ભઠ્ઠી રિપેરર ફિટર, પમ્પમેન.	
૨.	અર્ધ કસબી.	૫૮.૪૦
	ફિલ્ડમેન, સલ્ફરમેન, સલ્ફરેશન, સલ્ફરીયોડેએક્ષન,મેટ, પટ્ટી કેરગાર્ડ એન્ડ કટીંગ, ઓઈલમેન, મદદનીશ મિકેનીક, કારીગર, બેગ ભરનાર, પમ્પ એટેન્ડન્ટ, સેન્ટ્રીફ્યુમીંગ, ફાયરમેન.	
૩.	બિન-કસબી	૫૭.૪૦
	મદદગાર, મજદૂર, કેન કેરીયર્સ, રીમુવીંગ બેગો, ફાયરવુડ ગ્રાઈન્ડર, કેન ફિડર, બેગ(કોથળા) ભરનાર.	
૪.	ઓફિસ સ્ટાફ	
	મેનેજર	૬૮.૦૦
	એકાઉન્ટન્ટ, ખરીદનાર , કેશિયર, ટાઈપકીપર, કારકુન, કારકુન સહ ટાઈપીસ્ટ,	૫૯.૯૦

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ:

(૧) સમગ્ર રાજ્ય એક ઝોન તરીકે ગણાશે.

(૨) છુટક દરના ધોરણે ક્રમે રાખેલ કોઈ કામદારની બાબતમાં વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલ કામન કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનનો ન્યુનતમ દરો આપવામાં આવશે.

INDEX

(૪) આંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે. અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાકટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નકકી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરૂષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટીસ કામદારને આપવાના વેતનના ન્યુનતમદરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નકકી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પુરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા ૨૫મી જૂન, ૧૯૯૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર/૧૧૧/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૨૨-ખ) એમ (૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું
શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા ૨૫મી એપ્રિલ, ૧૯૯૭

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮

ક્રમાંક : કેએચઆર-૧૧૧-એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૨૨-ખ) એમ (૨).— ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ નાં ૩૩ ભાગ ૧ એલ માં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર-૧૭૨-એમડબલ્યુએ-૧૦૮૯-૯૩૩-એમ, ૨ ની રૂએ ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનૂસુચિ હેઠળ આવરી લીધેલ ગુજરાત નગરપાલિકા અધિનિયમ ૧૯૬૧ (સન ૧૯૬૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૩૪મા) અને ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૮૧ (સન ૧૯૬૨ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૬૮) હેઠળ રચાયેલ કોઈપણ નગરપાલિકા અથવા નગર પંચાયતમાંના રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા) ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ ૫ની પેટા-કલમ (૧) ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ ૩ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ અને ન્યૂનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત

INDEX

રાજ્યમાં, આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાંનાં સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૮૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૮૦૬/એમડબલ્યુએ/૧૬૮૧/૪૦૬૪૩/એમ ૨ હેઠળ સુધાર્યા પ્રમાણેના વેતનના ન્યુનતમ દરો ફરી નક્કી કરે છે અને ઉપર્યુક્ત સરકારી જાહેરનામા હેઠળ નક્કી કરેલા દરો રદ કરીને તે દરો ફરીથી નક્કી કરે છે, જેથી તેમાં

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની જુદી જુદી કોલમમાં નિર્દિષ્ટ કરેલા ઝોનના સંબંધમાં, તેમની સામેની જુદી જુદી કોલમમાં જણાવેલા વર્ગોના કામદારોને ઓવા ઝોનમાં દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોનો; અને

(ખ) ખાસ ભથ્થાનો;

સમાવેશ થાય, અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બર પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાના દર એવી રીતે સરભર કરવા કે—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે;

પરંતુ ૧લી ઓકટોબર, ૧૯૯૭ થી શરૂ થતી છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

ક્રમાંક : ૨૨-ખ અનુસૂચિ

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૬ (સન ૧૯૬૪ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૩૪મા) અને ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૬૧ (સન ૧૯૬૨નો ગુજરાત અધિનિયમ ક્રમાંક ૬૯મો) હેઠળ રચાયેલ કોઈપણ નગરપાલિકા અથવા નગર પંચાયતમાંનો રોજગાર.

અનુ. ક્રમાંક	કામદારોનો વર્ગ	દિવસ દીઠ આપવાના દરો(રૂા.) ઝોન-૧	ઝોન-૨	ઝોન-૩
૧.	કસબી	૬૨.૪૦	૬૧.૩૦	૬૧.૧૦
	ઓમ્બ્યુલન્સ ડ્રાઈવર, આર્મેચર વાઈન્ડર, લુહાર, બોઈલર, પરિચર, બોઈલર મેકર અને રીવેટર, સુથાર, બસ ડ્રાઈવર કમ્પાઉન્ડર ડ્રેસર, ડ્રાઈવર, ઈલેક્ટ્રીશિયન, એન્જિન ડ્રાઈવર, કેરિયર, ફિટર, ફોરમેન, ગેસ અને ઈલેક્ટ્રીક વેલ્ડર; ગેજ રિપેરર, હેડ મિકેનિકલ ફોરમેન ઈન્સ્પેકટર (ઈલેકટ્રીકલ), પ્રયોગશાળા મદદનીશ લોગો ડ્રાઈવર, મશીન ઓપરેટર, મિસ્ત્રી, કડિયો મિકેનિક મિકેનિકલ, ફોરમેન, મિકેનીક અને ઈલેકટ્રીશિયન, મીડવાઈફ, મોટર ઈન્સ્પેકટર, મોટર ડ્રાઈવર, મોટર ટ્રોલી ડ્રાઈવર, નર્સ, ઓપરેટર, પેટર્ન મેકર, રેડિયોગ્રામ ઓપરેટર, રેન્ટ કલેકટર સેનેટરી ઈન્સ્પેકટર, સ્ટાફ નર્સ, સ્ટીમ બોઈલર ડ્રાઈવર, સુપરવાઈઝર (રોડરોલર) દરજી, ટેલિફોન ઓપરેટર, થિયેટર એટેન્ડેન્ટ ટર્નર તાલીમ લીધેલ દાઈ, બળિયા ટાંકનાર, વોર્ડ ઈન્સ્પેકટર અને અથવા મોટર ઈન્સ્પેકટર, વેલ્ડર, વાયરમેન, આસિસ્ટંટ સ્ટાર્ટર, કેન્ડીડેટ, ટિકીટ એકઝામીનર ઈન્સ્પેકટર, કન્ટ્રોલર હેન્ડ કન્ટ્રોલર હેન્ડ આસિસ્ટંટ ડ્રાઈવર ક્રેઈન, ઈલેકટ્રીકલ મોટર મિકેનીક ગ્રેડ-૧ મિકેનિક ઈલેકટ્રીકલ મિટર ગ્રેડ-૩, ઈન્સ્પેકટર, મિકેનિક સાયકલ, મોલ્ડર, મોલ્ડર આસિસ્ટંટ પોલીશર, રેગ્યુલેટર 'ક' વર્ગ મશીનથી લાકડાં વહેરનાર; સુપરવાઈઝર ડ્રાઈવીંગ ટિન્સમેન ગ્રેડ-૧ અને ૨, ટિન્સમેન આસિસ્ટન્ટ ટર્નર, મશીનીસ્ટ, વેગન હેન્ડ, વેગન હેન્ડ આસિસ્ટન્ટ, વાઈન્ડર આર્મેચર આસિસ્ટન્ટ.			
૨.	અર્ધ-કસબી	૬૧.૩૦	૬૦.૭૦	૬૦.૦૦
	હજામ, બાસ્કેટ મેકર, બુકબાઈન્ડર, કેમલકિપર, કેમ્પ માસ્ટર, કાર્ટ ડ્રાઈવર, ચાવીવાળો, કલીનર, રસોઈયો, સાથી રસોઈયો, મૃત્યું નોંધણી-પત્રવાળો, ડેપો મુકાદમ, ધોબી, ચેપ દુરકરનાર,મજૂર, કૂતરા પકડનાર, ડ્રેઈનેજ આસિસ્ટન્ટ, ફાયરમેન આસિસ્ટન્ટ, ફાયરમેન(ફાયર-બ્રીગેડ ડીપાર્ટમેન્ટ, હેડ બટલર, મુખ્ય ચાવીવાળો, હેડમેન, મુખ્ય માળી, હેડ સર્વન્ટ (ઓપરેશન થિયેટર) હાથી સાચવનાર (મહાવત) લેબલ રાઈટર, લેમ્પ, લાઈટર, લિફ્ટમેન, લાઈટ બર્નર, લાઈટીંગ નોકર, લાઈટીંગ સુપરવાઈઝર, લાઈનમેન, પુરુષ નર્સ, (સાઈકલ સાથે) સંદેશાવાહક, મેસ મેન, મિટર રીડર, મની ટેસ્ટર, મોચી, દફ્નકિયા પરિચર, અથવા મોર્ગ-પરિચર, મોટર એટેન્ડેન્ટ, નવઘણી, નવઘણી મુકાદમ, ન્યુસન્સ જમાદાર, નંબર લેનાર મોટર ઈન્સપેકટર, ઓઈલર અને ગ્રીઝર, ઓઈલમેન, પેઈન્ટર, પેઈન્ટીંગ ફોરમેન, પાર્કકીપર, પેટ, પ્લમ્બર, પ્રોપેગ્રેટર; પમ્પ એટેન્ડેન્ટ, પમ્પમેન, સારંગ, સ્કેરીર્સ (મુકાદમ), સ્લુઈસમેન, સ્ટેબલ મુકાદમ, સ્ટોર મુકાદમ તપકર, ટેલીફોન એટેન્ડેન્ટ, ટાઈમ કીપર, ટુન્ડેલ અથવા ટન્ડેલ ટર્ન કુક (ફાયર બ્રીગેડ ડીપાર્ટમેન્ટ) વોર્ડ આસિસ્ટંટ, હાથી માટેનો યાર્ડ, યાર્ડ મુકાદમ, પ્રાણી સંગ્રહાલય આસિસ્ટન્ટ, કલીનર ચોકી, કન્ડકટર(ટ્રામ) ડ્રાઈવર (ટ્રામ) ડ્રાઈવર,(વેગન) ઈલેકટ્રીક મોટર (મિકેનીક (ગ્રેડ-૧) ફ્લેગમેન, ફર્નેસમેન, ફ્યુઝમેન, ગ્રીઝર, ઈન્સ્પેકટર, મિટર, જોઈન્ટર, ઈમ્પ્રુવર, જોઈન્ટર મેટ, લાઈટર અને કલીનર, મશાલ પોઈન્ટમેન, મિટર ઈન્સપેકટર ગ્રેડ-૨, કાર ધોનાર મુકાદમ મુકાદમ કલીનર, મુકાદમ સેડ, મુકાદમ પોલમેન, ટેસ્ટર મીટર ટ્રામ, 'સી' કલાસ ડીસ્ટ્રીકટ સ્ટાર્ટર, ટ્રામ ટ્રાફિક "સીજે" કલાસ રેગ્યુલેટર, વાયરમેન, આસિટંન્ટ, મુખ્ય રસોઈયો (કેન્ટીન) મદદનીશ રસોઈયો (કેન્ટીન),			

INDEX

૩. બિન-કસબી	૫૯.૬૦	૫૯.૦૦	૫૮.૩૦

એમ્બુલન્સ બેરર, એમ્બુલસ લેબરર, એમ્બુલન્સ મેન, પ્રાણી રાખનાર, સશસ્ત્ર ગાર્ડ, આસિસ્ટન્ટ આઈસમેન, સ્ટાફને પાણી પુરુ પાડવા માટેના એટેન્ડેન્ટ, આયા, ભિસ્તી, બિગારી, બિગારી (માલ ઉતારવનાર) બોય, સ્મશાન ભૂમિ પરિચર, બટલર, કેમ્પ એટેન્ડેન્ટ, કેમ્પ રસોઈ, કૂક, ટેંકર, કોન્સ્ટેબલ, કસ્ટોડિયન, સાયકલ બોય, દરવાન, ડિસપેન્સરી બોય, ડ્રેસર, ડસ્ટ-બીન સ્ટેન્ડ ક્લીનર, સ્ત્રી વોર્ડ એટેન્ડેન્ટ, ગેંગમેન, ગેઈટ કીપર, કબર ખોદનાર, હમાલ, હવાલદાર હેડ મુકાદમ, આઈસમેન (દફનક્રિયા પરિચર), ઈન્સપેકશન બંગલોકીપર, કામગાર, ભૈયતળિયા માટે અને રસ્તા માટે કામગાર, રસોડા એટેન્ડેન્ટ, પ્રયોગશાળા એટેન્ડેન્ટ-પ્રયોગશાળા મજૂર પ્રયોગશાળા નોકર, પ્રયોગશાળા બોય, નિશાની કરનાર હમાલ, માળી, મેસ એટેન્ડેન્ટ મેસ નોકર, મેલ કુલી, સંગ્રહાલય, એટેન્ડેન્ટ નાયક, નાકા સિપાઈ, મોટર લોડર-નાઈટ મેઈક, નાઈટ વોચમેન ઓકટ્રોઈ પગી પેન્ટ્રીબોય, પટાવાળો, પેટ્રોલ મજૂર પ્લાંગરમેન, પોર્ટર્સમેન અને વોચમેન, પોર્ટર, પોસ્ટમોર્ટમ એટેન્ડેન્ટ રામોશી રાત બિગારી રન્નિંગ્સ્ટ્રેશન, એટેન્ડેન્ટ રિપોર્ટ બેરર, રોડ રિપેરર, સફાઈ પટાવાળો, નોકર, સ્ટેબલ બિગારી, (પુરુષ) સ્ટેબલ બિગારી (સ્ત્રી) સ્ટાફ હવાલદાર, સ્ટોર એટેન્ડન્ટ સ્ટોર બોય, સ્ટોર ચોકીદાર, સ્ટોર મજૂર, સ્ટ્રીટ બોય, સ્ટ્રેચર બેરર, સ્ટુડન્ટ નર્સ, ટેબલ બોય, ટેન્ક ક્લીપર, ટેલીફોન બોય, વોર્ડ એટેન્ડેન્ટ, ટ્રોલીમેન, વોચ એન્ડ વોર્ડ ખુન વોચમેન, પાણી લાવનાર, પાણીવાળો, પાણીવાળી, વોર્ડબોય, કેન્ટીન બોય, ઘાટી, ઢોમરમેન, મુખ્ય હમાલ, મુખ્ય સિપાઈ, મુકાદમ ફેઈટ વેગન મુકાદમ, મેઈન્સ ઓફિસ કુલી, પોલમેન, રોડ બ્રુમ મેકર, સિપાઈ સિગ્નલમેન, કાયમી વોચમેન.

૪. કારકુની સ્ટાફ			
મેટ્રિકયુલેટ	૬૩.૦૦	૬૧.૯૭	૬૧.૩૦
નોન મેટ્રિકયુલેટ	૬૨.૪૦	૬૧.૩૦	૬૦.૭૦

મદદનીશ કારકુન, કારકુન રવાનગી આસિસ્ટન્ટ ડ્રાફ્ટમેન, સ્ટેનોગ્રાફર, રેકર્ડ, આસિસ્ટન્ટ રેકર્ડ, કીપર, ડ્રેસર, ટાઈપીસ્ટ, સેક્રેટરી, કેશિયર અને એકાઉન્ટન્ટ ઓકટ્રોઈ ઈન્સપેકટર, ઓકટ્રોય નાકેદાર, ઓકટ્રોઈ કારકુન, જનરલ ઈન્સપેકટર, સફાઈ ઈન્સપેકટર, મદદનીશ સફાઈ ઈન્સપેકટર કારકુન અથવા આર.ટી.સી. શોપ કારકુન, મદદનીશ કારકુન માર્કેટ રીકવરી કારકુન, માર્કેટ વસૂલી કારકુન, જનરલ કારકુન, કલેકશન કારકુન, ટાઈપીસ્ટ-કારકુન, ડોરનો ડબ્બો રાખનાર, મુખ્ય કારકુન નાકા કારકુન, નાકા ઈન્ચેકટર, ગ્રંથાલય કારકુન અને મદદનીશ નાકા કારકુન, ઓફિસ આસિસ્ટન્ટ અને માર્કેટ ઈન્સપેકટર મસ્ટરીંગ કારકુન, વ્યવસાય વેરા કારકુન, વ્યવસાય વેરા ઈન્સપેકટર (વાચકાંત ન ધરાવનાર). રોડ કારકુન, કારકુન ગ્રેડ-૬, બિલ કલેકટર, ગ્રેડ-૧ અને ૨, ટેબ્યુલેટર, ટિકિટ ચેકીંગ ફિલ્ટર, રોટર, શોપ રિકોર્ડર બી વર્થ-ટ્રાફિક રેગ્યુલેટર, ડિસ્ટ્રીકટ સ્ટાર્ટર ટિકિટ એક્ઝામીનર કેન્ટીન આસિસ્ટન્ટ.

૫. શિક્ષકો			
વર્ષક તાલીમ લીધેલ જુનિયર શિક્ષકો	૬૧.૭૦	૬૧.૭૦	૬૧.૭૦
વર્ગબ્ધ : ઔચ્છિક શિક્ષકો	૫૯.૬૦	૫૯.૬૦	૫૯.૬૦
૬. સફાઈ સ્ટાફ	૬૦.૭૦	૫૯.૬૦	૫૯.૦૦

ઝાડુવાળા, વાળનારા,

સ્પષ્ટીકરણ : સદરહુ અનુસૂચિત રોજગારમાંના જે ક્રામદારોને જાહેર મોટર ટ્રાન્સપોર્ટમાં અથવા રસ્તાના બાંધક્રામમાં અથવા તેની જાળવણી ક્રામમાં અથવા મકાનના કામકાજોમાં અથવા પથ્થર તોડવાના કે પથ્થર પ સવાના કામમાં કામે રાખવામાં આવ્યા હોય તે કામદારો માટે વેતનના ન્યુનતમ દરો, યથાપ્રસંગ, જાહેર મોટર ટ્રાન્સપોર્ટમાંના રોજગાર માટે અથવા રસ્તાના બાંધક્રામ અથવા જાળવણી ક્રામમાંના અ વા મકાનના કામકાજોમાં રોજગાર માટે અથવા પથ્થર તોડવાના કે પથ્થર પીસવાના કામમાંના રોજગાર માટે નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરો જેટલા જ રહેશે.

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ

(૧) (ક) ઝોન ૧માં, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારનો અને ઉપર્યુકત હદોથી દસ કિલોમીટરના ઘેરાવા અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન ૨માં પ્રાપ્ય છેલ્લી વસ્તી ગણતરીના આંકડા અનુસાર, એક લાખ અને તેની ઉપરના વસ્તીવાળા નગરો અને શહેરોની હદોની અંદરના વિસ્તારોનો અને ઉપર્યુકત હદોથી પાંચ કિલોમીટરના ઘેરાવા અંતરની અંદર આવતા વિસ્તારોનો સમાવેશ થશે.

(ગ) ઝોન ૩માં, ઝોન ૧ અને ઝોન ૨ માં સમાવેશ કર્યો ન હોય તેવા વિસ્તારો સિવાયના ગુજરાત રાજ્યમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(૨) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે ક્રામના જેટલા કલાકે સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા ક્રામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું, કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવુ જોઈશે નહિ.

INDEX

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગાર વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનનો પુરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં, કોન્ટ્રાકટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થા કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યૂનતમ દરો, કામદારો જે વર્ગના હોય કે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યૂનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમનો નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૫મી જુન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૯૯/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૧૧)/એમ(૨)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ જી ત્રિવેદી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮

ક્રમાંક : કેએચઆર/૯૯/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૧૧)/એમ(૨).—ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ નં. ૩૩ ભાગ ૧-એલમાં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૧૭૨/એમડબલ્યુએ-૧૦૯૯/૯૩૩/એમ-૨ ની રુએ, ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ ટયુબવેલના ડ્રીલીંગ કામકાજ અને તેના નિભાવમાંનો રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર "તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

INDEX

તેથી; હવે ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા)ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ ૬ની પેટા-કલમ (૧) ના ખંડ (૧) સાથે વાંચતાં, કલમ ૩ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રુએ અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારના કામે રાખેલા કામદારોના સંબંધમાં શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૩મી એપ્રિલ, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૨૩૮/ગોમડબલ્યુઓ/૫૦૮૪/૯૭૮/એમ, ૨ હેઠળ નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરો ફરીથી સુધારે છે અને ઉપર્યુક્ત સરકારી જાહેરનામા હેઠળ સુધારેલા દરો રદ કરીને, તે દરો ફરીથી નક્કી કરે છે, જેથી, તેમાં,--

(ક) આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ નં. ૨માં તેની સામે જણાવેલા કામદારોના વર્ગોને દિવસદીઠ આપવાના મૂળભૂત દરોના સંબંધમાં તેની કોલમ-૩માં જણાવેલા વેતનના મૂળભૂત દરોનો;

(ખ) ખાસ ભથ્થાનો;

સમાવેશ થાય છે,

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યા સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બર પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાઓ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાનાં દર એવી રીતે સરભર કરવા કે—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતા વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું દિવસ દીઠ રૂપિયા ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ ૦૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે:

પરંતુ ૧લી ઓકટોબર, ૧૯૯૭થી શરુ થતી છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

અનુસૂચિ

ક્રમાંક : ૧૧

ટયુબવેલના ડ્રીલીંગ કામકાજ અને તેના નિભાવમાંનો રોજગાર

અનુક્રમાંક	કામદારોના વર્ગો	દિવસ દીઠ આપવાના દરો (રૂ.)
૧	૨	૩
૧	કસબી	૬૧.૮૦
	ડ્રીલર, ઈરેકશન ફોરમેન, ઓટો ફોરમેન, ભીસ્તી પોતાની મશક સાથે, ટર્નર, મદદનીશ ફીટર, મદદનીશ ઈરેકશન ફોરમેન, મદદનીશ ઓટો ફોરમેન, ઓટો ઈલેકટ્રીશીયન, ઓટો ફીટર, ઈલેકટ્રીકલ ફોરમેન, મિકેનીકગ્રેડ-૧ અને ૨, વેલ્ડર ગ્રેડ-૧ અને ૨, ઓટો મિકેનીક ગ્રેડ-૧ અને ૨, ઈલેકટ્રીકશીયન ગ્રેડ-૧, ઓટો ફીટર ગ્રેડ-૧, ટર્નર ગ્રેડ-૨	
૨	અર્ધ-કસબી	૬૧.૬૦
	એર કોમ્પ્રેસર ઓપરેટર ગ્રેડ-૧ અને ૨, વિકાસ ઓકમ ઓપરેટર, ડ્રાઈવર (ટ્રક, જીપ અને ટ્રેકટર), જનરેટર ઓપરેટર, સોલ્ડરમેન, ટૂલ એટેન્ડન્ટ, એન્જીન પંપ ઓપરેટર, સુથાર, કડિયો, પેઈન્ટર, પ્લમ્બર ગ્રેડ-૧, ઓટો ફીટર ગ્રેડ-૨, ઈલેકટ્રીશીયન ગ્રેડ-૨, ફીટર ગ્રેડ-૨	
૩	બીન-કસબી	૫૯.૫૦
	રીંગ હેલ્પર ગ્રેડ-૧ અને ૨, ઓઈલમેન ગ્રેડ-૧ અને ૨, પ્લમ્બર ગ્રેડ ૧, સુથાર ગ્રેડ-૨, ટર્નર ગ્રેડ ૨, જનરેટર ઓપરેટર ગ્રેડ ૩, મિકેનીક ગ્રેડ ૩, પેઈન્ટર ગ્રેડ-૩, સ્ટોર એટેન્ડન્ટ, મજૂર, સફાઈવાળો,	

INDEX

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :—

(૧) સમગ્ર રાજ્ય એક ઝોન તરીકે ગણાશે.

(૨) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યૂનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા કલાકો સામે એ કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું, કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાક્ટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યૂનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હક્કો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહીં.

(૭) પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાનાં વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે, ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.
સચિવાલય, ગાંધીનગર.
તારીખ : ૨૫મી જુન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૭મી મે, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૭નો ૩૮ /વીબીએન/૨૫૯૫/૩૯૨/૯/ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી.
સરકારના નાયબ સચિવ.

Notification

under

GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર.

તારીખ ૭મી મે, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૩૮/વીબીએન/૨૫૯૫/૩૯૨/૯/ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) નો કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત ભરૂચ અને જિલ્લા પંચાયત ભરૂચ સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી:—

INDEX

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ.

આ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમા આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧	ભરૂચ	૧. લુવારા	૧. લુવારા (મહેસૂલી ગામ)		૧. લુવારા	૧. લુવારા (મહેસૂલી ગામ)
			૨. વગુસણા (મહેસૂલી ગામ)	૧. વગુસણા (મહેસૂલી ગામ)	૨ વગુસણા	૨. વગુસણા (મહેસૂલી ગામ)
			૩. ઓસારા (મહેસૂલી ગામ)	૨. ઓસારા (મહેસૂલી ગામ)	૩. ઓસારા	૩. ઓસારા (મહેસૂલી ગામ)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

કે. ડી. રાઠોડ
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૧મી મે, ૧૯૯૭ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (જીએચટી-૯૭-૨૩) એસએસએ-૧૦૯૬-૧૭૭૦-ઈનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ માટે પ્રસિદ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT TAX ON LUXURIES (HOTELS AND LODGING HOUSES) RULES, 1978.

ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર નિયમો, ૧૯૭૮ સુધારવા સંબંધી જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૧મી મે, ૧૯૯૭.

ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક (જીએચટી-૯૭-૨૩)-એસએસએ-૧૦૯૬-૧૭૭૦ઈ—. ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૨૪મા)ની કલમ-૨૧ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ કલમ—૨૧ની પેટા-કલમ

INDEX

(૩)થી ઠરાવ્યાં પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓની જાણ સારૂ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે રાજપત્રમાં આ જાહેરનામું પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપરોકત મુદત પૂરી થયે અથવા તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં, કોઈ વ્યકિત તરફથી, ગુજરાત સરકારના સચિવ, માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે, સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક. (જીએચટી-૯૭-૨૩)-એસએસએ-૧૦૯૬-૧૭૭૦-ઈ.—ગુજરાત (હોટલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૨૪મા)ની કલમ—૨૧થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર નિયમો, ૧૯૭૮ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે.

૧. આ નિયમો ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર નિયમો, ૧૯૯૭ કહેવાશે.

૨. ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર નિયમો, ૧૯૭૮ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ—૩માં, "પાંચ દિવસ" એ શબ્દોને બદલે, "દસ દિવસ" એ શબ્દો મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ—૪માં, પેટા-નિયમ (૧)માં,

(ક) ખંડો (ક) અને (ગ)માં "રજિસ્ટર" એ શબ્દોને બદલે, "માસિક રજિસ્ટર" એ શબ્દો મૂકવા;

(ખ) ખંડ (ખ)માં, "રજિસ્ટર" એ શબ્દને બદલે, "દૈનિક રજિસ્ટર" એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ—૫માં, પેટા-નિયમ (૧)માં છેલ્લે નીચેનો મજકૂર ઉમેરવો:-

"નિયમ ૩ હેઠળ ઠરાવેલ નમૂના—૧માંના ચલન સાથે."

૫. સદરહુ નિયમોમાં, નિયમ—૬ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

"૬. માલિકે, બિલો વગેરે કાઢી આપવા બાબત:—

કર વસૂલ કરવા અને ભરવા માટે જવાબદાર દરેક માલિકે, દરેક વ્યકિતને, હોટેલમાં આવી વ્યકિત અથવા વ્યકિતઓને આપેલી કોઈપણ સુખસુવિધાના સંબંધમાં બિલ અથવા કેશ મેમોરન્ડમ આપવા જોઈશે અને એવા બિલમાં અથવા કેશ મેમોરન્ડમમાં હોટલનું પૂરું નામ, રૂમ નંબર, સદરહુ રૂમ માટે નક્કી કરેલ ચાર્જ, વસૂલ કરેલ રહેવા માટેનો ચાર્જ, વસૂલ કરેલા કરની રકમ, જેની પાસેથી આવો ચાર્જ અથવા કર વસૂલ કર્યો હોય તે વ્યકિતનું નામ, રૂમમાં રહી હોય તેવી બીજી વ્યકિત અથવા વ્યકિતઓ અને વ્યકિતઓની કુલ સંખ્યા નિર્દિષ્ટ કરવી જોઈશે."

૬. સદરહુ નિયમોમાં, નમૂના—૧ અને ૪માં, "ગુજરાત (હોટેલ અને નિવાસગૃહ) સુખસુવિધા કર નિયમો, ૧૯૯૭ના" એ શબ્દો અને આંકડા જ્યાં જ્યાં આવતા હોય, ત્યાં ત્યાં તે કમી કરવા.

૭. સદરહુ નિયમોમાં, "નમૂના—૨"ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:

"નમૂનો—૨.

(જુઓ નિયમ ૪(૧)(ક) અને નિયમ ૫(૧))

જગ્યા અને ટેરિફની મૂળભૂત માહિતી

(માસિક પત્રક)

૧. હોટેલનું નામ :

૧. હોટેલનું સરનામું :

૩. ટેલિફોન નંબર :

INDEX

૪. માલિકનું નામ :

૫. મેનેજિંગ ડિરેક્ટર/મેનેજરનું નામ :

૬. જે મહિનાને લગતું આ પત્રક હોય તેનું નામ :

૭. જગાની ક્ષમતા અને ટેરિફ :

અનુ. ક્રમાંક.	રૂમ		પથારીની સંખ્યા	ટેરિફ				
	ટાઈપ	નંબર		એક વ્યકિત માટે	બે વ્યકિત માટે	ત્રણ વ્યકિત માટે	ચાર વ્યકિત માટે	પાંચ વ્યકિત માટે
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

"નમૂનો—૩

[જુઓ નિયમ—૪(૧)(ખ) અને નિયમ—૫(૧)]

રૂમો રહેવા માટે આપ્યાં હોય તેનો દૈનિક હિસાબ અને કરની વસૂલાત.

હોટેલનું નામ અને

સરનામું:— મહિનો:—

અનુ. ક્રમાંક	ગેસ્ટ રજિસ્ટર નં.	રૂમ નં.	રૂમ ટેરિફ	રોકાણની મુદત સંબંધી વિગતો				
				આવ્યાની તારીખ	સમય	છોડી ગયાની તારીખ	સમય	કુલ દિવસો
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯

રહેવા માટેના ચાર્જની કુલ રકમ		રૂમ અથવા જગામાં રહી હોય તેવી વ્યકિતઓની સંખ્યા.		બિલ અને કેશ-મેમોનો ક્રમાંક અને તારીખ.	વસૂલ કરાયેલ કરની રકમ.	વિશેષ નોંધ
ભારતીય ચલણ.	વિદેશી ચલણ.	રૂમ ક્ષમતા પ્રમાણે.	વધારાની વ્યકિત.			
૧૦	૧૧	૧૨	૧૩	૧૪	૧૫	૧૬

સ્થળ:— સહી:—

તારીખ:— નામ:—

હોદ્દો:—

હું, ઉપર્યુકત નામે શ્રી:.....

.....સ્થળે રહું છું અને આથી અંત: કરણપૂર્વક પ્રતિજ્ઞા કરું છું અને કહું છું કે ઉપરના પત્રકની વિગતો મારી ઉત્તમ જાણ અને માન્યતા પ્રમાણે ખરી છે.

સ્થળ:—

તારીખ:— માલિકની સહી.".

નોંધ :— (૧) દરેક વ્યકિતના સંબંધમાં અલગ નોંધ કરવી જોઈશે.

(૨) રૂમના ચેક-ઈન અને ચેક-આઉટ સમયની નોંધ ચોક્કસપણે કરવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જી. એસ. શેર,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી જૂન, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૬૮/ટીપીએસ/૧૫૯૫/૩૨૮૪/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જૂન, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૬૮/ટીપીએસ-૧૫૯૫-૩૨૮૪-એલ:—શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૬--૪--૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪ નો ૬૪/ટીપીએસ/૧૫૯૩/૧૧૦૩/(૯૪)/એલ હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા--કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, બાવળા મ્યુનિસિપલ બરોએ તેને સાદર કરેલ, નગરરચના યોજનાનો મુસદ્દો, બાવળા ક્રમાંક ૩ (જેનો આમાં હવે પછી, "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો ;

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી ;

અને નીમેલાં નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) ની કલમ ૫૨ની પેટા--કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના બાવળા ક્રમાંક : ૩ પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરેલ છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) ની કલમ ૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા સુધારાને આધીન રહીને, "સદરહુ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે ;

(ખ) જણાવે છે કે સદરહુ પ્રારંભિક યોજના બાવળા મ્યુનિસિપલ બરો (બાવળા વિસ્તાર વિકાસ સત્તામંડળ) ની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે, અને

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા--કલમ (૨)ના ખંડ (ખ) ના હેતુ માટેની તારીખ તરીકે સન ૧૯૯૭ ના જુલાઈ મહિનાની ૧૧મી તારીખ નક્કી કરે છે.

અનુસૂચિ

(૧) વિકાસ નિયંત્રણ વિનિયમો, દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાંથી બાકાત રાખેલ છે એમ ગણવા.

INDEX

(૨) પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાં, છેવટનો પ્લોટ નં ૬૨, (વિસ્તાર ૭૭૬૪ ચો.મી.) રહેણાંકના હેતુ માટે વેચાણ માટેના બદલે, સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના ગૃહનિર્માણ માટે, સમુચિત સત્તામંડળ એટલે કે બાવળા વિસ્તાર વિકાસ સત્તામંડળને ફાળવેલો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુક્ત સચિવ
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી જૂન, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચઆર-૧૬૨-બીઆરયુ-૧૦૯૫-૨૫૫૬-એમ(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી જૂન, ૧૯૯૭.

મુંબઈ રાહત (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૯૬મા).

ક્રમાંક. જીએચઆર-૧૬૨-બીઆરયુ-૧૦૯૫-૨૫૫૬-એમ-(૩).—મુંબઈ રાહત અન્ડરટેકિંગ (ખાસ જોગવાઈ) અધિનિયમ, ૧૯૫૮ (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ—૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જાહેર કરે છે કે ડાયનેમેટિક ફોર્જિંગ ઈંડીયા લિમિટેડ, રાજકોટ (જેનો આમાં હવે પછી, "સદરહુ અન્ડરટેકિંગ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) બેકારી નિવારણનાં પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવામાં આવશે અને તદ્નુસાર સદરહુ અન્ડરટેકિંગ તારીખ ૯—૨—૯૭થી શરૂ કરીને એક વર્ષની મુદત માટે સદરહુ અધિનિયમના હેતુ માટે રાહત અન્ડરટેકિંગ છે એમ ગણાશે અને સદરહુ અધિનિયમની કલમ-૪ની પેટા-કલમ (૧)ના ખંડ (ક)ના પેટા-ખંડ (૪)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અન્ડરટેકિંગના સંબંધમાં આદેશ કરે છે કે સદરહુ અન્ડરટેકિંગ રાહત અન્ડરટેકિંગ જાહેર કરવામાં આવ્યું તે પહેલાં મળેલ અથવા વ્હોરેલ કોઈપણ હકો, વિશેષાધિકારો, ફરજો અથવા જવાબદારીઓ અને તે બાબતની અમલ બજવણી માટે કોઈ ઉપાય મોકૂફ રાખવા અને કોઈ કોર્ટ/ટ્રિબ્યુનલ/અધિકારી/સત્તામંડળ સમક્ષ તે સંબંધી અનિર્ણીત તમામ કાર્યવાહીઓ સદરહુ અધિનિયમની કલમ—૩ હેઠળ, સદરહુ અન્ડરટેકિંગ રાહત અન્ડરટેકિંગ તરીકે જાહેર થાય ત્યારથી, એટલે કે તારીખ ૯—૨—૯૭થી શરૂ થતી એક વર્ષની મુદત માટે સ્થગિત કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. ડી. નાયક,
ગુજરાત સરકારના નાયબ સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૦મી જૂન, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જી/જી/૯૭/૭૫/એમવીડી-૧૦૯૫-૩૧૯૦-ખ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION HOME DEPARTMENT NO. G/G/96/37/ MVA-1095/45/KH DATED THE 16TH APRIL, 1996.

ગૃહ વિભાગનું તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૯૬નું સરકારી જાહેરનામું ક્રમાંક: જી/જી/૯૬/૩૭/એમવીએ/૧૦૯૫/૪૫/ખ સુધારવા સંબંધી જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી જૂન, ૧૯૯૭.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક. જી/જી/૯૭/૭૫/એમવીડી-૧૦૯૫-૩૧૯૦-ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૨૦૦ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે તેને અખત્યાર આપતી અન્ય તમામ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ ૧૬મી એપ્રિલ, ૧૯૯૬નું સરકારી જાહેરનામું ક્રમાંક: જી/જી/૯૬/૩૭/એમવીએ-૧૦૯૫/૪૫/ખ નીચે પ્રમાણે સુધારે છે:—

સદરહુ જાહેરનામામાં, તેની સાથે જોડેલી અનુસૂચિમાં:—

(૧) ભાગ—ક માં, કલમ ૧૭૭ સામેની કોલમ ૩માં, "૫૦" એ આંકડાને બદલે, "૧૦૦" એ આંકડો મૂકવો,

(૨) ભાગ—ખને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

ભાગ—ખ

સત્તા વાપરતા અધિકારીઓ.	કલમ, ગુનાના સંક્ષિપ્ત વર્ણન સાથે.	રકમ રૂ.			
		દ્વિચક્રી વાહનો માટે.	ત્રિચક્રી વાહનો માટે.	ચાર પૈડા વાળા વાહનો માટે	ચારથી વધુ પૈડાવાળા વાહનો
૧	૨	૩	૪	૫	૬
ટાફિક નિયમનની ફરજો બજાવતા હોય ત્યારે, બધા શહેરો અને મ્યુનિસિપલ નગરોમાં પોલીસ હેડ કોન્સ્ટેબલના દરજ્જાના અથવા તેથી ઉપલા દરજ્જાના પોલીસ ખાતાના અધિકારીઓ.	૧૭૭ ટાફિક નિશાનીઓ અથવા પોલીસ અધિકારીઓના આદેશોની અવજ્ઞા કરવી. (મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૧૧૯)	૫૦	૭૫	૧૦૦	૧૦૦
	૧૭૭ જોખમી સ્થિતિમાં વાહનને છોડી દેવું. (મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ની કલમ ૧૨૨).	૫૦	૭૫	૧૦૦	૧૦૦

INDEX

૧	૨	૩	૪	૫	૬
	૧૮૪ (ક) જાહેર જનતાને જોખમમાં મૂકે તેટલી ઝડપે વાહન ચલાવવું.	૫૦	૩૫	૧૦૦	૨૫૦
	(ખ) જાહેર જનતાને જોખમ થાય તેવી રીતે વાહન ચલાવવું.	૫૦	૩૫	૧૦૦	૨૫૦

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. એમ. ચૌહાણ,
સરકારના સંયુક્ત સચિવ,
ગૃહ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જુલાઈ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી જૂન, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૭૧/ ટીપીએસ/૧૧૯૬/૪૬૮/એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જૂન, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૭૧/ ટીપીએસ-૧૧૯૬-૪૬૮-એલ.-શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬--૩-૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૭૪નો ૮૭/ટીપીએસ/૧૧૮૬/૭૨૪/(૮૭)/એલ, હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૪૮ ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને પોતાને સાદર કરેલ નગરરચના, યોજના, અમદાવાદ ક્રમાંક ૧૬ (શહેર કોટડા દ્વિતીય ફેરફાર કરેલ) નો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સરદહુ દ્વિતીય ફેરફાર કરેલ યોજનાના મુસદ્દા " તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો.

અને, સદરહુ અધિનિયમની કલમ ૫૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે, નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી ;

INDEX

અને નીમાયેલા નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક: ૨૭મા) ની કલમ ૫૨ની પેટા--કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના, અમદાવાદ નં. ૧૬ (શહેર કોટડા દ્વિતિય ફેરફાર કરેલી) પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક: ૨૭ મા)ની કલમ ૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલા ફેરફારોને આધીન રહીને, "સદરહુ દ્વિતિય ફેરફાર કરેલી પ્રારંભિક યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે સદરહુ દ્વિતિય ફેરફાર કરેલી પ્રારંભિક યોજના, રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા--કલમ (૨)ના ખંડ (ખ) ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૭ નક્કી કરે છે.

અનુસૂચિ

(૧) દ્વિતિય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના દસ્તાવેજમાં, ફેર વહેંચણી પત્રકમાં, પાના નં. ૪૭ પર, કોલમ નં. ૨માં, અનુક્રમાંક ૩૮ ઉપર માલિકનું નામ "યોગ્ય સત્તામંડળ" ને બદલે, "યોગ્ય સત્તામંડળ એટલે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન રહેશે."

(૨) દ્વિતિય ફેરફાર કરેલ પ્રારંભિક યોજનામાં કરવા ધારેલ રસ્તાના કામો પૂર્ણ કરવા માટેની સમયમર્યાદા, જે તારીખે દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના અમલમાં આવશે તે તારીખથી એક વર્ષની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જુલાઈ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૦મી જુન, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગનાં સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચ/વી/૧૯૯૭નો ૬૯/ટીપીએસ-૧૧૯૬-૫૪૬-એલ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જુન, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક: જીએચ/વી/૧૯૯૭નો ૬૯/ટીપીએસ-૧૧૯૬-૫૪૬-એલ..-શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૧૮-૨-૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/એચ/વી/૧૯૮૭નો ૪૨/ટીપીએસ-૧૧૮૬-૪૫૮-(૮૭)-એલ, હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)(જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, તેને

INDEX

સાદર કરેલ નગરરચના યોજના અમદાવાદ નં. ૧૨ (અસારવા વિસ્તરણ) (દક્ષિણ) દ્વિતીય ફેરફાર કરેલનો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજુર કર્યો હતો.

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ યોજનાના મુસદ્દા માટે, નગરરચના અધિકારીની નિમણૂક કરી હતી;

અને નીમાયેલા નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૫૨ની પેટા-કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના, અમદાવાદ નં. ૧૨ (અસારવા વિસ્તરણ) (દક્ષિણ) દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી છે;

તેથી, હવે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ-૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવેલ ફેરફારોને અધીન રહીને, "સદરહુ દ્વિતીય ફેરફાર કરેલી પ્રારંભિક યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે સદરહુ દ્વિતીય ફેરફાર કરેલી પ્રારંભિક યોજના, રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમ્યાન મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૭ નક્કી કરે છે

અનુસૂચિ

દ્વિતીય ફેરફાર કરેલ પ્રારંભિક યોજનાના દસ્તાવેજોમાં, ફેરવહેંચણી પત્રકના પાના નં. ૩૧ ઉપર, કોલમ નંબર ૨માં, અનુક્રમાંક, નંબર ૧૯+૨૦+૨૧. પર માલિકનું નામ "યોગ્ય સત્તા મંડળ એટલે કે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન રહેશે."

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુક્ત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

તારીખ ૧લી જુન, ૧૯૯૭ થી તારીખ ૩૦મી જુન, ૧૯૯૭ દરમ્યાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

અનુ. નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિધ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ—૮		
૧.	૭૧	સન ૧૯૯૭નો ગુજરાત વટહુકમ ક્રમાંક : ૨	૩--૬--૯૭	વે. અને સં. બા. વિ.
૨.	૭૨	ભા.એ. ૨૨૯/એ ૨૬-૬-૯૭-જીએચએન-૧૩-જીએસટી-૧૦૯૭-એસ-૫૫(બી)-(૩-૬) તા. ૧૬--૫--૯૭	૨૭--૬--૯૭	,,

જે. કે. દવે,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNP/2

©



सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, AUGUST 7, 1997/SRAVANA 16, 1919 [No. 32

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક :-કેએચઆર/૧૨૭/એમટબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૩૭)/એમ-(૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ

INDEX

Notification

Under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆ ૨/૧૨૭/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૩૭)/એમ(૨) : ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ નં. ૩૩ ભાગ-૧ એલમાં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર--૧૭૨--એમડબલ્યુએ--૧૦૮૯--૭૩૩--એમ--૨ની રૂએ ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના કોઈ નિવાસી હોટલ, રેસ્ટોરન્ટ અથવા ભોજનગૃહમાંના રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી ;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે.

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા) ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ ૫ની પેટા કલમ (૧) ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ ૩ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૨૭મી ઓક્ટોબર, ૧૯૭૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચ/એસએચ/૫૧૦૯/એમડબલ્યુએ/૨૯૭૦/સી/૩૬૭૧/(૧)/ટી હેઠળ સુધાર્યા પ્રમાણેના વેતનના ન્યુનતમ દરો ફરીથી નક્કી કરે છે અને ઉપર્યુકત સરકારી જાહેરનામા હેઠળ સુધારેલા દરો રદ કરીને, તે દરો ફરીથી નક્કી કરે છે. જેથી તેમાં,—

(ક) આ સાથે જોડેલ અનુસૂચિની જુદી જુદી કોલમમાં નિર્દિષ્ટ કરેલા ઝોનના સંબંધમાં, તેમની સામેની જુદી જુદી કોલમમાં જણાવેલા વર્ગોના કામદારોને આવા ઝોનમાં દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોનો; અને

(ખ) ખાસ ભથ્થાનો;

સમાવેશ થાય છે;

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦ મી જૂને અને તારીખ ૩૧ મી ડિસેમ્બરે, પૂરી થતી છ મહિનાની આગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ઘોરણે, તારીખ ૧લી ઓક્ટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાનાં દર એવી રીતે સરભર કરવા કે—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈકીના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે:

પરતું ૧લી ઓક્ટોબર, ૧૯૯૭થી શરૂ થતી છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

INDEX

ક્રમાંક : ૩૭ અનુસૂચિ

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના કોઈ નિવાસી હોટલ, રેસ્ટોરન્ટ અથવા ભોજનગૃહમાંના રોજગાર.

અનુક્રમ	કામદારોના વર્ગો	દિવસ દીઠ આપવાના દર (રૂ).		
		ઝોન-૧	ઝોન-૨	ઝોન-૩
૧	૨	૩	૪	૫
૧.	કસબી	૬૦.૫૦	૬૦.૦૦	૫૯.૫૦

સમોસાવાળા, ફાલુદાવાળા, આમલેટવાળા, મુખ્ય ચા બનાવનાર, ઢોંસાવાળા, તાંદુર રોટીવાળા, ભજીયાવાળા, આઈસ્ક્રીમવાળા મિઠાઈ અથવા ફરસાણ બનાવનાર (માલવાળા), વીમુમેન, મુખ્ય રસોઈઓ અથવા રસોઈઓ, મહારાજ, આચરી, ઉસ્તાદ, બાબરચી, ચાનાસામા, મેનેજર, એકાઉન્ટન્ટ, કારકુન, સ્ટોરકીપર, (જેઓ સ્ટોરનો હિસાબ રાખતા હોય તે) મિસ્ત્રી, કેશિયર, સુપરવાઈઝર, રિસેપ્સનીસ્ટ, હાઉસકીપર, હેડવેઈટર, બટલર, સ્ટયુઅર્ડ, મુખ્ય વેન્ટ્રીમેન, ટેલિફોન ઓપરેટર, ઈલેકટ્રીશીયન, સુથાર, દરજી, માળી જે છોડકામ કરતા હોય તે

૨.	અર્ધ કસબી	૫૯.૩૦	૫૯.૨૦	૫૮.૯૦

મદદનીશ મેનેજર, મદદનીશ માલવાળા, રોટીવાળા, ચપાટીવાળા, પૂરીવાળા, પેન્ટ્રીમેન, જેઓ સેન્ડવીચ ટોસ્ટ વગેરે બનાવતા હોય તે, ચા અને કોફી બનાવનાર (સામાન્ય) મદદનીશ રસોઈઓ, માર્કેટમેન, પમ્પમેન, ગેસ ભરનારો, સીરપ અને લસ્સીવાળા અને વેચાણ કરનાર વેચનાર (હિસાબ રાખનાર) ઓર્ડરવાળા (બિલ આપનાર અથવા બિલ લખનાર) કબાબવાળા, ભેળપૂરીવાળા.

૩.	ગ્રીન કસબી	૫૮.૩૦	૫૮.૨૦	૫૭.૯૦

બેઈટ બોય, ગેમબોય, બેલબોય, રૂમબોય, ટીબોય, ગ્લાસબોય, ડીશબોય, વોટરબોય, ઓર્ડરબોય, પેન્ટ્રીબોય, કીચનબોય, ઓફિસબોય, મેસેન્જબોય, સોડા-ફાઉન્ટનબોય, બિલિયર્ડબોય, સફાઈવાળો, ઝાડુવાળો, હમાલ, જમાદાર, કુલી, મજુર છોકરો, પ્લેટવાળો, પાણી, કચુંબરવાળા, પાણીવાળા, કપવાળા, ચોકડીવાળા, વેઈટરનું કામ કરતા ન હોય તેવો રૂમબોય, ડીશવાળા મોરીવાળા, બોલીવાળા, વાસણવાળા, ડીશ ભરનાર, અનાજ સાફ કરનારા, પુરૂષ અથવા સ્ત્રી, પ્રકીર્ણ કામદારો એટલે કે બિન-કસબી પ્રકારના તમામ કામો અથવા તેમાં ફ્રેટચાક કામો કરતા કામદારો, જેઓ કમિશનના ધોરણે કાર્ય કરતા ન હોય અને જેઓને હિસાબ અંગેની જવાબદારી સોંપવામાં આવી ન હોય તેવા વેચનારા (ફ્રીયા) બહારવાળા.

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :—

(૧) (ક) ઝોન-૧માં, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારનો અને ઉપર્યુકત હદોથી ૧૦ કિલો મિટરના ઘેરાવા અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન ૨માં પ્રાપ્ય છેલ્લી વસ્તી ગણતરીના આંકડા અનુસાર એકલાખ અને તેની ઉપરના વસ્તીવાળા નગરો, અને શહેરોની હદોની અંદરના વિસ્તારોની અને ઉપર્યુકત હદોથી ૫ કિલોમીટર ઘેરાવા-અંતરની અંદર આવતા વિસ્તારોનો સમાવેશ થશે.

(ગ) ઝોન ૩માં, ઝોન ૧ અને ૨ માં સમાવેશ કર્યા ન હોય તે વિસ્તારો સિવાયના, ગુજરાત રાજયમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(૨) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નકકી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નકકી કરેલા દૈનિક વેતન કરતા ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોન્મેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પુરેપુરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું ચુકવવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાકટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ, અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નકકી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

INDEX

(૭) પુરૂષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલાં રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પુરેપુરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ.
શ્રમ અને રોજગાર વિભાગ

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર. તારીખ: ૨૫મી જુન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૧૧૯/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૨૯)/એમ. (૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોના જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૧૧૯/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૨૯)/એમ(૨):-ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ નં. ૩૩ ભાગ ૧-એલમાં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર-૧૭૨-એમડબલ્યુએ. ૧૦૮૯-૯૩૩-એમ. ૨ અને તારીખ ૨૩મી ઓકટોબર, ૧૯૯૨ના સરકારી જાહેરનામાની રૂએ, ગુજરાત સરકારે સમગ્ર ગુજરાત રાજ્યમાં સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ કોઈપણ ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાંનો રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેના સંબંધમાં, વેતનના ન્યુનત્તમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી ;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે ;

તેથી, હવે, ન્યુનત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા)ની કલમ ૫ ની પેટા કલમ (૨) અને કલમ ૫ના પેટા-કલમ (૧)ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ ૩ ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં, આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૮૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૮૧૨/એમડબલ્યુએ/૪૫૮૧/૪૧૨૫૫/એમ. ૨ હેઠળ સુધાર્યા પ્રમાણેના વેતનના ન્યુનતમ દરો ફરી નક્કી કરે છે અને ઉપર્યુક્ત સરકારી જાહેરનામા હેઠળ સુધારેલા દરો રદ કરીને, તે દરો ફરીથી નક્કી કરે છે. જેથી તેમાં,—

INDEX

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની જુદી જુદી કોલમમાં નિર્દિષ્ટ કરેલા ઝોનના સંબંધમાં, તેમની સામેની જુદી જુદી કોલમમાં જણાવેલા વર્ગોના કામદારોને આવા ઝોનમાં દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોનો ; અને

(ખ) ખાસ ભથ્થાંનો ;

સમાવેશ થાય છે,

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓક્ટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીઓ આવા ખાસ ભથ્થાંના દર એવી રીતે સરભર કરવા કે——

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટ વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું, દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે.

પરંતુ ૧લી ઓક્ટોબર, ૧૯૯૭ થી આરંભ થતા છ મહિનાની મુદતના વચગાળા એ ખાસ ભથ્થાંનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

અનુસૂચિ

ક્રમાંક ૨૯.

કોઈપણ ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાંનો રોજગાર.

અનુ ક્રમાંક	કામદારોના વર્ગો	દિવસ દીઠ આપવાના દરો (રૂા.) ઝોન ૧	ઝોન ૨	ઝોન ૩
૧	૨.	૩.	૪.	૫.
૧	કસબી	૬૧.૦૦	૬૦.૪૦	૫૯.૯૦

કેમિસ્ટ, સ્ટેનોગ્રાફર, મેનેજર, મુખ્ય હિસાબનીશ, હિસાબનીશ મશીન મેઈન્ટેઈનર, સેલ્સ સુપરવાઈઝર, સેલ્સ રિપ્રેઝન્ટેટીવ, પેકીંગ સુપરવાઈઝર, ટાઈમ કીપર, બજાર કારકુન, હિસાબ કારકુન, કેશિયર, ઉઘરાણી કારકુન, બીલ કારકુન, બીલ બનાવનાર, ટાઈપિસ્ટ, સ્ટોર કીપર, ડ્રાઈવર, સામાન્ય કારકુન, મશીન સુપરવાઈઝર.

૨	અર્ધ કસબી	૫૯.૯૦	૫૯.૪૦	૫૮.૯૦

બોટલ ફિલર (સિરપ), બોટલ ચેકર (સિરપ), લેબલ સ્ટેમ્પર (સિરપ), ટેબ્લેટ કોમ્પ્રેસીંગ એટેન્ડન્ટ કોટર ચઢાવનાર (ટેબ્લેટસ), પોલીશ કરનાર (ટેબ્લેટસ), સ્ટ્રીપ પેકીંગ સુપરવાઈઝર, કેપ્સ્યુલ ભરનાર, કેપ્સ્યુલ બંધ કરનાર, ઓઈન્ટમેન્ટ ફીલર, મિક્સીંગ એટેન્ડન્ટ (ઈન્જેકશન), સ્ટરીલાઈઝીંગ એટેન્ડન્ટ (ઈન્જેકશન), ચેકર ઓફ ઈન્જેકશન બોટલ્સ, મિક્સીંગ એટેન્ડન્ટ (સિરપ), મિક્સીંગ એટેન્ડન્ટ (ટેબ્લેટસ), સ્ટ્રીપ પેકર, મિક્સીંગ એટેન્ડન્ટ (કેપ્સ્યુલસ), પેકર (કેપ્સ્યુલ્સ), મિક્સીંગ એન્ડન્ટ (ઓઈન્ટમેન્ટ), બોટલ ધોનાર (ઈન્જેકશન), બોટલ ભરનાર (ઈન્જેકશન), રૉ મટીરિયલ પ્રોસેસર, વનસ્પતિ ગ્રાઈન્ડર, અવલેશ બનાવનાર, સિરપ પ્રોસેસર, ઓઈલ પ્રોસેસર, એકસ્ટ્રેકટ પ્રોસેસર, રસ્સુમાંથી ટેબ્લેટ બનાવનાર, ઓર્ડર મુજબ માલ છૂટો પાડનાર, ઓર્ડર મુજબ માલ ચેક કરનાર, પેકીંગ મેમો ક્લાર્ક, કોપી પકવા એન્ડ રસ પ્રીપેસર, આસવ ઉકાળનાર, એકસ્ટ્રેકટ ડ્રોઅર, ટેબ્લેટસ વેઅર, વેઅર, એટેન્ડન્ટ, બોટલ ફિલીંગ મશીન ઓપરેટર.

૩	બિન કસબી	૫૮.૯૦	૫૮.૩૦	૫૭.૮૦

બોટલ બેગ ઓપનર, બોટલ ડ્રાઈંગ એટેન્ડન્ટ, સિરપ એટેન્ડન્ટ, ફિલ્ટરીંગ એટેન્ડન્ટ, બોટલ કેપીંગ એટેન્ડન્ટ, લેબલ ચોંટાડનાર, બોટલ બંધ કરનાર, કારટુન્સ અને ડ્રમ અને કેસીસમાં બોટલ પેકર, બોટલ કેરીયર (વેર હાઉસીંગ માટે), ગ્રેન્યુલ પ્રોસેસ એટેન્ડન્ટ, ગ્રેન્યુલ ડ્રોઈંગ એટેન્ડન્ટ, ટેબ્લેટ સ્ટ્રીપ એન્ડ બ્લક પેકર, ઓઈન્ટમેન્ટ ટયુબ્સ સીલીંગ એટેન્ડન્ટ, હેલ્પર, પટાવાળા, કલીનર, વેઈંગ હેલ્પર, બોકસ પેકીંગ હેલ્પર, સ્ટોર કુલી, હાથ લારીવાળા, પહેરાવાળા, ચોકીદાર, વનસ્પતિ કલીનર, વનસ્પતિ સીવર, વનસ્પતિ મિક્સીંગ, એટેન્ડન્ટ, ફોર્મ્યુલા મુજબ મેન્યુફેકચરર પ્રોસેસ એટેન્ડન્ટ, આસવ ફિલ્ટરીંગ એટેન્ડન્ટ, પીલ્સ મેન્યુફેકચરીંગ એન્ડ કટીંગ એટેન્ડન્ટ, પીલ્સ સેપરેટર (ખલ ચૂંટનાર), ભસ્મ મેન્યુફેકચરીંગ એટેન્ડન્ટ, કલીનર, કશર, ફરનેસ એટેન્ડન્ટ, પીલ્સ મિક્સર, ઓઈન્ટમેન્ટ એટેન્ડન્ટ, પ્રવાહી ભરવા માટે બોટલ સાફ કરનાર.

INDEX

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :—

(૧)(ક) ઝોન ૧માં, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારનો અને ઉપર્યુક્ત હદોથા ૧૦ કિલોમીટરના ઘેરાવા-અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન ૨ માં પ્રાપ્ય છેલ્લી વસ્તી ગણતરીના આંકડા અનુસાર એક લાખ અને તેની ઉપરના વસ્તીવાળા નગરો અને શહેરોની હદોની અંદરના વિસ્તારોનો અને ઉપર્યુક્ત હદોથી ૫ કિલોમીટરના ઘેરાવા-અંતરની અંદર આવતા વિસ્તારોનો સમાવેશ થશે.

(ગ) ઝોન ૩માં, ઝોન ૧ અને ઝોન ૨માં સમાવેશ કર્યો ન હોય તે વિસ્તારો સિવાયના ગુજરાત રાજ્યમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(૨) છૂટક દરના વેતને કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક વેતને કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાક્ટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારોને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ. એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ.
શ્રમ અને રોજગાર વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:કેએચઆર/૧૦૦/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૧૨)/એમ(૨)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૧૦૦/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૧૨)/એમ(૨).—ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ નં. ૩૩ ભાગ-૧-એલ માં પ્રસિદ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક. કેએચઆર/૧૭૨/એમડબલ્યુ/એ ૧૦૯૯/૯૩૩/એમ.૨ ની રૂએ, ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ ઈલેક-ટ્રોનીક્સ અને સંલગ્ન અથવા આનુષંગિક ઉદ્યોગમાંનો રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તેના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા)ની કલમ—૫ની પેટા-કલમ (૨) અને કલમ—૫ની પેટા-કલમ (૧)ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ—૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે, અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૮૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૮૧૪/એમડબલ્યુએ/૫૮૮૧/૧૮૦૧/એમ. ૨ હેઠળ નક્કી કરેલા વેતનના ન્યૂનતમ દરો ફરીથી સુધારે છે. અને ઉપર્યુક્ત સરકારી જાહેરનામા હેઠળ નક્કી કરેલા દરો રદ કરીને, તે દરો ફરીથી નક્કી કરે છે. જેથી તેમાં,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની કોલમ નં. ૨ માં તેની સામે જણાવેલા કામદારોના વર્ગોને દિવસ દીઠ આપવાના મૂળભૂત દરોના સંબંધમાં તેની કોલમ ૩માં જણાવેલા વેતનના મૂળભૂત દરોનો અને

(ખ) ખાસ ભથ્થાનો;

સમાવેશ થાય છે,

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓક્ટોબરથી અને તારીખ ૧ લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાના દર એવી રીતે સરભર કરવા કે—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેમના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું દિવસ દીઠ રૂા. ૦—૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ, રૂા. ૦—૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે :

પરંતુ ૧લી ઓક્ટોબર, ૧૯૯૭થી શરૂ થતી છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

INDEX

અનુસૂચિ

ક્રમાંક : ૧૨

ઈલેક્ટ્રોનીક્સ અને સંલગ્ન અથવા આનુષંગિક ઉદ્યોગમાંનો રોજગાર.

અનુક્રમાંક	કામદારોના વર્ગો	દિવસ દીઠ આપવાના દરો (રૂા.)
૧	૨	૩
૧.	કસબી હેડ વાયરમેન, ટર્નર, એન્જીનીયર, ફીટર, ડીઝાઈનર, કેબીનેટ ફીટર, મોલ્ડર મશીનમેન, ફોરમેન, ડ્રાઈવર, ટેસ્ટર, ટેલીફોન ઓપરેટર, મીકેનીક, ઈલેક્ટ્રીશીયન, વાઈન્ડર, એસેમ્બલર, સુથાર, સુપર-વાઈઝર (ક્વોલીટી કંટ્રોલ), હિસાબનીશ, હેડ-કેશીયર, હેડ કલાર્ક, સ્ટોર કીપર.	૬૩.૭૦
૨.	અર્ધ-કસબી આસીસ્ટન્ટ ડાઈ-ફીટર, આસીસ્ટન્ટ ટર્નર, આસીસ્ટન્ટ ફીટર, આસીસ્ટન્ટ ડીઝાઈનર, આસીસ્ટન્ટ ટેકનીશીયન, આસીસ્ટન્ટ પેઈન્ટર, મદદનીશ સુથાર, કોઈલ વાઈન્ડર, ટ્રાન્સફોર્મર, વાઈન્ડર, ડેકોરેટર, ડાફ્ટસમેન, સોલ્ડરમેન, કંટ્રોલ પેનલ એટેન્ડન્ટ, કેન ફીટર, વાયરમેન, પેનલ બોર્ડ વાયરમેન, કારકુની સ્ટાફ:	૬૧.૬૦
૩.	બિન-કસબી ફરસ (ઝાડુવાળો), ઝાડુવાળો, વોચમેન, હેલ્પર, પટાવાળો, પાણીવાળો, ગાર્ડનર/માળી, કલીનર.	૫૯.૫૦

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ:—

(૧) સમગ્ર રાજ્ય એક ઝોન તરીકે ગણાશે.

(૨) છુટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) આંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે તો, વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાક્ટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે, વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારોને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, તા. ૨૫મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલાં તારીખ ૧લી એપ્રિલ, ૧૯૯૭નાં ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર/૧૦૧/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૧૩)-એમ(૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યૂનત્તમ વેતન અધિનિયમ ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી એપ્રિલ, ૧૯૯૭.

ન્યૂનત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૧૦૧/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૧૩)/એમ(૨).--ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ નં. ૩૩ ભાગ૧-એલમાં પ્રસિદ્ધ થયેલાં શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર/૧૩૨/એમડબલ્યુએ/૧૦૯૯/૯૩૩/એમ-૨ની રૂએ, ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ ફિલ્મ નિર્માણ, વિતરણ અને પ્રદર્શનના રોજગાર સહિત, ફિલ્મ, ઉદ્યોગમાંનાં રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં, વેતનનાં ન્યૂનત્તમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી ;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલાં વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધાં છે.

તેથી, હવે, ન્યૂનત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮(સન ૧૯૪૮ના ૧૧મા)ના કલમ-૫ની પેટા-કલમ (૨) અને કલમ (૫) ની પેટા-કલમ-(૧) નાં ખંડ (૧) સાથે વાંચતાં, કલમ-૩ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાના રૂએ અને ન્યૂનત્તમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી સન ૧૯૯૭નાં મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં આ જાહેરનામાં સાથે જોડેલા અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૯મી જુલાઈ, ૧૯૮૭નાં સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર/૩૯૯૯/અમડબલ્યુએ/૪૯૮૭/૫૩૫/એમ-૨ હેઠળ સુધારેલા વેતનના ન્યૂનત્તમ દરો ફરીથી નક્કી કરે છે અને ઉપર્યુકત સરકારી જાહેરનામા હેઠળ સુધારેલા દરો રદ કરીને, તે દરો ફરીથી નક્કી કરે છે, જેથી તેમાં,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની જુદી જુદી કોલમમાં નિર્દિષ્ટ કરેલાં ઝોનનાં સંબંધમાં તેમની સામેની જુદી જુદી કોલમમાં જણાંવેલાં વર્ગોનાં કામદારોને આવા ઝોનમાં દિવસ દીઠ આપવાનાં મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોનો; અને

(ખ) ખાસ ભથ્થાનો;

સમાવેશ થાય છે,

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જુને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે પૂરી થતી છ મહિનાના અગાઉના મુદત માટેના સરેરાશ નિવાહ ખર્ચ આંકનાં ધોરણે, તારીખ ૧લી ઓકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતાં પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવાં ખાસ ભથ્થાંના દર એવી રીતે સરભર કરવાં કે—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરનાં અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરનાં દરેક પાંચ પોઈન્ટના વધારા માટે વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસા રહેશે.

INDEX

(૨) ૧૬૪૫ કરતાં ઓછાં ન હોય તેવા કોઈ નિર્વાહ અર્થ આંક કરતાં નીચેનાં દરેક પાંચ પોઈન્ટનાં વધારા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦પૈસાના દરે ખાસ ભથ્થું વધારવામાં આવશે ;

પરંતુ, ૧લી ઓક્ટોબર, ૧૯૯૭ થી શરૂ થતા છ મહિનાની મુદતનાં વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

ક્રમાંક : ૧૩.

ફિલ્મ નિર્માણ, વિતરણ અને પ્રદર્શનનાં રોજગાર સહિત, ફિલ્મ ઉદ્યોગમાંનાં રોજગાર

અનુસૂચિ—૧

(ક) ફિલ્મ નિર્માણ (સ્ટુડિયો).

અનુક્રમાંક	કામદારોના વર્ગો	દીવસ દીઠ આપવાનો દરો
૧	૨	૩
		રૂા.
વર્ગ—૧		૬૯.૦૦
મેનેજર, એકાઉન્ટન્ટ, સ્ટેનોગ્રાફર, સાઉન્ડ એટેન્ડન્ટ, કેમેરામેન અથવા કેમેરા ઈનચાર્જ, સેટીંગ માસ્ટર અથવા સેટીંગ સુપરવાઈઝર, સ્ટુડિયો ઈનચાર્જ, સુથાર, સ્ટુડિયોનો વાયરમેન, પેઈન્ટર, લાઈટમેન અથવા લાઈટ એટેન્ડન્ટ.		
વર્ગ—૨.		૬૪.૬૦
મદદનીશ મેનેજર, મદદનીશ હિસાબનીશ, મદદનીશ સાઉન્ડ એટેન્ડન્ટ, મદદનીશ કેમેરામેન અથવા કેમેરા ઈનચાર્જ, મદદનીશ સેટીંગ માસ્ટર અથવા સેટીંગ સુપરવાઈઝર, મદદનીશ સ્ટુડિયો ઈનચાર્જ, મદદનીશ સુથાર, મદદનીશ પેઈન્ટર, સ્ટુડિયોમાં મદદનીશ વાયરમેન, મદદનીશ લાઈટમેન અથવા લાઈટ એટેન્ડન્ટ, સ્ટોરકીપર, ડ્રાઈવર, કારકુન-ટાઈપીસ્ટ, હેડ વોચમેન.		
વર્ગ—૩		૬૧.૩૦
ઝાડુવાળો, (સ્વીપર), માળી, મદદનીશ, વોચમેન, પટાવાળો મદદગાર મજૂર		

અનુસૂચિ—૨

(ખ) ફિલ્મ વિતરણ અને પ્રદર્શિત કરવા બાબત.

અનુક્રમાંક	કામદારોના વર્ગો.	દિવસ દીઠ આપવાના દરો (રૂા.)		
		ઝોન-૧	ઝોન-૨	ઝોન-૩
૧	૨	૩	૪	૫
વર્ગ—૧.		૬૯.૦૦	૬૬.૩૦	૬૨.૯૦
મેનેજર, જાહેર અધિકારી અથવા પબ્લીસીટી મેનેજર				
વર્ગ—૨		૬૬.૮૦	૬૪.૦૦	૬૧.૩૦
મદદનીશ મેનેજર, હેડ ઓપરેટર, અથવા મુખ્ય ઓપરેટર અથવા પ્રથમ ઓપરેટર, હેડ એરકન્ડીશનર ઓપરેટર, સુપરવાઈઝર, સ્ટેનોગ્રાફર, કુલીંગ પ્લાન્ટ ઈનચાર્જ.				

INDEX

૧	૨	૩	૪	૫
વર્ગ—૩.		૬૪.૬૦	૬૧.૮૦	૫૯.૬૦
	મદદનીશ ઓપરેટર, અથવા બીજો ઓપરેટર અથવા ત્રીજો ઓપરેટર, મદદનીશ એરકન્ડીશનીંગ ઓપરેટર, વાયરમેન, બુકીંગ ક્લાર્ક, સુથાર અથવા ટીનસ્મીથ અથવા ગાદી-તકીયા પૂરા પાડવાનો ધંધો કરનાર, કારકુન, અથવા હિસાબ કારકુન અથવા પબ્લીસીટી આસિસ્ટન્ટ, ટાઈપીસ્ટ, ઓઈલ એન્જીન ડ્રાઈવર, ટેલીફોન ઓપરેટર, કાર અથવા વાન ડ્રાઈવર, કુલીંગ પ્લાન્ટ ઈનચાર્જ, મદદનીશ કુલીંગ પ્લાન્ટ-ઈનચાર્જ			
વર્ગ—૪.		૬૨.૯૦	૬૦.૭૦	૫૯.૬૦
	પેઈન્ટર અથવા આર્ટિસ્ટ, વાઈન્ડર અથવા રિવાઈન્ડર, કેબીનબોય અથવા ચોથો ઓપરેટર, સ્ટોરકીપર, ફોરમેન, ટેન્ટ માસ્ટર, ડોરકીપર, વોચમેન, લીફ્ટમેન.			
વર્ગ –૫		૬૧.૩૦	૫૯.૬૦	૫૮.૦૦
	ઓઈલમેન, ઝાડુવાળો, માળી, પટાવાળો, સાયકલ સ્ટેન્ડ બોય,			
	મેસેન્જર એનાઉન્સર અથવા પોલીસ વાળો, ગાડાવાળો અથવા પોસ્ટરમેન અથવા રીક્ષા ડ્રાઈવર, હેન્ડબીલ બોય.			

અનુસૂચિ—૩

(ગ) ફરતું સિનેમા

અનુક્રમાંક	કામદારોના વર્ગો.	દિવસ દીઠ આપવાનો દરો(રૂા.) ઝોન-૧
૧	૨	૩
વર્ગ—૧		૬૧.૮૦
	મેનેજર-જાહેર અધિકારી અથવા પબ્લીસીટી મેનેજર.	
વર્ગ—૨.		૬૦.૨૦
	મદદનીશ મેનેજર, હેડ ઓપરેટર, અથવા મુખ્ય ઓપરેટર અથવા પ્રથમ ઓપરેટર, હેડ એર કન્ડીશનર ઓપરેટર, સુપરવાઈઝર, સ્ટેનોગ્રાફર, કુલીંગ પ્લાન્ટ ઈનચાર્જ.	
વર્ગ—૩.		૫૮.૯૦
	મદદનીશ ઓપરેટર અથવા બીજો ઓપરેટર અથવા ત્રીજો ઓપરેટર, મદદનીશ એરકન્ડીશનીંગ ઓપરેટર, વાયરમેન, બુકીંગ ક્લાર્ક, સુથાર અથવા ટીનસ્મીથ અથવા ગાદી-તકીયા પુર પાડવાનો ધંધો કરનાર, કારકુન, અથવા હિસાબ કારકુન અથવા પબ્લિસીટી આસીસ્ટન્ટ, ટાઈપીસ્ટ, ઓઈલ એન્જીન, ડ્રાઈવર, ટેલિફોન ઓપરેટર, કાર અથવા વાન ડ્રાઈવર, કુલીંગ પ્લાન્ટ ઈનચાર્જ, મદદનીશ કુલીંગ પ્લાન્ટ ઈનચાર્જ.	
વર્ગ—૪.		૫૬.૭૦
	પેઈન્ટર અથવા આર્ટિસ્ટ, વાઈન્ડર અથવા રિવાઈન્ડર કેબીન બોય અથવા ચોથો ઓપરેટર, સ્ટોરકીપર, ફોરમેન, ટેન્ટ માસ્ટર, ડોરકીપર, વોચમેન લીફ્ટમેન.	
વર્ગ—૫.		૫૬.૯૦
	ઓઈલમેન, ઝાડુવાળો, માળી, પટાવાળો, સાયકલ સ્ટેન્ડ બોય, મેસેન્જર, એનાઉન્સર અથવા પોલીસવાળા, ગાડાવાળો અથવા પોસ્ટરમેન, અથવા રિક્ષા ડ્રાઈવર, હેન્ડબીલબોય.	

INDEX

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ:—

(૧) અનુસૂચિ—૧ હેઠળ આવરી લેવાયેલ ફિલ્મ (સ્ટુડિયો)ના નિર્માણ કામમાંના અને અનુસૂચિ—૩ હેઠળ આવરી લેવાયેલ ફરતા સિનેમામાંના કામદારોના સંબંધમાં ગુજરાત રાજ્યના તમામ વિસ્તારોનો એક જ ઝોન રહેશે અને દરો એક સરખા લાગુ પડશે.

(૨) અનુસૂચિ—૨ હેઠળ આવરી લેવાયેલ ફિલ્મના વિતરણ અને પ્રદર્શન કામમાં નોકરીએ રાખેલ કામદારોના સંબંધમાં, નીચે પ્રમાણે ઝોનો રહેશે;

(ક) ઝોન—૧માં, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારોનો અને ઉપર્યુકત હદોથી ૧૦ કિલોમીટરનાં ઘેરાવા-અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન—૨માં, પ્રાપ્ય છેલ્લી વસ્તી ગણતરીના આંકડા અનુસાર એક લાખ અને તેની ઉપરના વસતીવાળા શહેરો અને નગરોની હદના અંદરના વિસ્તારોનો અને ઉપર્યુકત હદોથી પાંચ કિલોમીટરના ઘેરાવા-અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ગ) ઝોન—૩માં, ઝોન—૧ અને ઝોન—૨માં સમાવેશ કર્યો ન હોય તેવા વિસ્તારો સિવાયના ગુજરાત રાજ્યના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(૩) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું, કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૪) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યૂનતમ દરો આપવામાં આવશે.

(૫) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૬) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાકટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારોને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૭) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારોને આપેવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૮) પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૯) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યૂનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: કેએચઆર/૧૨૨/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૩૨)/એમ(૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૧૨૨/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૩૨)/એમ(૨).— ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ નં. ૩૩ ભાગ ૧--એલ માં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૧૭૨-એમડબલ્યુને-૧૦૮૯-૯૩૩-એમ-૨ ની રૂએ, ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ જેમાં વાઈન્ડીંગ, વાર્પીંગ, બીમીંગ, સાઈઝીંગ, ડ્રોઈંગ, રીચીંગ, વીવીંગ, ડાઈંગ, બ્લીચીંગ, કેલેન્ડરીંગ, ફોલ્ડીંગ, ફીનીશીંગ અથવા તેના જેવી પ્રક્રિયા કરવામાં આવતી હોય તેવા પાવરલુમ (યંત્રશાળા) ઉદ્યોગમાંના રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) નો સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાનો પોતાનો ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી ;

અને, સદરહુ જાહેરનામાનાં સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધાં છે ;

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા) ની કલમ ૫ની પેટા--કલમ (૨) અને કલમ--૫ની પેટા-કલમ (૧) ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ--૩ની પેટા--કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ-સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં-આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં, આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામ-દારોના સંબંધમાં, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૬મી નવેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૭૨૬/એમડબલ્યુએ/૩૪૭૯/૭૫૪૮૫/એમ.૨ હેઠળ સુધાર્યા પ્રમાણેના વેતનના ન્યુનતમ દરો ફરી નકકી કરે છે અને ઉપર્યુકત સરકારી જાહેર-નામા હેઠળ સુધારેલા દરો રદ કરીને, તે દરો ફરીથી નકકી કરે છે. જેથી તેમાં,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની જુદી જુદી કોલમમાં નિર્દિષ્ટ કરેલા ઝોનના સંબંધમાં, તેમની સામેની કોલમમાં જણાવેલા વર્ગોના કામદારોનો આવા ઝોનમાં દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોનો; અને

(ખ) ખાસ ભથ્થાંનો ;

સમાવેશ થાય છે.

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુકમે તારીખ ૩૦મી જૂને, અને તારીખ ૩૧મી ડિસેમ્બરે પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાના દર એવી રીતે સરભર કરવા કે—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું, દિવસ દીઠ રૂા.૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે:

પરંતુ ૧લી ઓકટોબર, ૧૯૯૭ થી શરૂ થતી છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

INDEX

ક્રમાંક ૩૨

અનુસૂચિ

જેમાં વાઈન્ડીંગ, વાર્પીંગ, બીમીંગ, સાઈઝીંગ, ડ્રોઈંગ, રીચીંગ, વીવીંગ, ડાઈંગ, બ્લીચીંગ, કેલેન્ડરીંગ, ફોલ્ડીંગ, ફિનીશીંગ અથવા તેના જેવી પ્રક્રિયા કરવામાં આવતી હોય તેવા પાવરલુમ (યંત્રશાળ) ઉદ્યોગમાંનો રોજગાર.

અનુક્રમાંક	કામદારોના વર્ગો	દિવસ દીઠ આપવાના દર (રૂ.)	
		ઝોન--૧	ઝોન--૨
૧	૨	૩	૪
૧.	કસબી ક્લાર્ક, જોબર, ફીટર, વીવર, વાર્પર, ક્રૂંટ સાઈઝર, બ્રાવર, વાયરમેન, બોઈલર, એટેન્ડન્ટ.	૬૦.૫૦	૫૯.૬૦
૨.	અર્ધ કસબી વાઈન્ડર, રીચર, થ્રોવર, ફીનીશીંગ, મશીનમેન,થ્રેડ સાઈઝર, બેક સાઈઝર, ફોલ્ડર.	૫૯.૭૦	૫૯.૨૦
૩.	બિન કસબી મજદૂર, મજૂર, હેલ્પર, ઝાડુવાળો, ક્લીનર, વેફ્ટ-ડીસ્ટ્રીબ્યુટર, ઓઈલર, વોટરમેન, પટાવાળો, વોચમેન	૫૯.૦૦	૫૮.૬૦

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ —

(૧)(ક) ઝોન--૧માં, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારનો અને ઉપર્યુકત હદોથી ૧૦ કિલોમીટરના ઘેરાવા--અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન ૨માં, ઝોન ૧માં સમાવેશ કર્યો હોય તે વિસ્તારો સિવાયના ગુજરાત રાજ્યમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(૨) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું, કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પુરેપૂરા, ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાકટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારોને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારોને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ--કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર/૧૧૮/એમ ડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૨૮) એમ (૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કએચઆર/૧૧૮/ઓમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૨૮)/એમ (૨).—ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ નં. ૩૩ ભાગ--૧ એલમાં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી, ઓગષ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૧૭૨-ઓમ. ડબલ્યુએ.૧૦૮૯-૯૩૩-ઓમ-૨ ની રૂએ, ગુજરાત સરકારે સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ પેટ્રોલ અને ડિઝલ પંપોમાંનો રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી ;

અને, સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે ;

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા) ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ ૫ની પેટા-કલમ (૧) ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ ૩ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૭મી સપ્ટેમ્બર, ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૪૪૧/એમડબલ્યુએ/૫૩૭૮/૨૫૯૮૭/એમ.૨ હેઠળ નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરો ફરીથી સુધારે છે અને ઉપર્યુકત સરકારી જાહેરનામા હેઠળ નક્કી કરેલા દરો રદ કરીને, તે દરો ફરીથી નક્કી કરે છે. જેથી તેમાં,--

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની જુદી જુદી કોલમમાં નિર્દિષ્ટ કરેલા ઝોનના સંબંધમાં, તેમની સામેની જુદી જુદી કોલમમાં જણાવેલા વર્ગોના કામદારોને આવા ઝોનમાં દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોનો; અને

(ખ) ખાસ ભથ્થાનો ;

સમાવેશ થાય છે,

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાના દર એવી રીતે સરભર કરવા કે--

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતા વધારે હોય તેવા કોઈ આંક ૧૬૪૫ ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું, દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસા રહેશે.

INDEX

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતા નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ ના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે :

પરંતુ ૧લી ઓક્ટોબર, ૧૯૯૭ થી શરૂ થતા છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

અનુસૂચિ

ક્રમાંક ૨૦

પેટ્રોલ અને ડિઝલ પંપોમાંનો રોજગાર

અનુક્રમાંક	કામદારોનો વર્ગ	દિવસ દીઠ આપવાના દરો (રૂા.)		
		ઝોન ૧	ઝોન ૨	ઝોન ૩
૧	૨	૩	૪	૫
૧	કસબી	૬૬.૦૦	૬૩.૯૦	૬૦.૯૦

મેનેજર, હેડ કેશિયર, સ્વતંત્ર નિર્ણયશક્તિ વાપરતા, જવાબદારી પૂર્વક તેની ફરજો અદા કરતા અને જેમાં તેને કામે રાખવામાં આવ્યો હોય તે વ્યાપાર, હુન્નર અથવા ઉદ્યોગનું સમગ્ર અને વ્યાપક જ્ઞાન ધરાવતો કાર્યક્રમ રીતે કામ કરતો કોઈ કામદાર.

૨	અર્ધ--કસબી	૬૩.૯૦	૬૦.૯૦	૫૯.૭૦

પમ્પ એટેન્ડન્ટ, હિસાબનીશ, કારકુન, બીલ કારકુન, કેશિયર, ટાઈપિસ્ટ, સારી રીતે રોજીંદુ કામ કરતો હોય અને સ્વતંત્ર રીતે તથા જવાબદારીપૂર્વક તેને સોંપેલી ફરજો બજાવતો હોય તેવો કોઈ કામદાર.

૩	બિન--કસબી	૫૯.૭૦	૫૯.૨૦	૫૮.૮૦

હેલ્પર, વોચમેન, પટાવાળો,

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :--

(૧) (ક) ઝોન ૧માં, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારનો અને ઉપર્યુકત હદોથી ૧૦ કિલો મિટરના ઘેરાવા--અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન ૨માં પ્રાપ્ય છેલ્લી વસ્તી ગણતરીના આંકડા અનુસાર એક લાખ અને તેની ઉપરના વસ્તીવાળા નગરો અને શહેરોની હદોની અંદરના વિસ્તારોનો અને ઉપર્યુકત હદોથી ૫ કિલોમીટરના ઘેરાવા-અંતરની અંદર આવતા વિસ્તારોનો સમાવેશ થશે.

(ગ) ઝોન ૩માં, ઝોન ૧ અને ઝોન ૨માં સમાવેશ કરવામાં આવ્યો ન હોય તે વિસ્તારો સિવાયના ગુજરાત રાજ્યના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(૨) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો. માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરે આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાકટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

INDEX

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરૂષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટીસ કામદારોને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૬મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:કેએચઆર/૧૨૮/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૩૮)એમ(૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર,તા. ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૧૨૮/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૩૮)/એમ (૨).— ગુજરાત સરકારી રાજપત્ર અસાધરણ નં. ૩૩ ભાગ-૧-એલમાં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૧૭૨-એમડબલ્યુએ—૧૦૮૯-૯૩૩-એમ ૨ ની રૂએ, ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ કોઈ ચોખાની મિલ, આટાની મિલ અથવા દાળની મિલમાંના રોજગાર (જેને આમાં હવે પછી, "સદરહુઅનુસુચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના સંબંધમાં વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી;

અને, સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા)ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ ૫ની પેટા-કલમ (૧) ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ ૩ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૮મી સપ્ટેમ્બર, ૧૯૮૪ના સરકારી જાહેરનામા ક્રમાંક:કેએચઆર/૮૮૨૨/એમડબલ્યુએ/૨૧૭૯/એમ.૨ હેઠળ સુધાર્યા પ્રમાણેના વેતનના ન્યુનતમ દરો ફરી નક્કી કરે છે અને ઉપર્યુકત સરકારી જાહેરનામા હેઠળ સુધારેલા દરો રદ કરીને, તે દરો ફરીથી નક્કી કરે છે, જેથી તેમાં :—

(ક) આ સાથે જોડેલા અનુસૂચિની જુદી જુદી કોલમમાં નિર્દિષ્ટ કરેલા ઝોનના સંબંધમાં, તેમના સામેના જુદી જુદી કોલમમાં જણાવેલા વર્ગોના કામદારોને આવા ઝોનમાં દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોનો; અને

INDEX

(ખ) ખાસ ભથ્થાનો;

સમાવેશ થાય છે.

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે પૂરા થતા છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ઘોરણે, તારીખ ૧લી ઓકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાનાં દર એવી રીતે સરભર કરવા કે,—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટનાં વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નાચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે.

પરંતુ ૧લી ઓકટોબર, ૧૯૯૭ થી શરૂ થતી છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

અનુસૂચિ

ક્રમાંક : ૩૮, કોઈ ચોખાની મિલ, આટાની મિલ અથવા દાળની મિલમાંના રોજગાર.

અનુ. ક્રમાંક	કામદારોના વર્ગો	દિવસદીઠ આપવાના દર (રૂા.)		
		ઝોન--૧	ઝોન--૨	ઝોન-૩
૧	૨	૩	૪	૫
૧.	કસબી	૬૦.૬૦	૬૦.૦૦	૫૯.૫૦
	એન્જિનીયરો, મિકરો સુપરવાઈઝરો, ટર્નરો, મિકેનિક, ફીટરો, એન્જિન ડ્રાયવરો, બોઈલર એટેન્ડન્ટો, મિસ્ત્રી, સુથાર, સુથાર-મિસ્ત્રી, લુહાર, કડિયા, ઈલેકટ્રીશીયન (ડિપ્લોમા સાથે) રોલ ગ્રોવર, મશીન ઓપરેટર, પેઈન્ટર, મુકાદમ, પ્લાન્ટમેન, દરજી.			
૨.	અર્ધ કસબી	૫૯.૭૦	૫૯.૧૦	૫૮.૭૦
	ઓઈલમેન, સિલ્કમેન, રોલરમેન, બ્યુટી ફાયર, આસીસ્ટન્ટ ફીટર, ઈલેકટ્રીશીયન (ડિપ્લોમા સિવાયનો) પમ્પમેન, બીનમેન, મોટર એટેન્ડન્ટ સ્વીપર, વોચમેન/જમાદાર (ફાયર સ્કેવેઝસમાં તાલીમ સાથે) મોચી, હેમરમેન, ફ્યોરી ફાયર્સ, જિગર્સ રોપ સપ્લાયર્સ, વોશર મશીનમેન,			
૩.	બિન-કસબી	૫૯.૧૦	૫૮.૪૦	૫૭.૯૦
	મિકસર્સ, પેકર્સ, શાફ્ટમેન, કલીનર્સ, ફાયરમેન, કોલમેન, ટ્રકમેન, મિલ એટેન્ડન્ટ, વાઈટ વોશર્સ, (પેઈન્ટર્સ) વોચમેન, જમાદાર, હમાલ, સ્ટેકર્સ, મશીન કલીનર્સ ઝાડુવાળા, મઝદુર.			

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :—

(૧) (ક) ઝોન ૧માં મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારનો અને ઉપયુકત હદોથી ૧૦ કિલો મીટરના ઘેરાવા અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન-૨ માં પ્રાપ્ય છેલ્લી વસ્તી ગણતરીના આંકડા અનુસાર એક લાખ અને તેની ઉપરના વસ્તીવાળા નગરો અને શહેરોની હદોની અંદરના વિસ્તારોનો અને ઉપર્યુકત હદોથી ૫ કિલોમીટરના ઘેરાવા-અંતરની અંદર આવતા વિસ્તારોનો સમાશેવ થશે.

(ગ) ઝોન ૩માં ઝોન-૧નો અને ઝોન--૨માં સમાવેશ કર્યો ન હોય તે વિસ્તારો સિવાયના, ગુજરાત રાજયમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(૨) છૂટક દરના ઘોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નકકી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને ચૂકવવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું, કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નકકી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

INDEX

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનનાં પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાક્ટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતનના ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગના માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,

ગુજરાત સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦--૬--૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૭૩/ડીવીપી/૨૯૯૫/૨૮૪૨/એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. ત્રિપાઠી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જૂન, ૧૯૯૭.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૭૩/ડીવીપી/૨૯૯૫/૨૮૪૨/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬--૪--૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૬૩--ડીવીપી--૨૯૯૨--૧૦૦૯

(૯૭)--એલ હેઠળ મંજૂર કરેલ વીજાપુર વિસ્તાર વિકાસ સત્તામંડળના વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમા હવે પછી, "સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

અને, સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સને ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ની પેટા--કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૦--૬--૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૯૨/ડીવીપી/૨૬૯૫/૨૮૪૨/એલ હેઠળ, તારીખ ૨૦--૬--૧૯૯૬ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ ૪--બીના પાના ક્રમાંક : ૧૨૫-૧ અને ૧૨૫-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા કોઈ હોય તો, તે સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુંદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની રૂએ પ્રસિધ્ધ કરી હતી ;

અને, ગુજરાત સરકારને, આ સૂચિત ફેરફારના સંબંધમાં કોઈ સૂચનો અથવા વાંધા મળેલ નથી;

અને, ગુજરાત સરકારે, વીજાપુર વિસ્તાર વિકાસ સત્તામંડળ (વિજાપુર મ્યુનિસિપલ બરો) સાથે વિચાર વિનિમય કરેલ છે ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સને ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સદરહુ વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે ; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર તારીખ ૧૦--૬--૧૯૯૭ થી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬--૪--૧૯૯૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૪નો ૬૩/ડીવીપી/૨૭૯૨/૧૦૦૯/એલ થી મંજૂર કરેલ વિજાપુરની વિકાસ યોજનામાંનો ફેરફાર.

વિજાપુરની મંજૂર કરીને સુધારેલી વિકાસ યોજનામાં 'ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાન પર " ABC DEFGHIJKLMA" અને " HIJKH " નિશાની કરીને દર્શાવિલ વિજાપુરના સરવે નંબરો ૧૫૩૪/૧, ૧૫૩૪/૨, ભાગ, ૧૫૩૫/ ૧૫૩૬/ ભાગ અને ૧૫૫૧/ ભાગવાળી જમીનોનો બ્લોક સદરહુ, અનામત રાખેલ જમીનમાંથી કમી કરવો અને એ રીતે મુકત કરેલી જમીનો ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ " રહેણાંક ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩૦મી જૂન, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગનાં સરકારી જાહેરનામા ક્રમાંક: કેએચઆર/૧૩૩/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૪૩)/એમ(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી., શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક. કેએચઆર/૧૩૩/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૪૩)/એમ(૩).— ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ નં. ૩૩ ભાગ-૧-એલમાંપ્રસિદ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક કેએચઆર-૧૩૨-એમડબલ્યુએ-૧૦૮૯-૯૩૩-એમ-૨ની રૂએ, ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ પથ્થરો ફોડવાના અથવા પથ્થરોનો ભૂકો કરવાના ઉદ્યોગમાંનો રોજગાર (જેનો આમાં હવે પછી "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના સબંધમાં, વેતનનાં ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિનાં કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધાં છે.

તેથી, હવે, ન્યૂનતમ વેતન અધિનયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮નાં ૧૧મા)ની કલમ ૫ની પેટા કલમ (૨) અને કલમ ૫ની પેટા-કલમ-(૧) નાં ખંડ (૧) સાથે વાંચતાં, કલમ ૩ની પેટા કલમ (૧)થી મળેલ સત્તાની રૂએ અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં, આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાંનાં સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં શ્રમ અને રોજગાર વિભાગનાં તારીખ ૨૩મી જુલાઈ, ૧૯૯૬નાં સરકારી જાહેરનામાં ક્રમાંક કેએચઆર/૧૨૦/એમડબલ્યુએ/૪૩૭૯/૭૫૪૭૭/એમ-૨ હેઠળ સુધાર્યા પ્રમાણેના વેતનનાં ન્યુનતમ દરો ફરી નક્કી કરે છે. અને ઉપર્યુકત સરકારી જાહેરનામાં હેઠળ સુધારેલા દરો રદ કરીને તે દરો ફરીથી નક્કી કરે છે, જેથી તેમાં, —

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની જુદી જુદી કોલમમાં નિર્દિષ્ટ કરેલા ઝોનના સંબંધમાં, તેમના સામેની જુદી જુદી કોલમમાં જણાવેલા વર્ગોના કામદારોને આવા ઝોનમાં દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોનો ; અને

(ખ) ખાસ ભથ્થાનો ;

સમાવેશ થાય છે.

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે પૂરી થતી છ મહિનાની આગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાનાં દર એવી રીતે સરભર કરવા કે,—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું, દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે ;

પરંતુ ૧લી ઓકટોબર, ૧૯૯૭થી શરૂ થતી છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

INDEX

ક્રમાંક--૪૩

અનુસૂચિ

પથ્થરો ફોડવાના અથવા પથ્થરોનો ભૂકો કરવાના ઉદ્યોગમાંનો રોજગાર

અનુક્રમાંક	કામદારોના વર્ગો.	દિવસદીઠ આપવાના દરો (રૂા.)		
		ઝોન-૧	ઝોન-૨	ઝોન-૩
૧	૨	૩	૪	૫
૧.	કસબી એન્જિન, ડ્રાઈવર, ફીટર, ટર્નર, મોલ્ડર, લુહાર, લાયક વાયરમેન, કોમ્પ્રેસર ડ્રાઈવર, ટ્રેક્ટરડ્રાયવર, કારકુન, બ્લાસ્ટર્સ, પથ્થર કાપનાર.	૫૯.૭૦	૫૯.૧૦	૫૮.૪૦
૨.	અર્ધ કસબી તપધર (પથ્થર ફોડનાર) હેડ લાઈન મેન (ટ્રક), મુકાદમ, ડ્રાઈવર,	૫૮.૧૦	૫૭.૪૦	૫૬.૮૦
૩.	બિન-કસબી લોડર્સ, ફોકમેન, ક્લીનર, ઓઈલમેન, કુલીઓ, પમ્પ એટેન્ડન્ડ, ઝાડુવાળો, પટાવાળા, ઓફિસબોય.	૫૭.૨૦	૫૬.૬૦	૫૫.૮૦

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :—

(૧) (ક) ઝોન ૧માં, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારનો અને ઉપર્યુકત હદોથી ૧૦ કિલોમીટરના ઘેરાવા-અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન ૨માં, પ્રાપ્ય છેલ્લી વસ્તી ગણતરીના આંકડા અનુસાર એક લાખ અને તેની ઉપરના વસ્તીવાળા નગરો અને શહેરોની હદોની અંદરના વિસ્તારોનો અને ઉપર્યુકત હદોથી પાંચ કિલોમીટરના ઘેરાવા-અંતરની અંદર આવતા વિસ્તારોનો સમાવેશ થશે.

(ગ) ઝોન૩માં, ઝોન ૧ અને ઝોન ૨માં સમાવેશ કર્યો ન હોય તેવા વિસ્તારો સિવાયના ગુજરાત રાજયમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(૨) સમાન કામ કરતાં કામદારોને ન્યુનતમ વેતન દરો જાહેર મોટર વાહનવ્યવહારના રોજગારની જેમ સમાન વેતને ચૂકવાશે.

(૩) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું, કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહીં.

(૪) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૫) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારોને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે તો, વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૬) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાકટર અથવા એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહીં.

(૭) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહીં અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કયાત કરી શકાશે નહીં.

(૮) પુરૂષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

INDEX

(૯) કસબી અથવા અર્ધ કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થા જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનત્તમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર. તારીખ : ૧લી જુલાઈ, ૧૯૯૭.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
સરકારના નાયબ સચિવ,

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જુલાઈ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૧૦૬/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯-(૧૮)/એમ-(૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ,

INDEX

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૧૦૬/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૧૮)/એમ(૨).—ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ નં. ૩૩ ભાગ ૧–એલમાં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર–૧૭૨–એમડબલ્યુએ–૧૦૮૯–૯૩૩–એમ--૨ની રૂએ ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ ઉત્પાદન, સંયોજન અને મરામત કામ કરતા એસ્ટાબ્લિશમેન્ટ અને વર્કશોપો માટે ઉત્પાદન કરતા હોય તે કારખાના, ધાતુકામના પ્લાન્ટો અને ઉત્પાદન પ્લાન્ટો સહિતના, (ઓટોમોબાઈલ રિપેરીંગ વર્કશોપો અને ગેરેજો સિવાયના) જે ઔદ્યોગિક એન્જિનિયરીંગ એસ્ટાબ્લિશમેન્ટો, કોઈ યંત્ર અથવા ઓજારોનો ઉપયોગ કરીને, લોખંડ, પોલાદ, અને બિન--લોહયુકત ધાતુઓ અથવા મિશ્ર ધાતુઓના માલ અથવા ચીજવસ્તુઓના ઉત્પાદન કામમાં, આખરી રૂપ આપવાના કામમાં, ફરી સજાવટ કરવાના કામમાં, સંયોજનકામમાં અથવા મરામતકામમાં રોકાયેલા ૫૦ કરતા ઓછા કામદારોને કામે રાખતાં હોય તે ઔદ્યોગિક એન્જિનિયરિંગ એસ્ટાબ્લિશમેન્ટમાંના રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે.) ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી;

અને, સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે ;

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા) ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ ૫ની પેટા--કલમ (૧)ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ ૩ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાનો ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૬મી સપ્ટેમ્બર, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/ ૮૧૩/એમડબલ્યુએ/૫૬૩૯/૨૪૦૬૨/ એમ. ૨ હેઠળ નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરો સુધારે છે અને ઉપર્યુકત સરકારી જાહેરનામા હેઠળ નક્કી કરેલા દરો રદ કરીને, તે દરો ફરીથી નક્કી કરે છે. જેથી તેમાં,--

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની જુદી જુદી કોલમમાં નિર્દિષ્ટ કરેલા ઝોનના સંબંધમાં, તેમની સામે જુદી જુદી કોલમમાં જણાવેલા વર્ગોના કામદારોને આવા ઝોનમાં દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોનો ; અને

(ખ) ખાસ ભથ્થાનો ;

સમાવેશ થાય છે ;

અને, આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે, પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાના દર એવી રીતે સરભર કરવા કે –

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું, દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે :

પરંતુ ૧લી ઓકટોબર, ૧૯૯૭થી શરૂ થતી છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

ક્રમાંક : ૧૮

અનુસૂચિ

ઉત્પાદન, સંયોજન અને મરામત કામ કરતા એસ્ટાબ્લિશમેન્ટ અને વર્કશોપો માટે ઉત્પાદન કરતા હોય તે કારખાનાં, ધાતુકામના પ્લાન્ટો અને ઉત્પાદન પ્લાન્ટો સહિતના, (ઓટોમોબાઈલ રિપેરીંગ વર્કશોપો અને ગેરેજો સિવાયના) જે ઔદ્યોગિક એન્જિનિયરિંગ એસ્ટાબ્લિશમેન્ટો, કોઈ યંત્ર અથવા ઓજારોનો ઉપયોગ કરીને, લોખંડ, પોલાદ અને બિન--લોહયુકત ધાતુઓ અથવા મિશ્ર ધાતુઓના માલ અથવા ચીજવસ્તુઓના ઉત્પાદન કામમાં, આખરી રૂપ આપવાના કામમાં, ફરી સજાવટ કરવાના કામમાં, સંયોજન કામમાં અથવા મરામત કામમાં રોકાયેલા ૫૦ કરતાં ઓછા કામદારોને કામે રાખતા હોય તે ઔદ્યોગિક એન્જિનિયરિંગ એસ્ટાબ્લિશમેન્ટોમાંના રોજગાર.

INDEX

અનુક્રમાંક	કામદારોના વર્ગો	દીવસદીઠ આપવાના દરો (રૂ.)		
		ઝોન ૧	ઝોન ૨	ઝોન ૩
૧	૨	૩	૪	૫
૧.	કસબી—ક	૬૩.૨૦	૬૨.૬૦	૬૨.૧૦
૨.	કસબી—ખ	૬૧.૧૦	૬૦.૫૦	૬૦.૦૦
૩.	અર્ધ--કસબી	૫૯.૫૦	૫૯.૦૦	૫૮.૪૦
૪.	બિન-કસબી	૫૮.૭૦	૫૮.૨૦	૫૭.૬૦
૫.	ઓફિસ સ્ટાફ	૬૧.૧૦	૬૦.૪૦	૫૯.૮૦

આ હેજારનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ.--

(૧) (ક) ઝોન ૧મા, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારનો અને ઉપર્યુકત હદોથી ૧૦ કિલોમીટરના ઘેરાવા અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન ૨માં પ્રાપ્ય છેલ્લી વસ્તી ગણતરીના આંકડા અનુસાર એક લાખ અને તેની ઉપરના વસ્તીવાળા નગરો અને શહેરોની હદોની અંદરના વિસ્તારોનો અને ઉપર્યુકત હદોથી ૫ કિલોમીટરના ઘેરાવા-અંતરની અંદર આવતા વિસ્તારોનો સમાવેશ થશે.

(ગ) ઝોન ૩માં, ઝોન ૧ અને ઝોન ૨માં સમાવેશ કર્યો ન હોય તે વિસ્તારો સિવાયના ગુજરાત રાજ્યમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(૨) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાકટર અથવા અન્ય એજન્સીઓને કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરૂષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યૂનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી જૂલાઈ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી જૂન, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકાર જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૬૫-એસઆઈએ-૧૦૯૦- ૩૫૫-એમ (૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Nonification

under

THE EMPLOYEES STATE INSURANCE ACT, 1948.

કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જૂન, ૧૯૯૭.

ક્રમાંક : કેએચઆર-૬૫-એસઆઈએ-૧૦૯૦-૩૫૫-એમ (૩).– કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૩૪મા) ની કલમ ૯૧-ક સાથે વાંચતાં, કલમ ૯૦ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન, સુરતના નીચેના ચાર યુનિટોને તારીખ ૧૦મી જૂન, ૧૯૯૦થી વધુ હુકમો થાય ત્યાં સુધીની મુદત માટે સદરહુ અધિનિયમના અમલમાંથી મુકિત આપે છે.

(૧) વરાછા વોટર વર્કસ.
(૨) ઓટો વર્કશોપ.
(૩) સલબતપુરા ડ્રેનેજ પમ્પીંગ સ્ટેશન.
(૪) પ્રિન્ટીંગ પ્રેસ.

૨. ઉપર્યુકત મુકિત નીચેની શરતોને આધીન રહેશે.--

(૧) ઉપર જણાવેલ સંસ્થા/કારખાના કે જેમાં કામદારોને કામે રાખેલ હોય તે સંસ્થા/કારખાનાએ મુકિત આપેલ કામદારોના નામો અને હોદ્દા દર્શાવતું રજિસ્ટર રાખવું જોઈશે.

(૨) આ મુકિત આપવામાં આવી હોય તે છતાં, કામદારો, આ જાહેરનામા દ્વારા જે તારીખથી અપાયેલ મુકિત અમલમાં આવે તે તારીખ પહેલા ચૂકવેલા ફાળાના ઘોરણે, સદરહુ અધિનિયમ હેઠળ જે લાભો મેળવવાને હકદાર બન્યા હોત તે લાભો તેઓને મળવાનું ચાલુ રહેશે.

(૩) મુકિત અપાયેલ મુદત માટેના ફાળા ચૂકવાઈ ગયા હોય, તો તે પાછા આપી શકાશે નહિ.

(૪) સદરહુ સંસ્થા/કારખાનાના માલિકે જે મુદત દરમિયાન તે કારખાનું સદરહું અધિનિયમના અંમલને આધીન હતું તે મુદત (જેનો આમાં હવે પછી, સદરહુ મુદત તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના સંબંધમાં, કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ હેઠળ તેણે ભરવાના બાકી હોય તે પત્રકો તે નમૂનામાં અને તે વિગતો સાથે સદરહુ મુદતના સંબંધમાં રજુ કરવા જોઈએ.

૩. સદરહુ અધિનિયમની કલમ ૪૫ની પેટા--કલમ (૧) હેઠળ કોર્પોરેશને નીમેલા કોઈ ઈન્સ્પેકટરને અથવા આ અર્થે અધિકૃત કરેલા કોર્પોરેશનના અન્ય અધિકારીને--

(૧) કલમ ૪૪ની પેટા--કલમ (૧) હેઠળ સદરહુ મુદત માટે રજૂ કરેલ કોઈ પત્રકમાંની વિગતોની ખરાઈ કરવાના હેતુ માટે, અથવા

(૨) સદરહુ મુદત માટે કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ થી ઠરાવ્યા પ્રમાણે, રજિસ્ટરો અને રેકર્ડ રાખવામાં આવ્યાં હતાં કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે, અથવા

INDEX

(૩) જે લાભોના બદલામાં આ જાહેરનામા હેઠળ મુક્તિ આપવામાં આવી હોય તે લાભો તરીકે રોકડમાં અને જણસરૂપે માલિકે આપેલા લાભો મેળવવાને કામદારો હકદાર હોતા ચાલુ રહે છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે, અથવા

(૪) અધિનિયમની જોગવાઈઓ ચૈકીની કોઈ જોગવાઈ સદરહુ કારખાનાના સંબંધમાં અમલમાં હતી, ત્યારે તે મુદત દરમિયાન આવી કોઈપણ જોગવાઈ નું પાલન કરવામાં આવ્યું છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે :—

(ક) પોતાને જે જરૂરી લાગે તેવી માહિતી પોતાને પૂરી પાડવા મુખ્ય અથવા પ્રત્યક્ષ માલિકને ફરમાવવાની સત્તા રહેશે ; અથવા

(ખ) આવા મુખ્ય અથવા પ્રત્યક્ષ માલિકના કબજામાં હોય તેવા કોઈ કારખાના, સંસ્થા, કચેરી, અથવા અન્ય જગામાં કોઈ વાજબી સમયે દાખલ થવાની અને તેના હવાલો ધરાવતી હોવાનું જણાયેલ કોઈપણ વ્યકિતને, વ્યકિતઓના રોજગાર અને વેતનની ચુકવણીને લગતા પોતાને જરૂરી જણાય તેવા દસ્તાવેજ, ચોપડા અને અન્ય દસ્તાવેજો આવા ઈન્સ્પેકટર અથવા અન્ય અધિકારી સમક્ષ રજૂ કરવા અને તેને તે તપાસવા દેવા અથવા પોતાને જરૂરી લાગે તેવી માહિતી તેને પૂરી પાડવા ફરમાવવાની સત્તા રહેશે; અથવા

(ગ) આવા કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગામા જણાયેલ મુખ્ય અથવા પ્રત્યક્ષ માલિકને, તેના એજન્ટ અથવા નોકરને અથવા કોઈ વ્યકિતને અથવા સદરહુ ઈન્સ્પેકટરને અથવા અન્ય અધિકારીને જે કોઈ વ્યકિત કામદાર હોવાનું માનવાને વાજબી કારણ હોય તેવી કોઈ વ્યકિતને તપાસવાની સત્તા રહેશે; અથવા

(ઘ) આવા કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગામાં રાખવામાં આવતા કોઈ રજિસ્ટર, હિસાબના ચોપડા અથવા અન્ય દસ્તાવેજની નકલ કરવાની અથવા તેમાંથી ઉતારા કરવાની સત્તા રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ટી. ઓ. સૈયદ,
ગુજરાત સરકારના ઉપસચિવ.
શ્રમ અને રોજગાર વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી જુલાઈ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: કેએચઆર/૧૨૧/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯ (૩૧)/એમ (૨)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૧૨૧/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯ (૩૧)/ એમ (૨).— ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ નં. ૩૩ ભાગ ૧-એ માં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેએચઆર-૧૭૨-એમડબલ્યુએ. ૧૦૮૯-૯૩૩-એમ-૨ ની રૂએ, ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ પોટરી ઉદ્યોગમાંના રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી;

INDEX

અને, સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે ;

તેથી, હવે, ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા) ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ ૫ની પેટા-કલમ (૧)ના ખંડ (૬) સાથે વાંચતા, કલમ ૩ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ અને ન્યૂનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખ અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર/ગુજરાત રાજ્યમાં, આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૦મી ઓગષ્ટ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૫૦૪/એમડબલ્યુએ/૩૮૮૧/૪૦૬૩૦ એમ. ૨ હેઠળ સુધારેલા વેતનના ન્યૂનતમ દરો ફરી નક્કી કરે છે અને ઉપર્યુક્ત સરકારી જાહેરનામા હેઠળ નક્કી કરેલા દરો રદ કરીને તે દરો ફરીથી નક્કી કરે છે, જેથી તેમાં,--

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની કોલમ ક્રમાંક ૨માં તેની સામે જણાવેલા કામદારોના વર્ગોને દિવસ દીઠ આપવાના મૂળભૂત દરોના સંબંધમાં તેની કોલમ ક્રમાંક ૩માં જણાવેલા વેતનના મૂળભૂત દરોનો; અને

(ખ) ખાસ ભથ્થાનો

સમાવેશ થાય છે.

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાના દર એવી રીતે સરભર કરવા કે --

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું, દિવસ દીઠ રૂા. ૦.૨૫ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે :

પરંતુ ૧લી ઓકટોબર, ૧૯૯૭થી શરૂ થતી છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

ક્રમાંક ૩૧

અનુસૂચિ

પોટરી ઉદ્યોગમાંના રોજગાર

અનુક્રમાંક	કામદારોના વર્ગો	દિવસ દીઠ આપવાના દરો (રૂા.)
૧	૨	૩
૧.	કસબી	૬૦.૯૦
	મિસ્ત્રી-મિકેનીક, મિસ્ત્રી--સુથાર, પેટર્ન અને ફર્મમેકર, કુંભાર (૩૦ રતલ અને તેથી ઉપરની) બરણીઓ, બેટરીઓ અને બટલર બનાવનાર, બીબાં બનાવનાર, મુખ્ય ઢાળનાર (ફાઉન્ડ્રી), મિસ્ત્રી--ટર્નર, મિસ્ત્રી--લુહાર,	
૨.	અર્ધ કસબી	૫૯.૫૦
	વાયરમેન, ટર્નર, ફીટર, લુહાર, કડિયો (નવી ટ્રોલી બાંધનાર અને ભઠ્ઠી રિપેર કરનાર), મુકાદમ, ગ્લેઝર (ડીપ અને સ્પ્રે કરેલા સેનીટરીનો માલ), સેનીટરીનો કેસ ઢાળનાર (પ્લાસ્ટર ઓફ પેરિસ) નામ લખનાર, દ્રશ્ય સુશોભન કરનાર, રંગ લગાડનાર અને ચમક આપનાર, ટનલ એટેન્ડન્ટસ, કુંભાર (૮ રતલ અને તે ઉપરની પરંતુ ૩૦ રતલથી નાની) બરણી, બેટરી અને લોટા બનાવનાર, ઘાટ ઘડનાર, પ્લાનર્સ, વેલ્ડર, ઢાળગર (ફાઉન્ડ્રી), એન્જિન ડ્રાઈવર, ફ્લેટ મેકર, સોનેરી-લાઈન કરનાર (સુશોભન કરનાર), સેનીટરીના સાધનો કાસ્ટ કરનાર (મોટા ટૂકડામાં), બેટ મેકર્સ, કપ-રકાબી બનાવનાર (ચાકડીયા), સુશોભન કરનાર (કપ-રકાબી પર રંગથી લાઈન દોરનાર), ડિઝાઈનર, સ્ટેમ્પર, (કપ-રકાબીને ડીપ અને સ્પ્રે કરીને) ચમક આપનાર ગ્લેઝર, પથ્થરના સાધનોના પાઈપ ટર્નર, ફીનીશર્સ (ફાયર બ્રીકસ), ફાયર મેન ડાઉન ડ્રાફ્ટ કિલ્ન, પ્રયોગશાળા એટેન્ડન્ટ, મશીનમેન (પ્લાસ્ટર મોકર્સીંગ) કોમ્પ્રેસર પમ્પમેન,	

INDEX

૧	૨	૩
	ટર્નર કિલ્ન અને ડાઉન ડ્રાફ્ટ કિલ્નમાં સેનીટરીના સાધનો, કાચના વાસણો ભરનાર, ફીટર્સ પ્રેસ મેઈન પર્સન, ટાઈલ અને અર્ધ સ્વયં સંચાલિત પ્રેસ ઓપરેટર (હાથથી, પીંછીથી રંગનાર અને પડદા છાપનાર અને નકશીકામ રંગનાર) લાદી રંગનાર, ઓઈલ પમ્પ એટેન્ડન્ટ ગ્લેઝર (બરણી), સેનેટરીના સાધનો, બરણી, તપાસનાર, (કપ-રકાબી; ફાયર બ્રીકસ) ને ઓપ આપનાર, (સેનેટરીના સાધનો, લાદી, રી-ફ્રેક્ટરીઝ અને કાચના વાસણો) અલગ પાડનાર, (સેનેટરીના સાધનો, કાચના વાસણો) પેક કરનાર, ફગ-મીલ એટેન્ડન્ટ મેઈન પર્સન, (ટ્રેપ, સાબુની ડીશ, એશટ્રે ટીસેટ અને નાની વસ્તુઓ) કાસ્ટ કરનાર, ચાકડીયા (૮ રતલ અને તેનાથી નાની બરણી અને બાટલા બનાવનાર), (ચાકડા ઉપર) ઢાંકણા બદલનાર, ઢાંકણા બનાવનાર (સ્ક્રુપ્રેસ), વાટકા અને ડબ્બા બનાવનાર, કાચના વાસણો અને ચળકતી લાદીઓ પર સ્ટીકરો બદલનાર, (ચાકડા ઉપર) સોગર બનાવનાર, (હાથથી પ્રેસ કરીને) કપને હાથા લગાડનાર, સોગર બનાવનાર, બરણીઓ ઉપર હાથા લગાડનાર.	
બિન કસબી		૫૮.૧૦
	પોટરી મજદૂર (હેલ્પર્સ અને કેરીયર્સ), બ્લન્ઝર અને સીલીન્ડર ભરનારો, લાટા પોલીશ કરનાર, સ્ક્રુપ્રેસ અને સ્વયં સંચાલિત પ્રેસપર ઈંટો બનાવનાર, પથ્થરના સાધનો અને પોર્સેલીન પાઈપ બનાવનાર અને ચમક આપનાર, ક્રોકર્સ બિસ્કીટ લોડર્સ અને અન-લોડર્સ, લાદીને ચળકતી બનાવવાની મશીનના કારીગરો, ચળકતી લાદીઓ યાંત્રિક રીતે પ્રેસ કરતા કારીગરો, કપ-રકાબી અને તેના જેવી વસ્તુઓના બીબા બનાવનાર, ચળકતી લાદીઓ ખોખામાં ભરનાર, અને વાયર પેકિંગ કરનાર, ચળકતી લાદીઓ ઉપર સ્ટેમ્પીંગ કરનાર, ઈંટો અને બરણીઓ પેકકરનાર, હેન્ડલને ઘાટ આપનાર અને ઓપ આપનાર.	
૪. સુપરવાઈઝરી અને કારકુની સ્ટાફ		૬૧.૩૦

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :--

(૧) સમગ્ર રાજય એક ઝોન તરીકે ગણાશે.

(૨) છુટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યૂનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજના દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યૂનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યૂનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાકટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યૂનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

૭) પુરૂષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૯) આ નોંધના હેતુ માટે, "પોટરી ઉદ્યોગ" માં પોટરીની નીચેની વસ્તુઓની બનાવટનો સમાવેશ થાય છે:--

INDEX

(ક) ક્રોકરી (ખ) સેનીટરી ઉપકરણો અને ફીટીંગ્સ

(ગ) રિફ્રેકટરીઝ (ઘ) બરણીઓ (ચ) ઈલેકટ્રીકલ એસેસરીઝ

(છ) હોસ્પિટલના સાધનો (જ) ટેક્ષટાઈલ એસેસરીઝ (ઝ) રમકડાં

(ટ) ગ્લેઝડ લાદીઓ

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,

સરકારના નાયબ સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૪થી જુલાઈ, ૧૯૯૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૧૨૫/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯ (૩૫)/એમ(૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

Notification

under

THE MINIMUM WAGES ACT, 1948

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ, ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૧૨૫/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૩૫)/એમ(૨).—ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ નં. ૩૩ભાગ ૧-એલમાં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૧૭૨-એમડબલ્યુએ-૧૦૮૯-૯૩૩-એમ.૨ની રૂએ, ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ જાહેર મોટર વાહન વ્યવહારમાંના રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી;

અને, સદરહુ જાહેરનામાના સંબંધમાં લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ન્યુનતમ વેતનઅધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા)ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ ૫ની પેટા-કલમ(૧) ના ખંડ (૧) સાથે વાંચતા કલમ ૩ની પેટા કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં, આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાં સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૩૧મી મે, ૧૯૮૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૩૫૧/એમડબલ્યુએ/૨૭૭૮/૮૮૮૭/એમ. હેઠળ સુધારેલા વેતનના ન્યુનતમ દરો ફરી નક્કી કરે છે અને ઉપર્યુકત સરકારી જાહેરનામા હેઠળ નક્કી કરેલા દરો રદ કરીને, તે દરો ફરીથી નક્કી કરે છે, જેથી તેમાં.—

INDEX

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની કોલમ નં. ૨માં તેની સામે જણાવેલા કામદારોના વર્ગોને દિવસ દીઠ આપવાના મૂળભૂત દરોના સંબંધમાં તેની કોલમ નં. ૩માં જણાવેલા વેતનના મૂળભૂત દરોનો અને

(ખ) ખાસ ભથ્થાનો ;

સમાવેશ થાય છે.

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાંસુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓકટોબરથી, અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાના દર એવી રીતે સરભર કરવા કે—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતા વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું, દિવસ દીઠ રૂ. ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતા નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂ. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે :

પરંતુ ૧લી ઓકટોબર, ૧૯૯૭ થી શરૂ થતા છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

અનુસૂચિ

ક્રમાંક : ૩૫

જાહેર મોટર વાહન વ્યવહારમાંના રોજગાર

અનુક્રમાંક	કામદારોના વર્ગો	દિવસ દીઠ આપવાના દરો(રૂા.)
૧.	૨.	૩.
૧.	કસબી.	૬૬.૩૦

મેનેજર, આસિસ્ટન્ટ મેનેજર, સુપ્રિન્ટેન્ડેન્ટ, હેડકલાર્ક, એકાઉન્ટન્ટ, સિનિયર કલાર્ક, ડ્રાયવર, મિકેનીક, ફીટર, ટર્નર, ઈલેકટ્રીશીયન, ચેકર, સુપરવાઈઝર, ટીન સ્મીથ, બેટરીમેન, વલ્કેનાઈઝર, સુથાર, લુહાર, કોતરણી(આર્ટીઝન) કરનાર, ટ્રાફિક કન્ટ્રોલર, ટ્રાફિક ઈન્સ્પેકટર, આસિસ્ટન્ટ સુપરવાઈઝર, ટીન સ્મીથ, બેટરીમેન, વલ્કેનાઈઝર, સુથાર, લુહાર, કોતરણી(આર્ટીઝન) કરનાર, ટ્રાફિક કન્ટ્રોલર, ટ્રાફિક ઈન્સ્પેકટર, આસિસ્ટન્ટ ટ્રાફિક ઈન્સ્પેકટર, ટ્રાફિક ચેકર, હોસ્ટેસ, ઈન્સ્ટ્રકટર, સ્ટાર્ટર, વ્હીકલ એકઝામીનર, ચાર્જમેન, બોડીસ્મિથ, આસિસ્ટન્ટ બોડી-સ્મિથ, અપહોલ્સ્ટરર, મશીનીસ્ટ, વાયરમેન, વેલ્ડર, પેઈન્ટરનું કામ કરતા હોય તે પ્રકારના કસબનું કામ કરતાં ગમે તે નામે ઓળખાતા કામદારો.

૨.	અર્ધ કસબી	૬૪.૨૦

આસિસ્ટન્ટ અથવા જુનીયર કસબી કામદાર, કન્ડકટર, મશીનમેટ્રસ, ફીટર મેટ્રસ, ગ્રીસર, ઓઈલર, આસિસ્ટન્ટ આર્ટિઝન, જુનીયર ટ્રાફિક કન્ટ્રોલર, હવાલદાર, મુકાદમ, હેમરમેન, હમાલ અને કારકુની કામ કરતા કામદારો કરતા હોય તે પ્રકારનું અર્ધ કસબી કામ કરતા ગમે તે નામે ઓળખતા કામદારો.

૩.	બિન કસબી	૬૨.૬૦

હેલ્પર, વોશર, કલીનર, વોચમેન, મજદૂર, ઝાડુવાળો, પટાવાળો, ખલાસી, ટપાલી, ચોકીદાર, વોટરમેન, પોર્ટર, માળી, બેટરીબોય, પમ્પ ઓપરેટર અથવા બીજા પ્રકીર્ણ કામદારો કરતા હોય તે પ્રકારનું બિન કસબી કામ કરતા ગમે તે નામે ઓળખાતા કામદારો.

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :

(૧) સમગ્ર રાજ્ય એક ઝોન તરીકે ગણાશે.

(૨) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા કલાકો સમાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુતમ દર ઉપરાંત ખાસ ભથ્થું કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

INDEX

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાક્ટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તેવર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારને આપવામાં આવેલા આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રિન્ટીસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૪થી જુલાઈ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેઓચઆર/૧૨૩/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૩૩)/એમ(૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનત્તમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેઓચઆર/૧૨૩/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૩૩)/એમ(૨).--ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ નં. ૩૩ ભાગ ૧--એલમાં પ્રસિધ્ધ થયેલા શ્રમ,અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેઓચઆર-૧૭૨-એમડબલ્યુએ ૧૦૮૯-૯૩૩-એમ. ૨ અને તારીખ ૨૩મી ઓકટોબર, ૧૯૯૨ના સરકારી જાહેરનામાની રૂએ ગુજરાત સરકારે,

INDEX

સમગ્ર ગુજરાત રાજ્યમાં સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ પ્રી--વીવીંગ અને ટેક્ષટાઈલ ઉદ્યોગમાંનો રોજગાર કે જેમાં યાર્ન, કાપડ અથવા કાપડમાંથી બનાવેલી ચીજ-વસ્તુઓના વાઈન્ડીંગ, વાર્પીંગ, બીમીંગ, સાઈઝીંગ, ડ્રોઈંગ, રીડીંગ, વીવીંગ, ડાઈંગ, બ્લીચીંગ, કેલેન્ડરીંગ, ફોલ્ડીંગ, ફીનીશીંગ, મર્સરાઈઝીંગ, પ્રીન્ટીંગ અથવા ગ્લેઝીંગ અથવા તેને આનુષાંગિક અથવા પૂરક હોય તેવી કોઈ પ્રક્રિયા કરવામાં આવતી હોય તે (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી. અને સદરહુ જાહેરનામાના સબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા)ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ ૫ ની પેટા-કલમ (૧)ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ ૩ ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં, આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલ કામદારોના સંબંધમાં, કામ અને રોજગાર વિભાગના તારીખ : ૮મી જૂન, ૧૯૮૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૧૮૭/એમડબલ્યુએ/૧૦૮૬/૧૫૫૫૯/એમ. ૨ હેઠળ નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરો ફરી નક્કી કરે છે અને ઉપર્યુક્ત સરકારી જાહેરનામા હેઠળ નક્કી કરેલા દરો રદ કરીને, તેના દરો ફરીથી નક્કી કરે છે. જેથી તેમાં,--

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની જુદી જુદી કોલમમાં નિર્દિષ્ટ કરેલા ઝોનના સંબંધમાં, તેમની સામેનીકોલમમાં જણાવેલા વર્ગોના કામદારોને આવા ઝોનમાં દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાયા પ્રમાણેના મૂળભૂત દરોનો ; અને

(ખ) ખાસ ભથ્થાનો ;
સમાવેશ થાય છે,

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓક્ટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાના દર એવી રીતે સરભર કરવા કે—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મુળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું, દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે:

પરંતુ ૧લી ઓક્ટોબર, ૧૯૯૭થી શરૂ થતા છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

અનુસૂચિ

ક્રમાંક : ૩૩.

પ્રી-વીવીંગ અને ટેક્ષટાઈલ પ્રોસેસીંગ ઉદ્યોગમાંનો રોજગાર કે જેમાં યાર્ન, કાપડ અથવા કાપડમાંથી બનાવેલી ચીજ-વસ્તુઓના વાઈન્ડીંગ, વાર્પીંગ, બીમીંગ, સાઈઝીંગ, ડ્રોઈંગ, રીડીંગ, વીવીંગ, ડાઈંગ, બ્લીચીંગ, કેલેન્ડરીંગ, ફોલ્ડીંગ, ફીનીશીંગ, મર્સરાઈઝીંગ, પ્રીન્ટીંગ અથવા ગ્લેઝીંગની પ્રક્રિયા અથવા તેને આનુષંગિક અથવા પૂરક હોય તેવી પ્રક્રિયા કરવામાં આવતી હોય.

અનુ ક્રમાંક.	કામદારોના વર્ગો	દિવસ દીઠ આપવાના દર (રૂા.) ઝોન--૧	ઝોન--૨
૧.	૨.	૩.	૪.
૧.	કસબી	૬૧.૧૦	૬૦.૮૦
	મશીન ઓપરેટર, જોબર, ફલરમેન (રંગાટી), ફીટર, ઈલેક્ટ્રીશીયન, સ્ટેમ્પર, ફોલ્ડર, વાયરમેન, બોઈલર-એટેન્ડન્ટ, સુથાર, પ્રીન્ટર, કુંજવાળા, તપાસનાર, વારીસ સ્ટેન્ડર, મશીનમેન, કેલેન્ડર મશીનમેન, સ્કૂચરમેન, પોલોમાઈઝીંગ મશીનમેન ફીનીશીંગમેન, સ્ટીમ ફીનીશીંગમેન, ઝીરો ઝોરા મશીનમેન, રોટરી મશીનમેન, ડાઈંગ રેન્જ મશીનમેન, ગીગર મશીન મેન, સ્ટોરકીપર, કેશીયર, હેડ જમાદાર, ફાયરમેન.		
૨.	અર્ધ કસબી	૬૦.૬૦	૬૦.૨૦

INDEX

સ્ટીચરમેન, પેકર, બેલ્ટ ઓપરેટર, (પટા ચલાવનાર), બન્ડલર, આસિસ્ટન્ટ પ્રિન્ટર, આસિસ્ટન્ટ સ્ટેમ્પર, કટરમેન, હેલ્પર (કસબી કામદારોના મદદનીશ), ટેલીફોન ઓપરેટર, ટાઈમ કીપર, ગોડાઉન કીપર, આસિસ્ટન્ટ મશીનમેન, ઉઘરાણી કારકુન, ગેટકીપર.

૩.	બિન-કસબી	૫૯.૯૦	૫૯.૫૦

મજદૂર, કૂલી, ઝાડૂવાળો, કલીનર, વોચમેન, પમ્પમેન, ફાયર કૂલી.

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :

(૧)(ક) ઝોન ૧માં, મુંબઈ પ્રોવિન્સિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારોનો અને ઉપર્યુક્ત હદોથી ૧૦ કિલોમીટરના ઘેરાવા-અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન ૨ માં, ઝોન ૧ માં સમાવેશ કર્યો હોય તે વિસ્તારો સિવાયના, ગુજરાત રાજ્યમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(૨) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું, કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાકટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારોને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરૂષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી જુલાઈ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૧૨૪/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૩૪)/એમ(૨)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૧૨૪/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/(૩૪)/એમ(૨).—ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ નં. ૩૩ ભાગ-૧-એલમાં પ્રસિદ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક. કેએચઆર-૧૭૨-એમડબલ્યુએ-૧૦૮૯-૯૩૩-એમ.૨ અને તારીખ ૨૩મી ઓકટોબર, ૧૯૯૨ના સરકારી જાહેરનામાની રૂએ, ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ જેમાં લેટર પ્રેસ લીથોગ્રાફી, ફોટો ગ્રેવર દ્વારા મુદ્રણની કોઈ પ્રક્રિયા અથવા તેના જેવું અન્ય કામ અથવા આનુષંગિક કામ અથવા આવી પ્રક્રિયા અથવા બુક બાઈન્ડીંગ કામ કરવામાં આવતા હોય તેવા કોઈ ઉદ્યોગમાંના રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી;

અને, સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા)ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ ૫ની પેટા-કલમ (૧)ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ ૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં, આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૦મી ઓગષ્ટ, ૧૯૮૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૫૦૩/એમડબલ્યુએ/૩૦૮૧/૪૦૬૪૦/એમ.૨ હેઠળ સુધારેલા વેતનના ન્યુનતમ દરો ફરી સુધારે છે અને ઉપર્યુકત સરકારી જાહેરનામા હેઠળ સુધારેલા દરો રદ કરીને, તે દરો ફરીથી નક્કી કરે છે, જેથી તેમાં,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની જુદી જુદી કોલમમાં નિર્દિષ્ટ કરેલા ઝોનના સંબંધમાં, તેમની સામેની જુદી જુદી કોલમમાં જણાવેલા, વર્ગોના કામદારોને આવા ઝોનમાં દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોનો; અને

(ખ) ખાસ ભથ્થાંનો;

સમાવેશ થાય છે.

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતાં પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાનાં દર એવી રીતે સરભર કરવો કે—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું, દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈંટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે:

પરંતુ, ૧લી ઓકટોબર, ૧૯૯૭ થી શરૂ થતાં છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાંનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

INDEX

અનુસૂચિ

ક્રમાંક ૧ ૩૪.

જેમાં લેટર પ્રેસ, લીથોગ્રાફી, ફોટો ગ્રેવર દ્વારા મુદ્રણની કોઈ પ્રક્રિયા અથવા તેના જેવું અન્ય કામ અથવા આનુષંગિક કામ અથવા આવી પ્રક્રિયા અથવા બુક બાઈન્ડિંગ કામ કરવામાં આવતા હોય તેવા કોઈ ઉદ્યોગમાંનો રોજગાર.

અનુક્રમાંક	કામદારોના વર્ગો.	દિવસદીઠ આપવાના દર (રૂ.) ઝોન–૧	ઝોન–૨	ઝોન–૩
૧	૨	૩	૪	૫
૧.	કસબી ક	૬૧.૧૦	૬૦.૮૦	૬૦.૫૦

લાઈનો-ટાઈપ ઓપરેટર, કેમેરા ઓપરેટર, ટાઈ-કલર-એચર અથવા મલ્ટી કોમ એચર, રોટરી પ્રેસમેન, કોમર્શિયલ આર્ટીસ્ટ, અથવા ડિઝાઈનર લીથો આર્ટીસ્ટ, અથવા કેલીગ્રાફર, નેગેટીવ પ્રોઝેટીવ રીટચર, ઓફસેટ પ્રિન્ટર, સ્ટેનોગ્રાફર, ટેલી-પ્રિન્ટર, ઓપરેટર, લાયક હિસાબનીશ, કેશીયર, લુડલો ઓપરેટર, મોનો ટાઈપ કી બોર્ડ ઓપરેટર, પ્રુફ રીડર, મલ્ટી કલર પ્રુફ પ્રિન્ટર, લીથો ઓફ-સેટ ટ્રાન્સફર પ્રિન્ટર, ઓફસેટ પ્લેટ મેકર, લીથો ઓફ-સેટ કોપી પેસ્ટર, રીટચર અથવા ટચર, ફોટો ગ્રેવર એચર, ફોટો-ગ્રેવર લે-આઉટ મેન, લીથો પ્લેટ બેડ પ્રિન્ટર, પંચ મેકર, એન્વેલપ મશીનમેન, ડાઈમેકર, એમ્બોસીંગ મશીનમેન, મિકેનીક, ઈલેકટ્રીશીયન સ્ટેનો ટાઈપીસ્ટ, બાઈન્ડર (વોલ્યુમ અને વેજર) બ્લોક મેકર, (ઈન્ટીગ્રેટેડ), કમ્પોઝીટર (ડિસપ્લે અને પેજમેકીંગ) ઓફ-સેટ પ્લેટ મેકર, એકસરસાઈઝ બુક મશીનમેન, હેડ કલાર્ક, ફોરમેન, સુપરવાઈઝર, અથવા સેકશન હેડ, સિલિન્ડર પ્રેસમેન, (ઓટોમેટીક), મેટ્રીકસ મેકર, બુક કેઈસ મશીનમેન.

૨.	કસબી ખ	૬૦.૫૦	૬૦.૩૦	૬૦.૦૦

ઈમ્પોઝર, મોનો-ટાઈપ કાસ્ટર, ટાઈપ કાસ્ટર, સ્ટેરો-ટાઈપર અથવા સ્ટેરો કાસ્ટર, સ્ટેરો બેન્ચર-સાહ-માઉન્ટર, લાઈન અચર, લાઈનો એચર, ટ્રાન્સફર પ્રિન્ટર, (બ્લોકસ) એન્ગ્રેવર, રુટર, માઉન્ટર, સિલિન્ડર પ્રેસમેન (હેન્ડફેડ) ડાઈ સ્ટેમ્પર, અથવા ડાઈ પ્લેટ પ્રિન્ટર, ગિલ્ડર, ઈન્ટર-લે-કટર, કાસ્ટર અથવા ગિલોટીમેન, સુથાર, ડ્રાઈવર, સ્ટોર અથવા ગોડાઉનકીપર, કલાર્ક, ટાઈમ કીપર, ટાઈપીસ્ટ, ટેલીફોન ઓપરેટર, એડેમા મશીનમેન, સિલિન્ડર ગ્રેઈનર, કોપી હોલ્ડર, ટ્રેડલ પ્રેસમેન, અથવા પ્લેટમેન બાઈન્ડર, સુઈંગ મશીનમેન, ફેલ્ડીંગ મશીનમેન, રુલીંગ મશીનમેન, બોક્ષ પંચર, સ્કોરર અથવા બેન્ડર, હેન્ડ બોક્ષ અથવા એન્વેલોપ મેકર હિસાબનીશ, કમ્પોઝીટર, (કરેકશન) સુપર ટાઈપ કાસ્ટર, ફાઉન્ડીમેન (ઈન્ટીગ્રેટેડ) પ્લેટન પ્રેસમેન (ઓટોમેટીક) નંબર સેટર, થ્રી કન્વેસ ટ્રીમર, આસિસ્ટન્ટ આર્ટીસ્ટ, નંબરીંગ મશીનમેન, આસિસ્ટન્ટ મશીનમેન.

૩.	અર્ધ કસબી ખ	૫૯.૭૦	૫૯.૫૦	૫૯.૨૦

ડિસ્ટ્રીબ્યુટર, આસિસ્ટન્ટ કેમેરા ઓપરેટર, આસીસ્ટન્ટ ટ્રાન્સફર પ્રિન્ટર, આસીસ્ટન્ટ એચર, લેટર પ્રેસ સિલિન્ડર ફીડર, કાઉન્ટર, લેટર પ્રેસ પ્લેટ ફીડર, ચેકર, નંબર અથવા પેજીંગમેન, પેકર, આસીસ્ટન્ટ ઈમ્પોઝીંગ મશીનમેન, આસીસ્ટન્ટ ટચર, આસીસ્ટન્ટ કોપી પેસ્ટર, ઓફસેટ ફીડર, ફ્લેટ બેડ ફીડર વાર્નિશર વેકસ મશીનમેન, ફોલ્ડ પાઉડર વાયરમેન, ટાઈપ કટર, કમ્પોઝીટર, (રનીંગ) લાઈન હોલર, પ્રુફ પુલર, અથવા ગેલી પ્રેસમેન, ટાઈપ ડ્રેસર, રોલર મેકર અથવા રોલર કાસ્ટર, પ્લેટ ગ્રેઈનર અથવા ગ્રાઈન્ડર, ઈન્ક ગ્રાઈન્ડર, નાઈફ સાર્પનર, વાયર સ્ટીચર, પરફોરેટર, લેબલ પંચર, રુલીંગ ફીડર, બીનીંગ મેન, મેટલ કાસ્ટર અથવા લેડમેલ્ટ ટાઈપ અથવા ફાઉન્ટ બાઈન્ડર, રોલર સ્ટીચર, નંબરીંગ ફીડર, ગર્સીંગ મશીનમેન.

૪.	બિન-કસબી	૫૮.૯૦	૫૮.૬૦	૫૮.૩૦

સ્ટીરીઓ-બોલર, રોટરી બોલર, સિલિન્ડર બોલર (ફોટો ગ્રેવ્યુર અને લેટર પ્રેસ). હેન્ડ ફોલ્ડર, મદદનીશ કારપેંટર, સ્ટોન ગ્રાઈન્ડર, બોલર, હેલ્પર, બાઈન્ડીંગ બોય, ક્લીનર, ઝાડુવાળો, પટાવાળો, મેસેન્જર, વોચમેન, મજદૂર, ટાઈપ જેટ બ્રુકર અથવા પોલીશર.

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :–

(૧) (ક) ઝોન-૧માં, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારોનો અને ઉપર્યુકત હદોથી ૧૦ કિલોમીટરના ઘેરાવા અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન-૨માં પ્રાપ્ય છેલ્લી વસ્તી ગણતરીના આંકડા અનુસાર, એક લાખ અને તેની ઉપરના વસ્તીવાળા નગરો અને શહેરોની હદોની અંદરના વિસ્તારોનો અને ઉપર્યુકત હદોથી પાંચ કિલોમીટરના ઘેરાવા—અંતરની અંદર આવતા વિસ્તારોનો સમાવેશ થશે.

(ગ) ઝોન-૩માં ઝોન-૧ અને ઝોન-૨માં સમાવેશ કર્યો ન હોય તે વિસ્તારો સિવાયના, ગુજરાત રાજ્યમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

INDEX

(૨) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામનો જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું, કામદાર જે વર્ગનોહોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) કોરુગેટેડ બોક્ષ બનાવતા કારખાનાઓ પણ ઉપરના વેતનના ન્યુનતમ દરો આપશે.

(૪) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારની વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૫) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૬) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાક્ટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૭) કામદારોને આપવામાં અવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૮) પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૯) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી જુલાઈ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૬મી જૂન, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. કેપા/૧૯૯૭ની ૬૩-વીબીએન/૩૫૯૭-૫૪૧-૪/ચ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

GUJARAT PANCHAYATS ACT, 1993

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામુ

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી જૂન, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપા/૧૯૯૭ની ૬૩-વીબીએન/૩૫૯૭-૫૪૧-૪/ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ—૭૪ મળેલી સત્તાનો રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત માંડવી અને જિલ્લા પંચાયત સુરત સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી ;

INDEX

(૧) અનુસૂચિના કોલમ—૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંની કોલમ—૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ—૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ—૬માં જણાવેલા નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ નં	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	માંડવી	ખંજરોલી	૧. ખંજરોલી (મહેસૂલી ગામ)		૧. ખંજરોલી	૧. ખંજરોલી (મહેસૂલી ગામ)
			૨. પીપરિઆ (મહેસૂલી ગામ)	૧. પીપરિઆ (મહેસૂલી ગામ)	૨. પીપરિઆ	૨. પીપરિઆ (મહેસૂલી ગામ)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. જે. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી જુલાઈ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૧મી જૂન, ૧૯૯૭ના ગુજરાત સરકારના મહિલા, યુવકવિકાસ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, નશાબંધી અને આબકારી વિભાગના સરકારી જાહેરનામાં ક્રમાંક. : જી/વાયસી/૭ એમએલએસ/૧૦૯૦/૨૦૫૩/૯૬/ડીનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

BOMBAY PROHIBITION ACT, 1949

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ હેઠળ જાહેરનામું

મહિલા, યુવકવિકાસ, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, નશાબંધી અને આબકારી વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જૂન, ૧૯૯૭.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક..જી/વાયસી/૭/એમએલએસ/૧૦૯૦/૨૦૫૩/૯૬/ડી.—નિયમોનો આમુક મુસદ્દો, મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ—૧૪૩ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, સમાજકલ્યાણ વિભાગના તારીખ ૮મી નવેમ્બર, ૧૯૯૬ના સરકારી

INDEX

જાહેરનામા ક્રમાંક : જીએચ/ઓલ/૫૦/એમઓલએસ/૧૦૯૦/૫૫૩૭(૯૬)એમ, હેઠળ, તારીખ ૧૩મી ફેબ્રુઆરી, ૧૯૯૭ના ગુજરાત રાજપત્ર ભાગ—૪-બીના પાના નં. ૨૫ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી, વાંધા અને સૂચનો, સદરહુ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર મંગાવ્યા હતા અને તેથી, ઉપર્યુકત જાહેરનામાના મુસદ્દા અંગે મળેલ વાંધા અને સૂચનો, સરકારે વિચારણામાં લીધાં છે.

તેથી, હવે, મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫)ની કલમ—૧૪૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ કાકવી નિયમો, ૧૯૫૫ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:—

(૧) આ નિયમો, મુંબઈ કાકવી (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૭ કહેવાશે.

(૨) મુંબઈ કાકવી નિયમો, ૧૯૫૫માં, નિયમ—૨૧માં, પેટા નિયમ (૧)માં, "૧૦ મેટ્રિકટન કરતાં વધુ" એ શબ્દો અને આંકડાને બદલે, "૫ મેટ્રિકટન કરતાં વધુ" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એસ. એમ. ચુનારા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી જૂલાઈ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી મે, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. : જી/જી/૬૮/૯૭/એમવીઆર-૧૦૯૫/૩૬૭૩/ખ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી મે, ૧૯૯૭.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૬૮/૯૭/એમવીઆર-૧૦૯૫/૩૬૭૩/ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૨૮ની પેટા-કલમ (૧) અને પેટા-કલમ (૨)ના ખંડ (ડ) અને કલમ ૩૮ની પેટા-કલમ (૨)ના ખંડો (ધ) અને (ચ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૧૨ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે સદરહુ મુસદ્દો, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા ત્યાર પછી ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈપણ વ્યકિત તરફથી જે કંઈ વાંધા અથવા સૂચનો, અધિક મુખ્ય સચિવ (વાહન વ્યવહાર), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જી/જી/૬૮/૯૭/એમવીઆર/૧૦૯૫/૩૬૭૩/ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૨૮ની પેટા-કલમ (૧) અને પેટા-કલમ (૨)ના ખંડ (ડ) અને કલમ ૩૮ની પેટા-કલમ (૨)ના ખંડો (ધ) અને (ચ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે:

INDEX

૧. આ નિયમો ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૭ કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં નિયમ ૧૮માં, પેટા નિયમ (૨)માં ખંડ (૩) ને બદલે નીચેનો મજકૂર મુકવો:—

"(૩) અરજદાર જે વિસ્તારમાં રહેતો હોય તેના પોલીસ મથક અથવા રાજપત્રિત અધિકારી અથવા ગ્રામ પંચાયતના સરપંચ, અથવા મ્યુનિસિપલ બરોના પ્રમુખ અથવા નગરપાલિકાના પ્રમુખ અથવા મ્યુનિસિપલ કોર્પોરેશનના કાઉન્સિલર અથવા વિધાનસભાના સભ્ય અથવા સંસદ સભ્ય પાસેથી મેળવેલ નૈતિક ચારિત્ર્યનો રિપોર્ટ".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૩૦માં, પેટા-નિયમ (૨)માં, ખંડ (ધ) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો:—

"(ધ) અરજદાર જે વિસ્તારમાં રહેતો હોય તેના પોલીસ મથક અથવા રાજપત્રિત અધિકારી અથવા ગ્રામ પંચાયતના સરપંચ, અથવા મ્યુનિસિપલ બરોના પ્રમુખ અથવા નગરપાલિકાના પ્રમુખ અથવા મ્યુનિસિપલ કોર્પોરેશનના કાઉન્સિલર અથવા વિધાનસભાના સભ્ય અથવા સંસદ સભ્ય પાસેથી મેળવેલ નૈતિક ચારિત્ર્યનો રિપોર્ટ".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જસવંત ગાંધી,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી જુલાઈ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૩મી મે, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીજીં/૯૭/૬૭/એમવીએ/૧૮૯૭/૯૦૩/ખ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી મે, ૧૯૯૭.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક: જી/જી/૯૭/૬૭/એમવીએ/૧૮૯૭/૯૦૩/ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (૧૯૮૮ના ૫૯મા)ની કલમ—૬૭ની પેટા-કલમ (૧)ના ખંડ (ધ)(૧) થી મળેલી સત્તાની રૂએ અને ગૃહ વિભાગનું તારીખ ૨૦—૮—૧૯૯૩નું સરકારી જાહેરનામું ક્રમાંક: જી/જી/૯૩/૧૦૯/એમવીએ/૧૮૯૩/૧૯૮૩/ખ રદ કરીને, ગુજરાત સરકાર, સદરહુ પેટા-કલમ (૧)ના ખંડો (ક) થી (ધ)ની જોગવાઈઓને લક્ષમાં લઈને આથી, રાજ્ય વાહન વ્યવહાર સત્તામંડળ, ગુજરાત રાજ્ય, અમદાવાદને આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કર્યા, પ્રમાણેના વિસ્તારોમાં ચલાવાતા, અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વીસ, અમદાવાદ દ્વારા ચલાવવામાં આવતા સ્ટેજ કેરેજો માટે ભાડા અને નૂર નક્કી કરવા સંબંધી આદેશો કાઢે છે.

આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ—૧ અને ૨ માં તેમના સામે અનુક્રમે નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં અને રૂટો પર ચલાવાતા સ્ટેજ કેરેજો માટે (તે સમયે અમલમાં હોય તેવા મુંબઈ મોટર વાહન (ઉતારુ વેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૭મા) હેઠળ લીધેલ અથવા લેવાપાત્ર ઉતારુ વેરો હોય તો તેની રકમ સહિત) ભાડું અને નૂર, સદરહુ અનુસૂચિના કોલમ—૩ અને ૪ માં અનુક્રમે તેની સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણે આવા અધિકતમ ભાડા અને નૂરને આધીન રહેશે:

પરંતુ વિદ્યાર્થી દ્વારા કરવામાં આવેલી કોઈ મુસાફરીના કેસમાં, આવો કોઈ વેરો લેવાપાત્ર ન હોય તો, આવી મુસાફરી માટેનું ભાડું એવી રીતે નક્કી કરવું જોઈશે કે જેથી તેમાંથી એવા વેરાની રકમ બાદ કરી શકાય.

INDEX

અનુસૂચિ

વિસ્તાર	રૂટ	ઉતારુ વેરા સહિત વધારેમાં વધારે ભાડું	નૂર
૧	૨	૩	૪
મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયેલ અમદાવાદ શહેરના સમાવિષ્ટ વિસ્તારો અને અમદાવાદ કેન્ટોનમેન્ટ અને તે વિસ્તારો પૈકીના કોઈ વિસ્તારોની લગોલગના અન્ય વિસ્તારો અને ઉપર્યુક્ત વિસ્તારો પૈકીના કોઈ વિસ્તારની વચ્ચેના વિસ્તારો.	(૧) અમદાવાદ શહેર અને અમદાવાદ કેન્ટોનમેન્ટ અંદરના તમામ રુટો.	(૧) પ્રથમ સ્ટેજ અથવા તેના ભાગ માટે ઉતારુ દીઠ ૧૫૦ (એકસો પચાસ) પૈસા.	(૧) પ્રથમ ત્રણ સ્ટેજ અથવા તેના ભાગ માટે દાગીના દીઠ ૩૦૦ (ત્રણસો) પૈસા.
	(૨) મુંબઈ મોટર વાહન (ઉતારુ વેરા) અધિનિયમ, ૧૯૫૮ની કલમ-૩ના પરંતુક હેઠળ માન્ય કરેલા અમદાવાદ શહેરની અને અમદાવાદ કેન્ટોનમેન્ટની લગોલગના વિસ્તારોમાં પુરા પાડેલા રુટો.	(૨) ત્યારપછી, ૪ સ્ટેજ અથવા તેના ભાગ જેટલા અંતર માટે ઉતારુ દીઠ એક સ્ટેજ દીઠ ૫૦ (પચાસ) પૈસાનો વધારો.	(૨) ૩ સ્ટેજ કરતાં વધુ પરંતુ ૬ સ્ટેજ કરતાં વધુ નહિ તેટલા અંતર માટે દાગીના દીઠ ૪૦૦ (ચારસો) પૈસા.
		(૩) ત્યાર પછી, ૪ સ્ટેજથી વધુ અથવા તેના ભાગ જેટલા અંતર માટે દર બે સ્ટેજ દીઠ ઉતારુ દીઠ ૫૦ (પચાસ) પૈસાનો વધારો.	(૩) ૬ સ્ટેજ કરતાં વધુ અંતર માટે દાગીના દીઠ ૫૦૦ (પાંચસો) પૈસા : પરંતુ એકંદર ૫ કિલોગ્રામ કરતાં વધારે વજનના ન હોય તેવા દાગીનાનો ચાર્જ લેવામાં આવશે નહિ.
		અમદાવાદ મ્યુનિસિપલ ટ્રાન્સપોર્ટ સર્વીસ દ્વારા જાહેર કરાયેલ અને સ્થાનિક વાહન વ્યવહાર સત્તામંડળ અમદાવાદે માન્ય કરેલ એવી કોઈ એકસપ્રેસ સેવા જ્યાં પૂરી પડાતી હોય ત્યાં (૧), (૨) અને (૩)માં દર્શાવેલ દરો જેટલા અને તે ઉપરાંત ૫૦ ટકા.	ઉતારુઓના સફર સામાન સિવાયના નાના પાર્સલ લઈ જતાં સ્ટેજ કેરેજ (સીંગલ ડેકર) સ્થાનિક વાહનવ્યવહાર સત્તામંડળ, અમદાવાદે મૂકેલી શરતોને આધીન રહેશે.
		જ્યાં ખાસ પ્રસંગે, મેળા અથવા મેળાવડા માટે બસ સેવા પૂરી પડાઈ હોય ત્યાં ઉપર દર્શાવ્યા પ્રમાણેના ભાડાના દરો લેવાશે : પરંતુ ચડવાનું સ્થળ સ્ટેજ પોઈન્ટ ન હોય, ત્યારે પ્રવાસ કરેલ અંતરની ગણતરી તરતજ આગાઉના સ્ટેજ પોઈન્ટથી કરવી જોઈશે અને ઉતરવાનું સ્થળ સ્ટેજ પોઈન્ટ ન હોય, ત્યારે પ્રવાસ કરેલ અંતરની ગણતરી, ત્યાર પછી તરત જ આવતા સ્ટેજ પોઈન્ટ સુધી કરવી જોઈશે.	

નોંધ :—(૧) આ જાહેરનામાના હેતુ માટે "સ્ટેજ" એ શબ્દનો અર્થ બે કિલોમીટરનું અંતર એવો થશે.
(૨) આ જાહેરનામામાં, "ઉતારુ" એ શબ્દનો અર્થ, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ—૨ના ખંડ (ઝ) અને નિયમ—૧૧૯ના પેટા-નિયમ (૧)માં વ્યાખ્યા કર્યા પ્રમાણે જે અર્થ કર્યો છે તે જ થશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જસવંત ગાંધી,
સરકારના ઉપસચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી જુલાઈ, ૧૯૯૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી જુન, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જી/જી/૯૭/૭૯/જેમવીઆર-૧૦૯૫-૩૨૮૯-ખ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબસચિવ.

Notification

re

AMENDMENT TO THE BOMBAY MOTOR VEHICLES TAX RULES, 1959

મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જુન, ૧૯૯૭.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જી/જી/૯૭/૭૯/જેમવીઆર-૧૦૯૫-૩૨૮૯ ખ.— મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ના કલમ ૨૩ની પેટા કલમ (૨) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ—૨૩ની પેટા—કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે, આથી નોટીસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજ્યમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ (વાહન વ્યવહાર) ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કોઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જી/જી/૯૭/૭૯/જેમવીઆર-૧૦૯૫-૩૨૮૯-ખ.— મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા) નીં કલમ ૨૩ની પેટા-કલમ(૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે.—

૧. આ નિયમો મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૭ કહેવાશે.

૨. મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો," તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૭મા, "જેની હકૂમતની અંદર મોટર વાહન ઉપયોગમાં લેવાનું હોય અથવા ઉપયોગ માટે રાખવાનું હોય" એ શબ્દોને બદલે, "જેની હકૂમતની અંદર મોટર વાહન રજિસ્ટર કરવામાં આવ્યું હોય અથવા મોટર વાહનનો માલિકી હક તબદીલ કરવામાં આવ્યો હોય અથવા મોટર વાહનના માલિકે સરનામામાં ફેરફાર કર્યો હોય તેવ કિસ્સામાં વાહનના માલિકી હક્કની આવી તબદીલી અથવા સરનામાનો ફેરફાર વાહનના રજિસ્ટ્રેશનના પ્રમાણપત્રમાં નોંધવામાં આવ્યો હોય" એ શબ્દો મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, નિયમ-૯માં, "જેની હકૂમતની અંદર મોટર વાહન ઉપયોગમાં લેવાનું હોય અથવા ઉપયોગ માટે રાખવાનું હોય", એ શબ્દોને બદલે, "જેની હકૂમતની અંદર મોટર વાહન રજિસ્ટર કરવામાં આવ્યું હોય અથવા મોટર વાહનનો માલિકી હક તબદીલ કરવામાં આવ્યો હોય અથવા મોટર વાહનના માલિકે સરનામામાં ફેરફાર કર્યો હોય તેવા કિસ્સામાં, વાહનના માલિકી હકની આવી તબદીલી અથવા સરનામામાં ફેરફાર વાહનના રજિસ્ટ્રેશનના પ્રમાણપત્રમાં નોંધવામાં આવ્યા હોય, " એ શબ્દો મૂકવા.

૪. સદરહુ નિયમોમાં, નિયમ-૧૨માં, પેટા-નિયમ (૧) અને (૧-ક) માં, "જેની હકૂમતની અંદર મોટર વાહન ઉપયોગમાં લેવાનું હોય અથવા ઉપયોગ માટે રાખવાનું હોય" એ શબ્દોને બદલે, "જેની હકૂમતની અંદર મોટર વાહન રજિસ્ટર કરવામાં આવ્યું હોય અથવા મોટર વાહનનો માલિકી હક્ક તબદીલ કરવામાં આવ્યો હોય અથવા મોટર વાહનના માલિકે સરનામાં માં ફેરફાર કર્યો હોય તેવ કિસ્સામાં, વાહનના માલિકી હકની આવી તબદીલી અથવા સરનામાનો ફેરફાર વાહનના રજિસ્ટ્રેશનના પ્રમાણ પત્રમાં નોંધવામાં આવ્યા હોય" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જસવંત ગાંધી,
સરકારના ઉપસચિવ,

———

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી જુલાઇ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭મી જૂન, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચઆર-૯૭-૧૬૦-બીઆરયુ-૧૦૯૪-૧૯૭-એમ(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE BOMBAY RELIEF UNDERTAKINGS (SPECIAL PROVISIONS) ACT, 1958.

મુંબઇ રાહત અંડરટેકિંગ (ખાસ જોગવાઇ) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જૂન, ૧૯૯૭.

મુંબઇ રાહત અંડરટેકિંગ (ખાસ જોગવાઇ) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના ૯૬મા).

ક્રમાંક : જીએચઆર-૯૭-૧૬૦-બીઆરયુ-૧૦૯૪-૧૯૭-એમ (૩).— શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૬મા આગસ્ટ ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર-૯૬-૧૬૯-બીઆરયુ-૧૦૯૪-૧૯૭-એમ (૩)થી ગુજરાત સરકારે જાહેર કર્યું હતું કે ધી સ્ટાર ઓફ ગુજરાત ટેક્ષટાઈલ મિલ્સ લિમિટેડ, અમદાવાદ (જેનો આમાં હવે પછી, "સદરહુ અંડરટેકિંગ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ને તારીખ ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૭થી બાર મહિનાની મુદત સુધી બેરોજગારી રાહતના પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવામાં આવશે.

અને, સદરહુ અંડરટેકિંગ તેવી રીતે ચલાવવાનું ચાલુ રાખવા જરૂરી બનાવે તેવા સંજોગો પ્રવર્તે છે. સદરહુ અધિનિયમના હેતુ માટે અને મુંબઇ રાહત અંડરટેકિંગ (ખાસ જોગવાઇ) અધિનિયમ, ૧૯૫૮ની કલમ ૪ની પેટા-કલમ (૧)નાં ખંડ (ક)ના પેટા-ખંડ (૪) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી.—

(ક) જાહેર કરે છે કે સદરહુ અંડરટેકિંગને ૧લી ફેબ્રુઆરી, ૧૯૯૭ થી શરૂ થતી બાર મહિનાની મુદત માટે, સદરહુ અધિનિયમના હેતુ માટે બેકારી રાહતના પગલાં તરીકે ઉપયોગી થવા માટે ચલાવવું જોઈશે અને ઉપર્યુકત જાહેરનામા હેઠળ સદરહું અંડરટેકિંગને રાહત અંડરટેકિંગ જાહેર કરવામાં આવે તે પહેલાં, સદરહુ અધિનિયમની કલમ ૩ હેઠળ મળેલ અથવા વ્હોરેલ તમામ હકો, વિશેષાધિકારો ફરજો, (બેંકોની જવાબદારીઓ સિવાયની) જવાબદારીઓ, તેના અમલ માટે કોઈ ઉપાય મોકૂફ રાખવા જોઈશે અને કોઈ કોર્ટ/ટ્રિબ્યુનલ /અધિકારી/સત્તામંડળ સમક્ષ તે સંબંધી, આનુષંગિત તમામ કાર્યવાહીઓ, ઉદ્યોગ વિભાગે જણાવ્યા પ્રમાણે વધુ એક વર્ષની મુદત માટે સ્થગિત કરવી, પુન: વ્યવસ્થા યોજના બીઆઇએફઆરનાં વિચારણા હેઠળ છે. અમે ૩૧-૧-૯૮સુધી અથવા બીઆઈએફઆર યોજના મંજૂર થાય તે મુદત સુધી,એ બેમાંથી જે વહેલું હોય તે, સદરહુ અધિનિયમની કલમ ૩ હેઠળ, સદરહુ અંડરટેકિંગને રાહત અંડરટેકિંગ જાહેર કર્યાની તારીખ ૧-૨-૯૭થી અમલમાં આવે તેમ, આને બીઆરયુ તરીકે જાહેર કરી શકીશું.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. ડી.નાયક,
ગુજરાતના સરકારનાં નાયબ સચિવ,

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/2.

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, AUGUST 28, 1997/BHADRA 6, 1919 [No. 35

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

તારીખ ૧--૭--૯૭ થી તારીખ ૩૧--૭--૯૭ દરમ્યાન પ્રસિદ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

અનુ. નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિધ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
		ભાગ–૯		
૧	૭૩	ભા.એ. ૨૪૪/૧-૭-૯૭ (જીએચએન-૧૮) જીએસટી-૧૦૯૭ (એસ-૪૯) ૩૦૨-ઠ	૨-૭-૯૭	વે. અને સં.બા. વિ.
		(જીએચએન-૧૭/સીએસટી-૧૦૯૭ (એસ.૮) (૫) ૧૦૩-ઠ		
૨	૭૪	ભા.એ. ૨૪૬/ (,, ૧૯) ૧૦૯૭-(એસ.૪૯) (૩૦૩) -ઠ	,,	,,
૩	૭૫	,, ૨૪૫ (,, ૨૦) એમએસએ-૧૦૯૭(એસ.૩૫ (૪૬)-ઠ	,,	,,
૪	૭૬	,, ૨૮૮/ સન ૧૯૯૭નો વટહુકમ ક્રમાંક ૩	૨૪-૭-૯૭	,,
૫	૭૭	(જીએચએન-૨૪) જીએસટી-૧૦૯૭-(એસ.૫૯-એ (૬)ઠ તા. ૨૨--૭--૯૭	૩૦-૭-૯૭	,,
૬	૭૮	સન ૧૯૯૭નો વટહુકમ ક્રમાંક : ૪	૩૧--૭--૯૭	,,

જે. કે. દવે,
વ્યવસ્થાપક
સરકારી મધ્યસ્થ પ્રેસ,
ગાંધીનગર.

IX-133

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/4.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, SEPTEMBER 4, 1997/BHADRA 13, 1919 [No. 36

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જુલાઈ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૩૦મી જૂન, ૧૯૯૭ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીકે/૩૧/૯૭/એઆરબી/૧૦૯૭/૩૮૬/આઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

GUJARAT PUBLIC WORKS CONTRACTS DISPUTES ARBITRATION TRIBUNAL ACT, 1992.

ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૯૨ હેઠળ જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જૂન, ૧૯૯૭.

ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૯૨.

ક્રમાંક : જીકે/૩૧/૯૭/એઆરબી/૧૦૯૭/૩૮૬/આઈ.—ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલ અધિનિયમ, ૧૯૯૨ (સન ૧૯૯૨ના ગુજરાતના ૪૪મા)ની કલમ ૩થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સીટી સીવીલ કોર્ટ, અમદાવાદના ન્યાયાધીશ શ્રી એમ. ડી. દવેને, ગુજરાત જાહેર બાંધકામ કરાર સંબંધી તકરાર લવાદી ટ્રિબ્યુનલના જ્યુડીશિયલ સભ્ય તરીકે પ્રતિ-નિયુક્તિના ધોરણે તારીખ ૩૦મી નવેમ્બર, ૧૯૯૭ સુધી નીમે છે. વધુમાં, શ્રી એમ. ડી. દવેને ફેર નિમણૂકના ધોરણે તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૯૭થી તેઓ ૬૨ વર્ષની ઉંમરના થાય એટલે કે તારીખ ૬ઠ્ઠી નવેમ્બર, ૧૯૯૯ સુધી નીમે છે.

પેાતે, જે તારીખથી તે હોદ્દાનો ચાર્જ સંભાળે તે તારીખથી તેમની નિમણૂક થયેલી છે એમ ગણાશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

શ્રીમતી બી. ડી. ત્રિવેદી,
સરકારના ઉપ સચિવ,
કાયદા વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી જુલાઈ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી મે, ૧૯૯૭ના ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના સરકારી ઠરાવ-નામાં ક્રમાંક : જીએચયુ-૯૩-(૧૯)-જીઆઈડી-૧૦૯૬-૧૬૨૪-જી. ૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે.

શ્રીમતી એમ. એસ. કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT MUNICIPAL ACT, 1963.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ જાહેરનામું

ઉદ્યોગ અને ખાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી મે, ૧૯૯૭.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : જીએચયુ-૯૩-(૧૯)-જીઆઈડી-૧૦૯૬-૧૬૨૪-જી. ૧.—ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૨૭૭ સાથે વાંચતા, કલમ ૨૬૪-ખ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો સદરહુ અધિનિયમની કલમ ૨૭૭ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને આથી નોટીસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પુરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુક્ત મુદત પુરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યક્તિ તરફથી, વડોદરા જિલ્લાના કલેક્ટર, વડોદરાને જે કોઈ વાંધા અથવા સૂચનો મળશે તેની સરકાર વિચારણા કરશે.

INDEX

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચયુ-૯૭-(૧૯)-જીઆઇડી-૧૦૯૬-૧૬૨૪-જી. ૧.—ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪માં)ની કલમ ૨૭૭ સાથે વાંચતા, કલમ ૨૬૪-ખ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :—

૧. ટૂંકી સંજ્ઞા.—આ નિયમો વાઘોડિયા નોટિફાઈડ એરિયા એકત્રિત વેરા નિયમો, ૧૯૯૭ કહેવાશે.

૨. વ્યાખ્યા.—આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો, —

(ક) "અધિનિયમ" એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩;

(ખ) "મકાન" એટલે અધિનિયમની કલમ ૨ના ખંડ (૨)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું મકાન;

(ગ) "રહેણાંકના હેતુઓ માટે વપરાતું મકાન" એટલે એકના એક કબજેદાર દ્વારા માનવ વપરાશ તરીકે અથવા વેપારના સામાન્ય ક્રમમાં વેચાણ માટે ઈરાદો ન હોય તે પશુઓ સહિતની માલ-મિલકતની કસ્ટડી માટેની જગ્યા તરીકે વપરાતું હોય તેવું કોઈપણ મકાન અથવા એકજ વાડમાંના સંખ્યાબંધ મકાનો.

(ઘ) "ધંધાના હેતુ માટે વપરાતું મકાન" એટલે કોઈપણ પ્રકારનો માલ અને સર્વિસ તૈયાર કરવા અથવા બનાવવા માટે અથવા વેપાર માટે અથવા હેરફેર ના ધંધા માટે અથવા રહેણાંક સિવાયના અન્ય કોઈપણ હેતુ માટે એકનો એક ભોગવટેદાર વાપરતો હોય તેવું કોઈપણ મકાન અથવા એક જ વાડમાંના સંખ્યાબંધ મકાનો.

સન ૧૯૬૨નો ગુજરાતનો ૨૩મો.

(ચ) "કોર્પોરેશન" એટલે ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ હેઠળ રચાયેલ ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશન.

(છ) "એકત્રિત વેરો" એટલે આ નિયમો હેઠળ નોટિફાઈડ એરિયામાં નાંખેલો વેરો.

(જ) "જમીન" એટલે અધિનિયમની કલમ-૨ના ખંડ (૧૧)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની જમીન;

(ઝ) "નોટિફાઈડ એરિયા અધિકારી" એટલે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ની કલમ ૧૬ હેઠળ આકારણી અને વસૂલાતના હેતુ માટે નીમેલ કોર્પોરેશનના કોઈ અધિકારી.

(ટ) "નોટિફાઈડ એરિયા" એટલે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ની કલમ ૧૬ હેઠળ તેવા વિસ્તાર તરીકે જાહેર કરેલ વિસ્તાર;

(ઠ) "ભોગવટેદાર" એટલે, યથાપ્રસંગ, માલિકીફેર ખતની રૂએ, લાઈસન્સદાર, પટેદાર અથવા મિલકતના માલિક તરીકે કોર્પોરેશનનો એલોટી (ભાડૂત) અથવા જે વ્યકિત ભાડાપટાની રૂએ અથવા દેખરેખ રાખનાર ટ્રસ્ટી તરીકે અથવા અન્યથા અથવા મિલકતનો કબજો ધરાવતી હોય તેવી વ્યકિત અથવા તે સમયે નોટિફાઈડ એરિયામાં આવેલ મિલકતના બીજા જે માલિકો કોઈપણ જમીન અથવા મકાનનું ભાડુ પોતે જાતે અથવા બીજી કોઈ વ્યકિતના એજન્ટ અથવા ટ્રસ્ટી તરીકે અથવા કોઈ મંડળી માટે અથવા કોઈ ધર્માદા અથવા સખાવતી હેતુઓ માટે સ્વીકારતા હોય અથવા જો એવી જમીન અથવા મકાન ગણોતિયાને ભાડે આપ્યું હોય, તો, એ રીતે ભાડું સ્વીકારે તે.

સ્પષ્ટીકરણ.—પટે લેનાર, માલિકી ફેરબતની રૂએ મિલકતનો કબજો ધરાવતી વ્યકિત, ભાડા પટો એ શબ્દોનો અર્થ યથાપ્રસંગ, કોર્પોરેશનના મિલકત નિકાલ અંગેના વિનિયમો, ૧૯૬૭ અથવા કોર્પોરેશનના જમીન નિકાલ અંગેના વિનિયમો, ૧૯૬૮ અથવા ભાડા વિનિયમો, ૧૯૭૧મા જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

(ડ) "માલિક" એટલે અધિનિયમની કલમ-૨ના ખંડ (૧૮)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની માલિક.

(ઢ) "વર્ષ" એટલે નાણાંકીય વર્ષ.

૩. એકત્રિત વેરાનો દર.—નોટિફાઈડ એરિયાની હદમાં આવેલ તમામ મકાનો અને જમીનો ઉપરનો એકત્રિત વેરો, નીચેના વેરાના બદલામાં, પૂરવણી-કમાં નિર્દિષ્ટ કરેલા દરે લેવામાં આવશે :—

(ક) મકાનો અથવા જમીનો ઉપરનો વેરો.

(ખ) સામાન્ય સફાઈ ઉપકર.

(ગ) દીવાબતી વેરો.

INDEX

૪. મુકિત:- (૧) નીચેનાને એકત્રિત વેરામાંથી મુકિત આપવામાં આવશે :-

(ક) કેન્દ્ર અથવા રાજ્ય સરકાર, પંચાયત, જિલ્લા સ્કૂલ બોર્ડ અને મ્યુનિસિપલ સ્કૂલ બિલ્ડીંગના માલિકીના મકાનો અને જમીન.

સન ૧૯૦૪નો કર્માંક ૭ સન ૧૯૬૫નો ગુજરાતનો ૨૫મો.

(ખ) પ્રાચીન સ્મારક જાળવણી અધિનિયમ, ૧૯૦૪ અથવા ગુજરાતનો પ્રાચીન સ્મારકો અને પુરાતત્વ વિષયક સ્થળો અને અવશેષો બાબતનો અધિનિયમ, ૧૯૬૫ના અર્થ મુજબ સંરક્ષિત સ્મારકો જાહેર કરેલ હોય અને જેમાંથી કોઈ મહેસૂલ કે ભાડું ઉપજતું ન હોય તેવા તમામ મકાનો અને જમીનો.

(ગ) જેમનો માત્ર જાહેર પૂજા માટે અથવા સખાવતી અને શૈક્ષણિક હેતુઓ માટે ઉપયોગ અથવા ભોગવટો કરવામાં આવતો હોય અને જેમાંથી કોઈ મહેસૂલ અથવા ભાડું ઉપજતું ન હોય તેવા તમામ મકાનો અને જમીનો અથવા તેના ભાગો.

(૨) માલ ઉત્પાદન કરવામાં અને સર્વિસમાં રોકાયેલ કોઈપણ ભોગવટેદારને, નીચે પ્રમાણે વેરો ભરવામાંથી મુકિત આપવામાં આવશે :-

(૧) ફાળવણીની તારીખથી શરૂ કરીને પ્રથમ વર્ષ માટે;

(૨) બીજા વર્ષથી પાંચમાં વર્ષ માટે ૫૦ ટકા સુધી.

(૩) એલોટી (ભાડૂત) ન હોય તેવો કોઈપણ ભોગવટેદાર, તે જમીન અથવા મકાનનો માલિક થાય અથવા જમીન કે મકાન મેળવે તે વર્ષની તે તારીખથી ઉપર જણાવ્યા પ્રમાણે મુકિત મેળવવા હકદાર થશે.

૫. એકત્રિત વેરાની આકારણી અને જવાબદારી. (ક) વેરો, અધિનિયમની જોગવાઈઓ અનુસાર, જેટલે સુધી લાગુ પાડી શકાય તેટલે સુધી આકારવો અને વસૂલ કરવો જોઈશે.

(ખ) ભોગવટેદાર, આ નિયમો હેઠળ વેરો ભરવા માટે પ્રથમત: જવાબદાર રહેશે.

(ગ) મકાનના બાંધકામનો માલિક, આ નિયમો હેઠળ, વેરો ભરવા માટે પ્રથમત: જવાબદાર રહેશે.

(ઘ) વેરો દર વર્ષે એપ્રિલ મહિનાની પહેલી તારીખે અથવા તે પહેલાં એક હપ્તામાં અગાઉથી ભરવો પડશે.

૬. માફી અને રિફંડ :- (ક) જો કોઈ મકાન અથવા જમીન આખા વર્ષ દરમિયાન ખાલી રહયા હોય અને તેનો ઉપયોગ થયો ન હોય અને નોટિફાઈડ એરિયા અધિકારી તે મતલબની નોટિસ આપી હોય તો વેરાની રકમના અર્ધાથી વધુ ન હોય તેટલા પ્રમાણમાં માફી અથવા રિફંડ આપવામાં આવશે.

પરંતુ આવી નોટિસ મળ્યાની તારીખની અગાઉની કોઈપણ મુદત માટે, કોઈપણ માફી કે રિફંડ અમલમાં આવશે નહિ.

(ખ) જો કોઈ મકાનનો કોઈપણ ભાગ તોડી પાડવામાં આવ્યો હોય તો વેરાની રકમના એક ચતુર્થાંશ કરતાં વધુ ન હોય તેટલા પ્રમાણમાં માફી અથવા રિફંડ આપવામાં આવશે.

૭. લેખિત નોટિસ આપવા બાબત.—નીચેની બાબતમાં નોટિફાઈડ એરિયા અધિકારીને એક મહિનાની અંદર લેખિત નોટિસ આપવાની કોઈ મકાન કે જમીન માલિકની ફરજ રહેશે.

(ક) મકાન નવું ઉભું કરવામાં અથવા બાંધવામાં આવ્યું હોય, તે બાબતમાં,

(ખ) આગાઉ જેની આકારણી કરવામાં આવી હોય તેવું કોઈ મકાન વધારવામાં આવ્યું હોય અથવા ફરી બાંધવામાં આવ્યું હોય અથવા ફરી બાંધકામ કરવામાં આવ્યું હોય અથવા તેમાં સુધારા વધારા કરવામાં આવ્યા હોય અથવા અન્યથા એવી રીતે સુધારો કરવામાં આવ્યો હોય, કે જેથી કરીને તેની મૂડીરૂપી કિંમત વધી જાય, તે બાબતમાં,

(ગ) આગાઉ જેની આકારણી કરવામાં આવી હોય તેવા કોઈ મકાન અથવા જમીનના ભાંગલા પાડવામાં આવ્યા હોય, તે બાબતમાં,

(ઘ) જો કોઈ મકાન સંપૂર્ણત: અથવા અંશત: તોડી પાડવામાં આવ્યું હોય અથવા આગથી નાશ પામ્યું હોય અથવા પડી ગયું હોય અથવા અન્યથા તેની ભાડાની કિંમત ઘટી ગઈ હોય, તે બાબતમાં,

સ્પષ્ટીકરણ.—એક મહિનાની મુદત (ક), (ખ), (ગ)ની બાબતમાં મકાન પુરું થયાની તારીખ અથવા તેના ભોગવટાની તારીખ એ બેમાંથી જે વહેલું હોય તે તારીખથી અને (ઘ)ની બાબતમાં બનાવ બન્યાની તારીખથી ગણવામાં આવશે.

INDEX

૮. નોટિસ મળે ત્યારે આકારણી કરવા બાબત:—(૧) નિયમ-૭ હેઠળ લેખિત નોટિસ મળે ત્યારે, નોટિફાઈડ એરીયા અધિકારીએ, જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, મકાનની આકારણી કરાવવી જોઈશે.

(૨) આવી આકારણી કર્યા પછી, નોટિફાઈડ એરિયા અધિકારીએ આવું મૂલ્યાંકન અલગ રાખેલી યાદીમાં નોંધવું જોઈશે અને વર્ષની સમાપ્તિ પછી, આકારણીમાં કરેલા આવા ફરફારો પ્રમાણિત આકારણીની યાદીમાં નોંધવા જોઈશે.

૯. ઉત્તરાધિકાર બાબત તકરાર હોય, ત્યારે આકારણીની યાદીમાં માલિકના નામ બાબત:—આકારણી યાદીમાં કોઈ મિલકતના માલિક તરીકે જેનું નામ દાખલ કર્યું હોય તે કોઈપણ વ્યક્તિના ઉત્તરાધિકાર સંબંધી કોઈ તકરાર હોય ત્યારે, ઉત્તરાધિકારના દાવેદારોમાંથી જે દાવેદાર ખરેખર ભોગવટાથી અથવા અન્યથા મિલકતનો કબજો ધરાવતો હોય તેનું નામ આકારણી યાદીમાં માલિક તરીકે દાખલ કરવું જોઈશે અને તકરારની પતાવટ અથવા સત્તા ધરાવતી કોર્ટનો હુકમ રજૂ કર્યે અથવા અન્ય રીતે અન્ય દાવેદાર નોટિફાઈડ એરીયા અધિકારીને ખાતરી ન કરાવે કે તે વ્યક્તિગત રીતે અથવા સંયુક્ત રીતે મિલકતના માલિક તરીકે હકદાર થાય છે ત્યાં સુધી, વેરો તેની પાસેથી વસૂલ કરવામાં આવશે.

૧૦. તબદીલ કરનારે અને તબદીલીથી લેનારે લેખિત નોટિસ આપવા બાબત.—કોઈ મકાન અથવા જમીનના સંબંધમાં, વેરા ભરવા માટે પ્રથમત: જવાબદાર કોઈ વ્યક્તિનો હક લેખિત લેખ દ્વારા અથવા અન્યથા તબદીલ થયો હોય, ત્યારે તબદીલ કરનારે અને તબદીલીથી લેનારે, તબદીલી કરવામાં આવી હોય તે પછી ત્રણ મહિનાની અંદર, નોટિફાઈડ એરિયા અધિકારીને લેખિત નોટિસ આપવી જોઈશે. જેઓ પોતાને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, આકારણી યાદીમાં તબદીલી કરનારને સ્થાને તબદીલીથી લેનારનું નામ દાખલ કરવાનો હુકમ કરશે, ત્યાર પછી, તબદીલીથી લેનાર, એવી રીતે તબદીલ થયેલી મિલકતના સંબંધમાં બાકી રકમ, હોય તો તે સહિત સમગ્ર વર્ષના લેણાં વેરા માટે જવાબદાર રહેશે.

૧૧. વારસદારોએ નોટિસ આપવા અને તેમની જવાબદારી બાબત.—કોઈ વ્યક્તિનું મૃત્યુ થાય તે પ્રસંગે, જેને મરહૂમના મિલકતના હક વારસ તરીકે અથવા બીજી રીતે તબદીલ થાય તે વ્યક્તિની કર ભરવાની પ્રથમત: જવાબદારી થશે. આવી વ્યક્તિએ મરહૂમના મૃત્યુની તારીખથી ત્રણ મહિનાની અંદર નોટિફાઈડ એરીયા અધિકારીને આવી તબદીલીની નોટિસ આપવી જોઈશે. નોટિફાઈડ એરીયા અધિકારીએ જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, મરહૂમના વારસદારોના નામો આકારણી યાદીમાં દાખલ કરવાનો હુકમ કરવો જોઈશે. અને આવા વારસદારો લેણાં નીકળતા વેરાની બાકી રકમ સહિત આખા વર્ષ માટેના લેણાં નીકળતાં વેરાની ચૂકવણી માટે જવાબદાર થશે.

૧૨. નિર્ણય આખરી ગણવા બાબત.—વેરા અને બીજી બાબતોના સંબંધમાં, તે અંગેનો નોટિફાઈડ એરીયા અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

પુરવણી—ખ.

(જુઓ નિયમ—૩)

વાઘોડિયા નોટિફાઈડ એરિયા માટેના એકત્રિત વેરાના દરો.

નોટિફાઈડ એરિયાનુ નામ	એકત્રિત વેરાનો દર.
૧	૨
વાઘોડિયા નોટિફાઈડ એરીયા (તાલુકો વાઘોડિયા) (જિલ્લો : વડોદરા)	(૧) રૂા. ૨૧૫૯૯૯થી વધુ ન હોય તેટલી વેરાપાત્ર કિંમત ઉપર ૧૨ ટકા (રૂા. ત્રણ લાખ સુધીની કિંમત કરેલ મિલકતો માટે).
	(૨) રૂા. ૨૧૫૯૯ થી વધુ પણ રૂા. ૩૬૦૦૦થી વધુ નહિ તેટલી વેરાપાત્ર કિંમત ઉપર ૧૨.૫ ટકા (રૂા. ત્રણ લાખથી ઉપરની અને રૂા. પાંચ લાખ સુધીની આકારેલી કિંમતની મિલકતો માટે.)
	(૩) રૂા. ૩૬૦૦૦/-થી વધુ આકારેલ કિંમત ઉપર ૧૩.૫ ટકા (રૂા. પાંચ લાખથી ઉપર આકારેલી કિંમતો)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. ડી. પટેલ,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જૂલાઈ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી જૂન, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: કેપી/૧૯૯૭નો ૬૧- વીબીએન/૩૫૯૪--૨૫૦૦ -૮૨-ચ.-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત, ગ્રામગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી જૂન, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૬૧-વીબીએન/૩૫૯૪--૨૫૦૦-૮૨-ચ,-- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)-ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત મહુવા અને જિલ્લા પંચાયત સુરત સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંની કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી :

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

ગા.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામેના નામ	નવા ગામેમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	મહુવા	કાણી	૧. કાણી (મહેસૂલી ગામ)		૧ કાણી	૧. કાણી (મહેસૂલી ગામ)
			૨. જોલ (મહેસૂલી ગામ)	૧. જોલ (મહેસૂલી ગામ)	૨. જોલ	૨. જોલ (મહેસૂલી ગામ)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. જે. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઈ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨જી જુલાઈ, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૭/૮૧/એમવીઆર/૧૫૯૬/૨૧૪૫/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨જી જુલાઈ, ૧૯૯૭

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૭/૮૧/એમવીઆર/૧૫૯૬/૨૧૪૫/ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૧૨૯ ના બીજા પરંતુક હેઠળ કઠવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૧૨ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે સદરહુ મુસદ્દો, આ જાહેરનામું પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પુરા થયે અથવા ત્યારપછી ગુજરાત સરકાર વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈપણ વ્યકિત તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, ગૃહ વિભાગ (વાહન વ્યવહાર), સચિવાલય, ગાંધીનગરને જે કંઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જી/જી/૯૭/૮૧/એમવીઆર/૧૫૯૬/૨૧૪૫/ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૧૨૯ ના બીજા પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે તેને અખત્યાર આપતી અન્ય તમામ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો "ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૭" કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો", તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૧૯૩માં,—

(ક) જોડ (ખ)માં, "૩૧મી ડિસેમ્બર, ૧૯૯૬" એ આકડા, અક્ષરો અને શબ્દોને બદલે, ૩૧મી ડિસેમ્બર, ૧૯૯૭" એ આંકડા, અક્ષરો અને શબ્દો મૂકવા.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જસવંત ગાંધી,
સરકારના ઉપસચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જલાઈ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી મે, ૧૯૯૭ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ/૯૭/૩૪/એમ/એસટીપી/૧૦૯૬/પુઓ—૮/ એચ--૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Order

Re

AMENDMENT TO THE GOVERNMENT ORDER, REVENUE DEPARTMENT No./GHM/92/59 M/STP/1483/UO/37/H.1 DATED THE 2ND JUNE, 1992.

મહેસૂલ વિભાગના તારીખ ૨જી જૂન, ૧૯૯૨ના સરકારી હુકમ ક્રમાંક : જીએચએમ/૯૨/૫૯/ એમ/એસટીપી/૧૪૮૩/યુઓ/૩૭/એચ.૧ સુધારવા સંબંધી હુકમ.

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી મે, ૧૯૯૭.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચ/એમ/૯૭/૩૪/એમ/એસટીપી/૧૦૯૬/યુઓ/૮/એચ. ૧.-- મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા)ની કલમ ૯ ના ખંડ (ક) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મહેસૂલ વિભાગના, તારીખ ૨જી, જૂન, ૧૯૯૨ના સરકારી હુકમ ક્રમાંક : જીએચએમ/૯૨/૫૯/એમ/એસટીપી/૧૪૮૩/યુઓ/૩૭/એચ.૧ ને નીચે પ્રમાણે સુધારે છે.--

સદરહુ જાહેરનામામાં, ખંડ (ક)માં, બાબત (૧)માં "૩૧મી માર્ચ, ૧૯૯૨," એ આંકડા અને શબ્દોને બદલે, "૩૧મી માર્ચ, ૧૯૯૯" એ આંકડા અને શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મહેન્દ્ર પી. દવે,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઈ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી જુન, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૪૭-વીબીએન-૩૪૯૫-૮૮-૬-ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતિ એમ. એસ. કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૦મી જૂન, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૪૭-વીબીએન-૩૪૯૫-૮૮-૬-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત ભીલોડા અને જિલ્લા પંચાયત સાબરકાંઠા સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧.	૨.	૩.	૪.	૫.	૬.	૭.
૧.	ભીલોડા	૧. ખુમાપુર	૧. ખુમાપુર (મહેસુલી ગામ)		૧. ખુમાપુર	૧. (૧)ખુમાપુર (મહેસુલી ગામ)
			૨. ભટેરા (મહેસુલી ગામ)	ભટેરા (મહેસુલી ગામ)	૨. ભટેરા	(૨) ચીલોડા (પેટા પરા)
			૩. ચીલોડા (પેટા પરા)			(૩) નવા ચીલોડા (પેટા પરા)
			૪. નવા ચીલોડા (પેટા પરા)			૨. ભટેરા (મહેસુલી ગામ)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. જે. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઈ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭મી જૂન, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૫૧-વીબીએન/૩૫૯૭-૫૪૨/ચ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જૂન, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૫૧--વીબીએન/૩૫૯૭-૫૪૨/ચ.--ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત ઉચ્છલ અને જિલ્લા પંચાયત સુરત સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી.

INDEX

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંની કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી ;

(૨) આ સાથે જોડેલી સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬ માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ.	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ.	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧.	૨.	૩.	૪.	૫.	૬.	૭.
૧.	ઉચ્છલ	કરોડ ગ્રુપ ગોમ પંચાયત	૧. કરોડ (મહેસૂલી ગામ)	૧. ફૂલઉમરાણ (મહેસૂલી ગામ)	૧. કરોડ	૧. કરોડ (મહેસૂલી ગામ)
			૨. ફૂલઉમરાણ (મહેસૂલી ગામ)	૨. ફૂલવાડી (પેટાપરા)	૨. ફૂલઉમરાણ	૨. (૧) ફૂલઉમરાણ. (મહેસૂલી ગામ)
			૩. ફૂલવાડી (પેટાપરા)	૩. આમોદા (પેટાપરા)		(૨) ફૂલવાડી (પેટાપરા)
			૪. આમોદા (પેટાપરા)	૪. પાણીબારા (પેટાપરા)		૩. આમોદા (પેટાપરા)
			૫. પાણીબારા (પેટાપરા)	૫. સેવતી (મહેસૂલી ગામ)		૪. પાણીબારા (પેટાપરા)
			૬. સેવતી (મહેસૂલી ગામ)	૬. નવી કાછલી (પેટાપરા)	૩. સેવતી	૩. (૧) સેવતી. (મહેસૂલી ગામ)
			૭. નવી કાછલી (પેટાપરા)	૭. આડગામ (પેટાપરા)		(૨) નવી કાછલી (પેટાપરા)
			૮. આડગામ (પેટાપરા)	૮. આરકાટી (પેટાપરા)		(૩) આડગામ (પેટાપરા)
			૯. આરકાટી (પેટાપરા)	૯. કુઈડા (પેટાપરા)		(૪) આરકાટી (પેટાપરા)
			૧૦. કુઈડા (પેટાપરા)			(૫) કુઈડા (પેટાપરા)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. જે. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ઓગસ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૧૦૪/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૧૬)/એમ(૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડીયા
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૧૦૪/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૧૬)એમ(૨).-- ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ નં.--૩૩ ભાગ.૧-એલ માં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ છઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક. : કેએચઆર-૧૭૨-એમડબલ્યુએ. ૧૦૮૯-૯૩૩-એમ ૨ ની રૂએ, ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ હોઝીયરી ઉદ્યોગમાંના રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે.

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા)ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ-૭ની પેટા-કલમ (૧)ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ ૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં, આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૧૯મી નવેમ્બર ૧૯૮૪ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૯૧૫/એમડબલ્યુએ/૬૩૮૩/એમ-૩૫૩/એમ. ૨ હેઠળ નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરો ફરી નક્કી કરે છે અને ઉપર્યુકત સરકારી જાહેરનામા હેઠળ નક્કી કરેલા દરો રદ કરીને, તે દરો ફરીથી નક્કી કરે છે જેથી તેમાં,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની જુદી જુદી કોલમમાં નિર્દિષ્ટ કરેલા ઝોનના સંબંધમાં તેમની સામેની જુદી જુદી કોલમમાં જણાવેલા વર્ગોના કામદારોને આવા ઝોનમાં અનુક્રમે દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોનો; અને

(ખ) ખાસ ભથ્થાનો;

સમાવેશ થાય છે.

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જુને અને તારીખ ૩૧મી ડીસેમ્બરે પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીને આવા ખાસ ભથ્થાના દર એવી રીતે સરભર કરવા કે—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું દૈનિક દિવસ દીઠ ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસદીઠ-૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે.

પરંતુ ૧લી ઓકટોબર, ૧૯૯૭થી શરૂ થતી છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

INDEX

અનુસૂચિ

ક્રમાંક : ૧૬.

હોઝીયરી ઉદ્યોગમાંના રોજગાર

અનુક્રમાંક	કામદારોના વર્ગો	દિવસ દીઠ આપવાના દરો (રૂ. માં) ઝોન--૧	ઝોન--૨
૧.	૨.	૩.	૪.
૧.	કસબી હિસાબનીશ, સુપરવાઈઝર, સેલ્સમેન, નીટિંગ માસ્ટર, મશીન ઓપરેટર, ડાઈંગ માસ્ટર, બ્લીચીંગ માસ્ટર પ્રિન્ટીંગ માસ્ટર, મુખ્ય બોઈલર પરિચારક, મુખ્ય વાયર મેન, કટીંગ માસ્ટર, મિકેનીક માસ્ટર, સ્ટોર્સીંગ માસ્ટર.	૬૨.૧૦	૬૦.૦૦
૨.	અર્ધ--કસબી વાર્પર, વિવર, નીટર (સર્કયુલર મશીન) આસિસ્ટન્ટ ડાઈંગ માસ્ટર, આસિસ્ટન્ટ બ્લીચીંગ માસ્ટર, આસ્સીસ્ટન્ટ પ્રિન્ટીંગ માસ્ટર, આસિસ્ટન્ટ મિકેનીક, વાયરમેન, શેપ કટર (મશીન), કટર, ચેઈન સ્ટોચર, ઓવરલોક મશીનમેન, ફ્લેટ મશીનમેન, આયર્નીંગ મેન, પ્રેસમેન.	૬૨.૧૦	૬૦.૦૦
૩	બિનકસબી પટાવાળા, વોચમેન, ઝાડુવાળો, હેલ્પર, ગડી કરનાર (ગડીમેન) ટાંકી કરનાર/ટાંકી મેન નેક કટર, ધાગા કટર, લેબલર, બોક્ષ પેકર/પેકર.	૬૦.૦૦	૫૭.૯૦

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :--

(૧)(ક) ઝોન ૧માં, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારનો અને ઉપર્યુકત હદોથી ૧૦ કિલોમીટરના ઘેરાવા-અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન ૨માં, ઝોન ૧ માં સમાવેશ કર્યો હોય તે વિસ્તારો સિવાયના, ગુજરાત રાજયમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(૨) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું, કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો તેને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રકટર અથવા એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારોને જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલાં રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજયપાલના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ.
શ્રમ અને રોજગાર વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧લી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી જુલાઇ, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૬/૮૦/એમવીઆર/૧૫૯૬/૨૧૪૫/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી આમ. એસ. કાપડિયા,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી જુલાઇ, ૧૯૯૭.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૬/૮૦/એમવીઆર/૧૫૯૬/૨૧૪૫/ખ. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા નિયમોનો મુસદ્દો, મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ (સન ૧૯૮૮ ના ૫૯મા)ની કલમ ૨૧૨ની પેટા કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે ગૃહ વિભાગના તારીખ ૨૭મી નવેમ્બર, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૬/૧૯૨/એમવીઆર/૧૫૯૬/૨૧૪૫/ખ હેઠળ, ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ-૪ એનાં પાના ૨૩૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી સન ૧૯૯૬ના ડિસેમ્બર મહિનાની, ૨૬ મી તારીખ સુધીમાં વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા.

અને, સદરહુ જાહેરનામા સંબંધમાં સરકારને કોઈપણ વાંધા અથવા સૂચનો મળ્યા નથી.

તેથી, હવે, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૧૨૯ના બીજા પરંતુકથી અને આ અર્થે તેને અખત્યાર આપતી તમામ સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે.

(૧) આ નિયમો ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૭ કહેવાશે.

(૨) ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં નિયમ ૧૯૩માં ખંડ (ખ) માં, "૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૫" આ આંકડા અક્ષરો અને શબ્દોને બદલે," ૩૧ મી ડિસેમ્બર, ૧૯૯૬" એ આંકડા અક્ષરો અને શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જશવંત ગાંધી,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમા પ્રસિધ્ધ થયેલાતારીખ ૧૩મી જૂન, ૧૯૯૭ના ગુજરાત સરકારનો પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૭નો ૪૮-વીબીએન-૩૧૯૬-૨૪૨૬-૧૬/ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડાયા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી જૂન , ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૪૮-વીબીએન-૩૧૯૬-૨૪૨૬-૧૬-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ-૭ થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત કલોલ અને જિલ્લા પંચાયત મહેસાણા સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :—

(૧) અનુસૂચિના કોલમ-૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંની કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી ;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ-૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ-૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલા નવા ગામોનાં નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	કલોલ	વેડા	૧. વેડા (મહેસૂલી ગામ).	૧. વેડા	૧. વેડા	૧. વેડા (મહેસૂલી ગામ).
			૨. હિમ્મતપુરા (પેટા પરા)	૧. હિમ્મતપુરા	૨.હિમ્મતપુરા	૨. હિમ્મતપુરા (પેટા પરા)

વૈધાનિક અને સંસદીય બાબાતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૬મી જૂન, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અ ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૭નો ૬૨-વીબીએન-૩૧૯૬-૩૮૨૩-૩૪-ચ, નો ગુજરાતી અનુવાદ આથી સ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એચ. કાપડીયા.
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

સચિવલાય, ગાંધીનગર, તા. ૨૬મી જુન, ૧૯૯૭

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૬૨-વીબીએન/૩૭૯૬-૩૮૨૩-૩૪-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત વલસાડ અને જિલ્લા પંચાયત વલસાડ સાથે વિચારવિનિમય કર્યા પછી , ગુજરાત સરકાર, આથી :—

(૧) અનુસૂચિના કોલમ-૩માં દર્શાવેલા વિદ્યમાન ગામનાં સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ-૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી

(૨) સદરહુ અનુસૂચિના કોલમ-૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ-૬માં જણાવેલા નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાને ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	વલસાડ	કાકવડી દાંતી	૧. કાકવડી (મહેસૂલી ગામ)	—	૧. કાકવડી	૧. કાકવડી (મહેસૂલી ગામ)
			૨. દાંતી (મહેસૂલી ગામ)	દાંતી (મહેસૂલી ગામ)	૨. દાંતી	૨. દાંતી (મહેસૂલી ગામ)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમને નામે

કે. જે. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/પી/૧૯૯૭નો ૮૬/ટીપીએસ/૧૨૯૬/૧૧૦૭/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

શ્રી આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬, હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જૂલાઈ, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીઓચ/વી/૧૯૯૭નો ૮૬/ટીપીએસ/૧૧૯૬/૧૧૦૭/એલ : ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૧ હેઠળ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ નગરરચના યોજના ક્રમાંક ૨૩ (સાબરમતી--તૃતિય ફેરફાર કરેલી) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો.

અને સદરહુ અધિનિયમની કલમ-૪૨ના પેટા-કલમ (૧) હેઠળ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને (જેનો આમાં હવે પછી, "સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશન" કહ્યુ છે તે) નગરરચના યોજના ક્રમાંક ૨૩ (સાબરમતી--તૃતીય ફેરફાર કરેલી) મા સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી, "સદરહુ તૃતીય ફેરફાર કરેલી યોજના" કહી છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો ;

અને, પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ મ્યુનિસિપલ કોર્પોરેશને સદરહુ અધિનિયમની કલમ ૪૮માં જોગવાઈ કરેલી રીતે, તે હેઠળ મંજૂરી માટે, રાજ્ય સરકારને, સદરહુ તૃતીય ફેરફાર કરેલી યોજના રજૂ કરેલી ;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા--કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી ।—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને અધીન રહીને, સદરહુ તૃતીય ફેરફાર કરેલી યોજના મંજૂર કરે છે,

(ખ) જણાવે છે કે સદરહુ યોજના, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદની કચેરીમાં, તમામ કામકાજના દિવસોએ કચેરી, સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

(૧) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપત વખતે, નગરરચના અધિકારીએ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને સાથે વિચાર વિનિમય કરીને પડોશ અને નાગરિક કેન્દ્ર અને સામાજિક કેન્દ્રમાં પણ પરવાનગી પાત્ર નિર્દિષ્ટ ઉપયોગોને નક્કી કરવા જોઈશે અને તેના નિર્ણય કરવા જોઈશે

(૨) યોજનાના મુસદ્દાને આખર સ્વરૂપ આપત વખતે, નગરરચના અધિકારીએ, અમદાવાદ--મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે વિચાર-વિનિમય કરીને, મૂળ પ્લોટ નંબરો ૪૧૫ અને ૪૧૬ અને છેવટના પ્લોટ નંબરે ૪૧૫ અને ૪૧૬ ની મૂળ પ્લોટ કિંમત અને છેવટની પ્લોટ કિંમતનો અંદાજ કાઢવો જોઈશે.

(૩) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે વિચાર--વિનિમય કરીને, આખરી પ્લોટ નં. ૪૧૫ અને ૪૧૬ના હિતાધિકારીની ટકાવારી નક્કી કરવી જોઈશે.

(૪) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, નમૂના "એફ" પ્રમાણે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને ફાળવેલ મૂળ પ્લોટ અને છેવટના પ્લોટ નંબરો ૪૧૫ અને ૪૧૬ ના મૂલ્યાંકનની વિગતો અલગ કેસ તરીકે દર્શાવવી જોઈશે અને તે નક્કી કરવી જોઈશે.

(૫) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ યોજના દસ્તાવેજમા, વિકાસ કામોના ખર્ચનો [illegible] "શૂન્ય" રહેશે અને યોજનામાં વિકાસના કામોની કોઈ દરખાસ્ત કરેલ ન હોવાથી તેની નોંધ કરવી જોઈશે.

INDEX

(૬) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, યોજના દસ્તાવેજોમાં, નમૂના "એફ" માં, વિકાસ કામો પૂરા કરવા માટેની સમય મર્યાદા સંબંધી સંલગ્ન નોંધ કોઈ વિકાસ કામોની દરખાસ્ત સૂચન કરેલ ન હોવાથી રદ કરવી જોઈશે.

(૭) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે યોજના દસ્તાવેજોમાં મૂળ પ્લોટો અને છેવટના પ્લોટોની આકારણીને લક્ષમાં લઈને નવો નમૂનો "જી" તૈયાર કરવો જોઈશે અને તેનો સમાવેશ કરવો જોઈશે.

(૮) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ "નોંધ" નક્કી કરવી જોઈશે, તેનો નિર્ણય કરવે જોઈશે અને તેનો સમાવેશ કરવો જોઈશે જે યોજના દસ્તાવેજોમાં યોજના મુસદ્દાની બાબતમાં (તૃતીય ફેરફાર કરેલા) ને લાગુ પડશે.

(૯) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, અમદાવાદ, મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે વિચાર-વિનિમય કરીને, યોજના, (તૃતીય ફેરફાર કરેલી) માટે વિકાસ નિયંત્રણ વિનિયમ લાગુ પાડવા સંબંધી નોંધનો નિર્ણય કરવો જોઈશે અને તેનો સમાવેશ કરવો જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુક્ત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૪૬/વીબીએન/૩૦૯૫/૯૫૪/૨૨/ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. ત્રિવેદી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧લી જૂલાઈ, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૪૬/વીબીએન/૩૦૯૫/૯૫૪/૨૨/ચ : ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સને ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત નખત્રાણા અને જિલ્લા પંચાયત, કચ્છ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંની કોલમ ૧માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૨માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

ક્રમાંક	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામોમાં થી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ.	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧	નખત્રાણા	૧ સુખપર રોહા	૧ સુખપર રોહા (મહેસૂલી ગામ)	...	૧ સુખપર રોહા	૧ સુખપર રોહા (મહેસૂલી ગામ)
			૨ વીજપાસર (મહેસૂલી ગામ)	...	...	૨ વીજપાસર (મહેસૂલી ગામ)
			૩ ખીરસરા રોહા (મહેસૂલી ગામ)	ખીરસરા રોહા (મહેસૂલી ગામ)	૨ ખીરસરા રોહા (મહેસૂલી ગામ)	૨ ખીરસરા રોહા (મહેસૂલી ગામ)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય ગાંધીનગર, તા. ૫મી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૯મી જુન, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએસ/વી/૧૯૯૭નો ૭૬/ એસએએ-૧૦૯૭-૧૨૯૬-કે નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT SLUM AREAS (IMPROVEMENT CLEARANCE AND RE-DEVELOPMENT) ACT, 1973.

ગુજરાત ગંદાવસવાટ વિસ્તાર (સુધારણા, નાબૂદી અને પુનર્વિકાસ) અધિનિયમ, ૧૯૭૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૯મી જૂન, ૧૯૯૭

ગુજરાત ગંદા વસવાટ વિસ્તાર (સુધારણા નાબૂદી અને પુનર્વિકાસ) અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૭૬/એસએએ-૧૦૯૭-૧૨૯૬-કે. ગુજરાત ગંદાવસવાટ વિસ્તાર (સુધારણા, નાબૂદી અને પુનર્વિકાસ) નિયમો, ૧૯૭૫ના નિયમ-૩ અને નિયમ-૫ સાથે વાંચતા ગુજરાત ગંદાવસવાટ વિસ્તાર (સુધારણા, નાબૂદી અને પુનર્વિકાસ)અધિનિયમ,

INDEX

૧૯૭૩ (સન ૧૯૭૩ના ગુજરાતના ૧૧મા)ની કલમ ૨૨ ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, વાડજ, અમદાવાદના શ્રી હસમુખભાઈ પટેલને ગુજરાત ગંદા વસવાટ નાબૂદી બોર્ડના અધ્યક્ષ તરીકે તાત્કાલિક અમલથી બીજા હુકમો ન થાય ત્યાં સુધી નીમે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. એસ. મહેતા
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૧મી જૂન, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: કેપી/૧૯૯૭નો ૫૪-વીબીએન-૨૨૯૭-૧૪૭૮-૧૧-ચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જૂન, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૫૪-વીબીએન-૨૨૯૭-૧૪૭૮-૧૧-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ—૭થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, દાંતા અને જિલ્લા પંચાયત બનાસકાંઠા સાથે વિચારવિનિમય કર્યા પછી ગુજરાત સરકાર, આથી:—

(૧) અનુસૂચિના કોલમ—૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ વિસ્તારોને બાકાત કર્યા પછી,

(૨) સદરહુ અનુસૂચિના કોલમ—૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ—૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નંબર	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ.	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલ નવા ગામોના નામ.	નવા ગામમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	દાંતા	થાણા	૧. થાણા (મહેસૂલી ગામ)		૧. થાણા	૧. થાણા (મહેસૂલી ગામ)

INDEX

૧	૨	૩	૪	૫	૬	૭
		૨. ગોધણી (મહેસૂલી ગામ)	૧. ગોધણી (મહેસૂલી ગામ)		૨. ગોધણી	૨. ૧. ગોધણી (મહેસૂલી ગામ)
		૩. પાણિયારી (મહેસૂલી ગામ)	૨. પાણિયારી (મહેસૂલી ગામ)			૨. પાણિયારી (મહેસૂલી ગામ)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. જે. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ઓગસ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૧૦૭/એમડબલ્યુર્ા/૧૦૯૭/૧૬૧૯/(૧૯)-એમ-(૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૧૦૭/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯/૧૯/-એમ-(૨).—ગુજરાત સરકારી રાજપત્ર અસાધારણ નં. ૩૩ ભાગ-૧-એલમાં પ્રસિદ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૧૭૨-એમ-૨બલ્યુએ ૧૦૮૯-૯૩૩-એમ-૨ની રૂએ, ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ ઉત્પાદન, સંયોજન અને મરામત કામ કરતા એસ્ટાબ્લિશમેન્ટ અને વર્કશોપો માટે ઉત્પાદન કરતા હોય તે કારખાનાં, ધાતુકામના પ્લાન્ટો અને ઉત્પાદન પ્લાન્ટો સહિતના (ઓટોમોબ ઈલ રિપેરીંગ વર્કશોપો અને ગેરેજો સિવાયના) જે ઔદ્યોગિક એન્જિનિયરીંગ એસ્ટાબ્લિશમેન્ટો, કોઈ યંત્ર અથવા ઓજારોના ઉપયોગ કરીને, લોખંડ પોલાદ અને બિન લોહયુકત ધાતુઓ અથવા મિશ્ર ધાતુઓના માલ અથવા ચીજવસ્તુઓના ઉત્પાદન ક્રમમાં આખરીરૂપ આપવાના ક્રમમાં, ફરી સજાવટ કરવાના કામમાં, સંયોજન ક્રમમાં અથવા મરામત કામમાં રોકાયેલા ૫૦ કરતાં વધુ કામદારોને કામે રાખતાં હોય તે ઔદ્યોગિક એન્જિનિયરીંગ એસ્ટાબ્લિશમેન્ટના રોજગાર (જેનો આમાં હવે પછી "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી.

INDEX

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે;

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા)ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ-૭ની પેટા કલમ (૧)ના ખંડ (૧) સાથે વાંચતાં, કલમ ૩ની પેટા કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૬ના મે, મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં, આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૨૫મી મે, ૧૯૯૯ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૧૫૮/એમડબલ્યુએ/૧૦૮૪/ઈચ ૨૩/એમ.૨ હેઠળ નક્કી કરેલા વેતનાના ન્યુનતમ દરો સુધારે છે અને ઉપર્યુકત સરકારી જાહેરનામાં હેઠળ નક્કી કરેલા દરો રદ કરીને, તે દરો ફરીથી નક્કી કરે છે, જેથી તેમાં,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની જુદી જુદી કોલમમાં નિર્દિષ્ટ કરેલા ઝોનનાં સંબંધમાં. તેમની સામેની કોલમમાં જણાવેલા વર્ગોના કામદારોને આવા ઝોનમાં દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોનો; અને

(ખ) ખાસ ભથ્થાનો;

સમાવેશ થાય છે.

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જુને અને તારીખ ૩૧મી ડીસેમ્બરે પૂર્ણ થતી છ મહિનાની અગાઉના મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકનો ધોરણે, તારીખ ૧લી ઓકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતાં પ્રત્યેક છ મહિનાના ગાળાના યોગ્ય સત્તાધિકારીને આવા ખાસ ભથ્થાંના દર એવી રીતે સરભર કરવા કે—

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતાં નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું દૈનિક દિવસદીઠ-૦-૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસદીઠ-૦-૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે.

પરંતુ ૧લી ઓકટોબર, ૧૯૯૭થી શરૂ થતી છ મહિનાની મુદતના વચગાળાને આસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

અનુસૂચિ

ક્રમાંક : ૧૯

ઉત્પાદન સંયોજન અને મરામત કામ કરતા એસ્ટાબ્લિશમેન્ટ અને વર્કશોપો માટે ઉત્પાદન કરતા હોય તે કારખાનાં, ધાતુ કામના ખ્રાન્ટો, અને ઉત્પાદન પ્લાન્ટો સહિતના (મોટોમોબાઈલ રિપેરીંગ વર્કશોપો અને ગેરેજો સિવાયના) જે ઔદ્યોગિક એન્જિનિયરીંગ એસ્ટાબ્લિશમેન્ટો, કોઈ યંત્ર અથવા ઓજારોનો ઉપયોગ કરીને, લોખંડ, પોલાદ અને બિન-લોહયુકત ધાતુઓ અથવા મિશ્ર ધાતુઓના માલ અથવા ચીજ-વસ્તુઓના ઉત્પાદન કામમાં, આખરીરૂપ આપવાના કામમાં, ફરી સજાવટ કરવાના કામમાં, સંયોજન કામમાં અથવા મરામત કામમાં રોકાયેલા ૧૦ અથવા તે કરતાં વધુ કામદારોને કામે રાખતા હોય તે ઔદ્યોગિક એન્જિનિયરીંગ એસ્ટાબ્લિશમેન્ટોમાંનો રોજગાર.

આનુ ક્રમાંક	કામદારોના વર્ગો	દિવસ દીઠ ઝોન--૧	આપવાના ઝોન--૨	દર (રૂા.) ઝોન--૩
૧	૨	૩	૪	૫
૧.	કસબી--ક	૬૩.૨૦	૬૨.૬૦	૬૨.૧૦
૨.	કસબી--ખ	૬૧.૧૦	૬૦.૫૦	૬૦.૦૦
૩.	અર્ધ-કસબી	૫૯.૫૦	૫૯.૦૦	૫૮.૪૦
૪.	બિન-કસબી	૫૮.૭૦	૫૮.૨૦	૫૭.૬૦
૫.	ઓફિસ સ્ટાફ	૬૧.૧૦	૬૦.૪૦	૫૯.૮૦

	(૧) તમામ પ્રકારનો ફિનિશ કરેલી બોબીનોનો ટેસ્ટ કરતા કામદારો.		
	(૨) તમામ પ્રકારની બોબીનો અથવા રીંગો અને લાકડા માટેના કટર મશીન, ઉપર ખોભણ (ગ્રુવ) પાડતા કામદારો.		
	(૩) ફિમિસીંગ મશીન ઉપર તમામ પ્રકારનું બોબીનોનું ફિનીશીંગ કામ કરતા કામદારો.		
	(૪) ટર્નીંગ મશીન અને કોપીંગ મશીન ઉપર તમામ પ્રકારના બોબીનોનું સેમી-ફિનિશીંગ કામ કરતા કામદારો.		
૪.	અર્ધ-કસબી	૫૮.૧૦	૫૭.૩૦
	(૧) તમામ પ્રકારના બોબીનો ઉપર તમામ પ્રકારની રીંગો ફીટ કરતા, પ્રેસ કરતા અને તેમાં પંચ કરતા કામદારો.		
	(૨) મિસ્ત્રીના સૂચનો હેઠળ તમામ પ્રકારના બોબીનોને રંગ કરતા કામદારો.		
	(૩) ઓઈલીંગ અને ગ્રીસીંગનું કામ કરતા કામદારો.		
	(૪) તમામ પ્રકારના બોબીનોને તૈયાર કરતા કામદારો.		
	(૫) રીંગો ઉપર ખોભણ (ગ્રુવ) અને કટીંગ મશીન ઉપર તમામ પ્રકારના બોબીનોનાં શીલ્ડ તૈયાર કરતા કામદારો.		
	(૬) તમામ પ્રકારનાં બોબીનોનું સેન્ટરીંગ કામ કરતાં કામદારો.		
	(૭) રફીંગ અને ટર્નીંગ મશીન ઉપર તમામ પ્રકારના બોબીનોનું રફીંગ કરતા કામદારો.		
	(૮) તમામ પ્રકારના બોબીનોના રીમીંગમાં કામ કરતા કામદારો.		
	(૯) મિસ્ત્રીએ મૂકેલા ડ્રિલીંગ મશીન ઉપર તમામ પ્રકારના બોબીનોનું ડ્રિલીંગ કામ કરતા કામદારો.		
	(૧૦) લાકડાનું સીઝીંગ કામ કરતા કામદારો.		
	(૧૧) મિસ્ત્રીની સૂચના અનુસાર, લાકડાની પટ્ટીમાંથી ટૂકડો કાપવાનું કામ કરતા કામદારો.		

INDEX

(૧૨) હેન્ડ-સો મશીન ઉપર લાકડું કાપનારની સામે લાકડું ખેંચતા કામદારો.

(૧૩) રેલીંગ મશીન ઉપર તમામ પ્રકારના બોબીનોનું રેલીંગ અને પ્રેસીંગ કામ કરતા કામદારો.

૫. બિન-કસબી ૫૭.૬૦ ૫૭.૨૦

(૧) ઝાડુવાળો, વોચમેન, ઓફિસબોય, હાથલારીવાળા કામદારો, પાણીવાળો.

(૨) ટ્રકોમાં માલ ચઢાવવા અને ઉતારવાનું કામ કરતા કામદારો.

(૩) કારખાનામાં કાચો માલ અને તૈયાર થયેલ માલ લાવવા-લઈ જવાનું કામ કરતા કામદારો.

(૪) હેન્ડ-સો મશીન ઉપર લાકડું લઈ જવાનું અને દૂર કરવાનું કામ કરતા કામદારો.

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :

(૧)(ક) ઝોન ૧માં, મુંબઈ પ્રોવિન્શીયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારનો અને ઉપર્યુકત હદોથી ૧૦ કિલોમિટરના ઘેરાવા અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન ૨માં, ઝોન ૧માં સમાવેશ કર્યો હોય તે વિસ્તારો સિવાયના, ગુજરાત રાજયમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(૨) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નકકી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નકકી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને, જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાકટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નકકી કર્યા પછી, કામદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરૂષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રેન્ટિસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો કામદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નકકી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૯૪/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૫)/એમ (૨) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યૂનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : કેએચઆર/૯૪/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૫)/એમ-(૨)– ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ નં. ૩૩ ભાગ-૧-એલમાં પ્રસિધ્ધ થયેલા શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૧૭૨-એમડબલ્યુએ. ૧૦૮૯-૯૩૩-એમ.૨ નીચેએ, ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજયમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ ઈંટ બનાવવાના ઉદ્યોગમાંનો રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં, વેતનના ન્યૂનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી;-

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે.

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા) ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ-૭ની પેટા-કલમ (૧)ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ ૩ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ અને ન્યૂનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી. સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજયમાં, આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં, શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૯મી ઓગસ્ટ, ૧૯૮૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર/૩૯૩/એમડબલ્યુએ/૪૭૮૦/૩૩૫૫/એમ/૨ હેઠળ સુધાર્યા પ્રમાણેના વેતનના ન્યુનતમ દરો ફરી નક્કી કરે છે અને ઉપર્યુકત સરકારી જાહેરનામા હેઠળ સુધારેલા દરો રદ કરીને, તે દરો ફરીથી નક્કી કરે છે, જેથી તેમાં,

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની જુદી જુદી કોલમમાં, આ કોલમોમાં નિર્દિષ્ટ કરેલા ઝોનના સંબંધમાં, તેમની સામેની જુદી જુદી કોલમમાં જણાવેલા વર્ગોના કામદારોને આવા ઝોનમાં દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે, જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોનો; અને

(ખ) ખાસ ભથ્થાનો ;

સમાવેશ થાય છે;

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ધોરણે, તારીખ ૧લી ઓકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલ થી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાના દર એવી રીતે સરભર કરવા કે ;

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દર ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું. દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે;

પરંતુ ૧લી ઓકટોબર, ૧૯૯૭ થી શરૂ થતી છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

INDEX

ક્રમાંક : ૫

અનુસૂચિ

ઈંટ બનાવવાના ઉદ્યોગમાંનો રોજગાર

અનુક્રમાંક	કામદારોના વર્ગો	દિવસ દીઠ આપવાના દરો ઝોન-૧.	(રૂા.) ઝોન-૨
૧	૨	૩	૪
૧.	(ક) પાટલાવાળા ક (ઈંટોના બીબામાં ઢાળ કામ કરનાર)	૭૬-૦૦ (૧૧૦૦ ઈંટોના) (કામદારોને માટે માટી ખોદવા ગારાનું મિશ્રણ તૈયાર કરવા ઈંટોને બીબામાં ઢાળવા, સુકવવા ત્યાર પછી તેને હારોમાં યોગ્ય રીતે ગોઠવવા અને કામનું સ્થળ સાફ કરવા ફરમાવ્યુ હોય ત્યારે	૭૨.૮૦
	(ખ) પાટલાવાળા ખ	૭૨.૮૦ (૧૦૦૦ ઈંટોના) (માલિક કામદારો માટેના કામનાં સ્થળે માટી પૂરી પાડી હોય ત્યારે અને ત્યારપછી કામદારોને ગારાનું મિશ્રણ તૈયાર કરવા ઈંટોને બીબામાં ઢાળવા તેને સુકવવા (હારોમાં યોગ્ય રીતે ગોઠવવા અને કામનું સ્થળ સાફ કરવા ફરમાવ્યું હોય ત્યારે)	૭૦.૭૦
૨.	ભરાઈવાળા (કાચી ઈંટો લઈ જનાર)	*૪૭.૬૦ (૧૧૦૦ઈંટોના) (ઈંટો લાવવા લઈ જવા માટે ગધેડાનો ઉપયોગ થતો હોય ત્યારે)	૪૭.૨૦
		* આ દરો ૧૦૦ મીટરના અંતર સુધી ૧૦૦ ઈંટો લાવવા લઈ જવા માટેના છે, તે તે પછીના દરેક ૧૦૦ મીટર અથવા તેના ભાગ માટે ઉપર્યુંકત દર ઉપરાંત વધારાના ૫૦ પૈસા આપવા પડશે.	
૩.	ખડકણીયો (ઈંટો ગોઠવનાર)	૪૮.૧૦ (૧૦૦૦ ઈંટોના)	૪૭.૮૦
૪.	નકશી (તૈયાર ઈંટો લઈ જનાર)	૪૮.૮૦ (૧૦૦૦ ઈંટોના)	૪૮.૨૦
૫.	હિસાબનીશ સુપરવાઈઝરો, મુકાદમ.	૬૨.૮૦	૬૧.૬૦
૬.	મિસ્ત્રી	૬૨.૪૦	૬૧.૨૦
૭.	જલૌયો (આગવાળો) અને કારકુન	૫૯.૬૦	૫૮.૮૦
૮.	ટીકડીવાળો, ચોકીદાર. પટાવાળો અને અન્ય પરચૂરણ મજૂરો.	૫૭.૩૦	૫૭.૩૦
૯.	ટ્રક ડ્રાઈવર અને કાર ડ્રાઈવર	૬૧.૩૦	૬૧.૩૦

*કોઈ ઈંટ ઉત્પાદન કરતા ઉદ્યોગમાં ટ્રક ડ્રાઈવર અથવા કાર ડ્રાઈવરને નોકરીએ રાખે તો, આવા ડ્રાઈવરને મોટર વાહન-વ્યવહારમાંના રોજગારના સંબંધમાં ડ્રાઈવરને જે દર લાગું પડતા હોય તે જ દરે વેતનના ન્યુનતમ દરો અને ખાસ ભથ્થું આપવામાં આવશે.

INDEX

સ્પષ્ટીકરણ :

ખરાબ હવામાનને લીધે અથવા અન્ય કારણને લીધે માલિક તેને કોઈ કામ સોંપી શકે નહીં ત્યારે કામદાર ૫૦ટકા દરે પૂરેપૂરું પાછલું વેતન મેળવવાને હકદાર થશે. પૂરેપૂરું પાછલું વેતન, મૂળભૂત દરોના ધોરણે ગણતરી કરેલ સરેરાશ દૈનિક વેતન વત્તા કામદારે પાછલા મહિનામાં મેળવેલ ખાસ ભથ્થું ગણાશે.

પરંતુ કામદાર ગમે તે કોઈ કારણસર કામ કરવાની પોતાની અનિચ્છાને લીધે તે "દિવસે પૂરેપૂરા પાછલા વેતન" ની રકમ કરતાં ઓછા રકમ કમાતો હોય તો તે પૂરેપૂરું પાછલું વેતન મેળવવાને હકદાર થશે નહિ.

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :-

(૧)(ક) ઝોન-૧માં, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ રચાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારનો અને ઉપર્યુક્ત હદોથી ૧૦ કિલોમીટરના ઘેરાવા-અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન ૨માં, ઝોન ૧ માં સમાવેશ કર્યો હોય તે વિસ્તારો સિવાયના ગુજરાત રાજ્યમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(૨) છૂટક દરના ધોરણે કામે રાખેલ કોઈ કામદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે કામના જેટલા કલાકો સામાન્ય કામકાજનો દિવસ ગણાય તેટલા કામના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું, કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે કામે રાખેલ કામદારને જો તે ચાર કલાક સુધી કામ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાક્ટર અથવા અન્ય એજન્સીઓએ કામે રાખેલા કામદારને, તેઓ જે વર્ગના કામદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) કામદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ, અને વેતનના ન્યૂનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, કામદારોને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કોઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરુષ અને સ્ત્રી કામદારોને સમાન કામ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ કસબી કામ ઉપર કામે રાખેલ એપ્રિન્ટીસ કામદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, કામદારો જે વર્ગ માટેના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં જેટલા રહેશે, ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ.
શ્રમ અને રોજગાર વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૫મી એપ્રિલ, ૧૯૯૭નો ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. કેએચઆર/૯૦/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૧)-એમ(૨).—નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE MINIMUM WAGES ACT, 1948.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી એપ્રિલ, ૧૯૯૭.

ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮,

ક્રમાંક : કેએચઆર/૯૦/એમડબલ્યુએ/૧૦૯૭/૧૬૧૯(૧)-એમ(૨).—ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ નં. ૩૩ ભાગ ૧-એલમાં પ્રસિદ્ધ થયેલ શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક. કેએચઆર-૧૭૨-એમડબલ્યુએ-૧૦૮૯—૯૩૩—એમ.૨ ની રૂએ, ગુજરાત સરકારે, સમગ્ર ગુજરાત રાજ્યમાં, સદરહુ અધિનિયમની અનુસૂચિ હેઠળ આવરી લીધેલ ઓટોમોબાઈલ રીપેરીંગ વર્કસશોપ્સ અને ગેરેજમાંનો રોજગાર (જેનો આમાં હવે પછી, "સદરહુ અનુસૂચિત રોજગાર" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં, વેતનના ન્યુનતમ દરો સુધારવાના પોતાના ઈરાદાની બે મહિના કરતાં ઓછી ન હોય તેટલી મુદતની નોટિસ આપી હતી;

અને સદરહુ જાહેરનામાના સંબંધમાં, લોકો તરફથી મળેલા વાંધા અને સૂચનો સરકારે વિચારણામાં લીધા છે.

તેથી, હવે, ન્યુનતમ વેતન અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૧૧મા)ની કલમ ૫ની પેટા-કલમ (૨) અને કલમ ૫ની પેટા-કલમ (૧)ના ખંડ (૧) સાથે વાંચતા, કલમ ૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ અને ન્યુનતમ વેતન સલાહકાર બોર્ડ સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, સન ૧૯૯૭ના મે મહિનાની ૧લી તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સમગ્ર ગુજરાત રાજ્યમાં, આ જાહેરનામાને જોડેલી અનુસૂચિમાંના સદરહુ અનુસૂચિત રોજગારમાં કામે રાખેલા કામદારોના સંબંધમાં શ્રમ અને રોજગાર વિભાગના તારીખ ૩૦મી જૂન, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૩૮૪-એમડબલ્યુએ-૫૧૭૯—૧૯૪૧-એમ.૨ હેઠળ નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરો સુધારે છે અને ઉપર્યુકત સરકારી જાહેરનામા હેઠળ સુધારેલા દરો રદ કરીને તે દરો ફરીથી નક્કી કરે છે, જેથી તેમાં;

(ક) આ સાથે જોડેલી અનુસૂચિની જુદી જુદી કોલમમાં, આ કોલમોમાં નિર્દિષ્ટ કરેલા ઝોનના સંબંધમાં, તેમની સામેની જુદી જુદી કોલમમાં જણાવેલા વર્ગોના કામદારોને આવા ઝોનમાં દિવસ દીઠ આપવાના મૂળભૂત દરો તરીકે જણાવ્યા પ્રમાણેના મૂળભૂત દરોનો; અને

(ખ) ખાસ ભથ્થાનો;

સમાવેશ થાય છે.

અને આદેશ કરે છે કે આ જાહેરનામું અમલમાં હોય ત્યાં સુધી, અનુક્રમે તારીખ ૩૦મી જૂને અને તારીખ ૩૧મી ડિસેમ્બરે પૂરી થતી છ મહિનાની અગાઉની મુદત માટેના સરેરાશ નિર્વાહ ખર્ચ આંકના ઘોરણે, તારીખ ૧લી ઓકટોબરથી અને તારીખ ૧લી એપ્રિલથી શરૂ થતા પ્રત્યેક છ મહિનાના ગાળાએ યોગ્ય સત્તાધિકારીએ આવા ખાસ ભથ્થાના દર એવી રીતે સરભર કરવા કે;

(૧) સદરહુ અનુસૂચિત રોજગારમાંના કામદારોને લાગુ પડતા નિર્વાહ ખર્ચ આંક ૧૬૪૫ ઉપરના અથવા તેના કરતાં વધારે હોય તેવા કોઈપણ ૧૬૪૫ આંક ઉપરના દરેક પાંચ પોઈન્ટના વધારા માટે, વેતનના મૂળભૂત દરો ઉપરાંત આપવાનું ખાસ ભથ્થું, દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસા રહેશે.

(૨) ૧૬૪૫ કરતાં ઓછા ન હોય તેવા કોઈ નિર્વાહ ખર્ચ આંક કરતાં નીચેના દરેક પાંચ પોઈન્ટના ઘટાડા માટે દિવસ દીઠ રૂા. ૦.૨૦ પૈસાના દરે ખાસ ભથ્થું ઘટાડવામાં આવશે :

પરંતુ ૧લી ઓકટોબર, ૧૯૯૭થી શરૂ થતી છ મહિનાની મુદતના વચગાળાએ ખાસ ભથ્થાનો દર પ્રથમ સરભર કરવો જોઈશે.

INDEX

અનુસૂચિ

ક્રમાંક. ૧ :

ઓટોમોબાઈલ રીપેરીંગ વર્કશોપ અને ગેરેજમાંના રોજગાર

અનુ-ક્રમાંક.	કામદારોના વર્ગો	દિવસ દીઠ આપવાના દરો (રૂ.)	
		ઝોન ૧	ઝોન ૨
૧	૨	૩	૪
૧.	કસબી મેનેજર, સુપરવાઈઝર, કેશિયર, ફોરમેન, એકાઉન્ટન્ટ, મિકેનિક, ઈલેકટ્રીશિયન.	૫૮.૭૦	૫૭.૭૦
૨.	અર્ધ-કસબી ગેરેજ/વર્કશોપ ઈન્ચાર્જ, મદદનીશ મિકેનીક, સેલ્સમેન, ફિટર, ટર્નર, ટીનસ્મીથ, વેલ્ડર, લુહાર, પેઈન્ટર, ટુલ ક્લાર્ક, ક્લરમેન, કારકુન, કારકુન-ટાઈપિસ્ટ, ટાઈપિસ્ટ, ડ્રાઈવર.	૫૭.૯૦	૫૬.૯૦
૩.	બિન-કસબી હેલ્પર, ક્લીનર, વોચમેન, ગ્રીઝર, એટેન્ડન્ટ, ઝાડુવાળો, કુલી, મઝદૂર, પટાવાળો.	૫૭.૧૦	૫૬.૧૦

આ જાહેરનામાના હેતુ માટે સ્પષ્ટીકરણ :—

(૧) (ક) ઝોન ૧માં, મુંબઈ પ્રોવિન્શિયલ મ્યુનિસિપલ કોર્પોરેશન અધિનિયમ, ૧૯૪૯ હેઠળ સ્થાયા પ્રમાણેના મ્યુનિસિપલ કોર્પોરેશનની હદોની અંદર આવેલા વિસ્તારનો અને ઉપર્યુકત હદોથી ૧૦ કિલોમિટરના ઘેરવા-અંતરની અંદર આવેલા વિસ્તારોનો સમાવેશ થશે.

(ખ) ઝોન ૨માં, ઝોન ૧માં સમાવેશ કર્યો હોય તે વિસ્તારો સિવાયના, ગુજરાત રાજયમાંના તમામ વિસ્તારોનો સમાવેશ થશે.

(૨) છૂટક દરના ધોરણે ક્રમે રાખેલ કોઈ ક્રમદારની બાબતમાં, વેતનનો ન્યુનતમ દર એવી રીતે નક્કી કરવો કે ક્રમના બેટલા કલાકે સામાન્ય ક્રમકાજનો દિવસ ગણાય તેટલા ક્રમના કલાકો માટે તેને આપવાના વેતનના ન્યુનતમ દર ઉપરાંત ખાસ ભથ્થું, કામદાર જે વર્ગનો હોય તે વર્ગ માટે નક્કી કરેલ દૈનિક વેતન કરતાં ઓછું હોવું જોઈશે નહિ.

(૩) યુનિવર્સિટી કેમ્પસ, કૃષિ યુનિવર્સિટી કેમ્પસ અને કેન્ટોનમેન્ટ વિસ્તારમાં, સૌથી નજીકના ઝોનના અનુસૂચિત રોજગારના વેતનના ન્યુનતમ દરો આપવામાં આવશે.

(૪) અંશકાલિક ધોરણે ક્રમે રાખેલ ક્રમદારને, જો તે ચાર કલાક સુધી ક્રમ કરે તો વેતનના ન્યુનતમ દરોના ૫૦ ટકા ઉપરાંત ખાસ ભથ્થુ આપવામાં આવશે અને જો તે ચાર કલાક કરતાં વધુ કામ કરે, તો વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું આપવામાં આવશે.

(૫) અનુસૂચિત રોજગારમાં કોન્ટ્રાકટર અથવા અન્ય એજન્સીઓએ ક્રમે રાખેલા ક્રમદારને, તેઓ જે વર્ગના ક્રમદારો હોય તે વર્ગને આપવાના વેતન ઉપરાંત ખાસ ભથ્થાં કરતાં ઓછું વેતન આપવું જોઈશે નહિ.

(૬) ક્રમદારોને આપવામાં આવેલ વિશેષ હકો અથવા સગવડો પાછી ખેંચી લઈ શકાશે નહિ, અને વેતનના ન્યુનતમ દરો ઉપરાંત ખાસ ભથ્થું નક્કી કર્યા પછી, ક્રમદારને આપવામાં આવેલ આવા વિશેષ હકો અથવા સગવડોના સંબંધમાં કંઈ કપાત કરી શકાશે નહિ.

(૭) પુરૂષ અને સ્ત્રી ક્રમદારોને સમાન ક્રમ માટે સમાન વેતન આપવું જોઈશે.

(૮) કસબી અથવા અર્ધ-કસબી ક્રમ ઉપર ક્રમે રાખેલ એપ્રેન્ટિસ ક્રમદારને આપવાના વેતનના ન્યુનતમ દરો, ક્રમદારો જે વર્ગના હોય તે વર્ગ માટેના નક્કી કરેલા વેતનના ન્યુનતમ દરોના ૭૫ ટકા ઉપરાંત પ્રથમ ત્રણ મહિના માટે ખાસ ભથ્થાં બેટલા રહેશે. ત્રણ મહિના પછી તેઓને વેતનના પૂરેપૂરા ન્યુનતમ દરો આપવામાં આવશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એમ. પરમાર,
ગુજરાત સરકારના નાયબ સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી જાન, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૭૦/ટીપીએસ/૧૧૯૬/૨૮૦૬/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જુન, ૧૯૯૭,

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચવી/૧૯૯૭નો ૭૦/ટીપીએસ/૧૧૯૬/૨૮૦૬/એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧લી જૂન, ૧૯૮૧ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી-૧૯૮૨નો ૮૧/ટીપીએસ-૧૧૭૭-૧૮૨૮-એલ હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને તેને સાદર કરેલ નગરરચના યોજના અમદાવાદ નં:-૩૭ (દાણીલીમડા ઉત્તર સેકટર--૩)નો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે, નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી;

અને, નીમાયેલા નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૫૨ની પેટા-કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના અમદાવાદ નં. ૩૭ (દાણીલીમડા–ઉત્તર) સેકટર–૩–પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે છે. તે) ગુજરાત સરકારને સાદર કરી છે.

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ના કલમ ૬૫થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને અધીન રહીને, "સદરહુ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે;

(બ) જણાવે છે કે "સદરહુ પ્રારંભિક યોજના" રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનની કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૭ નક્કી કરે છે.

અનુસૂચિ

વિકાસ નિયંત્રણ વિનિયમોને, સદરહુ પ્રારંભિક યોજના દસ્તાવેજોમાંથી બાકાત કરેલા ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના બાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬નો ૯૦/ડીવીપી/૨૫૯૫-૩૨૧૨-એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જુલાઈ, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૬નો ૯૦/ડીવીપી/૨૫૯૫-૩૨૧૨-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧લી જુલાઈ, ૧૯૮૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૭નો ૧૫૦/ડીવીપી/૨૫૮૫ ૨૪૫૫-(૮૭)-એલ હેઠળ મંજૂર કરેલ બિલીમોરા નગર (જિ. વલસાડ) માટે છેવટની સુધારેલી વિકાસ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ સુધારેલી વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) માં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું.

અને સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવા ધારેલો સૂચિત ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬(સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૧૯ ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૬નો ૧૭૦/ડીવીપી/૨૫૯૫/૩૨૧૨-એલ, હેઠળ તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૯૬ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪બીના પાના ક્રમાંક ૨૪૫—૧અને ૨૪૫/૨ ઉપર પ્રસિદ્ધ કર્યો હતો અને કોઈ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સ્વનો અથવા વાંધા કોઈ હોય તો, તે સદરહુ ફેરફાર પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજુ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિદ્ધ કરી હતી;

અને ગુજરાત સરકારને કોઈ સૂચનો અને વાંધા મળ્યા નથી ;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૧૯થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સદરહુ સુધારેલી વિકાસ યોજનામાં કરવાનો સદરહુ ફેરફાર મંજૂર કરે છે; અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર સન ૧૯૯૭ના જુલાઈ મહિનાની ૧૧મી તારીખથી અમલમાં આવશે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તારીખ ૨૫મી ઓકટોબર, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચવી/વી/૧૯૮૭ નો ૧૫૦/ડીવીપી/૨૫૮૫-૨૪૫૫(૮૭)-એલ થી મંજૂર કરેલ બિલીમોરા (જિલ્લો વલસાડ) માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો ફેરફાર.

બિલીમોરાની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં" ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલ આ સાથે જોડેલ પ્લાનના ભાગ ઉપર – A – B – C – D – E – F – G – H – A – તરીકે નિશાની કરેલ. ૬૪૬૭ ચો. મી. માપની મહેસુલી સરવે નંબર ૬૨+૬૩ /પી (સી. ટી. એસ. નં. ૯૨૭) વાળી જમીનો, સદરહુ ઝોનમાંની કમી કરવી અને એ રીતે મુકત–કરેલી જમીનો, ગુજરાત નરગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ ની કલમ ૧૨(૨) (ક)હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.,

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

જે. એચ. તમાકુવાલા,
સરકારના ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

———

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૭/૧૦૫/એમટીએ/૧૦૯૬/ઓડી/૧૫/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TALLS ON MOTOR VEHICLES AND TRAILORS DRAWN BY SUCH VEHICLES, 1997.

ગુજરાત મોટર વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતા ટ્રેઈલરો ઉપરના નાકાવેરા બાબતના નિયમો, ૧૯૯૭ સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩૦મી જુલાઈ, ૧૯૯૭.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જી/જી/૯૭/૧૦૫/એમટીએ/૧૦૯૬/ઓડી/૧૫/ખ.—મોટર વાહનો ઉપરનો નાકાવેરો વસૂલ કરવાના નિયમન માટેના નિયમોનો પચદો, મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા) ની કલમ ૨૩ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, ગૃહ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૭/૧૦/એમટીએ/૧૦૯૬/ઓડી/૧૫/ખ, હેઠળ ગુજરાત રાજપત્ર, અસાધારણ, ભાગ--૪--બીના પાના નં. ૧૬.૧ થી ૧૬.૪ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવા સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી તારીખ ૧લી માર્ચ, ૧૯૯૭ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવ્યા હતા.

અને સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં સરકારને કોઈ વ્યકિત તરફથી વાંધા અથવા સૂચનો મળ્યા નથી.

તેથી હવે, મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા) ની કલમ--૨૦ સાથે વાંચતા કલમ--૨૩ ની પેટા-કલમ (૨)ના ખંડ (ત) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મોટર વાહનો ઉપરનો નાકાવેરો વસૂલ કરવાના નિયમન માટે નીચેના નિયમો કરે છે :—

૧. ટૂંકી સંજ્ઞા : આ નિયમો ગુજરાત મોટર વાહનો અને આવા વાહનો દ્વારા ખેંચવામાં આવતા ટ્રેઈલરો ઉપરના નાકાવેરા બાબતના નિયમો, ૧૯૯૭ કહેવાશે.

૨. વ્યાખ્યા :—

(૧) "માલિક" માં મોટર વાહન તત્સમય પૂરતા જે વ્યકિતના નિયંત્રણ અને કબજા હેઠળ હોય તે વ્યકિતનો તેમાં સમાવેશ થાય છે.

(૨) "પેટા-વિભાગીય અધિકારી" એટલે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરેલ, સંબંધિત માર્ગ અથવા પુલનો હવાલો ધરાવતા માર્ગ અને મકાન વિભાગના અધિકારી.

(૩) "નાકાવેરા સત્તાધિકારી" એટલે દરેક જિલ્લા માટે નિમાયેલ સંબંધિત પેટા-વિભાગીય અધિકારી.

(૪) "નાકાવેરો વસૂલાત કરનાર" એટલે નાકાવેરો વસૂલ કરવાના હેતુ માટે વસૂલાત મથક ખાતે નિમાયેલ વ્યકિત.

(૩) નાકાવેરો લેવા બાબત :— રાજ્ય સરકાર, રાજપત્રમાં જાહેરનામાથી નિર્દિષ્ટ કરે તેવા દરે નાકાવેરો લેવો જોઈશે અને નાકાવેરો સત્તાધિકારીને રોકડમાં ભરવો જોઈશે.

(૪) નાકાવેરાના દરો પ્રદર્શિત કરવા બાબત.—નાકાવેરાના દરો પ્રદર્શિત કરતું બોર્ડ, નાકાવેરા વસૂલાત મથક નજીક સહેલાઈથી દેખાઈ આવે તેવા સ્થળે અંગ્રેજી, ગુજરાતી અને હિન્દીમાં સુવાચ્ય રીતે લખેલ અથવા છાપેલ મુકવું જોઈશે.

INDEX

(૫) નાકાવેરો ભરવામાં આવ્યો ન હોય તેવા કિસ્સામાં કાર્યરીતિ.—મોટર વાહનોના સંબંધમાં નાકાવેરો ભરવામાં આવ્યો ન હોય તે કિસ્સામાં, નાકાવેરા સત્તાધિકારી, નાકાવેરો ભરવામાં ન આવે ત્યાં સુધી મોટર વાહનો રોકી રાખી શકશે.

(૬) રકમ એકઠી/વસૂલ કરવા માટે કાર્યરીતિ.—નાકાવેરા સત્તાધિકારીએ તે જરૂરી ગણે તેટલી પૂરતી સંખ્યામાં, હાથેથી અથવા સ્વયં સંચાલિત વ્યવસ્થા અંથવા તે બંનેથી સંચાલિત થતા વસૂલાત મથકો ઉભા કરવા જોઈશે.

(૭) નાકાવેરાની વસૂલાતની રીત.—મોટર વાહનોના માલિકે, પુલ પસાર કરતાં પહેલાં અથવા તે પસાર કર્યા પછી, આડા દંડ (cross bar) મથક ખાતે પોતાનું વાહન થોભાવવું જોઈશે અને તે નાકાવેરા વસૂલાત મથકે લેવાપાત્ર નાકાવેરો રોકડેથી ભરવો જોઈશે. નાકાવેરા સત્તાધિકારીએ તેના બદલે, આ નિયમો, સાથે જોડેલ નમૂના 'ક' માં પહોંચની બીજી નકલ તૈયાર કરવી જોઈશે અને મોટર વાહનના માલિકને પહોંચની એક નકલ આપવી જોઈશે અને બીજી નકલ રેકર્ડ માટે રાખવી જોઈશે.

(૮) વસૂલ કરેલ નાકાવેરાનું પ્રેષણ.—(૧) ફરજ પરના નાકાવેરા વસૂલાત કરનાર, પોતાની ફરજની મુદત દરમિયાન વસૂલાત અને વસૂલ કરેલ રકમની સલામત કસ્ટડી માટે જવાબદાર રહેશે અને નાકાવેરો વસૂલાત કરનારે, તેની પાસેથી તેનો અવેજી (Reliever) હવાલો સંભાળી લે નહીં ત્યાં સુધી વસૂલાત મથક છોડવું જોઈશે નહિ.

(૨) નાકાવેરા સત્તાધિકારીએ આ નિયમો સાથે જોડેલ પરિશિષ્ટમાં ઠરાવ્યા પ્રમાણે રોકડ રજિસ્ટર રાખવું જોઈશે અને તે અદ્યાવત રાખવું જોઈશે.

(૩) નાકાવેરો વસૂલાત કરનારે, પોતાની ફરજની મુદત પુરી થયે, પોતે વસૂલ કરેલ નાકાવેરાની રકમ તેના અવેજીને સોંપવી જોઈશે અને રોકડ રજિસ્ટરના પ્રસ્તુત કોલમમાં તેની સહી લેવી જોઈશે.

(૪) ફરજ પરના નાકાવેરા વસૂલાત કરનાર દરેક દિવસે 0000 કલાક અને ૨૪૦૦ કલાકની વચ્ચે, અગાઉના ૨૪ કલાક દરમિયાન વસૂલ કરેલ નાકાવેરાની સમગ્ર રકમ, રોકડ રજિસ્ટરના પ્રસ્તુત કોલમમાં તેની સહી લીધા પછી પેટા-વિભાગીય અધિકારીને સોંપવી જોઈશે.

(૫) પેટા-વિભાગીય અધિકારીએ દરરોજ અંથવા તે રજાનો દિવસ હોય તો પછીના કામકાજના દિવસે તેને મળેલ રકમ, ભાધિત તિજોરી કચેરીમાં ભરવી જોઈશે.

(૬) પેટા-વિભાગીય અધિકારીએ, નાકાવેરાની વસૂલાત અને હિસાબો અને રેકર્ડની યોગ્ય જાળવણી સંબંધમાં સ્ટાફ ઉપર દેખરેખ અને નિયંત્રણ રાખવા જોઈશે.

(૭) પેટા-વિભાગીય અધિકારીએ, નાકાવેરા રકમની વસૂલાત અને પ્રેષણ, આ નિયમોની જોગવાઈ અનુસાર થાય છે તે બાબતમાં નાકાવેરો વસૂલાત કરનારની કચેરીમાં મહિનામાં ઓછામાં ઓછી બે વાર અચાનક મુલાકાત લેવી જોઈશે.

(૯) પત્રકો રજૂ કરવા બાબત.—(૧) પેટા-વિભાગીય અધિકારીએ, સંબંધિત તિજોરી કચેરી અને વિભાગીય કચેરીને હિસાબોનું પત્રક દર વર્ષે એપ્રિલ, જુલાઈ, ઓકટોબર અને જાન્યુઆરીના પ્રથમ અઠવાડિયામાં મોકલવું જોઈશે. પત્રકમાં વસૂલ કરેલ અને ભરેલ નાકાવેરાની રકમ અને નાકાવેરાના હિસાબ સાથે વાઉચર નંબરની વિગતો અને જે તારીખે રકમ ભરી હોય તે તારીખ દર્શાવવી જોઈશે.

(૨) પેટા-વિભાગીય અધિકારીએ, વિભાગીય કચેરીને નાકાવેરાની વસૂલાત માટે થયેલ ખર્ચનું મહિના પ્રમાણે વિભાજન અને પ્રાપ્ત થયેલ નાકાવેરાના વસૂલાતની વિગતો રજૂ કરવી જોઈશે.

(૧૦) જમીનગીરીની રકમ આપવા બાબત.—વેરાસ્થળે નિમાયેલ સ્ટાફ, આ નિયમો સાથે જોડેલા નમૂના-ખ મુજબ જમીનખત સાથે રોકડ જમીનગીરીની થાપણ પણ ભરવી જોઈશે. નાકાવેરો વસૂલાત કરનાર તરીકે કામ કરનાર વિભાગીય અધિકારીએ ૨૦૦૦/- રૂપિયાની રોકડ જમીનગીરી જમા કરાવવી જોઈશે. જ્યારે નાયબ હિસાબનીશ અથવા જુનિયર કારકુને ૧૦૦૦/- રૂપિયાની રોકડ જમીનગીરી યોગ્ય રીતે કરેલા, આ નિયમોને જોડેલા નમૂના-ખ મુજબના જમીન-ખત સાથે જમા કરાવવી જોઈશે.

IX-151

પરિશિષ્ટ

નમૂનો—ક

(જુઓ નિયમ—૭)

રસીદ નં.

નાકાવેરાની ચૂકવણી માટેની રસીદ

પુલ (લા)નું નામ

૧. રજિસ્ટ્રેશન નંબર સાથે મોટર વાહનનું વર્ણન.

૨. ભાર લાદેલા અથવા ભાર લાદ્યા વગરના અથવા ઉતારૂઓ સહિત અથવા ઉતારૂઓ વગરના છે કે કેમ?

૩. બહારની મુસાફરીનો સમય અને તારીખ

૪. ચૂકવેલ નાકાવેરાની રકમ.

નાકાવેરા સત્તાધિકારીની સહી.

પરિશિષ્ટ

(જુઓ નિયમ ૮ (૨))

રોકડ રજિસ્ટર

અનુક્રમ નંબર	તારીખ	વાહન નંબર	નાકા વેરો ભરનાર વ્યક્તિનું નામ	નાકા વેરો જેના દ્વારા લેવામાં આવ્યો હોય તેની રસીદ નંબર	ભરાયેલ નાકાવેરાની રકમ	ભરાયેલ નાકાવેરાના પ્રગતિના આંકડા	નાકા વેરો વસૂલાત કરનારની સહી	આનુષાંગી નાકાવેરો વસૂલાત કરનારની સહી	હવાલો સંભાળતા વિભાગીય અધિકારીની સહી.	વિશેષ નોંધ
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧
અંકિત મૂલ્ય	ચોપડો નંબર	રસીદનો નંબર —થી—સુધી			કુલ આવક		નાકાવેરાની કુલ રકમ		નાકાવેરો વસૂલાત કરનાર પાસેથી નાકાવેરો લેનાર અધિકારી.	

નમૂનો—ખ

(જુઓ નિયમ-૧૦)

અંગત જામીનખતનો નમૂનો

આ ખતથી સર્વને જાણ થાય કે.....નો રહેવાસી હું, ગુજરાતના રાજ્યપાલ (અહીં પછી જેનો ઉલ્લેખ રાજ્યપાલ તરીકે કર્યો છે અને જે શબ્દપ્રયોગમાં સંદર્ભથી નિષિદ્ધ કે વિરુદ્ધ હોય તે સિવાયના એમના પદના ઉત્તરાધિકારીઓ અને નામફેર કરનાર ઓનો સમાવેશ થશે. ને ચુકવવાની રૂા. .....(અંકે રૂપિયા) ની રકમ માટે એમની સાથે દૃઢતાપૂર્વક બંધાઉ હું આનેઆ ચૂકવણી બરાબર અને સાચી રીતે કરવા હું પોતે, મારા વારસો, એક્ઝીકયુટરો/વહીવટદારો અને કાયદેસર પ્રતિનિધિઓ રહ્યા ખત અન્વયે બંધાઈએ છીએ.

ઉપર મુજબ બંધાયેલને.....ના.....ની ના.....તા.રોજ .....ની કચેરીમાં .....ના હોદ્દા પર નીમવામાં આવ્યા હતા. અને હાલ એ સદરહુ હોદ્દો ધરાવે છે અને સદરહુ .....એવા હોદ્દની રૂએ .....વસૂલ કરવા (અહીં કેશિયરની ફરજોના પ્રકાર જણાવો) અને એના હસ્તક અથવા કબજામાં અથવા નિયંત્રણ હેઠળ આવે એવી તમામ મિલકત અને નાણાં અંગેની એની કામગીરીનો સાચો અને વિશ્વાસપાત્ર હિસાબ, યોગ્ય રીતે નિયત સત્તાધિકારીઓ વખતોવખત નક્કી કરે એવાં નમૂનામાં અને એ રીતે રાખવા અને આપવા માટે એને વખતો- વખત ફરમાવવામાં આવે એવાં પત્રકો હિસાબ અને બીજા દસ્તાવેજો તૈયાર કરવા અને રજૂ કરવા માટે પણ બંધાયેલ છે.

INDEX

અને સદરહુ.....ને એના હોદ્દાની તથા જે જામીનગીરી આપવી જરૂરી હોય અથવા જ્યાં એને કોઈપણ સમયે નીમવામાં આવે એવા બીજા કોઈ હોદ્દાની ફરજોના અને ઉપર જણાવ્યા પ્રમાણેનો આવો કોઈ હોદ્દો ધરાવતી વખતે એના માટે જરૂરી બનાવાય એવી બીજી ફરજોના સદરહુ.....દ્વારા યોગ્ય રીતે અને નિષ્ઠાપુર્વકના પાલન માટે અને સદરહુ.....ના અથવા જેના માટેએ જવાબદાર બની શકે આવી એનાં તાબા હેઠળ કાર્ય કરતી કોઈ વ્યકિત કે વ્યકિતઓની ગેરવર્તણુંક, બેદરકારી, શરતચૂક અથવા બીજા કોઈ કૃત્યને કારણે રાજ્યપાલને કોઈપણ પ્રકારે વેઠવા, ભોગવવા કે ચૂકવવાં પડે એવાં ખોટ, હાનિ નુકશાન, લાગત અથવા ખર્ચ સામે રાજ્યપાલને સુરક્ષિત અને હાનિરક્ષિત રાખવાના હેતુ માટે, ૧૯૭૧ના ગુજરાતના નિયમોના નિયમ-૧૭૮ અન્વયે રાજ્યપાલની તરફેણમાં બે જામીનો સહિતનું ઉપર જણાવેલ રૂા. ..... રૂા. .....(અંકે રૂપિયા.....
ફકત)નું ખત કરી આપવાનું જણાવવામાં આવ્યું છે. હવે ઉપર જણાવેલા ખતની શરત એ છે કે જો સદરહુ.....
એ, ઉપર જણાવ્યા મુજબ.....નો હોદ્દો એ ધરાવતા હોય ત્યારે હંમેશાં એમના સદરહુ હોદ્દાની ફરજો યોગ્ય રીતે બજાવી હોય અને એનું પાલન કર્યું હોય તો તે અને જો એ, સદરહુ હોદ્દા અથવા જે અંગે જામીનગીરી આપવી જરૂરી હોય એવો જ્યાં એને નીમવામાં આવે એવા અથવા જેમાં એ ક્રમગીરી બજાવે એવા હોદ્દા ધરાવે ત્યારે, અનુક્રમે હોદ્દાની તમામ અને, પ્રત્યેક ફરજ અને ઉપર જણાવ્યા પ્રમાણેનો આવો કોઈ હોદ્દા ધરાવતી વખતે અને વખતોવખત ફરમાવવામાં આવે એવી બીજી ફરજો હંમેશાં યોગ્ય રીતે બજાવશે અને એનું પાલન કરશે અને સરકારને ચુકવવાપાત્ર હોય અને સદરહુ હોદ્દાને કારણે એના કબજા અથવા નિયંત્રણમાં આવે એવા તમામ નાણાં.....ખાતે સરકારી તિજોરીમાં યોગ્ય રીતે ચુકવશે અને સદરહુ હોદ્દાને કારણે એના કબજા અથવા નિયંત્રણમાં આવે એવાં તમામ નાણાં, કાગળો અને બીજી મિલકતનો યોગ્ય રીતે હિસાબ રાખશે અને બધું આપશે અને સદરહુ.....એનાં વારસોએ એકઝીકયુટરો અથવા વહીવટદારો સદરહુ.....ના હિસાબમાં થયેલ કોઈ નુકશાન અથવા ગોટાળાની રકમ રાજ્યપાલને.....
.....દ્વારા સદરહુ.....પાસેથી કપાયેલ અને સદરહુ .....ની કચેરીમાં અથવા જાણમાં હોય એવા એના છેલ્લા રહેઠાણના સ્થળે મુકાયેલ લેખિત માગણીના આધારે આવી રકમનું નુકશાન અથવા ગોટાળો થયા પછીના ૨૪ કલાકમાં ચૂકવશે અથવા ચૂકવડાવશે અને હવે પછી ઉપર જણાવ્યા પ્રમાણેની કચેરીમાં અથવા ઉપર જણાવ્યા પ્રમાણેની બીજી કોઈપણ કચેરીમાં સદરહુ ની નોકરી અથવા નિમણુંક દરમિયાન કોઈપણ સમયે થયેલા અથવા કોઈપણ સમયે એવા સદરહુ .....ના અથવા એના તાબા હેઠળ કાર્ય કરતી અથવા જેના માટે એ જવાબદાર બની શકે એવી કોઈ વ્યકિત અથવા વ્યકિતઓના કોઈ કૃત્ય, ઉચાપત, ગોટાળા, ગેરવહીવટ બેદરકારી, નિષ્ફળતા, ગેરવર્તણુંક, કસૂર, આજ્ઞાભંગ, ચૂક અથવા નાદારીને કારણે રાજ્યપાલને ભોગવવાં, વેઠવાં, સહન કરવાં અથવા ચૂકવવાં પડે એવાં તમામ અમે ખોટા હાનિ, નુકશાન,લાગત, અથવા ખર્ચ સામે રાજ્યપાલને બધા સમયે હાનિરક્ષિત અને સુરક્ષિત રાખશે, તો આ ખત રદ થશે અને અસરકર્તા રહેશે નહિ, તેમ કરવામાં નહિ આવે તો એ સંપુર્ણપણે અમલમાં રહેશે.

અને આથી વધુમાં એવી કબૂલાત કરવામાં આવે છે કે સદરહુ.....નું મૃત્યુ થાય અથવા ઉપર જણાવ્યા મુજબ અથવા અન્યથા સદરહુ.....ની નોકરી આખરી ધોરણે સમાપ્ત થાય એવા પ્રસંગે અથવા સદરહુ .....જે અંગે જામીનગીરી આપવી જરૂરી હોય એવો કોઈ હોદ્દો ધરાવતો બંધ થાય એવા પ્રસંગે સદરહુ.....ના અથવા ઉપર જણાવ્યા પ્રમાણેની બીજી કોઈ વ્યકિત અથવા વ્યકિતઓના..... મૃત્યુ થાય અથવા એની સદરહુ નોકરી સમાપ્ત થાય અથવા જે અંગે જામીનગીરી આપવી જરૂરી હોય એવો હોદ્દો ધરાવતા એ બંધ થાય ત્યાંસુધી બહાર પડયા ન હોય એવા કોઈ કૃત્ય, બેદરકારી અથવા કસૂરને લીધે રાજ્યપાલને ભોગવવાં, વેઠવાં, અથવા ચુકવવાં પડયાં હોય એવા કોઈ ખોટ, હાનિ, નુકશાન, લાગત, અથવા ખર્ચ વસૂલ કરવા માટે આ ખત આખા અંગ્રેજી માસ માટે.....પાસે રહેશે;

પરંતુ હંમેશને માટે શરત એ રહેશે કે ઉપર જણાવ્યા પ્રમાણેની ખોટ અથવા નુકશાન વસૂલ કરવા માટેના બીજા કોઈપણ હક અથવા ઉપાયને બાધ ન આવે એ રીતે આ ખત અન્વયે ચૂકવવાપાત્ર રકમ, જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરવાની રાજ્યપાલને છૂટ રહેશે.

જોગી, સાખ રૂપે સદરહુ.....એ ૧૯.....ના.....ની તા.....ના રોજ એની સહી કરી છે.
નીચેની લાઈનમાં ઉપર નામથી જણાવેલા.....એ સહી કરી અને સોંપ્યું ||

(૧)

(૨)

(સહી) ||

અમે.....અ થી ઉપર્યુકત.....ના જામીનો તરીકે અમને જાહેર કરી જણાવીએ છે કે એણે ઉપર આ ખતમાં જે કરવાની અને બજાવવાની બાંહેધરી આપી છે એ સઘળું એ કરશે અને બજાવશે અને એમ કરવામાં એ કસૂર કરે, તો સદરહુ.....
પોતે બંધાયા હોય એ રૂા. .....ની રકમ અથવા આવી કસૂરને કારણે રાજ્યપાલને ભોગવવી પડે એવી કોઈ ખોટ અથવા નુકશાનની હાનિરક્ષા કરવા.....દ્વારા પૂરતી ગણવામાં આવે એવી બીજી ઓછી રકમ, રાજ્યપાલને દંડ તરીકે આપવા, આથી અમે સંયુકત રીતે અને વ્યકિતગત રીતે બંધાઈએ છીએ,

અને અમે એથી કબૂલાત આપીએ છીએ કે રાજ્યપાલ, એમના બીજા કોઈ હક અથવા ઉપાયને બાધ ન આવે એ રીતે, સદરહુ રકમ જમીન મહેસૂલની બાકી તરીકે વસૂલ કરી શકશે.

INDEX

અને અમે એવી પણ કબૂલાત આપીએ છીએ કે સદરહુ .....ને અમારામાંથી કોઈના પણ જમીનપણાનો અંત લાવવા માટેના અમારામાંથી કોઈના પણ ઈરાદાની છ માસની લેખિત નોટિસ આપ્યા સિવાય જમીનપણાનો અંત લાવવાની અમારામાંથી કોઈને પણ છુટ રહેશે નહિ અને સદરહુ છ માસનો સમય પુરો થતાં સુધી સદરહુ.....ના પક્ષે થતાં બધાં કુળ્યો, ઊચાપત, ગોટાળા, ગેરવહીવટ મેદરકારી, નિષ્ફળતા ગેરવર્તણુક, કસૂર આજ્ઞાભંગ, ચૂક અને નાદારીની બાબતમાં, આ ખત અન્વયે અમારી સંયુકત અને વ્યકિતગત જવાબદારી ચાલુ રહેશે.

૧૯.....ના.....ની, તા.....ના રોજ નીચેનાની હાજરીમાં જમીનોએ સહી કરી.

૧.

(સહી)

૨.

નીચેવાની હાજરીમા

૧.

૨.

(સહી)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

જયવંત ગાંધી,
સરકારના ઉપ-સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૦મી જુલાઈ, ૧૯૯૭ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચએમ-૯૭-૪૩-અમ-ટીપીએ-૧૧૯૧-૧૩૧૮-જેનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. ત્રિવેદી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re :

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION REVENUE DEPARTMENT No. GHM/80/295/M/TAP/1071/124469/1, dated the 2nd December, 1980.

મહેસૂલ વિભાગનું તારીખ રજી ડિસેમ્બર, ૧૯૮૦નું સરકારી જાહેરનામું ક્રમાંક જીએચએમ/૮૦/૨૯૫/એમ/ટીએપી/૧૦૭૧/૧૨૪૪૬૯/જે સુધારવા સંબંધી જાહેરનામું

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી જુલાઈ, ૧૯૯૭.

મિલકત તબદીલી અધિનિયમ, ૧૮૮૨.

ક્રમાંક જીએચએમ-૯૭-૪૩-એમ-ટીપીએ-૧૧૯૧-૧૩૧૮-જે.—મિલકત તબદીલી અધિનિયમ, ૧૮૮૨ (સન ૧૮૮૨નો ૪થો) ની કલમ ૫૮ના ખંડ (છ)થી મળેલી સત્તા ની રૂએ, ગુજરાત સરકાર, આથી, મહેસૂલ વિભાગનું તારીખ રજી ડિસેમ્બર, ૧૯૮૦નું સરકારી જાહેરનામું ક્રમાંક જીએચએમ/૮૦/૨૯૫/એમ ટીએપી/૧૦૭૧/૧૨૪૪૬૯/જે નીચે પ્રમાણે સુધારે છે:-

INDEX

સદરહુ જાહેરનામાને જોડેલા "કોષ્ટક"માં, સાંબરકાંઠાને લગતી અનુક્રમાંક ૧૫ પરની નોંધમાં, કોલમ ક્રમાંક ૩માં, નોંધ ૯ પછી, નીચેનું નગર ઉમેરવું જોઈશે :—

"૧૦. તલોદ."

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

પી. જી. ત્રિવેદી,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓગસ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૦મી જૂન, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૭નો ૭૨/ટીપીએસ/૧૫૯૫/૩૨૧૮/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યા છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામુ.

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૦મી જૂન, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૭નો ૭૨/ટીપીએસ/૧૫૯૫/૩૨૧૮/એલ.—ગુજરાત નગરરચના અને શહેરીવિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સને ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૧ હેઠળ અમદાવાદ શહેરી વિકાસ સત્તા મંડળ, અમદાવાદે નગરરચના યોજના નંબર ૩ વેજલપુર (પ્રથમ ફેરફાર કરેલી) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળે (જેને આમાં હવે પછી, "સદરહુ શહેરી વિકાસ સત્તા મંડળ" કહ્યું છે તેણે) નગરરચના યોજના નંબર ૩ વેજલપુર (પ્રથમ ફેરફાર કરેલો) માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી, "સદરહુ યોજના" કહી છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

અને, પોતાને મળેલાં વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ સદરહુ અધિનિયમની કલમ ૪૮માં જોગવાઈ કરેલી રીતે, તે હેઠળ મંજૂરી માટે, રાજ્ય સરકારને, સદરહુ યોજના રજૂ કરેલી;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા-કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને આધીન રહીને સદરહુ યોજના મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે, સદરહુ યોજના, અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ, અમદાવાદની કચેરીમાં, તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

INDEX

અનુસૂચિ

(૧) પ્રથમ ફેરફાર કરેલ યોજના મુસદ્દાના દસ્તાવેજોમાં, નમૂના 'છ'માં, અનુક્રમાંક ૧ના કોલમ નં. ૧૬માં, વિશેષ નોંધની નીચેના શબ્દો, "છેવટના પ્લોટોમાંના હક અને હિસ્સો," સંયુકત માલિકીની ફાળવણીના કિસ્સામાં ખુલ્લા પ્લોટોના હક અને હિસ્સા મુજબ રહેશે." દાખલ કરવા.

(૨) પ્રથમ ફેરફાર કરેલ યોજના મુસદ્દાના દસ્તાવેજોમાં, નમૂના "છ" માં, અનુક્રમાંક ૧ની કોલમ નંબર ૧૬માં, નગરરચના અધિકારીએ "માલિકે, મૂળ પ્લોટોના તેમના હિસ્સાના પ્રમાણમાં મેળવવાનું વળતર અને આપવાનો ફાળો" એ નોંધ દાખલ કરવી.

(૩) પ્રથમ ફેરફાર કરેલ યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, જાહેર હેતુ માટે સમુચિત સત્તા-મંડળ, "ઔડા" ને ફાળવેલા છેવટના પ્લોટોનો, ઔડા સાથે વિચાર વિનિમય કર્યા પછી, હિતાધિકારીની ટકાવારીનો નમૂના "છ" માં ઉલ્લેખ કરવો જોઈશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૭નો ૮૯/ડીવીપી/૧૨૯૬/૨૩૭૭/એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ કોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જુલાઈ, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૮૯/ડીવીપી/૧૨૯૬/૨૩૭૭/એલ.—ગુજરાત સરકારને એવો અભિપ્રાય છે કે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬મી મે, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૧૦૭/ડીવીપી/૧૭૮૯-૧૮૦૨-એલ, હેઠળ મંજૂર કરેલી સાવલી (જિલ્લો—વડોદરા)ના વિકાસ વિસ્તાર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર, હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(૧) આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

(૨) કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા, હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયેલ તારીખથી બે મહિનાની મુદતની અંદર, સરકારના અગ્રસચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત સાદર કરવા ફરમાવે છે

INDEX

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬મી મે, ૧૯૯૨ના સરકારી જાહેરનામા ક્રમાંક. જીએચ/વી/૧૯૯૨નો ૧૦૭/ડીવીપી/૧૩૮૯/૧૮૦૨/એલ થી મંજૂર કરેલી સાવલી (જિ. વડોદરા)ના વિકાસ વિસ્તાર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

સાવલીની મંજર કરેલી સુધારેલી વિકાસ યોજનામાં રહેણાંકના ઝોન માટે મુકરર કરેલી, સાવલીના મહેસૂલ સરવે નં. ૨૫૬૩/ભાગ, ૨૫૮૩, ૨૫૮૪, ૨૫૮૯ અને ૨૫૯૦ વાળી જમીનો, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીનો, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ આ સાથે જોડેલ પ્લાનમાં A.B.C.D.E.F.G.H I J.K. L.M.N.A. તરીકે દર્શાવ્યા પ્રમાણે વાણિજ્યિક ઝોન માટે મુકરર કરવી.

ગુજરાતનાં રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર. તારીખ ૨૦મી ઓગષ્ટ ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૭નો ૮૮/ડીવીપી-૨૭૯૬-૨૨૦૪-એલ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ-સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી જુલાઈ, ૧૯૯૭,

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક જીએચ/વી/૧૯૯૭નો ૮૮/ડીવીપી-૨૭૯૬--૨૨૦૪-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા. ૮મી ઓકટોબર ૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૮૬નો ૧૭૪/ડીવીપી-૨૭૮૧-૩૯૩૩-(૮૬)-એલ હેઠળ મંજૂર કરેલી માણસા વિસ્તાર વિકાસ સત્તા મંડળના વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬(સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા)ની કલમ-૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

INDEX

૨. કોઈપણ વ્યક્તિને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અગ્રસચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તારીખ ૮-૧૦-૧૯૮૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૬નો ૧૭૪/ડીવીપી/૨૭૮૧-૩૯૩૩-૮૬-એલ થી મંજૂર કરેલી માણસા વિસ્તાર વિકાસ સત્તા મંડળની છેવટની વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

માણસાની મંજૂર કરેલી વિકાસ યોજનામાં "કૃષિ વિષયક ઝોન" માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાનમાં A-B-C-D-A. તરીકે નિશાની કરીને દર્શાવેલ માણસાની મહેસૂલી સરવે નં. ૯૨૦/(એ.જી.)૨-૨૧ વાળી જમીન, સદરહુ ઝોનમાંથી કમી કરવી અને એ રીતે મુકત જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે એચ. તમાકુવાલા,
ગુજરાતના સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૪થી ઓગષ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. કેપી/૧૯૯૭નો ૫૭-વીબીએન/૩૪૯૭-૧૪૧૨-૧૦/થનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૫૭-વીબીએન/૩૪૯૭-૧૪૧૨-૧૦/ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, મોડાસા અને જિલ્લા પંચાયત સાબરકાંઠા સાથે વિચારવિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી:—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામનાં સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી,

INDEX

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલા નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અનુ. ક્રમ નંબર	તાલુકાનું નામ.	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલ નવા ગામોના નામ.	નવા ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	મોડાસા	શીણોલ	(૧) શીણોલ (મહેસૂલી ગામ) નીચેના પેટાપરા		(૧) શીણોલ	૧. (૧) શીણોલ (મહેસૂલી ગામ) નીચેના પેટાપરા
			(૧) અમરગઢ	(૧) નવી શીણોલ	(૨) નવી શીણોલ	(૨) અમરગઢ (પેટાપરા)
			(૨) શામપુર	(૨) શીવપુરા		(૩) શામપુરા (પેટા પરા)
			(૩) મહાદેવપુરા			(૪) મહાદેવપુરા (પેટા પરા)
			(૪) નવી શીણોલ	(૩) ઉમેદપુરા		૨. નીચેના પેટા પરા (૧) નવી શીણોલ
			(૫) શીવપુરા	(૪) લહેરીપુરા		(૨) શીવપુરા
			(૬) ઉમેદપુરા	(૫) નારણપુરા કંપા	(૩) નારણપુરા કંપા	(૩) ઉમેદપુરા
			(૭) લહેરીપુરા	(૬) નવા જવાનપુરા		(૪) લહેરીપુરા
			(૮) નારણપુરા કંપા	(૭) ચંપેલા		૩. (૧) નારણપુરા કંપા
			(૯) નવા જવાનપુરા	(૮) કિશોરપુરા		(૨) નવા જવાનપુરા
			(૧૦) ચંપેલા			(૩) ચંપેલા
			(૧૧) કિશોરપુરા			(૪) કિશોરપુરા

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. જે. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૭મી ઓગસ્ટ, ૧૯૯૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૭ના ગુજરાત સરકારના કૃષિ અને સહકાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચકેએચ/૩૬/૯૭/એમસીએ-૧૦૯૩/૨૨૭૨/છનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT COOPERATIVE SOCIETIES ACT, 1961

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ હેઠળ જાહેરનામું

કૃષિ અને સહકાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૭.

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧.

ક્રમાંક : જીએચકેએચ/૩૬/૯૭/એસસીએ/૧૦૯૩/૨૨૭૨-છ.—ગુજરાત સહકારી મંડળી અધિનિયમ, ૧૯૬૧ (સન ૧૯૬૨ના ગુજરાતના ૧૦મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૪૫-ખના ખંડ (ક) અનુસાર, ગુજરાત સરકાર, આથી, મહેસાણા, સુરેન્દ્રનગર અને વડોદરા જિલ્લાના નાયબ કલેકટરોને, સંબંધિત મંડળીઓની રજિસ્ટર થયેલી કચેરીઓ જે વિસ્તારમાં આવેલી હોય તે વિસ્તારમાં તેઓને પોતપોતાની હકૂમતની અંદર, સદરહુ અધિનિયમના પ્રકરણ-૧૧-ક હેઠળ કલેકટરની સત્તા વાપરવા અને ફરજો બજાવવા માટે, કલેકટરો તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે

એ. એ. પટેલ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ઓગસ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭મી જુલાઈ, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૭/૯૦/એમવીઆર/૧૦૯૫/૩૬૭૩/ખ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી જુલાઈ, ૧૯૯૭.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૭/૯૦/એમવીઆર/૧૦૯૫/૩૬૭૩/ખ.—ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા માટેના નિયમોનો મુસદ્દો, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૨૧૨ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, ગૃહ વિભાગના તારીખ ૨૬મી મે, ૧૯૯૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૭/૬૮/એમવીઆર ૧૦૯૫-૩૬૭૩-ખ હેઠળ તારીખ ૨૬મી મે, ૧૯૯૭ના ગુજરાત રાજપત્ર, ભાગ ૪--એ ના પાના ૪૪.૧ થી ૪૯.૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસે સન ૧૯૯૭ના જૂન મહિનાની ૨૪મી તારીખ સુધીમાં વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યાં હતાં

અને સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં કોઈપણ વ્યકિત તરફથી સરકારને કોઈ વાંધા અથવા સૂચનો મળ્યા નથી.

તેથી, હવે, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૨૮ની પેટા-કલમ (૧) અને પેટા-કલમ (૨)ના ખંડ (ડ) અને કલમ ૩૮ ની પેટા-કલમ (૨)ના ખંડો (ઘ) અને (ચ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, ગુજરાત મોટર વાહન (સુધારા) નિયમો, ૧૯૯૭ કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ (જેનો આમાં હવે પછી, "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૧૮માં, પેટા-નિયમ (૪)માં, ખંડ (ક) ને બદલે નીચેનો મજકૂર મૂકવો :—

"(ક) અરજદાર જે વિસ્તારમાં રહેતો હોય તેના પોલીસ મથક અથવા રાજ્યપત્રિત અધિકારી અથવા ગ્રામપંચાયતના સરપંચ અથવા મ્યુનિસિપલ બરોના, પ્રમુખ અથવા નગરપાલિકાના પ્રમુખ અથવા મ્યુનિસિપલ કોર્પોરેશનના કાઉન્સિલર અથવા વિધાનસભાના સભ્ય અથવા સંસદસભ્ય પાસેથી મેળવેલ નૈતિક ચારિત્ર્યના રિપોર્ટ".

૩. સદરહુ નિયમોમાં, નિયમ ૩૦માં, પેટા-નિયમ (૨)માં, ખંડ (ઘ) ને બદલે, નીચેનો મજકૂર મૂકવો :—

"(ઘ) અરજદાર જે વિસ્તારમાં રહેતો હોય તેના પોલીસ મથક અથવા રાજ્યપત્રિત અધિકારી અથવા ગ્રામ પંચાયતના સરપંચ અથવા મ્યુનિસિપલ બરોના પ્રમુખ અથવા નગરપાલિકાના પ્રમુખ અથવા મ્યુનિસિપલ કોર્પોરેશનના કાઉન્સિલર અથવા વિધાનસભાના સભ્ય અથવા સંસદસભ્ય પાસેથી મેળવેલ નૈતિક ચારિત્ર્યનો રિપોર્ટ".

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
જશવંત ગાંધી.
સરકારના ઉપ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ઓગષ્ટ, ૧૯૯૭,

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી જુલાઈ, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૭/૧૦૨/એમવીઆર/૧૦૯૫/૩૨૩૦/ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

re

AMENDMENT TO THE BOMBAY MOTOR VEHICLES TAX RULES, 1959.

મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૪મી જુલાઈ, ૧૯૯૭.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જી/જી/૯૭/૧૦૨/એમવીઆર/૧૦૯૫/૩૨૩૦/ખ.—મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ વધુ સુધારતા નિયમોનો મુસદ્દો મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮નો મુંબઈના ૬૫મા)ની કલમ ૨૩ ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે ગૃહ વિભાગના તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૭/૧૭/એમવીઆર/૧૦૯૫/૩૨૩૦/ખ હેઠળ તારીખ ૧૭મી ફેબ્રુઆરી, ૧૯૯૭ના ગુજરાત રાજપત્ર ભાગ--૪બી ના પાના ૩૧ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી તારીખ ૧૭મી માર્ચ, ૧૯૯૭ સુધીમાં વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા.

INDEX

અને સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં સરકારને કોઈ વ્યકિત તરફથી વાંધા અથવા સૂચનો મળ્યા નથી.

તેથી, હવે, મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના દયમા)ની કલમ ૨૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ક)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૭ કહેવાશે.

૨. મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯માં, નિયમ ૫માં,—

(૧) પેટા-નિયમ (૧)માં "નમૂના એનટી મુજબનો એકરાર કરવો જોઈશે" એ શબ્દને બદલે, "નમૂના એનટી મુજબના એકરાર સાથે દસ રૂપિયાની ફી જોડવી જોઈશે" એ શબ્દો મૂકવા.

(૨) પેટા-નિયમ (૩)માં, "પ્રમાણપત્ર જોડવું જોઈશે" એ શબ્દોને બદલે, "દસ રૂપિયાની ફી પ્રમાણપત્ર જોડવા જોઈશે" એ શબ્દો મુકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રી હુકમથી અને તેમના નામે,

જસવંત ગાંધી,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૭મી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૭ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચટી-૯૭-૩૨-એમકેએમ-૧૦૯૭-૨૦૩૪-ઈ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT ENTERTAINMENTS TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૩૧મી જુલાઈ, ૧૯૯૭.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક : જીએચટી-૯૭-૩૨-એમકેએમ-૧૦૯૭-૨૦૩૪-ઈ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સન ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૨૯ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી શ્રી જે. પી. દત્તા મુંબઈ-એ નિર્માણ કરેલી હિન્દી ફિલ્મ "બોર્ડર" પ્રદર્શિત કરવાને, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી શરતોને આધીન રહીને, સદરહુ અધિનિયમની કલમ-૩ હેઠળ લેવાપાત્ર કરના ૭૦ ટકા જેટલી મનોરંજન કર ભરવામાંથી મુકિત આપે છે.

INDEX

અનુસૂચિ

(૧) કરની રકમ બાદ કર્યા પછી મનોરંજનમાં વિધમાન પ્રવેશ દરો વધારવા નહિ અને વિધમાન પ્રવેશ દરો લેવાપાત્ર કરના ૭૦ ટકા જેટલા ઘટાડવા અને ૩૦ ટકા કર વસૂલ કરવો અને તે સરકારને ભરવો.

(૨) કર ભરવામાંથી આપેલી મુકિતનો લાભ દરેક પ્રિન્ટ દીઠ છ અઠવાડિયાની મુદતસુધી રહેશે અને ગુજરાત રાજયમાં પ્રદર્શિત કરવાની નવ પ્રિન્ટો પૂરતી મર્યાદિત રહેશે. જેમાંથી અઢારથી વધુ ન હોય તેટલા અઠવાડિયા સુધી, ફિલ્મ સન ૧૯૯૧ની વસતી ગણતરી મુજબ જેની વસતી ૫૦,૦૦૦થી વધુ ન હોય તેવા સ્થાનિક વિસ્તારની હદોની અંદર પ્રદર્શિત કરવી.

(૩) કર ભરવામાંથી આપેલ મુકિતનો લાભ આ જાહેરનામું બહાર પાડયાની તારીખથી એક વર્ષની મુદતની અંદર મળી શકશે.

(૪) મુકિતની શરતો પૈકીની કોઈ શરતનો અથવા અધિનિયમ અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓનો ભંગ થાય તે પ્રસંગે, નિયત અધિકારી, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૩ની કલમ-૩૦ હેઠળ પગલું લે, તો તે કાયદેસર ગણાશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. આર. શાહ,
સરકારના ઉપ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ઓગસ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૪થી ઓગસ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૪૯/વીબીએન/૩૦૯૬/૩૨૪૦/૨૭/ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓગસ્ટ, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો/૪૯/વીબીએન/૩૦૯૬/૩૨૪૦/૨૭/ચ : ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, નખત્રાણા અને જિલ્લા પંચાયત કચ્છ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :—

(૧) અનુસૂચિના કોલમ--૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી,

(૨) સદરહુ અનુસૂચિના કોલમ--૬માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલા નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

અનુ. નંબર	તાલુકાનું નામ.	વિદ્યમાન ગામનું નામ.	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલ નવા ગામોના નામ.	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	નખત્રાણા	૧. વંગ	૧. વંગ (મહેસૂલી ગામ)		૧. વંગ	૧. (૧) વંગ (મહેસૂલી ગામ)
			૨. ડાડોર (મહેસૂલી ગામ)			(૨) ડાડોર (મહેસૂલી ગામ)
			૩. જાલુ (મહેસૂલી ગામ)	૧. ખારડિયા (મહેસૂલી ગામ)	૨. ખારડિયા	(૩) જાલુ (મહેસૂલી ગામ)
			૪. ખારડિયા (મહેસૂલી ગામ)	૨. નાની ગઢિયાર (મહેસૂલી ગામ)		૨. (૧) ખારડિયા (મહેસૂલી ગામ)
			૫. નાની ગઢિયાર (મહેસૂલી ગામ)			(૨) નાની ગઢિયાર (મહેસૂલી ગામ)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. જે. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૭મી ઓગસ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચએલ-૨૦૨-યુઓએલ-૧૦૮૧-૧૧૦૯-એમ-(૨)ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કરીએ છીએ.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT UNPROTECTED MANUAL WORKERS (REGULATION OF EMPLOYMENT AND WELFARE) ACT, 1979.

ગુજરાત અરક્ષિત મજૂરી કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) અધિનિયમ, ૧૯૭૯ હેઠળ જાહેરનામું.

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૭.

ગુજરાત અરક્ષિત મજૂરી કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) અધિનિયમ, ૧૯૭૯.

ક્રમાંક : કેએચ-એલ-૨૦૨-યુઓએલ-૧૦૮૬-૧૧૦૯-એમ-(૨).—ગુજરાત અરક્ષિત મજૂરી કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) અધિનિયમ, ૧૯૭૯ (સન ૧૯૭૯ના ગુજરાતના ૨૫મા)ની કલમ-૪ હેઠળ કરેલી રેલવે માલ છોડાવતા અને તે રવાના કરતા અરક્ષિત

INDEX

કામદારો (રોજગાર અને કલ્યાણ નિયમન) યોજના, ૧૯૮૮ના ખંડ-૧ના પેટા-ખંડ (૨)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી સદરહુ યોજનાના બાકીના ખંડો જે તારીખથી અમલમાં આવશે તે તારીખથી કે તારીખ-૧૬-૮-૯૭ નિર્દિષ્ટ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જી. કે. ગરાસીયા,
સેક્શન અધિકારી.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૭મી ઓગસ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૯૭/ટીપીએસ-૧૪૯૫-૩૦૨૧-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૭મી જુલાઈ, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૯૭/ટીપીએસ-૧૪૯૫-૩૦૨૧-એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૬મી જૂન, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૩નો ૧૦૮/ટીપીએસ-૧૪૯૨/૨૦૯૧-એલ હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મો) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ-૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશને તેને સાદર કરેલ નગરરચના યોજના, સુરત ક્રમાંક-૪ (અશ્વનીકુમાર નવાગામ-ફેરફાર કરેલ)નો ફેરફાર કરેલ મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ ફેરફાર કરેલ મુસદ્દા યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો.

અને, સદરહુ અધિનિયમની કલમ-૫૦થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકારે, સદરહુ ફેરફાર કરેલ યોજનાના મુસદ્દા માટે, નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી.

અને, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૧૯મી જાન્યુઆરી, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી-૧૯૯૫ના ૧૭/ટીપીએસ-૧૪૯૪-૨૪૭૪/એલ હેઠળ, ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા)ની કલમ-૬૫ની મળેલી સત્તાની રુએ, નગરરચના યોજના, સુરત ક્રમાંક : ૪ અશ્વનીકુમાર નવાગામ-પ્રારંભિક ફેરફાર કરેલી મંજુર કરી છે. અને નગરરચના અધિકારીએ, સદરહુ અધિનિયમની કલમ-૫૨ની પેટા-કલમ (૨) અને કલમ-૬૨ની પેટા-કલમ (૨) હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના સુરત ક્રમાંક ૪ અશ્વનીકુમાર નવાગામ-છેવટની ફેરફાર કરેલ યોજના (જેનો આમાં હવે પછી "સદરહુ છેવટની ફેરફાર કરેલ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે), ગુજરાત સરકારને સાદર કરી છે;

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ-૬૫થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલ ફેરફારોને અધીન રહીને, "સદરહુ છેવટની ફેરફાર કરેલ યોજના" મંજૂર કરે છે.

(ખ) જણાવે છે કે "સદરહુ છેવટની ફેરફાર કરેલ યોજના" રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન, સુરત કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

INDEX

(ગ) સદરહુ કલમ-૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે સન ૧૯૯૭ના ઓગસ્ટ મહિનાની ૨૯મી તારીખ નક્કી કરે છે.

અનુસૂચિ

સુરત શહેરી વિકાસ સત્તા મંડળના મંજૂર કરેલ વિકાસ પ્લાનના વિકાસ નિયંત્રણ વિનિયમો સદરહુ છેવટની ફેરફાર કરેલ યોજનાને લાગુ પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૭મી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૮મી ઓગસ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૧૦૧/ટીપીએસ/૧૨૯૭/૧૨૫૮/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૧૦૧/ટીપીએસ-૧૨૯૭-૧૨૫૮-એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૧મી ડિસેમ્બર, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૫નો ૧૮૮ ટીપીએસ-૧૨૯૪-૨૭૯૫-એલ, હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન વડોદરાએ તેને સાદર કરેલ નગરરચના યોજના, વડોદરા ક્રમાંક ૧ (પ્રથમ ફેરફાર કરેલ) (અકોટા)નો મુસદ્દો (જેનો આમાં હવે પછી "સદરહુ પ્રથમ ફેરફાર કરેલ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો.

અને સદરહુ અધિનિયમની કલમ-૫૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકારે, સદરહુ ફેરફાર કરેલ યોજનાનાં મુસદ્દા માટેના પ્રથમ મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી.

અને, નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ-૫૨ની પેટા-કલમ (૨) અને કલમ-૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના, વડોદરા ક્રમાંક ૧ (પ્રથમ ફેરફાર કરેલ) (અકોટા) પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ પ્રથમ ફેરફાર કરેલ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરી છે;

INDEX

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

(ક) "સદરહુ પ્રથમ ફેરફાર કરેલ પ્રારંભિક યોજના" મંજુર કરે છે.

(ખ) જણાવે છે કે સદરહુ પ્રથમ ફેરફાર કરેલ પ્રારંભિક યોજના, તમામ કામકાજના દિવસોએ કચેરીના સમય દરમિયાન વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા કચેરીમાં લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

(ગ) સદરહુ કલમ-૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે તારીખ ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૭ નક્કી કરે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૫મી ઓગષ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક. કેપી/૧૯૯૭નો ૫૩-વીબીએન-૩૨૯૪-૩૧૪-૭/ચનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૫૩-વીબીએન-૩૨૯૪-૩૧૪-૭/ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭૭ી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, લુણાવાડા અને જિલ્લા પંચાયત પંચમહાલ સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર; આથી:—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી, કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી,

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલા નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

અનુ. નંબર.	તાલુકાનું નામ.	વિદ્યમાન ગામનું નામ.	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ.	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	લુણાવાડા	નવી સીંગનલી	નીચેના મહેસૂલી ગામો.			નીચેના મહેસૂલી ગામો.
			(૧) નવી સીંગનલી (૨) જૂની સીંગનલી (૩) ગઢ (૪) ગુગતા (૫) ટીંબા (૬) શિવરાજપુર (૭) જોખા (૮) બેડિયા (૯) છલા બારિયાના મુવાડા (૧૦) માખલિયા	૧. માખલિયા (મહેસુલી ગામ)	૧. નવી સીંગનલી ૨. માખલિયા	૧. (૧) નવી સીંગનલી (૨) જૂની સીંગનલી (૩) ગઢ (૪) ગુગતા (૫) ટીંબા (૬) શિવરાજપુર (૭) જોખા (૮) બેડિયા (૯) છલા બારિયાના મુવાડા ૨. માખલિયા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. જે. રાઠોડ,
સરકારનાં નાયબ સચિવ

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૪થી ઓગષ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૭નો ૫૨-વીબીએન-૩૦૯૭-૧૮૧૦-૧૩-ચનો ગુજરાતી અનુવાદઆથી લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૪થી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૫૨-વીબીએન-૩૦૯૭-૧૮૧૦-૧૩-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭ની મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, ભૂજ અને જિલ્લા પંચાયત, કચ્છ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી:—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

INDEX

(૨) - સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલા નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અનં. ક્રમ નં.	તાલુકાનું નામ.	વિદ્યમાન ગામનું નામ.	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલ નવા ગામોના નામ.	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	ભૂજ	રાયધણપર	નીચેના મહેસૂલી ગામો ૧. રાયધણપર ૨. ગલપાદર ૩. ત્રાંબો ૪. વરનોરા-મોટા ૫. વરનોરા-નાના	૧. વરનોરા-નાના (મહેસૂલી ગામ)	૧. રાયધણપર ૨. વરનોરા-નાના	નીચેના મહેસૂલી ગામો ૧. (૧) રાયધણપર (૨) ગલપાદર (૩) ત્રાંબો (૪) વરનોરા-મોટા ૨. વરનોરા-નાના

ગુજરાતના રાજ્યપાલકીના હુકમથી અને તેમના નામે,

કે. જે. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૨મી જુલાઈ, ૧૯૯૭નાં ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચએમ/૯૭/૫૦/એમ/એસટીપી/૧૦૯૫/૧૭૮૩/એચ.૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આર્ઠે. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Corrigendum

re

AMENDMENT TO THE GOVERNMENT ORDER, REVENUE DEPARTMENT, NO. GHM/97/13/M/STP/1095/1783/H-1 Dated 24th Feb., - 1997.

મહેસૂલ વિભાગના તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૭ના સરકારી હુકમ ક્રમાંક જીએચએમ/૯૭/૧૩/એમ/એસટીપી ૧૦૯૫/૧૭૮૩/એચ--૧ સુધારવા સંબંધી શુધ્ધિપત્ર

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી જૂલાઈ, ૧૯૯૭.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચએમ/૯૭/૫૦/એમ/એસટીપી/૧૦૯૫/૧૭૮૩/એચ. ૧.-- મહેસૂલ વિભાગના તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૭ના સરકારી હુકમ ક્રમાંક જીએચએમ/૯૭/૧૩/એમ/એસટીપી/૧૦૯૫/૧૭૮૩/એચ--૧માં, તારીખ ૨૪મી ફેબ્રુઆરી, ૧૯૯૭ના સરકારી અસાધારણ રાજપત્ર

INDEX

ક્રમાંક ૫૨ના ભાગ--૪ બીમાં પૃષ્ઠ --૧ ઉપરના અનુક્રમ નંબર ૨૭ પર પ્રસિધ્ધ થયેલ "યુનિટ ટ્રસ્ટ ઓફ ઈન્ડિયા બેન્ક લિમિટેડ" ને બદલે, "યુટીઆઈ બેન્ક લિમિટેડ" તરીકે વાંચવું.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. ડી. ભટ્ટ,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૭મી ઓગસ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ તયેલા તારીખ ૭મી ઓગસ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીયુ-૯૭-૨૦૮-એફએસી-૧૦૯૫-૮૬૦-(૨).—એમ(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

Notification

Under

THE FACTORIES ACT, 1948.

કારખાના અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૭મી ઓગસ્ટ, ૧૯૯૭.

કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮નો ક્રમાંક-૬૩મો)

ક્રમાંક : જીયુ-૯૭-૨૦૮-એફએસી-૧૦૯૫-૮૬૦(૨)-એમ(૩).— કારખાના અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૬૬ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર આથી, જીઈ અપાર લાઈટીંગ લી. ધરમસિંહ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, લિમ્બાસી-૩૮૭-૫૨૦ (તાલુકો માતર) (જિલ્લો-ખેડા)ના સંબંધમાં, તારીખ ૩૦-૭-૯૭થી શરૂ થતી બે વર્ષની મુદત માટે સવારના ૫.૦૦ અને રાત્રિના ૧૦.૦૦ વચ્ચેના સમય દરમિયાન તેમાં સ્ત્રી કામદારોને કામે રાખવાનો અધિકાર આપવા, ખંડ(ખ)માં જણાવેલ નિબંધોમાં, નીચેની શરતોને આધીન રહીને ફેરફાર કરે છે કે સંચાલક કે—

(ક) સ્ત્રી કામદારોને તેમના રહેઠાણથી કારખાનામાં કામ કરવા આવવા તથા પાછા જવા માટે મફત વાહન-વ્યવહારની સગવડનો પ્રબંધ કરવો; અને

(ખ) જે સ્ત્રી કામદારોના સંબંધમાં આવી રીતે લાવવા લઈ જવાની સગવડનો પ્રબંધ હોય તે સ્ત્રી કામદારોની સલામતી માટે પૂરતી વ્યવસ્થા કરવી.

(ગ) બીજી પાળીમાં ઘોડિયાઘર માટે લાયકાતવાળી સ્ત્રીઓની નિમણુંક કરવા માટે કારખાનાના સિનિયર ઈન્સ્પેકટર નડિયાદે, કરેલી ભલામણોનો તંત્રે અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. ડી. નાયક,
ગુજરાત સરકારના નાયબ સચિવ.
શ્રમ અને રોજગાર વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનાં વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી ઓગસ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીયુ-૯૭/૨૦૭/એફએસી-૧૦૯૫-૮૬૦(૧)-એમ-(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE FACTORIES ACT 1948.

કારખાના અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૭મી ઓગષ્ટ, ૧૯૯૭.

કારખાના અધિનિયમ, ૧૯૪૮, (સન ૧૯૪૮નો ક્રમાંક ૬૩મો).

ક્રમાંક જીયુ-૯૭-૨૦૭-એફએસી-૧૦૯૫-૮૬૦-(૧)-એમ(૩).—કારખાના અધિનિયમ, ૧૯૪૮ની કલમ ૬૬ની પેટા-કલમ (૧)ના ખંડ (ખ)ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જી.ઈ અપ્પર લાઈટિંગ લી., કોમ્પોનન્ટ ડિવિઝન, ધરમસિંહ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક નડિયાદ (જિલ્લો ખેડા)ના સંબંધમાં, તારીખ ૩૦મી જુલાઈ, ૧૯૯૭થી શરૂ થતી બે વર્ષની મુદત માટે સવારના ૫-૦૦ અને રાત્રિના ૧૦.૦૦ વચ્ચેના સમય દરમિયાન તેમાં સ્ત્રી કામદારોને કામે રાખવાનો અધિકાર આપવા, ખંડ (ખ)માં જણાવેલ નિબંધોમાં, નીચેની શરતોને આધીન રહીને ફેરફાર કરે છે કે સંચાલકે,

(ક) સ્ત્રી કામદારોને તેમના રહેઠાણથી કારખાનામાં કામ કરવા આવવા તથા પાછા જવા માટે મફત વાહનવ્યવહારની સગવડનો પ્રબંધ કરવો; અને

(ખ) જે સ્ત્રી કામદારોના સંબંધમાં આવી રીતે લાવવા લઈ જવાની સગવડનો પ્રબંધ કર્યો હોય તે સ્ત્રી કામદારોની સલામતી માટે પુરતી વ્યવસ્થા કરવી.

(ગ) બીજી પાળીમાં ઘોડિયાઘર માટે, લાયકાતવાળી સ્ત્રીઓની નિમણુંક કરવા માટે કારખાનાના સિનિયર ઈન્સ્પેકટર, નડિયાદે કરેલી ભલામણોના તંત્રે અમલ કરવાનો રહેશે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. ડી. નાયક,
સરકારના નાયબ સચિવ

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૭નાં ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/કેપી/૧૯૯૭નો ૭૫/આરએચબી/૧૦૯૭/૧૪૩૧/વી. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT RURAL HOUSING BOARD ACT, 1972.

ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૭૨ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર,

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૯મી ઓગસ્ટ, ૧૯૯૭.

ગુજરાત ગ્રામ ગૃહ-નિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૭૨.

ક્રમાંક જીએચ/કેપી/૧૯૯૭ના૭૫/આરએચબી/૧૦૯૭/૧૪૩૧/વી ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડ અધિનિયમ, ૧૯૭૨ (સન ૧૯૭૨ના ગુજરાતના ૨૨મા)ની કલમ-૮ની પેટા-કલમ (૧) સાથે વાંચતા, કલમ ૫ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર

INDEX

આથી ગુજરાત ગ્રામ ગૃહનિર્માણ બોર્ડના અધ્યક્ષ શ્રી પુરૂષોત્તમભાઈ સોલંકીને બદલે, વધુ હુકમો ન થાય ત્યાં સુધી, **શ્રી મેઘજીભાઈ મકવાણાને** ગુજરાત ગ્રામ, ગૃહનિર્માણ બોર્ડ, ગાંધીનગરના અધ્યક્ષ તરીકે નીમે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોને વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તા. ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૭મી ઓગષ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીયુ-૯૭/૨૦૬/એફએસી-૧૦૯૫-૮૬૦-એમ(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE FACTORIES ACT, 1948.

કારખાના અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૭મી ઓગષ્ટ, ૧૯૯૭

કારખાના અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮નો ક્રમાંક ૬૩).

ક્રમાંક : જીયુ-૯૭/૨૦૬/એફએસી-૧૦૯૫-૮૬૦-એમ(૩).—કારખાના અધિનિયમ,૧૯૪૮ની કલમ ૬૬ની પેટા-કલમ (૧)નાખંડ (ખ) ના પરંતુક થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જી. ઈ. અપાર લાઈટીંગ લી., ધરમસિંહ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક, લાઈટીંગ ડિવિઝન, નડિયાદ ૩૮૭૦૦૧ (જિલ્લો-ખેડા) ના સંબંધમાં, તારીખ ૨૯-૭-૧૯૯૭થી શરૂ થતી બે વર્ષની મુદત સુધી સવારના ૫-૦૦ અને રાત્રીના ૧૦-૦૦ વચ્ચેના સમય દરમિયાન તેમાં સ્ત્રીકામદારોને કામે રાખવાનો અધિકાર આપવા ખંડ (બ) માં જણાવેલ નિબંધોમાં નીચેની શરતોને અધીન રહીને ફેરફાર કરે છે, કે સંચાલકોએ—

(૧) સ્ત્રી કામદારોને તેમના રહેઠાણથી કારખાનામાં કામ કરવા આવવા તથા પાછા જવા માટે મફત વાહનવ્યવહારની સગવડનો પ્રબંધ કરવો ;

(૨) જે સ્ત્રી કામદારોના સંબંધમાં આવી રીતે લાવવા લઈ જવાની સગવડનો પ્રબંધ કર્યો હોય તે સ્ત્રી કામદારોની સલામતી માટે પૂરતી વ્યવસ્થા કરવી જોઈશે.

(૩) બીજી પાળીમાં ઘોડીયાઘર માટે લાયકાતવાળી સ્ત્રીઓની નિમણુંક કરવા માટે કારખાનાના સિનિયર ઈન્સ્પેકટર, નડિયાદએ કરેલી ભલામણનો તંત્રે અમલ કરવાનો રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. ડી. નાયક,
સરકારના નાયબ સચિવ.

GOVERNMENT CENTRAL PRESS, GANDHINAGAR

INDEX

REGISTERED NO. G/GNR/3

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, SEPTEMBER 25, 1997/ASVINA 3, 1919 [No. 39

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧લી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૬મી ઓગસ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર-૯૭-૨૧૩-બીએસઈ-૧૦૯૧-(૯૭)-૨૬૬૯-એમ-(૩).નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE BOMBAY SHOPS AND ESTABLISHMENTS ACT, 1948.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૬મી ઓગષ્ટ, ૧૯૯૭.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : જીએચઆર-૯૭-૨૧૩-બીએમઈ-૧૦૯૧(૬૭)-૨૬૬૮-એમ-(૩).—મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના મુંબઈના ૭૬મા)ની કલમ ૬૩ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, જન્માષ્ટમી તહેવારના પ્રસંગે, ગુજરાત રાજ્યમાંની દુકાનો, નિવાસી હોટેલો, રેસ્ટોરાં અને જાહેરગૃહોના સંબંધમાં, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૧)માં નિર્દિષ્ટ કરી હોય તેવી સદરહુ અધિનિયમની જોગવાઈઓનો અમલ, સદરહુ અનુસૂચિનાં કોલમ (૨)માં તે દરેકની સામે નિર્દિષ્ટ કરેલી શરતોને આધીન રહીને, તારીખ ૨૧મી ઓગસ્ટ, ૧૯૯૭થી શરૂ થતી અને તારીખ ૨૮મી ઓગષ્ટ, ૧૯૯૭ના રોજ પૂરી થતી (બંને દિવસો સહિત)ની મુદત દરમિયાન મોકૂફ રાખે છે.

અનુસૂચિ

જે જોગવાઈઓનો અમલ કામચલાઉ મોકૂફ રાખેલ હોય તે જોગવાઈઓ.	જેને આધીન રહીને, જોગવાઈનો અમલ મોકૂફ રાખેલ હોય તે શરત
૧	૨
(૧) કલમ ૧૧	કોઈપણ દુકાન કોઈપણ દિવસે મધ્યરાત્રિ કરતાં મોડી ખુલ્લી રાખવી નહિ.
(૨) કલમ ૧૨	માલની ફેરી મધ્યરાત્રિ સુધી કરી શકાશે.
(૩) કલમ ૧૪	(ક) આ જોગવાઈનો અમલ ફકત દુકાનોના સંબંધમાં જ મોકૂફ રાખવામાં આવ્યો છે. (ખ) કોઈ નોકરને નિર્દિષ્ટ કરેલા કામના કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કરવું પડે તો તે, અધિનિયમની કલમ ૬૩ની પેટા-કલમ (૧)માં નિર્દિષ્ટ કરેલા દરે વેતન મેળવવા હકદાર રહેશે.
(૪) કલમ ૧૬	કામનો એકંદર સમય, ચૌદ કલાક કરતાં વધુ હોવો જોઈશે નહિ.
(૫) કલમ ૧૮	(ક) આ જોગવાઈનો અમલ ફકત દુકાનોના સંબંધમાં જ મોકૂફ રાખવામાં આવ્યો છે. (ખ) ઠરાવેલ રજાનો દિવસ ન મળવાને કારણે, દરેક નોકર,— (૧) તારીખ ૨૫મી ઓગસ્ટ, ૧૯૯૭ પછી તેના બદલામાં રજા મેળવવા હકદાર રહેશે અથવા (૨) એવી રજામાં કરેલ કામ માટે અધિનિયમની કલમ ૬૩ની પેટા-કલમ (૧)માં ઓવર ટાઈમ કામ માટે નિર્દિષ્ટ દરે વેતન મેળવવાને હકદાર રહેશે.
(૬) કલમ ૨૦	— —
(૭) કલમ ૨૧	કોઈપણ નોકરને નિર્દિષ્ટ કામનાં કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કરવું પડે, તો તે, અધિનિયમની કલમ ૬૩ની પેટા-કલમ (૨)માં, નિર્દિષ્ટ કરેલ દરે, વેતન મેળવવા હકદાર રહેશે.

INDEX

૧	૨
(૮) કલમ ૨૪	ઠરાવેલી અઠવાડિક રજા ન મળવાને કારણે, દરેક નોકર,—
	(૧) તારીખ ૨૫મી ઓગસ્ટ, ૧૯૯૭ પછી તેના બદલામાં રજા મેળવવા હકદાર રહેશે; અથવા
	(૨) રજામાં કરેલ કામ માટે, અધિનિયમની કલમ ૬૩ની પેટા-કલમ (૨)માં ઓવરટાઈમ કામ માટે નિર્દિષ્ટ કરેલ દરે વેતન મેળવવા હકદાર રહેશે.

૨. આ વિભાગની ફાઈલ નંબર, બીએસઈ-૧૦૯૧-૨૬૬૯-એમ-(૩) ઉપર તા. ૮મી ઓગસ્ટ ૧૯૯૭ની ગૃહ વિભાગની સંમતિથી આ ઠરાવ પાડવામાં આવ્યું છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. ડી. નાયક,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૭

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી જુલાઈ ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૯૬/ટીપીએસ/૧૨૯૫/૧૦૯૭/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૯મી જુલાઈ, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૯૬/ટીપીએસ/૧૨૯૫/૧૦૯૭/એલ.—શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૩મી માર્ચ, ૧૯૯૩ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૩નો ૬૨/ટીપીએસ/૧૨૯૨/૧૮૪૪/૯૨/એલ હેઠળ ગુજરાત સરકારે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક : ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૮ની પેટા કલમ (૨) થી મળેલી સત્તાની રૂએ, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને તેને સાદર કરેલી નગરરચના યોજના, વડોદરા નં. ૨૦ (અટલાદરા) નો મુસદ્દો (જેનો આમાં હવે પછી, "સદરહુ યોજનાના મુસદ્દા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) મંજૂર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ ૫૦ થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકારે, સદરહુ યોજનાના મુસદ્દા માટે નગરરચના અધિકારીની નિમણૂંક કરી હતી;

અને નગરરચના અધિકારીએ, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક: ૨૭મા) ની કલમ પરની પેટા-કલમ (૨) અને કલમ ૬૪ હેઠળ ઠરાવ્યા પ્રમાણે, નગરરચના યોજના વડોદરા નં. ૨૦ (અટલાદરા) પ્રારંભિક યોજના (જેનો આમાં હવે પછી, "સદરહુ પ્રારંભિક યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ગુજરાત સરકારને સાદર કરેલ છે;

INDEX

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક: ૨૭મા)ની કલમ ૬૫થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી,—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલ ફેરફારોને આધીન રહીને, "સદરહુ પ્રારંભિક યોજના" મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે સદરહુ પ્રારંભિક યોજના, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરાની કચેરીમાં રવિવાર અને રજાના દિવસો સિવાય, તમામ કામકાજના દિવસોએ લોકોને જોવા માટે ખુલ્લી રહેશે; અને

(ગ) સદરહુ કલમ ૬૫ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)ના હેતુ માટેની તારીખ તરીકે સન ૧૯૯૭ના ઓગષ્ટ મહિનાની ૨૯મી તારીખ નક્કી કરે છે.

અનુસૂચિ

(૧) યોજનાના 'ફેરવહેંચણી પત્રકમાં', કોલમ ૮માં, અનુક્રમાંક ૬૧+૬૩, મૂળ પ્લોટ નંબર ૫૩ની સામે, "ગંદાવસવાટ નાબૂદી બોર્ડ માટે અનામત" એ શબ્દો દાખલ કરવા.

(૨) યોજનાના છેવટના પ્લોટો નંબરો ૧૦૯ અને ૧૧૦ના "રહેઠાણ માટે વેચાણ"ના હેતુને બદલે, "સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગ માટેના ગૃહનિર્માણ" એ હેતુ મૂકવો.

(૩) યોજનાના છેવટના પ્લોટ નંબર ૧૦૧ના "રહેઠાણ માટે વેચાણ"ના હેતુને બદલે, "સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના ઔદ્યોગિક કામદારો માટે ગૃહનિર્માણ" એ હેતુ મૂકવો.

(૪) યોજનાના ફેરવહેંચણીપત્રકમાં પાના નંબર ૨૮ પર અનુક્રમાંક ૭ પર, કોલમ નં. ૨માં, માલિકનું નામ "જાહેર હેતુ માટે, સમુચિત સત્તામંડળને ફાળવેલા" એ શબ્દોને બદલે, "સમુચિત સત્તામંડળ—વડોદરા મહાનગરપાલિકા" એ શબ્દો મૂકવા.

(૫) કામના ખર્ચના પત્રકમાં, નોંધમાં, "સમગ્ર કામ, નગરરચના યોજના મંજૂર થયાની તારીખથી પાંચ વર્ષની અંદર, પૂરા કરવાં જોઈશે" એ શબ્દોને બદલે, "તમામ કામો જે તારીખે નગર રચના યોજના અમલમાં આવે તે તારીખથી ૫ વર્ષની અંદર પૂરા કરવા જોઈશે" એ શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાતસરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુક્ત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી ઓગસ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચ-૨૦૧-ઈએસઆઈ-૧૦૯૫-૧૪૪૮-એમ-(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE EMPLOYEES STATE INSURANCE ACT, 1948.

કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૭.

ક્રમાંક : કેએચ-૨૦૧-ઈએસઆઈ-૧૦૯૫-૧૪૪૮-એમ-(૩).—કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૩૪મા)ની કલમ ૯૦થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત યુનિવર્સિટી પ્રેસ, અમદાવાદના નીચેના મુદ્રણને તા. ૪--૮--૯૭થી ત્રણ વર્ષની વધુ મુદત સુધી સદરહુ અધિનિયમના અમલમાંથી મુક્તિ આપે છે.

INDEX

૨. ઉપરની મુકિત નીચેની શરતોને આધીન છે :—

(૧) ઉપર જણાવેલ સંસ્થા/કારખાના કે જેમાં કામદારોને કામે રાખેલ હોય તે સંસ્થા/કારખાનાઓ મુકિત આપેલ કામદારોના નામો અને હાદા દર્શાવતું રજિસ્ટર રાખવું જોઈશે.

(૨) આ મુકિત આપવામાં આવી હોય તે છતાં, કામદારોને આ જાહેરનામા દ્વારા, જે તારીખથી આપેલ મુકિત અમલમાં આવે તે તારીખ પહેલાં ચૂકવેલા ફાળાના ધોરણે, સદરહુ અધિનિયમ હેઠળ જે લાભો મેળવવાને હકદાર બન્યા હોત તે લાભો તેઓને મળવાનું ચાલુ રહેશે.

(૩) મુકિત આપેલ મુદત માટેના ફાળા ચૂકવાઈ ગયા હોય, તો તે પાછા આપી શકાશે નહિ.

(૪) સદરહુ સંસ્થા/કારખાનાના માલિકે જે મુદત દરમિયાન તે કારખાનું સદરહુ અધિનિયમના અમલને આધીન હતી તે મુદત (જેનો આમાં હવે પછી, 'સદરહુ મુદત' તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના સંબંધમાં કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ હેઠળ તેણે ભરવાના બાકી હોય તે પત્રકો તે નમૂનામાં અને તે વિગતો સાથે સદરહુ મુદતના સંબંધમાં રજૂ કરવા જોઈશે.

૩. સદરહુ અધિનિયમની કલમ ૪૫ની પેટા--કલમ (૧) હેઠળ કોર્પોરેશને નીમેલા કોઈ ઈન્સ્પેકટરને અથવા આ અર્થે અધિકૃત કરેલા કોર્પોરેશનના અન્ય અધિકારીને—

(૧) કલમ ૪૪ની પેટા--કલમ (૧) હેઠળ સદરહુ મુદત માટે રજૂ કરેલ કોઈ પત્રકમાંની વિગતોની ખરાઈ કરવાના હેતુ માટે; અથવા

(૨) સદરહુ મુદત માટે કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ થી ઠરાવ્યા પ્રમાણે, રજિસ્ટરો અને રેકર્ડ રાખવામાં આવ્યાં હતાં કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે; અથવા

(૩) જે લાભોના બદલામાં આ જાહેરનામા હેઠળ મુકિત આપવામાં આવી હોય તે લાભો તરીકે રોકડમાં અને જણસરૂપે માલિકે આપેલા લાભો મેળવવાને કામદારો હકદાર હોતા ચાલુ રહે છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે; અથવા

(૪) અધિનિયમની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈ સદરહુ કારખાનાના સંબંધમાં અમલમાં હતી, ત્યારે તે મુદત દરમિયાન આવી કોઈપણ જોગવાઈનું પાલન કરવામાં આવ્યું છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે :—

(ક) પોતાને જે જરૂરી લાગે તેવી માહિતી પોતાને પૂરી પાડવાના મુખ્ય અથવા પ્રત્યક્ષ માલિકને ફરમાવવાની સત્તા રહેશે; અથવા

(ખ) આવા મુખ્ય અથવા પ્રત્યક્ષ માલિકના કબજામાં હોય તેવા કોઈ કારખાના, સંસ્થા, કચેરી, અથવા અન્ય જગામાં કોઈ વાજબી સમયે દાખલ થવાની અને તેનો હવાલો ધરાવતી હોવાનું જણાયેલ કોઈપણ વ્યકિતને, વ્યકિતઓના રોજગાર અને વેતનની ચૂકવણીને લગતા પોતાને જરૂરી જણાય તેવા દસ્તાવેજ, ચોપડા અને અન્ય દસ્તાવેજો આવા ઈન્સ્પેકટર અથવા અન્ય અધિકારી સમક્ષ રજૂ કરવા અને તેને તે તપાસવા દેવા અથવા પોતાને જરૂરી લાગે તેવી માહિતી તેને પૂરી પાડવા ફરમાવવાની સત્તા રહેશે; અથવા

(ગ) આવા કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગામાં જણાયેલ મુખ્ય અથવા પ્રત્યક્ષ માલિકને, તેના એજન્ટ અથવા નોકરને અથવા કોઈ વ્યકિતને અથવા સદરહુ ઈન્સ્પેકટરને અથવા અન્ય અધિકારીને જે કોઈ વ્યકિત કામદાર હોવાનું માનવાને વાજબી કારણ હોય તેવી કોઈ વ્યકિતને તપાસવાની સત્તા રહેશે; અથવા

(ઘ) આવા કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગામાં રાખવામાં આવતા કોઈ રજિસ્ટર, હિસાબના ચોપડા અથવા અન્ય દસ્તાવેજની નકલ કરવાની અથવા તેમાંથી ઉતારા કરવાની સત્તા રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એસ. કે. પટેલ,
ગુજરાત સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબાતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૩મી મે, ૧૯૯૭ના ગુજરાત સરકારના મહિલા, યુવક સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ નશાબંધી અને આબકારી વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/એલ/૯/એમટીપી/૧૦૯૩/સી-૬૦/(૯૭)-એમ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડીયા.
સરકારના નાયબ સચિવ.

Order

Under

THE BOMBAY PROHIBITION ACT, 1949.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ હેઠળ હુકમ.

મહિલા, યુવક સેવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, નશાબંધી અને આબકારી વિભાગ.

સચિવાલય, ગાંધીનગર; તા. ૧૩મી મે, ૧૯૯૭.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯.

ક્રમાંક : જીએચ/એલ/૯/એમપીટી/૧૦૯૩/સી-૬૦(૯૭)-એમ.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૬-ક ની જોગવાઈઓ અનુસાર, નિષ્ણાતોના બોર્ડની સલાહ મેળવ્યા પછી, ગુજરાત સરકાર આથી, નીચેની અનુસૂચિમાં જણાવેલી બનાવટને 'કેફી દારૂ' તરીકે યોગ્ય હોવાનું નક્કી કરે છે.

અનુસૂચિ

અનુક્રમાંક	બનાવટનું નામ
૧	૨
૧. હોમિયોપેથીક	ડિલ્યુશન્સ કન્ટેઈનીંગ આલ્કોહોલ
૨. મૃતસંજીવની.	
૩. મૃતસંજીવની	સુરા
૪. સ્પિરીચ્યુસ	એથરિસ
૫. સ્પિરીચ્યુસ	એથરિસ નિતાસી
૬. સ્પિરીચ્યુસ	ક્લોરોફોર્મી
૭. સ્પિરીચ્યુસ	મેન્થે પિપરીટ
૮. ટિંકચર્સ	આસ્ટેલિક
૯. ટિંકચર્સ	કાર્ડેમમ કંપોઝિટ
૧૦. ટિંકચર્સ	ઝોરેન્ટિલ
૧૧. ટિંકચર્સ	ચિનેન્સી
૧૨. ટિંકચર	સિલ્વાસ
૧૩. ટિંકચર	ટોલ્યુટેને
૧૪. ટિંકચર	લોમોનીસ
૧૫. ટિંકચર	ઓર્જિનીયા
૧૬. ટિંકચર	ઝિઝ્રબેરિસ
૧૭. ટિંકચર	ચિરાત્સ કંપોઝિટ
૧૮. ટિંકચર	કેલ્યુમિ
૧૯. અશોક	લિકવિડ એક્ટ્રેક
૨૦. અશોક	લિકવિડ
૨૧. એવોફોસ	અવોટોન

INDEX

૧	૨

૨૨. ૧૨ % વી/વી આલ્કોહોલ કરતા વધુ ધરાવતા તમામ પેટન્ટ અથવા પ્રોપ્રાયેટરી. ઔષધીય બનાવટો.
૨૩. કંપાઉન્ડ ટિન્કચર ઓફ રહ્યુબોર.
૨૪. ટિંકચર ઓફ આલ્સ્ટોનિસ
૨૫ ટિંકચર ઓફ કેનેબિસ
૨૬. ટિંકચર ઓફ કેટેચુ
૨૭. ટિંકચર ઓફ કોચિનિલ
૨૮. ટિંકચર ઓફ કોલ્ચમ
૨૯. ટિંકચર ઓફ કોકસ
૩૦. ટિંકચર ઓફ ઈકેડ્રા
૩૧ ટિંકચર ઓફ કિનો
૩૨. ટિંકચર ઓફ હેમિડર્મસ
૩૩. ટિંકચર ઓફ મિમ્હ
૩૪. ટિંકચર ઓફ કવોસિયા
૩૫. ટિંકચર ઓફ કવિલેઈસ
૩૬. ટિંકચર ઓફ ટર્મેરિક
૩૭. સ્પિરીટ ઓફ કેસિયા
૩૮. સ્પિરીટ ઓફ પુદિના
૩૯. લિકિવડ એક્ટ્રેક્સ ઓફ એન્સિટલ
૪૦. લિકવિડ એક્ટ્રેકટસ ઓફ છાટિમ્
૪૧. લિકવિડ એક્ટ્રેકટસ ઓફ અટોપેન
૪૨. લિકવિડ એક્ટ્રેકટસ ઓફ ચિનેન્સિસ
૪૩. લિકવિડ એક્ટ્રેકટસ ઓફ ઈકેડ્રા
૪૪. લિકવિડ એક્ટ્રેકટસ ઓફ કાલમેધ
૪૫. લિકવિડ એક્ટ્રેકટસ ઓફ વિકોરહિઝીસ
૪૬. લિકવિડ એક્ટ્રેકટસ ઓફ સેના
૪૭. લિકવિડ એક્ટ્રેકટસ ઓફ પુનર્નધવા
૪૮. લિકવિડ એક્ટ્રેકટસ ઓફ ટ્રાયેન્થેમા
૪૯. ઈન્ડયુઝન ઓફ કેસિયા
૫૦. ઈન્ડયુઝન ઓફ સેના
૫૧. અશ્વગંધા લિકવિડ એક્ટ્રેકટસ
૫૨. બેડ લિકવિડ એક્ટ્રેકટસ
૫૩. દતુરૂ લિકવિડ એક્ટ્રેકટસ
૫૪. કેપ્સિયમ ટિંકચર
૫૫. કુરચી લિકવિડ એક્ટ્રેકટસ
૫૬. દતુરૂ ટિંકચર
૫૭. સ્ટ્રોન્ગ ઝિંઝર ટિંકચર
૫૮. અમોનિયેટેડ વેલેરિઅન ટિંકચર
૫૯. કંપાઉન્ડ ફિક્રોમીઝા ટિંકચર.
૬૦. કંપાઉન્ડ ઈન્ફયુઝન ઓફ ચિરેટા
૬૧. સોલ્યુશન ઓફ મોર્ફિન હાઈડ્રોક્લોરાઈડ
૬૨. કન્સન્ટ્રેટેડ કમ્પાઉન્ડ ઈન્ફયુઝન ઓફ ચિરેટા
૬૩. મુગમદાસવ
૬૪. કપૂરાસવ
૬૫. દ્રાક્ષાસવ
૬૬. કુરચી.
૬૭. અશ્વગંધાસવ
૬૮. મહાદ્રાક્ષાસવ
૬૯. અહિફેનાસવ
૭૦. બુહદ દ્રાક્ષાસવ

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,
એસ. એમ. ચુનારા,
ગુજરાત સરકારના ઉપસચિવ.

વ્યવસ્થાપકશ્રી, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તારીખ ૧--૮--૯૭ થી તારીખ ૩૧--૮--૯૭ દરમ્યાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી.

અ નં.	અસાધારણ રાજપત્રનો નં.	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિધ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩		૪
		ભાગ—૯		
૧	૭૯	ભા.એ.-૩૦૮-૪-૮-૯૭-(જીએચએન-૧૬)-જીએસટી-૧૦૯૭--(એસ-૪૯)-૩૦૧-ઠ	૨૩-૫-૯૭	૪--૮--૯૭ વે. અને સં. બા. વિ.
૨	૮૦	ભા.એ.-૩૦૪/ ,, (,,) ,, ,, (એસ-૩-એ)-(૧૩)-ઠ	૧૬-૫-૯૭	૪--૮--૯૭ ,,
૩	૮૧	ભા.એ.-૩૩૦/૭-૮-૯૭ (,,) ,, ,, (એસ--૪૯)--(૩૦૪)-ઠ	૧૬--૫--૯૭	૬-૮-૯૭ ,,
૪	૮૨	ભા.એ./૩૫૦/જીએચકેએચ-૩૯-૯૭-સીએસઆર-૧૬૯૨-૭૭		૨૧--૮--૯૭ ,,
૫	૮૩	ભા.એ./૩૫૫/જીએચકેએચ-૩૮-૯૭-સીએસઆર-૧૦૯૪-૨૧૧૬-૭૭	૮-૮-૯૭	૨૭--૮--૯૭ ,,

જે. કે. દવે,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ,
ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

EXTRAORDINARY

©

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, OCTOBER 9, 1997/ASVINA 17, 1919 [No. 41

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૨૭મી ઓગષ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચજી/૯૭-૧૧૦-એમટીએ-૧૦૯૫-૨૭૬૦-ખ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

re

AMENDMENT TO THE BOMBAY MOTOR VEHICLES TAX RULES, 1959.

મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ઓગષ્ટ, ૧૯૯૭.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક. જીએચજી/૯૭/૧૧૦/એમટીએ-૧૦૯૫-૨૭૬૦-ખ.—મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૨૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ચ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદો, સદરહુ અધિનિયમની કલમ-૨૩ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓની જાણ સારૂ પ્રસિદ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુક્ત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યક્તિ તરફથી ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, (વાહનવ્યવહાર), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર—ને જે કોઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક. જીએચજી/૯૭/૧૧૦/એમટીએ-૧૦૯૫-૨૭૬૦-ખ.—મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૨૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ચ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:—

૧. આ નિયમો મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત ૪થા સુધારા) નિયમો, ૧૯૯૭ કહેવાશે.

૨. મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯માં, પરિશિષ્ટમાં, 'ક. માત્ર ન્યુમેટિક ટાયર બેસાડેલા મોટર વાહનો' એ શીર્ષક હેઠળ, ખંડ ૩ને બદલે નીચેનો મજકૂર મૂકવો:—

"૩. આ અનુસૂચિની પૂર્વવર્તી જોગવાઈઓ હેઠળ વેરાપાત્ર હોય તે સિવાયના મોટર વાહનો, જે—(૧) કોઈ વ્યક્તિ, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજકલ્યાણ સંસ્થાની માલિકીના હોય, તે

	રિફંડનો વધુમાં વધુ દર.				
રિફંડનું ધોરણ.	ભાર લાદ્યા વગરનાં ૭૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં ન હોય તેવા વાહનો.	ભાર લાદ્યા વગરનાં ૭૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં પણ ભાર લાદ્યા વગરનાં ૧૦૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં ન હોય તેવા વાહનો.	ભાર લાદ્યા વગરનાં ૧૦૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં પણ ભાર લાદ્યા વગરનાં ૧૨૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં ન હોય તેવા વાહનો.	ભાર લાદ્યા વગરનાં ૧૨૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં પણ ભાર લાદ્યા વગરનાં ૧૫૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં ન હોય તેવા વાહનો.	ભાર લાદ્યા વગરનાં ૧૫૦૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં પણ ભાર લાદ્યા વગરનાં ૨૨૫૦ કિલોગ્રામ કરતાં વધારે વજનનાં ન હોય તેવાં વાહનો.
	રૂા. (ક)	રૂા. (ખ)	રૂા. (ગ)	રૂા. (ઘ)	રૂા. (ચ)
રજિસ્ટ્રેશન પછી વાહન ગુજરાત રાજ્યની બહાર મોકલાયું હોય, રજિસ્ટ્રેશન રદ કરાયું હોય અથવા મોટર વાહનના ઉપયોગમાં ફેરફાર અથવા સુધારો કરાયો હોય અને રજિસ્ટ્રેશનના મહિનાથી તે વાહન—					

INDEX

રિફંડનું ધોરણ	(ક)	(ખ)	(ગ)	(ઘ)	(ચ)
	રૂા.	રૂા.	રૂ.	રૂા.	રૂા.
(૧) બે વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૯૯૦૦	૧૪૪૦૦	૧૮૯૦૦	૨૧૬૦૦	૨૪૦૦૦
(૨) ૨ વર્ષ કરતાં વધુ પણ ૩ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૯૩૫૦	૧૩૬૦૦	૧૭૮૫૦	૨૦૪૦૦	૨૪૫૦૦
(૩) ૩ વર્ષ કરતાં વધુ પણ ૪ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૮૮૦૦	૧૨૮૦૦	૧૬૮૦૦	૧૯૨૬૦	૨૪૦૦૦
(૪) ૪ વર્ષ કરતાં વધુ પણ ૫ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૮૨૫૦	૧૨૦૦૦	૧૫૭૫૦	૧૮૦૦૦	૨૨૫૦૦
(૫) ૫ વર્ષ કરતાં વધુ પણ ૬ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૭૭૦૦	૧૧૨૦૦	૧૪૭૦૦	૧૬૮૦૦	૨૧૦૦૦
(૬) ૬ વર્ષ કરતાં વધુ પણ ૭ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૭૧૫૦	૧૦૪૦૦	૧૩૬૫૦	૧૫૬૦૦	૧૯૫૦૦
(૭) ૭ વર્ષ કરતાં વધુ પણ ૮ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૬૬૦૦	૯૬૦૦	૧૨૬૦૦	૧૪૪૦૦	૧૮૦૦૦
(૮) ૮ વર્ષ કરતાં વધુ પણ ૯ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૬૦૫૦	૮૮૦૦	૧૧૫૫૦	૧૩૨૦૦	૧૬૫૦૦
(૯) ૯ વર્ષ કરતાં વધુ પણ ૧૦ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૫૫૦૦	૮૦૦૦	૧૦૫૦૦	૧૨૦૦૦	૧૫૦૦૦
(૧૦) ૧૦ વર્ષ કરતાં વધુ પણ ૧૧ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૪૯૫૦	૭૨૦૦	૯૪૫૦	૧૦૮૦૦	૧૩૫૦૦
(૧૧) ૧૧ વર્ષ કરતાં વધુ પણ ૧૨ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો.	૪૪૦૦	૬૪૦૦	૮૪૦૦	૯૬૦૦	૧૨૦૦૦
(૧૨) ૧૨ વર્ષ કરતાં વધુ પણ ૧૩ વર્ષ કરતાં વધુ જૂનું ન હોય તો	૩૮૫૦	૫૬૦૦	૭૩૫૦	૮૪૦૦	૧૦૫૦૦
(૧૩) ૧૩ વર્ષ કરતાં વધુ જૂનું હોય તો.	શૂન્ય	શૂન્ય	શૂન્ય	શૂન્ય	શૂન્ય
(૨) કોઈ વ્યક્તિ, સ્થાનિક સત્તામંડળ, સાર્વજનિક ટ્રસ્ટ, યુનિવર્સિટી અથવા શૈક્ષણિક કે સમાજકલ્યાણ સંસ્થા સિવાયની કોઈ વ્યક્તિની માલિકીના હોય ત્યારે.			ઉપર નિર્દિષ્ટ કરેલા દરો કરતાં બમણા દર."		

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જસવંત ગાંધી,
સરકારના ઉપસચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી જુલાઈ, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક:જી/જી/૯૭/૯૨/એમવીઆર-૧૫૮૯-૨૪૨૪-ભાગ-૧ : ખ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી જુલાઈ, ૧૯૯૭.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૭/૯૨/એમવીઆર-૧૫૮૯-૨૪૨૪-ભાગ ૧--(ખ).-- ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૬૨ના પેટા-નિયમ (૪) સાથે વાંચતા અને આ અર્થે અગાઉ બહાર પાડેલા હોય તે તમામ જાહેરનામા, કોઈ હોય તો તે, રદ કરીને, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ની કલમ ૬૮ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમના પ્રકરણ ૪ થી અથવા તે હેઠળ પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળને આપેલ સત્તા વાપરવા અને કાર્યો બજાવવા માટે, હિમતનગર ખાતે મુખ્ય મથક રાખીને, આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૧માં જણાવેલા વિસ્તારોનો જેમાં સમાવેશ થયો છે તે હિમતનગર પ્રદેશ માટે, સદરહુ અનુસૂચિના કોલમ ૨માં જણાવેલી વ્યક્તિઓનું બનેલું પ્રાદેશિક વાહનવ્યવહાર સત્તામંડળ રચે છે.

અનુસૂચિ

હિમતનગર પ્રદેશમાં સમાવિષ્ટ વિસ્તારો	પ્રાદેશિક વાહનવ્યવહાર-સત્તામંડળ રચતી વ્યક્તિઓ.
૧	૨
સાબરકાંઠા જિલ્લો	૧. શ્રી ઓસ. કે. મહાપાત્ર -- અધ્યક્ષ ગુજરાત સરકારના સચિવ, (ઉદ્યોગ) ઉદ્યોગ અને ખાણ વિભાગ. ૨. પ્રાદેશિક વાહનવ્યવહાર સભ્ય સચિવ. અધિકારી. (હોદ્દાની રૂએ)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

વી. એમ. ચૌહાણ,
સરકારના સંયુક્ત સચિવ (વાહનવ્યવહાર)
ગૃહ વિભાગ

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૭/નો ૭૬-વીબીએન/૩૭૯૫/૫-૧૩-ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

re

AMENDMENT TO THE NOTIFICATION PANCHAYATS AND RURAL HOUSING DEPARTMENT, NO. KP/9/OF 1977-VBN/3795/5-13-CH DATED THE 31ST JANUARY, 1997.

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૭ના જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૭૭નો ૯-વીબીએન/૩૭૯૫/૫-૧૩-ચ સુધારવા સંબંધી જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૦મી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૭૬-વીબીએન/૩૭૯૫/૫-૧૩-ચ.--ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગનું તારીખ ૩૧મી જાન્યુઆરી, ૧૯૯૭નું જાહેરનામું ક્રમાંક : કેપી/૧૯૭૭નો ૯-વીબીએન/૩૭૯૫-૫-૧૩-ચ, નીચે પ્રમાણે સુધારે છે.—

સદરહુ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિને બદલે નીચેનો મજકૂર મૂકવો.

અનુસૂચિ

અનુક્રમ નંબર	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલ નવા ગામોના નામ	નવાં ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	વલસાડ	મગોદ ડુંગરી ગૃપ	૧. મગોદ (મહેસૂલી ગામ)		૧. મગોદ	૧.૧ મગોદ (મહેસૂલી ગામ)
			૨. ડુંગરી (મહેસૂલી ગામ)	૧. ડુંગરી (મહેસૂલી ગામ)	૨. મગોદ ડુંગરી	૨.૨ મગોદ ડુંગરી (મહેસૂલી ગામ)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી ઓગષ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચજી/૯૭/૧૧૨/એમવીઆર-૧૦૯૫-૩૨૩૨-ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

re

AMENDMENT TO THE BOMBAY MOTOR VEHICLES RULES, 1959.

મુંબઈ મોટર વાહનવેરા નિયમો, ૧૯૫૯ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ઓગષ્ટ, ૧૯૯૭.

મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક જીએચજી/૯૭/૧૧૨/એમવીઆર-૧૦૯૫-૩૨૩૨-ખ.-- મુંબઈ મોટર વાહન વેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૨૩ની પેટા કલમ (૨) ના ખંડ (ખ) હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૩ની પેટા-કલમ (૧) થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી અધિક મુખ્ય સચિવ (વાહન વ્યવહાર), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને જે કોઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક જીએચજી/૯૭/૧૧૨/એમવીઆર ૧૦૯૫-૩૨૩૨-ખ.-- મુંબઈ મોટર વાહનવેરા અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૫મા)ની કલમ ૨૩ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે.

૧. આ નિયમો મુંબઈ મોટર વાહન વેરા (ગુજરાત પાંચમા સુધારા) નિયમો, ૧૯૯૭ કહેવાશે.

૨. મુંબઈ મોટર વાહન વેરા નિયમો, ૧૯૫૯માં, નિયમ ૪ને બદલે નીચેનો મજકૂર મૂકવો.-

"૪. વેરો ચૂકવવાના સાધનો.-- વેરાની રકમ સરકારી તિજોરીમાં અથવા વેરા સત્તાધિકારીને રોકડેથી અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી ચૂકવી શકાશે : પરંતુ.--

(ક) જો રકમ ટપાલથી મોકલવામાં આવે, તો તે ડિમાન્ડ ડ્રાફ્ટ સિવાય મોકલવી જોઈશે નહિ;

(ખ) ડિમાન્ડ ડ્રાફ્ટ કોસ કરેલો ન હોય અને જે સ્થળે ટ્રેઝરીનો પૈસાનો વ્યવહાર ભારતની સ્ટેટ બેન્ક, ભારતની રીઝર્વ બેન્ક અથવા રાજ્ય સરકારનો તે સ્થળે પૈસાનો વ્યવહાર કરતી બીજી કોઈ બેન્ક દ્વારા થતો હોય ત્યાં આવેલી કોઈ બેન્ક ઉપર લખેલો ન હોય તો વેરા સત્તાધિકારી તેવો ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વીકારી શકશે નહિ.

(ગ) ડિમાન્ડ ડ્રાફ્ટથી ચુકવણી કરવામાં આવી હોય ત્યારે, વેરા સત્તાધિકારીને આવો ડિમાન્ડ ડ્રાફ્ટ રજુ કર્યાની ખરેખર તારીખ, ચૂકવણીની તારીખ હોવાનું ગણાશે ;

(ઘ) ચૂકવણી સરકારી તિજોરીમાં કરવામાં આવી હોય ત્યારે, ચલણ નંબરની બીજી નકલ, ચૂકવણીની તારીખ અને સરકારી તિજોરીના નામની વેરા સત્તાધિકારીને તેની જાણ કરવી જોઈશે ".

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,
જસવંત ગાંધી,
સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૧મી ઓગસ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો૧૦૨/ટીપીએસ/૧૨૯૩/૨૬૬૪/એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT., 1976.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૧મી ઓગસ્ટ, ૧૯૯૭.

ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૧૦૨/ટીપીએસ/૧૨૯૩/૨૬૬૪/એલ.—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ, ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ-૪૧ હેઠળ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને, નગરરચના યોજના, વડોદરા નં. ૨૨ (અકોટા-તાંદલજા) કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો.

અને સદરહુ અધિનિયમની કલમ-૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશને (જેનો આમાં હવે પછી "સદરહુ સત્તા-મંડળ" કહ્યું છે તેણે) નગરરચના યોજના નં. ૨૨ (અકોટા-તાંદલજા)માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી "સદરહુ યોજના" કહી છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો.

અને પોતાને મળેલાં વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ સત્તામંડળે, સદરહુ અધિનિયમની કલમ-૪૮માં જોગવાઈ કરેલી રીતે, તે હેઠળ મંજૂરી માટે, રાજ્ય સરકારને, સદરહુ યોજના રજૂ કરેલી.

તેથી, હવે, સદરહુ અધિનિયમની કલમ-૪૮ની પેટા-કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી —

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને અધીન રહીને સદરહુ યોજના મંજૂર કરે છે;

(ખ) જણાવે છે કે, સદરહુ યોજના, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરાની કચેરીમાં તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દર-મિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

(૧) અમુક છેવટના પ્લોટો સુધી પહોંચવા માટેના રસ્તાઓની એ રીતે જોગવાઈ કરી છે જેથી આરપાર જવાના રસ્તા વિનાની યોગ્ય ગલી નથી. તે બાબત લક્ષમાં લઈને આવા કિસ્સાઓમાં, યોજનાને આખરી સ્વરૂપ આપતી વખતે નગર રચના અધિકારીએ વિનિયમ પ્રમાણે આરપાર જવાના રસ્તા વિનાની યોગ્ય ગલી મળી રહે તે રીતે આવા છેવટના પ્લોટોની ફરી રચના કરવાનો નિર્ણય કરવો જોઈશે.

(૨) નગરરચના યોજના નં. ૨૧ની બહારની બાજુનાં વિધમાન રસ્તા ઉપર છેવટના પ્લોટો નં. ૧૯૫, ૧૯૬ અને ૨૭૮ આગળના ભાગે હોવાથી, યોજનાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ યોજનાના રસ્તાઓ ઉપર આવા છેવટના પ્લોટોને રવેશ (આગળ છોડેલી જગા) પૂરા પાડવાની ફેર વિચારણા કરવી જોઈશે.

(૩) યોજનાને આખરી સ્વરૂપ આપતી વખતે, મંડળીઓના પેટા-પ્લોટોને છેવટના પ્લોટોની ફાળવણીના કિસ્સામાં, નગરરચના અધિકારીએ જગાની તપાસ કર્યા પછી, આવા છેવટના પ્લોટોની ફાળવણીનો નિર્ણય એ રીતે કરવો જોઈશે કે જેથી પેટા-પ્લોટોમાં કપાતની ટકાવારી સમાન રહે.

INDEX

(૪) યોજનાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ છેવટના પ્લોટો ફાળવવાનો નિર્ણય એ રીતે કરવો જોઈશે કે જેથી છેવટના પ્લોટોમાં પરીણમતી કપાત સરેરાશ/સમાન રહે.

(૫) યોજનાને આખરી સ્વરૂપ આપતી વખતે, મૂળ પ્લોટ નં. ૧૪૭ માટે, નગર રચના અધિકારીએ કપાતનો નિર્ણય એ રીતે કરવો જોઈશે કે જેથી તે યોજનાના બીજા પ્લોટો સમાન રહે.

(૬) પાના નં. ૭ પરની યોજનાની અનુક્રમાંક ૧૪ પરની નોંધમાં નીચેનો મજકૂર ઉમેરવો જોઈશે. "શહેરી જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૭૬ના યોજનાના ફાળવેલા છેવટના પ્લોટોને લાગુ પાડવાપાત્ર રહેશે."

(૭) યોજનાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, શહેરી જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૭૬ હેઠળ "ફાજલ" જાહેર કરેલ જમીનની માહિતી એકઠી કરવી જોઈશે અને નિયમો પ્રમાણે આવી ફાજલ જમીનમાં છેવટના પ્લોટ ફાળવવાનો નિર્ણય કરવો જોઈશે.

(૮) યોજનાના ફેરવહેંચણી પત્રકમાં પાના નંબર ૯૭ ઉપર શીર્ષકમાં "જાહેર હેતુઓ માટે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને ફાળવેલા છેવટના પ્લોટો" એ શબ્દોને બદલે, "સમુચિત સત્તામંડળ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને ફાળવેલા છેવટના પ્લોટો"એ શબ્દો મૂકવા.

(૯) યોજનાને આખરી સ્વરૂપ આપતી વખતે યોજનાના ફેર વહેંચણી પત્રકમાં, પાના નં. ૯૭–૯૯ ઉપર કોલમ-૨માં અનુક્રમાંક ૧થી ૩૯ માલિકનું નામમાં "સમુચિત સત્તામંડળ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન, વડોદરા"એ શબ્દો દાખલ કરવા.

(૧૦) યોજનાને આખરી સ્વરૂપ આપતી વખતે યોજનાના પ્લોટ નં. ૩ ઉપર દર્શાવેલ છેવટના પ્લોટ નં. ૨૫૦, ૨૫૪, ૨૫૫ અને ૨૫૭ માટે, "રહેણાંક"નો હેતુને બદલે, "રહેણાંક માટે વેચાણ"નો હેતુ મુકવો.

(૧૧) નગરરચના યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે જાહેર હેતુઓ માટે સમુચિત સત્તામંડળને ફાળવેલા છેવટના પ્લોટ નંબર, ૨૪૮, ૨૫૨, ૨૬૬, ૨૬૭, ૨૭૦, ૨૮૦ માટે, નગરરચના અધિકારીએ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને આ પ્લોટોના નિર્દિષ્ટ હેતુના નિર્ણય કરવો જોઈશે.

(૧૨) (ક) યોજનાના ફેરવહેંચણી પત્રકમાં, પાના નંબર ૯૭- ઉપર કોલમ નં. ૨માં અનુક્રમાંક ૫, માલિકનું નામમાં, છેવટનો પ્લોટ નં. ૨૪૯ માટે, "જાહેર ગૃહનિર્માણ"એ શબ્દોને બદલે, "સા. શૈ. પ. વ. ગૃહનિર્માણ" એ શબ્દો મૂકવા;

(૧૨) (ખ) યોજનાના ફેરવહેંચણી પત્રકમાં, પાના નંબર ૯૮ ઉપર કોલમ નં. ૨માં અનુક્રમાંક ૧૬, માલિકનું નામમાં, છેવટન પ્લોક નં. ૨૬૦ માટે, "જાહેર ગૃહનિર્માણ" એ શબ્દોને બદલે, "સા. શૈ. પ. વ. ગૃહનિર્માણ" એ શબ્દો મૂકવા;

(૧૩) (ક) યોજનાના ફેરવહેંચણી પત્રકમાં પાના નં. ૯૯ ઉપર કોલમ નં. ૨માં અનુક્રમાંક ૧૮ પર માલિકનું નામમાં, છેવટના પ્લોટ નંબર ૨૬૨ માટે, આ ન. વ. ગૃહનિર્માણ" એ શબ્દોને બદલે, "સા. શૈ. પ. વ. ગૃહનિર્માણ" એ શબ્દો મૂકવા.

(૧૩) યોજનાના ફેર વહેંચણી પત્રકમાં, પાના નંબર ૯૯ ઉપર કોલમ નં. ૨માં,

(ખ) અનુક્રમાંક ૨૫ પર માલિકનું નામમાં, છેવટના પ્લોટ નંબર ૨૬૯ માટે, "આ. ન. વ. ગૃહનિર્માણ," એ શબ્દોને બદલે, 'સા. શૈ. પ. વ. ગૃહનિર્માણ" એ શબ્દો મૂકવા.

(૧૩) યોજનાના ફેરવહેંચણી પત્રકમાં, પાના નંબર ૯૯ ઉપર કોલમ નં. ૨માં,

(ગ) અનુક્રમાંક ૨૭ પર, માલિકનું નામમાં, છેવટના પ્લોટ નંબર ૨૭૧ માટે, "આ. ન. વ. ગૃહનિર્માણ" એ શબ્દોને બદલે, "સા. શૈ. પ. વ. ગૃહનિર્માણ" એ શબ્દો મૂકવા.

(૧૩) યોજનાના ફેરવહેંચણી પત્રકમાં, પાના નંબર ૧૦૧ ઉપર, કોલમ નં. ૨માં,

(ઘ) અનુક્રમાંક ૩૧ પર માલિકનું નામમાં છેવટના પ્લોટ નંબર ૨૭૫ માટે, "આ. ન. વ. ગૃહનિર્માણ" એ શબ્દોને બદલે, "સા. શૈ. પ. વ. ગૃહનિર્માણ" એ શબ્દો મૂકવા.

(૧૩) યોજનાના ફેરવહેંચણી પત્રકમાં, પાના નંબર ૧૦૧ ઉપર, કોલમ નં. ૨માં

(ચ) અનુક્રમાંક ૩૪ પર, માલિકનું નામમાં, છેવટના પ્લોટ નં. ૨૭૮ માટે, "આ ન. વ. ગૃહનિર્માણ" એ શબ્દોને બદલે, "સા. શૈ. પ. વ. ગૃહનિર્માણ" એ શબ્દો મૂકવા.

(૧૩) યોજનાના ફેરવહેંચણી પત્રકમાં, પાના નંબર ૧૦૧ ઉપર, કોલમ નં. ૨માં

(છ) અનુક્રમાંક ૩૭ પર, માલિકનું નામમાં, છેવટના પ્લોટ નં. ૨૮૧ માટે, "આ. ન. વ. ગૃહનિર્માણ" એ શબ્દોને બદલે, "સા. શૈ. પ. વ. ગૃહનિર્માણ" એ શબ્દો મૂકવા.

INDEX

(૧૪) નગરરચના યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, કુલ યોજના વિસ્તારના ૫% ના દરે સા. શૈ. પ. વ. ગૃહનિર્માણ માટે છેવટના પ્લોટો ફાળવવાનો નિર્ણય કરવો જોઈશે. આ જાહેર હેતુના પ્લોટોની ફાળવણીમાં ફેર ગોઠવણ કરીને અને સરેરાશ કપાતની ટકાવારીની સમાનતાને બાધ ન આવે તે રીતે કરવું જોઈશે.

(૧૫) યોજનાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, પ્લોટોનો ઠરાવેલો વિસ્તાર ન હોવાના હેતુઓ મુજબ, વિકાસ નિયંત્રણ વિનિયમોની જોગવાઈઓ અનુસાર સમુચિત સત્તામંડળને ફાળવેલા છેવટના પ્લોટોના જાહેર હેતુની ફેર વિચારણા કરવી જોઈશે.

(૧૬) યોજનાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને, યોજનામાં સૂચવેલા વિકાસ કામો પૂરા કરવા માટેના સમયગાળાનો નિર્ણય કરવો જોઈશે. આ "પ્રારંભિક યોજના અમલમાં આવ્યા બાદ"ના સંદર્ભમાંની મુદત હોવી જોઈશે.

(૧૭) યોજનાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૭૯ (૧)ની જોગવાઈઓ અનુસાર ફાળાની ટકાવારી અંગે નિર્ણય કરવો જોઈશે.

(૧૮) નગરરચના યોજનાના મુસદ્દાને આખરી સ્વરુપ આપતી વખતે, જાહેર હેતુ માટે સમુચિત સત્તામંડળને ફાળવેલા પ્લોટો માટે, નગરરચના અધિકારીએ સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને અને જગાની સ્થિતિ અનુસાર, યોજના વિસ્તારના રહેવાસીઓ અને સામાન્ય લોકોના લાભની ટકાવારીનો નિર્ણય કરવો જોઈશે.

(૧૯) યોજના વિસ્તાર માટે, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરાની મંજૂર કરેલી સુધારેલી વિકાસ યોજનાના વિકાસ નિયંત્રણ વિનિયમ લાગુ પડશે.

(૨૦) યોજનાને આખરી સ્વરુપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, મૂળ પ્લોટ નં. ૭૩ સામે છેવટનો પ્લોટ ફાળવતી વખતે, છેવટનો પ્લોટ નં. ૭૯ ફાળવવા અંગે ફેર વિચારણા કરવી જોઈશે અને જરૂરી હોય તો, કપાતની ટકાવારીની સમાનતા જાળવવા માટે છેવટનો પ્લોટ નં. ૮૦ ફાળવવાની વિચારણા કરવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી
અને સંયુકત સચિવ.
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ,

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨--૯--૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૭/૧૧૫/એમએફએલ/૧૦૯૩/સી.એમ.-૩૮-(૯૭)-ઈ.૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

Order

Under

THE BOMBAY PROHIBITION ACT 1949.

મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ હેઠળ હુકમ

ગુજરાત સરકાર

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨જી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ક્રમાંક : જી/જી/૯૭/૧૧૫/એમએફએલ/૧૦૯૩/સી.એમ-૩૮-(૯૭)-ઈ/૧.—મુંબઈ નશાબંધી અધિનિયમ, ૧૯૪૯ (સન ૧૯૪૯ના મુંબઈના ૨૫મા)ની કલમ ૧૩૯ની પેટા-કલમ (૧)ના ખંડ (ધ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, કોઈપણ વર્ષ અને વિસ્તારની ઉપજ હોય તેવા મહુડા ફૂલોને સદરહુ અધિનિયમની કલમ-૬૦ની પેટા-કલમ (૨)ની જોગવાઈઓમાંથી, મજૂર, સમાજ કલ્યાણ અને આદિજાતિ વિકાસ વિભાગના તારીખ ૧૭મી માર્ચ, ૧૯૭૯ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/એલ/૧૯૬/એમએફએલ-૧૦૭૮/૨૧૪૩૫/(૭૯)-એમ.ની અનુસુચિના કોલમ-૨માં જાહેર કરેલા વિસ્તારમાં, મહુડાના ફુલોનો જથ્થો એકત્ર કરવા, તેની હેરફેર કરવા, વેચાણ-ખરીદ કરવા, અથવા કબજે રાખવાને જેટલે સુધી સદરહુ અધિનિયમની પેટા-કલમ (૨) ને લાગુ પડતી હોય તેટલા પુરતી, આ હુકમ સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી શરુ કરીને અને તારીખ ૩૧મી ઓકટોબર, ૧૯૯૭ના રોજ પુરી થતી મુદત માટે મુકિત આપે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એમ. એસ. પઠાણ,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી ઓગષ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીજી/૧૧૧/૯૭/ટીટીસી/૧૩૯૭/૧૧૯૮/વી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોનીજાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE CRIMINAL PROCEDURE CODE, 1973,

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી ઓગષ્ટ, ૧૯૯૭.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩.

ક્રમાંક જીજી/૧૧૧/૯૭/ટીટીસી/૧૩૯૭/૧૧૯૮/વી.-- ગુજરાત રાજ્યને લાગુ પડતા હોય તેટલા પૂરતા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ (સન ૧૯૭૪ના ૨જા) ની કલમ ૨ના ખંડ (ક્ષ) થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર, આથી, મુંબઈ સરકારનું ગૃહ વિભાગનું તારીખ ૧૮મી ડીસેમ્બર ૧૯૫૨નું જાહેરનામું ક્રમાંક ૧૮૯૩/૭ નીચે પ્રમાણે સુધારે છે.-

સદરહુ જાહેરનામામાં ;

(૧) " ૧૬. ડીસા તાલુકાનું આગથલા પોલીસ સ્ટેશન" એ શીર્ષક હેઠળની--

(ક) નીચેની નોંધો કમી કરવી;

"(૨૧) રામપરા
(૩૯) વકુવાડા
(૪૦) શેરગઢ
(૪૧) ધરણવા."

(ખ) "મુરેઠા આઉટ પોસ્ટ" એ પેટા-શીર્ષક અને તે હેઠળની નોંધો કમી કરવી.

(૨) " ૧૭. ડીસા તાલુકાનું ડીસા પોલીસ સ્ટેશન" એ શીર્ષક હેઠળની નીચેની નોંધો કમી કરવી.

"(૨૨) ઢેઢાલ
(૨૩) ઓઢવા
(૨૪) ડેડોલ
(૨૫) સોતાંબલા
(૨૬) બોડાલ
(૨૭) ચત્રાલા
(૨૮) વંડાવલ
(૨૯) લોરવાડા
(૩૦) સોંડિયાલ
(૩૧) સણથ
(૩૨) વાહરા
(૩૩) વીરવાડા",

INDEX

(૩) "૧૭. ડીસા તાલુકાનું ડીસા પોલીસ સ્ટેશન" એ શીર્ષક પછી, "૧૭ક-ડીસા તાલુકાનું ભીલડી પોલીસ સ્ટેશન" એ નવું શીર્ષક નીચેની નોંધો સહિત દાખલ કરવું.--

(૧) ઢેઢાલ
(૨) ઓઢવા
(૩) ડેડોલ
(૪) સોતાંબલા
(૫) બોડાલ
(૬) ચત્રાલા
(૭) વડાવલ
(૮) લોરવાડા
(૯) સોંડિયાલ
(૧૦) સણથ
(૧૧) વાહરા
(૧૨) વીરૂવાડા
(૧૩) રામપુરા
(૧૪) વકુવાડા
(૧૫) શેરગઢ
(૧૬) ધરણવા
(૧૭) ગેઢા
(૧૮) કાપરા મોટા
(૧૯) કાપરા છોટા
૨૦) પેપળુ
(૨૧) બળોધર
(૨૨) તાલેગંજ
(૨૩) ધરનાલ મોટી
(૨૪) ધરનાલ છોટી
(૨૫) ભીલડી
(૨૬) ભીલડી નવા
(૨૭) સોયલા
(૨૮) પાલડી
(૨૯) રામવાસ
(૩૦) નેસડા જૂના
(૩૧) નેસડા નવા
(૩૨) મુંડેઠા
(૩૩) ખંટવા
(૩૪) રતનપુરા
(૩૫) ગઝનીપુર"

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. જી. મોથલીયા,
સરકારના નાયબ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૫૦/વીબીએન/૩૬૯૫/૧૪૨૬/એમએલએ-૫૮-ચ, ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT- 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૫૦/વીબીએન/૩૬૯૫/૧૪૨૬/એમએલએ-૫૮-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સને ૧૯૯૩ના ગુજરાતના ૧૯મા)ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત હળવદ અને જિલ્લા પંચાયત, સુરેન્દ્રનગર સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર આથી :--

(૧) અનુસૂચિના કોલમ-૩ માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે, અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી,

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અનુક્રમ નંબર	તાલુકાનું નામ	વિદ્યમાન ગામોનું નામ.	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ.	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧.	૨.	૩.	૪.	૫.	૬.	૭.
૧.	હળવદ	શીવપુર રણછોડ ગઢ	૧. શીવપુર (મહેસુલી ગામ) ૨. રણછોડ ગઢ (મહેસુલી ગામ)	૧. રણછોડ ગઢ (મહેસુલી ગામ)	૧. શીવપુર ૨. રણછોડ ગઢ	૧. શીવપુર (મહેસુલી ગામ) ૨. રણછોડ ગઢ (મહેસુલી ગામ)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૭ નો ૭૩-વીબીએન/૩૪૯૬-૩૯૧૭-૩૭/ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૯મી ઓગસ્ટ, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૭૩-વીબીએન/૩૪૯૬-૩૯૧૭/૩૬૫.–ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સને ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, માલપુર અને જિલ્લા પંચાયત સાબરકાંઠા સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી :–

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી; કોલમ ૫ માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ વિસ્તારોને બાકાત કર્યા પછી,

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭ માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા, કોલમ ૬ માં જણાવેલા નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અનુક્રમ નંબર	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ.	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ.	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧.	માલપુર	નાથાવાસ	(૧) નાથાવાસ (મહેસૂલી ગામ) (૨) વેલણિયા (મહેસૂલી ગામ) (૩) ધોળેશ્વર (મહેસૂલી ગામ)	૧. ધોળેશ્વર (મહેસૂલી ગામ)	(૧) નાથાવાસ ૨. ધોળેશ્વર	૧. નાથાવાસ (મહેસૂલી ગામ) (૨) વેલણિયા (મહેસૂલી ગામ) ૨. (૧) ધોળેશ્વર (મહેસૂલી ગામ)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. જી. ચાવડા,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: કેપી/૧૯૯૭નો ૧૭-વીબીએન/૩૯૯૬-૨૨૮-૬-ચ.નો ગુજરાતી અનુવાદ આથી શ્રધ્ધાળુ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિક્રરી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૧૭-વીબીએન/૩૭૯૬-૨૨૮-૯-ચ.-- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, ચીખલી અને જિલ્લા પંચાયત, વલસાડ સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી (૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી,

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલા નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અનુક્રમ નંબર	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
	ચીખલી	કણભાઈ	૧. કણભાઈ (મુખ્યગામ)		૧. કણભાઈ	૧. કણભાઈ (મુખ્ય ગામ)
			૨. સટડિયા ફળિયા (પેટાપરા)	સટડિયા ફળિયા (પેટાપરા)	૨. સટડિયા ફળિયા	૨. સટડિયા ફળિયા (પેટાપરા)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: કેપી/૧૯૯૭નો ૭૮/વીબીએન/૩૩૯૬/એસસીએ-૯૬નો ૬૮૧૯-૪૧-ચ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૭૮/વીબીએન/૩૩૯૬/એસસીએ-૯૬નો ૬૮૧૯-૪૧-ચ.નો ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ અને નામદાર હાઈકોર્ટના તારીખ ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૭ના એસપીએલ. સી. એ. નં. ૬૮૧૯/૧૯૯૬ના ચૂકાદાને લક્ષમાં લઈને, ગુજરાત સરકાર, આથી, મોરબી તાલુકાના વિદ્યમાન જાંબુડિયા ગામમાંથી રફાળેશ્વરના સ્થાનિક વિસ્તારને બાકાત કરતાં, પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના તારીખ ૮મી ઓગષ્ટ, ૧૯૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેપી/૧૯૯૬નો ૨૦/વીબીએન/૩૩૯૬-એમએલએ-૧૦-ચ, થી કાઢેલા હુકમો રદ કરે છે અને નવા ગામો નિર્દિષ્ટ કરે છે એટલે કે –

૧. જાંબુડિયા અને ૨. રફાળેશ્વર.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૭મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: કેપી/૧૯૯૭નો ૮૧/ વીબીએન/૩૪૯૫/એસસીએ-૯૫નો ૮૪૬૩-૨૫-ચ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક: કેપી/૧૯૯૭નો ૮૧/વીબીએન/૩૪૯૫/એસસીએ-૯૫નો ૮૪૬૩-૨૫ ચ.-- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ અને તારીખ ૪થી જુલાઈ, ૧૯૯૬ના નામદાર હાઈકોર્ટના ચુકાદા એસપીઅલ. સી.એ. નં. ૮૪૬૩/૧૯૯૫માં સમાવિષ્ટ આદેશોને ધ્યાનમાં રાખતા, ગુજરાત સરકાર, આથી પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના તારીખ ૭મી ઓગષ્ટ, ૧૯૯૫ના સરકારી જાહેરનામા ક્રમાંક: કેપી/ ૧૯૯૫નો ૧૧૧/ વીબીએન/૩૪૯૪-એમએલએ-૧૫-ચથી કાઢેલા, હિંમતનગર-તાલુકાના વિદ્યમાન સવગઢ ગામમાંથી મહેરપુરાના સ્થાનિક વિસ્તારને બાકાત કરતા અને નવા ગામો એટલે કે ૧, સવગઢ અને ૨. મહેરપુરા નિર્દિષ્ટ કરતા હુકમો, વધુ હુકમો ન થાય ત્યાં સુધી મુલતવી રાખે છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૦મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૫મી ઓગસ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચયુ-૯૭/(૫૨)-જીઆઈડી/૧૦૯૭/૨૨૧૩/જી.-૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. ઝિકરી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT INDUSTRIAL DEVELOPMENT ACT, 1962.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ હેઠળ જાહેરનામું

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૫મી ઓગસ્ટ, ૧૯૯૭.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨.

ક્રમાંક: જીએચયુ/૯૭/(૫૨)-જીઅ ઈડી/૧૦૯૭/૨૨૧૩/જી.-૧.—ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ (સન ૧૯૬૨ના ગુજરાતના ૨૩મા)ની કલમ ૧૬થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી :—

INDEX

(૧)- જાહેર કરે છે કે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૩ન: ગુજરાતના ૩૪મા)ના પ્રકરણ ૧૬ ક-માં સમાવિષ્ટ કર્યા પ્રમાણેની, જાહેર કરેલા વિસ્તારોને લગતી જોગવાઈ અને આ સાથે જોડેલી અનુસૂચિ-૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેની, અધિનિયમની અન્ય જોગવાઈઓ, આ સાથે જોડેલી અનુસૂચિ-૨માં નિર્દિષ્ટ કરેલા વિઠ્ઠલ ઉદ્યોગનગર ઔદ્યોગિક વિસ્તાર (વધારાનો) ને લાગુ પડશે અને તેનો અમલ કરવામાં આવશે.

(૨) એવી રીતે લાગુ પાડેલ જોગવાઈઓ હેઠળ વેરા નાંખેલ હોય ત્યારે, વેરાની આકારણી અને તેની વસૂલાતના હેતુ માટે અને આવા વેરાની ઉપજ અંગેના ખર્ચ માટે વ્યવસ્થા કરવા અને યોગ્ય હિસાબો તૈયાર કરવા અને રાખવા માટે અને સામાન્યત: એવી રીતે લાગુ પાડેલી જોગવાઈનોનો અમલ કરવા માટે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશન, વિઠ્ઠલ ઉદ્યોગનગરના મદદનીશ મેનેજરને નીમે છે.

(૩) જોગવાઈ કરે છે કે સદરહુ વિઠ્ઠલ ઉદ્યોગનગર ઔદ્યોગિક વિસ્તાર (વધારાના) અમલમાં હોય તે, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની જોગવાઈઓ તેને લાગુ પડતી બંધ થશે.

(૪) જોગવાઈ કરે છે કે ખંડ (૨) હેઠળ નીમાયેલ મદદનીશ મેનેજર, ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશન, વિઠ્ઠલ ઉદ્યોગનગર, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ નગરપાલિકા હોવાનું ગણાશે અને વિઠ્ઠલ ઉદ્યોગનગર ઔદ્યોગિક વિસ્તાર (વધારાના), મ્યુનિસિપલ બરો હોવાનું ગણાશે, અને (૫) જોગવાઈ કરે છે કે સદરહુ અધિનિયમની કલમ ૨૭૧ના ખંડ (ઢ) અને (ત) હેઠળ નિયમો કરવાની સત્તા, કલમ ૨૭૭ હેઠળ રાજ્ય સરકાર વાપરી શકશે.

અનુસૂચિ–૧

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની કલમો ૨, ૪૪(૧), ૬૪ થી ૬૯, ૭૧ થી ૯૮, ૧૦૫ થી ૨૩૨, ૨૩૮ થી ૨૬૪, ૨૬૭ થી ૨૭૦ ૨૭૧ (કલમ ૨૬૪-ખ) ની પેટા કલમ (૧)ના ખંડ (ખ) થી આવરી લીધેલી બાબતોના સંબંધમાં, કોઈ નિયમો કરવામાં આવશે નહિ તે નિયંત્રણને અધીન રહીને, ૨૭૨, ૨૭૩ અને ૨૭૫ થી ૨૮૦ અને અનુસૂચિ ૨ થી. ૬માં સમાવિષ્ટ જોગવાઈઓ ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખ ૨૭ મે, ૧૯૯૭ના સરકારી જાહેરનામા ક્રમાંક: જીએચયું-૯૭ (૧૪) જીઆઈડી-૧૦૯૪-૨૦૩૫-જી.૧ હેઠળ જાહેર કરેલો વિઠ્ઠલ ઉદ્યોગનગર ઔદ્યોગિક વિસ્તાર (વધારાનો)

અનુસૂચિ–૨

અનુક્રમાંક	ગામ, તાલુકો અને જિલ્લાનું નામ	સરવે નંબર	વિસ્તાર હેકટર આરે. ચો.મી.	વિશેષ નોંધ
૧	૨	૩	૪	૫
		ભાગ–૧		
૧.	કરમસદ (ગ્રામ)	૭૪૧/૧	૦૦--૦૦--૫૧	
૨.	આણંદ (તાલુકો)	૭૪૧/૨	૦૦--૦૦--૫૦	
૩.	ખેડા (જિલ્લો)	૭૪૨	૦૦--૧૨--૧૪	
૪.		૭૪૩	૦૧--૭૭--૦૫	
૫.		૭૪૪/૧	૦૦--૧૧--૧૩	
૬.		૭૪૪/૨	૦૦--૧૨--૧૪	
૭.		૮૦૪	૦૧--૪૬--૭૦	
૮.		૮૦૫/૧	૦૦--૨૦--૨૩	
૯.		૮૦૫/૨	૦૦--૧૯--૨૨	
૧૦.		૮૦૫/૩	૦૦--૧૬--૧૯	
૧૧		૮૦૫/૪	૦૦--૧૯--૨૨	
૧૨		૮૦૫/૫/૧	૦૦--૧૩--૧૬	
૧૩		૮૦૫/૫/૨	૦૦--૧૩--૧૫	
૧૪		૮૦૬/૧	૦૦--૪૪--૫૧	
૧૫		૮૦૬/૨	૦૦--૪૦--૪૭	
૧૬		૮૦૭/(૧)+૨એ+૨બી	૦૦--૧૫--૧૮	
૧૭			૦૦--૨૨--૨૫	
૧૮		૮૦૭/૩	૦૦--૧૬--૧૯	
૧૯		૮૦૭/૪	૦૦--૧૧--૧૩	

INDEX

૧	૨	૩	૪	૫
૨૦	કરમસદ (ગામ)	૮૦૮/૧	૦૦-૮૩-૯૭	
૨૧	આણંદ (તાલુકો)	૮૦૮/૨	૦૦-૧૧-૧૩	
૨૨	ખેડા (જિલ્લો)	૮૦૯/૧	૦૦-૧૧-૧૩	
૨૩		૮૦૯/૨/૧	૦૦-૧૫-૧૮	
૨૪		૮૦૯/૨/૨	૦૦-૧૫-૧૭	
૨૫		૮૧૦/૧	૦૦-૩૩-૩૮	
૨૬		૮૧૦/૨	૦૦-૨૧-૨૫	
૨૭		૮૧૧/૧	૦૦-૪૬-૫૪	
૨૮		૮૧૧/૨	૦૦-૬૮-૮૦	
૨૯		૮૧૧-૩	૦૦-૫૬-૬૬	
૩૦		૮૧૨	૦૨-૫૫-૯૭	
૩૧		૮૧૩/૧	૦૦-૨૫-૨૯	
૩૨		૮૧૩/૨	૦૦-૪૩-૫૦	
૩૩		૮૧૩/૩-આ-બ	૦૦-૯૭-૧૩	
૩૪		૮૧૩/૪/૧	૦૦-૨૨-૨૬	
૩૫		૮૧૩/૪/૨	૦૦-૨૧-૨૨	
૩૬		૮૧૩/૪/૩	૦૦-૪૩-૫૦	
૩૭		૮૧૪/૧	૦૦-૩૫-૪૧	
૩૮		૮૧૪/૨/૧	૦૦-૧૮-૨૧	
૩૯		૮૧૪/૨/૨	૦૦-૨૬-૩૦	
૪૦		૮૧૪/૩/૪	૦૦-૮૮-૦૩	
૪૧		૮૧૫	૦૦-૪૧-૪૮	
૪૨		૮૧૬	૦૦-૫૮-૬૮	
૪૩		૮૧૭/૧	૦૦-૧૨-૧૪	
૪૪		૮૧૭/૨	૦૦-૧૯-૨૨	
૪૫		૮૧૭/૩	૦૦-૧૯-૨૨	
૪૬		૮૧૭/૪	૦૦-૧૦-૧૨	
૪૭		૮૧૭/૫	૦૦-૧૯-૨૨	
૪૮		૮૧૮	૦૦-૮૬-૦૦	
૪૯		૮૧૯/૧/૧	૦૦-૦૫-૦૬	
૫૦		૮૧૯/૧/૨	૦૦-૦૬-૦૭	
૫૧		૮૧૯/૨	૦૦-૫૯-૬૯	
			૦૦-૦૨-૦૨ કેએચ	
૫૨		૮૧૯/૩	૦૦-૦૫-૦૬	
૫૩		૮૨૦/૧	૦૦-૭૪-૮૭	
૫૪		૮૨૦/૨	૦૦-૩૭-૪૩	
૫૫		૮૨૦/૩	૦૦-૩૭-૪૩	
૫૬		૮૨૧	૦૧-૬૯-૯૭	
૫૭		૮૨૨/૧+૨/૧+૩/૧	૦૦-૨૧-૨૫	
૫૮		૮૨૨/૨+૨+૩/૨	૦૦-૪૧-૪૭	
૫૯	કરમસદ (ગામ)	૮૨૨/૩	૦૦-૨૧-૨૫	
૬૦	આણંદ (તાલુકો)	૮૨૩/૧	૦૦-૪૦-૪૭	
૬૧	ખેડા (જિલ્લો)	૮૨૩/૨	૦૦-૪૨-૪૯	
૬૨		૮૨૪/૧	૦૦-૩૪-૪૦	
૬૩		૮૨૪/૨	૦૦-૩૩-૩૯	
૬૪		૮૨૫	૦૦-૫૪-૬૩	
૬૫		૮૨૬	૦૦-૬૦-૭૦	
૬૬		૮૨૭	૦૧-૭૩-૦૦	
૬૭		૮૨૮/૧	૦૦-૬૦-૭૦	
૬૮		૮૨૮/૨	૦૦-૭૯-૯૩	
૬૯		૮૨૯	૦૦-૦૮-૦૯	
૭૦		૮૩૦	૦૦-૦૧-૦૧	

INDEX

૧	૨	૩	૪	૫
૭૧		૮૩૧	૦૦-૪૦-૪૭	
૭૨		૮૩૨/૧	૦૦-૨૯-૩૪	
૭૩		૮૩૨/૨	૦૦-૩૬-૪૨	
૭૪		૮૩૩	૦૦-૦૨-૦૨	
૭૫		૮૩૪	૦૦-૯૨-૦૭	
૭૬		૮૩૫	૦૧-૫૨-૭૭	
૭૭			૦૦-૦૨-૦૨	કેએચ
૭૮		૮૩૬/૧, ૨, ૩ અને ૪/૨ થી ૬	૦૨-૮૬-૩૩	
૭૯		૮૩૬/૪/૧	૦૦-૩૪-૪૦	
૮૦		૮૩૬ અને ૮૩૯ વચ્ચેની નાળાની જમીન	૦૦-૦૬-૦૮	
૮૧		૮૩૭/૧	૦૦-૫૧-૬૦	
૮૨		૮૩૭/૨	૦૦-૨૫-૨૯	
૮૩		૮૩૭/૩	૦૦-૨૩-૨૭	
૮૪		૮૩૮	૦૦-૯૩-૦૮	
૮૫		૮૩૯/૧	૦૦-૫૮-૬૯	
૮૬	કરમસદ (ગામ)		૦૦-૦૨-૦૨	કેએચ
૮૭	આણંદ (તાલુકો)	૮૩૯/૨/૧	૦૦-૧૫-૧૮	
૮૮	ખેડા (જીલ્લો)	૮૩૯/૨/૨	૦૦-૬૨-૭૩	
૮૯		૮૪૦/૧	૦૦-૬૧-૭૧	
૯૦		૮૪૦/૨	૦૦-૩૩-૩૯	
૯૧		૮૪૦/૩	૦૦-૩૫-૪૧	
૯૨		૮૪૦/૪	૦૦-૩૬-૪૨	
૯૩		૮૪૧/૧	૦૦-૫૭-૬૭	
૯૪		૮૪૧/૨	૦૦-૨૩-૨૭	
૯૫		૮૪૧/૩	૦૦-૫૪-૬૩	
૯૬		૮૪૧/૪	૦૦-૫૦-૫૯	
૯૭		૮૪૨	૦૦-૭૩-૮૬	
૯૮		૮૪૩/૧	૦૦-૩૨-૩૮	
૯૯		૮૪૩/૨	૦૦-૩૧-૮૬	
૧૦૦		૮૪૪	૦૦-૭૯-૯૩	
૧૦૧		૮૪૫/૧	૦૦-૩૨-૩૭	
૧૦૨		૮૪૫/૨	૦૦-૩૨-૩૮	
૧૦૩		૮૪૬/૧	૦૦-૩૩-૩૮	
૧૦૪		૮૪૬/૨	૦૦-૧૬-૧૯	
૧૦૫		૮૪૬/૩	૦૦-૧૭-૨૦	
૧૦૬		૮૪૭	૦૧-૦૫-૨૨	
૧૦૭		૮૪૮/૧	૦૦-૧૧-૧૩	
૧૦૮		૮૪૮/૨	૦૦-૧૧-૧૩	
૧૦૯		૮૪૮/૩	૦૦-૧૪-૧૬	
૧૧૦		૮૪૯/૧	૦૦-૧૩-૧૫	
૧૧૧		૮૪૯/૨	૦૦-૬૯-૮૧	
૧૧૨		૮૫૦	૦૦-૧૪-૧૬	
૧૧૩		૮૫૧	૦૦-૨૫-૨૯	
૧૧૪		૮૫૨	૦૦-૩૧-૩૬	
૧૧૫		૮૫૩/૧	૦૦-૨૪-૨૮	
૧૧૬		૮૫૩/૨	૦૦-૧૯-૨૨	
૧૧૭		૮૫૩/૩	૦૦-૨૨-૨૬	
૧૧૮		૮૫૪	૦૦-૯૧-૦૫	

INDEX

૧	૨	૩	૪	૫
			હે.આરે.ચો.મી.	
૧૧૯	કરમસદ (ગામ)	૮૫૫	૦૦--૯૭--૧૩	
૧૨૦	આણંદ (તાલુકો)	૮૫૬	૦૦--૫૫--૬૪	
૧૨૧	ખેડા (જિલ્લો)	૮૫૭/૧	૦૦--૧૮--૨૧	
૧૨૨		૮૫૭/૨/૧	૦૦--૫૬--૬૬	
૧૨૩		૮૫૭/૨/૨	૦૦--૫૬--૬૫	
૧૨૪		૮૫૮	૦૧--૧૦--૨૮	
૧૨૫		૮૫૯	૦૦--૬૩--૭૪	
૧૨૬		૮૬૦/૧	૦૦--૨૬--૩૦	
૧૨૭		૮૬૦/૨	૦૦--૧૩--૧૫	
૧૨૮		૮૬૦/૩	૦૦--૧૩--૧૫	
૧૨૯		૮૬૦/૪	૦૦--૦૭--૦૮	
૧૩૦		૮૬૦/૫એ	૦૦--૦૨--૦૨	
૧૩૧		૮૬૦/૫/બ	૦૦--૦૬--૦૮	
૧૩૨		૮૬૧/૧	૦૦--૧૨--૧૪	
૧૩૩		૮૬૧/૨	૦૦--૩૬--૪૨	
૧૩૪		૮૬૨	૦૦--૩૧--૩૬	
૧૩૫		૮૬૩	૦૦--૩૦--૩૫	
૧૩૬		૮૬૪/૧	૦૦--૮૩--૯૭	
૧૩૭		૮૬૪/૨	૦૧--૨૫--૪૫	
૧૩૮		૮૬૪/૩	૦૦--૬૨- ૭૩	
૧૩૯		૮૬૪/૪	૦૦--૬૨--૭૩	
૧૪૦		૮૬૫/૧+૨+૩	૦૦--૫૨--૬૧	
૧૪૧		૮૬૫/૪/૧	૦૦--૧૭--૨૦	
૧૪૨		૮૬૫/૪/૨	૦૦--૧૬--૧૯	
૧૪૩		૮૬૫/૪/૫	૦૦--૩૦--૩૫	
૧૪૪		૮૬૬	૦૦--૭૬--૮૯	
૧૪૫		૮૬૭	૦૦--૪૫--૫૩	
૧૪૬		૮૬૮/૧	૦૦--૦૭--૦૮	
૧૪૭		૮૬૮/૨	૦૦--૦૭--૦૮	
૧૪૮		૮૬૮/૩	૦૦--૦૬--૦૭	
૧૪૯		૮૬૮/૪/૧	૦૦--૨૬--૩૧	
૧૫૦		૮૬૮/૪/૨	૦૦--૨૬--૩૦	
૧૫૧			૦૦--૦૬--૦૭ કેએચ	
૧૫૨		૮૬૯	૦૦--૦૬--૦૭	
૧૫૩		૮૭૦	૦૦--૯૭--૧૩	
૧૫૪		૮૭૧	૦૦--૩૪--૪૦	
૧૫૫		૮૭૨	૦૦--૦૮--૦૯	
૧૫૬		૮૮૬/૧	૦૦--૮૭--૦૧	
૧૫૭		૮૮૬/૨	૦૦--૮૪--૯૮	
૧૫૮		૮૮૭/૧	૦૦--૯૭--૧૩	
૧૫૯		૮૮૭/૨	૦૦--૯૧--૦૧	
૧૬૦		૮૮૭/૩	૦૦--૮૭--૦૧	
૧૬૧		૮૮૮	૦૦--૬૮--૮૦	
૧૬૨		૮૮૯/૧,૨,૩,૪	૦૦--૪૮--૫૬	
૧૬૩		૮૯૦/૧	૦૦--૩૩--૩૯	
૧૬૪		૮૯૦/૨	૦૦--૩૪--૪૦	
૧૬૫		૮૯૦/૩/એ	૦૦--૩૩--૩૮	
૧૬૬		૮૯૦/૩/બ	૦૦--૦૪--૦૫	
૧૬૭		૮૯૦/૪/૧	૦૦--૧૨--૧૪	
૧૬૮		૮૯૦/૪/૨	૦૦--૨૫--૨૯	
૧૬૯		૮૯૧/૧	૦૦--૭૨--૮૫	

INDEX

(૧)	(૨)	(૩)	(૪)	(૫)
			હે.આર.ચો.મ.	
૧૭૦	કરમસદ (ગામ)	૮૯૧/૨	૦૦-૭૨-૮૪	
૧૭૧	આણંદ (તાલુકો)	૮૯૨	૦૧-૮૨-૧૧	
૧૭૨	ખેડા (જિલ્લો)	૮૯૩	૦૧-૫૫-૮૦	
૧૭૩		૮૯૪/૧	૦૦-૬૪-૭૫	
૧૭૪		૮૯૪/૨	૦૦-૫૮-૬૮	
૧૭૫	મોગરી (ગામ)	૧૩૧૭/પી	૦૦-૦૭-૦૦	
૧૭૬	આણંદ (તાલુકો)	૧૩૧૮	૦૦-૩૪-૪૯	
૧૭૭	ખેડા (જિલ્લો)	૧૩૧૯	૦૦-૨૮-૦૦	
૧૭૮		૧૩૨૨/પી	૦૦-૨૬-૦૦	
૧૭૯		૧૩૨૩	૦૦-૧૭-૮૪	
૧૮૦		૧૩૨૪	૦૦-૧૯-૦૩	
૧૮૧		૧૩૨૫	૦૦-૧૭-૮૪	
૧૮૨		૧૩૨૬	૦૦-૨૧-૪૦	
૧૮૩		૧૩૨૭/૧	૦૦-૨૨-૫૯	
૧૮૪		૧૩૨૭/૨	૦૦-૨૭-૭૮	
૧૮૫		૧૩૨૮	૦૦-૪૪-૦૦	
૧૮૬		૧૩૨૯	૦૦-૧૭-૧૬	
૧૮૭		૧૩૩૦	૦૦-૬૮-૯૭	
૧૮૮		૧૩૩૧/૧	૦૦-૪૮-૭૫	
૧૮૯		૧૩૩૧/૨	૦૦-૧૯-૦૩	
૧૯૦		૧૩૩૨/૧	૦૦-૨૨-૫૯	
૧૯૧		૧૩૩૨/૨	૦૦-૨૧-૪૦	
૧૯૨		૧૩૩૩	૦૦-૨૩-૭૮	
૧૯૩		૧૩૩૪	૦૦-૨૩-૭૮	
૧૯૪		૧૩૩૫/૧	૦૦-૨૩-૭૮	
૧૯૫		૧૩૩૫/૨	૦૦-૦૭-૫૦	
૧૯૬		૧૩૩૬/૧/પી	૦૦-૦૭-૦૦	
૧૯૭		૧૩૩૬/૨	૦૦-૨૩-૭૮	
૧૯૮		૧૩૩૭	૦૦-૩૦-૯૨	
૧૯૯		૧૩૩૮	૦૦-૪૪-૦૦	
૨૦૦		૧૩૩૯/૧	૦૦-૦૨-૩૮	
૨૦૧		૧૩૩૭/પી	૦૦-૩૦-૩૫	
૨૦૨		૧૩૭૮/પી	૦૦-૨૬-૦૦	
૨૦૩		૧૩૯૧/પી	૦૦-૧૦-૦૦	
૨૦૪		૧૩૯૨/પી	૦૦-૦૭-૦૦	
૨૦૫		૧૩૯૩	૦૦-૧૫-૦૦	
૨૦૬		૧૩૯૬/૧/પી	૦૦-૦૭-૮૨	
૨૦૭		૧૩૯૬/૨/પી	૦૦-૨૧-૫૯	
૨૦૮		૧૩૯૭/પી	૦૦-૩૪-૪૦	
૨૦૯		૧૩૯૮/૧	૦૦-૨૩-૭૮	
૨૧૦		૧૩૯૮/૨	૦૦-૧૧-૮૯	
૨૧૧		૧૩૯૯/૧	૦૦-૨૧-૪૦	
૨૧૨		૧૩૯૯/૨	૦૦-૧૭-૮૪	
૨૧૩		૧૪૦૦/૧	૦૦-૧૦-૭૦	
૨૧૪		૧૪૦૦/૨	૦૦-૧૩-૦૮	
૨૧૫		૧૪૦૧/૧	૦૦-૧૬-૬૫	
૨૧૬		૧૪૦૧/૨	૦૦-૨૧-૩૯	
૨૧૭		૧૪૦૨/૧	૦૦-૦૭-૧૩	
૨૧૮		૧૪૦૨/૨	૦૦-૦૮-૩૨	
૨૧૯		૧૪૦૨/૩	૦૦-૧૩-૦૮	
૨૨૦		૧૪૦૩	૦૧-૪૫-૦૮	

INDEX

(૧)	(૨)	(૩)	(૪)	(૫)
			હે.આર.ચો.મી.	
૨૨૧	મોગરી (ગામ)	૧૪૦૪	૦૦--૭૨--૫૪	
૨૨૨	આણંદ (તાલુકો)	૧૪૦૫/	૦૧--૩૭--૯૪	
૨૨૩	ખેડા (જિલ્લો)	૧૪૦૬/૧	૦૦--૨૩--૭૮	
૨૨૪		૧૪૦૬/૨	૦૦--૨૨--૫૯	
૨૨૫		૧૪૦૭/૧	૦૦--૨૧--૪૦	
૨૨૬		૧૪૦૭/૨	૦૦--૧૫--૪૬	
૨૨૭		૧૪૦૮	૦૦--૪૬--૩૮	
૨૨૮		૧૪૦૯	૦૦--૬૧--૮૪	
૨૨૯		૧૪૧૦	૦૦--૬૭--૭૮	
૨૩૦		૧૪૧૧	૦૦--૦૭--૧૩	
૨૩૧		૧૪૧૨/૧	૦૦--૨૨--૫૯	
૨૩૨		૧૪૧૨/૨	૦૦--૪૩--૯૯	
૨૩૩		૧૪૧૩	૦૦--૭૯--૬૭	
૨૩૪		૧૪૧૪	૦૦--૩૬--૮૬	
૨૩૫		૧૪૧૫	૦૦--૩૩--૩૦	
૨૩૬		૧૪૧૬	૦૦--૩૬--૮૬	
૨૩૭		૧૪૧૭	૦૦--૨૮--૫૪	
૨૩૮		૧૪૧૮	૦૦--૩૮--૦૫	
૨૩૯		૧૪૧૯	૦૧--૧૭--૭૩	
૨૪૦		૧૪૨૦/૧	૦૦--૧૬--૬૫	
૨૪૧		૧૪૨૦/૨	૦૦--૩૩--૩૦	
૨૪૨		૧૪૨૧/૧	૦૦--૫૯--૪૬	
૨૪૩		૧૪૨૧/૨	૦૦--૦૧--૧૯	
૨૪૪		૧૪૨૨	૦૦--૨૩--૭૮	
૨૪૫		૧૪૨૩	૦૦--૬૬--૫૯	
૨૪૬		૧૪૨૪	૦૦--૨૪--૯૭	
૨૪૭		૧૪૨૫	૦૦--૨૬--૧૬	
૨૪૮		૧૪૨૬	૦૧--૧૬--૫૪	
૨૪૯		૧૪૨૭/૧+૨	૦૦--૩૯--૨૪	
૨૫૦		૧૪૨૮	૦૦--૪૭--૫૭	
૨૫૧		૧૪૨૯	૦૦--૮૫--૬૨	
૨૫૨			૦૦--૦૩--૩૦	ક્રેએચ
૨૫૩		૧૪૩૦	૦૦--૨૨--૫૯	
૨૫૪			૦૦--૦૧--૧૯	ક્રેએચ.
૨૫૫		૧૪૩૧	૦૦--૨૭--૩૫	
૨૫૬		૧૪૩૨/એ	૦૦--૦૨--૨૬	
૨૫૭		૧૪૩૨/બી	૦૦--૦૨--૬૨	
૨૫૮		૧૪૩૨/સી	૦૦--૦૨--૨૬	
૨૫૯		૧૪૩૩	૦૦--૫૧--૫૩	
૨૬૦		૧૪૩૪	૦૦--૬૭--૭૮	
૨૬૧		૧૪૩૫	૦૦--૭૯--૨૪	
૨૬૨		૧૪૩૬	૦૦--૪૦--૪૩	
૨૬૩		૧૪૩૭/૧	૦૦--૧૧--૮૯	
૨૬૪		૧૪૩૭/૨	૦૦--૧૦--૭૦	
૨૬૫		૧૪૩૭/૩	૦૦--૧૫--૪૬	
૨૬૬		૧૪૩૮/૧	૦૦--૧૫--૪૬	
૨૬૭		૧૪૩૮/૨	૦૦--૧૦--૭૦	
૨૬૮		૧૪૩૮/૩	૦૦--૧૦--૭૦	
૨૬૯		૧૪૩૮/૪	૦૦--૧૧--૮૯	
૨૭૦		૧૪૩૯	૦૦--૩૮--૦૫	

INDEX

(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૨૭૧	મોગરી (ગામ)	૧૪૪૦/૧	૦૦--૦૭--૧૩	
૨૭૨	આણંદ (તાલુકો)	૧૪૪૦/૨	૦૦--૩૪--૪૯	
૨૭૩	ખેડા (જિલ્લો)	૧૪૪૧/૧	૦૦--૨૮--૫૪	
૨૭૪		૧૪૪૧/૨	૦૦--૧૧--૮૯	
૨૭૫		૧૪૪૨/૧	૦૦--૧૩--૧૮	
૨૭૬		૧૪૪૨/૨	૦૦--૧૦--૭૦	
૨૭૭		૧૪૪૩/૧	૦૦--૩૩--૩૦	
૨૭૮		૧૪૪૩/૨	૦૦--૧૯--૦૩	
૨૭૯		૧૪૪૪/૧	૦૦--૨૬--૧૬	
૨૮૦		૧૪૪૪/૨	૦૦--૦૮--૩૨	
૨૮૧		૧૪૪૫/૧	૦૦--૧૨--૦૦	
૨૮૨		૧૪૪૫/૨	૦૦--૧૭--૮૪	
૨૮૩		૧૪૪૭/૧	૦૦--૦૦--૨૦	
૨૮૪		૧૪૪૭/૩/પી	૦૦--૨૯--૪૦	
૨૮૫		૧૪૪૮	૦૦--૪૪--૦૦	
૨૮૬		૧૪૪૯/૧	૦૦--૧૯--૦૩	
૨૮૭		૧૪૪૯/૨	૦૦--૨૪--૯૭	
૨૮૮		૧૪૫૦	૦૦--૨૬--૧૬	
૨૮૯		૧૪૫૧/૧	૦૦--૧૯--૦૩	
૨૯૦		૧૪૫૧/૨	૦૦--૧૩--૦૮	
૨૯૧		૧૪૫૨/૧	૦૦--૧૭--૮૪	
૨૯૨		૧૪૫૨/૨	૦૦--૧૩--૦૮	
૨૯૩		૧૪૫૩/૧	૦૦--૧૬--૬૫	
૨૯૪		૧૪૫૩/૨	૦૦--૧૪--૯૬	
૨૯૫		૧૪૫૪/૧/પી	૦૦--૦૮--૦૮	
૨૯૬		૧૪૫૪/૨/પી	૦૦--૦૩--૦૦	
૨૯૭		૧૪૬૨/૧	૦૦--૦૨--૨૦	
૨૯૮		૧૪૬૨/૨	૦૦--૧૪--૨૭	
૨૯૯		૧૪૬૩/૧/પી	૦૦--૦૪--૫૦	
૩૦૦		૧૪૬૩/૨/પી	૦૦--૦૦--૭૦	
૩૦૧		૧૪૬૯/૧/પી	૦૦--૦૧--૭૫	
૩૦૨		૧૪૬૯/૨	૦૦--૦૯--૫૧	
૩૦૩		૧૪૭૦/૧	૦૦--૦૯--૧૧	
૩૦૪		૧૪૭૦/૨	૦૦--૧૭--૮૪	
૩૦૫		૧૪૭૧	૦૦--૨૪--૯૭	
૩૦૬		૧૪૭૨	૦૦--૨૩--૭૮	
૩૦૭		૧૪૭૩/૧	૦૦--૨૪--૯૭	
૩૦૮		૧૪૭૩/૨	૦૦--૨૧--૪૦	
૩૦૯		૧૪૭૪	૦૦--૭૮--૪૮	
૩૧૦		૧૪૭૫/૧	૦૦--૧૭--૮૪	
૩૧૧		૧૪૭૫/૨	૦૦--૧૯--૦૩	
૩૧૨		૧૪૭૬	૦૦--૪૧--૬૨	
૩૧૩			૦૦--૦૧--૧૯	કેએચ
૩૧૪		૧૪૭૭	૦૦--૨૨--૭૮	
૩૧૫			૦૦--૦૧--૧૯	કેએચ
૩૧૬		૧૪૭૮	૦૦--૨૯--૭૩	
૩૧૭		૧૪૭૯	૦૦--૪૯--૯૪	
૩૧૮		૧૪૮૦	૦૦--૫૮--૨૭	
૩૧૯		૧૪૮૧	૦૦--૩૯--૨૪	
૩૨૦			૦૦--૦૧--૧૯	કેએચ

INDEX

(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૩૨૧		૧૪૮૨	૦૦--૫૪--૭૦	
૩૨૨		૧૪૮૩/૧	૦૦--૪૦--૪૩	
૩૨૩		૧૪૮૩/૨	૦૦--૦૧--૧૯	
૩૨૪		૧૪૮૪	૦૦--૯૯--૧૫	
૩૨૫		૧૪૮૫/૧/પી	૦૦--૦૧--૦૦	
		ભાગ—૨		
૩૨૬	કરમસદ (ગામ) આણંદ તાલુકો) (ખેડા - (નિરધો)	૩૩૫, ૩૩૬, ૩૩૭, ૩૭૫, ૩૭૬, ૩૬૮/પી	૦૧--૨૧--૪૧	
	૩૨૬	૩૩૮, ૩૩૯, ૩૪૦, ૩૪૧, ૩૪૨, ૩૪૩, ૩૪૪, ૩૪૫, ૩૪૬/૧, ૨, ૩૪૭/૧/૨, ૩૪૮/૧/૨/૩, ૩૬૯/૧/૨/૩/૪, ૩૭૦, ૩૭૧/૧-અ, ૩૭૨/૧, ૩૭૨/૨, ૩૭૨/૩ ૪/૫	૧૦--૧૫--૭૬	
	૩૨૮	૩૬૫	૦૧--૬૨--૮૯	
	૩૨૯	૩૬૬/પી	૦૦--૭૯--૯૩	
	૩૩૦	૩૬૭/૧	૦૦--૭૯--૯૩	
	૩૩૧	૩૬૭/૨	૦૦--૨૮--૩૪	
	૩૩૨	૩૬૮/પી	૦૩--૩૭--૯૨	
		કુલ:—	૧૮--૨૬--૧૭	
૩૩૩	મોગરી (ગામ) આણંદ (તાલુકો) ખેડા (નિરધો)	૮૫	૦૦--૩૬--૮૬	
૩૩૪		૮૬	૦૦--૪૨--૮૨	
૩૩૫		૮૭	૦૦--૭૩--૭૩	
૩૩૬		૮૮, ૧૦૦,૧૦૧, ૧૦૨, ૧૦૩/૧, ૧૦૩/૨, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૭, ૧૦૮/૧૦૯/૧,૧૦૯/૨, ૧૧૦.	૦૮--૧૪--૪૩	
૩૩૭		૧૧૧, ૧૧૨,	૦૨--૩૧--૬૮	
૩૩૮		૧૧૫/૧	૦૦--૨૨--૫૯	
૩૩૯		૧૧૫/૨	૦૦--૫૧--૧૩	
૩૪૦		૧૧૭	૦૦--૯૫--૧૩	
૩૪૧		૧૧૬, ૧૧૮/૧, ૧૧૮/૨, ૧૧૯, ૧૨૦, ૧૨૧, ૧૨૨, ૧૨૩, ૧૨૪, ૧૩૯	૦૫--૨૭--૧૦	
૩૪૨		૧૨૫/૧	૦૦--૧૬--૬૫	
૩૪૩		૧૨૫/૨	૦૦--૧૬--૧૫	
૩૪૪		૧૨૬/૧	૦૦--૧૪--૬૫	
૩૪૫		૧૨૬/૨	૦૦--૧૬--૬૫	
૩૪૬		૧૨૭	૦૦--૩૩--૩૦	
૩૪૭		૧૨૮	૦૦--૭૯--૬૭	
૩૪૮		૧૨૯/૧	૦૦--૦૨--૩૭	
૩૪૯		૧૨૯/૨	૦૦--૩૩--૩૦	
૩૫૦		૧૩૦	૦૦--૬૦--૬૫	
૩૫૧		૧૩૧	૦૦--૫૨--૩૨	
૩૫૨		૧૩૨	૦૧--૭૧--૨૪	
૩૫૩		૧૩૩	૦૦--૪૨--૮૧	

INDEX

(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૩૫૪	મોગરી (ગામ)	૧૩૪	૦૦--૪૦--૪૩	
૩૫૫	આણંદ (તાલુકો)	૧૩૫/૧	૦૦--૦૩--૫૭	
૩૫૬	ખેડા (જિલ્લો)	૧૩૫/૨	૦૦--૦૩--૫૭	
૩૫૭		૧૩૫/૩	૦૦--૪૧--૬૨	
૩૫૮		૧૩૬	૦૦--૪૧--૬૨	
૩૫૯		૧૩૭	૦૦--૫૭--૫૧	
૩૬૦		૧૩૮/૧	૦૦--૨૨--૫૯	
૩૬૧		૧૩૮/૨	૦૦--૩૨--૧૧	
૩૬૨		૧૪૦	૦૦--૫૧--૧૩	
૩૬૩		૧૪૧	૦૦--૩૯--૨૩	
૩૬૪		૧૪૨		
૩૬૫		૧૪૭/૧	૦૦--૪૭--૫૭	
			૦૦--૯૩--૯૪	
૩૬૬		૧૪૭/૨	૦૦--૦૮--૩૨	
			કુલ ૨૯--૧૮--૪૪	

ભાગ—૩

૩૬૭	કરમસદ (ગામ) આણંદ (તાલુકો) ખેડા (જિલ્લો)	૪૦૫, ૪૦૬, ૪૦૭, ૪૦૮ ૪૧૧, ૪૧૨, ૪૧૩, ૪૧૪, ૪૧૫, ૪૧૬, ૪૧૭, ૪૧૯, ૪૨૦, ૪૨૧, ૫૨૬, ૫૨૭, ૫૨૯/૨, ૫૩૦/૧//૪/૫, ૫૩૧, ૫૩૨/ ૧/૨, ૫૩૩,/૧/૧, ૫૩૩/૧૨,૫૩૩/૨/૩/૪, ૫૩૪. ૫૩૯/૧/૨/૩	૧૪--૫૭--૮૯
૩૬૮		૪૦૯, ૪૧૦, ૪૨૪/૧ ૨-બી+૩ +૪૨૮પી+/૪૨૯/+૪૩૦+/૧બી	૦૭--૧૧--૨૪
૩૬૯		૪૧૮	૦૧--૩૭--૫૯
૩૭૦		૪૨૨/૪૨૩ પી	૦૧--૭૦--૯૮
૩૭૧		૪૨૨/૪૨૩-પી	૦૧--૯૮--૩૦
૩૭૨		૪૨૫, ૪૨૮, ૪૩૦/૧/૨/૩	૦૦--૬૩--૭૪
૩૭૩		૫૩૮/૧	૦૦--૧૮--૨૧
૩૭૪		૫૩૮/૨	૦૦--૧૯--૨૨
		કુલ:—	૨૭--૭૭--૧૭

અનુસૂચિ—૩

અનુસૂચિ ૧માં જણાવ્યા પ્રમાણેની ખેડા જિલ્લાના આણંદ તાલુકા ના કરમસદ અને મોગરી ગામ માટેના સરવે નંબરો ધરાવતી વિઠ્ઠલ ઉદ્યોગનગર ઔદ્યોગિક વિસ્તાર -વધારા)ની જમીનનું હદ વર્ણન.

ભાગ—૧

ઉત્તર હદ :—

આણંદ—કરમસદ રેલવે લાઈનને અડીને સરવે નંબર ૭૪૧ના વાયવ્ય ખૂણેથી શરૂ થઈને અને કરમસદ ગામના સરવે નંબરો ૭૪૧, ૭૪૩, ૭૪૪, ૮૨૭, ૮૨૪, ૮૨૩, ૮૧૮, ૮૦૭, ૮૦૬, ૮૦૫ અને ૮૦૪ની ઉત્તર હદને અડીને, આગળ વધીને કરમસદ અને મોગરી ગામની સામાન્ય હદને પાર કરીને અને મોગરી ગામના સરવે નં. ૧૪૮૪ની ઉત્તર હદથી આગળ વધીને મોગરી ગામના સરવે નં. ૧૪૮૫ના ઈશાન ખૂણે પૂરી થાય છે અને કેનાલને અડે છે.

INDEX

પૂર્વ હદ :—

મોગરી ગામના સરવે નં. ૧૪૮૫ના ઈશાન ખૂણેથી શરૂ થઈને કેનાલને અડીને અને કેનાલની પશ્ચિમ હદ અને સરવે નં. ૧૪૮૫, ૧૪૮૪ની પૂર્વ હદથી આગળ જઈને નાળાની જમીનને પાર કરે છે. આગળ સરવેનં. ૧૪૭૦/૨/પી, ૧૪૬૯/પી, ૧૪૭૨/પી, ૧૪૬૩/પી, ૧૪૬૨/પી, ૧૪૫૩/૨/પી, ૧૪૫૪/૧/પી, ૧૪૫૪/૨/પી, ૧૪૪૭/પી, ૧૪૪૫/પી માંથી પસાર થઈને નાળાની જમીન અને સરવે નંબરો ૧૩૧૭પી, ૧૩૧૯/પી,૧૩૨૨/પી, ૧૩૩૫/પી, પાર કરીને અને મોગરી ગામના સરવે નં. ૧૩૩૬/પીના અગ્નિ ખૂણે પૂરી થાય છે.

દક્ષિણ હદ.—મોગરી ગામના સરવે નં. ૧૩૪૬/પીના અગ્નિ ખૂણેથી શરૂ થઈને કેનાલને અડીને અને કેનાલની ઉત્તર હદથી આગળ વધીને સરવે નં. ૧૩૩૬/પી, ૧૩૩૭ ૧૩૩૮/પી, ૧૩૩૯/પી, ૧૪૦૩/પી, ૧૩૭૭/પી, ૧૩૭૮/પી, ૧૩૯૭/પી, ૧૩૯૬/પી, ૧૩૯૩/પી, ૧૩૯૨/પી, ૧૩૯૧/પી, માંથી પસાર થઈને અને સરવે નંબરો ૧૩૯૧/પી, ૧૩૯૨/પી, ૧૩૯૬/પી ની ઉત્તર હદ પાસેથી વળાંક લે છે અને ઉત્તર તરફ વળાંક લે છે અને મોગરા ગામના સરવે નંબરો ૧૩૯૮, ૧૩૯૯ અને ક્રમસદ ગામના સરવે નં. ૮૯૪/પી અને ક્રમસદ ગામના સરવે નં. ૮૮૮ અગ્નિ ખૂણાની પશ્ચિમ હદ તરફ આગળ વધે છે અને સરવે નં. ૮૮૮ અને ૮૮૭ની દક્ષિણ હદ સાથે આગળ વધે છે અને ઉત્તર તરફ વળીને સરવે નંબરો ૮૮૭, ૮૮૬ ૮૫૪ ની પશ્ચિમ હદ સાથે આગળ વધે છે. આગળ વધીને સરવે નંબરો. ૮૫૪, ૮૫૫, ૮૫૬, ૮૭૦, ૮૭૧ની દક્ષિણ હદ સાથે આગળ જાય છે અને ક્રમસદ ગામના સરવે નં. ૮૭૨ના નૈરૂત્ય ખૂણે પૂરી થાય છે અને આણંદ-ક્રમસદ રેલ્વે લાઈનને અડે છે.

પશ્ચિમ હદ.—ક્રમસદ ગામના સરવે નં. ૮૭૨ના નૈરૂત્ય ખૂણેથી શરૂ થઈને અને આણંદ-ક્રમસદ રેલ્વે લાઈનને અડીને અને આણંદ-ક્રમસદ રેલ્વે લાઈનના પૂર્વ હદ અને સરવે નંબરો ૮૭૨, ૮૭૧, ૮૭૦, ૮૬૯, ૮૫૮, ૮૬૭, ૮૩૬, ૮૩૪, ૮૩૩, ૮૩૨, ૮૩૧, ૮૩૦, ૮૨૯, ૭૪૩, ૭૪૨, ની પશ્ચિમ હદથી આગળ જઈને અને આણંદ-ક્રમસદ રેલ્વે લાઈનને અડીને ક્રમસદ ગામના સરવે નં. ૭૪૧ના વાયવ્ય ખૂણે પૂરી થાય છે.

ભાગ—૨

ઉત્તર હદ.—ક્રમસદ ગામના સરવે નં. ૩૩૫ના વાયવ્ય ખૂણેથી શરૂ થઈને અને સરવે નંબરો ૩૩૬, ૩૩૭, ૩૩૮, ૩૪૧, ૩૪૨ અને ૩૪૪માંથી પસાર થઈને અને કેનાલ પાર કરીને અને સરવે નંબરો ૩૪૭, ૩૪૪/૨, ૩૪૮ માંથી પાસાર થાય છે અને ક્રમસદ ગામના સરવે નં. ૩૪૮ના ઈશાન ખૂણે પૂરી થાય છે.

પૂર્વ હદ.—ક્રમસદ ગામના સર્વે નં. ૩૪૮ના ઈશાન ખૂણેથી શરૂ થઈને અને સરવે નં. ૩૪૮ના અગ્નિ ખૂણા તરફ આગળ જાય છે અને સરવે નં. ૩૪૯ ની દક્ષિણ હદ પાસે વળાંક લે છે અને ફરી દક્ષિણ દિશા તરફ વળે છે અને સરવે નંબરો, ૩૫૮, ૩૫૯ની પશ્ચિમ સીમા સાથે આગળ જાય છે. અને નાળાને પાર કરે છે અને સરવે નં. ૩૬૪ના નૈરૂત્ય ખૂણાને અડે છે અને ક્રમસદ અને મોગરી ગામની સામાન્ય હદ. સાથે પૂર્વ દિશા એટલે કે સરવે નં. ૩૬૪, ૩૬૩ ની દક્ષિણ સીમા તરફ વળે છે. ત્યારબાદ મોગરી ગામના સરવે નં. ૧૪૨ના ઈશાન ખૂણેથા દક્ષિણ દિશામાં વળે છે અને સરવે નંબરો ૧૪૩, ૧૪૪ની પશ્ચિમ સીમાથી દક્ષિણ જાય છે. અને સરવે નં. ૧૪૫ના નૈરૂત્ય ખૂણાને અડે છે અને સરવે નંબરો ૧૩૬, ૧૪૭/૧, ૧૪૭/૨ ની ઉત્તર સીમાથી પૂર્વ દિશામાં વળે છે અને સરવે નં. ૧૪૮ ના વાયવ્ય ખૂણાને અડે છે પછી દક્ષિણ તરફ વળે છે અને મોગરી ગામના સરવે નં. ૧૪૭/૧/૨ના અગ્નિ ખૂણે પૂરી થાય છે.

દક્ષિણ હદ.—મોગરી ગામના સરવે નં. ૧૪૭/૧/૨ના અગ્નિ ખૂણેથી શરૂ થઈને મોગરી ગામના સરવે નંબરો ૧૪૭/૧/૨/, ૧૩૫, ૧૩૪ ૧૩૩, ૧૨૯/૨, ૧૨૮/૨, ૧૦૨, ૧૦૦, ૧૦૧, ૮૮ અને ૮૭માંથી પસાર થઈને સરવે નં. ૮૫ની દક્ષિણ સીમાને પહોંચે છે અને મોગરી ગામના સરવે નં. ૮૫ના નૈરૂત્ય ખૂણે પૂરી થાય છે.

પશ્ચિમ હદ.—મોગરી ગામના સરવે નં. ૮૫ના નૈરૂત્ય ખૂણાથી શરૂ થઈને સરવે નંબરો ૮૫, ૮૬, ૩,૪ ની પશ્ચિમ દિશા તરફ આગળ જઈને સરવે નં. ૪ના વાયવ્ય ખૂણાથી વળીને સરવે નંબરો, ૪, ૧૧, ૨, ૧૦૩/૧, ૧૦૮, ૧૦૬ની ઉત્તર બાજૂએ જાય છે અને પછી સરવે નં. ૧૧૬ના નૈરૂત્ય ખૂણા તરફ વળે છે. જે સરવે નંબરો ૧૧૦ અને ૧૦૬ની વચ્ચે આવેલ છે, પછી સરવે નં. ૧૧૦ અને ૧૧૫/૧ની પશ્ચિમ દિશા તરફ વળે છે. ત્યાર પછી, રસ્તો પાર કરે છે અને સરવે નં. ૧૧૫/૨ના વાયવ્ય ખૂણા તરફ વળે છે અને સરવે નંબરો ૩૬૮, ૩૭૧/પી ની દક્ષિણ સીમા સાથે જાય છે અને રસ્તો પાર કરીને અને સરવે નં. ૩૭૧/પની નૈરૂત્ય ખૂણા સુધી જાય છે અને આણંદ-ક્રમસદ માર્ગની ઉત્તર સીમાએ જઈને સરવે નં. ૩૭૬ના વાયવ્ય ખૂણાના અંત સુધી જાય છે અને સરવે નંબરો ૩૭૫, ૩૭૬, ૩૩૫ ની ઉત્તર દિશા તરફ વળે છે અને સરવે નં. ૩૩૫ના વાયવ્ય ખૂણાને અડે છે.

ભાગ—૩

ઉત્તર હદ.—ક્રમસદ ગામના સરવે નં. ૫૩૮ના ઈશાન ખૂણાથી શરૂ થઈને અને સરવે નંબરો ૫૩૮, ૫૩૪, ૫૨૯, ૫૨૭, ૫૨૬, ૪૨૩, ૫૦૫, ૪૨૪, ૪૨૫, ૪૨૮, ૪૩૦, ૩૩૩ તરફ જઈને અને ક્રમસદ ગામના સરવે નં. ૪૩૪/પીના ઈશાન ખૂણે પૂરી થાય છે

પૂર્વ હદ.—ક્રમસદ ગામના સરવે નં. ૪૩૪/પી ના ઈશાન ખૂણાથી શરૂ થઈને અને સરવે નંબરો ૪૩૪/પી, ૪૩૩/પી, ૪૩૦, ૪૨૯, ૪૨૭, ૪૨૪, ૪૦૯, ૪૦૮, ૪૦૭, ૪૦૬ ની પૂર્વમાં જઈને સરવે નંબર ૪૦૫ના અગ્નિ ખૂણે પૂરી થાય છે.

INDEX

દક્ષિણ હદ.—કરમસદ ગામના સરવે નં. ૪૦૫નો માત્ર અગ્નિ ખૂણો.

પશ્ચિમ હદ.—કરમસદ ગામના સરવે નં. ૪૦૫ના અગ્નિ ખૂણાથી શરૂ થઈને, સરવે નં. ૪૦૫, ૪૦૬, ૪૧૮, ૪૧૯, ૫૩૨, ૫૩૩, ૫૩૯, ૫૩૮ ની પશ્ચિમ દિશા તરફ જઈને અને સરવે નં. ૫૩૮ના ઈશાન ખૂણે પૂરી થાય છે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એ. એમ. જોષીયારા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨જી ઓગસ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના સરકારી જાહેર નામા ક્રમાંક : જીએચયુ-૯૭-(૪૭)-જીઆઈડી-૧૦૯૩-૧૯૫૨-જી.૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કરવો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

re

THE ANKLESHWAR (EXPANSION) NO TIFITEDAREA CONSOLIDATED TAX RULES, 1997.

અંકલેશ્વર (વિસ્તરણ) નોટિફાઈડ એરિયા એકત્રિત વેરા નિયમો, ૧૯૯૭ સંબંધી જાહેરનામું.

ઉદ્યોગ અને ખાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તા. ૨જી ઓગષ્ટ, ૧૯૯૭.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : જીએચયુ-૯૭-(૪૭)-જીઆઈડી-૧૦૯૩-૧૯૫૨-જી. ૧.—ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૨૭૭ સાથે વાંચતા, કલમ-૨૬૪-ખ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ-૨૭૭ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પુરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી, ભરુચ જિલ્લાના કલેકટર, ભરુચને જે કોઈ વાંધા અથવા સુચનો મળશે તેની સરકાર વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચયુ-૯૭-(૪૭)-જીઆઈડી-૧૦૯૩-૧૯૫૨-જી ૧.—ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ-૨૭૭ સાથે વાંચતા, કલમ ૨૬૪-ખથી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :—

૧. ટૂંકી સંજ્ઞા —આ નિયમો, અંકલેશ્વર (વિસ્તરણ) નોટિફાઈડ એરિયા એકત્રિત વેરા નિયમો, ૧૯૯૭ કહેવાશે.

૨. વ્યાખ્યા.—આ નિયમોમાં સંદર્ભથી, અન્યથા અપેક્ષિત ન હોય તો,—

INDEX

(ક) "અધિનિયમ" એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩;

(ખ) "મકાન" એટલે અધિનિયમની કલમ-૨ના ખંડ (૨)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું મકાન;

(ગ) "રહેણાંકના હેતુઓ માટે વપરાતું મકાન" એટલે એકના એક કબજેદાર દ્વારા માનવ વપરાશ તરીકે અથવા વેપારના સામાન્ય ક્રમમાં વેચાણ માટે ઈરાદો ન હોય તે પશુઓ સહિતની માલ-મિલકતની કસ્ટડી માટેની જગ્યા તરીકે વપરાતું હોય તેવું કોઈપણ મકાન અથવા એક જ વાડામાંના સંખ્યાબંધ મકાનો;

(ઘ) "ધંધાના હેતુ માટે વપરાતું મકાન" એટલે કોઈપણ પ્રકારનો માલ અને સર્વિસ તૈયાર કરવા અથવા બનાવવા માટે અંથવા વેપાર માટે અથવા હેરફેરના ધંધા માટે અથવા રહેણાંક સિવાયના અન્ય કોઈપણ હેતુ માટે એકનો એક ભોગવટેદાર વાપરતો હોય તેવું કોઈ-પણ મકાન અથવા એકજ વાડામાંના સંખ્યાબંધ મકાનો;

(ચ) "કોર્પોરેશન" એટલે ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ હેઠળ રચાયેલ ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશન;

(છ) "એકત્રિત વેરો" એટલે આનિયમો હેઠળ નોટિફાઈડ એરિયામાં નાંખેલો વેરો;

(જ) "જમીન" એટલે અધિનિયમની કલમ-૨ના ખંડ (૧૧)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની જમીન;

(ઝ) "નોટિફાઈ એરિયા અધિકારી" એટલે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ની કલમ-૧૬ હેઠળ વેરાની આંકારણી અને વસુલાતના હેતુ માટે નીમેલ કોર્પોરેશનનો કોઈ અધિકારી;

(ટ) "નોટિફાઈડ એરિયા" એટલે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ની કલમ-૧૬ હેઠળ તેવા વિસ્તાર તરીકે જાહેર કરેલ વિસ્તાર;

(ઠ) "ભોગવટેદાર" એટલે યથાપ્રસંગ, માલિકી ફેરખતની રૂએ, લાઈસન્સદાર, પટેદાર અથવા મિલકતના માલિક તરીકે કોર્પોરેશનનો એલોટી (ભાડૂત) અથવા જે વ્યકિત ભાડાપટાની રુએ અથવા દેખરેખ રાખનાર ટ્રસ્ટી તરીકે અંથવા અન્યથા મિલકતનો કબજો ધરાવતી હોય તેવી વ્યકિત અથવા તે સમયે નોટિફાઈડ એરિયામાં આવેલ મિલકતના બીજા જે માલિકો કોઈપણ જમીન અંથવા મકાનનું ભાડૂ પોતે જાતે અથવા બીજી કોઈ વ્યકિતના એજન્ટ અંથવા ટ્રસ્ટી તરીકે અથવા કોઈ મંડળી માટે અથવા કોઈ ધર્માદા અથવા સખાવતી હેતુઓ માટે સ્વીકારતા હોય અથવા જો એવી જમીન અથવા મકાન ગણોતિયાને ભાડે આપ્યું હોય, તો એ રીતે ભાડુ સ્વીકારે તે;

સ્પષ્ટીકરણ :— પટે લેનાર, માલિકીખતફેરની રુએ, મિલકતનો કબજો ધરાવતી વ્યકિત, ભાડાપટો એ શબ્દોનો અર્થ, યથાપ્રસંગ, કોર્પોરેશનના મિલકત નિકાલ અંગેના વિનિયમો, ૧૯૬૭ અથવા કોર્પોરેશનના જમીન નિકાલ અંગેના વિનિયમો, ૧૯૬૮ અથવા ભાડા વિનિયમો, ૧૯૭૧માં જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે;

(ડ) "માલિક" એટલે, અધિનિયમની કલમ-૨ના ખંડ (૧૮)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના માલિક;

(ઢ) "વર્ષ" એટલે નાણાંકીય વર્ષ.

૩. એકત્રિત વેરાનો દર.—નોટિફાઈડ એરિયાની હદમાં આવેલ તમામ મકાનો અને જમીનો ઉપરનો એકત્રિત વેરો, નીચેના વેરાના બદલામાં, પૂરવણી-ક્રમાં નિર્દિષ્ટ કરેલા દરે લેવામાં આવશે :—

(ક) મકાનો અંથવા જમીનો ઉપર નો વેરો.

(ખ) સામાન્ય સફાઈ ઉપકર.

(ગ) દીવાબત્તી વેરો.

૪. મુકિત.—(૧) નીચેનાને એકત્રિત વેરામાંથી મુકિત આપવામાં આવશે :—

(ક) કેન્દ્ર અથવા રાજ્ય સરકાર પંચાયત, જિલ્લા સ્કૂલ બોર્ડ અને મ્યુનિસિપલ સ્કૂલ બિલ્ડીંગની માલિકીના મકાનો અને જમીન.

(ખ) પ્રાચીન સ્મારક જાળવણી અધિનિયમ, ૧૯૦૪ અથવા ગુજરાતનો પ્રાચીન સ્મારકો અને પુરાતત્વ વિષયક સ્થળો અને અવશેષો બાબતનો અધિનિયમ, ૧૯૬૫ના અર્થ મુજબ સુરક્ષિત સ્મારકો જાહેર કરેલ હોય તે અને જેમાંથી કોઈ મહેસૂલ કે ભાડુ ઉપજતું ન હોય તેવા તમામ મકાનો અને જમીનો.

(ગ) જેમનો માત્ર જાહેર પૂજા માટે અથવા સખાવતી અને શૈક્ષણિક હેતુઓ માટે ઉપયોગ અથવા ભોગવટો કરવામાં આવતો હોય અને જેમાંથી કોઈ મહેસૂલ અથવા ભાડું ઉપજતું ન હોય તેવા તમામ મકાનો અને જમીનો અથવા તેના ભાગો.

INDEX

(૨) માલ ઉત્પાદન કરવામાં અને સર્વિસમાં રોકાયેલકોઈપણ ભોગવટેદારને, નીચે પ્રમાણે વેરો ભરવામાંથી મુકિત આપવામાં આવશે—

(૧) ફાળવણીની તારીખથી શરુ કરીને પ્રથમ વર્ષ માટે;

(૨) બીજા વર્ષથી પાંચમાં વર્ષ માટે ૫૦ ટકા સુધી;

(૩) એલોટી (ભાડૂત) ન હોય તો તેવો કોઈપણ ભોગવટેદાર, તે જમીન અથવા મકાનનો માલિક થાય અથવા જમીન કે મકાન મેળવે તે વર્ષની તે તારીખથી ઉપર જણાવ્યા પ્રમાણે મુકિત મેળવવા હકદાર થશે.

૫. એકત્રિત વેરાની આકારણી અને જવાબદારી.—(ક) વેરો, અધિનિયમની જોગવાઈઓ અનુસાર, જેટલે સુધી લાગુ પાડી શકાય તેટલે સુધી આકારવો અને વસૂલ કરવો જોઈશે;

(ખ) ભોગવટેદાર, આ નિયમો હેઠળ વેરો ભરવા માટે પ્રથમત: જવાબદાર રહેશે;

(ગ) મકાનની બાંધકામનો માલિક, આ નિયમો હેઠળ, વેરો ભરવા માટે પ્રથમત: જવાબદાર રહેશે;

(ઘ) વેરો દર વર્ષે એપ્રિલ મહિનાની પહેલી તારીખે અથવા તે પહેલાં એક હપ્તામાં અગાઉથી ભરવો પડશે.

૬. માફી અને રિફંડ.—(ક) જો કોઈ મકાન અથવા જમીન આખા વર્ષ દરમિયાન ખાલી રહયાં હોય અને તેનો ઉપયોગ થયો ન હોય અને નોટિફાઈડ એરિયા અધિકારીને તે મતલબની નોટિસ આપી હોય તો વેરાની રકમના અર્ધાથી વધુ ન હોય તેટલા પ્રમાણમાં માફી અથવા રિફંડ આપવામાં આવશે. :

પરંતુ, આવી નોટિસ મળ્યાની તારીખની અગાઉની કોઈપણ મુદત માટે, કોઈપણ માફી કે રિફંડ અમલમાં આવશે નહિ.

(ખ) જો કોઈ મકાનનો કોઈપણ ભાગ તોડી પાડવામાં આવ્યો હોય તો વેરાની રકમના એક ચતુર્થાંસ કરતાં વધુ ન હોય તેટલા પ્રમાણમાં માફી અથવા રિફંડ આપવામાં આવશે.

૭. લેખિત નોટિસ આપવા બાબત.—નીચેની બાબતમાં નોટિફાઈડ એરિયા અધિકારીને એક મહિનાની અંદર લેખિત નોટિસ આપવાની કોઈ મકાન કે જમીન માલિકની ફરજ રહેશે.—

(ક) મકાન નવું ઉભું કરવામાં અથવા બાંધવામાં આવ્યું હોય તે બાબતમાં;

(ખ) અગાઉ જેની આકારણી કરવામાં આવી હોય તેવું કોઈ મકાન વધારવામાં આવ્યું હોય અથવા ફરી બાંધવામાં આવ્યું હોય અથવા ફરી બાંધવામાં આવ્યું હોય અથવા તેમાં સુધારો વધારો કરવામાં આવ્યા હોય અથવા અન્યથા એવી રીતે સુધારો કરવામાં આવ્યો હોય, કે જેથી કરીને તેની મૂડીરૂપી કિંમત વધી જાય તે બાબતમાં;

(ગ) અગાઉ જેની આકારણી કરવામાં આવી હોય તેવા કોઈ મકાન અથવા જમીનના ભાગલા પાડવામાં આવ્યા હોય,તે બાબતમાં

(ઘ) જો કોઈ મકાન સંપુર્ણત: અથવા અંશત: તોડી પાડવામાં આવ્યું હોય અથવા આગથી નાશ પામ્યું હોય અથવા પડી ગયું હોય અથવા અન્યથા તેની ભાડાની કિંમત ઘટી ગઈ હોય તે બાબતમાં.

સ્પષ્ટીકરણ : એક મહિનાની મુદત (ક), (ખ), (ગ) ની બાબતમાં મકાન પૂર્ણ થયાની તારીખ અથવા તેના ભોગવટાના તારીખ એ બેમાંથી જે વહેલું હોય તે તારીખથી અને (ઘ) ની બાબતમાં બનાવ બન્યાની તારીખથી ગણવામાં આવશે.

૮. નોટિસ મળે ત્યારે આકારણી કરવા બાબત : (૧) નિયમ ૭ હેઠળ લેખિત નોટિસ મળે ત્યારે, નોટિફાઈડ એરીયા અધિકારીએ જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, મકાનની આકારણી કરાવવી જોઈશે.

(૨) આવી આકારણી કર્યા પછી, નોટિફાઈડ એરિયા અધિકારીએ આવું મુલ્યાંકન અલગ રાખેલી યાદીમાં નોંધવું જોઈશે અને વર્ષની સમાપ્તિ પછી, આકારણીમાં કરેલા આવા ફેરફારો પ્રમાણિત આકારણીની યાદીમાં નોંધવા જોઈશે.

૯. ઉત્તરાધિકાર બાબત તકરાર હોય, ત્યારે આકારણીની યાદીમાં માલિકના નામ બાબત : આકારણી યાદીમાં કોઈ મિલકતના માલિક તરીકે જેનું નામ દાખલ કર્યું હોય તે કોઈપણ વ્યકિતના ઉત્તરાધિકાર સંબંધી કોઈ તકરાર હોય ત્યારે, ઉત્તરાધિકારના દાવેદારોમાંથી જે દાવેદાર ખરેખરા ભોગવટાથી અથવા અન્યથા મિલકતનો કબજો ધરાવતો હોય તેનું નામ આકારણી યાદીમાં માલિક તરીકે દાખલ કરવું જોઈશે અને તકરારની પતાવટ અથવા સત્તા ધરાવતી કોર્ટનો હુકમ રજૂ કર્યે અથવા અન્ય રીતે અન્ય દાવેદાર નોટિફાઈડ એરિયા અધિકારીને ખાતરી ન કરાવે કે તે વ્યકિતગત રીતે અથવા સંયુકત રીતે મિલકતના માલિક તરીકે હકદાર થાય છે ત્યાં સુધ, વેરો તેની પાસેથી વસૂલ કરવામાં આવશે.

૧૦. તબદીલ કરનારે અને તબદીલીથી લેનારે લેખિત નોટિસ આપવા બાબત : કોઈ મકાન અથવા જમીનના સંબંધમાં, વેરા ભરવા માટે પ્રથમત: જવાબદાર કોઈ વ્યકિતનો હક લેખિત લેખ દ્વારા અથવા અન્યથા તબદીલ થયો હોય, ત્યારે તબદીલ કરનારે

INDEX

અને તબદીલીથી લેનારે, તબદીલી કરવ માં આવી હોય તે ત્રણ પછી મહિનાની અંદર, નોટિફાઈડ એરિયા અધિકારીને લેખિત નોટિસ આપવી જોઈશે, જેઓ પોતને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, આકારણીની યાદીમાં તબદીલી કરનારને સ્થાને તબદીલીથી લેનારનું નામ દાખલ કરવાનો હુકમ કરશે ત્યાર પછી, તબદીલીથી લેનાર, એવી રીતે તબદીલ થયેલી મિલકતના સંબંધમાં બાકી રકમ, હોય તો તે સહિત સમગ્ર વર્ષના લેણાં વેરા માટે જવાબદાર રહેશે.

૧૧. વારસદારોએ નોટિસ આપવા અને તેમની જવાબદારી બાબત : કોઈ વ્યકિતનું મૃત્યુ થાત તે પ્રસંગે, જેને મરહુમના મિલકત ના હક વારસ તરીકે અથવા બીજી રીતે તબદીલ થાય તે વ્યકિતની કર ભરવાની પ્રથવત: જવાબદારી થશે. આવી વ્યકિતએ મરહૂમના મૃત્યુની તારીખથી ત્રણ મહિનાની અંદર નોટિફાઈડ એરિયા અધિકારીને આવી તબદીલીની નોટિસ આપવી જોઈશે. નોટિફાઈફ એરિયા અધિકારીએ જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, મરહૂમના વારસદારોના નામો આકારણી યાદીમાં દાખલ કરવાનો હુકમ કરવો જોઈશે અને આવા વારસદારો લેણા નીકળતા વેરાની બાકી રકમ સહિત આખા વર્ષ માટેના લેણાં નીકળતા વેરાની ચૂકવણી માટે જવાબદાર થશે.

૧૨. નિર્ણય આખરી ગણવા બાબત : વેરા અને બીજી બાબતોના સંબંધમાં, તે અંગેનો નોટિફાઈડ એરિયા અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

પુરવણી--ક.

(જુઓ નિયમ ૩)

અંકલેશ્વર (વિસ્તરણ) નોટિફાઈડ એરિયા માટેના એકત્રિત વેરાના દરો

નોટિફાઈડ એરિયાનું નામ	એકિત્રત વેરાનો દર.
૧	૨
અંકલેશ્વર (વિસ્તરણ નોટિફાઈડ એરિયા (તાલુકા-અંકલેશ્વર) (જિલ્લો-ભરૂચ)	(૧). રૂા. ૨૧,૫૯૯ થી વધુ ન હોય તેટલી વેરાપાત્ર કિંમત પર ૧૫ ટકા (રૂા. ત્રણ લાખ સુધીની કિંમત કરેલ મિલકતો માટે.)
	(૨) રૂા. ૨૧,૫૯૯ થી વધુ પણ રૂા. ૩૬,૦૦૦ થી વધુ નહીં ને તેટલી વેરાપાત્ર કિંમત ઉપર ૧૬.૫ ટકા (રૂા. ત્રણ લાખથી ઉપરની અને રૂા. પાંચ લાખ)સુધીની આકારેલી કિંમતની મિલકતો માટે).
	(૩) રૂા. ૩૬,૦૦૦/- થી વધુ આકારેલી કિંમત ઉપર ૧૮ ટકા (રૂા. પાંચ લાખથી ઉપર આકારેલી કિંમતો).

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. એમ. જોષીયારા,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૨૨મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૨૩૫-યુઓ એલ-૧૦૯૦-૨૪૮-એમ-(૨)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

re

AMENDMENT TO THE NOTIFICATION NO. KHR/29-UOL-1090-248-M(2) DATED 20-2-1997.

તારીખ ૨૦--૨--૧૯૯૭ના જાહેરનામા ક્રમાંક : કેએચઆર-૨૯-યુઓએલ-૧૦૯૦-૨૪૮-એમ (૨) સુધારવા સંબંધી શુધ્ધિપત્ર.

ગુજરાત સરકાર

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૧૮ મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ક્રમાંક : કેએચઆર-૨૩૫-યુઓએલ-૧૦૯૦-૨૪૮-એમ-(૨).—ગુજરાત અરક્ષિત મજૂરી કામદાર (રોજગાર અને કલ્યાણ નિયમન) અધિનિયમ, ૧૯૭૯ (સન ૧૯૭૯ના ગુજરાત અધિનિયમ ક્રમાંક ૨૫)ની કલમ-૬ની પેટા-કલમ (૧), (૩), (૪), (૫), (૬) અને (૭)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, તારીખ ૨૦/૨/૧૯૯૭નું જાહેરનામું ક્રમાંક : કેએચઆર-૨૯-યુઓએલ-૧૦૯૦-૨૪૮-એમ-(૨) સુધારે છે. અને કામે રાખનારનું પ્રતિનિધિત્વ ધરાવતા સભ્યો અને અરક્ષિત કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવતા સભ્યોની નોંધ ક્રમાંક ૧, ૨, ૩ નીચે પ્રમાણે બદલે છે :—

કામે રાખનારનું પ્રતિનિધિત્વ ધરાવતા સભ્યો :—

૧. પ્રમુખ/ઉપ-પ્રમુખ,
મસ્કતી કાપડ માર્કેટ મહાજન, રેલ્વેપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

૨. પ્રમુખ,
સિંધી કાપડ માર્કેટ મહાજન, કાલુપુર કોટની રાંગ, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

૩. પ્રમુખ,
પાંચકુવા કાપડ માર્કેટ મહાજન, પાંચકુવા, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

અરક્ષિત કામદારોનું પ્રતિનિધિત્વ ધરાવત સભ્યો :—

૧. પ્રમુખ,
અમદાવાદ મસ્કતી પાંચકુવા કાપડ મહાજન હાથલારી મંડળ, ન્યુ ક્લોથ માર્કેટ, રેલ્વેપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૨.

૨. સામાન્ય મંત્રી,
અમદાવાદ મસ્કતી પાંચકુવા કાપડ મહાજન હાથલારી મંડળ, ન્યુ ક્લોથ માર્કેટ, રેલ્વેપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૧.

૩. સામાન્ય મંત્રી,
સ્વાક્રાયી મહિલા સેવા સંઘ, વિક્ટોરિયા ગાર્ડન સામે, ભદ્ર, અમદાવાદ.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. એસ. વાઘેલા,
સરકારના ઉપ સચિવ,
શ્રમ અને રોજગાર વિભાગ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/GNR/

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, OCTOBER 23, 1997/ASVINA 1, 1919 [No. 43

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી ઓગષ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચ-આર-૨૧૮-એસઆઈએ-૧૦૮૯-૩૦૭૬-એમ-(૩)નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE EMPLOYEES STATE INSURANCE ACT, 1948.

કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૯મી ઓગષ્ટ, ૧૯૯૭.

ક્રમાંક : કેએચ-આર-૨૧૮-એસઆઈએ-૧૦૮૯-૩૦૭૬-એમ-(૩).—કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના ૩૪મા)ની કલમ ૮૭ અને ૯૧-કથી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિમિટેડ દૂધ સાગર ડેરી, મહેસાણાને તારીખ ૨--૧૦--૯૩ થી ૧--૧૦--૯૬ સુધીની વધુ ત્રણ વર્ષની મુદત માટે સદરહુ અધિનિયમના અમલમાંથી મુકિત આપે છે.

૨. ઉપર્યુકત મુકિત નીચેની શરતોને આધીન રહેશે:—

(૧) ઉપર જણાવેલા સંસ્થા/કારખાના કે જેમાં કામદારોને કામે રાખેલ હોય તે સંસ્થાએ અને કારખાનાએ મુકિત આપેલ કામદારોના નામો અને હોદ્દા દર્શાવતું રજિસ્ટર રાખવું જોઈશે.

(૨) આ મુકિત આપવામાં આવી હોય છતાં, કામદારો, આ જાહેરનામા દ્વારા જે તારીખથી અપાયેલ મુકિત અમલમાં આવે તે તારીખ પહેલાં ચૂકવેલા ફાળાના ધોરણે, સદરહુ અધિનિયમ હેઠળ જે લાભો મેળવવાને હકદાર બન્યા હોત તે લાભો તેઓને [illegible] રહેશે.

(૩) મુકિત અપાયેલ મુદત માટેના ફાળા ચૂકવાઈ હોય, તો તે પાછા આપી શકાશે નહિ.

(૪) સદરહુ સંસ્થા/કારખાના માલિકે જે મુદત દરમિયાન તે કારખાનું સદરહુ અધિનિયમના અમલને અધીન હતું તે મુદત (જેનો આમાં હવે પછી, "સદરહુ મુદત" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં, કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ હેઠળ તેણે ભરવાના બાકી હોય તે પત્રકો, તે નમૂનામાં અને તે વિગતો સાથે સદરહુ મુદતના સંબંધમાં રજૂ કરવા જોઈશે.

૩. સદરહુ અધિનિયમની કલમ-૪૫નીં પેટા-કલમ (૧) હેઠળ કોર્પોરેશને નીમેલા કોઈ ઈન્સ્પેકટરને અથવા આ અર્થે અધિકૃત કરેલા કોર્પોરેશનના અન્ય અધિકારીને —

(૧) સદરહુ મુદત માટે કલમ-૪૪ની પેટા-કલમ (૧) હેઠળ રજૂ કરેલ કોઈ પત્રકમાંની વિગતોની ખરાઈ કરવાના હેતુ માટે; અથવા

(૨) સદરહુ મુદત માટે, કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦થી ઠરાવ્યા પ્રમાણે, રજિસ્ટરો અને રેકર્ડ રાખવામાં આવ્યા હતા કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે; અથવા

(૩) જે લાભોના બદલામાં આ જાહેરનામા હેઠળ મુકિત આપવામાં આવી હોય તે લાભો તરીકે રોકડમાં અને જણસરૂપે માલિકે આપેલા લાભો મેળવવાને હકદાર તરીકે ચાલુ રહે છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે; અથવા

(૪) અધિનિયમની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈ સદરહુ કારખાનાના સંબંધમાં અમલમાં હતી, ત્યારે તે મુદત દરમિયાન આવી કોઈપણ જોગવાઈનું પાલન કરવામાં આવ્યું છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે—

(ક) પોતાને જરૂરી લાગે તેવી માહિતી પોતાને પૂરી પાડવા મુખ્ય અથવા તેના તુરત પછીના માલિકને ફરમાવવાની સત્તા રહેશે; અથવા

(ખ) આવા મુખ્ય અથવા તેના તુરત પછીના માલિકના કબજામાં હોય તેવા કોઈ કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગામાં કોઈ વાજબી સમયે દાખલ થવાની અને તેનો હવાલો ધરાવતી હોવાનું જણાયેલ કોઈપણ વ્યકિતને, વ્યકિતઓના રોજગાર અને વેતનની ચુકવણીને લગતા પોતાને જરૂરી જણાય તેવા દસ્તાવેજ, ચોપડા, અને અન્ય દસ્તાવેજો આવા ઈન્સ્પેકટર અથવા અન્ય અધિકારી સમક્ષ રજૂ કરવા અને તેને તે તપાસવા દેવા અથવા પોતાને જરૂરી લાગે તેવી માહિતી તેને પૂરી પાડવા ફરમાવવાની સત્તા રહેશે; અથવા

(ગ) આવાં કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગામાં જણાયેલ મુખ્ય અથવા તેના તુરત પછીના માલિકને, તેના એજન્ટ અથવા નોકરને કોઈ વ્યકિતને અથવા સદરહુ ઈન્સ્પેકટરને અથવા અન્ય અધિકારીને જે કોઈ વ્યકિત કામદાર હોવાનું માનવાને વાજબી કારણ હોય તેવી કોઈ વ્યકિતને તપાસવાની સત્તા રહેશે; અથવા

INDEX

(ધ) આવા કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગાંમાં રાખવામાં આવતા કોઈ રજિસ્ટર, હિસાબના ચોપડા અથવા અન્ય દસ્તાવેજની નકલો કરવાની અથવા તેમાંથી ઉતારા કરવાની સત્તા રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

શૈલજા પટેલ,
સરકારના ઉપ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક (જીએચટી. ૯૭-૩૫) એમએનઆર.-૧૦૯૬-૨૯૯૬-ઈ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડિયા,
સરકારના નાયબ સચિવ.

Notification

re

AMENDMENT TO THE GOVERNMENT NOTIFICATION, INFORMATION, BROADCASTING AND TOURISM DEPARTMENT NO. (GHT-97-14) MNR-1096-2996-E, DATED THE 5TH APRIL, 1997.

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગનું તારીખ ૫મી એપ્રિલ, ૧૯૯૭નું સરકારી જાહેરનામું ક્રમાંક (જીએચટી. ૯૭.૧૪) એમએનઆર. ૧૦૯૬. ૨૯૯૬. ઈ. સુધારવા સંબંધી જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૯૭.

ક્રમાંક. (જીએચટી, ૯૭, ૩૫-) એમએનઆર, ૧૦૯૬- ૨૯૯૬, ઈ.- ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે;

તેથી, હવે, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૯૭ (સન ૧૯૯૭ના ગુજરાતના ૧૬મા) ની કલમ ૨૯ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગનું તારીખ ૫મી એપ્રિલ, ૧૯૯૭નું સરકારી જાહેરનામુ ક્રમાંક (જીએચટી. ૯૭. ૧૪) એમએનઆર. ૧૦૯૬. ૨૯૯૬. ઈ નીચે પ્રમાણે સુધારે છે..

સદરહું જાહેરનામામાં, " ૧૪મી ફેબ્રુઆરી, ૧૯૯૭" એ આંકડા, અક્ષરો અને શબ્દને બદલે, "૫મી એપ્રિલ, ૧૯૯૭" એ આંકડા, અક્ષરો અને શબ્દ મૂકવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એમ. આર. શાહ,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૬મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨જી ઓગસ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચયું-૯૭-(૪૮)-જીઆઈડી-૧૬૮૮-૧૫૯૪-જી-૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

re

THE GUJARAT STATE FERTILIZERS COMPANY LIMITED NOTIFIED AREA CONSOLIDATED TAX RULES, 1997.

ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ કંપની લિમિટેડ નોટિફાઈડ એરિયા એકત્રિત વેરા નિયમો, ૧૯૯૭ સંબંધી

જાહેરનામું

ઉદ્યોગ અને ખાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭ ઓગસ્ટ, ૧૯૯૭.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : જીએચયુ-૯૭-(૪૮)-જીઆઈડી-૧૬૮૮-૧૫૯૪-જી-૧.—ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ-૨૭૭ સાથે વાંચતા, કલમ-૨૬૪-ખ હેઠળ કાઢવા ધારેલા જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ-૨૭૭ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારુ પ્રસિધ્ધ કરવામાં આવે છે. અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસ પૂરા થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થાય તે પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત તરફથી, વડોદરા જિલ્લાના કલેકટર, વડોદરાને જે કોઈ વાંધા અથવા સૂચનો મળશે તેની સરકાર વિચારણા કરશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચયુ-૯૭-(૪૮)-જીઆઈડી-૧૬૮૮-૧૫૯૪-જી-૧.—ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)નાં કલમ ૨૭૭ સાથે વાંચતા, કલમ ૨૬૪-ખ થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :—

૧. ટૂંકી સંજ્ઞા :— આ, નિયમો, ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ કંપની લમિટેડ નોટિફાઈડ એરિયા એકત્રિત વેરા નિયમો, ૧૯૯૭ કહેવાશે.

૨. વ્યાખ્યા :— આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,—

(ક) "અધિનિયમ" એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩;

(ખ) "મકાન" એટલે અધિનિયમની કલમ-૨ના ખંડ (૨)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું મકાન;

(ગ) "રહેણાંકના હેતુઓ માટે વપરાતું મકાન" એટલે એકના એક કબજેદાર દ્વારા માનવ વપરાશ તરીકે અથવા વેપારના સામાન્ય ક્રમમાં વેચાણ માટે ઈરાદો ન હોય તે પશુઓ સહિતની માલ-મિલકતની કસ્ટડી માટેની જગ્યા તરીકે વપરાતું હોય તેવું કોઈપણ મકાન અથવા એક જ વાડામાંના સંખ્યાબંધ મકાનો;

(ઘ) "ધંધાના હેતુ માટે વપરાતું મકાન" એટલે કોઈપણ પ્રકારનો માલ અને સર્વિસ તૈયાર કરવા અથવા બનાવવા માટે અથવા વેચાર માટે અથવા હેરફેરના ધંધા માટે અથવા રહેણાંક સિવાયના અન્ય કોઈપણ હેતુ માટે એકનો એક ભોગવટેદાર વાપરતો હોય તેવું કોઈપણ મકાન અથવા એક જ વાડામાંના સંખ્યાબંધ મકાનો;

(ચ) "કોર્પોરેશન" એટલે ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ હેઠળ રચાયેલ ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશન.

(છ) "એકત્રિત વેરો" એટલે આ નિયમો હેઠળ નોટિફાઈડ એરિયામાં નાંખેલો વેરો;

(જ) "જમીન" એટલે અધિનિયમની કલમ-૨ના ખંડ (૧૧)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની જમીન;

(ઝ) "નોટિફાઈડ એરિયા અધિકારી" એટલે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ની કલમ-૧૬ હેઠળ વેરાની આકારણી અને વસૂલાતના હેતુ માટે નીમેલ કોર્પોરેશનનો કોઈ અધિકારી;

(ટ) "નોટિફાઈડ એરિયા" એટલે ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ની કલમ-૧૬ હેઠળ નેવા વિસ્તાર તરીકે જાહેર કરેલ વિસ્તાર;

INDEX

(છ) "ભોગવટેદાર" એટલે, યથાપ્રસંગ, માલિકી ફેરબદલની રૂએ, લાઈસન્સદાર, પટેદાર અથવા મિલકતના માલિક તરીકે કોર્પોરેશનનો એલોટી (ભાડૂત) અથવા જે વ્યકિત ભાડાપટાની રૂએ અથવા દેખરેખ રાખનાર ટ્રસ્ટી તરીકે અથવા અન્યથા અથવા મિલકતનો કબજો ધરાવતી હોય તેવી વ્યકિત અથવા તે સમયે નોટિફાઈડ એરિયામાં આવેલ મિલકતના બીજા જે માલિકો કોઈપણ જમીન અથવા મકાનનું ભાડું પોતે જાતે અથવા બીજી કોઈ વ્યકિતના એજન્ટ અથવા ટ્રસ્ટી તરીકે અથવા કોઈ મંડળી માટે અથવા કોઈ ધર્માદા અથવા સખાવતી હેતુઓ માટે સ્વીકારતા હોય અથવા જો એવી જમીન અથવા મકાન ગણોતિયાને ભાડે આપ્યું હોય, તો; એ રીતે ભાડું સ્વીકારે તે.

સ્પષ્ટીકરણ.—પટે લેનાર, માલિકી ફેરબદલની રૂએ મિલકતનો કબજો ધરાવતી વ્યકિત, ભાડા પટે એ શબ્દોનો અર્થ, યથાપ્રસંગ, કોર્પોરેશનના મિલકત નિકાલ અંગેના વિનિયમો, ૧૯૬૭ અથવા કોર્પોરેશનના જમીન નિકાલ અંગેના વિનિયમો, ૧૯૬૮ અથવા ભાડા વિનિયમો, ૧૯૭૧માં જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

(ડ) "માલિક" એટલે અધિનિયમની કલમ-૨ના ખંડ (૧૮)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના માલિક.

(ઢ) "વર્ષ" એટલે નાણાંકીય વર્ષ.

૩. એકત્રિત વેરાના દર :— નોટિફાઈડ એરિયાની હદમાં આવેલ તમામ મકાનો અને જમીનો ઉપરનો એકત્રિત વેરો, નીચેના વેરાના બદલામાં, પૂરવણી-ક માં નિર્દિષ્ટ કરેલા દરે લેવામાં આવશે :—

(ક) મકાનો અથવા જમીનો ઉપરનો વેરો;

(ખ) સામાન્ય સફાઈ ઉપકર;

(ગ) દીવાબત્તી વેરો.

૪. મુકિત.—(૧) નીચેનાને એકત્રિત વેરામાંથી મુકિત આપવામાં આવશે :—

(ક) કેન્દ્ર અથવા રાજ્ય સરકાર, પંચાયત, જિલ્લા સ્કૂલ બોર્ડ અને મ્યુનિસિપલ સ્કૂલ બિલ્ડીંગની માલિકીના, મકાનો અને જમીન.

(ખ) પ્રાચીન સ્મારક જાળવણી અધિનિયમ, ૧૯૦૪ અથવા ગુજરાતનો પ્રાચીન સ્મારકો અને પુરાતત્વ વિષયક સ્થળો અને અવશેષો બાબતનો અધિનિયમ, ૧૯૬૫ના અર્થ મુજબ સંરક્ષિત સ્મારકો જાહેર કરેલ હોય અને જેમાંથી કોઈ મહેસૂલ કે ભાડું ઉપજતું ન હોય તેવા તમામ મકાનો અને જમીનો.

(ગ) જેમનો માત્ર જાહેર પૂજા માટે અથવા સખાવતી અને શૈક્ષણિક હેતુઓ માટે ઉપયોગ અથવા ભોગવટો કરવામાં આવતો હોય અને જેમાંથી કોઈ મહેસૂલ અથવા ભાડું ઉપજતું ન હોય તેવા તમામ મકાનો અને જમીનો અથવા તેના ભાગો.

(૨) માલ ઉત્પાદન કરવામાં અને સર્વિસમાં રોકાયેલ કોઈપણ ભોગવટેદારને, નીચે પ્રમાણે વેરો ભરવામાંથી મુકિત આપવામાં આવશે :—

(૧) ફાળવણીની તારીખથી શરૂ કરીને પ્રથમ વર્ષ માટે;

(૨) બીજા વર્ષથી પાંચમા વર્ષ માટે ૫૦ ટકા સુધી.

(૩) એલોટી (ભાડૂત) ન હોય તેવો કોઈપણ ભોગવટેદાર, તે જમીન અથવા મકાનનો માલિક થાય અથવા જમીન કે મકાન મેળવે તે વર્ષના તે તારીખથી ઉપર જણાવ્યા પ્રમાણે મુકિત મેળવવા હકદાર થશે.

૫. એકત્રિત વેરાની આકારણી અને જવાબદારી.—(ક) વેરો, અધિનિયમની જોગવાઈઓ અનુસાર, જેટલે સુધી લાગુ પાડી શકાય તેટલે સુધી આકારવો અને વસૂલ કરવો જોઈશે.

(ખ) ભોગવટેદાર, આ નિયમો હેઠળ વેરો ભરવા માટે પ્રથમતઃ જવાબદાર રહેશે.

(ગ) મકાનના બાંધકામનો માલિક, આ નિયમો હેઠળ, વેરો ભરવા માટે પ્રથમતઃ જવાબદાર રહેશે.

(ઘ) વેરો દર વર્ષે એપ્રિલ મહિનાની પહેલી તારીખે અથવા તે પહેલાં એક હપ્તામાં અગાઉથી ભરવો પડશે.

૬. માફી અને રિફંડ.—(ક) જો કોઈ મકાન અથવા જમીન આખા વર્ષ દરમિયાન ખાલી રહયા હોય અને તેનો ઉપયોગ થયો ન હોય અને નોટિફાઈડ એરિયા અધિકારીને તે મતલબની નોટિસ આપી હોય તો વેરાની રકમના અર્ધાથી વધુ ન હોય તેટલા પ્રમાણમાં માફી અથવા રિફંડ આપવામાં આવશે :

INDEX

પરંતુ આવી નોટિસ મળ્યાની તારીખની અગાઉની કોઈપણ મુદત માટે, કોઈપણ માફી કે રિફંડ અમલમાં આવશે નહિ.

(ખ) જો કોઈ મકાનનો કોઈપણ ભાગ તોડી પાડવામાં આવ્યો હોય તો વેરાની રકમના એક ચતુર્થાંસ કરતાં વધુ ન હોય તેટલા પ્રમાણમાં માફી અથવા રિફંડ આપવામાં આવશે.

૭. લેખિત નોટિસ આપવા બાબત.—નીચેની બાબતમાં નોટિફાઈડ એરિયા અધિકારીને એક મહિનાની અંદર લેખિત નોટિસ આપવાની કોઈ મકાન કે જમીન માલિકની ફરજ રહેશે :—

(ક) મકાન નવું ઉભુ કરવામાં અથવા બાંધવામાં આવ્યું હોય તે બાબતમાં,

(ખ) અગાઉ જેની આકારણી કરવામાં આવી હોય તેવું કોઈ મકાન વધારવામાં આવ્યું હોય અથવા ફરી બાંધવામાં આવ્યું હોય અથવા ફરી બાંધકામ કરવામાં આવ્યું હોય અથવા તેમાં સુધારા વધારા કરવામાં આવ્યા હોય અથવા અન્યથા એવી રીતે સુધારો કરવામાં આવ્યો હોય, કે જેથી કરીને તેની મુડીરુપી કિંમત વધી જાય તે બાબતમાં.

(ગ) અગાઉ જેની આકારણી કરવામાં આવી હોય તેવા કોઈ મકાન અથવા જમીનના ભાગલા પાડવામાં આવ્યા હોય તે બાબતમાં,

(ઘ) જો કોઈ મકાન સંપૂર્ણત: અથવા અંશત: તોડી પાડવામાં આવ્યું હોય અથવા આગથી કે નાશ પામ્યું હોય અથવા પડી ગયું હોય અથવા અન્યથા તેની ભાડાની કિંમત ઘટી ગઈ હોય, તે બાબતમાં,

સ્પષ્ટીકરણ :— એક મહિનાની મુદત (ક), (ખ), (ગ)ની બાબતમાં મકાન પૂરું થયાની તારીખ અથવા તેના ભોગવટાની તારીખ એ બેમાંથી જે વહેલું હોય તે તારીખથી અને (ઘ)ની બાબતમાં બનાવ બન્યાની તારીખથી ગણવામાં આવશે.

૮. નોટિસ મળે ત્યારે આકારણી કરવા બાબત.—(૧) નિયમ-૭ હેઠળ લેખિત નોટિસ મળે ત્યારે નોટિફાઈડ એરીયા અધિકારીએ, જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, મકાનની આકારણી કરાવવી જોઈશે.

(૨) આવી આકારણી કર્યા પછી, નોટિફાઈડ એરિયા અધિકારીએ આવું મુલ્યાંકન અલગ રાખેલી યાદીમાં નોંધવું જોઈશે અને વર્ષની સમાપ્તિ પછી, આકારણીમાં કરેલા આવા ફેરફારો પ્રમાણિત આકારણીની યાદીમાં નોંધવા જોઈશે.

૯. ઉત્તરાધિકાર બાબત તકરાર હોય, ત્યારે આકારણીની યાદીમાં માલિકના નામ બાબત.—આકારણી યાદીમાં કોઈ મિલકતના માલિક તરીકે જેનું નામ દાખલ કર્યું હોય તે કોઈપણ વ્યકિતના ઉત્તરાધિકાર સંબંધી કોઈ તકરાર હોય ત્યારે, ઉત્તરાધિકારના દાવેદારોમાંથી જે દાવેદાર ખરેખરા ભોગવટાથી અથવા અન્યથા મિલકતનો કબજો ધરાવતો હોય તેનું નામ આકારણી યાદીમાં માલિક તરીકે દાખલ કરવું જોઈશે, અને તકરારની પતાવટ અથવા સત્તા ધરાવતી કોર્ટનો હુકમ રજૂ કર્યે અથવા અન્ય રીતે અન્ય દાવેદાર નોટિફાઈડ એરીયા અધિકારીને ખાતરી ન કરાવે કે તે વ્યકિતગત રીતે અથવા સંયુકત રીતે મિલકતના માલિક તરીકે હકદાર થાય છે ત્યાં સુધી વેરો તેની પાસેથી વસૂલ કરવામાં આવશે.

૧૦. તબદીલ કરનારે અને તબદીલીથી લેનારે લેખિત નોટિસ આપવા બાબત.—કોઈ મકાન અથવા જમીનના સંબંધમાં, વેરા ભરવા માટે પ્રથમત: જવાબદાર કોઈ વ્યકિતનો હક લેખિત લેખ દ્વારા અથવા અન્યથા તબદીલ થયો હોય, ત્યારે તબદીલ કરનારે અને તબદીલીથી લેનારે, તબદીલી કરવામાં આવી હોય તે પછી ત્રણ મહિનાની અંદર, નોટિફાઈડ એરીયા અધિકારીને લેખિત નોટિસ આપવી જોઈશે, જેઓ પોતાને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી આકારણી યાદીમાં તબદીલી કરનારને સ્થાને તબદીલીથી લેનારનું નામ દાખલ કરવાનો હુકમ કરશે. ત્યાર પછી, તબદીલીથી લેનાર, એવી રીતે તબદીલ થયેલી મિલકતના સંબંધમાં બાકી રકમ, હોય તો તે સહિત સમગ્ર વર્ષના લેણાં વેરા માટે જવાબદાર રહેશે.

૧૧. વારસદારોએ નોટિસ આપવા અને તેમની જવાબદારી બાબત.—કોઈ વ્યકિતનું મૃત્યુ થાય તે પ્રસંગે, જેને મરહુમના મિલકતના હક વારસ તરીકે અથવા બીજી રીતે તબદીલ થાય તે વ્યકિતની કર ભરવાની પ્રથમત: જવાબદારી થશે. આવી વ્યકિતએ મરહુમના મૃત્યુની તારીખથી ત્રણ મહિનાની અંદર નોટિફાઈડ એરિયા અધિકારીને આવી તબદીલીની નોટિસ આપવી જોઈશે. નોટિફાઈડ એરિયા અધિકારીએ જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, મરહુમની વારસદારોના નામો આકારણી યાદીમાં દાખલ કરાવાનો હુકમ કરવો જોઈશે. અને આવા વારસદારો લેણા નીકળતા વેરાની બાકી રકમ સહિત આખા વર્ષ માટેના લેણાં નીકળતા વેરાની ચુકવણી માટે જવાબદાર થશે.

૧૨. નિર્ણય આખરી ગણવા બાબત.—વેરા અને બીજી બાબતોના સંબંધમાં, તે અંગેનો, નોટિફાઈડ એરીયા અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

INDEX

પુરવણી--ક

(જુઓ નિયમ--૩)

ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ કંપની લિમિટેડ નોટિફાઈડ એરીયા માટેના એકત્રિત વેરાના દરો.

નોટિફાઈડ એરીયાનું નામ ૧	એકત્રિત વેરાનો દર ૨
ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ કંપની લિમિટેડ નોટિફાઈડ એરિયા (તાલુકો—વડોદરા) (જિલ્લો—વડોદરા)	(૧) રૂા. ૨૧,૫૯૯થી વધુ હોય તેટલી વેરાપાત્ર કિંમત ઉપર ૧૨ ટકા (રૂા. ત્રણ લાખ સુધીની કિંમત ધરેલ મિલ્કતો માટે) (૨) રૂા. ૨૧,૫૯૯ થી વધુ પણ રૂા. ૩૬,૦૦૦થી વધુ નહિ તેટલી વેરાપાત્ર કિંમત ઉપર ૧૨.૫ ટકા (રૂા. ત્રણ લાખથી ઉપરની અને રૂા. પાંચ લાખ સુધીની આકારેલી કિંમતની મિલકતો માટે). (૩) રૂા. ૩૬,૦૦૦/થી વધુ આકારેલી કિંમત ઉપર ૧૩.૫ ટકા (રૂા. પાંચ લાખથી ઉપર આકારેલી કિંમતો).

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. એમ. ઝેપીયારા,
સરકારના ઉપ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના માહિતી પ્રસારણ અને પ્રવાસન વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : (જીએચટી-૯૭-૩૭) એમકેએમ--૧૦૯૭-૨૪૯૭-ઈ,નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT ENTERTAINMENTS TAX ACT, 1977.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ હેઠળ જાહેરનામું

માહિતી, પ્રસારણ અને પ્રવાસન વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭.

ક્રમાંક : (જીએચટી-૯૭-૩૭) એમકેએમ-૧૦૯૭-૨૪૯૭-ઈ.—ગુજરાત સરકારને જાહેર હિતમાં તેમ કરવું જરૂરી લાગે છે ;

તેથી, હવે ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૭ (સને ૧૯૭૭ના ગુજરાતના ૧૬મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ") તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૨૯થી ચેટા-કલમ (૧) ના ખંડ (ખ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, (૧) તારીખ ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૭ થી ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૭ સુધી એડવાન્સ સિનેમા, અમદાવાદ, અને (૨) તારીખ ૧૨મી

INDEX

સપ્ટેમ્બર, ૧૯૯૭ થી ૨૫મી સપ્ટેમ્બર, ૧૯૯૭ સુધી અનુપમ સિનેમા, અમદાવાદ. ખાતે યોજવાના "ભારતીય ફિલ્મોત્સવ, અમદાવાદ, ૧૯૯૭" દરમિયાન ગુજરાત ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ, ગાંધીનગર દ્વારા ફિલ્મો દર્શાવીને પ્રદર્શિત કરવા માટે નીચે નિર્દિષ્ટ કરેલી શરતોને અધીન રહીને, સદરહુ અધિનિયમની કલમ ૩ હેઠળ લેવાપાત્ર મનોરંજન કર ભરવામાંથી સંપૂર્ણતઃ મુકિત આપે છે.

શરતો

(૧) મનોરંજન કરની રકમ સહિત મનોરંજન ટિકિટોના વિદ્યમાન દરો વધારવા નહીં.

(૨) ગુજરાત ફિલ્મ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડ, ગાંધીનગરે, ફિલ્મ ફેસ્ટીવલ દરમિયાન વેચેલી ટિકિટો, કોમ્પ્લીમેન્ટરી ટિકિટોના અને ફિલ્મ ફેસ્ટીવલ માટે કરેલા ખર્ચના હિસાબો ફિલ્મ ફેસ્ટીવલમાંથી કોઈ નફો કરાયો નથી તે સુનિશ્ચિત કરવા, બે મહિનાની મુદતની અંદર, સંબંધિત મનોરંજન કર કલેકટર એટલે કે મનોરંજન કર કલેકટર, અમદાવાદ. સમક્ષ રજુ કરવા.

(૩) મુકિતની શરતો પૈકી કોઈપણ શરતનો અથવા અધિનિયમની અથવા તે હેઠળ કરેલા નિયમોની જોગવાઈઓ પૈકીની કોઈપણ જોગવાઈનો ભંગ થાય તે કિસ્સામાં, ગુજરાત મનોરંજન કર અધિનિયમ, ૧૯૭૩ની કલમ ૩૦ હેઠળ નિયત અધિકારી કોઈપણ પગલું લે તો, તે કાયદેસર ગણાશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમને નામે,

એમ. આર. શાહ,
સરકારના ઉપસચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

INDEX

REGISTERED NO. G/SNL/2.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, OCTOBER 30, 1997/KARTIKA 8, 1919 [No. 44

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી ઓગષ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચજી/૯૭/૧૧૩/એમવીઆર/૧૦૯૫/૩૨૩૨/ખ.નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Re

Amendment to the Bombay Motor Vehicles (Taxation of Passengers) Rules, 1958.

મુંબઈ મોટર વાહન (ઉતારૂ વેરા) નિયમો, ૧૯૫૮ સુધારવા સંબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી ઓગષ્ટ, ૧૯૯૭.

મુંબઈ મોટર વાહન (ઉતારૂ વેરા) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચજી/૯૭/૧૧૩/એમવીઆર/૧૦૯૫/૩૨૩૨/ખ.-- મુંબઈ મોટર વાહન (ઉતારૂ વેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૭મા)ની કલમ ૨૨ની પેટા-કલમ (૨)ના ખંડ (જ) હેઠળ કાઢવા ધારેલો જાહેરનામાનો નીચેનો મુસદ્દો, સદરહુ અધિનિયમની કલમ ૨૨ની પેટા-કલમ (૩)થી ઠરાવ્યા પ્રમાણે, તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓની જાણ સારૂ પ્રસિધ્ધ કરવામાં આવે છે અને આથી નોટિસ આપવામાં આવે છે કે આ જાહેરનામું રાજયપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી એક મહિનો પૂરો થયે અથવા તે પછી, ગુજરાત સરકાર, સદરહુ મુસદ્દો વિચારણામાં લેશે.

૨. ઉપર્યુકત મુદત પૂરી થયા પહેલાં, સદરહુ મુસદ્દાના સંબંધમાં કોઈ વ્યકિત પાસેથી સચિવ (વાહન વ્યવહાર), ગૃહ વિભાગ સચિવાલય, ગાંધીનગર-ને જે કોઈ વાંધા અથવા સૂચનો મળશે તે સરકાર વિચારણામાં લેશે.

જાહેરનામાનો મુસદ્દો

ક્રમાંક : જીએચજી/૯૭/૧૧૩/એમવીઆર-૧૦૯૫-૩૨૩૨-ખ.-- મુંબઈ મોટર વાહન (ઉતારૂ વેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ ના મુંબઈના ૬૭મા) ની કલમ ૨૨ ની પેટા કલમ (૨)ના ખંડ (જ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, મુંબઈ મોટર વાહન (ઉતારૂ વેરા) નિયમો, ૧૯૫૮ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે:--

૧. આ નિયમો "મુંબઈ મોટર વાહન (ઉતારૂ વેરા) (ગુજરાત સુધારા) નિયમો, ૧૯૯૭" કહેવાશે.

૨. મુંબઈ મોટર વાહન (ઉતારૂ વેરા) નિયમો, ૧૯૫૮માં, નિયમ ૬-કને બદલે, નીચેનો મજકૂર મૂકવો:--

"૬ક. વેરો ચૂકવવાની રીત.-- વેરા અધિકારીને વેરાની રકમ રોકડેથી અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી ચૂકવી શકાશે:

પરંતુ ડિમાન્ડ ડ્રાફ્ટ ક્રોસ કરેલો ન હોય અને જે સ્થળે ટ્રેઝરીનો પૈસાનો વ્યવહાર ભારતની સ્ટેટ બેન્ક, ભારતની રીઝર્વ બેન્ક અથવા રાજય સરકારનો પૈસાનો વ્યવહાર કરતી બીજી કોઈ બેન્ક દ્વારા થતો હોય ત્યાં આવેલી કોઈ બેન્ક ઉપર લખેલો ન હોય તો વેરા અધિકારી તેવો ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વીકારી શકશે નહિ."

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જસવંત ગાંધી,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૦મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૯મી જુલાઈ, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ-નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચ/વી/૧૯૯૭ના ૯૫/ટીપીએસ/૧૨૯૬/૪૭૪/એલનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૯મી જુલાઈ, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ, અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૯૫/ટીપીએસ/૧૨૯૬/૪૭૪/એલ:—ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, "સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૪૧ હેઠળ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે, નગરરચના યોજના, ભાયલી નં. ૧ કરવાનો પોતાનો ઈરાદો જાહેર કર્યો હતો;

અને સદરહુ અધિનિયમની કલમ ૪૨ની પેટા-કલમ (૧) હેઠળ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળે, (જેને આમાં હવે પછી, "સદરહુ સત્તામંડળ" કહ્યુ છે તેણે) નગરરચના યોજના, ભાયલી નં. ૧માં સમાવિષ્ટ કરેલા વિસ્તારના સંબંધમાં યોજનાનો મુસદ્દો (જેને આમાં હવે પછી, "સદરહુ યોજના" કહી છે તે) ઠરાવેલી રીતે તૈયાર કરીને, યોગ્ય રીતે પ્રસિધ્ધ કર્યો હતો;

અને, પોતાને મળેલા વાંધા વિચારણામાં લીધા પછી, સદરહુ સત્તામંડળે, સદરહુ અધિનિયમની કલમ ૪૮માં જોગવાઈ કરેલી રીતે, તે હેઠળ મંજૂરી માટે, રાજ્ય સરકારને, સદરહુ યોજના રજૂ કરેલી;

તેથી, હવે સદરહુ અધિનિયમની કલમ ૪૮ની પેટા કલમ (૨)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં વર્ણવેલા ફેરફારોને આધીન રહીને, સદરહુ યોજના મંજૂર કરે છે, અને

(ખ) જણાવે છે કે, સદરહુ યોજના, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળની કચેરીમાં, તમામ કામકાજના દિવસોએ કચેરી સમય દરમિયાન લોકોને જોવા માટે ખુલ્લી રહેશે.

અનુસૂચિ

(૧) મૂળ પ્લોટ નં. ૭૧ના કિસ્સામાં, નગરરચના અધિકારીએ, યોજના વિસ્તારમાં સરેરાશ ટકાવારીની સમાન કપાતની સરખામણીમાં કપાત કર્યા પછી છેવટનો પ્લોટ ફાળવવાનો નિર્ણય કરવો જોઈશે.

(૨) યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, સૂમુચિત સત્તામંડળને રહેણાંક/વાણિજ્યિક હેતુ માટે વેચાણ અંગે ફાળવેલા છેવટના પ્લોટ નં. ૯૫, ૧૦૨, ૧૦૩, ૧૦૪, ૧૦૫, ૧૦૬, ૧૦૯ અને ૧૧૦ પૈકી દરેક છેવટના પ્લોટ માટે, નગરરચના અધિકારીએ વિશિષ્ટ હેતુ નક્કી કરવો જોઈશે. એટલે કે વેચાણ માટે રહેણાંક પ્લોટ અથવા વેચાણ માટે વાણિજ્યિક પ્લોટ.

(૩) સમુચિત સત્તામંડળને વાણિજ્યિક હેતુ માટે વેચાણ અંગે ફાળવેલા છેવટના પ્લોટ નં. ૯૬, ૯૯ અને ૧૧૩ માટે, નગરરચના અધિકારીએ, નગરરચના યોજનાના મુસદ્દામાં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના જ ઉપયોગ માટે યોગ્ય માપ અને વિસ્તાર મળે તેમ આવા પ્લોટોનો વિસ્તારમાં ફેરફાર અથવા હેતુમાં ફેરફારની નવેસરથી ગોઠવણ કરવાનો નિર્ણય કરવો જોઈશે.

(૪) નગરરચના યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ, સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને, યોજનાના કુલ વિસ્તારના ૫ ટકા સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો માટે ગૃહનિર્માણ અંગે છેવટના પ્લોટ ફાળવવા માટે નિર્ણય કરવો જોઈશે. જાહેર હેતુઓ માટે ફાળવેલા પ્લોટોમાં પુન: ગોઠવણ સરેરાશ કપાતની ટકાવારીને અસર ન થાય તે રીતે કરવી જોઈશે.

(૫) નગરરચના યોજના મુસદ્દાના નમૂના 'એફ' ના કોલમ નં. ૨માં પાના નં. ૨૧ ઉપર "સમુચિત સત્તામંડળ (વુડા) ને ફાળવેલા છેવટના પ્લોટ" એ શબ્દોને બદલે, "સમુચિત સત્તામંડળ, વડોદરા શહેરી વિકાસ સત્તામંડળ, વડોદરા" એ શબ્દો મૂકવા જોઈશે.

(૬) નગરરચના યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, સમુચિત સત્તામંડળને સામાજિક અને આર્થિક રીતે પછાત વર્ગના લોકો અંગે ગૃહનિર્માણ માટે ફાળવેલા છેવટના પ્લોટ નં. ૧૦૭ અને ૧૧૨ માટે, નગરરચના અધિકારીએ સમુચિત સત્તામંડળ સાથે વિચાર વિનિમય કરીને યોજના વિસ્તારના રહેવાસીઓ અને સામાન્ય જનતા માટે લાભની ટકાવારીનો નિર્ણય કરવો જોઈશે.

INDEX

(૭) નગરરચના યોજનાના મુસદ્દાને આખરી સ્વરૂપ આપતી વખતે, સમુચિત સત્તામંડળને જાહેર હેતુઓ અંગે ફાળવેલા પ્લોટ માટે, નગરરચના અધિકારીએ, સત્તામંડળ સાથે વિચારવિનિમય કરીને, યોજના વિસ્તારના રહેવાસીઓ અને સામાન્ય જનતા માટે લાભની ટકાવારીનો નિર્ણય કરવો જોઈશે.

(૮) યોજનાને આખરી સ્વરૂપ આપતી વખતે, મૂળ પ્લોટ નં. ૭૪/૧, ૮૧/૧, ૮૩/૧, ૮૪/૧ અને ૮૫/૧ માટે, નગરરચના અધિકારીએ, પ્લોટની કિંમત નક્કી કરવી જોઈશે અને તેનો યોજનાના નમૂના 'એફ' માં સમાવેશ કરવો જોઈશે.

(૯) યોજનાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ યોજનાના ઈરાદાની જાહેરાતની તારીખથી અગાઉના પાંચ વર્ષની મુદત દરમિયાનના સંબંધિત વેચાણ એકત્ર કરવા/મેળવવા જોઈશે, અને તમામ સંબંધિત વેચાણ આંકડાના આધારે પ્લોટની કિંમત નક્કી કરવી જોઈશે અને તે અનુસાર નમૂના 'એફ' અને 'જી'માં ફેરફારો કરવા જોઈશે.

(૧૦) યોજનાને આખરી સ્વરૂપ આપતી વખતે, નગરરચના અધિકારીએ સમુચિત સત્તામંડળ સાથે વિચારવિનિમય કરીને, યોજનામાં સૂચવેલા વિકાસ ક્રમો પૂરા કરવાનો સમયગાળો નક્કી કરવો જોઈશે. આ મુદત "પ્રારંભિક યોજના અમલમાં આવ્યા પછી"ના ઉલ્લેખ તરીકે ગણાશે.

(૧૧) યોજનાને આખરી સ્વરૂપ આપતી વખતે,વિકાસ ક્રમોનું ખર્ચ અંદાજતી વખતે, નગરરચના અધિકારીએ ક્રમો પૂરા કરવાની ઉપર્યુક્ત નક્કી કરેલી મુદતના સંદર્ભમાં વિકાસ ખર્ચની પુન: વિચારણા કરવી જોઈશે.

(૧૨) યોજનાને આખરી સ્વરૂપ આપતી વખતે, યોગ્ય ફેરફારોથી નગરરચના અધિકારીએ એ જોવું જોઈશે કે નમૂનો 'જી' અને નમૂનો 'એફ' યોગ્ય/સંકલિત છે.

(૧૩) નગરરચના અધિકારીએ વુડાના મંજૂર કરેલા સુધારેલા વિકાસ પ્લાનના વિકાસ નિયંત્રણ વિનિયમોનો સમાવેશ કરવાનો નિર્ણય કરવો જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,

ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને
સંયુક્ત સચિવ,
શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી જૂન, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૭૭-૧૯૯૭-એનપીએલ-૧૦૯૪-૫૫૫૫-આર નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

THE GUJARAT STATE MUNICIPAL CHIEF OFFICER'S SERVICE (RECRUITMENT, ABSORPTION AND CONDITIONS OF SERVICE) RULES, 1996.

ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવા (ભરતી, સમાવેશ અને નોકરીની શરતો) નિયમો, ૧૯૯૬ સંબંધી જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૧મી જુન, ૧૯૯૭.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : કેવી-૭૭--૧૯૯૭-એનપીએલ-૧૦૯૪-૫૫૫૫-આર.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા) અને તે હેઠળના નિયમો હેઠળના કાર્યો અને ફરજો પાર પાડવાના હેતુ માટે નગરપાલિકાઓમાં અધિકારીઓની એકસમાન અને વધુ કાર્યક્ષમ સેવા લાવવા માટે એમ કરવું જરૂરી અને ઈષ્ટ છે;

અને ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવા (ભરતી, સમાવેશ અને નોકરીની શરતો) નિયમો, ૧૯૯૫, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૪૭-કની પેટા-કલમ (૨) સાથે વાંચતા કલમ ૨૭૭ની પેટા-કલમ (૨)માં ખંડ (ખ)થી ઠરાવ્યા પ્રમાણે, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬મી ડીસેમ્બર, ૧૯૯૪ના સરકારી જાહેરનામા

INDEX

ક્રમાંક : કેવી-૬૦૦-૧૯૯૪-એનપીએલ-૧૦૯૪-૫૫૫૫-આર હેઠળ તારીખ ૨૬મી ડીસેમ્બર, ૧૯૯૪ના ગુજરાત સરકારના રાજપત્ર અસાધારણ ભાગ-૪-બીના પાના નંબર ૫૩૯-૧ થી ૫૩૯-૬ ઉપર પ્રસિધ્ધ કર્યા હતાં અને કોઈપણ વ્યકિતને સૂચિત નિયમોના સંબંધમાં, સૂચનો અથવા વાંધા કોઈ હોય તો, તે સદરહું નિયમો પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની મુદતની અંદર ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવવાની નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી; અને ગુજરાત સરકારે એ રીતે મળેલા સૂચનો અને વાંધા વિચારણામાં લીધા છે.

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૪૭-કની પેટા-કલમ (૨) સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૨)ના ખંડ (ખ)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, નીચેના નિયમો કરે છે :—

પ્રકરણ—૧

પ્રારંભિક

૧. ટૂંકી સંજ્ઞા અને આરંભ.—(૧) આ નિયમો ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવા (ભરતી, સમાવેશ અને જોડણીની શરતો) નિયમો, ૧૯૯૬ કહેવાશે.

(૨) તે રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખે અમલમાં આવશે.

૨. વ્યાખ્યાઓ.—આ નિયમોમાં સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,—

(ક) "સમાવિષ્ટ અધિકારી" એટલે નિયમ ૬ અનુસાર સેવામાં સમાવિષ્ટ વિદ્યમાન મુખ્ય અધિકારી.

(ખ) 'અધિનિયમ' એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

(ગ) 'નક્કી કરેલો દિવસ' એટલે જે દિવસે સેવાની રચના થઈ હોય તે દિવસ,

(ઘ) 'નિમણૂક કરનાર સત્તાધિકારી' એટલે રાજ્ય સરકાર.

(ચ) 'આયોગ' એટલે ગુજરાત જાહેર સેવા આયોગ,

(છ) 'પદવી' એટલે કાનૂન દ્વારા સ્થપાયેલી યુનિવર્સિટીની પદવી.

(જ) 'નિયામક' એટલે નગરપાલિકાઓના નિયામક.

(ઝ) 'વિદ્યમાન મુખ્ય અધિકારી' એટલે નક્કી કરેલા દિવસની તરત પહેલાં નિયમિત હેસિયતથી કોઈપણ નગરપાલિકાના મુખ્ય અધિકારીનો હોદ્દો ધરાવતી હોય અથવા એવી વ્યકિત જે કોઈપણ નગર પંચાયતના સેક્રેટરીનો હોદ્દો ધરાવતી હોય તે વ્યકિત.

(ટ) 'સરકાર' એટલે ગુજરાત સરકાર.

(ઠ) 'સેવા' એટલે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૬મી ડિસેમ્બર, ૧૯૯૪ના જાહેરનામા ક્રમાંક : કેવી-૫૯૯૬-૧૯૯૪-એનપીએલ-૧૦૯૪-૫૫૫૫-આર, હેઠળ સરકાર દ્વારા રચાયેલ ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવા.

(ડ) આ નિયમોમાં વાપરવામાં આવ્યા હોય પરંતુ જેની વ્યાખ્યા કરવામાં આવી ન હોય તેવા શબ્દો અને શબ્દપ્રયોગોનો અર્થ, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૯૩માં અનુક્રમે જે કરવામાં આવ્યો છે તે જ થશે.

પ્રકરણ—૨

ભરતી

૩. મુખ્ય અધિકારીના વર્ગ-૧, ૨ અને ૩ની કેડરનો પ્રકાર :—

આ સેવા, ગુજરાત રાજ્ય નગરપાલિકા મુખ્ય અધિકારીની સેવા કહેવાશે અને તે વર્ગ-૧, વર્ગ-૨, અને વર્ગ-૩ના મુખ્ય અધિકારીઓની બનેલી રહેશે, તે કેડર રાજ્ય કેડર ગણાશે અને આ ત્રણ વર્ગમાં નિમાયેલ અધિકારીની રાજ્યના કોઈપણ ભાગમાં નિમણૂક કરી શકાશે.

૪. સેવાની ભરતીની પધ્ધતિઓ.—(૧) સેવાના વર્ગ-૧માંની તમામ જગા પરની ભરતી, સેવાની વર્ગ-૨ની જગા ધરાવતા તે વર્ગમાં ૮ વર્ષ કરતા ઓછી ન હોય તેટલી સેવા આપનાર સિધ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળા યોગ્ય અધિકારીઓને બઢતી આપી ને કરવામાં આવશે.

(૨) સેવાની વર્ગ-૨ની જગા પરની ભરતી :—

(ક) મુખ્ય અધિકારી વર્ગ-૩ની કેડરમાં ૭ વર્ષ કરતાં ઓછું નહિ તેટલું કામ કરેલ હોય તેવી વ્યકિતઓનીમાંથી સિધ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી અને આ હેતુ માટે ઠરાવેલ કસોટી પાસ કરેલ વ્યકિતની બઢતી આપીને કરવામાં આવશે.

INDEX

પરંતુ જ્યારે નિમણૂક કરનાર સત્તાધિકારીને એવી ખાતરી થાય કે ઉપર નિર્દિષ્ટ કરેલ અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે પ્રાપ્ય નથી અને ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને આ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે તો, તે લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપર (ક)માં નિર્દિષ્ટ કરેલ મુદતના બે તૃતિયાંશ કરતાં ઓછો ન હોય તેટલો અનુભવ ધરાવતી તેવી વ્યક્તિને બઢતી આપી શકશે.

અથવા

(ખ) સીધી પસંદગીથી કરવામાં આવશે.

૨(ક) સીધી પસંદગીથી અને બઢતીથી નિમણૂક ૧ : ૧ ના પ્રમાણમાં કરવામાં આવશે.

(૩) સેવાના વર્ગ-૩ની તમામ જગા પરની ભરતી સીધી પસંદગીથી કરવામાં આવશે.

(૪ક) સીધી ભરતીથી વર્ગ-૨માં અથવા વર્ગ-૩માં નિમાયેલ તમામ મુખ્ય અધિકારીઓએ ખાતાકીય પરીક્ષા અને સરકાર વખતોવખત ઠરાવે તેવા નિયમો અનુસાર હિન્દી અથવા ગુજરાતી અથવા તે બંને પરીક્ષા પાસ કરવી પડશે.

(૪-ખ) સીધી પસંદગીથી નિમાયેલ તમામ મુખ્ય અધિકારીઓએ સરકાર ઠરાવે તેવા જમીનગીરી અને જમીન ખત પૂરા પાડવા જોઈશે.

(૪-ગ) આ નિયમમાં આ પહેલા ગમે તે મજકૂર હોય તે છતાં, તેની શરૂઆતની રચના વખતે સેવામાંની ભરતી, પ્રકરણ ૩માં જણાવેલ નિયમો અનુસાર વિદ્યમાન મુખ્ય અધિકારીઓનો સમાવેશ કરીને કરવામાં આવશે.

(૫) સીધી પસંદગીથી અથવા બઢતીથી કરાતી સેવામાંની જગા પરની તમામ નિમણૂંકો, આયોગ સાથે વિચાર-વિનિમય કર્યા પછી નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કરવામાં આવશે.

(૬) આ નિયમમાં આ પહેલાં ગમે તે મજકૂર હોય તે છતાં, જ્યારે સેવામાં યથાપ્રસંગ સીધી ભરતીથી અથવા બઢતીથી જગા પર ભરતી કરવા માટે યોગ્ય ઉમેદવાર પ્રાપ્ય ન હોવાના લીધે સેવામાંની કોઈ જગા ખાલી રહે અથવા જ્યારે કોઈ રજા પર હોય અથવા સેવામાં અન્ય હંગામી ખાલી જગા પડે ત્યારે આ જગા યોગ્ય અધિકારીની પ્રતિનિયુક્તિ પર નિમણૂક કરીને ભરવામાં આવશે.

(૭) સેવાની વર્ગ-૨ અને વર્ગ-૩ની મુખ્ય અધિકારીની જગા પર સીધી પસંદગીથી નિમણૂંક માટે પાત્ર બનવા માટે ઉમેદવાર—

(ક) ૨૧ વર્ષની વયનો હોવો જોઈએ અને ૨૮ વર્ષની વયે પહોંચેલ ન હોવો જોઈએ;

(ખ) (૧) માન્ય યુનિવર્સિટીની પદવી;

(૨) ગુજરાતી, હિન્દી અને અંગ્રેજીનું પૂરતું જ્ઞાન,

ધરાવતો હોવો જોઈએ:

પરંતુ વખતોવખત સુધાર્યા પ્રમાણેના ગુજરાત મુલકી સેવા (વર્ગીકરણ અને ભરતી) (સામાન્ય) નિયમો, ૧૯૬૩માં, જોગવાઈ કર્યા પ્રમાણે અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો અથવા અન્ય વર્ગોના ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

૫. પ્રોબેશન પર નિમણૂંક :—(૧) સીધી પસંદગીથી મુખ્ય અધિકારીઓ વર્ગ-૨, અને વર્ગ-૩ની જગા પર નિમણૂક બે વર્ષની મુદત માટે પ્રોબેશન પર કરવામાં આવશે, વર્ગ-૩ના કિસ્સામાં પ્રોબેશનની મુદત એક વર્ષની રહેશે, તે દરમિયાન અધિકારીઓએ રાજ્ય સરકાર ઠરાવે તેવી તાલીમ લેવી પડશે અને તેવી પરીક્ષા પાસ કરવી પડશે. અધિકારીઓએ, ઠરાવેલી પરીક્ષા સળંગ ત્રણ તકોમાં પાસ કરવી જોઈશે. અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના અધિકારીઓને પરીક્ષામાં પાસ થવા માટે એક વધુ તક આપવામાં આવશે.

સ્પષ્ટીકરણ.—કોઈ અધિકારી ખરેખર પરીક્ષામાં બેસે અથવા ન બેસે તે ધ્યાનમાં લીધા સિવાય, પરીક્ષા લેવાય તો તે અધિકારીને તક મળી છે એમ ગણાશે.

(૨) સરકાર, વખતોવખત, અધિકારીની પ્રોબેશનની મુદત,

(ક) તે ઠરાવેલ પરીક્ષા પાસ ન કરે; અથવા

(ખ) તે નિમણૂંક કરનાર સત્તાધિકારીને સંતોષકારક થાય તે રીતે તાલીમ પૂરી કરવામાં નિષ્ફળ જાય તો,

સમગ્રપણે એક વર્ષ કરતાં વધુ નહિ તેટલી મુદત અથવા મુદતો માટે લંબાવી શકશે.

INDEX

(૩)* નિમણૂક કરનાર સત્તાધિકારીના સંતોષ મુજબ વર્ગ-૨ અને વર્ગ-૩ના પ્રોબેશન પરના મુખ્ય અધિકારીઓ તે રીતે ઠરાવેલી તાલીમ પૂરી કરવામાં નિષ્ફળ જાય અથવા ઠરાવેલી પરીક્ષાઓ ઠરાવેલી મુદતમાં અને ઠરાવેલ સંખ્યાની તકોમાં પાસ કરવામાં નિષ્ફળ જાય ત્યારે તે મુખ્ય અધિકારીઓને સેવામાંથી દૂર કરવા જોઈશે.

(૪) પ્રોબેશનની મુદત સંતોષકારક રીતે પુરી કર્યે અને ઠરાવેલી પરીક્ષા પાસ કર્યે અધિકારીને, તે જ્યાં નિમાયેલ હોય તે સેવાના વર્ગમાં કાયમ કરવા જોઈશે.

૨. વર્ગ-૧, અને વર્ગ-૨ના મુખ્ય અધિકારીઓની જગા પરની નિમણૂંક એક વર્ષની મુદત માટે હંગામી રહેશે અને આવી મુદત દરમિયાન સંતોષકારક કામગીરીના ધોરણે તેમની નિમણૂક કાયમી કરી શકાશે.

પ્રકરણ—૩

સમાવેશ

૬. વિદ્યમાન મુખ્ય અધિકારીનો સમાવેશ.—(૧) દરેક વિદ્યમાન મુખ્ય અધિકારી,

(૧) જેણે, નક્કી કરેલા દિવસે ૫૬ વર્ષની ઉંમર પૂરી કરી ન હોય.

(૨) જે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૬ની કલમ ૪૭ (૨) થી ઠરાવાયેલી લાયકાતો ધરાવતો હોય.

(૩) નક્કી કરેલા દિવસની તરત પહેલા, મુખ્ય અધિકારી અથવા સેક્રેટરી તરીકેનું, જેનું કામ અને વર્તન સરકારના અભિપ્રાય મુજબ સંતોષકારક હોય તેમનો સેવામાં વર્ગ--૨ અને વર્ગ--૩માં સમાવેશ કરી શકાશે.

સ્પષ્ટીકરણ.—સેક્રેટરીનો વર્ગ--૩માં સમાવેશ કરાશે.

૭. સમાવેશ ન થયેલા વિદ્યમાન મુખ્ય અધિકારીઓને વૈકલ્પિક નિમણૂંક આપવા બાબત : જ્યારે કોઈ વિદ્યમાન મુખ્ય અધિકારીનો, નિયમ ૬ હેઠળ સેવામાં સમાવેશ થયો ન હોય ત્યારે, તે નગરપાલિકામાં મુખ્ય અધિકારી સિવાયની કોઈપણ જગા પર તેની નિમણૂક કરવામાં આવશે અને નક્કી કરેલા દિવસે તેનું જે પગાર--ધોરણ હોય તેને રક્ષવામાં આવશે.

૮. અમુક વિદ્યમાન મુખ્ય અધિકારીઓની નિવૃત્તિ : દરેક વિદ્યમાન મુખ્ય અધિકારી, કે જેનો નિયમ ૬ હેઠળ સમાવેશ થયો ન હોય અથવા કોઈ નગરપાલિકા દ્વારા, નિયમ--૭ હેઠળ, તેની મુખ્ય અધિકારી સિવાયની કોઈપણ જગા પર નિમાયો ન હોય અને દરેક મુખ્ય અધિકારી નિયામકને, નોટિસ દ્વારા, સેવામાં સમાવેશ કરાવવાની અથવા કોઈ નગરપાલિકા હેઠળ કામ કરવાનું ચાલુ રાખવાની ઈચ્છા ન હોવાના તેના વિકલ્પની જાણ કરે તેમને નક્કી કરેલા દિવસની તરત પહેલાં જે નગરપાલિકા હેઠળ, તે કામ કરતાં હતાં તે નગરપાલિકાની સેવામાંથી નિવૃત કરવામાં આવશે અને આવી રીતે નિવૃત થયેથી આ નિયમ હેઠળ હોય તે સિવાય, જાણે કે તે, તે દિવસે નિવૃત થયો હોત, તો તે જે સમાપ્તિના લાભો માટે હકદાર હોત તે તમામ લાભો મેળવવાને તે હકદાર થશે.

૯. સમાવેશ કરેલા અધિકારીઓનો પગાર નક્કી કરવા બાબત : સમાવેશ કરાયેલ અધિકારીનો જે જગામાં સમાવેશ કરવામાં આવ્યો હોય તે જગાનું પગાર--ધોરણ ગમે તે હોય તેમ છતાં, સમાવેશ કરાયેલ અધિકારી—

(૧) નક્કી કરેલા દિવસની તરત પહેલાં, તેને લાગું પડતું હોય તેવું પગાર--ધોરણથી વિકલ્પમાં નિર્દિષ્ટ કરે તેટલી મુદત માટે લાગુ પાડવાનો વિકલ્પ લઈ શકશે; અથવા

(૨) આ નિયમોના આરંભ પછીના તરતના લાગુ પાડવાના અથવા યથાપ્રસંગ ખંડ (૧) હેઠળ લીધેલા વિકલ્પની મુદત પૂરી થયા પછી, તે જેમાં સમાવાયેલો છે એ જગાના પગારધોરણથી લાગુ પાડવાનો વિકલ્પ લઈ શકશે.

(૨) સમાવેશ કરાયેલ અધિકારી પેટા--નિયમ (૧) ના ખંડ (૧) હેઠળ લીધેલા વિકલ્પ લેખિતમાં લેશે અને નિયમ ૬ હેઠળ તેના સમાવેશની તારીખથી, બે મહિનાની અંદર, નિયામકને જાણ કરશે. જો એવી રીતે વિકલ્પની જાણ કરવામાં આવી ન હોય તો, અધિકારીનો જેમાં સમાવેશ થયો છે તે જગાના પગાર ધોરણ માટે તેમણે વિકલ્પ લીધેલો છે એમ ગણાશે. એક વખત લીધેલો વિકલ્પ અથવા લીધેલો હોવાનું માની લેવાયેલો વિકલ્પ આખરી અને વસૂલ ન થઈ શકે એવો રહેશે.

૧૦. સમાવેશ કરાયેલા અધિકારીઓની રજા : (૧) નક્કી કરેલા દિવસે, મુખ્ય અધિકારીની જમા થયેલી તમામ રજાઓ આગળ ખેંચાશે અને તેના રજા ખાતામાં જમા થશે. તેમ છતાં, સુધારેલા રજા નિયમો, ૧૯૩૫માં ઠરાવેલી મર્યાદાઓને આધીન રહીને; તેની જમા રજાનો ઉપયોગ તેને કરવા દેવામાં આવશે.

(૨) આવી નગરપાલિકા હેઠળ તેના ખાતેની રજાઓનો રજા પગારનો ફાળો અને તેની ભૂતકાળની સેવાઓની પાછલી બાકી રજાઓ રાજ્ય સરકારે નક્કી કરે તે મુજબ, આવી નગરપાલિકાએ રાજ્ય સરકારને ચૂકવવો જોઈશે.

INDEX

સ્પષ્ટીકરણ;—જો સમાવેશ કરાયેલા અધિકારીના ખાતે નકકી કરેલા દિવસની તરત પહેલાં; પ્રાપ્ત રજા અથવા અર્ધપગારી રજાને અનુરૂપ કોઈ ખાસ રજા હોય કે ન હોય તે પ્રશ્ન અંગે કોઈ તકરાર હોય તો, તે રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરવામાં આવશે અને તે અંગે તેનો નિર્ણય આખરી ગણાશે.

૧૧. સમાવેશ કરાયેલા અધિકારીઓની પેન્શનની જોગવાઈઓ :—સમાવેશ કરાયેલા જે દરેક અધિકારીઓનો, નકકી કરેલા દિવસની તરત પહેલા કોઈ નગરપાલિકાની કોઈ પેન્શન યોજના જેને લાગુ પડતી હોય તેને, તે જ દિવસથી રાજ્ય સરકારની સેવાઓને સભ્યોને લાગુ પડી શકે તેવા સુધારેલા પેન્શન નિયમો લાગુ પડશે અને નકકી કરેલા દિવસની તરત પહેલાં, તે નગરપાલિકા હેઠળની કરેલી તેની સમગ્ર નોકરી તેના પેન્શન માટે ગણવામાં આવશે. આવી નગરપાલિકા હેઠળની તેની ભૂતકાળની નોકરીનો પેન્શન ફાળો રાજ્ય સરકાર, હુકમ દ્વારા નકકી કરે તેટલા દરે, આવી નગરપાલિકાએ રાજ્ય સરકારને ચૂકવવો જોઈશે.

૧૨. સમાવેશ કરાયેલા અધિકારીઓના સામાન્ય પ્રોવિડન્ટ ફંડના ફાળાના સંબંધમાં જોગવાઈઓ :—નકકી કરેલા દિવસની તરત પહેલાં, સમાવેશ કરેલા અધિકારી, જેની હેઠળ તે નોકરી કરતો હતો તે નગરપાલિકાની સામાન્ય પ્રોવિડન્ટ ફંડ યોજના હેઠળના તેના ખાતામાં, તેના ખાતે ફાળાની રકમ તેના વ્યાજ સામે જમા હોય તો, તે દિવસથી, ગુજરાત સામાન્ય પ્રોવિડન્ટ ફંડમાં તેના ખાતે તબદિલ થશે અને તેને રાજ્ય સરકારના ગુજરાત સામાન્ય પ્રોવિડન્ટ ફંડ નિયમો લાગુ પડશે

૧૩. સમાવેશ કરાયેલા અધિકારીઓના વર્ધિત પ્રોવિડન્ટ ફંડના સંબંધમાં જોગવાઈઓ : (૧) દરેક સમાવેશ કરાયેલ અધિકારી કે જેને, નકકી કરેલા દિવસની તરત પહેલાં, જેની હેઠળ તે નોકરી કરતો હતો તે નગરપાલિકાની કોઈ વર્ધિત પ્રોવિડન્ટ ફંડ યોજના લાગુ પડતી હતી તેને—

(૧) રાજ્ય સરકારની સેવાઓના સભ્યોને લાગુ પડી શકે તેવા, સુધારેલા પેન્શન નિયમો, ૧૯૫૦ લાગુ પાડવાનો વિકલ્પ રહેશે; અથવા

(૨) રાજ્ય સરકારના વર્ધિત પ્રોવિડન્ટ ફંડ નિયમો (ગુજરાત) લાગુ પાડવાનો વિકલ્પ રહેશે.

(૨) પેટા--નિયમ (૧) હેઠળના વિકલ્પને, લેખિતમાં લેવામાં આવશે અને સમાવેશ કરાયેલ અધિકારીએ, જે તારીખે તથા જે તારીખથી નોકરીમાં સમાવેશ કરવામાં આવ્યો હોય તે તારીખથી ત્રણ મહિનાની અંદર નિયામકને જાણ કરવી જોઈશે; અને

(૩) જો સમાવેશ કરાયેલ અધિકારી, પેટા--નિયમ (૨)માં નિર્દિષ્ટ કરેલી મુદતની અંદર તેના વિકલ્પની જાણ નિયામકને ન કરે, તો તેણે, રાજ્ય સરકારની સેવાઓના સભ્યોને લાગુ પાડી શકે તેવા સુધારેલા પેન્શન નિયમો, ૧૯૫૦ માટેનો વિકલ્પ લીધો હોવાનું ગણવામાં આવશે.

(૪) આવા લાગુ પાડેલા વિકલ્પની અથવા આના સંબંધમાં થયેલી નિષ્ફળતાની વિગત સંબંધિત અધિકારીની સેવા--નોંધમાં નોંધવામાં આવશે.

(૫) જો સમાવેશ કરાયેલ અધિકારીએ વિકલ્પ લીધો હોય અથવા રાજ્ય સરકારની સેવાઓના સભ્યોને લાગુ પડી શકે તેવા સુધારેલા પેન્શન નિયમો, ૧૯૫૦થી લાગુ પાડવાનો વિકલ્પ લીધેલો ગણવામાં આવશે અને નકકી કરેલા દિવસની તરત પહેલાં આવી નગરપાલિકા હેઠળની તેણે કરેલી સમગ્ર નોકરી, તેના પેન્શન માટે ગણવામાં આવશે અને આવી નગરપાલિકા; રાજ્ય સરકાર હુકમ દ્વારા નકકી કરે તેવા દરે, આવી નોકરી ખાતે પેન્શનનો ફાળો રાજ્ય સરકારને ચૂકવવા જવાબદાર થશે. નકકી કરેલા દિવસની પહેલાં, તેના વર્ધિત પ્રોવિડન્ટ ફંડ ખાતે, તેણે કરેલા કુલ ફાળા જેટલી રકમ તેના પરના વ્યાજ સાથે ગુજરાત સામાન્ય પ્રોવિડન્ટ ફંડમાં તેના ખાતે જમા કરવામાં આવશે અને સદરહુ દિવસ પહેલાં કરેલા નગરપાલિકાના ફાળાની કુલ રકમ, નગરપાલિકાના ફંડમાં જમા કરવામાં આવશે.

(૬) સમાવેશ કરાયેલ અધિકારીએ, રાજ્ય સરકારના વર્ધિત પ્રોવિડન્ટ ફંડ નિયમો (ગુજરાત) લાગુ પાડવાનો વિકલ્પ લીધો હોય ત્યારે, જેની હેઠળ તે નોકરી કરતો હતો તે નગરપાલિકાની વર્ધિત પ્રોવિડન્ટ ફંડની યોજના હેઠળ નકકી કરેલા દિવસની તરત પહેલાં સમાવેશ કરાયેલ અધિકારીની વર્ધિત પ્રોવિડન્ટ ફંડમાં તેના ખાતે જમા થયેલી કુલ રકમ તેના વ્યાજ સાથે, તે જ દિવસથી, વર્ધિત પ્રોવિડન્ટ ફંડ (ગુજરાત)માં, તેના ખાતે તબદીલ કરવામાં આવશે.

પ્રકરણ—૪

સેવાની શરતો

૧૪. અધિકારીઓની સિનિયોરીટી :—(૧) સેવામાં અધિકારીઓની સિનિયોરીટી, આ નિયમમાં આવેલી હવે પછીની જોગવાઈઓ અનુસાર નકકી કરવામાં આવશે.

(૨) સેવામાં વર્ગ--૨ અને ૩માં સમાવેશ કરાયેલ અધિકારીઓની અંદરોઅંદરની સિનિયોરીટી, સમાવેશ કરાયા પહેલાં, અનુક્રમે, મુખ્ય અધિકારી અથવા સેક્રેટરી તરીકે તેમણે કરેલી નોકરીના કુલ સમયગાળાનાં ધોરણે નકકી કરવી જોઈશે.

(૩) સેવામાં વર્ગ--૧ અથવા ૨ પર બઢતી કરાયેલ અધિકારીઓની અંદરોઅંદરની સિનિયોરીટી, નીચે પ્રમાણે નકકી કરવામાં આવશે:

(૧) જુદી જુદી તારીખોએ તેમને બઢતી અપાયેલ હોય તો ત્યારે, તેઓને બઢતી આપ્યાની તારીખ અનુસાર;

(૨) એક જ તારીખ તેઓને બઢતી અપાયેલ હોય તો ત્યારે, જે વર્ગમાંથી તેઓને બઢતી અપાયેલ હોય તે વર્ગમાં તેમની સિનિયોરીટીના ધોરણે;

INDEX

(૪) સેવાના કોઈ વર્ગમાં સીધી પસંદગીથી નીમાયેલ અને એકસરખી બેચ ધરાવતા અધિકારીઓની અંદરો--અંદર સિનિયોરીટી, જો તેઓ તેમની નિમણુંકનો હુકમ મળ્યાની તારીખથી એક માસની અંદર અથવા નિમણુંક કરનાર સત્તાધિકારી પરવાનગી આપે તેવી લંબાવેલી મુદતની અંદર નોકરીમાં જોડાય તો કમિશને ગોઠવેલ ગુણવત્તા ક્રમમાં તેમના ક્રમ અનુસાર અને ઉપર્યુકત મુદતની અંદર તેઓ સેવામાં હાજર ન થાય તો તેઓની હાજર થયાની તારીખ અનુસાર નકકી થશે.

(૫) સીધી પસંદગીથી એટલે કે જેઓ બઢતીથી નીમાયેલ હોય તેવા અધિકારીઓની સિનિયોરીટી, સંબંધિત જગ્યાઓ માટે, નિયમ ૪માં પડેલ ગુણોત્તરને અસર ના કરે તે રીતે, તેમની નિમણુકની તારીખોને લક્ષમાં લીધા સિવાય, નકકી કરવામાં આવશે.

૧૫. મ્યુનિસિપલ કાઉન્સિલના કર્મચારીઓમાંથી સીધી પસંદગીથી નીમાયેલા મુખ્ય અધિકારીઓની સેવાની શરતો, નીચેના ધોરણે નિયમિત કરવામાં આવશે :—

(૧) આ નિયમોના નિયમ ૪ હેઠળ, સીધી પસંદગીથી નીમાયેલો મ્યુનિસિપલ કાઉન્સિલનો કોઈ કર્મચારી જે મુખ્ય અધિકારીની જગા પર નીમાયેલ હોવા છતાં, તેનું પગારધોરણ તેના પગાર અને ભથ્થા અને તે સંબંધી બીજી સુખસગવડો અને જવાબદારીઓના સંબંધમાં, સેવાની શરતો, તેની મુખ્ય અધિકારી તરીકેની નિમણુંક વખતે, ગુજરાત મુલ્કી સેવા નિયમોની જોગવાઈઓ અનુસાર, મુખ્ય અધિકારી તરીકેની તેની નિમણુંકની તરત અગાઉ, કાઉન્સિલના કર્મચારી તરીકે તેણે છેલ્લે મેળવેલ પગારને ધ્યાનમાં લઈને નકકી કરવામાં આવશે.

(૨) મ્યુનિસિપલ કાઉન્સિલોના કર્મચારીઓમાંથી આ નિયમોના નિયમ ૪ હેઠળ સીધી પસંદગી દ્વારા વર્ગ ૨ અથવા વર્ગ--૩માં નિમાયેલ મુખ્ય અધિકારીઓની નિમણુંકના દિવસે, મુખ્ય અધિકારી તરીકે તેની નિમણુંકની તરત અગાઉ તે જેમાં કામ કરતો હોય તે કાઉન્સિલમાં તેના ખાતે જો કોઈપણ રજા જમા હોય તે તમામ રજાઓ આગળ ખેંચાશે અને તેના રજાના ખાતામાં જમા કરવામાં આવશે અને સંબંધિત નગરપાલિકાએ તેટલી હદ સુધી સરકારને રજા પગાર ફાળાની ચુકવણી કરવી જોઈશે.

૧૬. મુખ્ય અધિકારી તરીકે સમાવિષ્ટ અધિકારીની અગાઉની સેવા, નકકી કરેલા દિવસે, સેવામાં મુખ્ય અધિકારી તરીકે સીધી પસંદગીથી તેમનો સમાવેશ અથવા નિમણુંક કરતાં પહેલાં મ્યુનિસિપલ કાઉન્સિલના કર્મચારીઓમાંથી આ નિયમોના નિયમ ૪ હેઠળ, સીધી પસંદગીથી નીમાયેલા વર્ગ--૨ અને વર્ગ--૩ ના મુખ્ય અધિકારીઓની અગાઉની સેવા, સામાન્ય પ્રોવિડન્ટ ફંડના પેન્શન ફાળા સહિત, વખતોવખત સુધારેલ, મુંબઈ મુલ્કી સેવા નિયમોની જોગવાઈઓને આધીન રહીને, પેન્શન અને/અથવા વર્ધિત પ્રોવિડન્ટ ફંડના હેતુ માટે ગણવામાં આવશે.

૧૭. વાર્ષિક ખાનગી અહેવાલ.-અધિકારીની કામગીરીનું મુલ્યાંકન ધરાવતો મુખ્ય અધિકારીનો વાર્ષિક ખાનગી અહેવાલ નગરપાલિકાના પ્રમુખ લખવો જોઈશે અને કલેકટરે તેની સમીક્ષા કરવી જોઈશે. અધિકારીઓના વાર્ષિક અહેવાલની ફાઈલો નિયામકે જાળવવી જોઈશે.

૧૮. બદલી.—સેવામાંના અધિકારીની બદલી, રાજય સરકાર દ્વારા કરવામાં આવશે.

૧૯. મ્યુનિસિપલ ફંડમાંથી રાજય સરકારને ચૂકવવાપાત્ર કિંમત અને ખર્ચ.—સેવામાં નીમાયેલ વ્યકિતઓના સંબંધમાં, આ નિયમોની જોગવાઈઓના કારણે, રાજય સરકારે, જો કોઈપણ કિંમત અને ખર્ચ કરેલ હોય, તો તે આ અધિનિયમની કલમ ૪૭--ક ની પેટા-કલમ (૬) ની જોગવાઈઓ અનુસાર, દર વર્ષે, મ્યુનિસિપલ ફંડમાંથી રાજય સરકારને ચુકવવામાં આવશે.

૨૦. મુશ્કેલીઓ દૂર કરવા બાબત.— આ નિયમોનો અમલ કરવામાં કોઈ મુશ્કેલી ઉપસ્થિત થાય અથવા આવો અમલ કરવાનું આ નિયમોથી અસર પામતી કોઈ વ્યકિતને અન્યાયનું કારણ બને તો, રાજય સરકાર, મુશ્કેલીઓ દૂર કરવા અથવા અન્યાય ઘટાડવા માટે, પ્રસંગ પ્રમાણે જરૂરી હોય તેવા હુકમો કરી શકશે :

પરંતુ, આ નિયમોના આરંભની તારીખથી પાંચ વર્ષ પૂરા થયા પછી, આ નિયમ હેઠળ કોઈ હુકમ કરી શકાશે નહિ :

પ્રકરણ—૫

૨૧. સિનિયોરીટી યાદી રાખવા બાબત.—આ નિયમોની જોગવાઈઓ અનુસાર, નિયામકે, સેવામાંના દરેક વર્ગની અલગ સિનિયોરીટી યાદી રાખવી જોઈશે.

૨૨. અગાઉના નિયમો લાગુ ન પાડવા બાબત.—આ નિયમોમાં જોગવાઈ કરાયેલ બાબતોને લગતા નિયમો, કે જે, નકકી કરેલ દિવસની તરત પહેલાં, વિદ્યમાન મુખ્ય અધિકારીને લાગુ પડતા હતા તેવા, તમામ નિયમો, આ નિયમોના આરંભની તારીખથી વિદ્યમાન મુખ્ય અધિકારીઓ, આ નિયમો હેઠળ આપાયેલ કોઈ વિકલ્પ પ્રાપ્ત કરે અને તેમને લાગુ પાડવા વિકલ્પ કરે અને તે લાગુ પડતા અટકાવતા પહેલાં આવા નિયમો હેઠળ કરવા અથવા કરવાનું છોડી દેવાના સંબંધમાં હોય તે સિવાયના કેસમાં આવી બાબતોના સંબંધમાં, તેમને લાગુ પાડવા દેવામાં આવશે નહિ.

ગુજરાતના રાજયપત્રકીના હુકમથી અને તેમના નામે,

એલ. ટી. જોષી,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧લી ઓકટોબર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૭નાં ગુજરાત સરકારના પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૭ના ૮૮/વીબીએન/૨૯૯૭/૧૭૪૬/ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારનાં નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT 1993,

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૩મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૮૮/વીબીએન/૨૯૯૭/૧૭૪૬/ચ :—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મો) ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના તારીખ ૫મી ઓગષ્ટ, ૧૯૯૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૭ના ૭૧/વીબીએન/૨૯૯૭/૧૭૪૬/ચ મુજબ કાઢેલા, બોરસદ તાલુકાના દીવેલ ગૃપ ગ્રામ પંચાયતમાંથી કઠાણા સ્ટેશનના સ્થાનિક વિસ્તારના બાકાત કરતાં અને નવાગામો એટલે કે ૧. દીવેલ અને ૨. કઠાણા સ્ટેશન નિર્દિષ્ટ કરતા હુકમો રદ કરે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના વૈધાનિક અને સંસદીય બાબતોના વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/એલ એન્ડ પી. એડી/૭૮/૯૭-ક/૨૦૪નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. ઝવેરીયા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Order

Re

AMENDMENT TO THE GOVERNMENT ORDER LEGAL DEPARTMENT NO. GH/LD/33/126/1986/-22357/B (PA) DATED THE 1ST DECEMBER 1986.

મદદા વિભાગના તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૮૬ના સરકારી હુકમ ક્રમાંક : જીએચ/એલડી/૩૮/૧૨૬/૧૯૮૬/૨૨૩૫૭/બી (પીએ) સુધારવા બાબતનો હુકમ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત વિધાનસભા (વિરોધ પક્ષના નેતા) પગાર તથા ભથ્થા નિયમો, ૧૯૭૯.

ક્રમાંક : જીએચ/અધ એન્ડ પી એડી/૭૮/૯૩-એ/૨૦૪.—ગુજરાત વિધાનસભા (વિરોધ પક્ષના નેતા) પગાર તથા ભથ્થા નિયમો, ૧૯૭૯ના નિયમ ૧૨ના પેટા-નિયમ (૩-ક) અનુસાર, ગુજરાત સરકાર, આથી, કાયદા વિભાગના તારીખ ૧લી ડિસેમ્બર, ૧૯૮૬ના સરકારી હુકમ ક્રમાંક : જીએચ/એલડી/૩૮/૧૨૬/૧૯૮૬/૨૨૩૫૭/બી (પીએ) નીચે પ્રમાણે સુધારે છે :—

સદરહુ હુકમમાં,—

(૧) "વર્તમાનપત્રોની ખરીદી" એ શબ્દો કમી કરવા ;

(૨) નીચેના પરિચ્છેદો અંતે ઉમેરવા :—

"ગુજરાત સરકાર, આથી, વિરોધ પક્ષના નેતાની કચેરી દ્વારા સામયિકોની ખરીદી કરવા માટે, કરી શકાય તેવો ખર્ચ, પણ દર વર્ષે બે હજાર રૂપિયા સુધી નક્કી કરે છે. વિરોધ પક્ષના નેતાના, યથાપ્રસંગ, અંગત સચિવ અથવા અંગત મદદનીશ દરેક મહિને રજિસ્ટરની ખરાઈ કર્યા પછી, સામયિકોની ખરીદી કરવા માટે કરેલ કુલ ખર્ચ, દર વર્ષે બે હજાર રૂપિયાથી વધતો નથી એ મતલબનું પ્રમાણપત્ર આપવું જોઈશે.

વર્તમાનપત્રોની ખરીદી માટે વિરોધ પક્ષના નેતાની કચેરી દ્વારા કરેલ ખર્ચ માટે કોઈપણ મર્યાદા રહેશે નહિ.

કુ. એચ. કે. ઝવેરી,
સરકારના સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૪મી ઓક્ટોબર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા તારીખ ૫મી ઓગષ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચપુ/૯૭(૫૧)જીઆઈડી/૧૦૯૭/૨૨૧૪/જી-૧નો ગુજરાતી અનુવાદ આથી સર્વે લોકોની જાણ સારૂ પ્રસિદ્ધ કર્યો છે.

આઈ. જી. ત્રિપાઠી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT INDUSTRIAL DEVELOPMENT ACT 1962.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ હેઠળ જાહેરનામું

ઉદ્યોગ અને ખાણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર,

તારીખ ૫મી ઓગસ્ટ, ૧૯૯૭.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨.

ક્રમાંક : જીઓચયુ/૯૭(૫૧)જીઆઈડી/૧૦૯૭/૨૨૧૪/જી-૧.—ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ (સને ૧૯૬૨ના ગુજરાત ૨૩મ)ની કલમ-૨ના ખંડ (જ) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, અનુસૂચિ-૧માં નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના કે વિસ્તારનું હદ વર્ણન આ સાથે જોડેલી અનુસૂચિ-૨માં આપેલ છે તે વિસ્તારને "ખજુરડા-ટીંબડી ઔદ્યોગિક વિસ્તાર" તરીકે જાહેર કરે છે.

ખજુરડા—ટીંબડી ઔદ્યોગિક વિસ્તાર.

અનુસૂચિ—૧.

અનુક્રમાંક	ગામ તાલુકા અને જિલ્લાનું નામ	સરવે નંબરો	વિસ્તાર	વિશેષ નોંધ.
(૧)	(૨)	(૩)	(૪)	(૫)
			હેક્ટર-આરે-ચો.મી.	
૧.	ઝાંખર (ગામ)	૫૧ પી	૫--૭૩--૦૧	સરકારી જમીન
૨.	લાલપુર (તાલુકો)	૫૨ પી	૦--૫૭--૯૦	
૩.	જામનગર (જિલ્લો)	૫૩ પી	૨--૬૦--૨૮	
૪.		૫૪	૪--૧૦--૦૫	
૫.		૫૫ પી	૦--૧૧--૫૯	
૬.		૫૫ પી	૩--૪૯--૮૯	
૭.		૫૬ પી	૧--૩૪--૦૯	
૮.		૫૮	૪--૫૯--૩૨	
૯.		૫૯	૨--૩૭--૭૫	
૧૦.		૬૦ પી	૧--૮૬--૧૬	
૧૧.		૬૦ પી	૧--૮૬--૧૬	
૧૨.		૬૦ પી	૧--૮૬--૧૬	
૧૩.		૬૦ પી	૧--૮૬--૧૫	
૧૪.		૬૦ પી	૧--૮૬--૧૫	
૧૫.		૬૧ પી	૩--૭૪--૪૫	
૧૬.		૬૩ પી	૪--૪૩--૧૩	
૧૭.		૬૪ પી	૩--૦૯--૫૯	
૧૮.		૬૪ પી	૩--૧૦--૫૯	
૧૯.		૬૫ પી	૪--૬૮--૪૩	
૨૦.		૬૬ પી	૬--૧૦--૪૮	
૨૧.		૬૬ પી	૫--૧૪--૧૫	
૨૨.		૬૬ પી	૨--૩૩--૬૯	
૨૩.		૬૭ પી	૪--૬૭--૫૩	
૨૪.		૬૮	૧૨--૪૭--૪૫	સરકારી જમીન

INDEX

(૧)	(૨)	(૩)	(૪)	(૫)
૨૫.	ઝાંખર (ગામ)	૬૯	૧--૮૭--૧૭	સરકારી જમીન
૨૬.	લાલપુર (તાલુકો)	૭૦ પી	૩--૬૪--૨૧	
૨૭.	જામનગર (જિલ્લો)	૭૦ પી	૧--૩૨--૫૪	
૨૮.		૭૧ પી	૧--૩૯--૬૨	
૨૯.		૭૨ પી	૫--૨૦--૦૨	
૩૦.		૭૨ પી	૩--૫૬--૧૩	
૩૧.		૭૩	૪--૯૬--૭૫	સરકારીજમીન
૩૨.		૭૪	૯--૩૫--૮૪	
૩૩.		૭૫	૦--૭૮--૯૧	સરકારી જમીન
૩૪.		૭૬	૫--૦૮--૯૦	સરકારી જમીન
૩૫.		૭૬ પી	૩--૨૩--૭૬	
૩૬.		૭૭/૧/પી	૨૯૨--૪૦--૮૬	સરકારી જમીન
૩૭.		૭૭/૧/પી	૩--૬૪--૨૨	
૩૮.		૭૭/૧/પી	૪--૬૫--૩૯	
૩૯.		૭૭/૧/૧	૩--૬૪--૪૮	સરકારી જમીન
૪૦.		૭૭/૧/૧/૨/પી	૬--૪૭--૫૦	
૪૧.		૭૭/૧/૨/પી	૬--૪૭--૫૦	
૪૨.		૭૭/૧/પી	૮--૦૯--૩૮	
૪૩.		૭૭/૧/પી	૪--૦૪--૬૯	
૪૪.		૭૭/૧/પી	૪--૦૪--૬૯	
૪૫.		૭૭/૧/પી	૩--૫૬--૧૩	
૪૬.		૭૭/૧/પી	૨--૪૨--૮૧	
૪૭.		૭૭-૧-પી	૩--૨૩--૭૫	
૪૮.		૭૭/૧/પી	૩--૬૪--૨૨	
૪૯.		૭૭/૧/પી	૩--૬૪--૨૨	
૫૦.		૭૭/૧/પી	૩--૬૪--૨૨	
૫૧.		૭૭/૧/પી	૨--૪૨--૮૧	
૫૨.		૭૭/૧/પી	૨--૪૨--૮૧	
૫૩.		૭૭/૧/પી	૨--૪૨--૮૧	
૫૪.		૭૭/૧/પી	૨--૪૨--૮૧	
૫૫.		૭૭/૧/પી	૨--૪૨--૮૧	
૫૬		૭૭/૧/પી	૦--૮૦--૯૪	
૫૭.		૭૭/૧/પી	૧--૬૧--૮૮	
૫૮.		૭૭/૧/પી	૦--૮૦--૯૪	
૫૯.		૭૭/૧/પી	૨--૪૨--૮૧	
૬૦.		૭૭/૧/૧/પી	૪--૦૪-૬૯	
૬૧.		૭૭+સી/૯૧/૧/પી	૬--૪૭--૫૦	
૬૨.		૨૮૧ પી	૦--૧--૮૪	
૬૩.		૨૮૬ પી	૨--૦૦--૯૩	
૬૪.		૨૮૭ પી	૦--૧૬--૫૯	
૬૫.		૨૮૮ પી	૦--૦૨--૩૫	
૬૬		૨૯૨	૨--૦૩--૩૫	
૬૭		૨૯૩ પી	૧--૮૫--૧૪	
૬૮		૨૯૩ પી	૧--૮૬--૧૬	
	૬૧૪/એ		૦-૦૧-૦૪
	૬૧૪/બી	૧૦૩૬	૦-૦૦-૯૮
	૬૧૫	૧૦૩૫	૦-૨૩-૨૭
	૬૧૬/૧	૧૦૩૩	૧-૨૭-૪૮
	૬૧૬/૨		૧-૦૨-૧૮
	૬૧૭/૧	૧૦૨૮	૦-૩૧-૩૬

INDEX

૧	૨	૩	૪
			હે.આરે.ચો.મી.
	૬૧૭/૨	૧૦૨૯	૦--૦૯--૧૧
	૬૧૭/૩	૧૦૩૦	૦--૦૬--૦૭
	૬૧૭/૪	૧૦૩૧	૦--૧૦--૧૨
	૬૧૭/૫	૧૦૩૨	૦--૦૭--૦૮
	૬૧૮/૧	૧૦૨૫	૦--૩૨--૩૭
	૬૧૮/૨	૧૦૨૬	૦--૩૩--૩૯
	૬૧૯/૧	૧૦૨૨	૦--૧૬--૧૯
	૬૧૯/૨	૧૦૨૩	૦--૧૬--૧૯
	૬૧૯/૩	૧૦૨૪	૦--૩૧--૩૬
	૬૨૦--૧+૨+૩	૧૦૨૭	૧--૦૪--૨૧
	૬૨૧	૧૦૨૮	૦--૫૩--૬૨
	૬૨૨/૧	૧૦૧૫	૦--૭૪- ૮૭
	૬૨૨/૨	૧૦૧૪	૦--૭૭--૮૦
	૬૨૩/૧/૨	૧૦૧૩	૦--૭૧--૮૩
	૬૨૮		૦--૫૧--૬૦
	૬૨૯	૧૦૧૬	૦--૪૯--૫૭
	૬૩૦		૦--૪૩--૫૦
	૬૩૧	૧૦૧૭	૦--૪૧--૪૮
	૬૩૨/૧		૦--૧૬--૧૯
	૬૩૨/૨	૧૦૨૧	૦--૧૭--૨૦
	૬૩૨/૩		૦--૨૮--૩૩
	૬૩૨/૪	૧૦૨૦	૦--૦૮--૦૯
	૬૩૨/૫		૦--૦૬--૦૭
	૬૩૨/૬		૦--૧૪--૧૬
	૬૩૩	૧૦૧૯	૦--૮૭--૦૧
	૬૩૪	૧૦૧૮	૦--૮૯--૦૩
	૬૩૫/પી	૧૦૩/૧	૦--૦૯--૮૧
		૧૦૩૭	૦--૦૨--૦૨
			૦--૭૧--૮૩
	૬૩૬	૧૦૩૫	૦--૨૨--૨૬
	૬૨૪/૧+૨+૩	૯૭૬/૨	૧--૬૮--૯૩
	૬૨૭/૧	૯૭૮	૦--૮૨--૯૬
	૬૨૭/૨	૯૭૭	૦--૦૩--૦૪
	૬૨૭/૩	૧૦૧૧	૦--૬૭--૭૯
	૬૨૭/૪	૧૦૧૨	૦--૫૯--૬૯
	કુલ ઔદ્યોગિક વિસ્તાર		૧૯--૦૮--૯૬

અનુસૂચિ—૨

વાસણા (બારસદ) ઔદ્યોગિક વિસ્તારની હદોનું વર્ણન.

ઉત્તર હદ : બ્લોક નંબર ૯૭૮ના વાયવ્ય ખૂણેથી શરૂ થઈને બ્લોક નંબર ૯૭૮ અને૯૭૭ની ઉત્તરની હદની આગળ જઈને બ્લોક નંબર ૯૭૬/૨ ઈશાન ખૂણા સુધી વળે છે અને બ્લોક નંબર ૯૭૬/૨ના પશ્ચિમ હદની આગળના થઈને બ્લોક નંબર ૯૭૬/૨ના વાયવ્ય ખૂણા સુધી જાય છે ત્યારબાદ બ્લોક નંબર ૯૭૬/૨ના ઉત્તર હદની આગળ વળે છે અને બ્લોક નંબર ૯૭૬/૨ના અગ્નિખૂણે પૂરો થાય છે.

પૂર્વ હદ : બ્લોક નંબર ૯૭૬/૨ના ઈશાન ખૂણાથી શરૂ થઈને અને બ્લોક નંબરો ૯૮૬/૨, ૧૦૧૩, ૧૦૧૪, ૧૦૨૮, ૧૦૨૯, ૧૦૩૧, ૧૦૩૨, ૧૦૩૩, અને ૬૨૬૨/૧ની આગળ જઈને અને બ્લોક નંબર ૧૨૬૨/૧ના અગ્નિ ખૂણે પૂરો થાય છે.

INDEX

દક્ષિણ હદ : બ્લૉક નંબર ૧૨૬૨/૧ના અગ્નિ ખૂણેથી શરૂ થઈને અને બ્લૉક નંબરો ૧૨૬૨/૧, ૧૨૬૧/૧, ૧૨૬૦/૨, ૧૦૩૪, ૧૨૫૩/૧ અને ૧૦૩૭/૧ની દક્ષિણ હદની આગળ જઈને અને બ્લૉક નંબર ૧૦૩૭/૧ના નૈરુત્ય ખૂણે પૂરી થાય છે.

પશ્ચિમ હદ : બ્લૉક નંબર ૧૦૩૭/૧ના નૈરુત્ય ખૂણેથી શરૂ થઈને અને બ્લૉક નંબરો ૧૦૩૭/૧, ૧૦૧૮, ૧૦૧૭, ૧૦૧૬, ૧૦૧૨, ૧૦૧૧ અને ૯૭૬ની પશ્ચિમ હદની આગળ જઈને અને બ્લૉક નંબર ૯૭૮ના ઈશાન ખૂણે પૂરી થાય છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. એમ. જોષીયારા,
સરકારના ઉપસચિવ.
ઉદ્યોગ અને ખાણ વિભાગ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૨૦મી ઓકટોબર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૭/૧૩૭/એમવીઆર/૧૦૯૬/૧૪૭૪/ખ-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

Notification

Re

AMENDMENT TO THE GUJARAT MOTOR VEHICLES RULES, 1989.

ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ સુધારવા સબંધી જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૬ઠ્ઠી ઓકટોબર, ૧૯૯૭.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮.

ક્રમાંક : જી/જી/૯૭/૧૩૭/એમવીઆર-૧૦૯૬/૧૪૭૪/ખ.—મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૨૧૨ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ના વધુ સુધારતાં નિયમોનો મુસદ્દો ગૃહ વિભાગના તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૭/૮૬/એમવીઆર-૧૦૯૬-૧૪૭૪/ખ, હેઠળ તારીખ ૧૫મી જુલાઈ, ૧૯૯૭ના ગુજરાત સરકારી રાજપત્ર ભાગ-૪-એના પાના નં. ૬૭ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો. અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી, તારીખ ૧૩મી ઓગસ્ટ, ૧૯૯૭ સુધીમાં વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા.

અને સદરહુ નિયમોના મુસદ્દાના સંબંધમાં સરકારને કોઈપણ વ્યકિત પાસેથી કોઈ વાંધા અથવા સુચનો મળેલ નથી.

તેથી, હવે, મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ (સન ૧૯૮૮ના ૫૯મા)ની કલમ ૬૫ની પેટા-કલમ (૨)ના ખંડો (ખ) અને (છ)થી મળેલી સતાની રૂએ ગુજરાત સરકાર, આથી, ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯ વધુ સુધારવા માટે નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો, ગુજરાત મોટર વાહન (તૃતીય સુધારા) નિયમો, ૧૯૯૭ કહેવાશે.

૨. ગુજરાત મોટર વાહન નિયમો, ૧૯૮૯માં, નિયમ ૪૨માં, પેટા-નિયમ (૩)માં નોંધ ક્રમાંક (૩) પછી, નીચેની નવી નોંધ દાખલ કરવી

"(૪) જનરલ મોટર્સ ઈન્ડિયા લિમિટેડ"

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જશવંત ગાંધી,
સરકારના ઉપ-સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૨મી ઓકટોબર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૮મી ઓકટોબર, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૭ નો ૯૩-વીબીએન/૨૭૯૫/૪૦૧૬/૫૬/ચ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર,

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૮મી ઓકટોબર, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૯૩-વીબીએન/૨૭૯૫/૪૦૧૬/૫૬/ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩નો ૧૮મો)ની કલમ ૭ થી મળેલ સત્તાની રૂએ, સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, લાલપુર અને જિલ્લા પંચાયત, જામનગર સાથે વિચાર-વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર, આથી :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલ વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી, કોલમ—૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી,

(૨) સદરહુ અનુસૂચિના કોલમ—૩માં દર્શાવેલ સ્થાનિક વિસ્તારના બનતા, કોલમ—૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ.	વિદ્યમાન ગામનું નામ.	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર.	વિદ્યમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ.	નવાગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧.	૨.	૩.	૪.	૫.	૬.	૭.
૧.	લાલપુર	નવી પીપર ખાયડી	(૧) નવી પીપર (પિટાપરા) (૨) ખાયડી (પિટાપરા)	૧. ખાયડી (પિટાપરા)	(૧) નવી પીપર (૨) ખાયડી	૧. નવી પીપર (પિટાપરા) ૨. ખાયડી (પિટાપરા)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૨૨મી ઓકટોબર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૯મી ઓકટોબર, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૭ નો૰ ૯૬/વીબીએન/૩૧૯૭/૨૯૨૦/૧૭/ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993;

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તા. ૯મી ઓકટોબર, ૧૯૯૭

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક કેપી/૧૯૯૭નો ૯૬/વીબીએન/૩૧૯૭/૨૯૨૦/૧૭/ચ.— ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મ)ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ, સંબંધિત ગ્રામ પંચાયત અને તાલુકા પંચાયત મહેસાણા સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર, આથી,

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલ વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી, કોલમ ૫માં દર્શાવેલ સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી,

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા, કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ.	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧.	૨.	૩.	૪.	૫.	૬.	૭.
૧.	મહેસાણા	નાગલપુર-૧	૧. નાગલપુર -૧ (નાગલપુર સોસાયટી જી.આઈ.ડી.સી.ઔદ્યોગિક અને રહેણાંક વિસ્તાર)		૧. નાગલપુર	૧. નાગલપુર (નાગલપુર ગામ અને સોસાયટી વિસ્તાર)
					૧. જી.આઈ.ડી.સી. ૨. સરદાર ધામ	૨. સરદાર ધામ.
			૨. જી.આઈ.ડી.સી. રહેણાંક વિસ્તાર (સૂચિત સરદાર ધામ)	(ઔદ્યોગિક અને રહેણાંક વિસ્તાર (સૂચિત) સરદાર ધામ	(સૂચિત)	(સૂચિત) જી.આઈ.ડી.સી.ના ઔદ્યોગિક અને રહેણાંક વિસ્તાર)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૨૪મી ઓક્ટોબર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચઆર-૯૭-૨૪૪-બીએસઈ-૧૦૯૦-(૯૭)-૨૭૮૧-એમ-(૩)ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE BOMBAY SHOPS AND ESTABLISHMENTS ACT, 1948.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૩૦મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : જીએચઆર-૯૭-૨૪૪-બીએસઈ-૧૦૯૦-(૯૭)-૨૭૮૧-એમ-(૩).—ગુજરાત દુકાન અને સંસ્થા નિયમો, ૧૯૬૨ના નિયમ ૪ સાથે વાંચતા, મુંબઈ દુકાન અને સંસ્થા અધિનિયમ, ૧૯૪૮ (સન ૧૯૪૮ના મુંબઈના ૩૯મા)ની કલમ-૬થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નવરાત્રી અને દિવાળીના તહેવારોને કારણે નીચેની અનુસૂચિના કોલમ (૧)માં નિર્દિષ્ટ કરેલ વર્ગોની સંસ્થાઓના સંબંધમાં, સદરહુ અનુસૂચિના કોલમ (૩)માં અનુક્રમે નિર્દિષ્ટ કરેલી શરતોને આધીન રહીને, તારીખ ૧લી ઓક્ટોબર, ૧૯૯૭ થી ૩૧મી ઓક્ટોબર, ૧૯૯૭ સુધી, (બન્ને દિવસો સહિત)ની મુદતે માટે ગુજરાત રાજ્યના તમામ વિસ્તારોમાં અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલી સદરહુ અધિનિયમની જોગવાઈઓનો અમલ મોકૂફ રાખે છે.

અનુસૂચિ

સંસ્થાઓ	સદરહુ અધિનિયમની જોગવાઈઓ.	શરતો
૧	૨	૩
૧. દુકાનો.	કલમ-૧૧ની ઘેટા-કલમ (૧)ના ખંડ (ક)	(૧) કોઈપણ દુકાન કોઈપણ દિવસે રાતના ૧૧--૦૦ વાગ્યા કરતાં મોડી બંધ કરવી નહિ.
૨. દારુખાનુ વેચતી દુકાનો.	કલમ ૧૪ કલમ ૧૬ કલમ ૧૮	(૨) કોઈ નોકરને કલમ ૧૪માં નિર્દિષ્ટ કામના કલાકો કરતાં વધુ કામ કરવું પડે તો તે, ઓવર ટાઈમ કામના સંબંધમાં ઠરાવેલ વેતન રજિસ્ટરમાં નોંધવાનું રહેશે. અને કલમ ૬૩ (૧)માં નિર્દિષ્ટ કરેલા દરે વેતન મેળવવા હકદાર થશે.
૩. આટાની દુકાનો અને આટાની મિલો.	—એજન—	(૩) કામનો ઓકંદર સમય, એક દિવસના ચૌદ કલાક કરતાં વધુ હોવો જોઈશે નહિ.
૪. દરજીની દુકાનો, તૈયાર કપડાં વેચતી દુકાનો સહિત કાપડની દકાનો અને લોંડ્રિયરીની દુકાનો	કલમ ૧૪ કલમ ૧૬ કલમ ૧૮	(૪) અઠવાડિક રજા નહિ મળવાને કારણે,દરેક નોકરને (૧) તેના બદલામાં તારીખ ૩૧મી ઓક્ટોબર, ૧૯૯૭ પછી, તેટલી સંખ્યામાં રજા આપવી જોઈશે અથવા (૨) એવી રજાઓમાં કરેલા કામ માટે કલમ ૬૩ (૧)માં ઓવર ટાઈમ કામ માટે નિર્દિષ્ટ કરેલા વેતનના દરે વેતન આપવામાં આવશે.

INDEX

૧	૨	૩
૫. અત્તર વેચતી દુકાનો.	કલમ ૧૧ની પેટા કલમ (૧) ખંડ (ક)	.....
૨. તમામ રેસ્ટોરાં અને ભોજનગૃહો.	કલમ ૧૯ કલમ ૨૦ કલમ ૨૧ કલમ ૨૪	(૧) કોઈપણ રેસ્ટોરાં અથવા ભોજન ગૃહ કોઈપણ દિવસે, મધ્ય-રાત્રિના ૧૨--૦૦ કરતાં મોડા બંધ કરવા નહિ. (૨) કોઈપણ રેસ્ટોરાં અથવા ભોજન ગૃહમાંના કોઈ નોકરને, કલમ ૨૧માં નિર્દિષ્ટ કામના કલાકોની મર્યાદા કરતાં વધુ કામ કરવું પડે તો તે, ઓવર ટાઈમ કામના સંબંધમાં, કલમ ૬૩ (૨)માં ઠરાવેલા દરે વેતન માટે હકદાર થશે. જે ઠરાવેલા વેતન રજિસ્ટરમાં નોંધવાનું રહેશે. (૩) ઠરાવેલી અઠવાડિક રજા નહિ મળવાને કારણે, કોઈ રેસ્ટોરાં અથવા ભોજનગૃહમાંના દરેક નોકરને (૧) તેના બદલામાં તારીખ ૩૧મી ઓક્ટોબર, ૧૯૯૭ પછી, તેટલી જ સંખ્યામાં રજા આપવી જોઈશે. (૨) એવી રજામાં કરેલા કામ માટે, કલમ ૬૩-(૨)માં ઓવર ટાઈમ કામ માટે નિર્દિષ્ટ કરેલા વેતનના દરે વેતન આપવામાં આવશે.

આ વિભાગની ફાઈલ નંબર : બીએસઈ-૧૦૯૦-૨૭૮૧-એમ-(૩)-ઉપરે તારીખ ૨૯--૯--૯૭ના રોજ ગૃહ વિભાગની સંમતિ સાથે આ બહાર પાડ્યું છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. ડી. નાયક
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૨૪મી ઓક્ટોબર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૩જી ઓક્ટોબર, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચયુ-૯૭-(૭૬)-જીઆઈડી-૧૦૯૭-૨૬૭૭-જી. ૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે

આઈ. જી. શિકારી
સરકારના નાયબ સચિવ.

Notification

Re

THE VITHAL UDHYOGNAGAR NOTIFIED AREA (ADDITIONAL) CONSOLIDATED TAX RULES, 1997.

વિઠ્ઠલ ઉદ્યોગનગર નોટિફાઈડ એરિયા (વધારાના) એકત્રિત વેરા નિયમો, ૧૯૯૭ સંબંધે જાહેરનામું

ઉદ્યોગ અને ખાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૩જી ઓક્ટોબર, ૧૯૯૭.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩

ક્રમાંક : જીએચયુ-૯૭-(૭૬)-જીઆઈડી-૧૦૯૭-૨૬૭૭-જી--૧ —વિઠ્ઠલ ઉદ્યોગનગર નોટિફાઈડ એરિયા (વધારાના) એકત્રિત વેરા નિયમો, ૧૯૯૭નો મુસદ્દો, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૨૭૭ની પેટા કલમ (૩)થી

INDEX

ઠરાવ્યા પ્રમાણે, ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૭ના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચયુ-૯૭-(૫૪)-જીઆઈડી-૧૦૯૭-૨૬૭૭-જી ૧ હેઠળ, તારીખ ૬ઠ્ઠી ઓગષ્ટ, ૧૯૯૭ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ ભાગ ૪-બીના પાના નં ૧૯૦-૧ થી ૧૯૦-૬ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યકિતઓ પાસેથી સદરહુ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની અંદર વાંધા અને સૂચનો મંગાવવામાં આવ્યા હતા;

અને સદરહુ મુસદ્દા જાહેરનામાના સંબંધમાં ખેડા જિલ્લાના કલેકટર, ખેડા-ને કોઈ વાંધા અથવા સૂચનો મળ્યા નથી;

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૨૭૭ની સાથે વાંચતા, કલમ ૨૬૪ (ખ)થી મળેલી સત્તાની રૂઈએ, ગુજરાત સરકાર, આથી નીચેના નિયમો કરે છે:—

જાહેરનામું

૧. ટૂંકી સંજ્ઞા :— આ નિયમો વિઠ્ઠલ ઉદ્યોગનગર નોટિફાઈડ એરિયા (વધારાની) એકત્રિત વેરા નિયમો, ૧૯૯૭ કહેવાશે.

૨. વ્યાખ્યા :— આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,—

(ક) "અધિનિયમ" એટલે ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩;

(ખ) "મકાન" એટલે, અધિનિયમની કલમ-૨ના ખંડ (૨)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું મકાન;

(ગ) "રહેણાંકના હેતુઓ માટે વપરાતું મકાન" એટલે એકના એક કબજેદાર દ્વારા માનવ રહેણાંક તરીકે અથવા વેપારના સામાન્ય ક્રમમાં વેચાણ માટે ઈરાદો ન હોય તેવા પશુઓ સહિતની માલ-મિલકતની કસ્ટડી માટેની જગ્યા તરીકે વપરાતું હોય તેવું કોઈપણ મકાન અથવા એક જ વાડામાંના સંખ્યાબધ્ધ મકાનો.

(ઘ) "ધંધાના હેતુઓ માટે વપરાતું મકાન" એટલે કોઈપણ પ્રકારનો માલ તૈયાર કરવા અથવા બનાવવા માટે અને સર્વિસ અથવા વેપાર માટે અથવા હેરફેરના ધંધા માટે અથવા રહેણાંક સિવાયના અન્ય કોઈપણ હેતુ માટે એકનો એક ભોગવટેદાર વાપરતો હોય તેવું કોઈપણ મકાન અથવા એક જ વાડામાંના સંખ્યાબધ્ધ મકાનો.

(ચ) "કોર્પોરેશન" એટલે ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ હેઠળ રચાયેલ ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશન;

(છ) "એકત્રિત વેરો" એટલે આ નિયમો હેઠળ નોટિફાઈડ એરિયામાં નાંખેલો વેરો;

(જ) "જમીન" એટલે અધિનિયમની કલમ-૨ના ખંડ (૧૧)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની જમીન;

(ઝ) "નોટિફાઈડ એરિયા અધિકારી" એટલે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ની કલમ ૧૬ હેઠળ આકારણી અને વસૂલાતના હેતુ માટે નીમેલ કોર્પોરેશનનો કોઈ અધિકારી;

(ટ) "નોટિફાઈડ એરિયા" એટલે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ની કલમ-૧૬ હેઠળ તેવા વિસ્તાર તરીકે જાહેર કરેલ વિસ્તાર;

(ઠ) "ભોગવટેદાર" એટલે માલિકી ફેરબતની રૂએ, લાઈસન્સદાર, પટેદાર, અથવા મિલકતના માલિક તરીકે કોર્પોરેશનનો એલોટી (ભાડૂત) અથવા યથાપ્રસંગ જે વ્યકિત ભાડાપટાની રૂએ અથવા દેખરેખ રાખનાર ટ્રસ્ટી તરીકે અથવા અન્યથા અથવા મિલકતનો કબજો ધરાવતી હોય તેવી વ્યકિત અથવા તે સમયે નોટિફાઈડ એરિયામાં આવેલ મિલકતના બીજા જે માલિકો કોઈપણ જમીન અથવા મકાનનું ભાડું પોતે જાતે અથવા બીજી કોઈ વ્યકિતના એજન્ટ અથવા ટ્રસ્ટી તરીકે અથવા કોઈ મંડળી માટે અથવા કોઈ ધર્માદા અથવા સખાવતી હેતુઓ માટે સ્વીકારતા હોય અથવા જો એવી જમીન અથવા મકાન ગણોતિયાને ભાડે આપ્યું હોય, તો એ રીતે ભાડું સ્વીકારે તે;

સ્પષ્ટીકરણ :— "પટે લેનાર, માલિકી ફેરબતની રૂએ, મિલકતનો કબજો ધરાવતી વ્યકિત, ભાડા પટો "એ શબ્દોનો અર્થ, કોર્પોરેશનના મિલકત નિકાલ અંગેના વિનિયમો, ૧૯૬૭ અથવા યથાપ્રસંગ, કોર્પોરેશનના જમીન નિકાલ અંગેના વિનિયમો, ૧૯૬૮ અથવા ભાડા વિનિયમો, ૧૯૭૧માં જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

(ડ) "માલિક" એટલે અધિનિયમની કલમ-૨ના ખંડ (૧૮)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેના માલિક;

(ઢ) "વર્ષ" એટલે નાણાંકીય વર્ષ.

૩. એકત્રિત વેરાનો દર.—નોટિફાઈડ એરિયાની હદમાં આવેલ તમામ મકાનો અને જમીનો ઉપરનો એકત્રિત વેરો, નીચેના વેરાના બદલામાં, પૂરવણી-ક્રમાં નિર્દિષ્ટ કરેલા દરે લેવામાં આવશે :—

(ક) મકાનો અથવા જમીનો ઉપરનો વેરો.
(ખ) સામાન્ય સફાઈ ઉપકર.
(ગ) દીવાબત્તી વેરો.

INDEX

૪. મુકિત :— (૧) નીચેનાને એકત્રિત વેરામાંથી મુકિત આપવામાં આવશે :—

(ક) કેન્દ્ર અથવા રાજ્ય સરકાર, પંચાયત જિલ્લા સ્કૂલ બોર્ડ અને મ્યુનિસિપલ સ્કૂલ બિલ્ડીંગની માલિકીના મકાનો અને જમીન.

(ખ) પ્રાચીન સ્મારક જાળવણી અધિનિયમ, ૧૯૦૪ અથવા ગુજરાતનો પ્રાચીન સ્મારકો અને પુરાતત્વ વિષયક સ્થળો અને અવશેષો બાબતનો અધિનિયમ, ૧૯૬૫ના અર્થ મુજબ સંરક્ષિત સ્મારકો જાહેર કરેલ હોય અને જેમાંથી કોઈ મહેસૂલ કે ભાડું ઉપજતું ન હોય તેવા તમામ મકાનો અને જમીનો.

(ગ) જેમનો માત્ર જાહેર પૂજા માટે અથવા સખાવતી અને શૈક્ષણિક હેતુઓ માટે ઉપયોગ અથવા ભોગવટો કરવામાં આવતો હોય અને જેમાંથી કોઈ મહેસૂલ અથવા ભાડું ઉપજતું ન હોય તેવા તમામ મકાનો અને જમીનો અથવા તેના ભાગો.

(૨) માલ ઉત્પાદન કરવામાં અને સર્વિસમાં રોકાયેલ કોઈપણ ભોગવટેદારને, નીચે પ્રમાણે વેરો ભરવામાંથી મુકિત આપવામાં આવશે :—

(૧) ફાળવણીની તારીખથી શરૂ કરીને પ્રથમ વર્ષ માટે;

(૨) બીજા વર્ષથી પાંચમાં વર્ષ માટે ૫૦ ટકા સુધી.

(૩) ઓલોટી (ભાડૂત) ન હોય તેવો કોઈપણ ભોગવટેદાર, તે જમીન અથવા મકાનનો માલિક થાય અથવા જમીન કે મકાન મેળવે તે વર્ષની તારીખથી ઉપર જણાવ્યા પ્રમાણે મુકિત મેળવવા હકદાર થશે.

૫. એકત્રિત વેરાની આકારણી અને તેની જવાબદારી :— (ક) વેરો, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ની જોગવાઈઓ અનુસાર, જેટલે સુધી લાગુ પાડી શકાય તેટલે સુધી આકારવો અને વસૂલ કરવો જોઈશે.

(ખ) ભોગવટેદાર, આ નિયમો હેઠળ વેરો ભરવા માટે પ્રથમત: જવાબદાર રહેશે;

(ગ) મકાનના બાંધકામનો માલિક, આ નિયમો હેઠળ, વેરો ભરવા માટે પ્રથમત: જવાબદાર રહેશે.

(ઘ) વેરો દર વર્ષે એપ્રિલ મહિનાની પહેલી તારીખે અથવા તે પહેલાં એક હપ્તામાં અગાઉથી ભરવો પડશે.

૬. માફી અને રિફંડ :— (ક) જો કોઈ મકાન અથવા જમીન આખા વર્ષ દરમિયાન ખાલી રહયા હોય અને તેનો ઉપયોગ થયો ન હોય અને નોટિફાઈડ એરિયા અધિકારીને તે મતલબની નોટિસ આપી હોય, તો, વેરાની રકમના અર્ધાથી વધુ ન હોય તેટલા પ્રમાણમાં માફી અથવા રિફંડ આપવામાં આવશે,

પરંતુ આવી નોટિસ મળ્યાની તારીખના આગાઉની કોઈપણ મુદત માટે, કોઈપણ માફી કે રિફંડ અમલમાં આવશે નહિ.

(ખ) જો કોઈ મકાનનો કોઈપણ ભાગ તોડી પાડવામાં આવ્યો હોય તો, વેરાની રકમના એક ચતુર્થાંશ કરતાં વધુ ન હોય તેટલા પ્રમાણમાં માફી અથવા રિફંડ આપવામાં આવશે.

૭ લેખિત નોટિસ આપવા બાબત :— નીચેની બાબતમાં નોટિફાઈડ એરિયા અધિકારીને એક મહિનાની અંદર લેખિત નોટિસ આપવાની કોઈ મકાન કે જમીનના માલિકની ફરજ રહેશે :—

(ક) મકાન નવું ઉભું કરવામાં અથવા બાંધવામાં આવ્યું હોય, તે બાબતમાં,

(ખ) અગાઉ જેની આકારણી કરવામાં આવી હોય તેવું કોઈ મકાન વધારવામાં આવ્યું હોય અથવા ફરી બાંધવામાં આવ્યું હોય અથવા ફરી બાંધકામ કરવામાં આવ્યું હોય અથવા તેમાં સુધારો વધારા કરવામાં આવ્યા હોય અથવા અન્યથા એવી રીતે સુધારો કરવામાં આવ્યો હોય, કે જેથી કરીને તેની મુડીરુપી કિંમત વધી જાય તે બાબતમાં;

(ગ) અગાઉ જેની આકારણી કરવામાં આવી હોય તેવા કોઈ મકાન અથવા જમીનના ભાગલા પાડવામાં આવ્યા હોય, તે બાબતમાં,

(ઘ) જો કોઈ મકાન સંપૂર્ણત: અથવા અંશત: તોડી પાડવામાં આવ્યું હોય અથવા આગથી નાશ પામ્યું હોય અથવા પડી ગયું હોય અથવા અન્યથા તેની ભાડાની કિંમત ઘટી ગઈ હોય, તે બાબતમાં,

સ્પષ્ટીકરણ :— એક મહિનાની મુદત ઉપર (ક), (ખ) અને (ગ)ની બાબતમાં મકાન પૂરું થયાની તારીખ અથવા તેના ભોગવટાની તારીખ એ બે માંથી જે વહેલું હોય તે તારીખથી અને (ઘ)ની બાબતમાં બનાવ બન્યાની તારીખથી ગણવામાં આવશે.

INDEX

૮. નોટિસ મળે ત્યારે આકારણી કરવા બાબત.— (૧) નિયમ ૭ હેઠળ લેખિત નોટિસ મળે ત્યારે, નોટિફાઈડ એરિયા અધિકારીએ, જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, મકાનની આકારણી કરાવવી જોઈશે.

(૨) આવી આકારણી કર્યા પછી, નોટિફાઈડ એરિયા અધિકારીએ આવું મૂલ્યાંકન અલગ રાખેલી યાદીમાં નોંધવું જોઈશે અને વર્ષની સમાપ્તિ પછી, આકારણીમાં કરેલા આવા ફેરફારો પ્રમાણિત આકારણીની યાદીમાં નોંધવા જોઈશે.

૯. ઉત્તરાધિકાર બાબત તકરાર હોય, ત્યારે આકારણીની યાદીમાં માલિકના નામ બાબત :— આકારણી યાદીમાં કોઈ મિલકતના માલિક તરીકે જેનું નામ દાખલ કર્યું હોય તે કોઈપણ વ્યકિતના ઉત્તરાધિકાર સંબંધી કોઈ તકરાર હોય ત્યારે, ઉત્તરાધિકારના દાવેદારોમાંથી જે દાવેદાર ખરેખર ભોગવટાથી અથવા અન્યથા મિલકતનો કબજો ધરાવતો હોય તેનું નામ આકારણી યાદીમાં માલિક તરીકે દાખલ કરવું જોઈશે અને તકરારની પતાવટ અથવા સત્તા ધરાવતી કોર્ટનો હુકમ રજુ કર્યે અથવા અન્ય રીતે દાવેદાર નોટિફાઈડ એરિયા અધિકારીને ખાતરી ન કરાવે કે તે વ્યકિતગત રીતે અથવા સંયુકત રીતે મિલકતના માલિક તરીકે હકદાર થાય છે ત્યાં સુધી વેરો તેની પાસેથી વસૂલ કરવામાં આવશે.

૧૦. તબદીલ કરનારે અને તબદીલીથી લેનારે લેખિત નોટિસ આપવા બાબત :— કોઈ મકાન અથવા જમીનના સંબંધમાં વેરા ભરવા માટે પ્રથમતઃ જવાબદાર કોઈ વ્યકિતનો હક લેખિત લેખ દ્વારા અથવા અન્યથા તબદીલ થયો હોય, ત્યારે તબદીલ કરનારે અને તબદીલીથી લેનારે, તબદીલી કરવામાં આવી હોય તે પછી ત્રણ મહિનાની અંદર નોટિફાઈડ એરિયા અધિકારીને લેખિત નોટિસ આપવી જોઈશે. જેઓ પોતાને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, આકારણી યાદીમાં તબદીલી કરનારને સ્થાને તબદીલીથી લેનારનું નામ દાખલ કરવાનો હુકમ કરશે, ત્યાર પછી, તબદીલીથી લેનાર, એવી રીતે તબદીલ થયેલી મિલકતના સંબંધમાં બાકી રકમ, હોય તો તે સહિત સમગ્ર વર્ષના લેણાં વેરા માટે જવાબદાર રહેશે.

૧૧. વારસદારોએ નોટિસ આપવા અને તેમની જવાબદારી બાબત.— કોઈ વ્યકિતનું મૃત્યુ થાય તે પ્રસંગે, જેને મરહૂમના મિલકતના હક વારસ તરીકે અથવા બીજી રીતે તબદીલ થાય તે વ્યકિતની કર ભરવાની પ્રથમતઃ જવાબદારી થયે આવી વ્યકિતને મરહૂમના મૃત્યુની તારીખથી ત્રણ મહિનાની અંદર નોટિફાઈડ એરિયા અધિકારીને આવી તબદીલીની નોટિસ આપવી જોઈશે. નોટિફાઈડ એરિયા અધિકારીએ, જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, મરહૂમના વારસદારોના નામો આકારણી યાદીમાં દાખલ કરવાનો હુકમ કરવો જોઈશે અને આવા વારસદારો લેણાં નીકળતા વેરાની બાકી રકમ સહિત આખા વર્ષ માટેના લેણાં નીકળતા વેરાની ચૂકવણી માટે જવાબદાર થશે.

૧૨. નિર્ણય આખરી ગણવા બાબત.—વેરા અને બીજી બાબતોના સંબંધમાં, તે અંગેનો નોટિફાઈડ એરિયા અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

પુરવણી—ક.

(જુઓ નિયમ ૩)

વિઠ્ઠલ ઉદ્યોગનગર નોટિફાઈડ એરિયા માટેના (વધારાના) એકત્રિત વેરાના દરો

નોટિફાઈડ એરિયાનું નામ ૧.	એકત્રિત વેરાનો દર. ૨.
વિઠ્ઠલ ઉદ્યોગનગર નોટિફાઈડ એરિયા (વધારાનો) (તાલુકા—આણંદ) (જિલ્લો — ખેડા)	*(૧) રૂા. ૨૧,૫૯૯/-થી વધુ ન હોય તેટલી વેરાપાત્ર કિંમત ઉપર ૧૨ ટકા (રૂા.* ત્રણ લાખ સુધીની કિંમત કરેલ મિલકતો માટે.) (૨) રૂા. ૨૧,૫૯૯/- થી વધુ પણ રૂા. ૩૬,૦૦૦/- થી વધુ નહિ તેટલી વેરાપાત્ર કિંમત ઉપર ૧૨.૫ ટકા (રૂા. ત્રણ લાખથી ઉપરની અને રૂા. પાંચ લાખ સુધીની આકારેલી કિંમતની મિલકતો માટે.) (૩) રૂા. ૩૬,૦૦૦/-થી વધુ આકારેલી કિંમત ઉપર ૧૩.૫ ટકા (રૂા. પાંચ લાખથી ઉપર આકારેલી મિલકતો)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. એમ. ઝવેરી,
સરકારના ઉપ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ઓક્ટોબર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : એલઈપી-૧૦૯૧-૧૮૩૨-૯૭-જી નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડીયા,
સરકારના નાયબ સચિવ.

Notification

Re

SENIOR LEPROSY SUPERVISORS, CLASS-III (HEALTH) RECURITMENT RULES, 1997.

સિનિયર લેપ્રસી સુપરવાઈઝર, વર્ગ-૩ (આરોગ્ય)-ભરતી નિયમો, ૧૯૯૭ સંબંધી જાહેરનામું.

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : એલઈપી-૧૦૯૧-૧૮૩૨-૯૭-જી,—ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રુએ, ગુજરાતના રાજ્યપાલ, આથી, આરોગ્ય, તબીબી સેવા અને તબીબી શિક્ષણ અને સંશોધન (આરોગ્ય)ના કમિશનરની તાબાની સેવામાં, સિનિયર લેપ્રસી સુપરવાઈઝર, વર્ગ-૩ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટે નીચેના નિયમો કરે છે :—

૧. આ નિયમો સિનિયર લેપ્રસી સુપરવાઈઝર, વર્ગ-૩ (આરોગ્ય) ભરતી નિયમો, ૧૯૯૭ કહેવાશે.

૨. સિનિયર લેપ્રસી સુપરવાઈઝર વર્ગ-૩ (આરોગ્ય)ની જગા પરની નિમણૂંક જેણે જાહેર આરોગ્યમાં, તાબાની સેવામાં લેપ્રસી સુપરવાઈઝર અથવા હેલ્થ એજ્યુકેટર (લેપ્રસી)ના સંવર્ગમાં (કેડરમાં) ઓછામાં ઓછા પાંચ વર્ષ માટે કામ કર્યું હોય તેવી વ્યક્તિઓમાંથી સિધ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતાવાળી વ્યક્તિને બઢતી આપીને કરવામાં આવશે.

૩. બઢતીથી નીમાયેલ ઉમેદવારે, તે અર્થે સરકારે ઠરાવેલા નિયમો અનુસાર ખાતાકીય પરીક્ષા અને ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવી પડશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

નિરંજન જોષી,
ગુજરાત સરકારના નાયબ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ઓક્ટોબર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા-ક્રમાંક કેપી/ ૧૯૯૬ના ૮-વીશ્રીએન-૨૯૯૪-૨૩૬૬-ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, [૧૯૯૩.]

ક્રમાંક : કેપી/૧૯૯૬ નો ૮/વીબીએન-૨૯૯૪-૨૩૬૬-૬૬-ચ.– ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત મહેમદાવાદ અને જિલ્લા પંચાયત ખેડા સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી,–

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત શખે છે. અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી ;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતો કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

[અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ		નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬		૭
૧.	મહેમદાવાદ	જારમુવાડા	(૧) જરાવત (મહેસૂલી ગામ)	(૧) જરાવત (મહેસૂલી ગામ)	(૧) જરાવત	૧.	(૧) જરાવત (મહેસૂલી ગામ)
			(૨) વિઠાવત (પેટાપરા)	(૨) વિઠાવત (પેટાપરા)	(૨) વાધાવત		(૨) વીઠાવત (પેટાપરા)
			(૩) વાંધાવત (મુવાડા)	(૩) વાંધાવત (મુવાડા)	(૩) યથાવત	૨.	(૧) વાધાવત (મુવાડા)
			(૪) યથાવત (મુવાડા)	(૪) યથાવત (મુવાડા)	(૪) ગોકળપુરા	૩.	(૧) યથાવત (મુવાડા)
			(૫) કોલસર (મુવાડા)	(૫) કોલસર (મુવાડા)			(૨) કોલેસર (મુવાડા)
			(૬) ઉમાજીનો મુવાડો	(૬) ઉમાજીની મુવાડી			(૩) ઉમાજીની મુવાડી
			(૭) ગોકળપુરા મુવાડી	(૭) ગોકળપુરા મુવાડી		૪.	(૧) ગોકળપુરા મુવાડી
			(૮) બેચરપુરા (મુવાડી)	(૮) બેચરપુરા (મુવાડી)			(૨) બેચરપુરા (મુવાડી)
			(૯) અંબાડીની (મુવાડી)	(૯) અંબાડીની મુવાડી			(૩) અંબાડીની મુવાડી
			(૧૦) દલપાજીની મુવાડી	(૧૦) દલપાજીની મુવાડી			(૪) દલપાજીની મુવાડી
			(૧૧) સમદળવી મુવાડી	(૧૧) સમદળવી મુવાડી			(૫) સમદળવી મુવાડી
			(૧૨) રોહીધાનો ટેકરો (મુવાડી)	(૧૨) રોહીધાનો ટેકરો (મુવાડી)			(૬) રોહીધાનો ટેકરો (મુવાડી)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૫મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી ઓકટોબર, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેએચ-આર-૨૫૨-એસઆઈએ-૧૦૯૪-૧૫૦૨-એચ(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE EMPLOYEES' STATE INSURANCE ACT, 1948.

કામદાર રાજ્ય વીમા અધિનિયમ; ૧૯૪૮ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ઓકટોબર, ૧૯૯૭.

ક્રમાંક : કેએચ-આર-૨૫૨-એસઆઈએ-૧૦૯૪-૧૫૦૨-એમ(૩).—કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ (સન૧૯૪૮ ના ૩૪મા)ની કલમ ૯૦ અને ૯૧-ક થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત ટયુબોલ સબ-ડીવીઝન ૭ અને સબ-ડીવીઝન ૮, અમદાવાદને તારીખ ૧-૧-૧૯૯૫ થી ૩૧-૧૨-૯૬ સુધીની વધુ એક વર્ષની મુદત માટે સદરહુ અધિનિયમના અમલમાંથી મુકિત આપે છે.

૨. ઉપર્યુકત મુકિત નીચેની શરતોને અધીન રહેશે :—

(૧) ઉપર જણાવેલા સંસ્થા/કારખાના કે જેમાં કામદારોને કામે રાખેલ હોય તે સંસ્થાએ અને કારખાનાએ મુકિત આપેલ કામદારોના નામો અને હોદ્દો દર્શાવતું રજિસ્ટર રાખવું જોઈશે ;

(૨) આ મુકિત આપવામાં આવી હોય તે છતાં, કામદારો, આ જાહેરનામા દ્વારા જે તારીખથી આપાયેલ મુકિત અમલમાં આવે તે તારીખ પહેલાં ચૂકવેલા ફાળાના બદલે, સદરહુ અધિનિયમ હેઠળ જે લાભો મેળવવાને હકદાર બન્યા હોત તે લાભો તેઓને મળવાનું ચાલુ રહેશે.

(૩) મુકિત આપાયેલ મુદત માટેના ફાળા ચૂકવાઈ ગયા હોય તો તે પાછા આપી શકાશે નહિ.

(૪) સદરહુ સંસ્થા/કારખાનાના માલિકે જે મુદત દરમિયાન તે કારખાનું સદરહુ અધિનિયમના અમલને અધીન હતું તે મુદત (જેનો આમાં હવે પછી "સદરહુ મુદત" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ના સંબંધમાં, કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ હેઠળ તેણે ભરવાના બાકી હોય તે પત્રકો, તે નમૂનામાં અને તે વિગતો સાથે સદરહુ મુદતના સંબંધમાં રજૂ કરવા જોઈશે.

૩. સદરહુ અધિનિયમની કલમ ૪૫ ની પેટા-કલમ (૧) હેઠળ કોર્પોરેશને નીમેલા કોઈ ઈન્સ્પેકટર અથવા આ અર્થે અધિકૃત કરેલા કોર્પોરેશનના અન્ય અધિકારીને—

(૧) સદરહુ મુદત માટે, કલમ ૪૪ની પેટા-કલમ (૧) હેઠળ રજૂ કરેલ કોઈ કોઈ પત્રકમાંની વિગતોની ખરાઈ કરવાના હેતુ માટે ; અથવા

(૨) સદરહુ મુદત માટે, કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ થી ઠરાવ્યા પ્રમાણે, રજિસ્ટરો અને રેકર્ડ રાખવામાં આવ્યા હતા કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે ; અથવા

(૩) જે લાભોના બદલામાં આ જાહેરનામા હેઠળ મુકિત આપવામાં આવી હોય તે લાભો તરીકે રોકડમાં અને જણસરૂપે માલિકે આપેલા લાભો મેળવવાને હકદાર તરીકે ચાલુ રહે છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે ; અથવા

(૪) અધિનિયમની જોગવાઈઓ પૈકીની કોઈ જોગવાઈ સદરહુ કારખાનાના સંબંધમાં અમલમાં હતી, ત્યારે તે મુદત દરમિયાન આવી કોઈપણ જોગવાઈનું પાલન કરવામાં આવ્યું છે કે કેમ તેની ખાતરી કરવાના હેતુ માટે—

INDEX

(ક) પોતાને જરૂરી લાગે તેવી માહિતી પોતાને પૂરી પાડવા મુખ્ય અને તેના તુરંત પછીના માલિકને ફરમાવવાની સત્તા રહેશે ; અથવા

(ખ) આવા મુખ્ય અથવા તેના તુરત પછીના માલિકના કબજામાં હોય તેવા કોઈ કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગામાં કોઈ વાજબી સમયે દાખલ થવાની અને તેનો હવાલો ધરાવતી હોવાનું જણાયેલ કોઈપણ વ્યકિતને, વ્યકિતઓના રોજગાર અને વેતનની ચૂકવણીને લગતા પોતાને જરૂરી જણાય તેવા દસ્તાવેજ, ચોપડા અને અન્ય દસ્તાવેજો આવા ઈન્સ્પેકટર અથવા અન્ય અધિકારી સમક્ષ રજૂ કરવા અને તેને તે તપાસવા દેવા અથવા પોતાને જરૂર લાગે તેવી માહિતી તેને પૂરી પાડવા ફરમાવવાની સત્તા રહેશે ; અથવા

(ગ) આવા કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગામાં જણાયેલ મુખ્ય અથવા તેના તુરત પછીના માલિકને, તેના એજન્ટ અથવા નોકરને અથવા કોઈ વ્યકિતને અથવા સદરહુ ઈન્સ્પેકટરને અથવા અન્ય અધિકારીને જે કોઈ વ્યકિત કામદાર હોવાનું માનવાને વાજબી કારણ હોય તેવી કોઈ વ્યકિતને તપાસવાની સત્તા રહેશે ; અથવા

(ઘ) આવા કારખાના, સંસ્થા, કચેરી અથવા અન્ય જગામાં રાખવામાં આવતા કોઈ રજિસ્ટર, હિસાબના ચોપડા અથવા અન્ય દસ્તાવેજોની નકલો કરવાની અથવા તેમાંથી ઉતારા કરવાની સત્તા રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મોહન ચાવડા,
સેકશન અધિકારી

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી ઓકટોબર ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૭ના ૯૭-વીબીએન/૩૭૯૪--૨૮૦૨ ૧૦૮/ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ઓકટોબર, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી /૧૯૯૭ નો ૯૭-વીબીએન/૩૭૯૪-૨૮૦૨-૧૦૮-ચ.-- ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ, સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, વલસાડ અને જિલ્લા પંચાયત, વલસાડ સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી,—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી, કોલમ ૫માં દર્શાવેલ સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે. અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી,

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા, કોલમ ૬માં જણાવેલા નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

આ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોનાં નામ	નવા ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	વલસાડ	સોનવાડા ગૃપ પંચાયત	૧. સોનવાડા (મહેસૂલી ગામ)		૧. સોનવાડા	૧. સોનવાડા (મહેસૂલી ગામ)
			૨. પંચલાઈ (મહેસૂલી ગામ)	૧. પંચલાઈ (મહેસૂલી ગામ)	૨. પંચલાઈ	૨. પંચલાઈ (મહેસૂલી ગામ)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૭મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૩મી ઓકટોબર, ૧૯૯૭ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ-૯૭/૧૦૬/એમ-એસટીપી-૧૪૭૯/યુ.ઓ.-/૧૧૩/ચ.૧] નો ગુજરાતી અનુવાદ અથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Order

Re

AMENDMENT TO THE GOVERNMENT ORDER REVENUE DEPARTMENT NO. GHM-79-191-M-STP-1479-UO-113-H- DATED THE 8TH JUNE, 1979.

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૩મી ઓકટોબર, ૧૯૯૭.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચએમ-૯૭-૧૦૬-એમ-એસટીપી-યુ.ઓ.-૧૧૩-ચ. ૧.—મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦માંની કલમ-૯ના ખંડ (ક)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, તારીખ ૮મી જૂન, ૧૯૭૯ના હુકમ ક્રમાંક : જીએચએમ-૭૯-૧૯૧ એમ-એસટીપી-૧૪૭૯ યુ.ઓ.-૧૧૩-ચ. નીચે પ્રમાણે સુધારે છે :—

સદરહુ હુકમમાં :—

(૧) "રૂા. ૬૦,૦૦૦/- (ફકત રૂપિયા સાઈઠ હજાર)" એ અક્ષરો, આંકડાઓ, કોસો અને શબ્દોને બદલે, "રૂપિયા એક લાખ" એ શબ્દો મૂકવા.

(૨) "તારીખ ૧૬મી નવેમ્બર, ૧૯૯૦ અને" એ આંકડા અને શબ્દો પછી, "અને ઉદ્યોગ અને ખાણ વિભાગના તારીખ ૬ઠ્ઠુ ડીસેમ્બર, ના સરકારી ઠરાવ ક્રમાંક : એસએઆઈ-૧૦૯૫-૧૧૨૫-કે.એચ." એ આંકડા, અક્ષરો અને શબ્દો ઉમેરવા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મહેન્દ્ર પી. દવે,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર ૩જી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૪થી ઓકટોબર, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૧૩૬ /૯૭/એસટીસી/૧૦૯૬/૨૮૨૬/ધ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE ROAD TRANSPORT CORPORATION ACT, 1950.

માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર તારીખ : ૪થી ઓકટોબર, ૧૯૯૭.

માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦.

ક્રમાંક : જી/જી/૧૩૬/૯૭/એસટીસી/૧૦૯૬/૨૮૨૬/ધ.—ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન નિયમો, ૧૯૭૧ના નિયમ-૩ સાથે વાંચતા, માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ ના ૬૪મા)ની કલમ-૫ ની પેટા-કલમ (૨), અને ગૃહ વિભાગના તારીખ ૨૨-૧૧--૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક જી-જી-૧૮૯-૯૬-એસટીસી-૧૦૯૬-૨૮૨૬-ધ અને તારીખ ૨૬-૧૨-૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૨૦૧/૯૬/એસટીસી/૧૦૯૬/૨૮૨૬/ધ. અને ગૃહ વિભાગના તારીખ ૧૮-૯-૯૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૧૨૭/૯૭/૧૦૯૬/૨૮૨૬/ધ. થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૦નું સરકારી જાહેરનામું ક્રમાંક : જીજી/૮૪/૯૦/એસટીસી/૧૦૮૭/૫૪૧/ધ, (જેનો આમાં હવે પછી "મુખ્ય જાહેરનામા" તરીકે ઉલ્લેખ કર્યો છે તે) સુધારે છે.

મુખ્ય જાહેરનામામાં, પરિચ્છેદ ખખના અનુક્રમાંક ૧૨ પછી, તાત્કાલિક અમલમાં આવે તે રીતે બિન-સરકારી ડિરેકટરની નિમણૂંક માટે, નીચેના નામો તેમની નિમણૂંકની તારીખથી ત્રણ વર્ષની મુદત માટે અથવા તેમના અનુગામીની નિમણૂંક ન થાય ત્યાં સુધી, એ બેમાંથીલાંબી હોય ત્યાં સુધી ઉમેરવા :—

(૧૩)	શ્રી મારૂતીસિંહ અટોદરીયા, મુ. અને પોસ્ટ ભરૂચ.	ડિરેકટર.
(૧૪)	શ્રી નટુભાઈ આર. ઠાકોર, મીઠાખળી, અમદાવાદ.	ડિરેકટર

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. એમ. ચૌહાણ,
ગુજરાત સરકારના સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૩જી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૦મી ઓકટોબર, ૧૯૯૭ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએસએમ/૯૭/૧૦૫/એમ/એસટીપી/૧૦૯૭/૧૮૯૫/એચ-૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Order

under

THE BOMBAY STAMP ACT, 1958.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ હેઠળ હુકમ.

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૧૦મી ઓક્ટોબર, ૧૯૯૭.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચએમ/૯૭/૧૦૫/એમ/એસટીપી/૧૦૯૭/૧૮૯૫/એચ-૧.—મુંબઈ સ્ટેમ્પ એક્ટ, ૧૯૫૮, (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા)ની કલમ-૯ના ખંડ (ક)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી નીચેના કોષ્ટકના કોલમ-૧માં વર્ણવેલા લેખ ઉપર સદરહુ અધિનિયમ હેઠળ જે ડ્યુટી લેવાપાત્ર થાય છે તે ડ્યુટી, સદરહુ કોષ્ટકના કોલમ-૨માં નિર્દિષ્ટ કરેલા દર જેટલી ડ્યુટી ઘટાડે છે.

કોષ્ટક

લેખનો પ્રકાર	ડ્યુટીના ઘટાડેલા દર
એકંદરે અમેરીકાના ૭૫૦ લાખ ડોલરની ધીરેલી અથવા ધીરવાની લોનની પરત ચુકવણીની ખાતરી માટે, ધિરનાર (ફોરેન બેંક/ઈન્સ્ટીટયુશન)ના વતી સિક્યુરીટી એજન્ટ અથવા ટ્રસ્ટીઓ તરીકે કામ કરતા ઈન્ડસ્ટીક ડીટ ઈન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા લીમીટેડની તરફેણમાં અરવિંદ મિલ્સ લિમિટેડ, અમદાવાદ-એ કરેલ ગીરોખત નો લેખ.	વધુમાં વધુ રૂા. ૨.૦૦ લાખ અધીન રહીને સિક્યોર રૂા. ૧૦૦ અથવા તેના ભાગની દરેક રકમ માટે બે રૂપિયા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. ડી. ભટ્ટ
સરકારના ઉપ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૭મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૧૨૭/૯૭/એસટીસી/૧૦૯૬/૨૮૨૬/ધ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE ROAD TRANSPORT CORPORATION ACT, 1950.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન, અધિનિયમ, ૧૯૫૦ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૧૮મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન, અધિનિયમ, ૧૯૫૦.

ક્રમાંક : જી/જી/૧૨૭/૯૭/એસટીસી/૨૮૨૬/૧૦૯૬/ધ.—ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન નિયમો, ૧૯૭૧ના નિયમ ૩ સાથે વાંચતા, માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન અધિનિયમ, ૧૯૫૦ (સન ૧૯૫૦ના ૬૪મા)ની કલમ-૫ની પેટા-કલમ (૨)થી, અને ગૃહ વિભાગના

INDEX

તારીખ ૨૨--૧૧--૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૧૮૯/૯૬/એસટીસી/૧૦૯૬/૨૮૨૬/ધ, તારીખ ૧૪--૧૨--૯૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૨૦૧/૯૬/એસટીસી/૧૦૯૬/૨૮૨ અને ગૃહ વિભાગના તા. ૨૬--૧૨--૯૬ના જાહેરનામાં ક્રમાંક : જી/જી/૨૦૫/૯૬/એસટીસી-૧૦૯૬/થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગૃહ વિભાગનું તારીખ ૩જી સપ્ટેમ્બર, ૧૯૯૧નું સરકારી જાહેરનામું ક્રમાંક : જી/જી/૮૪/૯૦/એસટીસી/૧૦૮૭/૫૪૧/ધ (જેનો આમાં હવે પછી મુખ્ય જાહેરનામા તરીકે ઉલ્લેખ કર્યો છે તે) સુધારે છે.

મુખ્ય જાહેરનામામા પરિચ્છેદ ખાતાના અનુક્રમાંક--૧૧ પછી તાત્કાલીક અસરથી બિનસરકારી ડિરેકટરની નિમણૂંક માટે, નીચેનું નામ તેમની નિમણૂંકની તારીખથી ૩ વર્ષની મુદત માટે અથવા તેમના અનુગામીની નિમણૂંક ન થાય ત્યાં સુધી, એ બેમાંથી જે મોડું હોય ત્યાં સુધી ઉમેરવું.

(૧૨) શ્રી અનુપસિંહ જીણાભાઈ સોલંકી ડિરેકટર.
મુ. અને પોસ્ટ : વાંસદા, જિલ્લો વલસાડ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. એમ. ચૌહાણ,
સરકારના સંયુકત સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી સપ્ટેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ — ૧૯ ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના સરકારશ્રી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૭ નો ૯૮-વીબીએન/ ૨૯૯૫-૨૩૮૩- ૧૩૯-ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ માટે પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૩મી ઓકટોબર, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૯૮- વીબીએન/૨૯૯૫-૨૩૮૩-૧૩૯-ચ :—ગુજરાત પંચાયત અધિનિયમ ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ, સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, બાલાશિનોર અને જિલ્લા પંચાયત ખેડા નડિયાદ સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર, આથી--

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલ વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી, કોલમ ૫માં દર્શાવેલ સ્થાનિક વિસ્તારો બાકાત કરે છે. અને સદરહુ સ્થાનિક વિસ્તારો બાકાત કર્યા પછી,--

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા, કોલમ ૬માં જણાવેલા નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

અ.નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત રાખેલ સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	બાલાશિનોર	સાલેચા ગૃપ	૧. સાલેચા (મહેસૂલી ગામ) ૨. રાજપુર વીરપુર (મહેસૂલી ગામ)	રાજપુર વીરપુર	૧. સાલેચા ૨. રાજપુર (વીરપુર)	૧. સાલેચા (મહેસૂલી ગામ) ૨. રાજપુર (વીરપુર) (મહેસૂલી ગામ)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

તારીખ ૧-૧૦-૧૯૯૭ થી ૩૧-૧૦-૧૯૯૭ દરમ્યાન પ્રસિધ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી.

અનુ. નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ	પ્રસિધ્ધ તારીખ	વિભાગનું નામ.
૧	૨	૩	૪	૫
		ભાગ—૯		
૧	૬૮	સન ૧૯૯૭નો ગુજ. વટહુકમ ક્રમાંક—૮	૧૪-૧૦-૯૭	વે. અને સં. બા. વિ.
૨	૬૯	સન ૧૯૯૭નો ગુજ. વટહુકમ ક્રમાંક—૯	,,	,,
૩	૭૦	ભા.એ.-૪૬૫-(જીએચએન-૨૮)-એમએસએ-૧૦૯૭-(એસ-૩૫)-(૪૭)-૬ તા. ૨૯-૯-૯૭	૧૭-૧૦-૯૭	,,
૪	૭૧	ભા.એ.-૪૬૯- ,, -૨૯) ,, ,, (૪૮)	,,	,,

વી. એચ. ઘચાણી,
વ્યવસ્થાપક,
સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GNR/1

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, DECEMBER 4, 1997/AGRAHAYANA 13, 1919 [No. 49

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ
સચિવાલય, ગાંધીનગર, તા. ૧૭મી ઓકટોબર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલ તારીખ ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જી/જી/૯૭/૧૧૯/એસટીસી/૧૨૯૬/૨૦૫૦/ધ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE MOTOR VEHICLES ACT, 1988.

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, તા. ૮મી સપ્ટેમ્બર, ૧૯૯૭

મોટર વાહન અધિનિયમ, ૧૯૮૮

ક્રમાંક : જી/જી/૯૭/૧૧૯/એસટીસી/૧૨૯૬/૨૦૫૦/ધ.—રાજ્યમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન દ્વારા ચલાવતા સ્ટેજ કેરેજોના ભાડાં સુધારા સંબંધી રાજ્ય વાહન વ્યવહાર સત્તામંડળને આપેલા આદેશોને લાગેવળગે છે ત્યાં સુધી, મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ (સન ૧૯૮૮ ના ૫૯મા)ની કલમ ૬૭ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ અને ગૃહ વિભાગના તા. ૧લી મે, ૧૯૯૫ના જાહેરનામા ક્રમાંક: જી/જી/૧૧૧/૯૫/એસટીસી/૧૨૯૫/૧૧૯૯/ધ. ૨૬ કરીને, ગુજરાત સરકાર, સદરહુ પેટા-કલમ (૧)ના ખંડો (ક)થી (ધ)ની જોગવાઈઓ ધ્યાનમાં લઈને, આથી સન ૧૯૯૭ના સપ્ટેમ્બર, મહિનાની ૧૨મી તારીખે અને તે તારીખથી આ જાહેરનામા સાથે જોડેલી અનુસૂચિ-માં નિર્દિષ્ટ કરેલ વિસ્તારોમાં ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશન દ્વારા ચલાવાતા સ્ટેજ કેરેજો માટે ભાડું નકકી કરવા સંબંધી રાજ્ય વાહનવ્યહાર સત્તામંડળને અને પ્રાદેશિક વાહનવ્યહાર સત્તામંડળને આદેશો આપે છે.

આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ ૨ અને ૩ માં અનુક્રમે નિર્દિષ્ટ કરેલા વિસ્તારોમાં અને રૂટો ઉપર ચલાવાતાં સ્ટેજ કેરેજો માટે તત્સમયે અમલમાં હોય તેવા મુંબઈ મોટર વાહન (ઉતારૂવેરા) અધિનિયમ ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૩મા) હેઠળ લીધેલ અથવા લેવાપાત્ર ઉતારૂ વેરો હોય તો તે સહિતનું ભાડું સદરહુ અનુસૂચિના કોલમ ૪ થી ૮ માં તેમની સામે નિર્દિષ્ટ કર્યા પ્રમાણેના તેવા વધુમાં વધુ અને ઓછામાં ઓછા ભાડાને અધીન રહેશે,

પરંતુ વિદ્યાર્થીએ કરેલી કોઈ મુસાફરીની બાબતમાં, આવો કોઈવેરો લેવામાં ન આવ્યો હોય તો, આવી મુસાફરી માટેનું ભાડું એવી રીતે નકકી કરવું જોઈશે કે જેથી એવા વેરાની રકમ તેમાંથી બાદ કરી શકાય.

INDEX

અનુસૂચિ

અનુક્રમાંક	વિસ્તારો	રૂટ	ઉતારુ વેરા સહિત વધુમાં વધુ ભાડાના દર	
			સામાન્ય બસ સેવા માટે	એક્સપ્રેસ બસ સેવા માટે
૧.	૨.	૩.	૪.	૫.
૧. જ્યાં સ્ટેજ કેરેજો ચલાવવામાં આવતી હોય ત્યાં તા. ૮-૯-૧૯૯૭ ના સરકારી જાહેરનામા ક્રમાંક : જી/જી/૯૭/૧૧૮/એસટીસી/૧૨૯૬/૨૦૯૦/ઘ.ની અનુસૂચિમાં ઉલ્લેખેલ સિવાયના ગુજરાત રાજ્યના તમામ વિસ્તારો.	તમામ રૂટો	(ક) ૬ કીલોમીટરના સ્ટેજ અથવા તેના ભાગ માટે ઉતારુ દીઠ રૂા. ૦૦.૯૦પૈસા પણ ઉકીલોમીટરના સબસ્ટેજ અથવા તેના ભાગે માટે ૪૫ પૈસા લેવાપાત્ર રહેશે. (ખ) ૫ સ્ટેજથી વધુ અંતર માટે કોઈ સબસ્ટેજ રહેશે નહિ.	ગુજરાત રાજ્ય માર્ગ વાહનવ્યવહાર કોર્પોરેશને એવી રીતે જાહેર કરેલી અને રાજ્ય વાહનવ્યવહાર સત્તામંડળ અથવા સંબંધિત પ્રાદેશિક વાહન વ્યવહાર સત્તામંડળે માન્ય કરેલી એક્સપ્રેસ બસ સેવા પૂરી પાડવામાં આવતીહોય તો
		(૧) ઉપર ગણ્યા મુજબના ભાડાંઉપરાંત ઉતારુ પાસેથી	(ક) ૬ કીલોમીરટના એક સ્ટેજ અથવા તેના ભાગ દીઠ ઉતારુ દીઠ રૂા.૧૧.૦૦ લેવામાં આવશે.
		(૧) ૨.૫ સ્ટેજ સુધીની મુસાફરી માટે ૫૦ પૈસા.	
		(૨) ૨.૫ સ્ટેજથી વધુ પણ ૫ સ્ટેજથી વધુ ન હોય તેટલી મુસાફરી માટે રૂા. ૧.૦૦	(ખ) ઉપર ગણ્યા મુજબના ભાડાં ઉપરાંત ઉતારુ પાસેથી (૧) ૫ સ્ટેજ સુધીની મુસાફરી માટે રૂા. ૪.૦૦
		(૩) ૫ સ્ટેજથી વધુ પણ ૧૦ સ્ટેજથી વધુ ન હોય તેટલી મુસાફરીમાટે રૂા. ૧.૫૦	(૨) ૫ સ્ટેજથી વધુ પણ ૧૦ સ્ટેજથી વધુ ન હોય તેટલી મુસાફરી માટે રૂા. ૭.૦૦
		(૪) ૧૦ સ્ટેજથી વધુ મુસાફરી માટે રૂા. ૨.૦૦ વધારાનું ભાડું લેવાપાત્ર રહેશે. પરંતુ ૬ કીલોમીટરના પ્રથમ સ્ટેજ અથવા તેના ભાગ માટે ઓછામાં ઓછું ભાડું પુખ્ત ઉતારુ દીઠ રૂા. ૧.૫૦ અને બાળઉતારુદીઠરૂ.૧/- રહેશે; વધુમાં ચઢવાનું સ્થળ સ્ટેજ અથવા સબ સ્ટેજ પોઈન્ટ ન હોય ત્યારે પ્રવાસ કરેલ અંતરની ગણતરી તરતજ અગાઉના સ્ટેજ અથવા સબસ્ટેજ પોઈન્ટની કરવી જોઈશે અને ઉતરવાનું સ્થળ સ્ટેજ અથવા સબસ્ટેજ પોઈન્ટ ન હોય, ત્યારે પ્રવાસ કરેલ અંતરની ગણતરી ત્યાર પછી તરતજ આવતા સ્ટેજ પોઈન્ટસુધી કરવી જોઈશે.	(૩) ૧૦ સ્ટેજથી વધુ પણ ૧૫ સ્ટેજથી વધુ ન હોય તેટલી મુસાફરી માટે રૂા. ૬.૦૦ અને (૪) ૧૫ સ્ટેજથી વધુ મુસાફરી માટે રૂા.૧૦..૦૦ વધારાનું ભાડું લેવાપાત્ર રહેશે. પરંતુ ૬ કી.મી ના પ્રથમ સ્ટેજ અથવા તેના ભાગ માટે ઓછામાં ઓછું ભાડું પુખ્ત ઉતારુ દીઠ રૂા. ૬.૦૦ અને બાળ ઉતારુ દીઠ રૂા.૩.૦૦ રહેશે (ખ) કોઈપણ સબ સ્ટેજ રહેશે નહિ; પરંતુ ચઢવાનું સ્થળ સ્ટેજ પોઈન્ટ નહોય ત્યારે, પ્રવાસ કરેલ અંતરની ગણતરી તરતજ અગાઉના સ્ટેજ પોઈન્ટથી કરવી જોઈશે અને ઉતરવાનું સ્થળ સ્ટેજ પોઈન્ટ ન હોય ત્યારે પ્રવાસ કરેલ અંતરની ગણતરી ત્યાર પછી તરતજ આવતાસ્ટેજ પોઈન્ટ સુધી કરવી જોઈશે.

INDEX

ઉતારવેચ સહિત ભાડાના વધુમાં વધુ દરો.

સેમી-લકઝરી બસ સેવા માટે.	લકઝરી બસ સેવા માટે	વાતાનુકૂલિત બસ સેવા માટે.
૬	૭	૮
ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશને જાહેર કરેલ અને રાજ્ય વાહન વ્યવહાર સત્તા-મંડળ અથવા સંબંધિત પ્રાદેશિક વાહન વ્યવહાર સત્તા મંડળે માન્ય કરેલ એવી કોઈ સેમી-લકઝરી બસ સેવા પૂરી પાડવામાં આવતી હોય તો;	ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર કોર્પોરેશને જાહેર કરેલ અને રાજ્ય વાહન વ્યવહાર સત્તામંડળ અથવા સંબંધિત પ્રાદેશિકવાહન વ્યવહાર સત્તા મંડળે માન્ય કરેલ એવી કોઈ લકઝરી બસ સેવા પૂરી પાડવામાં આવતી હોય તો,—	ગુજરાત રાજ્ય માર્ગવાહનવ્યવહાર કોર્પોરેશને જાહેર કરેલ અને રાજ્ય વાહન વ્યવહાર સત્તા-મંડળ અથવા સંબંધિત પ્રાદેશિકવાહનવ્યવહાર સત્તા મંડળે માન્ય કરેલી એવી કોઈ વાતા-નુકૂલિત બસ સેવા પૂરી પાડવામાં આવતી હોય તો,કોલમ -૭માં જણાવેલ મુજબનું ભાડું વત્તા નીચેનું વધારાનું ભાડુ :—
(ક) ૬ કિલોમીટરના એક સ્ટેજ અથવા તેના ભાગ દીઠ ઉતારૂદીઠ રૂા. ૧.૧૫ પૈસા લેવામાં આવશે.	(ક) ૬ કિલોમીટરના એક સ્ટેજ અથવા તેના ભાગ દીઠ ઉતારૂ દીઠ રૂા. ૧.૫૦ લેવામાં આવશે.	(ક) ૨૦ સ્ટેજ સુધીની મુસાફરી માટે ઉતારૂ દીઠ રૂા. ૧૫.૦૦ અને ૨૦ સ્ટેજથી વધુ મુસાફરી માટે ઉતારૂ દીઠ રૂા. ૨૦.૦૦ લેવાપાત્ર રહેશે. પરંતુ ઓછામાં ઓછું ભાડું પુખ્ત ઉતારૂ દીઠ રૂા.૨૩.૦૦અને બાળ ઉતારૂ દીઠ રૂા. ૧૧.૫૦ રહેશે.
(ખ) ઉપર ગણ્યા મુજબના ભાડા ઉપરાંત ઉતારૂ પાસેથી—	(ખ) ઉપર ગણ્યા મુજબના ભાડા ઉપરાંત ઉતારૂ પાસેથી,—	
(૧) ૫ સ્ટેજ સુધીની મુસાફરી માટે રૂા. ૫.૦૦	(૧)૫ સ્ટેજ સુધીની મુસાફરી માટે રૂા.૫.૦૦	(ખ) કોઈ સબસ્ટેજ રહેશે નહીં. પરંતુ ચઢવાનું સ્થળ સ્ટેજ પોઈન્ટ ન હોય, ત્યારે, પ્રવાસ કરેલ અંતરની ગણતરી તરત જ અગાઉના સ્ટેજ પોઈન્ટથી કરવી જોઈશે અને ઉતરવાનું સ્થળ સ્ટેજ પોઈન્ટ ન હોય ત્યારે પ્રવાસ કરેલ અંતરની ગણતરી ત્યાર પછી તરતજ આવતા સ્ટેજ પોઈન્ટ સુધી કરવી જોઈશે.
(૨) ૫ સ્ટેજ થી વધુ પણ ૧૦ સ્ટેજથી વધુ ન હોય તેટલી મુસાફરી માટે રૂા. ૭.૦૦ અને	(૨) ૫ સ્ટેજથી વધુ પણ ૧૦ સ્ટેજથી વધુ ન હોય તેટલી મુસાફરી માટે રૂા. ૭.૦૦ અને	
(૩) ૧૦ સ્ટેજથી વધુ પણ ૧૫ સ્ટેજથી વધુ ન હોય તેટલી મુસાફરી માટે રૂા.૮.૦૦	(૩) ૧૦ સ્ટેજથી વધુ પણ ૧૫ સ્ટેજથી વધુ ન હોય તેટલી મુસાફરી માટે રૂા.૮.૦૦	
(૪) ૧૫ સ્ટેજથી વધુ મુસાફરી માટે રૂા. ૧૦.૦૦	(૪) ૧૫ સ્ટેજથી વધુ મુસાફરી માટે રૂા. ૧૦.૦૦	
વધારાનું ભાડું લેવાપાત્ર રહેશે;	વધારાનું ભાડું લેવા પાત્ર રહેશે.	
પરંતુ ઓછામાં ઓછું ભાડુપુખ્તઉતારૂ દીઠ રૂા. ૭.૦૦ અને બાળ ઉતારૂદીઠ રૂા. ૩.૫૦ રહેશે.	પરંતુ ઓછામાં ઓછું ભાડું પુખ્ત ઉતારૂ દીઠ રૂા. ૮.૦૦ અને બાળ ઉતારૂદીઠ રૂા. ૪.૦૦ રહેશે.	
(ગ) કોઈ સબ સ્ટેજ રહેશે નહીં.	(ગ) કોઈ સબ સ્ટેજ રહેશે નહીં.	
પરંતુ ચઢવાનું સ્થળ સ્ટેજ પોઈન્ટ નહોય ત્યારે, પ્રવાસ કરેલ અંતરની ગણતરી તરત જ અગાઉના સ્ટેજ પોઈન્ટથી કરવી જોઈશે અને ઉતરવાનું સ્થળ સ્ટેજ પોઈન્ટ ન હોય, ત્યારે, પ્રવાસ કરેલ અંતરની ગણતરી ત્યારપછી તરતજ આવતા સ્ટેજ પોઈન્ટ સુધી કરવી જોઈશે.	પરંતુચઢવાનું સ્થળ સ્ટેજ પોઈન્ટ ન હોય ત્યારે, પ્રવાસ કરેલ અંતરની ગણતરી તરતજ અગાઉના સ્ટેજ પોઈન્ટથી કરવી જોઈશે અને ઉતરવાનું સ્થળ સ્ટેજ પોઈન્ટ ન હોય ત્યારે, પ્રવાસ કરેલ અંતરની ગણતરી ત્યાર પછી તરત જ આવતા સ્ટેજ પોઈન્ટ સુધી કરવી જોઈશે.	

સ્પષ્ટીકરણ :—

(૧) કોલમ નં ૪ થી ૮ની કોઈપણ જોગવાઈ હેઠળ ગણતરી કરેલ કુલ ભાડું ૫૦ પૈસાના ચોક્કસ ગુણાંકમાં ન હોય, ત્યારે, પ્રથમ સ્ટેજ માટે ૫૦ પૈસાના તરત પછીના ગુણાંકમાં ગણવું જોઈશે અને કોલમ નં. ૪ થી ૮ ની કોઈપણ જોગવાઈ હેઠળ ગણતરી કરેલ ભાડું રૂા. ૧/- ના ચોક્કસ ગુણાંકમાં ન હોય ત્યારે, પ્રથમ સ્ટેજ પછી રૂા ૧/-ના તરત પછીના ગુણાંકમાં ગણવું જોઈશે.

INDEX

(૨) ૨ સબસ્ટેજની બેગી મુસાફરી માટે એક સ્ટેજની મુસાફરી હોય તેમ ચાર્જ લેવામાં આવશે.

(૩) આ જાહેરનામામાં, "સ્ટેજ પોઈન્ટ" અથવા "સબ સ્ટેજ પોઈન્ટ" એ શબ્દ પ્રયોગ એટલે રૂટ ઉપર ભાડાની ગણતરી કરવાના અથવા ભાડું લેવાના હેતુ માટે પ્રાદેશિક વાહન વ્યવહાર સત્તા મંડળે એવી રીતે મંજૂર કરેલ કોઈપણ બસ સ્ટોપ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

વી. એમ. ચૌહાણ,
સરકારના સંયુકત સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GNR/2.

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, DECEMBER 11, 1997/AGRAHAYANA 20, 1919 [No. 50

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી નવેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૧૦૭/વીબીએન/૩૪૯૭/૨૭૩૭/૧૯/ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

પંચાયત અને ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૭મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૧૦૭/વીબીએન/૩૪૯૭/૨૭૩૭/૧૯/ચ : ગુજરાત પંચાયત અધિનિયમ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, પ્રાંતીજ અને જિલ્લા પંચાયત, સાબરકાંઠા, હિંમતનગર સાથે વિચાર વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી, :—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી ;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ-૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતાં કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર.	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામોમાં આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧	પ્રાંતીજ	વડોદરા	૧ વડોદરા (મહેસૂલી ગામ) ૨ પાનાપુર (પેટાપરા) ૩ નાના (પેટાપરા) ૪ સોનીસર (પેટાપરા) ૫ વાવડી (પેટાપરા)	૧ વાવડી (પેટાપરા)	૧ વડોદરા ૨ વાવડી	૧ વડોદરા (મહેસૂલી ગામ) ૨ પાનાપુર (પેટાપરા) ૩ નાના (પેટાપરા) ૪ સોનીસર (પેટાપરા) ૫ (૧) (વાવડી) (પેટાપરા)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી ઓકટોબર, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચજી/૯૭/૧૪૯/ટીપીએ-૧૨૯૭-૨૩૨૭-ખ અને જીએચજી/૯૭/૧૫૦/ટીપીએ-૧૨૯૭--૯૯૦-ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

BOMBAY MOTOR VEHICLES (TAXATION OF PASSENGERS) ACT, 1958:

મુંબઈ મોટર વાહન (ઉતારૂવેરા) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ઓક્ટોબર, ૧૯૯૭.

મુંબઈ મોટર વાહન (ઉતારૂ વેરા) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચજી/૯૭/૧૪૯/ટીપીએ-૧૨૯૭-૨૩૨૭-ખ.-- મુંબઈ મોટર વાહન (ઉતારૂ વેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૭મા) ની કલમ ૩ ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, કલમ ૩ની સદરહુ પેટા--કલમ (૧)ના હેતુ માટે, આ સાથે જોડેલી અનુસૂચિના નિર્દિષ્ટ કરેલ રૂટ મંજૂર કરે છે.--

અનુસૂચિ

(૧) વાસણાથી અડાલજ વાવ વાયા, પાલડી, ઈન્કમટેક્ષ, વાડજ, ચાંદખેડા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જસવંત ગાંધી,
ગુજરાત સરકારના ઉપસચિવ,
ગૃહ વિભાગ.

Notification

under

BOMBAY MOTOR VEHICLES (TAXATION OF PASSENGERS) ACT, 1958:

મુંબઈ મોટર વાહન (ઉતારૂવેરા) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી ઓક્ટોબર, ૧૯૯૭.

મુંબઈ મોટર વાહન (ઉતારૂવેરા) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચજી/૯૭/૧૫૦/ટીપીએ-૧૨૯૭-૯૯૦-ખ.-- મુંબઈ મોટર વાહન (ઉતારૂવેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈ ના ૬૭મા) ની કલમ ૩ની પેટા-કલમ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ કલમ ૩ ની પેટા--કલમ (૧)ના હેતુ માટે, આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ રૂટ મંજૂર કરે છે

અનુસૂચિ

(૧) લાલ દરવાજાથી લાયન્સ કર્ણાવટી એસ. વી. પટેલ આઈ હોસ્પીટલ વાયા દિલ્હી દરવાજા, ઈન્કમટેક્ષ ઉસ્માનપુરા, વાડજ, નવા વાડજ, ચાંદલોડિયા, ગોતા, ઓગણજ ગામ.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

જસવંત ગાંધી,
સરકારના ઉપસચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ.

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૭મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી નવેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના ગૃહ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચજી-૯૭-૧૧૨-ટીપીએ-૧૨૯૭-૨૩૨૭-ખ અને જીએચજી-૯૭-૧૧૩-ટીપીએ-૧૨૯૭-૨૩૨૭-ખનો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

BOMBAY MOTOR VEHICLES (TAXATION OF PASSENGERS) ACT, 1958.

મુંબઈ મોટર વાહન (ઉતારુ વેરા) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું.

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૭મી નવેમ્બર, ૧૯૯૭.

મુંબઈ મોટર વાહન (ઉતારુ વેરા) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચજી-૯૭-૧૧૨-ટીપીએ-૧૨૯૭-૨૩૨૭-ખ.– મુંબઈ મોટર વાહન (ઉતારુ વેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૭મા)ની કલમ ૩ની પેટા-કલમ (૧)ના પ્રથમ પરંતુકથી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ પરંતુકના હેતુ માટે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ રુટ મંજુર કરે છે.

અનુસૂચિ

રુટ :– લાલદરવાજા–અડાલજ–અક્ષરધામ (ગાંધીનગર) ઈન્દિરા બ્રીજ–લાલદરવાજા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જશવંત ગાંધી,
સરકારના ઉપ સચિવ.

Notification

under

BOMBAY MOTOR VEHICLES (TAXATION OF PASSENGERS) ACT, 1958.

મુંબઈ મોટર વાહન (ઉતારુ વેરા) અધિનિયમ, ૧૯૫૮ હેઠળ જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૭મી નવેમ્બર, ૧૯૯૭.

મુંબઈ મોટર વાહન (ઉતારુ વેરા) અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચજી-૯૭-૧૧૩-ટીપીએ-૧૨૯૭-૨૩૨૭-ખ.-મુંબઈ મોટર વાહન (ઉતારુ વેરા) અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૭મા)ની કલમ ૩ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ પેટા-કલમ (૧) ના હેતુ માટે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ રુટ મંજુર કરે છે.

અનુસૂચિ

રુટ :– લાલદરવાજા થી નિરમા ઈન્સ્ટીટ્યુટ ઓફ ટેકનોલોજી, વાયા–દિલ્હી દરવાજા, ઈન્કમટેક્ષ, ઉસ્માનપુરા, અંકુર, ચાણક્યપુરી, આર. સી. ટેકનીકલ ઈન્સ્ટીટ્યુટ પહોંચશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જશવંત ગાંધી,
સરકારના ઉપ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૭મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી ઓકટોબર, ૧૯૯૭ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામાં ક્રમાંક : જીએચએમ-૯૭-૧૨૮-એમ-આરજીએન-૧૦૯૬-૨૨૫૬-એચ-૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકાર,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT PROHIBITION OF TRANSFER OF IMMOVABLE PROPERTY AND PROVISION FOR PROTECTION OF TENANTS FROM EVICTION FROM PREMISES DISTRUBED AREAS ACT, 1991.

ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧ હેઠળ જાહેરનામું.

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૮મી ઓકટોબર, ૧૯૯૭.

ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ, ૧૯૯૧.

ક્રમાંક : જીએચએમ-૯૭-૧૨૮-એમ-આરજીએન-૧૦૯૬-૨૨૫૬-એચ-૧. ગુજરાત અશાંત વિસ્તારોમાંની સ્થાવર મિલકતની તબદીલી પર પ્રતિબંધ મૂકવા તથા તે વિસ્તારોમાંની જગામાંથી ભાડૂતોને ખાલી કરાવવામાંથી રક્ષણ આપવા અંગેની જોગવાઈ કરવા બાબત અધિનિયમ, (૧૯૯૧ (સન ૧૯૯૧ના ગુજરાતના ૧૨મા)ની કલમ-૧૧થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમની કલમ-૪ અને ૫ હેઠળ કલેકટર, અમદાવાદ વાપરી શકે તેવી તમામ સત્તા, નાયબ કલેકટર (મધ્યાહન ભોજન) અમદાવાદને સોંપે છે.

એન. ડી. ભટ્ટ,
સરકારના ઉપ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૭મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી ઓકટોબર, ૧૯૯૭ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીએચએમ/૯૭/૧૩૦/એમ/એસટીપી/૧૦૯૫/૯૫૭/એચ-૧ ના ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યા છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Order

under

THE BOMBAY STAMP ACT, 1958.

મુંબઇ સ્ટેમ્પ અધિનિયમ ૧૯૫૮ હેઠળ હુકમ

મહેસુલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૮મી ઓકટોબર, ૧૯૯૭.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક જીએચએમ/૯૭/૧૩૦/એમ/એસટીપી/૧૦૯૫/૯૫૭/એચ-૧.—મુંબઈસ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન૧૯૫૮ ના મુંબઈનાક૦માં)ની કલમ ૯ના ખંડ (ક) થી મળેલ સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, નીચેના કોષ્ટકના કોલમ (૧) માં નિર્દિષ્ટ કરેલ લેખો ઉપર, સદરહુ

INDEX

અધિનિયમની અનુસૂચિ-૧ના આર્ટીકલ-૨૯(ક) હેઠળ, લેવાપાત્ર સ્ટેમ્પ ડ્યુટીનો દર, ઘટાડીને, સદરહુ કોષ્ટકના કોલમ ૨માં નિર્દિષ્ટ કરેલ દર જેટલી ડ્યુટી કરે છે.

કોષ્ટક

લેખોનું વર્ણન	ડ્યુટીનો ઘટાડેલો દર.
૧	૨
સુરત એક્ષપોર્ટ પ્રોસેસિંગ ઝોનમાં કે તેના કોઈપણ પ્લોટમાં અથવા શેડમાં ઔદ્યોગિક અંડરટેકીંગ શરુકરવાનો ઈરાદો રાખતા ઉદ્યોગપતિઓને અથવા વ્યકિતઓને વેચાણ આપવાનો અથવા પટ્ટે આપવાનો લેખ,	(તારણ આપેલ) દરેક રૂા. ૧૦૦ની રકમ અથવા તેના ભાગ દીઠ ચાર રૂપિયા.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એન. ડી. ભટ્ટ,
સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૭મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૭મી ઓકટોબર, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી-૧૯૯૭નો ૧૦૧/વીબીએન-૩૪૯૫/૮૮-૬-૧ ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યા છે.

આઈ જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Notification

under

GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું.

પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૨૭મી ઓકટોબર, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૧૦૧/વીબીએન-૩૪૯૫-૮૮-૬-ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ના ગુજરાતના ૧૮મા) ની કલમ-૭થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૪૭-વીબીએન-૩૪૯૫-૮૮-૬-ચ, તારીખ ૧૦મી જુન, ૧૯૯૭ નીચે મુજબ સુધારે છે :—

(૧) અનુસુચિના કોલમ નંબર ૪માં અનુક્રમ નંબર ૩ અને ૪માં અને કોલમ નંબર-૭માં અનુક્રમ નંબર ૧ (૨) અને (૩)માં આવતા "ચિલોડા" અને નવા ચિલોડા" શબ્દોને બદલે "ચિલોડા અને "નવા ચિલોડા" શબ્દો મૂકવા.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૨૭મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી ઓકટોબર, ૧૯૯૭ના ગુજરાત સરકારના મહેસુલ વિભાગના સરકારી જહેરનામા ક્રમાંક : જીએચએમ/૯૭/૧૨૯/એમ/એસટીપી/૧૦૯૭/૧૯૮/એચ-૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

Order

under

THE BOMBAY STAMP ACT, 1958.

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૨૮મી ઓકટોબર, ૧૯૯૭.

મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮.

ક્રમાંક : જીએચએમ/૯૭/૧૨૯/એમ/એસટીપી/૧૦૯૭/૧૯૮/એચ-૧.—મુંબઈ સ્ટેમ્પ અધિનિયમ, ૧૯૫૮ (સન ૧૯૫૮ના મુંબઈના ૬૦મા) ની કલમ-૯ના ખંડ (ક)થી મળેલ સત્તાની રુએ, ગુજરાત સરકાર આથી, જેમની જમીન રાજ્યમાં સિંચાઈના હેતુ માટે સંપાદન કરવામાં આવેલ હોય તેવી કોઈપણ વ્યકિતની તરફેણમાં, માલિકીફેર ખત પર, સદરહું અધિનિયમ હેઠળ લેવાપાત્ર ડ્યુટી, નીચેની શરતોને અધીન રહીને માફ કરે છે :—

(૧) આવી રીતે ખરીદેલ જમીન, સંપાદન કરેલ જમીનના વિસ્તારના બમણા કરતાં વધવી જોઈએ નહિ, અથવા

(૨) ખરીદેલ જમીનની બજાર કિંમત, પોતાને મળેલ વળતરની રકમ કરતાં વધવી જોઈએ નહિ.

(૩) સંપાદન કરેલ જમીન માટેના વળતરની ચુકવણાની તારીખથી ત્રણ વર્ષની મુદત ની અંદર માલિકી ફેર ખત કરવું જોઈશે.

(૪) જે વ્યકિતની તરફેણમાં માલિકી ફેર ખત કરેલ હોય તે વ્યકિતએ,—

(ક) પોતાની જમીન સિંચાઈ યોજના માટે સંપાદન કરવામાં આવી છે તેવી મતલબનું પ્રમાણપત્ર, અથવા

(ખ) પોતાને મળેલ વળતરના એવોર્ડની નકલ રજુ કરવી જોઈશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

એન. ડી. ભટ્ટ,
સરકારના ઉપ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ,

સચિવાલય, ગાંધીનગર, ૨૭મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૫મી નવેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના મહેસૂલ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચએમ/૯૭/૧૩૫/એમ/ઈસીએલ/૧૧૯૪/૧૮૮૯/છ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

under

THE GUJARAT AGRICULTURAL LAND CEILING ACT, 1960.

ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૬૦ હેઠળ જાહેરનામું.

મહેસૂલ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા અધિનિયમ, ૧૯૬૦.

ક્રમાંક : જીએચએમ/૯૭/૧૩૫/એમ/ઈસીએલ/૧૧૯૪/૧૮૮૯/છ.- શ્રી દમાલી ગોપાલન અને ગણોતિયા કો. ઓ. કૃષિ મંડળી લિમિટેડ દુમાલી, તાલુકા ધોળકા, જિલ્લો અમદાવાદ એ (જેનો આમાં હવે પછી, "અરજદાર મંડળી" તરીકે ઉલ્લેખ કર્યો છે તેણે) ગુજરાત ખેત જમીન ટોચમર્યાદા નિયમો, ૧૯૬૦ના નિયમ ૪ સાથે વાંચતાં, ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમ, ૧૯૬૦ની કલમ ૩ની પેટા--કલમ (૧) ના ખંડ (૧) હેઠળ મુકિત માટે અરજી કરી છે ;

અને રાજય સરકારનો એવો અભિપ્રાય છે કે અહીં નીચે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલ સરવે નંબરોવાળી જે જમીન (જેનો આમાં હવે પછી "સદરહુ જમીન" તરીકે ઉલ્લેખ કર્યો છે તે), અરજદાર મંડળીને, ખેડૂતોની આર્થિક અને સામાજિક સ્થિતિ સુધારવાના અથવા ખેતી માટે જમીનનો સંપૂર્ણ અને કાર્યક્ષમ ઉપયોગ કરવાના પોતાના ઉદ્દેશો માટે જરૂરી છે.

તેથી, હવે, ગુજરાત ખેત જમીન ટોચ મર્યાદા અધિનિયમ ૧૯૬૦ (સન ૧૯૬૧ ના ગુજરાત અધિનિયમ, ક્રમાંક ૨૭મા) ની કલમ ૩ની પેટા--કલમ (૧)ના ખંડ (૧) થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી સદરહુ કલમ ૩ની પેટા--કલમ (૧)ના ખંડ (૧)ના હેતુ માટે અરજદાર મંડળીને માન્ય કરે છે.

અનુસૂચિ

શ્રી દુમાલી ગોપાલન અને ગણોતિયા કૃષિ કો. ઓપ. મંડળી લિમીટેડ, દુમાલી, તા. ધોળકા, જિલ્લો અમદાવાદની માલિકીની ખેત જમીનની વિગતો.

જિલ્લો	તાલુકો	ગામ	સરવે નં.	ક્ષેત્રફળ એકર--ગુંઠા
૧	૨	૩	૪	૫
અમદાવાદ	ધોળકા	દુમાલી	૩૧૦/૧	૨૦૦--૦૦
			૧૬૮/૨	૪૯--૦૦
			૪૦૨	૦૭--૦૦
			કુલ	૨૫૬--૦૦
	(બસો છપ્પન એકર પૂરા).		તા. ૧--૪--૧૯૭૬ ના રોજ હોય તે પ્રમાણે.	

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સી. ડી. પટેલ,
સરકારના નાયબ સચિવ.
મહેસૂલ વિભાગ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GNR/3

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, DECEMBER 18 1997/AGRAHAYANA 27, 1919 [No. 51

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART—IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર,

તારીખ ૨૯મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૭મી નવેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત અને ગામ ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૭નો ૧૦૬/વીબીએન/૩૪૯૬/૧૩૩૧-૩૨-ચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારું પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. જી. શિકારી,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર,

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સંચિવાલય, ગાંધીનગર, તારીખ ૭મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક કેપી/૧૯૯૭નો ૧૦૬/વીબીએન/૩૪૯૬/૧૩૩૧/૩૨/ચ.—ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન૧૯૯૩ ના ગુજરાતના ૧૮મા)ની કલમ ૭થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, પ્રાંતિજ અને જિલ્લા પંચાયત સાબરકાંઠા, હિમતનગર સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર, આથી:—

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં, દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહુ સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારોનાં બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ.	નવા ગામો આવરી લીધેલ વિસ્તાર.
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	પ્રાંતિજ	આણીઓડ	૧. આણીયોડ		૧. આણીઓડ.	૧. ૧ આણીઓડ. (મહેસૂલી ગામ)
			૨. નારજીના મુવાડા (પેટાપરા)			૨. નારજીનામુવાડા (પેટાપરા)
			૩. ભામરેચીના મુવાડા (પેટાપરા)			૩. ભામરેચીના મુવાડા(પેટાપરા)
			૪. બોરિયા (પેટાપરા)	૧. બોરિયા (પેટાપરા)	૨. બોરિયા જાગપુર	૨.૧. બોરિયા. (પેટાપરા)
			૫. બોરિયા છાપરા (પેટાપરા)	૨. બોરિયા છાપરા (પેટાપરા)		૨. બોરિયા છાપરા (પેટાપરા)
			૬. વેણાના છાપરા (પેટાપરા)	૩. વેણાના છાપરા (પેટાપરા)		૩. વેણાના કાપરા (પેટાપરા)
			૭. કુબેરપુરા (પેટાપરા)	૪. કુબેરપુરા (પેટાપરા)		૪. કુબેરપુરા (પેટાપરા)
			૮. જાગપુર (પેટાપરા)	૫. જાગપુર (પેટાપરા)		૫. જાગપુર (પેટાપરા)

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX

REGISTERED NO. G/GNL/4.

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. XXXVIII] THURSDAY, DECEMBER 25, 1997/PAUSA 4, 1919 [No. 52

Separate paging is given to this Part in order that it may be filed as a separate compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૬ઠ્ઠી ડીસેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના કાયદા વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીકેટુ/૨૦/૯૭/ઈએસટી/૧૦૯૫/જીપીએચસી/૫૩૯૫/એચ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

શ્રીમતી એમ. એસ. કાપડિયા,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

re

THE SPECIAL OFFICER (ADMINISTRATION) AND ACCOUNTS), CLASS-I IN, THE OFFICE OF THE GOVERNMENT PLEADER, HIGH COURT OF GUJARAT RECRUITMENT RULES, 1997.

સરકારી વકીલ, ગુજરાત હાઈકોર્ટની કચેરીમાં, ખાસ અધિકારી (વહીવટ અને હિસાબ) વર્ગ-૧ ભરતી નિયમો, ૧૯૯૭ સંબંધી જાહેરનામું.

કાયદા વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૯મી નવેમ્બર, ૧૯૯૭.

ભારતનું સંવિધાન.

ક્રમાંક : જીકે/૨૦/૯૭/ઈએસટી/૧૦૯૧/જીવીએચટી/૫૩૯૫/એચ —ભારતના સંવિધાનની કલમ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર આથી, સરકારી વકીલ, ગુજરાત હાઈકોર્ટની કચેરીમાં, ખાસ અધિકારી (વહીવટ અને હિસાબ) વર્ગ-૧ની જગા પરની ભરતીનું નિયમન કરવા માટે જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે.

૧. આ નિયમો, સરકારી વકીલ, ગુજરાત હાઈકોર્ટની કચેરીમાં, ખાસ અધિકારી (વહીવટ અને હિસાબ) વર્ગ-૧ ભરતી નિયમો, ૧૯૯૭ કહેવાશે.

૨. ખાસ અધિકારી (વહીવટ અને હિસાબ) વર્ગ-૧ની જગા પરની નિમણૂંક સરકારી વકીલ, હાઈકોર્ટની કચેરીમાં સેકશન અધિકારી સંવર્ગમાં ઓછામાં ઓછા આઠ વર્ષ સુધી કામ કર્યું હોય તેવી વ્યકિતઓમાંથી સિધ્ધ ગુણવત્તા અને કાર્યદક્ષતા વાળી વ્યકિતને બઢતી આપીને કરવામાં આવશે.

પરંતુ નિમણૂંક કરનાર અધિકારીને એમ ખાતરી થાય કે ઉપર નિર્દિષ્ટ કરેલ અનુભવવાળી વ્યકિત બઢતી માટે ઉપલબ્ધ નથી અને ઓછા અનુભવવાળી વ્યકિતને બઢતી આપીને જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો, તે કારણોની લેખિતમાં નોંધ કરીને, ઉપર નિર્દિષ્ટ કરેલ મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી ન હોય તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યકિતને બઢતી આપી શકશે.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

પી. જે. પટેલ,
સરકારના ઉપ સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ડિસેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૧મી નવેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચમ-૯૭-(૮૦)-જીઆઈડી-૧૦૯૩-૧૯૩૫-જી-૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂં પ્રસિધ્ધ કર્યો છે.

આર. એમ. પરમાર,
સરકારના નાયબ સચિવ.

INDEX

Notification

Under

THE GUJARAT MUNICIPALITIES ACT, 1963.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ હેઠળ જાહેરનામું

ઉદ્યોગ અને ખાણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૧મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.

ક્રમાંક : જીએચયુ-૯૭-૮૦-જીઆઈડી-૧૦૯૩-૧૯૩૫-જી-૧ : ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા નીં કલમ ૨૭૭ની પેટા-કલમ (૩) થી ફરમાવ્યા પ્રમાણે વાલીયા ઝઘડીયા નોટિફાઈડ એરિયા એકત્રિત વેરા નિયમો, ૧૯૯૭નો મુસદ્દો, તારીખ ૧૧મી જુલાઈ, ૧૯૯૭ ના ઉદ્યોગ અને ખાણ વિભાગના જાહેરનામા ક્રમાંક : જીએચય--૯૭-(૩૭)-જીઆઈડી-૧૦૯૩--૧૯૩૫-જી-૧ હેઠળ તારીખ ૧લી જુલાઈ, ૧૯૯૭ના ગુજરાત સરકારી રાજપત્ર, અસાધારણ, ભાગ ૪ બી ના પાના ૧૬૬--૧ થી ૧૬૬--૪ પર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તે તમામ વ્યકિતઓ પાસેથી, સદરહુ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની અંદર વાંધા અને સૂચનો મંગાવ્યા હતા,.

અને ભરૂચ જિલ્લા કલેકટર, ભરૂચને સદરહું જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં કોઈ વાંધા અથવા સૂચનો મળેલ નથી.

તેથી, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪માં ની કલમ ૨૭૭ સાથે વાંચતા, કલમ ૨૬૪--ખ થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી નીચેના નિયમો કરે છે :—

૧. ટૂંકી સંજ્ઞા.—આ નિયમો, વાલીયા--ઝઘડીયા નોટિફાઈડ એરિયા એકત્રિત વેરા નિયમો, ૧૯૯૭ કહેવાશે.

૨. વ્યાખ્યા.—આ નિયમોમાં, સંદર્ભથી અન્યથા અપેક્ષિત ન હોય તો,—

(ક) "અધિનિયમ" એટલે ગુજરાત નગરપાલિકા અધિનયમ, ૧૯૬૩;

(ખ) "મકાન" એટલે અધિનિયમની કલમ ૨ના ખંડ (૨)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનું મકાન;

(ગ) "રહેણાંકના હેતુઓ માટે વપરાતું મકાન" એટલે એકના એક કબજેદાર દ્વારા માનવ વપરાશ તરીકે અથવા વેપારના સામાન્ય ક્રમમાં વેચાણ માટે ઈરાદો ન હોય તે જમીનો સહિતની માલ--મિલકતની કસ્ટડી માટેની જગ્યા તરીકે વપરાતું હોય તેવું કોઈપણ મકાન અથવા એક જ વોડમાંના સંખ્યાબંધ મકાનો ;

(ઘ) "ધંધાના હેતુ માટે વપરાતું મકાન" એટલે કોઈપણ પ્રકારનો માલ અને સર્વિસ તૈયાર કરવા અથવા બનાવવા માટે અથવા વેપાર માટે અથવા હેરફેરના ધંધા માટે અથવા રહેણાંકના સિવાયના અન્ય કોઈપણ હેતુ માટે એકનો એક ભોગવટેદાર વાપરતો હોય તેવું કોઈપણ મકાન અથવા એક જ વોર્ડમાંના સંખ્યાબંધ મકાનો.

(ચ) "કોર્પોરેશન" એટલે ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ હેઠળ રચાયેલ ગુજરાત ઔદ્યોગિક વિકાસ કોર્પોરેશન

(છ) "એકત્રિત વેરો" એટલે આ નિયમો હેઠળ નોટિફાઈડ એરિયામાં નાંખેલો વેરો.

(જ) "જમીન" એટલે અધિનિયમની કલમ--૨ના ખંડ (૧૧)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેની જમીન;

(ઝ) "નોટિફાઈડ એરિયા અધિકારી" એટલે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ની કલમ ૧૬ હેઠળ આકારણી અને વસૂલાતના હેતુ માટે નીમેલ કોર્પોરેશનના કોઈ અધિકારી,

(ટ) "નોટિફાઈડ એરિયા" એટલે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ અધિનિયમ, ૧૯૬૨ની કલમ ૧૬ હેઠળ તેવા વિસ્તાર તરીકે જાહેર કરેલ વિસ્તાર;

INDEX

(ઠ) "ભોગવટેદાર" એટલે યથાપ્રસંગ, માલિકીફેર ખતની રૂએ, લાઈસન્સદાર, પટેદાર અથવા મિલકતના માલિક તરીકે કોર્પોરેશનનો એલોટી (ભાડૂત) અથવા જે વ્યક્તિ ભાડાપટાની રૂએ, અથવા દેખરેખ રાખનાર ટ્રસ્ટી તરીકે અથવા અન્યથા અથવા મિલકતનો કબજો ધરાવતી હોય તેવી વ્યક્તિ અથવા તે સમયે નોટિફાઈડ એરિયામાં આવેલ મિલકતના બીજાં જે માલિકો કોઈપણ જમીન અથવા મકાનનું ભાડું પોતે જાતે અથવા બીજી કોઈ વ્યક્તિના એજન્ટ અથવા ટ્રસ્ટી તરીકે અથવા કોઈ મંડળી માટે અથવા કોઈ ધર્માદા અથવા સખાવતી હેતુઓ માટે સ્વીકારતા હોય અથવા જો એવી જમીન અથવા મકાન ગણોતિયાને ભાડે આપ્યું હોય, તો એ રીતે ભાડું સ્વીકારે તે.

સ્પષ્ટીકરણ.—"ટ્રસ્ટી, લેનાર, માલિકી ફેરબતની રૂએ મિલકતનો કબજો ધરાવતી વ્યક્તિ, ભાડા પટો" એ શબ્દોનો અર્થ યથાપ્રસંગ, કોર્પોરેશનના મિલકત નિકાલ અંગેના વિનિયમો, ૧૯૯૭ અથવા કોર્પોરેશનના જમીન નિકાલ અંગેના વિનિયમો, ૧૯૬૮ અથવા ભાડા વિનિયમો, ૧૯૭૧માં જે અર્થ કરવામાં આવ્યો છે તે જ થશે.

(ડ) "માલિક" એટલે અધિનિયમની કલમ--૨ના ખંડ (૧૮)માં વ્યાખ્યા કર્યા પ્રમાણેનો માલિક;

(ઢ) "વર્ષ" એટલે નાણાંકીય વર્ષ.

૩. એકત્રિત વેરાનો દર.—નોટિફાઈડ એરિયાની હદમાં આવેલ તમામ મકાનો અને જમીનો ઉપરનો એકત્રિત વેરો, નીચેના વેરાના બદલામાં, પૂરવણી--કમાં નિર્દિષ્ટ કરેલા દરે લેવામાં આવશે :—

(ક) મકાનો અથવા જમીનો ઉપરનો વેરો.

(ખ) સામાન્ય સફાઈ ઉપકર.

(ગ) દીવાબત્તી વેરો.

૪. મુક્તિ:—(૧) નીચેનાને એકત્રિત વેરામાંથી મુક્તિ આપવામાં આવશે :—

(ક) કેન્દ્ર અથવા રાજ્ય સરકાર, પંચાયત, જિલ્લા સ્કૂલ બોર્ડ અને મ્યુનિસિપલ સ્કૂલ બિલ્ડીંગના માલિકીનાં મકાનો અને જમીન.

(ખ) પ્રાચીન સ્મારક જાળવણી અધિનિયમ, ૧૯૦૪ અથવા ગુજરાતનો પ્રાચીન સ્મારકો અને પુરાતત્વ વિષયક સ્થળો અને અવશેષો બાબતનો અધિનિયમ, ૧૯૬૪ના અર્થ મુજબ સંરક્ષિત સ્મારકો જાહેર કરેલ હોય અને જેમાંથી કોઈ મહેસૂલ કે ભાડું ઉપજતું ન હોય, તેવા તમામ મકાનો અને જમીનો.

(ગ) જેમનો માત્ર જાહેર પૂજા માટે અથવા સખાવતી અને શૈક્ષણિક હેતુઓ માટે ઉપયોગ અથવા ભોગવટો કરવામાં આવતો હોય અને જેમાંથી કોઈ મહેસુલ અથવા ભાડું ઉપજતું ન હોય તેવા તમામ મકાનો અને જમીનો અથવા તેના ભાગો.

(૨) માલ ઉત્પાદન કરવામાં અને સર્વિસમાં રોકાયેલ કોઈપણ ભોગવટેદારને, નીચે પ્રમાણે વેરો ભરવામાંથી મુક્તિ આપવામાં આવશે

(૧) ફાળવણીની તારીખથી શરૂ કરીને પ્રથમ વર્ષ માટે.

(૨) બીજા વર્ષથી પાંચમાં વર્ષ માટે ૫૦ ટકા સુધી.

(૩) એલોટી (ભાડૂત) ન હોય તેવો કોઈપણ ભોગવટેદાર, તે જમીન અથવા મકાનનો માલિક થાય અથવા જમીન કે મકાન મેળવે તે વર્ષની તે તારીખથી ઉપર જણાવ્યા પ્રમાણે મુક્તિ મેળવવા હકદાર થશે.

૫. એકત્રિત વેરાની આકારણી અને જવાબદારી—(ક) વેરો, અધિનિયમની જોગવાઈઓ અનુસાર, જેટલે સુધી લાગુ પાડી શકાય તેટલે સુધી આકારવો અને વસૂલ કરવો જોઈશે.

(ખ) ભોગવટેદાર, આ નિયમો હેઠળ વેરો ભરવા માટે પ્રથમત: જવાબદાર રહેશે.

(ગ) મકાનના બાંધકામનો માલિક, આ નિયમો હેઠળ, વેરો ભરવા માટે પ્રથમત: જવાબદાર રહેશે.

(ઘ) વેરો દર વર્ષે એપ્રિલ મહિનાની પહેલી તારીખે અથવા તે પહેલા એક હપ્તામાં અગાઉથી ભરવો પડશે.

૬. માફી અને રિફંડ :—(ક) જો કોઈ મકાન અથવા જમીન આખા વર્ષ દરમિયાન ખાલી રહ્યા હોય અને તેનો ઉપયોગ થયો ન થયો અને નોટિફાઈડ એરિયા અધિકારી તે મતલબની નોટિસ આપી હોય તો વેરાની રકમના અર્ધાથી વધુ ન હોય તેટલા પ્રમાણમાં માફી અથવા રિફંડ આપવામાં આવશે.

INDEX

પરંતુ આવી નોટિસ મળ્યાની તારીખની અગાઉની કોઈપણ મુદત માટે, કોઈપણ માફી કે રિફંડ અમલમાં આવશે નહિ.

(ખ) જો કોઈ મકાનનો કોઈપણ ભાગ તોડી પાડવામાં આવ્યો હોય તો વેરાની રકમના એક ચતુર્થાંશ કરતાં વધુ ન હોય તેટલા પ્રમાણમાં માફી અથવા રિફંડ આપવામાં આવશે.

૭. લેખિત નોટિસ આપવા બાબત.—નીચેની બાબતમાં નોટિફાઈડ એરિયા અધિકારીને એક મહિનાની અંદર લેખિત નોટિસ આપવાની કોઈ મકાન કે જમીન માલિકની ફરજ રહેશે.

(ક) મકાન નવું ઉભું કરવામાં અથવા બાંધવામાં આવ્યું હોય, તે બાબતમાં.

(ખ) અગાઉ જેની આકારણી કરવામાં આવી હોય તેવું કોઈ મકાન વધારવામાં આવ્યું હોય અથવા ફરી બાંધવામાં આવ્યું હોય અથવા ફરી બાંધકામ કરવામાં આવ્યું હોય અથવા તેમાં સુધારા વધારા કરવામાં આવ્યા હોય અથવા અન્યથા એવી રીતે સુધારો કરવામાં આવ્યો હોય, કે જેથી કરીને તેની મૂડીરૂપી કિંમત વધી જાય, તે બાબતમાં,

(ગ) અગાઉ જેની આકારણી કરવામાં આવી હોય તેવા કોઈ મકાન અથવા જમીનના ભાગલા પાડવામાં આવ્યા હોય, તે બાબતમાં

(ઘ) જો કોઈ મકાન સંપૂર્ણત: અથવા અંશત: તોડી પાડવામાં આવ્યું હોય અથવા આગથી, નાશ પામ્યું હોય અથવા પડી ગયું હોય અથવા અન્યથા તેની ભાડાની કિંમત ઘટી ગઈ હોય, તે બાબતમાં,

સ્પષ્ટીકરણ.—એક મહિનાની મુદત (ક), (ખ), (ગ) ની બાબતમાં મકાન પુરું થયાની તારીખ અથવા તેના ભોગવટાની તારીખ એ બેમાંથી-જે વહેલું હોય તે તારીખથી અને (ઘ) ની બાબતમાં બનાવ બન્યાની તારીખથી ગણવામાં આવશે.

૮. નોટિસ મળે ત્યારે આકારણી કરવા બાબત :— (૧) નિયમ--૭ હેઠળ લેખિત નોટિસ મળે ત્યારે, નોટિફાઈડ એરીયા અધિકારીઓ જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, મકાનની આકારણી કરાવવી જોઈશે.

(૨) આવી આકારણી કર્યા પછી, નોટિફાઈડ એરિયા અધિકારીએ આવું મૂલ્યાંકન અલગ રાખેલી યાદીમાં નોંધવું જોઈશે અને વર્ષની સમાપ્તિ પછી, આકારણીમાં કરેલા આવા ફેરફારો પ્રમાણિત આકારણીની યાદીમાં નોંધવા જોઈશે.

૯. ઉત્તરાધિકાર બાબત તકરાર હોય, ત્યારે આકારણીની યાદીમાં માલિકના નામ બાબત :— આકારણી યાદીમાં કોઈ મિલકતના માલિક તરીકે જેનું નામ દાખલ કર્યું હોય તે કોઈપણ વ્યકિતના ઉત્તરાધિકાર સંબંધી કોઈ તકરાર હોય ત્યારે, ઉત્તરાધિકારના દાવેદારોમાંથી જે દાવેદાર ખરેખરા ભોગવટાથી અથવા અન્યથા મિલકતનો કબજો ધરાવતો હોય તેનું નામ, આકારણી યાદીમાં માલિક તરીકે દાખલ કરવું જોઈશે અને તકરારની પતાવટ અથવા સત્તા ઠરાવતી કોર્ટનો હુકમ રજૂ કર્યે અથવા અન્ય રીતે અન્ય દાવેદાર નોટિફાઈડ એરીયા અધિકારીને ખાતરી ન કરાવે કે તે વ્યકિતગત રીતે અથવા સંયુકત રીતે મિલકતના માલિક તરીકે હકદાર થાય છે ત્યાં સુધી, વેરો તેની પાસેથી વસૂલ કરવામાં આવશે.

૧૦. તબદીલ કરનારે અને તબદીલીથી લેનારે લેખિત નોટિસ આપવા બાબત :— કોઈ મકાન અથવા જમીનના સંબંધમાં, વેરા ભરવા માટે પ્રથમત: જવાબદાર કોઈ વ્યકિતનો હક લેખિત લેખ દ્વારા અથવા અન્યત્ર તબદીલ થયો હોય, ત્યારે તબદીલ કરનારે અને તબદીલીથી લેનારે, તબદીલી કરવામાં આવી હોય તે પછી ત્રણ મહિનાની અંદર, નોટિફાઈડ એરિયા અધિકારીને લેખિત નોટિસ આપવી જોઈશે જેઓ પોતાને જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી, આકારણી યાદીમાં તબદીલી કરનારને સ્થાને તબદીલીથી લેનારનું નામ દાખલ કરવાનો હુકમ કરશે, ત્યાર પછી, તબદીલીથી લેનાર, એવી રીતે તબદીલ થયેલી મિલકતના સંબંધમાં બાકી રકમ હોય તો તે સહિત સમગ્ર વર્ષના લેણાં વેરા માટે જવાબદાર રહેશે.

૧૧. વારસદારોએ નોટિસ આપવા અને તેમની જવાબદારી બાબત :— કોઈ વ્યકિતનું મૃત્યુ થાય તે પ્રસંગે, જેને મરહુમના મિલકતના હક વારસ તરીકે અથવા બીજી રીતે તબદીલ થાય તે વ્યકિતની કર ભરવાની પ્રથમત. જવાબદારી થશે. આવી વ્યકિતએ મરહુમના મૃત્યુની તારીખથી ત્રણ મહિનાની અંદર નોટિફાઈડ એરીયા અધિકારીને આવી તબદીલીની નોટિસ આપવી જોઈશે. નોટિફાઈડ એરીયા અધિકારીઓ જરૂરી જણાય તેવી તપાસ કર્યા પછી મરહુમના વારસદારોના નામો આકારણી યાદીમાં દાખલ કરવાનો હુકમ કરવો જોઈશે અને આવા વારસદારો લેણાં નીકળતા વેરાની બાકી રકમ સહિત આખા વર્ષ માટેના લેણાં નીકળતાં વેરાની ચૂકવણી માટે જવાબદાર થશે.

૧૨ નિર્ણય આખરી ગણવા બાબત.—વેરા અને બીજી બાબતોના સંબંધમાં, તે અંગેનો નોટિફાઈડ એરીયા અધિકારીનો નિર્ણય આખરી ગણાશે.

INDEX

પુરવણી—ક

(જુઓ નિયમ--૩)

વાલીયા--ઝઘડીયા નોટિફાઈડ એરિયા માટેના એકત્રિત વેરાના દર.

નોટિફાઈડ એરિયાનું નામ ૧	એકત્રિત વેરાનો દર. ૨
વાલીયા--ઝઘડીયા નોટિફાઈડ એરીયા (તાલુકો ભરૂચ) (જિલ્લો : ભરૂચ)	(૧). રૂા. ૨૧૫૯૯થી વધુ ન હોય તેટલી વેરાપાત્ર કિંમત ઉપર ૧૨ ટકા (રૂા. ત્રણ લાખ સુધીની કિંમત કરેલ મિલકતો માટે). (૨) રૂા. ૨૧૫૯૯થી વધુ પણ રૂા. ૩૬૦૦૦થી વધુ નહિ તેટલી વેરાપાત્ર કિંમત ઉપર ૧૨.૫ ટકા (રૂા. ત્રણ લાખથી ઉપરની અને રૂા. પાંચ લાખ સુધીની આકારેલી કિંમતની મિલકતો માટે). (૩) રૂા. ૩૬૦૦૦/- થી વધુ આંકારેલ કિંમત ઉપર ૧૩.૫ ટકા (રૂા. પાંચ લાખથી ઉપર આકારેલી કિંમતો).

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

એ. એમ. જોષીયારા,
સરકારના ઉપ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૮મી ડીસેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૧મી નવેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક જીવીઓન/૨૫/૯૭/ ટીપીઆરએફ/૧૦૯૭/૧૦૮૪/જી--૧ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આર. એમ. પરમાર,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT PRIVATE FORESTS (ACQUISITION) ACT, 1972

ગુજરાત ખાનગી જંગલ (સંપાદન) અધિનિયમ, ૧૯૭૨ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

વન અને પર્યાવરણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ખાનગી જંગલ (સંપાદન) અધિનિયમ, ૧૯૭૨.

ક્રમાંક : જીવીઓન/૨૫/૯૭/ટીપીઆરઓફ/૧૦૯૭/૧૦૮૪/જી. ૧.-- ગુજરાત ખાનગી જંગલ (સંપાદન) અધિનિયમ, ૧૯૭૨ (સન ૧૯૭૩ નો અધિનિયમ ક્રમાંક ૧૪ મા) ની કલમ-૨ના ખંડ (ગ) થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલા અગાઉના તમામ જાહેરનામા રદ કરીને, ગુજરાત સરકાર, આથી, સદરહુ અધિનિયમ હેઠળ કલેકટરની સત્તા વાપરવા અને ફરજો બજાવવા માટે, નાયબ કલેકટર દરજ્જાના અધિકારી શ્રી એસ. કે. પટણીને નીમે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

બી. કે. ઝાલા,
સરકારના ઉપ સચિવ.

INDEX

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭મી નવેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૧૩૫/ડીવીપી-૧૩૮૯/૩૮૨૨/એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. એમ. પરમાર,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર તારીખ ૧૭મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૧૩૫/ડીવીપી-૧૩૮૯/૩૮૨૨/એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય હતો કે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના તા. ૨૭મી એપ્રિલ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮નો ૧૦૨/ડીવીપી-૧૩૮૫-૧૫૦૭-(૮૮)-એલ હેઠળ મંજુર કરેલી રાજકોટ શહેરી વિકાસ સત્તામંડળ માટેની છેવટની વિકાસ યોજના (જેનો આમાં હવે પછી, સદરહુ વિકાસ યોજના" તરીકે ઉલ્લેખ કર્યો છે તે ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી હતું;

અને સદરહુ વિકાસ યોજનામાં કરવા ધારેલો ફેરફાર, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬નાં રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા) (જેનો આમાં હવે પછી, સદરહુ અધિનિયમ" તરીકે ઉલ્લેખ કર્યો છે તે)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી ઠરાવ્યા પ્રમાણે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૩૦ જુન, ૧૯૯૭ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭ નો ૬૭/ડીવીપી-૧૩૮૯-૩૮૨૨-એલ હેઠળ, તારીખ ૩૦ જૂન, ૧૯૯૭ના ગુજરાત સરકારના રાજપત્ર ભાગ ૪-બીના પાના નં. ૧૧૨-૧ અને ૧૧૨-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફારના સંબંધમાં સૂચનો અથવા વાંધા હોય તો તે, સદરહુ ફેરફાર પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર ગુજરાત સરકારના અગ્ર સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ સચિવાલય, ગાંધીનગરને લેખિત રજૂ કરવા ફરમાવતી નોટિસ તેની સાથે પ્રસિધ્ધ કરી હતી.

અને, ગુજરાત સરકારને કોઈ વાંધા અથવા સૂચનો મળેલ નથી;

તેથી, હવે, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી:—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિમાં જણાવ્યા પ્રમાણે સદરહુ વિકાસ યોજના કરવાનો સદરહુ ફેરફાર મંજુર કરે છે, અને

(ખ) નિર્દિષ્ટ કરે છે કે એ રીતે કરવાનો ફેરફાર ૧૭મી નવેમ્બર, સન ૧૯૯૭થી અમલમાં આવશે.

INDEX

અનુસૂચિ

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૨૭મી એપ્રિલ, ૧૯૮૮ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૮૮નો ૧૦૨/ડીવીપી-૧૩૮૫-૧૫૦૭/એલ થી મંજૂર કરેલી રાજકોટ શહેરી વિકાસ સત્તા મંડળની છેવટની વિકાસ યોજનામાંનો ફેરફાર.

રૂડાની વિકાસ યોજનામાં "રુડા સાઈટ અને સર્વિસ પ્રોજેક્ટ (આર. એસ. એસ.પી.)" માટે અનામત રાખેલી આ સાથે જોડેલા પ્લાનમાં "ABCDEFGHIH" નિશાનીથી દર્શાવેલ રૂડાની મહેસૂલી સરવે નંબર : ૩૧૮/પી અને ૧૬૭/પી ૯/એ-૩૩ ગું. માપવાળી જમીન, સદરહુ અનામતમાંથી કમી કરવી અને એ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ-૧૨ (૨) (ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના અધિકારી અને સંયુકત સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૮મી ડિસેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૧૭મી નવેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૧૩૪/ડીવીપી/૨૭૯૬/૨૯૩-એલ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. એમ. પરમાર.
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું.

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, તારીખ ૧૭મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭નો ૧૩૪/ડીવીપી/૨૭૯૬/૨૯૩-એલ.—ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે સરકારી જાહેરનામા ક્રમાંક :- જીએચ-વી-૧૯૯૩નો ૧૩૩-૨૭૯૨-૨૧૦૯-(૯૩)-એલ તારીખ ૬--૭--૧૯૯૩ હેઠળ મંજૂર કરેલ માણસા વિસ્તાર વિકાસ સત્તામંડળના વિકાસ વિસ્તાર માટેની છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હિતમાં જરૂરી છે;

તેથી, હવે, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭)ની કલમ ૧૯ ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રુએ, ગુજરાત સરકાર, આથી :—

(૧) આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત છેવટની વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે;

(૨) કોઈપણ વ્યકિતને, સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, આ જાહેરનામું સરકારી રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, ગુજરાત સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિતમાં રજૂ કરવા ફરમાવે છે.

અનુસૂચિ

સરકારના, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૬--૭--૧૯૯૩ના જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૩નો ૧૩૩/ડીવીપી-૨૭૯૨-૨૧૦૯-(૯૩)-એલ થી મંજૂર કરેલી માણસાની છેવટની વિકાસ યોજનામાંના સૂચિત ફેરફાર.

INDEX

આ સાથે જોડેલા પ્લાનમાં " ABCD" તરીકે દર્શાવ્યા પ્રમાણેના, મહેસાણાના મહેસુલી સરવે નંબર, ૧૭૮૪, ૧૭૮૫, ૧૮૧૪ અને ૧૮૧૫ વચ્ચેથી પસાર થતો મહેસાણાના મંજૂર કરેલ સુધારેલા વિકાસ નકશામાંનો સૂચિત ૧૨.૦૦ મીટર પહોળો રસ્તો કમી કરવો. અને અધિનિયમની કલમ-૧૨ (૨) (ધ) હેઠળ મહેસાણાની મંજૂર કરેલ સુધારેલ વિકાસ યોજનામાં "ABCD" ફરી લાઈન દોરેલી નિશાની વાળી અને આવી રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨ (૨) (ક) હેઠળ મહેસાણાની મંજુર કરેલ સુધારેલી વિકાસ યોજનામાં "રહેણાંકના ઝોન"માં મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ખાસ ફરજ પરના અધિકારી અને ગુજરાત સરકારના સંયુકત સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ડીસેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૪મી નવેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૭નો ૧૧૩-વીબીએન/૩૩૯૭-૧૫૦૫-૨૮/ચ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આર. એમ. પરમાર,
સરકારના નાયબ સચિવ.

Notification

Under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૪મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭નો ૧૧૩-વીબીએન/૩૩૯૭-૧૫૦૫-૨૮-ચ.– ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩ નો ગુજરાતના ૧૮મા) ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, જામકંડોરણા અને જિલ્લા પંચાયત રાજકોટ સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર, આથી:–

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલ સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે. અને સદરહું સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી ;

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૭માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલ નવા ગામો નિર્દિષ્ટ કરે છે.

INDEX

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામોમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામો આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	જામકંડોરણા	દુધીવદર	૧. દુધીવદર (મહેસૂલી ગામ) ૨. નાના દુધીવદર (પેટાપરા)	૧-નાના દુધીવદર (પેટાપરા)	૧. દૂધીવદર ૨. નાના દુધીવદર	૧. દૂધીવદર (મહેસૂલી ગામ) ૨. નાના દુધીવદર (પેટાપરા)

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૯મી ડીસેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૬મી નવેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારનાં પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક કેપી/૧૯૯૭ના ૧૧૭-વીબીએન/૨૩૯૭-૧૪૬૫-આઈ-ચ, નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આર. એમ. પરમાર,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT PANCHAYATS ACT, 1993.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

પંચાયત અને ગ્રામ ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૬મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩.

ક્રમાંક : કેપી/૧૯૯૭ નો ૧૧૭--વીબીએન/૨૩૯૭-૧૪૬૫-આઈ-૧૬-ચ, ગુજરાત પંચાયત અધિનિયમ, ૧૯૯૩ (સન ૧૯૯૩નો ગુજરાતના ૧૮મા) ની કલમ ૭ થી મળેલી સત્તાની રૂએ, અને સંબંધિત ગ્રામ પંચાયત, તાલુકા પંચાયત, છોટા ઉદેપુર અને જિલ્લા પંચાયત વડોદરા સાથે વિચાર વિનિમય કર્યા પછી ગુજરાત સરકાર, આથી:--

(૧) અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા વિદ્યમાન ગામના સ્થાનિક વિસ્તારોમાંથી કોલમ ૫માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારો બાકાત રાખે છે અને સદરહું સ્થાનિક વિસ્તારોને બાકાત કર્યા પછી,

INDEX

(૨) સદરહુ અનુસૂચિના કોલમ ૩માં દર્શાવેલા સ્થાનિક વિસ્તારના બનતા કોલમ ૬માં જણાવેલા નવા ગામો નિર્દિષ્ટ કરે છે.--

અનુસૂચિ

અ. નં.	તાલુકાનું નામ	વિદ્યમાન ગામનું નામ	વિદ્યમાન ગામમાં આવરી લીધેલ સ્થાનિક વિસ્તાર	વિદ્યમાન ગામમાંથી બાકાત સ્થાનિક વિસ્તાર	વિભાજન પછી બનેલા નવા ગામોના નામ	નવા ગામો આવરી લીધેલ વિસ્તાર
૧	૨	૩	૪	૫	૬	૭
૧.	છોટાઉદેપુર	સીંગલા ગૃપ ગ્રામ પંચાયત	નીચેના મહેસૂલી ગામો. ૧. સીંગલા ૨. લુણી ૩. બાડવાવ ૪. ગાબડીયા ૫. ગાંઠિયા ૬. માણુકા (છો) ૭. જૂના ઉદેપુર	નીચેના મહેસૂલી ગામો ૧. ગાબડિયા ૨. ગાંઠિયા ૩. માણુકા (છો) ૪. જૂના ઉદેપુર	૧. સીંગલા ૨. ગાબડિયા	નીચેના મહેસૂલી ગામો. ૧(૧) સીંગલા (૨) લુણી (૩) બાડવાવ ૨.૧ ગાબડિયા (૨) ગાંઠિયા (૩) માણુકા (છો) (૪) જૂના ઉદેપુર

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

કે. ડી. રાઠોડ,
સરકારના નાયબ સચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર ૯મી ડિસેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૦મી નવેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭ નો ૧૩૬/ડીવીપી-૨૮૯૭-૧૩૭૬-એલ. નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આર. એમ. પરમાર,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE GUJARAT TOWN PLANNING AND URBAN DEVELOPMENT ACT, 1976

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ હેઠળ જાહેરનામું

ગુજરાત સરકાર

શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ

સચિવાલય, ગાંધીનગર. ૨૦મી નવેમ્બર, ૧૯૯૭.

ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬.

ક્રમાંક : જીએચ/વી/૧૯૯૭ નો ૧૩૬/ડીવીપી-૨૮૯૭-૧૩૭૬-એલ.–ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ ૪ થી જાન્યુઆરી, ૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦ નો ૨/ડીવીપી-૨૮૮૬-૩૯૨૭-(૮૯)-એલ હેઠળ મંજૂર કરેલી સુરેન્દ્રનગરના નગર માટેની છેવટની સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવાનું જાહેર હેતમાં જરૂરી છે.

INDEX

તેથી, હવે ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ (સન ૧૯૭૬ના રાષ્ટ્રપતિ અધિનિયમ ક્રમાંક ૨૭મા)ની કલમ ૧૯ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ ગુજરાત સરકાર આથી :—

૧. આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી રીતે ફેરફાર કરીને, ઉપર્યુકત સુધારેલી વિકાસ યોજનામાં ફેરફાર કરવા ધારે છે; અને

૨. કોઈપણ વ્યકિતને સૂચિત ફેરફાર સંબંધી કોઈ સૂચનો અથવા વાંધા હોય તો તે, જાહેરનામું રાજ્યપત્રમાં પ્રસિધ્ધ થવાની તારીખથી બે મહિનાની મુદતની અંદર, સરકારના અધિક મુખ્ય સચિવ, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરને લેખિત સાદર કરવા ફરમાવે છે.

અનુસૂચિ

શહેરી વિકાસ, અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ : ૦૪--૦૧--૧૯૯૦ના સરકારી જાહેરનામા ક્રમાંક : જીએચ/વી/૧૯૯૦ના ૨/ડીવીપી-૨૮૮૬-૩૯૨૭-(૮૯)-એલ થી મંજૂર કરેલી સુરેન્દ્રનગરના છેવટની સુધારેલી વિકાસ યોજનામાંનો સૂચિત ફેરફાર.

સુરેન્દ્રનગરની મંજૂર કરેલી સુધારેલ વિકાસ યોજનામાં "ઔદ્યોગિક ઝોન" માટે મુકરર કરેલી આ સાથે જોડેલા પ્લાનમાં "A-B-C-D-E-A" તરીકે નિશાની કરીને દર્શાવેલ સુરેન્દ્રનગરની છેવટની નગર આયોજન યોજના ક્રમાંક--૧માં ફાળવેલ ફા. પ્લોટ નં. ૬૬ની મે. સ. નં. ૧૯૪૬/ભાગવાળી જમીન, સદરહુ મુકરર કરેલ જમીનમાંથી કમી કરવી અને આ રીતે મુકત કરેલી જમીન, ગુજરાત નગરરચના અને શહેરી વિકાસ અધિનિયમ, ૧૯૭૬ની કલમ ૧૨(૨)(ક) હેઠળ "રહેણાંકના ઝોન" માટે મુકરર કરવી.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

જે. એચ. તમાકુવાલા,
ગુજરાત સરકારના ખાસ ફરજ પરના
અધિકારી અને સંયુકત સચિવ.

વૈદ્યાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૧મી ડિસેમ્બર, ૧૯૯૭.

ગુજરાત ગેઝેટમાં અંગેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૮મી નવેમ્બર, ૧૯૯૭ના ગુજરાત સરકારના શ્રમ અને રોજગાર વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : જીઆર-૨૭૮-એસઆઈએ-૧૦૯૨-૬૪૦-એમ(૩) નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિધ્ધ કર્યો છે.

આર. એમ. પરમાર,
સરકારના નાયબ સચિવ.

Notification

under

THE EMPLOYEES STATE INSURANCE (GENERAL) REGULATIONS, 1950

કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ હેઠળ જાહેરનામું

શ્રમ અને રોજગાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨૮મી નવેમ્બર, ૧૯૯૭.

કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮.

ક્રમાંક : જીઆર-૨૭૮-એસઆઈએ-૧૦૯૨-૬૪૦-એમ(૩):—કામદાર રાજ્ય વીમા (સામાન્ય) વિનિયમો, ૧૯૫૦ના વિનિયમ ક્રમાંક ૭૬ થી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે બહાર પાડેલાં અગાઉનાં તમામ જાહેરનામા રદ કરીને અને કામદાર રાજ્ય વીમા કોર્પોરેશન સાથે વિચાર-વિનિમય કર્યા પછી, ગુજરાત સરકાર, આથી—

(ક) આ સાથે જોડેલી અનુસૂચિના કોલમ (૨)માં નિર્દિષ્ટ કરેલા સ્થાનિક વિસ્તારનાં સંબંધમાં, સદરહુ અનુસૂચિના કોલમ (૧)માં નિર્દિષ્ટ કરેલું તબીબી અપીલ ટ્રિબ્યુનલ રચે છે;

INDEX

(ખ) સદરહુ અનુસૂચિના કોલમ (૩)માં દર્શાવેલાને સદરહુ તબીબી અપીલ ટ્રિબ્યુનલના સભ્યો તરીકે નીમે છે ;

(ગ) જાહેર કરે છે કે તબીબી અપીલ ટ્રિબ્યુનલ, કામદાર રાજ્ય વીમા અધિનિયમ, ૧૯૪૮ (સને ૧૯૪૮ના અધિનિયમ ૩૪મા)ની કલમો ૫૪-ક અને કામદાર રાજ્ય વીમા (સામાન્ય) નિયમો, ૧૯૫૦ના નિયમ ૨૦-ક ની જોગવાઈઓને અને તારીખ ૨૧મી જુલાઈ ૧૯૭૧ના કામદાર રાજ્યવીમા કોર્પોરેશનના પત્ર ક્રમાંક : આઈ.એન.એસ.-આઈ-૮-(૧૪)/૭૧ની પૂરવણીમાં સમાવિષ્ટ કરેલી સૂચનાઓને અધીન રહીને ટ્રિબ્યુનલે અરજી અથવા યથાપ્રસંગ, અપીલનો નિકાલ કરવા માટે અનુસરવાની કાર્યરીતિ નક્કી કરવા માટે સક્ષમ ગણાશે.

અનુસૂચિ

તબીબી ટ્રિબ્યુનલ	સ્થાનિક વિસ્તારો	સભ્યોના નામ
૧.	૨.	૩.
મેડીકલ અપીલ ટ્રિબ્યુનલ, અમદાવાદ.	અમદાવાદ સાબરકાંઠા મહેસાણા, ગાંધીનગર	૧. આર્થોપેડિક સર્જન. ડૉ. મનોજ એમ. પ્રભાકર (એમ. એસ. આર્થો.), સિવિલ હોસ્પિટલ, અમદાવાદ. રહેઠાણ :- ડી--૧૯/૧, વસ્ત્રાપુર ગર્વ. કોલોની ડ્રાઈવ-ઈન-રોડ, અમદાવાદ. ફોન નં. : ૪૨૫૫૦૦
	અને ખેડા જિલ્લાની હદોની અંદર આવતા વિસ્તારો.	૨. ડૉ. વિનય સુમંતલાલ ભારતી, આર્થોપેડિક સર્જન, આઈ હોસ્પિટલ, સિવિલ હોસ્પિટલ કમ્પાઉન્ડ, અમદાવાદ. રહેઠાણ : ૪, ગાંધીગ્રામ સોસાયટી, ગાંધી આશ્રમ, લાલભંગલા, અમદાવાદ. ફોન : નં. ૭૪૫૬૪૪૧.

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

મોહન ચાવડા,
સેક્શન અધિકારી.

IX—194

સરકારી મધ્યસ્થ પ્રેસ, ગાંધીનગર

INDEX